# ગુજરાતનો જય

## ખંડ 1 અને 2

ઝવેરચંદ મેઘાણી

વિતરક

ગૂર્જર સાહિત્ય ભવન

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૦૧




શ્રીમંગળદાસ ગ્રંથાલય

65533

843
મેઘાણી
(ગુજ)
65533

કિંમત : રૂ. 225

પુનર્મુદ્રણ (બેઉ ખંડનું સંયુક્ત) : એપ્રિલ, 2011

ખંડ 1

પહેલી આવૃત્તિ : 1940, બીજી આવૃત્તિ : 1942, ત્રીજી આવૃત્તિ : 1944

પુનર્મુદ્રણ : 1948, 1953, 1956, 1964, 1984, 1990, 1993, 1997

'મેઘાણી ગ્રંથાવલી' (ખંડ 2)માં : 1975, 1981

ખંડ 2

પહેલી આવૃત્તિ : 1942, બીજી આવૃત્તિ : 1946, ત્રીજી આવૃત્તિ : 1954

પુનર્મુદ્રણ : 1963, 1997

'મેઘાણી ગ્રંથાવલી' (ખંડ 2)માં : 1975, 1981

બેઉ ખંડનું સંયુક્ત પુનર્મુદ્રણ : 2003

**GUJARTANO JAY**
*a novel* by Jhaverchand Meghani
Published by Gurjar Prakashan, Ahmedabad

પૃષ્ઠ : 14+362=376

ISBN : 978-81-8461-481-7

નકલ : 2500

■ પ્રકાશક : ઉલ્લાસ મનુભાઈ શાહ **ગૂર્જર પ્રકાશન** 202, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-380 006 ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com ■ ટાઇપસેટિંગ : **શારદા મુદ્રણાલય** 201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-380 006 : ફોન : 26564279 ■ મુદ્રક : **ભગવતી ઑફસેટ** સી/16, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-380 004

## અર્પણ

ખંડ 1

જેના સૌહાર્દયુક્ત સમાગમ, વસ્તુનિર્દેશ અને પ્રોત્સાહન વગર
આ રચનાનો સંભવ નહોતો તે

**મુનિશ્રી જિનવિજયજીને**

ખંડ 2

**અમારા શાંતિભાઈને**

(શ્રી શાંતિલાલ હ. શાહ, સોલિસિટર)

'ગુજરાતનો જય' ગુજરાતના પુનરુદ્ધારની પ્રતાપોજ્જ્વલ ગૌરવકથાનું આલેખન કરે છે. વસ્તુપાલ અને તેજપાલ પદાક્રાન્ત અને નષ્ટગૌરવ ગુજરાતને ફરીથી એકચક્રી અને મહિમાવંતું બનાવવાનું ભવ્ય સ્વપ્ન સેવીને લાટના શંખને, ખંભાતના સદીકને અને વામનસ્થલીના સાંગણને પરાસ્ત કરે છે. ગુજરાતના પુનર્નિર્માણનું એ કાર્ય આગળ વધે છે. ગોધ્રકપુરનો ઘુઘૂલરાજ કાષ્ઠપિંજરે પુરાય છે ને જીભ કચરીને મરે છે; ભદ્રેશ્વરના ચૌહાણભાઈઓ ગુજરાતના નેજા નીચે આવે છે; દેવગિરિનો સિંઘણદેવ તાપીતીરે પરાભવ પામીને સંધિ યાચે છે; ગૌડદેશના હર્ષવંશી હરિહર પંડિતનું ગુમાન ગુજરાતનો કવિ ઉતારે છે; હમીરનાં યવનધાડાં આબુની વિશાળ ઘાંટીમાં રોળાઈ જાય છે; અને દિલ્લીના મોજુદ્દીનની મૈત્રી મેળવીને ગુજરાત નિશ્ચિત અને નિર્ભય બને છે. આમ કેવળ શૂન્યમાંથી બલિષ્ઠ, પ્રતાપી અને સંસ્કારસૌરભથી મહેકતું ગુજરાત સર્જાય છે એની ગૌરવકથા કહેવામાં આવી છે.

મનસુખલાલ ઝવેરી

# નિવેદન

## ખંડ 1

### [પહેલી આવૃત્તિ]

બેએક વર્ષ પર વડોદરાની વાર્ષિક વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ લેખે મારો અને મુનિશ્રી જિનવિજયજીનો ત્યાં ભેટો થયો હતો, ત્યારે તેમણે મારા હાથમાં કેટલાએક નવા ગ્રંથો મૂક્યા હતા. આ ગ્રંથો શાંતિનિકેતનના વિશ્વભારતીની શ્રી સિંઘી જૈન જ્ઞાનપીઠ તરફથી મુનિજીએ સંશોધિત-સંપાદિત કરેલા પ્રાચીન સંસ્કૃત પ્રબંધોના સંગ્રહો હતા. મુનિશ્રીની સમજણ એવી હતી કે એ ગ્રંથમાલાના ગ્રંથોની નોંધ મારે 'જન્મભૂમિ'ની 'કલમ-કિતાબ'ની કટારોમાં લેવાની છે.

વિવેચન-ક્ષેત્રમાં ફક્ત પાંચ જ વર્ષની પગલીઓ માંડતા મારા જેવા અલ્પજ્ઞને એક સુખ્યાત વિદ્વાનનાં આવાં મૌલિક સંપાદનો સમીક્ષા લેવા મળે, એ મોટું માન મળ્યા બરોબર હતું. ઘેર આવી મેં હોંશે હોંશે આ ગ્રંથોનાં પાનાં ફેરવ્યાં. પરંતુ મારા મગજની સ્થિતિ તુંબડીમાં કાંકરા ભરાયા જેવી થઈ.

સંસ્કૃત સાહિત્યનાં છેલ્લાં દર્શન તો મેં 1917ના ઉનાળામાં જે દિવસે મુંબઈ યુનિવર્સિટીનો બી.એ.નો સંસ્કૃત પ્રશ્નપત્ર પતાવ્યો હતો તે દિવસે જ કર્યાં હતાં. તે પછીના સદંતર અ-દર્શને મારા સંસ્કૃત જ્ઞાનને ઓલવી નાખ્યું હતું. અનુવાદ વગરના આ સંસ્કૃત પ્રબંધપાઠમાં ચંચુપાત કરવાની મારી અશક્તિ કબૂલી લઈને મેં એ મૂલ્યવાન ગ્રંથોનો માત્ર 'સ્વીકાર' નોંધીને જ 'કલમ-કિતાબ'માં પતાવ્યું, ને મેં માની લીધું કે આટલેથી જ આ ભેંસ આગળનું ભાગવત ખતમ થયું!

તે પછી છેક ગયા નવેમ્બર-ડિસેમ્બરમાં મારો ને મુનિશ્રીનો મેળાપ માટુંગામાં એમના નિવાસસ્થાને થયો.

કોણ જાણે કેટલાયે ઊંચા નંબરનાં ચશ્માં ચડાવીને આ વિદ્વાન ઝીણાં ઝીણાં પ્રૂફ છેક આંખો પાસે માંડીને તપાસતા હતા. બારી સામે સૂર્ય ઊગતો હતો. બીજે ક્યાંય મેં કદી ન દીઠેલું એવું એક નવી રચનાનું મેજ તેમની છાતી સુધી પહોંચતું હતું. મેં પૂછ્યું: "આ ટેબલની રચના કઈ જાતની?"

"શું કરું, ભાઈ!" એમણે કહ્યું, "આંખોનાં જળ ઊંડાં ગયાં છે. સૂર્ય જેમ

જેમ એની ગતિ ફેરવતો રહે છે, તેમ હું પણ આ બારી સામે ટેબલને ફેરવ્યે જાઉં છું. પ્રૂફો વાંચવાનો પાર નથી આવતો. તમને જે આપેલા તેના જેવા પ્રબંધોના તો ગંજેગંજ પડ્યા છે, પણ તેનો ઉદ્ધાર કોણ કરશે?"

પ્રબંધસંગ્રહનો ઉલ્લેખ સાંભળી હું શરમાયો; મેં એમને ખુલાસો કર્યો કે, "મારું સંસ્કૃત ભાષાજ્ઞાન એટલું કટાયેલું ને અણખેડાયેલું છે કે હું પ્રયત્ન કરવા છતાં એ પ્રબંધો વાંચી ન શક્યો."

"પણ પ્રબંધોનું સંસ્કૃત કેટલું સહેલું છે તે બતાવું? જુઓ."

એમ કહી એમણે વસ્તુપાલ–તેજપાલનો જ પ્રબંધ ખોલીને, લવણપ્રસાદ, દેવરાજ પટ્ટકિલ ને મદનરાજ્ઞીવાળો એક જ ફકરો વાંચી સંભળાવ્યો, કે જેના આધારે આ વાર્તાનું પહેલું પ્રકરણ મંડાયેલું છે.

બે વાતે હું વિસ્મયમાં ડૂબ્યો: એક તો એ પ્રબંધની ભાષાકીય સરળતાની ચાવી જડી તેથી, ને બીજું એ પ્રસંગની ઉદાત્તતાથી.

મને એમણે કહ્યું: "આવા આવા તો પાર વગરના પ્રસંગો આ પ્રબંધોમાં પડ્યા છે – ખાસ કરીને વસ્તુપાલ–તેજપાલના પ્રબંધોમાં. આપણે આજ સુધી એ બે મંત્રીઓને કેવળ દાનેશ્વરી શ્રાવકો લેખે જાણ્યા છે; એના ફરતો ગૂંથાયેલો ગુજરાતના પુનરુદ્ધારનો બહુરંગી ઇતિહાસ જાણ્યો નથી, વાર્તામાં ઉતાર્યો નથી; મેં મુનશીજીને પણ આ કહી જોયું હતું, પણ એમને હવે ફુરસદ નથી."

એ એક જ પ્રસંગના સંસ્કૃત વાચનની ચાવી લઈ હું ઘેર આવ્યો. તે પછી મેં પ્રબંધોના અર્થો એ ચાવી વડે બેસારવા માંડ્યા. ફરી ફરી પ્રબંધો વાંચ્યા, તેમ તેમ તો એ સંસ્કૃત, લોકસાહિત્યની વાણી સમું સરલ ને મીઠું થઈ પડ્યું. અને ગુજરાતના પુનરુદ્ધારના એ શેષ દીપકજ્યોત સમા સમયની આસમાની મારા હૃદય પર છવાતી ચાલી. પરિણામ – આ વાર્તા.

વાર્તાનું એક પણ પાત્ર કલ્પિત નથી. વાર્તાના લગભગ બધા જ મુખ્ય પ્રસંગોને પ્રબંધોના આધારો છે; મારી કલ્પના તો એ પ્રબંધમાં અંકિત ઘટનાઓને બહેલાવી તીવ્ર બનાવવા પૂરતી જ મેં વપરાવા દીધી છે.

આ પ્રબંધોની સામગ્રીમાં બીજાં આનુષંગિક પ્રકાશનોના વાચનથી પણ ઉમેરણ અને સંસ્કરણ થયું છે. મારી દૃષ્ટિનો દોર બે-ચાર વ્યક્તિગત પાત્રો પર નહીં, પણ મને સાંપડેલા પ્રસંગોમાંથી ઊપસી આવતા એ પુનરુદ્ધારના સામૂહિક મહાપ્રયત્ન પર જ બંધાયો હતો.

એટલે એ સમગ્ર કાળપટને આલેખવા બેસતાં મારે બે ખંડો પાડ્યા વગર ઉપાય ન રહ્યો. પ્રથમ ખંડમાં તો ગુજરાતના એ પુનરુદ્ધારકો હજુ પ્રવેશદ્વારે ઊભેલ

છે. બીજા ખંડમાં ગુજરાતના પુનર્નિર્માણનાં શૃંગો અને તેના પતનની કંદરાઓ, બેઉ રજૂ થશે. બીજા ખંડમાં પ્રબંધમાન્ય તેમજ સમકાલીન લેખકોએ સ્વીકારેલ સમગ્ર એક ઘટના-પરંપરાની ઈમારત ચણાશે. એમાં પણ મારી કલ્પના ઓછામાં ઓછું સ્થાન લેશે, વધુમાં વધુ ઇતિહાસની જ ચણતરસામગ્રીને મળશે.

પ્રબંધાદિક ઐતિહાસિક આધારોની છણાવટ કરતી એક સવિસ્તર પ્રસ્તાવના બીજા ખંડમાં આપવી છે.

પૂઠા પરનું ચિત્ર મારા ભત્રીજા શ્રી લાભચંદ મેઘાણીનું દોરેલું છે.

*26-4-1940* *ઝવેરચંદ મેઘાણી*

## [બીજી આવૃત્તિ]

આ પ્રકટ થાય છે ત્યારે 'ગુજરાતનો જય' ખંડ બીજો પણ વાચકોને મળી ચૂક્યો છે. બે ક્ષત્રિય વીરો, બે વણિક વીરો, એક બ્રાહ્મણ અને બે નારીઓ – એવાં સાત મુખ્ય પાત્રોએ પોતાનાં પરાક્રમ, શીલ, શાણપણ અને સમર્પણે કરી સઘન અંધકારમાંથી અજવાળેલો વિક્રમના તેરમા સંવત્સરની છેલ્લી પચીસીનો ગુર્જર દેશ આ બંને ખંડ દ્વારા આપણને પહેલી જ વાર ઓળખવા મળે છે, એમ કહું તો અત્યુક્તિ નથી. વસ્તુપાલ-તેજપાલને વિશે ઘણાં વર્ષો પૂર્વે બેએક નવલકથાઓ બહાર પડેલી, પણ તેમાં આજની આપણી ઇતિહાસદૃષ્ટિ માગે છે તેવું યુગનિરૂપણ નહોતું. વસ્તુપાલ–તેજપાલ આજ પર્યંત કેવળ એક ધર્મ-સંપ્રદાયના ધુરંધર દાનેશ્વરીઓ લેખે જ રજૂ થયા છે. આપણે આજે તેમને સાંપ્રદાયિકતાના ચોકઠામાંથી કાઢી માનવતાના મહાભુવનમાં પધરાવી શક્યા છીએ. મારા જીવનનું એ એક ઊજળું પર્વ છે.

પહેલા ખંડના નવસંસ્કરણમાં એક મહત્ત્વનો ફેરફાર પ્રકરણ ત્રીજાના નવેસર આલેખનથી થયો છે. પહેલી આવૃત્તિમાં આસરાજ-કુંઅરદેવીની પ્રેમઘટના મૂળ ઇતિહાસ-સામગ્રીનો આધાર રાખીને મેં મારી કલ્પનાથી ઘટાવી હતી. તે પછી ભાઈશ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહે મારા હાથમાં 'જૈન સાહિત્ય સંશોધક' નામના એક ત્રૈમાસિકનો સં૰ 1983નો એક અંક મૂક્યો, જેમાં 'મહામાત્ય વસ્તુપાલ–તેજપાલના બે રાસ' એ મથાળે, શ્રીલક્ષ્મીસાગરસૂરિ તથા પાર્શ્વચંદ્રસૂરિ નામના વિક્રમની સોળમી ને સત્તરમી સદીમાં થઈ ગયેલા જૈન સાધુઓના રચેલા બે રાસ જોવામાં આવ્યા. આ રાસમાં કુંઅરદેવીનું અપહરણ આસરાજે એક સાંઢણી પર કર્યાની રોમાંચક કથા છે. આ કથાનો આધાર લઈ મેં પ્રથમ ખંડના એ પ્રકરણનું આલેખન નવેસર કર્યું છે.

*20-12-1942* *ઝવેરચંદ મેઘાણી*

[ત્રીજી આવૃત્તિ]

બે ક્ષત્રિય પિતાપુત્ર, બે વણિક ભાઈઓ અને એક બ્રાહ્મણ, એ પાંચેય મળીને સિદ્ધ કરેલા ગુર્જરદેશના પુનરુદ્ધારની આ કથાને ત્રીજી આવૃત્તિમાં પ્રવેશ કરતી જોઈને હું કૃતાર્થતા અનુભવું છું. સત્તાપ્રાપ્તિની મેલી કોમી કે સાંપ્રદાયિક ખેંચતાણ અથવા સ્પર્ધાનો સદંતર અભાવ, એ આ કથાના કાળને સમસ્ત ગુર્જર ઇતિહાસમાં વિશિષ્ટ અને વંદનીય બનાવે છે. ગુજરાતનો આ જય એ જો કેવળ શસ્ત્રજય હોત, પ્રપંચજય હોત, ગુમાવેલા પ્રદેશોની પુનઃપ્રાપ્તિનો અથવા તો નવા પ્રદેશોની પચાવગીરીનો જય હોત તો એને હું 'ગુજરાતનો જય' ન કહેત. આ તો હતો સંસ્કારિતાનો જય.

બે વર્ષે ફરીવાર હું આ કથા વાંચી ગયો છું અને એની અંદર મેં સીંચેલી મંગળ ઊર્મિઓમાં હું પુનઃ પુનઃ ભીંજાયો છું. હજારો વાચકો આમ ભીંજાયા હશે એવા વિચારથી મેં મારા જીવનની થોડીએક ધન્યતા અનુભવી છે.

ત્રીજો ખંડ મારે લખી નાખવો જોઈએ એમ અત્યારે ઉત્કટતાપૂર્વક લાગે છે. બીજા ખંડમાં છેડે જે જુદો ઇતિહાસ આપીને જ પતાવ્યું છે એ બરાબર નથી. આશા રાખું કે મા સરસ્વતી 1945ની જ સાલમાં એ મનોરથને સફળ કરવા શક્તિ દેશે.

*1944* *ઝવેરચંદ મેઘાણી*

## ખંડ 2

'ગુજરાતનો જય' ખંડ પહેલા પછી બે વર્ષે આ અનુસંધાન શક્ય બને છે. એ બે વર્ષ મારા અંતર પર એક ભારે બોજો રહ્યા કર્યો હતો.

ગુર્જરરાષ્ટ્રના ઇતિહાસનું, તેમ જ જીવી ગયેલા થોડાક માનવોના જીવનસંસ્કારના ઇતિહાસનું, એક મહોજ્જ્વલ પાનું મારાથી તો જેવુંતેવું રજૂ કરી શકાયું છે; પણ તે કોઈ સમર્થ કલમની અચોક્કસ સમય સુધી રાહ જોતું રહે તે ઠીક હતું, કે આટલું પણ અજવાળે મુકાય છે તે ઠીક છે, તે તો વાચકોના જ વિચાર પર છોડવું જોઈએ.

આની વસ્તુસામગ્રી જુદા જુદા પ્રબંધોમાંથી વીણી એકઠી કરી છે, અને સુવેગ, નિપુણક તથા સુચરિત નામના ગુપ્તચરોનો નિર્દેશ 'હમ્મીરમદમર્દન' નામના એક સંસ્કૃત નાટકમાંથી મળેલ છે. આ નાટક સંવત 1276થી 1286ના વચગાળામાં જયસિંહસૂરિ નામના જૈન સાધુએ રચ્યું છે. ગુજરાત પરની મુસ્લિમ ચડાઈને માર દઈ પાછી કાઢ્યાનો મહાન બનાવ વસ્તુપાલ-તેજપાલને હાથે બન્યો તેને સાહિત્યમાં અમર કરનારી આ ઐતિહાસિક કૃતિ વસ્તુપાલના પુત્ર જયન્તસિંહની આજ્ઞાથી

ખંભાતમાં પ્રભુ ભીમેશ્વરના યાત્રોત્સવ પ્રસંગે પહેલી વાર ભજવાઈ હતી. હમ્મીરનું 'મીરશિકાર' એવું નામ મેં બીજાં પ્રમાણો પરથી સ્વીકાર્યું છે.

રેવતી, ચંદ્રપ્રભા, સોમેશ્વરદેવનાં પત્ની, એ ત્રણ કલ્પિત છે. રેવતીના પાત્રને સૂત્રમાં પરોવ્યા પછી હું આગળ વિકસાવવા અશક્ત નીવડ્યો છું.

મારી વાર્તા તો વસ્તુપાલને દિલ્હીથી દોસ્તીનો લેખ લઈ પાછો વળેલો બતાવીને જ પૂરી થાય છે. કેમ કે ગુજરાતના જયનો તબક્કો ત્યાં પૂરો થાય છે.

તે પછી 'પતનનાં પગરણ' જુદા જુદા પ્રબંધોમાંથી તારવીને કડીબંધ કરી આપેલ કાચો માલ જ છે. એ પાનું પતનનું છે એટલા માટે જ અલગ પાડ્યું છે. ઉપરાંત એ કાચા માલનું વાર્તાગૂંથણ વધુ જગ્યા માગી લે તેમ હતું, કે જેને માટે આ ભેટ-પુસ્તકની પૃષ્ઠ-મર્યાદામાં અવકાશ નહોતો. ને હવે ત્રીજો ખંડ લખીને શ્રી મુનશીના નબળા નકલકાર ઠરવાનો અને તેમ થતાં એમને, મારી જાતને તેમ જ આ ઇતિહાસને અન્યાય થવાનો ભય લાગે છે.

વીરમદેવને 'પ્રબંધચિંતામણિ' અને 'પ્રબંધકોશ' તેમ જ શ્રી ગૌરીશંકર ઓઝા સમા પ્રમાણભૂત ઇતિહાસકાર વીરધવલના મોટા પુત્ર તરીકે ઓળખાવે છે; પણ મુનિશ્રી જિનવિજયજીએ સંપાદિત કરેલ 'પુરાતન પ્રબંધ'માંના વસ્તુપાલ-તેજપાલવાળા પ્રબંધમાં એને રાણા લવણપ્રસાદનો પુત્ર અને વીરધવલનો ભાઈ કહ્યો છે, એટલું જ નહીં પણ લવણપ્રસાદની રાણી મદનરાજ્ઞીની સાથે દેવરાજ પટ્ટકિલના ઘરમાં હતો તે પુત્ર વીરધવલ નહીં પણ આ વીરમદેવ હતો એવું વિધાન છે. હું તો આ વાર્તામાં જૂની સ્વીકૃત પરંપરાને જ અનુસર્યો છું.

વીરમદેવને પ્રબંધો નરદમ દુષ્ટ તરીકે જ ઓળખાવે છે. મેં એને અનાડીનું સ્વરૂપ આપી કંઈક ગેરસમજનો ભોગ બનેલા, તિરસ્કૃત પાત્રની કરુણતા આરોપી છે. કોઈપણ વાર્તામાં મહત્ત્વનું પાત્ર નરદમ નિર્ભેળ, ખલ કે દુષ્ટ લેખે જ મુકાવું ન ઘટે, પણ મનોવિશ્લેષણનો કરુણ કોયડો રજૂ કરતું બતાવવું જોઈએ એવો એક નવતર અભિપ્રાય છે. મને એ મત માન્ય કરવા જેવો લાગે છે. ઉપરાંત ગુજરાતને એકચક્રી બનાવવાની ભગીરથ સાધનામાં અનેક દુષ્ટોને, દુશ્મનોને વશ કરનારા મંત્રીબાંધવોની બુદ્ધિ વીરમદેવને જ કેમ ઠેકાણે ન લાવી શકી, છેવટ જતાં તેનો શિરચ્છેદ પણ કેમ કરાવવો પડ્યો, એ મારે મન મોટી સમસ્યા બની જતાં મેં વીરમદેવના પાત્રાલેખનથી મંત્રી-બેલડીને જે સહેજ દૂષિત કરેલ છે તે ઐતિહાસિક દૃષ્ટિએ બેશક નિરાધાર છે; પણ 'પતનનાં પગરણ'માં મેં જે સીધા પ્રબંધના પ્રસંગો ઉતારેલ છે તેને આધારે વાર્તાકારની કલ્પનાને આટલી છૂટ મળવી ઉચિત છે. એ પ્રસંગો બોલે છે કે વીરમદેવ સાથે શાઠ્ય રમાયું હતું.

લવણપ્રસાદને વિષ દઈ માર્યાની હકીકતને મુનિશ્રી સંપાદિત 'પુરાતન પ્રબંધ'નો આધાર છે. 'પ્રબંધકોશ' તો એમને વીસળદેવની વારીમાં જીવતા હોવાનું જણાવે છે.

તેજપાલને અનુપમા ઉપરાંત સુહડા નામે પણ બીજી સ્ત્રી હતી, એવું 'આબુ' નામના ગ્રંથના બીજા ભાગમાં તેના કર્તા મુનિશ્રી જયંતવિજયજીએ આપેલા પ્રાચીન લેખો, પ્રશસ્તિઓ અને આંબામાંથી સાંપડે છે.

આબુ પર અનુપમાએ રચાવેલો 'લૂણવસહી'નો નેમિનાથપ્રાસાદ બધા જ પ્રબંધોના જણાવ્યા મુજબ નાનપણમાં મૂએલા ભાઈ લૂણિગના શ્રેયાર્થે બંધાયો છે, પણ મુનિશ્રી જયંતવિજયજીએ મંદિરમાં કોતરાયેલો મૂળ પ્રશસ્તિ-લેખ ટાંકીને ઉપલા ગ્રંથમાં પ્રતીતિ કરાવી છે કે એ તો લૂણસી નામે તેજપાલના પુત્રના શ્રેયાર્થે બંધાયો છે.

ગુજરાત સાથેની મૈત્રીનો કોલ વસ્તુપાલને આપનાર દિલ્હીનો મોજુદ્દીન (સુલતાન) શ્રી ભોગીલાલ સાંડેસરાના અભિપ્રાય મુજબ અલ્તમશ હોવો જોઈએ.

ઝવેરચંદ મેઘાણી

*

*મેં વસ્તુપાલ-તેજપાલ સંબંધીના ત્રણ પ્રબંધો 'પ્રબંધ-કોશ'માંથી, 'પુરાતન પ્રબંધ'માંથી તેમ જ 'પ્રબંધચિંતામણી'માંથી વાંચી કાઢ્યા. બબે વાર વાંચ્યા, અને વધુ વધુ વિશદ બન્યું. સંસ્કૃત પણ બરાબર બેસી ગયું. હવે એ બધી સામગ્રીમાં કલ્પનાનો દોર કેવી રીતે પરોવવો તે જ વિચારવાનું રહે છે.*

*[ઉમાશંકર જોશી પરના પત્રમાં: 14-1-'40]*

*હું એક અઠવાડિયા પછી આંહીંથી બારોબાર ખટારાથી ખંભાત વાર્તાના ઘટનાસ્થળો જોવા જવા માગું છું. ત્યાં કોઈને ઓળખતો નથી. તો રસિકભાઈ પરીખને પૂછી મને ત્યાં માર્ગદર્શક બને એવા કોઈ ભાઈ ઉપર કાગળ લખાવી મને ખબર દેશો? હું ઊતરીશ તો ગમે ત્યાં, ફક્ત મને ખંડેર બતાવનારની જરૂર.*

*[ઉમાશંકર જોશી પરના પત્રમાં: 25-1-'40]*

ચાર મહિનાથી મગજને ખોતરી રહેલું ભેટપુસ્તક ['ગુજરાતનો જય'] લગભગ પૂરું કર્યું. લખવાનું તો દોઢ જ મહિનો ચાલ્યું પણ તેની પૂર્વેનું મનોમંથન લોહી પી ગયું. આ પુસ્તકમાં તો એક જ ખંડ પૂરો થાય છે. એ 'એપિક'નો ખરો રંગ તો બીજા ખંડમાં આવશે. 'ફૂલછાબ'ના ગ્રાહકોને એક વર્ષ સુધી બીજા ખંડની રાહ ન જોવી પડે તે માટે બેએક મહિના પછી ચાલુ વાર્તા તરીકે જ એને આપવા માંડીશ.

[ઉમાશંકર જોશી પરના પત્રમાં: 25-4-'40]

"રાત્રે મારે ત્યાં વાળુ કરી અમે વાતોએ ચડ્યા. મોડી રાતે સૂતા. રાતનો એક-દોઢ થયો હશે. હું અચાનક જાગી ગયો. મારી નજર ભાઈ મેઘાણીના ખાટલા તરફ ગઈ. એમના જમણા પગનો અંગૂઠો જાણે હલ્યા કરતો હોય તેવું જણાયું. મને બીક લાગી. અંગૂઠો સતત હલી રહ્યો છે એ ચિહ્ન કોઈ વ્યાધિનું તો નહીં હોય? હું બેઠો થયો અને હલતા અંગૂઠાને જોઈ રહ્યો.

"પડખું એમ ને એમ રાખીને એમણે અચાનક કહ્યું, 'ભાઈ, હમ્મીરમદમર્દન તમે જોયું છે કે? આપણે વસ્તુપાલને આવી રીતે મૂકીએ...' એમ બોલીને એમણે વાર્તાની એક-બે કડી સાંધીને બતાવી. હું તો સડક થઈ ગયો. રાતે દોઢ વાગ્યે એમના મનમાં 'ગુજરાતનો જય'ની એક આખી ભૂતાવળ રમી રહી હતી અને અંગૂઠો તો માત્ર તાલ દઈ રહ્યો હતો."

[ધૂમકેતુ લિખિત સંસ્મરણ]

65533

ગુજરાતી સાહિત્ય પરિષદ

## ક્રમ

### ખંડ 1


નિવેદન ........................... [5]

1. વેર અને વાત્સલ્ય 3
2. મા ને પરિવાર 11
3. વિધવા રત્નકુક્ષી 17
4. કલંક ને ગૌરવ 23
5. ગુરુ અને શિષ્યો 33
6. મહાપાપનું પ્રાયશ્ચિત્ત 38
7. રાજેશ્વરી ઇચ્છા 43
8. ગુજરાતનો સર્વાધિકારી 47
9. બે લક્ષ્મીની પ્રાપ્તિ 50
10. પારકી થાપણ 55
11. આરા-પાણીનાં છાનગપતિયાં 63
12. શાંત વીરત્વ 69
13. પ્રજાનો પહેલો હુકળાટ 76
14. કવિશ્રી 80
15. ગૃહલક્ષ્મી 87
16. વણિક મંત્રીઓ 91
17. ભણતરની ભેટ 97
18. વંઠકમાંથી વીર 103
19. ખંભાત પર 112
20. 'ભાગજે, વાણિયા!' 120
21. સ્મશાનયાત્રા 130
22. ચંપી 134
23. સમર્પણનાં મૂલ 137
24. ગર્વગંજન 141
25. સંઘ શોભે? 146
26. વામનસ્થલીનાં વેર 151
27. ધણીનો દુહો 159
28. બાળકો જેવાં! 166

## ખંડ 2


1. કાષ્ઠપિંજર 173
2. મહામંત્રીનું ઘર 181
3. કકળાટનું દ્રવ્ય 185
4. વીરમદેવ 190
5. જાસૂસી 195
6. અનુપમા ચંદ્રાવતીમાં 200
7. મહિયરની લાજ 206
8. પરમાર બાંધવો 210
9. સ્વામીની ભૂલ 215
10. સળગતો સ્વામીભાવ 218
11. પૌરુષની સમસ્યા 220
12. ચાલો માનવીઓ! 223
13. સાચક ભટરાજ 226
14. સુવેગ ફાવ્યો 232
15. મહામેળો 237
16. પોતાની બા 243
17. સાધુની ચેતવણી 247
18. ભક્ત-હૃદય 250
19. 'ધીર બનો!' 253
20. યવનો કેવા હશે! 259
21. ભદ્રેશ્વરનું નોતરું 265
22. સિંઘણદેવ 268
23. ચંદ્રપ્રભા 274
24. મહાત્મા 280
25. નિપુણક 285
26. બાપુ જીત્યા! 287
27. પરાજિતનું માન 291
28. હરિહર પંડિત 299
29. જૈસે કો તૈસા! 305
30. નવી ખુમારી 315
31. હમ્મીરમદમર્દન 322
32. બે જ માગણીઓ 332
33. નેપથ્યમાં 339

પતનનાં પગરણ [ઉપસંહાર] 344

*પરિશિષ્ટ 1: આધારગ્રંથો* 354

*પરિશિષ્ટ 2: વસ્તુપાલ-તેજપાલના રાસમાંથી અવતરણો* 355

*શબ્દાર્થ* 357

*ઝવેરચંદ મેઘાણી: સાહિત્યજીવન* 358

*મેઘાણી-સાહિત્ય* 360

**મે**ઘાણીની સર્જકપ્રતિભાના સૌથી પ્રભાવક આવિષ્કારો અલગ વૃત્તાંતોની માવજતમાં તેમ અલગ પ્રકરણોના સંવિધાનમાં જોવા મળે છે. તેમની મોટા ભાગની નવલકતાઓમાં એ રીતે અસંખ્ય પ્રકરણો અલગઅલગ રીતે જોતાં સુરેખ અને એકાગ્ર સર્જકતાનો સુખદ પરિચય આપે છે. સોરઠી લોકજીવનનાં પાત્રોની છબી કંડારી કાઢવામાં, તળ ધરતીનાં દૃશ્યો આલેખવામાં અને પ્રસંગના સંચલનમાં તેમની અતિ લાઘવભરી પણ તેથી અસાધારણ બળ પ્રાપ્ત કરતી કથનવર્ણશૈલી તેમની સર્જકશક્તિનો વધુ પ્રભાવક આવિષ્કાર દર્શાવે છે. તળપદી બોલીનાં પ્રાણવાન તત્ત્વોને આત્મસાત્ કરીને તેઓ આગવી શૈલી નિપજાવવા વિરલ પુરુષાર્થ કરતા રહ્યા છે.

પ્રમોદકુમાર પટેલ

ગુજરાતનો જય

ખંડ 1

1

# વૈર અને વાત્સલ્ય

વિક્રમ સંવત 1252ના માગશર મહિનાની અમાસના ગોધૂલિ ટાણે એક સાંઢણી બે અસ્વારોને લઈ ધવલકપુર(ધોળકા)થી ઓતરાદે રસ્તે આગળ વધતી હતી. રસ્તાની ઊંડી ધૂળમાં સાંઢણીનાં પહોળાં પગલાં મોટી મોટી ડાંફો માંડતાં હતાં.

આથમણી-દખણાદી દિશાના સપાટ મેદાનને ક્ષિતિજ-છેડે સૂર્ય ભગવાનનું બિંબ જ્યારે નમી રહ્યું હતું ત્યારે પાછળ બેઠેલા ચાળીસેક વર્ષના અસવારે કહ્યું: "આંહીં ઝુકાવ, જેહુલ, આંહીં ઝાડપાલાની ઝૂક છે. ચારજે, ત્યાં હું ગામમાં જઈને પાછો આવું છું. વાર લાગે તો ઉચાટ કરતો નહીં."

"હો બાપુ," સાંઢણી-સવાર જેહુલ ડોડિયાએ એટલું કહીને ઉમેર્યું: "સાચવજો હો, બાપુ."

ઠંડીની ચમકીમાં એક ભાંગેલા શિવાલયનો ઓથ મળતાં સાંઢણી શરીર સંકોડતી સંકોડતી ઝૂકી અને પાછળના અસવારે પોતાની રેશમી ગાદી ઉપરથી ઊતરી આથમતા સૂર્યનું છેલ્લું દર્શન કર્યું. પોતાની સીધી ઝૂલતી કાળીભમ્મર દાઢીને એણે બે ભાગમાં વહેંચી, બેઉ કાન પાસે ચડાવી, ઉપર બુકાની બાંધી લીધી, અને પોતે આગળ વધતો ઘાટી ઝાડી પાછળ અદૃશ્ય થયો. ટાઢા પવનના સુસવાટામાં એ આદમીને જોનાર કોઈ માનવી સીમમાં નહોતું, ને હોત તોપણ કાળી રાત્રિએ એ ચહેરો ભાળીને ફાટી પડવાનો ભય કોઈ માટે રહેવા દીધો નહોતો.

એના કમરબંધમાં કટાર અને છૂરી હતાં તે પર એણે ભેટ લપેટી દીધી. તલવાર પર એણે કોઈનું ધ્યાન ન ખેંચાય તેવી જુક્તિથી કપડું વીંટાળી દઈ તલવાર ખભે લાકડીની જેમ ઉપાડી લીધી. એનો પોશાક જે રાજવંશી હતો, તેને એણે અવ્યવસ્થિત કરી નાખ્યો. શિરપેચનો આગલો ભાગ એણે કપાળઢક આગળ ખેંચી લીધો.

'ગામ તો એ જ છે ને?' એણે ધારી ધારીને ગામડાનું પાદર જોયું. છ-સાત વર્ષમાં ગામ ભાંગી ખેદાનમેદાન થઈ ગયું હતું. ઝાંપો અને બાજુનાં ઘર બદલી ગયાં હતાં. 'છે તો એ જ. ઘણા વખત પર જોયું હતું. ગરજનના ઘોરી સુરત્રાણના સૂબા કુતબુદ્દીનનાં ઘોડાં ગાજી ઊઠ્યાં તે ટાણે – આંહીં એને છાનોમાનો મેલી

ગયો'તો. રાત હતી. ઝાંખું ઝાંખું યાદ ચડે છે, પણ પાછી એ સ્મરણાંને માથે મનોવેદનાની કાળી રાત ફરી વળે છે. આ રહી આ પરબડી, ને આ વિસામો, જેના ઉપર મેં વીરુને છેલ્લી વાર બચી ભરેલી.'

એવી યાદદાસ્ત તાજી કરતે કરતે એ રાજવંશીએ ગામપાદરના તળાવની સામે ચણેલા પથ્થરના વિસામાને માથે હાથ ફેરવ્યો. ગુજરાતનાં ગામોનાં પાદરોમાં આવા માથોડું માથોડું ઊંચા ઓટા વટેમાર્ગુઓને માથા પરનો ભાર ઉતારીને વિસામો લેવાને માટે ચણેલા હોય છે.

રાત પડી ગઈ હતી. ગૌધણ ગામમાં પેસતાં હતાં. પછવાડે ગોવાળોનું નાનકડું ટોળું ચાલ્યું જતું હતું. ગોવાળો બધા કદાવર હતા. તેના જેટલો જ પડછંદ આ રાજવંશી ટોળાની ઓથે લપાઈ શક્યો. ગામમાં એકેય દીવો નહોતો, એટલે પરખાઈ જવાની બીક ન રહી. ગામનો અંધકાર દેખીને રાજવંશીએ ગુજરાત સમસ્તની અંધકારગ્રસ્ત દશા પર નિઃશ્વાસ નાખ્યા.

"દેવરાજ પટ્ટકિલની ખડકી કેણી કોર, ભાઈ ગોકળી?" એણે દરવાજાના ચોકિયાતોને સલામત વટાવીને પછી આઘે ઊભીને ગોવાળોને પૂછી જોયું.

"હાલ્યા જાવ ચોરાથી આથમણી શેરીએ. છેલ્લું ઘર દેવરાજ પટલનું."

વધુ વાતચીતની વેળા આવે તે પહેલાં તો એ રાજવંશી કાજળના વાદળની પેઠે અંધકારમાં ઓગળી ગયો.

દેવરાજ નામના રાજપૂત પટેલની ખડકીમાં તે વખતે ગાય-ભેંસો પ્રવેશ કરતી હતી. પોતે તેમાં પેસી ગયો. ઘરની સ્ત્રી સીમમાંથી આવતા ખેડુ-ધણીને માટે રોટલા ટીપતી હતી. તેનો ટપાક ટપાક અવાજ અને ચૂલામાં સળગતાં તલસરાંના તડતડાટ સંભળાતા હતા.

'એ જ ટપાકા!' એવું કાંઈક યાદ આવ્યું, ને એ લપાતા રાજવંશીના કલેજાએ અંધારામાં મોટા પથ્થર જેવડો નિઃશ્વાસ નાખ્યો.

અંધારાના ઓડા લઈને સરકતો સરકતો એ ઘરની ઓશરી સુધી પહોંચ્યો. પોષ મહિનાની પધરામણીનો શંખ ફૂંકતા પવન-સુસવાટામાં ઓશરીનો દીવો ઓલવાયો, અને એણે ઘરના ઉંબર પાસેની કોઠી પાછળ પોતાની કાયાને સંકોરી લીધી. તરવાર પરથી કપડું કાઢી નાખીને એણે મ્યાનની વાધરી છોડી.

ઘરમાં રોટલા ઘડતી સ્ત્રીને એ ઓશરીમાં પડતા રાંધણિયાના જાળિયામાંથી જોઈ શકતો હતો. ખેડૂતનાં ધીંગાં કપડાંમાં પણ સ્ત્રી પોતાનું અસલ રાજપૂતી રૂપ અછતું રાખી શકતી નહોતી. ચૂલામાં બળતાં તલસરાંનો ઘડી ઓલવાતો ને ઘડી ભડકે બળતો તાપ આ સ્ત્રીના કાળા પડેલા, મહેનતે મજબૂત બનેલા, રાજેશ્વરીનું

લાવણ્ય ત્યજીને ખેડૂત-પત્નીનું ખમીર ધારણ કરી ચૂકેલા ચહેરા પર ધૂપછાયાની રમત ખેલતો હતો.

'મદન! મદન! ઓ મારી મદનરાણી!' છુપાયેલા પુરુષને કલેજે એક પળ પુરાણો ઉમળકો કંકુડાં પાથરી રહ્યો; પણ 'નહીં નહીં! હવે તો એ બોટ્યું ધાન!' એવા તિરસ્કારના વાયરાએ પલ પૂર્વેનાં સ્મૃતિ-કંકુડાં ઉડાડી મૂક્યાં.

તે ટાણે મોટી ડેલીમાં ઘોડાનો સંચળ થયો અને ઘરધણી દેવરાજ પટ્ટકિલ ઘોડી પરથી ઊતરી, ઘોડી બાંધી દઈ ઓશરી પર ચડ્યો. એ સીમમાંથી આવતો હતો.

'પૂરો કરી નાખું!' એવો એક વિચાર એ છુપાયેલા પુરુષના મગજમાં જોશભેર ઘૂમ્યો. પાછો રણની આંધીનો રેતવંટોળો જેમ દૂર ચાલ્યો જાય તેમ, એ વિચારનો વંટોળ થંભી દૂર નીકળી ગયો. 'તાલ જોઉં તો ખરો! માણસોને જવા દઉં, નીકર નાહકનો ગોકીરો થશે.'

"હાલો છોને વાળુ કરવા?" રાંધણિયે રોટલાનો લૂઓ મસળતી એ બાઈનો મીઠો ટૈકો સંભળાયો.

"હા, હાલો; વીરુ ક્યાં છે?" કહેતે કહેતે દેવરાજ પટ્ટકિલ હાથ-મોં ધોઈને અંદર ગયો.

"રમતો હશે બા'ર." બાઈએ બેપરવાઈના ડોળથી કહ્યું.

"તો એને આવવા દિયો, સાથે જ બેસશું."

"એણે હજી સાંજે જ રોટલો ખાધો છે. ભૂખ નહીં હોય. પેલા ફળીમાં રમવા ગયો હશે. તમે તમારે બેસી જાઓ. ઊના ઊના રોટલા છે. ને આ બે છોકરાં નથી?"

"ના ના. એમ તો નહીં બેસાય. રોજની ટેવ પડી. વીરુ વગર મને કાંઈ વાળુ ભાવે નહીં."

એમ કહી દેવરાજ પટ્ટકિલે પાથરણા પર બેસીને માથા પરની પાઘડી ઉતારી બાજુમાં મૂકી. પાસે બે નાનાં બાળકો બેઠાં હતાં.

એના માથાના મધ્યભાગ પર મોટે કૂડાળે બાઝેલી ચોટલીના ચોખ્ખા કાળા વાળ ખભા ઉપર પથરાઈ રહ્યા. તે જોતો જોતો કોઠી પાછળ ઊભેલો પુરુષ વધુ ને વધુ વિલંબ કરવા લાગ્યો. 'વીરુ' એ નામ એનામાં કોમળતા મૂકી રહ્યું. 'વીરુ' નામથી ઓળખાતા એ ઘરના રમવા ગયેલા બાળકને એક વાર જોઈ લેવો હતો. એને તો અંદેશો હતો કે બાળકની બૂરી વલે હશે; બાળક મૂઆને વાંકે જીવતો હશે; બાળક નવાં જન્મેલાં લાડીલાં છૈયાંની વચ્ચે ગુલામીની સ્થિતિ ભોગવતો હશે.

લાંબા ચોટલાવાળા ચાળીસેક વર્ષના એ ખેડુને પારકો પુત્ર વીરુ શું આટલો

બધો વહાલો હશે!

રોટલા ઘડતી સ્ત્રી રાંધણિયામાંથી બહાર ઓરડામાં આવી ને કાંસાનું ચકચકિત તાંસળું પોતાના ઓઢણાના છેડા વતી લૂછતી ઘરધણીની સામે હેતભરી ઊભી.

"આવી તે શી ટેવ!" એણે દેવરાજને કહેતાં કહેતાં મોં મલકાવ્યું: "વીરુ વગરના આંધળા ભીંત નહીં તો!"

એ હાસ્ય અને એ ઠસ્સો દેખીને કોઠી પાછળ છુપાયેલો પુરુષ અસહ્ય યાતના અનુભવી રહ્યો, 'એ હાસ્ય મારી મિલકતનું; છતાં મને કદી મળ્યું નહીં!'

કોઠીના પાછળના અંધારામાં તો સંસાર-પ્રેમના આ પલપલના દશ્યે એ છુપાયેલા ક્ષત્રિયના અંતરમાં તોફાનો મચાવ્યાં. આ મારી – મારી – મારી પોતાની પરણેલી સ્ત્રી: એક વાર મેં મારી છાતીએ ભીડેલી: આજે મારા દેખતાં પરપુરુષને પંપાળે છે, પ્રેમ ને દયાનાં ઝરણાં વહાવે છે. ઓ જો, જો, એણે કેવાં ભાવભર્યાં નયણાં માંડ્યાં – એ નીચે ઝૂકી – એની કેશ-લટ ઝૂલી પડી – એ હમણાં, હમણાં, હમણાં – શું ચૂમશે? ના, એની આંખો પીએ છે પેલાનાં નેત્રામૃતો. ઝટ તલવાર ઉપાડું! ઝાટકું!

કોણ હાથ ઝાલી રાખે છે? કોણ મને આ દુષ્ટ દશ્ય દિલ દબાવીને જોયા કરવાની ફરજ પાડી રહ્યું છે? એ શબ્દ –

"વીરુ વિના વાળુ નહીં કરું, ગોઠે નહીં, આટલે વર્ષે હવે એકલા ખાવું ભાવે નહીં."

"ગઢપણ આવે છે તેમ ગાંડપણ વધતું જાય છે!" સ્ત્રી એના સામે ઝૂકી જઈને બોલે છે.

'એનું માથું ઉડાવી દઉં – શી વાર?' એ લાગણીને લજવતો બોલ પુરુષ ફરી બોલે છે: "એના બાપનું કલેજું અટાણે ક્યાંક વાળુની થાળી માથે નહીં પોકારતું હોય 'વીરુ!' 'વીરુ!' હેં સ્ત્રી?"

સામે બેઠી બેઠી, બાજઠને પોતાના ઓઢણાને છેડે લૂછતી ને થાળી-તાંસળાં ગોઠવતી, ઝૂલતી લટવાળી સ્ત્રી ઉપરનું ઝેર, એ પર-દારાને પોતાની કરનાર મરદ પરનો કાળ, કોઠી પાછળના કાજળ-ઘાટા અંધકારમાં નસે નસે ચડતો ને ઊતરતો હતો. માથાના તાળવાને તોડી બહાર ધસવા માગતા ઈર્ષ્યાગ્નિની જ્વાલાઓનું જોર તૂટી પડતું હતું. એના ઉપર કયા પાણીની ઝાલક પડતી હતી?

"યાદ કરો! એના બાપના વાળુની થાળી ઉપર અટાણે કોઈ કોળિયાનો ભાગ માગનાર હશે નહીં." એમ કહેતો દેવરાજ પટ્ટકિલ હસીને કોઈક વેદના દબાવતો હતો.

શબ્દો સાંભળવાનું અસહ્ય હતું, મારવા આવેલો કળીએ કળીએ કપાતો હતો, ખડગ ખેંચનારની રગો ખેંચાતી હતી. કોઠી પાછળથી બહાર જવાની જગ્યા નહોતી. ધરતી જે દિવસ મારગ દેતી તે યુગો પર તો ભૂકંપો ફરી વળ્યા હતા. ભુજા અને ખડગ, બેઉ લજવાતાં હતાં.

'ઓ શંભુ!' કોઠી પાછળનો અંધકાર પણ બફાઈ જાય એવી વેદના-વરાળ એ છુપાયેલા પુરુષનું હૈયું ભરી રહી. 'કોઠી પાછળ મને ધકેલ્યા પછી આવી કારમી કસોટી? મને આ પુરુષને હાથે ઉઘાડા મેદાનમાં જુદ્ધનું મોત કાં ન દીધું? મને અત્યારે પકડીને એ ઠાર મારે ને મારાં શોણિતમાં આ સ્ત્રી સ્નાન કરે તે જ શું ભલેરું નહોતું! મને આવી સાંપટમાં લીધો, નાથ! મારા હાથ ને હૈયું બેયને બાંધી લીધાં, ધૂર્જટિ! તેં પીધેલા હળાહળનો જ શું આ છાંટો ચડાખ્યો મને, હે પિનાકપાણિ!'

કદી ન રડેલી એ બે ખૂનખાર આંખોને પાંપણપડદે ડબ, ડબ, બે આંસુ તોળાયાં. એ બેને ઠેલતો પ્રવાહ પાછળથી જોશ કરી રહ્યો: ટ...પ, ટ...પ, ટ...પ,: આંસુનાં નીર એના ચહેરાના પહોળા પટ પર ખોદાયેલી ખાઈઓ જેવા જખમોના ખાડાટેકરામાં થઈને નીચે માર્ગ કરવા લાગ્યાં.

– ને સ્ત્રી તો હજુય પરપુરુષની સામે બેઠી બેઠી કહેતી હતી: "એ વાતને શીદ યાદ કરો છો છેક અટાણે? રુદાના રાફડા ઉખેળીને શું ભોરિંગને છંછેડવા છે, હેં પુરુષ! પીધેલાં વખ તો પચાવ્યે જ છૂટકો છે."

"બરાબર છે."

"તો એક વાર માળા ફેરવી લ્યો, ત્યાં હું તેડી આવું છું વીરુને. ને હવે તો કોઈ દા'ડો વાળુટાણે ઘરમાંથી એને ખસવા જ ન દઉં ને! માથે કાંઈ કરી છે ને આજ તો!"

એમ કહેતી કહેતી હાથમાંનું તાંસળું ધણીના બાજઠ પર મૂકીને પાડોશીના ફળીમાં "વીરુ! વીરુ, એ વીરુ!" એટલા સાદ કરતી બાઈ બહાર ચાલી ગઈ. અને ઘરનો ધણી પોતાના એક હાથમાં માળા ફેરવતો ને બીજા હાથના નખ વતી તાંસળા પર તાલબંધ ટકોરા મારતો બેસી રહ્યો. એની ગરદન નીચે વળી ગઈ હતી.

ભમતી ભમતી એની આંખો ભીંત ઉપર ફરી, કોઠીની બાજુ વળી, અને એકાએક કોઠી ઉપર પડછાયો પડ્યો. છુપાયેલો પુરુષ સળવળ્યો હતો. એ સળવળાટે દેવરાજને ચમકાવ્યો. એની આંખો ઊંચી ગઈ, "ઓય બાપ!" એવો એક ઓહકાર એના ફાટેલા ડાચામાંથી નીકળી પડ્યો. એણે એ તલવાર લઈ ઊભેલા કદાવર આદમીની એકાકી ભૈરવ-આકૃતિ ભાળી.

"બીશો મા હવે. ને બોકાસો પણ કરશો મા, પટ્ટકિલ!" આકૃતિએ બહાર

આવીને મેઘ-ગંભીર બોલી કાઢી.

"ક... ક... કો...ણ?" હેબતાઈ ગયેલ પટ્ટકિલ માંડ માંડ બોલી શક્યો.

"ઓળખ્યો નહીં? હા-હા-હા –" એ હસ્યો: "ઓળખાઉં એવો રહ્યો જ નથી, ખરું ને! મોં માથે કંઈક જુદ્ધોનાં હળ ફરી ગયાં છે, દેવરાજ! સાચે જ કોઈ જૂનું સ્વજન ન ઓળખી શકે!"

"વાઘેલા રાણા!"

"હા, હું લવણપ્રસાદ વાઘેલો. મનાતું નથી ને? આવ્યો તો હતો મારી રાજપૂતાણીને ઘરમાં બેસાડનારનું માથું ધડથી નોખું કરવા, પણ તારી આગળ હું હારી ગયો છું. તેં મારા વીરધવલને હજી સાચવ્યો છે, તને એના વગર ખાવું ભાવતું નથી, એ જાણ્યા પછી મારો પરાજય ને તારી જીત કબૂલું છું, દેવરાજ પટ્ટકિલ!" એમ કહીને લવણપ્રસાદ વાઘેલા નામના એ પુરુષે તલવાર મ્યાન કરી.

"લ્યો, ભાઈ દેવરાજ! જય ભીમનાથ! મને છોકરો ભાળશે તો બી મરશે. કોઈક દિવસ છોકરો મોટો થાય ને એને એના બાપ પાસે આવવા દિલ થાય તો ધોળકે મોકલજે."

બોલ પૂરો કરીને ગળું ખોંખારતો લવણપ્રસાદ બારણા તરફ ચાલ્યો, ત્યાં દેવરાજ ઊભો થયો, હાથમાં લીધેલી પાઘડી એ પુરુષ સામે ધરી કરગર્યો, "વાઘેલા રાણા! બહુ કરી, હદ કરી તમે. હવે શીદ ભાગો છો? ભેળા બેસીને રોટલો ખાતા જાઓ, ને વીરુને જોતા તો જાઓ. ખોળો પાથરું છું. એ લવણાજી! ડરો છો?"

"એમ લાગે છે? લે, ત્યારે તો રોકાઈ જાઉં. પણ એક શરતે. મા કે દીકરા બેમાંથી એકેયને મારી ઓળખાણ અટાણે આપવી નહીં."

"નહીં આપું. રોકાઓ. રોટલો જમીને, વીરુને જોઈને –"

બહાર ઓશરીમાં નીકળીને દેવરાજ પટકિલે ઢોલિયો ઢાળી રજાઈ પાથરી. બેઉ જણા અંધારે જ બેઠા. દેવરાજ પટકિલે પોતાના પરોણાનો એક ઊંડો નિઃશ્વાસ સાંભળ્યો. તે જ વખતે ઘરની સ્ત્રી બહાર રમતા દસ-બાર વર્ષના બાળકને કચકચાવી બાવડે ઝાલીને ઓશરી પર ચડી. એનો સ્વર સંભળાયો:

"માડી! કાંઈ જોર છે કાંઈ જોર આનાં તો! હાથમાં ઝાલ્યો રિયે નૈ, ઉપાડ્યો ઊપડે નહીં! રાણકદેવડીની વાર્તા સાંભળવા અધરાત સુધી બેસવું'તું હજી તો."

બાઈ ઘરમાં પહોંચી તે પછી દેવરાજે કહ્યું: "બે બાજઠ ઓશરીમાં જ ઢાળજો."

"કાં?"

"પરોણા છે."

રાંધણિયામાં જઈને દેવરાજ પોતે થાળીઓ પિરસાવીને લઈ આવ્યો. સ્ત્રીને પોતે બહાર બોલાવી નહીં. પરોણો કોણ છે તેની સ્ત્રીને ખબર પડી નહીં. ફક્ત દેવરાજની સાથે એક ભાણે જમવા બેઠેલો બાર વર્ષનો વીરુ મહેમાનના ચહેરાને નિહાળી નિહાળી જોતો હતો. વાળુ કરીને ઊઠ્યા પછી ઓશરીના ઢોલિયા પર મહેમાનના ખોળામાં જઈને એ બાળક વીરુએ એના કમરબંધમાં ખૂંતેલાં હથિયાર પંપાળી જોયાં, ને એની મુખમુદ્રા પરના ઊંડા લાંબા વ્રણોના ખાડા શુક્રતારાને અજવાળે જોતો રહ્યો. લવણપ્રસાદે પોતાના પુત્રને મસ્તકે ને લલાટે હાથ ફેરવ્યો; પછી એના અંતરના કપાટો તૂટું તૂટું થયા; એ વધુ વાર ત્યાં બેસી શક્યો નહીં; એણે રજા માગી. દેવરાજ પણ એ અંધારી રાતમાં પરોણાને વળાવવા ચાલ્યો.

"અત્યારે કેમ કરી જાશો?" દેવરાજે પૂછ્યું.

"સાંઢ્ય બહાર તૈયાર છે."

"એકાદ દી રોકાવું કોઈ રીતે બની શકે?"

"ના ભાઈ, કાલ સાંજે તો પાટણ પહોંચ્યે છૂટકો છે."

"રોકાણા હોત તો મારે બે વાતો કહીને કોઠો ખાલી કરવો હતો. આઠ વર્ષ પહેલાંની વાત–"

"હવે તો એ વાત પર ઢાંકણ ઢાંકી દીધું છે મેં. મેં એકલાએ જ નહીં, વિધાતાએ પણ," એમ કહી લવણપ્રસાદે પોતાના ચહેરા પર આંગળી ચીંધી. "ને હું સમજું છું કે આજની ગુજરાતમાં રાજપૂતને ઘરસંસાર ચલાવતાં આવડશે નહીં. મને આવડ્યું નહોતું. પાટણ પડીને પાદર થયું છે. મારો ભોળિયો ભીમદેવ જીવતે મૂઓ છે. મ્લેચ્છોની તલવારે ગુજરાતનું કાચું માંસ ચાખી લીધું છે. મદનરાણી ભલે તને રહી; એને ઠરીઠામ બેસવું હતું તે ભલે બેઠી. ફક્ત એટલું જ વીનવું છું કે મારા વીરધવલને વીર બનાવજે. કોક દિવસ ગુજરાતને બેઠી કરવા એ કામ લાગશે."

એટલું બોલીને લવણપ્રસાદ વાઘેલો ભાંગેલા શિવાલયની દિશામાં ચાલી નીકળ્યો, અને વીશ વર્ષની વયથી જ પોતાના પરિણીત જીવનને છૂંદી નાખનારા ગુજરાતના રાજકીય સંજોગોને મનથી શાપ દેતો એ સાંઢણી પાસે જઈ પહોંચ્યો.

સાંઢણી-સવાર જેહુલે પોતાના ધણીની પાછળ પાછળ આવીને થોડે દૂર થંભી રહેલા એક આદમીનાં સફેદ કપડાં જોયાં હતાં, ને બેઉ વચ્ચેનો બોલાશ પણ સાંભળ્યો હતો. લવણપ્રસાદ જે કામે ગામમાં ગયો હતો તે કામ પાર પડ્યું નહોતું એ તેણે પરખી લીધું. ને બેઉ સવારોને ઉપાડી લઈ સાંઢણી જ્યારે પાટણની વાટ અને અમાસની ઠંડી રાત કાપી રહી હતી ત્યારે જેહુલને કાને પાછળ બેઠેલા લવણપ્રસાદના નાકનાં ગાઢાં નસકોરાં સંભળાયાં.

'મંડળેશ્વરને આવી મીઠી નીંદર તો ધોળકાના ઢોલિયામાં પણ કદી નથી આવી જાણી! મારું બેટું! આ તે શું કૌતુક?' જુવાન જેહુલને એ રાતવેળાએ સાંઢણીની પીઠ પર શાંતિનાં નસકોરાં સાંભળતે રમૂજ પડી. એનો વિચાર આગળ વધ્યો: 'સગી બાયડીના રાખતલ આદમીને આણે જીવતો કેમ છોડ્યો હશે?'

એ ગુપ્ત વિચારનો જવાબ વાળતો હોય તેમ લવણપ્રસાદ બોલ્યો: "જેહુલ! પડેલી ગુજરાત પાછી ખડી થશે, હો કે!"

"કાં બાપુ?"

"વીરુ તૈયાર થાય છે."

2

# મા ને પરિવાર

65533

વચ્ચે વીરમગામમાં રાતનું કામ પતાવીને લવણપ્રસાદ નામનો આ ધોળકાનો રાણો, પાટણનો એક મંડળેશ્વર, આગળ વધ્યો.

બગબગું થયું ત્યારે મંડલિકપુરની સીમ સુધીનો પલ્લો સાંઢણીએ ખેંચી કાઢ્યો હતો.

આજે માંડલ નામે ઓળખાય છે તે મંડલિકપુર ગામના તળાવતીરે એક નાનકડું ટોળું ઊભું હતું: ત્રણ છોકરા અને ત્રણેક છોકરીઓ. ચાળીસેક વર્ષની ઉંમરની એક બાઈ ઊભી હતી. એક ટારડું ઘોડું હતું. ઘોડાને ઝાલીને એક ઠાકરડો ઊભો હતો.

બાઈના શરીર પર રાતો એક સાડલો અને રાતું છેક કાંડા લગી કાપડું હતું. હાથમાં ચૂડા નહોતા. પહેરવેશ અને દેખાવ વિધવાનો, છતાં કાયા માંસલ અને ઝગારા કરતી હતી: ગૌરવરણી એ વિધવાની આંખોમાં ધાર્મિક શાંતિ અને મોં ઉપર પૂરેપૂરી પચાવેલી વેદનાભરી સ્વસ્થતા છવાઈ રહી હતી. ચારથી આઠ વર્ષની બે છોકરીઓ એના સાળુની સોડમાં લપેટાઈને ઊભી હતી. બીજી એક કન્યા ઉદાસ મોંએ ઊભી હતી. ત્રણેય છોકરાનાં શરીર પર તેઓ લાંબા પંથના પ્રવાસે જતા હોય તેવા ઢંગ હતા.

માતાએ છયે છોકરાંને કહ્યું: "નવકાર મંત્ર ગણી લીધા, બચ્ચાંઓ?"

"હા, મા."

"લો ત્યારે હાથ જોડો, તમને શાંતિપાઠ સંભળાવું, પછી વિદાય થાઓ."

છયે ભાંડરડાં હાથ જોડીને ઊભાં ઊભાં માના મુખમાંથી ધર્મનું મંગળસ્તોત્ર સાંભળી રહ્યાં.

"જાઓ, બચ્ચા! શાસનદેવ તમને સુવિદ્યા આપે. કુમારદેવ ગુરુના કહ્યામાં રહેજો અને સોમેશ્વરને પાછા રજામાં આંહીં તેડી લાવજો."

ઓવારણાં લેતી માની આંખે જળ દેખાયાં, ને તેણે ચૌદ ને સોળ વર્ષના બે પુત્રોને ભલામણ કરી, "વસ્તિગ, તેજિગ, તમે બેઉ ભાઈઓ લુણિગને સાચવજો.

એ નબળો છે. ઘોડા ઉપર એને બેસવા દેજો. તમે બેઉ તો જોધાર જેવા છો. પાળા હીંડ્યા જજો.''

''મા, પણ લુણિગને કહી દેજે,'' ચૌદ વર્ષના તેજિગે તીણે ઊંચે સ્વરે કહેવા માંડ્યું, ''એ અખાડે આવે નહીં ને આખો દિવસ દેવળોના ભાંગેલા પથરાની નકશી જ જોયા કરે, પછી તો નબળો જ રહે ને!'' એમ બોલીને એણે એ ટારડા ઘોડા પાસે ઊભેલા અઢાર વર્ષના દૂબળા ભાઈ સામે હાથ ચીંધાડ્યો.

''એ ધૂન તો એણે આબુરાજ ઉપર વિમલશાનાં દેરાં દીઠાં ત્યારથી જ એને વળગી છે, શું કરીએ, ભાઈ? એને...''

ભાઈઓની ફરિયાદ અને માતાની છૂપી ચિંતા વચ્ચે જરા રમૂજ પામતો દૂબળો મોટેરો ભાઈ લુણિગ ઘોડે બેઠો, ને પછી માને ભલામણ કરવા લાગ્યો: ''તુંય બા, અમને સંભારતી જીવ બાળીશ નહીં. અમે તો કાલ સવારે મોટા થઈ જશું.''

વસ્તિગે ને તેજિગે પછી પોતાની બહેનોને એક પછી એક મળી લીધું.

''વયજૂ! ઘંટી રોજ દળજે, હો.'' વસ્તિગે ભલામણ કરી.

''ધનદેવી! તું વહેલી પરોઢે છાણ મેળવવા જા ત્યારે સાથે એક સોટો રાખજે. કોઈ કાંઈ છેડતી કરવા આવે તો પૂછ્યા-કર્યા વગર સબોડી જ દેજે,'' તેજિગ બોલ્યો, ''ને કહેજે એ દુષ્ટોને, કે વસ્તિગ પાછો આવશે ત્યારે લાઠી-દાવ શીખીને જ આવશે, એટલે તમને સૌને એકલે હાથે પૂરો પડશે.''

''અને ઓ અલી સોહગા,'' તેજિગે નાની બહેનને કહ્યું, ''ઘી ને માખણના કજિયા કરતી ના, હો! અમે મોટા થશું ત્યારે ઘેર ત્રણ ગાયો બાંધશું. પછી ખાજે ખૂબ.''

ઘોડા પરથી દૂબળો પાતળો, દેવની મૂર્તિ સરીખો મોટેરો લુણિગ ફેફસાં પર હાથ દાબીને બોલ્યો: ''વયજૂ, પેલો મારો આરસનો ટુકડો સાચવી રાખજે હો!''

''હા,'' માએ હસીને ટકોર કરી, ''તારે તો એનું બિંબ કોરાવી આબુ ઉપર મુકાવવું છે, ખરું ને!''

''અરે બા!'' વસ્તિગ બોલી ઊઠ્યો, ''આપણે આપણા જ જુદા જિનપ્રાસાદો નહીં ચણાવીએ આબુ પર?''

''બહુ હોંશીલા થયા કે! ગજા વગરની આકાંક્ષાઓ કરાય નહીં, ભા! જાઓ હવે, સૂર્યોદય થયો. જો સામે કુમારિકા બેડું ભરીને ચાલી આવે. શુકન વધાવીને ચાલી નીકળો, ભાઈ. ને ભાઈ ઘોડાવાળા!'' માતાએ ભલામણ કરી, ''જોજે હો, મારા લુણિગને સાચવીને લઈ જજે. એ છોકરો માંદો છે પણ પાટણ, પાટણ ને પાટણનું જ રટણ લઈ બેઠો છે. કોઈ રીતે રોકાય તો ને? કોણ રોકી શકે? રોકનાર હતા

તે તો ચાલ્યા ગયા." એમ કહીને મા મોં ફેરવી ગઈ.

ઘોડું આગળ ચાલ્યું, બે છોકરા પાછળ ચાલ્યા, વારંવાર પાછા જોતા આંખમાં વિદાયનાં અશ્રુ લૂછતા ગયા, ને ન સહાતી વિચ્છેદવેદનાને દબાવી લેવા મથતો વસ્તિગ દૂર દૂરથી પોતાની મોટી બહેન માઉને ઉદ્દેશીને 'મ્યા... ઉં... ઉં... ઉં' એવા સ્વરે હસાવતો રહ્યો.

અગિયાર સંતાનોની વૈધવ્યવતી માતાએ પુત્રોની પીઠ ઉપર હેતના હાથ પંપાળતી દૃષ્ટિ ક્યાંય સુધી લંબાવ્યા કરી; એકાએક એને યાદ આવતાં એણે મોટી પુત્રીને પૂછ્યું: "વયજૂ! તેં તેજિગભાઈનું ઉત્તરીય ફાટેલું સાંધી આપેલું કે નહીં?"

"એ તો ભૂલી ગઈ, મા!"

"છોકરો ટાઢે ઠરશે."

"એને તે ટાઢ વાતી હશે કદી, બા!" માઉએ કહ્યું, "પરોઢે ઊઠીને તો તળાવે જઈ નહાઈ આવ્યો હતો. એ તો કહે છે ને કે મારે તો જબરા જોધારમલ થવું છે."

"બહુ લવલવિયો છે તેજિગ!" માનો ઠપકો હેતમાં ઝબોળેલો હતો.

"વયજૂ જેવો જ." સોહગાએ ધનદેવી સામે નજર કરી.

"રંગ પણ બેઉના કાળા કાળા કીટોડા!"

"ને તને તો, વયજૂ, ભાઈ રજપૂતાણી બનાવવાનો છે ને!"

વિદાયનો પ્રભાતપહોર એવા વિનોદનો પલટો ધરી રહ્યો હતો તે વખતે લવણપ્રસાદની સાંઢણી ત્યાં થઈને નીકળી.

દાઢીવાળા પ્રૌઢ વયના રાજપૂતને નિહાળી વિધવા વાણિયણ નીચે જોઈ ગયાં.

લવણપ્રસાદે જરાક સાંઢણી થોભાવરાવીને બાઈને જોયાં. જૂની કોઈ યાદનું કુતૂહલ ઉદ્ભવતાં એણે પ્રશ્ન કર્યો, "કેવાં, પોરવાડ છો, બાઈ?"

"હા ભાઈ, તમારે કયે ગામ જવું?"

"પાટણ; પેલા છોકરા તમારા છે?"

"હા."

"ક્યાં જાય છે?"

"પાટણ... રસ્તે કશો ભો તો નથી ને, ભાઈ?"

"પાસે કશું જોખમ છે?"

"ના, ના, બબ્બે જોડ જૂનાં કપડાં જ છે."

"ત્યારે શાનો ભો? તમને ક્યાંઈક જોયાં હોય તેવું લાગે છે."

કુંઅરબાઈએ પણ લવણપ્રસાદને નિહાળીને જોયા. પણ એકાએક એ પાસું ફેરવી ગઈ. એણે પોતાના પડસૂદીના પિંડા જેવા દેખાતા પેટના સુંદર ગૌરવરણા

ફાંદા પર સાળુ ઢાંક્યો, પાછલો પાલવ જરા નીચે કરી પાની પણ એણે ઢાંકી વાળી.

"છોકરીઓ! તમારા બાપનું નામ?" લવણપ્રસાદે બાળકોને પૂછ્યું.

"આસરાજ."

"આસરાજ! પાટણના આસરાજ ને? માલાસણના આભૂ શેઠ તમારા માતામહ – માના બાપ – થાય ને?"

"હા."

લવણપ્રસાદને અજાયબી થઈ. આ પોરવાડ વણિકના પરિવારના દેહ પર એણે ગરીબીની ચાડી ખાતાં થીગડાં દીઠાં. પણ એકેયના મોં પર ગરીબી નહોતી. પેઢાનપેઢીની ભદ્રિક ખાનદાનીના દર્પણ સમા એ ચહેરા ચમકતા હતા.

"આસરાજ શેઠ..." પૂછતાં પૂછતાં બાઈનાં વિધવાવેશે એને થંભાવી દીધો.

"અમારા બાપુ બે વર્ષ પર જ દેવ થયા," વયજૂએ જવાબ દીધો.

"છોકરાઓને કેમ પાટણ મોકલો છો? મોસાળમાં?"

"ના, કટુકેશ્વરની પાઠશાળામાં ભણવા."

દરમિયાનમાં બાળકોની માતાએ અસવારને પૂરેપૂરો ઓળખ્યો હતો. ઓળખાણ પડતાંની વાર જ એણે ધીમે ધીમે હાથણી-ચાલે ત્યાંથી ગામ તરફ સરકવા માંડ્યું, એ થીગડાવાળું ઓઢણું પીઠ પરથી પાની સુધી ઢાંકી લેવા મહેનત કરતી કરતી ચાલી ગઈ.

શણગારેલી સાંઢણી અને તેનો બેડોળ મોંવાળો ક્ષત્રિય અસવાર, માંડલિકપુરને પાદર ગામલોકોના અજબ આકર્ષણનાં પાત્રો બન્યાં હતાં. ભેગાં થયેલાં લોકોમાંથી એકબે જણાં એ વિધવા બાઈના ચાલ્યા જવા પછી લવણપ્રસાદને કહેવા લાગ્યા: "અમારા ગામમાં ડાહ્યું માણસ છે કુંઅર શેઠાણી; પૂછવા ઠેકાણું છે; પેટ અવતાર લેવા જોગ જોગમાયા છે."

"આટલાં બધાં ઘાસી ગયાં શી રીતે?"

"આસરાજનો વહેવાર મોળો પડ્યો હતો. પોરવાડની ન્યાતમાં કહેવાપણું થયું હતું ખરું ને?"

"કેમ?"

"રંડવાળને પરણ્યા હતા ખરા ને?"

"હા, હા, યાદ આવ્યું," એમ કહીને લવણપ્રસાદ અઢારેક વર્ષ પૂર્વેનાં જૂનાં સ્મરણ-પાનાં ઉથલાવી રહ્યો, પણ વધુ કાંઈ બોલ્યો નહીં.

"અને પછી તો," એક બીજાએ કહ્યું, "ખંભાતવાળા આરબ વહાણવટી સદીક શેઠે કાંઈ દગો કરીને આસરાજ શેઠનાં વહાણ લૂંટાવ્યાં."

"સદીકે ને? હા, સદીક શેઠ ન કરે એટલું થોડું." લવણપ્રસાદે સ્તંભતીર્થ બંદર તરફ દક્ષિણાદી દિશાએ ગરુડના જેવી નજર ચોડી.

પોતે કોણ છે તેનો ફોડ પાડ્યા વગર લવણપ્રસાદ ત્યાંથી નીકળી ગયો.

"એલા છોકરાઓ!" લવણપ્રસાદે પોતાની સાંઢણીની આગળ જતા ત્રણ છોકરાના કાફલાને આંબીને તરત જ ફાંગી આંખ કરીને કહ્યું: "પાટણ ભણવા જાઓ છો ને? તે ત્યાં શું જૈન ધરમની સજ્જાયું ને સ્તવનો આરડવાના છો કે બીજું કાંઈ?"

"ના જી," વસ્તિગ બોલ્યો, "કાવ્યશાસ્ત્ર ભણશું અને સાહિત્ય ભણશું."

"ને આ મારા મોટાભાઈ," તેજિગે લુણિગ તરફ આંગળી બતાવીને કહ્યું, "શિલ્પનું ભણશે."

"હાં – રંગ! એવું પોચું પોચું ને સુંવાળું જ ભણતર ભણવું હો, મારો બાપ્પો કરું! નાહકના ક્યાંક મગદળ-બગદળ ફેરવતા નહીં. પટા-લાકડી હાથમાં ઉપાડવાં નહીં. શ્રાવકના ઘરમાં તો એ બધી હિંસા કહેવાય ના! એના કરતાં આ સારું: કઈ બાયડીને હાથણી કહેવાય ને કઈને પદમણી..."

છોકરાઓ જવાબ તો ન આપી શક્યા, પણ બોલનારનાં નેત્રોમાંથી ચમકતી તેજ-કટારો દેખીને કૌતુક પામી સાંઢણીની સાથોસાથ દોડવા લાગ્યા. કદરૂપ દેખાતો લવણપ્રસાદ વધુ કુટિલ મોં કરીને બોલતો ગયો: "બાયડીને મૃગાક્ષી કહેવાય કે મીનાક્ષી પણ કહેવાય એના વાદ કરતાં બરાબર શીખવું, હો કે! પછી મૃગાક્ષીઓ અને મીનાક્ષીઓ મૃગલાં ને માછલાંની માફક ઝલાતી, ફસાતી, લૂંટાતી ને તરફડતી મરતી હોય તેને કેમ રક્ષવી, તેનું કાંઈ ભણતર તો આપણા ધરમમાં નથી એ જ રૂડી વાત છે. નાહકની હિંસા થઈ બેસેને! બાકી સાચું ભણતર તો અપાસરામાં ગોરજીની સામે ઊઠબેસ કેટલી કરવી અને પારસનાથની પ્રતિમાને કેસરના કેટલા ચાંદલા ચોડવા એ જ છે, હો કે છોકરાઓ!"

"અમે દેરા-અપાસરામાં જતિઓ પાસે નથી ભણવાના, અમે તો ગુરુ કુમારદેવના આશ્રમમાં ભણશું."

"ક્યાં?"

"સહસ્રલિંગને તીરે કટુકેશ્વરમાં."

"ત્યાં કુસ્તીના દાવપેચ, કટારના દાવપેચ, પટા-લાકડી અને ભાલાની વિદ્યા ભણાવે છે?" લવણપ્રસાદે પૂછ્યું.

"ખબર નથી. હોય તો ભણીએ." વસ્તિગે કહ્યું.

"તો તો હું પોથાં-થોથાંય દૂર કરું." તેજિંગ વધુ ઉત્સુક બન્યો.

"ના," લવણપ્રસાદે કહ્યું, "પટાબાજી ને શમશેરવિદ્યા તમને અમારા જેવા વાયલ બનાવશે. એમાંથી હવેલીઓની ડેલીએ દીવા નહીં પેટાવાય." અહીં લવણપ્રસાદ લખપતિ શ્રેષ્ઠીઓના ઘેર પ્રત્યેક લાખે અક્કેક દીવો બાળવાની રસમને નિર્દેશતો હતો: "બાકી હા, વ્યાકરણમાં પાવરધા બનશો તો તમને પરમારોની અવંતિમાં રાજકૃપા મળશે."

"નથી જોઈતી." વસ્તિગ સહેજ ચિડાયો.

"કાં?" લવણપ્રસાદની આંખ ફાંગી થઈ: "ત્યાં પાટણનાં રાજા-પ્રજાને ગધેડાં બનાવતાં નાટકો રચી દેશો તો પુરસ્કારના ઢગલા મળશે."

"એવું અમને ના કહો." વસ્તિગ તપ્યો.

"અને દેવગિરિનો દખણો જાદવ સિંઘણ તો તમને રાજકવિનો મોડ બંધાવશે – જો ગુજરાતને તમે સંસ્કૃત છંદોમાં ગાળો દઈ જાણશો તો."

"અમારે નથી સાંભળવી એ વાતો."

છોકરા સાંઢણીની સાથે ચાલતા બંધ થયા.

"જેહુલ, જરા ધીરી પાડજે સાંઢ્યને." એમ કરીને લવણપ્રસાદે પાછા ફરી ઊંચે અવાજે છોકરાઓને સંભળાવ્યું: "તમે તો શ્રાવક છો ને! હાંઉં ત્યારે, મોટા થઈને જતિઓને સાધી ગુજરાતનો જે રાજા હોય તેને શ્રાવકડો બનાવી વાળજો ને! એટલે પછી લે'રમલે'રાં."

આ છેલ્લાં કુવચનોએ ત્રણેય છોકરાઓને પગથી માથા સુધી સળગાવી નાખ્યા. વસ્તિગના મોં પર રતાશની શેડ્યો ઉછાળતું રુધિર ધસી આવ્યું, તેજિગે તો ભોંય પરથી પથ્થર ઉપાડ્યો અને દૂબળો લુણિગ ઘોડા ઉપર પથ્થરવત્ બની ગયો.

વસ્તિગે તેજિગનો પથ્થરવાળો હાથ ખચકાવીને ઝાલી લીધો. તેજિગે વસ્તિગના મોં પર નજર કરી. વસ્તિગની આંખોમાંથી ડળક ડળક આંસુનાં મોટાં ફોરાં દડતાં દડતાં ગાલ પર થઈને નીચે પડતાં હતાં.

## 3
# વિધવા રત્નકુક્ષી

**આ**ગળ દોડ્યે જતી સાંઢણી ઉપર લવણપ્રસાદ પોતાના સાથીને પૂછતો હતો: "આ છોકરાને ઓળખ્યા, જેહુલ? મંડલિકપુરને પાદર એની મા ઊભાં'તાં, તેને જોયાં ને?"

"હા, બાપુ." પિસ્તાળીસેક વર્ષના જેહુલે કહ્યું.

"ઓળખ્યાં ને? આસરાજ મંત્રીનાં એ વિધવા."

"હું તો ઓળખું જ ને, બાપુ! તે સમે હું માલાસણમાં એ બાઈના બાપુને ઘેર સાંઢ્ય હાંકતો, આભૂશેઠને ઘેર. આ બાઈનાં મા લાછલબાઈ બહુ ડાહ્યું માણસ હતાં, બાપુ! દીકરીનું દુ:ખ વરતવું દોહ્યલું છે, અને તેમાંય આ દીકરી કુંઅરબાઈની તો વાત જ ન્યારી હતી, બાપુ!"

"ત્યારે તો તું બધું જ જાણતો લાગ છ?"

"જાણું છું એમ નહીં, બાપુ! નજરોનજરનો સાક્ષી છું. મેંય મારાથી બનતી મદદ કરી હતી."

"કોને? શેની મદદ?"

"નાસી જવાની મદદ, બાપુ! આસરાજ મંત્રીને અને આ કુંઅરબાઈને હું લઈ ગયેલો."

"તે શું, આસરાજ મંત્રીએ કુંઅરબાઈને તારી જ સાંઢ્ય માથે નસાડેલી?"

"હા જી, ઊંઘતીને સાંઢ્ય માથે લઈ સુવાડેલી." આધેડ જેહુલ જ વાત કહેતો કહેતો યુવાનીનો રોમાંચ અનુભવી રહ્યો.

"પૂરી વાત તો કહે, જેહુલ, શું બન્યું'તું?"

"બનેલું એમ કે પાટણમાંથી કરોડું કમાઈને પછી કુંઅરબાઈના બાપુ આભૂશેઠ માલાસણમાં જ રહેતા હતા. એવડી મોટી હવેલી, દોમદોમ સાયબી, પણ છોરુમાં એકની એક આ દીકરી. એકની એક પણ મારે વા'લેજીએ નવરો હશે તે દા'ડે સમે હાથે ઘડીને દીધેલી: એવી ગોરી, એવી નમણી, અને એવી ગરવી! એકે હજારાં. હવેલી તો એ એકે જ અભરે ભરી લાગે. માવતરે પણ હીરામોતીએ મઢી'તી. પણ હીરામોતી એને શું શોભાવશે? એ જ હીરામોતીને શોભાવતી'તી. એમાં કુંઅરબાઈને

બારમું વરસ બેઠું ને એને પરણાવી. પરણ્યે બે જ મહિના થયા ત્યાં એ રાંડી. રાંડીને પાછી આવી, પણ સંસાર જાણે એને અડ્યો જ નહોતો! કાંડે કંકણ નહીં ને કપાળે ચાંદલો નહીં. બાકી તો એ ની એ જ; આનંદનો અવતાર ને રૂપનો ભંડાર. હવેલીના ખંડેખંડની ચાવીઓ માએ દીકરીને સોંપી. માવતર પાણીય દીકરીને પૂછીને પીએ. દીકરીને ધરમના ભણતરમાં ચડાવી દીધી. દેરે જવું, અપાસરે જવું, ધરમધ્યાન કરવાં – અને શું એ બાઈ ધરમની સજ્જાયું ગાતી! અરે બાપુ, હવેલી હોંકારા દેતી. આવો તો કંઠ મેં કોઈનો જાણ્યો નથી.''

''હં–હં.'' લવણપ્રસાદને મદન સાંભરતી હતી.

''જેમ જેમ ધરમમાં ઊંડી ઊતરતી ગઈ તેમ તેમ રૂપ તો નીકળતું જ ગયું, બાપુ. સાધુ-સાધ્વીઓ પણ પાટણમાં ન આવે એટલાં માલાસણ આવે, કાં'કે કુંઅરબાઈની ખ્યાતિ સાંભળીને ખેંચાય. તેર-ચૌદ વરસની દીકરી, પણ ભલભલા સૂરિઓનેય ભૂ પાઈ દે તેવી ચર્ચા કરે. શાસ્ત્રો તો કડકડાટ મોઢે ચડી ગયાં. ન કોઈ દા'ડો આંબેલ-ઉપવાસ ચૂકે, ન કોઈ દા'ડો પૂજા પડવા દ્યે, ન કોઈ દન પડકમણામાં ગેરહાજર. ધરમગુરુઓ તો કાંડાં કરડે કે, કે'દી આ કુંઅરબાઈ દીક્ષા લ્યે! પણ દૈવે તો કાંઈક નોખું જ નિરમ્યું'તું ખરુંને, બાપુ, તે આસરાજ માલાસણમાં આવી ચડ્યા!''

''આસરાજ તો સોમમંત્રીનો દીકરોને?''

''હા, સોમમંત્રી મહારાજ સિદ્ધરાજના કારભારી હતા. તેના બાપ ચંડપ્રસાદ ને તેના બાપ ચંડ – એ બધા જ સોલંકીઓના પાટણના કારભારીઓ. પણ વેળા વેળાની છાંયડી છેના, બાપુ! પાંચ પેઢીની લક્ષ્મી પગ કરીને કોણ જાણે ક્યાં ચાલી ગઈ, આસરાજને પાટણમાં હાલવાચાલવા જેટલીયે સત્તા ન રહી ત્યારે જ માલાસણ આવીને રહ્યા.''

''એનીયે જુવાની હશે તે દન.''

''ફાટફાટ જુવાની, પણ ચીંથરેહાલ. ચીંથરાંમાંથી પણ તાલકું તેજ કરે. આવીને આભૂશેઠને જ ઘેર લેખક (વાણોતર) રહ્યા. બે-ત્રણ વરસ રહ્યા, પણ એની નજર તો ધરતીને જ જડેલી, હો બાપુ! એણે કોઈ દા'ડો ઊંચું જોયું નથી. મારે એની જોડે સારી પેઠ ઊઠબેઠ. પેઢીમાં બેઠાં હોય ત્યારે હુંય જઈને બેસું, પણ નથી કોઈ દન એણે મને શેઠ-શેઠાણીની વાત પૂછી, નથી એણે કુંઅરબાઈનું કાંઈ પૂછ્યું, નથી એણે પોતાનાં રોદણાં રોયાં. આભૂશેઠ કોઈ વાર ખિજાઈને બે અવળા બોલ કહે, અને મને દયા આવી જાય કે અરર! આ પાંચ પેઢીના કારભારીઓનું બચ્ચું આજ કેવાં વેણ વેઠે છે! તોય આસરાજ તો એવો ને એવો ગરવો. હું ખોટું નહીં કહું,

બાપુ! મારા પેટમાં કો'ક કો'ક વાર થતું, કે આભૂશેઠને આ જમાઈ જડ્યો હોત! આ જોડચ કેવી મળી જાય છે! આ બાઈનાં તે શાં પાપ કે જનમભરનો રંડાપો વેઠશે! એવું એવું મને વધુ તો એમ લાગવા માંડ્યું કે જેમ જેમ આ બાઈ ધરમમાં ઢળતી જાય છે ને વ્રત-ઉપવાસો કરે છે, તેમ તેમ એની તો જુવાની વધુ ખીલતી જાય છે. આટલા બધા તાપની એક દાઝ પણ એના મોં ઉપર પડતી નથી!"

"પણ આસરાજ ઉપર કુંઅરબાઈને કાંઈ મોહ ખરો કે, જેહુલ?"

"મોહ તો ખરો જ, બાપુ! નહોતાં કદી એકબીજાં ઊંચે સાદે બોલ્યાં, નહોતાં કદી એકાંતે ઊભેલાં, નહોતી કોઈ દન એકબીજાં સામે આંખો ફાટી રહેલી, તોપણ ગુપતગંગા બેય વચ્ચે વહેતી'તી એની ના નહીં પડાય, બાપુ!"

રાણા લવણપ્રસાદને હૈયે છૂપો નિઃશ્વાસ પડતો હતો. પોતાનું પ્રેમજગત સળગેલું હતું. સો સો સુંદરીઓ એના સ્નેહને આકર્ષવા ઉત્સુક હતી, પણ એ તપસ્વીએ ગુજરાતના પુનરુદ્ધાર ખાતર પ્રેમ-જીવનની વાટ બંધ કરી દીધી હતી.

જેહુલે વાત આગળ ચલાવી: "પછી બાપુ, એક દા'ડો માલાસણમાં શ્રાવકોના મોટા મહારાજ હરિભદરસૂરિનો પડાવ પડ્યો. બહુ પ્રતાપી પુરુષ. પે'લી જ વાર માલાસણ પધાર્યા. પહેલા જ દિવસનું વખાણ (વ્યાખ્યાન) બેઠું. આ એ વખાણમાંથી આસરાજ બહાર આવ્યા, તે જુઓ તો આગળનો આસરાજ જ નહીં! એની આંખોનો રંગ જ બદલી ગયો મેં દીઠો. એ શાંતિવાળો છાંટો જ ન મળે. આંખોમાં કાંઈક જાણે ઘૂંટાતું હતું. મોં પણ આકુળવ્યાકુળ થઈ ગયું. કુંઅરબાઈની સામે જોતાં પણ અચકાતો હતો એ જુવાન ટાંપી રહેવા લાગ્યો. ફરી ફરી મહારાજ હરિભદરસૂરિ પાસે જવા લાગ્યો. કોઈ ન હોય ત્યારે જઈ આવે, અને પછી ચકળવકળ નજરે જોતો. કોઈ કામમાં પણ જીવ ન પરોવી શકે. મને પણ 'જેહુલભાઈ! જેહુલભાઈ!' એમ કહીને બોલાવે, પણ 'શું છે ભાઈ?' એમ પૂછું તો કહે કે 'કાંઈ નથી'.

"ત્રીજે દહાડે મને કુંઅરબાઈએ હું સાંઢ્ય પાસે વાડામાં હતો ત્યાં આવીને પૂછ્યું, 'હેં જેહુલ! આસરાજ કેમ આમ કરે છે? કેમ ખાતા નથી? પૂછીએ તેનો જવાબ સીધો કેમ દેતા નથી? એને કાંઈ થયું છે? જેહુલ, એને તું કોઈ વાતે દુઃખી ન થવા દેતો.'

"મને બાઈના આ બોલથી હિંમત આવી, મેં આસરાજને હાથ પકડી પૂછ્યું, 'શું છે?'

"એણે મને આંખો ઘુમાવીને પૂછ્યું, 'જેહુલભાઈ, હિંમત છે?' મેં પૂછ્યું, 'શાની હિંમત?' એ કહે કે કુંઅરબાઈનાં હેરણાં હેરવાની. હું તો આભો જ બની ગયો. એણે કહ્યું કે બોલો જેહુલ, મારે એને લઈ જવી એમાં મીનમેખ થાય તેમ નથી.

"હું એનો મનસૂબો દેખીને મનમાં રાજી થયો. કુંઅરબાઈના જેવું જોબન રંડાપો વેઠતું હતું એ દેખી મારું દિલ કપાતું હતું. એને કોઈક દીક્ષા દેશે તેની મને બીક હતી. મને તો બાપુ, એમ જ થાતું કે આવી રૂપાળી ને ગુણવાળીને પેટ કેવા પાકે? જાતા આભને ટેકા દે એવા! એને ઉપાડવાનું બોલનારો મને વીર લાગ્યો. એમાંય આ તો ગરીબ વાણિયો વીર! મેં પણ હા પાડી. મારું ભલે ગમે તે થાઓ."

"પણ કુંઅરની ઇચ્છા હતી?"

"એ જ મેં કહ્યું, કે જોજે હો આસરાજ, જો બાઈનું દિલ નહીં હોયને, તો હું તને વગડામાં ઠાર મારીને પાછો લઈ આવીશ. આસરાજ કહે કે તું શું ઠાર મારતો'તો! હું જ જીભ કરડીને નહીં મરી જાઉં બાઈના ખોળામાં જ! પણ જેહુલ, બાઈ પાછી ફરે નહીં. મહારાજ હરિભદરસૂરિનો બોલ છે. એ તો વિધાતાનો બોલ! એણે બોલ ન કાઢ્યો હોત તો હું રાંક આસરાજ આ પગલું જ કેમ ભરત!"

"શો બોલ હતો મહારાજનો, હેં જેહુલ?" લવણપ્રસાદે પૂછ્યું.

"એની જાણ તો બાપુ, આસરાજે હેરણાંની રાતે કુંઅરબાઈને વગડામાં કરાવી ત્યારે જ મને પડી. મેં હવેલીની વાંસે વાડામાં સાંઢ્યને માથે ડેરો નાખીને ઊભી રાખી. અને મરદ આસરાજે હવેલીની મેડીએ જઈને કુંઅરબાઈને ઊંઘતી બે હાથમાં ઉપાડી. ઉપાડીને એ જ્યારે ગોખમાં આવી ઊભો હતો ત્યાર વેળાનું એનું રૂપ મને આજ પણ યાદ છે, બાપુ! હાથમાં સૂતેલી સુંદરી, અને એને માથે ઝળૂંબતું આસરાજનું મોં, ભાંગતી રાતના તારોડિયાનો પરકાશ આટલું જોવા માટે ઘણો બધો હતો.

"સીધો એ સાંઢ્યને માથે આવ્યો, ભરીભરી સ્ત્રીને એણે હળવાફૂલ જેવી ડેરામાં સુવાડી દીધી. પોતે ડેરાની પાછળ બેઠો, મેં આગળ સાંઢ્ય હંકારી મેલી. મારું હૈયું થડક થડક થાય. પણ કહ્યું કે ઠીક, મનવા! આવું કામ કરતે કરતે મરવુંય સાત જનમારા માણ્યા બરોબર છે."

લવણપ્રસાદ પોતાના સાંઢણીસવારની કાવ્યશક્તિ પર મલકાતો હતો. કહ્યું: "હાં, પછી?"

"પછી તો પરોઢવેળા કુંઅરબાઈએ પડખું ફેરવ્યું. જાગી ગઈ. બેબાકળી બનીને પૂછવા લાગી, 'કોણ છે? આ શું છે? મને કોણ લઈ જાય છે?'

"મેં જવાબ દીધો, 'બા, એ તો હું જેહુલ છું. તમેતમારે કશી ચિંતા કરશો મા, સૂતાં રહો.'

"'અરે રહ્યાં રહ્યાં સૂતાં! સૂવાનું કહેનારો તું કોણ? ઊભો રહે, હિચકારા.' એમ કહેતાંકને એણે પાછળથી ડેરાનો પડદો ઉઘાડી મારી બોચી પકડી અને હું મોં ફેરવીને એની સામે જોઉં તો એના હાથમાં વેંત જેવડી કટારી ચમકે! મેં કહ્યું

કે 'બા, નિર્દોષને શીદ મારો છો? તમારા સાચા ચોર તો પાછળ બેઠા છે!' એણે ત્રાડ પાડી, 'કોણ છે?' ત્યાં તો 'એ તો હું છું, દેવી!' એમ કહેતાકને આસરાજ આગળ આવ્યા અને બોલ્યા, 'મારવો હોય તો મને મારો'. બાઈ થંભી ગઈ. ને પછી ગુસ્સામાં બોલી, 'તમે! – તમે આ શું કર્યું, આસરાજ?'

"તેનો જવાબ આસરાજે વાળ્યો ત્યારે જ ખબર પડી કે મહારાજ હરિભદરસૂરિએ શું કહ્યું હતું. કહ્યું આસરાજે કે 'દેવી! ગુરુનો બોલ છે, ગુરુએ અપાસરામાં ચાલતે વખાણે તમારાં સામુદ્રિક ચિહ્નો જોયાં છે, ગુરુએ તમારું તાલકું વાંચીને ભાખ્યું છે કે રંડાપો તમારે રહેશે નહીં, તમે રત્નોની જનેતા બનવા સરજાયાં છો. વિશેષમાં ગુરુએ કહ્યું છે, કે તીર્થંકર પાર્શ્વનાથ પણ વિધવાને પરણ્યા હતા. મને ગુરુનો આદેશ મળ્યો છે. બસ, હવે તમારે કટાર ચલાવવી હોય તો આ રહી મારી છાતી.'

"કુંઅરબાઈ ઘડીક તો થંભી રહી. એણે કટાર પાછી વાડે કરી. એની આંખો ડળક ડળક થઈ. એણે આસરાજને પૂછ્યું, 'મને ક્યાં લઈ જવી છે?' આસરાજે કહ્યું કે 'ધરતી પર જ્યાં આપણે બે સંસાર માંડી શકીએ ત્યાં.' બાઈએ કહ્યું કે 'તો સાંઢ્ય પાછી મોકલો. આપણે બે હાલ્યાં જશું.'

"મને ત્યાંથી પાછો મોકલ્યો, બાપુ, ને એ બેય જણાં હાલી નીકળ્યાં. તે પછી આજ વીસ વરસે મેં કુંઅરબાઈને દેખ્યાં. આજની ઘડી ને કાલનો દી, બાપુ! પણ રૂપ તો એ-નું એ જ છે."

"સાચું, જેહુલ! રૂપ તો એનું એ જ. પણ હેં જેહુલ, શું આ એનાં માવતરની મરજી વિરુદ્ધ જ બન્યું હતું?"

"ના બાપુ. મા લાછલબાઈની આવી ઇચ્છા ખરી. બાઈ બહુ ડાહ્યું માણસ! દીકરીને રંડાપામાં સળગતી દેખી શકતાં નો'તાં. કહે છે કે આસરાજને આમ કરવામાં ખરચી આપનાર પણ લાછલબાઈ જ હતાં."

"તો ઠીક, તે વગર બને નહીં. તને પણ તે વગર પાછો રાખી લ્યે નહીં."

"એને બીક હતી, બાપુ – દીક્ષાની."

"પછી એ બેય જણાં તો દક્ષિણમાં છેક સોપારા જઈને રહ્યા'તાં ને, જેહુલ?"

"અરે બાપુ, એ બે જણાંએ તો જે વેઠ્યું છે તે કહ્યું જાય તેવું નથી. બાપના ઘરમાં ફૂલડાંમાં આળોટેલી એ કુંઅર આજ સુધી જીવતી જ કેમ રહી હશે એનું જ મને કૌતુક છે. હજીય જાણે એવું ને એવું માંજેલું મોં! કોણ કહે કે અગિયાર છોકરાંની મા હશે!"

"પ્રેમનું તો બળ જ ન્યારું છે ને, જેહુલ!"

"હા બાપુ, પ્રેમ તો પહાડોય તોડી નાખે છે. કુંઅરબાઈએ પણ ડુંગરા ને ડુંગરા ભેદી નાખ્યા છે. પણ બાપુ, રાજપૂતોના પ્રેમ સાંભળ્યા છે; બીજું, આયરો રબારીઓની પણ પ્રેમની વાતો ગવાય છે; હિંગતોળ વાણિયાનો પ્રેમ આ પહેલુકો જ સાંભળ્યો. એની નાતે તો તે વેળાએ મોટો હોળો સળગાવી મૂક્યો હતો, બાપુ! તેદુથી બે તડાં પડી ગયાં છે. એક તડું વખાણે છે, ને બીજું તડું બેટી-વહેવાર બંધ કરીને બેઠું છે. એક પક્ષ કહે કે સતી છે, બીજો ગાળો કાઢે છે."

"જેહુલ, તું જોજે તો ખરો, આગળ ઉપર એનાં ગાણાં ગવાશે."

પછી બન્ને ચુપ રહ્યા. સાંઢણી ડુંગરાળ મારગ પર આવી ગઈ હતી, અને લવણપ્રસાદ છૂપું છૂપું હસતો હતો: 'સાધુમહારાજેય ઠીક ચોગઠું ગોઠવી આપ્યું. સૂરિ શાણો તો ખરો! પેટમાં રતન પાકશે એવું ભાખીને ભેટાડી દીધાં બેયને! હા પણ દીક્ષા કરતાં આ શું ભૂંડું? બાકી રતન તો કેવાંક પાક્યાં છે તે તો મેં હમણાં જ માર્ગે જોયું! જાય છે ગગા પાટણ ભણવા. અરે રતન! કાંઈ રતન! જોને ગુજરાતમાં રતન ઊભરાણાં છે! પા'ણો ગોતો ત્યાં રતન હાથ પડે!'

## 4
# કલંક ને ગૌરવ

સહસ્રલિંગની પાળે સાંઢણી ઝોકારીને રાણો લવણપ્રસાદ જ્યારે કટુકેશ્વરના શિવાલયમાં દર્શન કરવા ચાલ્યો ત્યારે રાતનાં ચોઘડિયાં વાગવાની વેળા હતી. પણ અણહિલપુર પાટણ સૂમસામ હતું. કરોડપતિ શ્રેષ્ઠીઓની હવેલીઓ પર દીવાની જ્યોતિર્માળા દેખાતી નહોતી. સરોવરતીરનાં મંદિરોમાં પણ છૂપીચોરીથી દેવપૂજા પતાવાતી હોય તેવું લાગતું હતું. ફક્ત થોડાએક બટુકો સાથે રાજગુરુ કુમારદેવ ગુલેચા કટુકેશ્વરમાં આરતી ઉતારતા હતા. એનું મુખ નિસ્તેજ હતું. આરતીના દીવાઓ એના મોં પરના ખાડા અને કરચલીઓને વધુ સ્પષ્ટ કરી રહ્યા હતા.

લવણપ્રસાદે આરતીનો ધૂપ લઈને પૂછ્યું: "દેવ! આમ કેમ બધું સૂમસૂમાકાર છે? મહારાજના કાંઈ સમાચાર નથી શું?"

"મહારાજ ભીમદેવ તો ચાર દિવસ પર પરોઢિયે પાટણમાં આવી ગયા."

"શું કહો છો?" લવણપ્રસાદ આશ્ચર્ય પામ્યો, "હું આવીને ઉત્સવ કરવાનો હતો, મહારાજને વાજતેગાજતે નગરપ્રવેશ કરાવવો હતો, તે બધું..."

"મહારાજે કશો સમારંભ કરવાની ના પાડી."

"કેમ?"

"કહે કે માંડ માંડ સુરત્રાણનો સૂબો દિલ્હીમાં શાંત બેઠો છે તે પાછો ચિડાઈને ચડી આવે."

"એમ...!" લવણપ્રસાદની ખોપરી ગરમ થઈ, "કુતુબુદ્દીને શું મહારાજને પાટણ પાછું ભેટ કે દાનમાં દીધું છે? અમે તો લીધું છે અમારા બાહુબળે. ભુજાઓ તો ભાંગી છે મારા મેર યોદ્ધાઓની, ચંદ્રાવતીના પરમાર સુભટોની અને નાગોરના ભીલોની."

"એ બધાં સૈન્યોને પણ મહારાજે પાછાં ચાલ્યા જવા કહી દીધું."

"એમ! અને પટ્ટણી વણિકો ને શ્રાવકો બધા ક્યાં મરી ગયા છે, કે તેમણેય નગરમાં અંધારું ધબ રાખ્યું છે?"

"એ તો બધા પાછા જ ક્યાં આવ્યા છે? મ્લેચ્છોના કિલ્લેદારોએ પાટણનો

કબજો કરેલો ત્યારથી જ એ નાસી ગયા છે, રાણા! અડીખમ વાણિયો તો એકેય ઊભો જ નથી રહ્યો."

"ને ચોઘડિયાં, નોબતો, દેવની આરતી કેમ મૂંગાં મૂંગાં છે?"

"મહારાજે કાંઈ કરતાં કાંઈ જ હોહા કરવાની ના પાડી દીધી છે. કહે કે દિલ્હીનો સુરત્રાણ વળી પાછો ખિજાય."

"પોતે શું કરે છે? ક્યાં રહે છે?"

"બહાર નીકળતા જ નથી. દિવસે મહેલમાં ને રાત્રિએ ચંદ્રશાલા(અગાશી)માં જ પડ્યા રહે છે એમ વંઠકો કહે છે. સ્તંભતીર્થથી આરબ હકીમો ને મર્દન કરનારાઓ આવ્યા છે તેની પાસે શ્વેત કેશ પર કલપ લગાવરાવે છે ને ઔષધિઓ ખાય છે."

"શાની ઔષધિ?"

"શક્તિવર્ધનની."

"હા, દેવ! હા ક્ષત્રિય!" એક નિઃશ્વાસ નાખીને લવણપ્રસાદે રાજગુરુને કહ્યું, "ખેર! હવે જુઓ, દેવ, તમારી પાસે ભણનાર કોઈક નિશાળિયા ચાલ્યા આવે છે મંડલિકપુરથી."

"હા જી, મારો સોમેશ્વર કહેતો હતો કે ત્રણ શ્રાવક છોકરા આવનાર છે."

"પણ મેં એને માર્ગમાં ખૂબ ચીડવેલ છે. મને તો આ તમારા ભણતર અને સાહિત્યજ્ઞાન ઉપર મોટું મીંડું ચડી ગયું લાગે છે. મને તો સમજાતું નથી કે પાંચ પેઢીથી સોલંકી રાજાઓએ ચણાવેલાં ચણતર એક સૈકોય કેમ ટક્કર ન ઝીલી શક્યાં! આમ બધું ભરભર ભૂકો કેમ થઈ ગયું!"

"શંભુ સૌ સારાં વાનાં કરશે, રાણા!" વૃદ્ધ કુમારદેવના હાથ હજુ પણ સોનાની દેદીપ્યમાન આરતીનો અધમણ બોજ ઉપાડી રહ્યા હતા; પોતે કેવું શિક્ષણ આપવાના છે તેનો મૂંગો મર્મ દાખવતી એ સાઠ વર્ષના વૃદ્ધની દેહાકૃતિ વિદ્વત્તા અને વીરશ્રીનાં કિરણો કાઢતી હતી.

બહાર નીકળીને લવણપ્રસાદે ભીમેશ્વરપ્રાસાદનું ખંડિત શિખર જોયું એટલે યાદ આવ્યું કે આ પરદેશીઓ આવીને આસાનીથી ભાંગી ગયા છે.

"આ નાલેશીનો તો હવે ઉપાય કરો!"

"એ પણ મરામત કરવાની મહારાજે ના જણાવી છે. કહે કે સુરત્રાણનાં ભાંગેલાં મંદિરો હમણાં સમરાવશું તો પાછો એ કોપીને કટક ચલાવશે."

વધુ કંઈ બોલવાની શક્તિ ન રહી એટલે લવણપ્રસાદ મૂંગો મૂંગો, લજ્જિત થઈ, કોઈને મોં પણ ન બતાવતો, પાલખીમાં પુરાઈને રાજગઢમાં ચાલ્યો ગયો.

પ્રભાત પડ્યું ત્યારે લવણપ્રસાદે રાજગઢની અંદરની પોતાની હવેલીના ઊંચા

ઉતારા પરથી પાટણને ચારે કોર નિરાંતવી નજરે નિહાળ્યું. મંદિરોની એ નગરીમાં મંદિરો માથા વગરના મહાવીરોનાં ધડ જેવાં ઊભાં હતાં. કરોડપતિઓની હવેલીઓ પર લાખ લાખ દ્રમ્મની સંપત્તિ દીઠ અક્કેક ઊડતી એવી સેંકડો ધજાઓ ફરકતી નથી, ચોરાસી ચૌટાં ગાજતાં નથી. મહાભટો અને ભટરાજોની સવારીઓ નીકળતી નથી. છત્રપતિ ડંકાપતિઓનાં નગારાં મૂંગાં મરી રહેલ છે. ઊભરાતાં ચાલ્યાં છે ફક્ત જૈન યતિઓનાં, મુલાયમ વસ્ત્રે લહેરાતાં, વિલાસી તેલો વડે મઘમઘતા વાંકડિયા શિર-કેશવાળાં ટોળાં ઉપર ટોળાં. તેમના શોખને ને ઠાઠમાઠને થોભ નથી. એક ઠેકાણેથી બીજે ઠેકાણે આ ટોળાં હોકારા-પડકારા કરતાં વાદાવાદને માટે ઘૂમી રહેલ છે. અને રાજગઢમાં પણ તેઓ ઔષધિઓની પેટીઓ ઉપડાવી મહારાજ ભીમદેવના વૃદ્ધ દેહને નવા વિલાસોની વાસનાશક્તિથી સજાવવા દાખલ થઈ રહેલ છે. લોકો તેમનાથી ડરીને-તરીને દૂર ચાલતા હોય છે. પાણી ભરીને આવતી નગર-નારીઓને આ યતિઓની દૃષ્ટિઓના મંત્રપાશથી માથા પરથી બેડાં પડી જાય તેવી બીક લાગે છે.

લવણપ્રસાદ મહારાજના તેડાની વાટ જોઈ બગાસાં ખાતો ખાતો બેઠો હતો તે વખતે રાજગઢમાં એક પરદેશી પોશાક પહેરેલું ટોળું દાખલ થયું. આગળ ચાલનાર પચાસેક વર્ષનો પુરુષ હતો. એના પાની ઢળકતા કાળા જામા ઉપર જરકશી ભરેલી હતી. એનો પોશાક પરદેશી હતો. એનો દેહ અલમસ્ત હતો. ગરદન ટૂંકી ને કાન લાંબા હતા. ચરબીના થરો ચડેલા હતા. દેહ ટમેટાના રંગનો હતો. રાજગઢનો દરેક માણસ એને ઝૂકી ઝૂકી પરદેશી ઢબની સલામો ભરતો હતો. એ સલામોની સામે આ પરદેશીની ફક્ત આંખો જ હલતી; એથી વધુ સામો વિનય એ કરતો નહોતો.

એની પાછળ હારબંધ ગુલામોની ટુકડી હતી. ગુલામોના શિર પર હાથીદાંતની, સુખડની, સીસમની, એવી તરેહવાર નકશી કરેલી અક્કેક પેટી હતી. પેટીઓમાંથી જૂજવી-જૂજવી માદક સોડમે આખા રાજગઢને મઘમઘાવી દીધો.

સૌની પાછળ એક બંધ પરદાવાળી પાલખી આવતી હતી. પાલખીની કનાતો પર જરિયાનની અપરૂપ શોભા હતી.

"પધારો પધારો, સદીક શેઠ!" એમ કહેતા એક પુરુષે ઉપરથી ઊતરી ઝૂકી ઝૂકી અદબ કરી, "મહારાજ આપની જ રાહ જોતા બેઠા છે."

પાટણના એ ખુદ દંડનાયકને આ ખુશામત કરતો દેખી લવણપ્રસાદ વધુ ચિડાયો.

"મહેરબાની મહારાજની," એમ કહીને એ પરદેશી અતિથિએ પોતાને લેવા ઊતરેલા આ રાજપુરુષ પ્રત્યે પાછળ આવતા મ્યાના તરફ આંખ ફેરવીને ઇશારતથી

કાંઈક સૂચના માગી. તેનો સામો જવાબ પણ મૂંગી ઇશારત વડે જ મળ્યો. મ્યાનો એક બીજા માર્ગે થઈને રાજગઢના અંદરના ભાગમાં લઈ જવામાં આવ્યો અને વિદેશી પરોણાને એની પેટીઓના સરંજામ સહિત સીધી સીડીએથી ઉપર લઈ જવામાં આવ્યો.

જતાં જતાં એ સદીક નામે સંબોધાયેલ વિદેશીની ને નીચે બેઠેલા રાણા લવણપ્રસાદની ચાર આંખોનું મિલન થયું: સદીકની આંખોમાં સંશય અને તુચ્છકાર હતા, લવણપ્રસાદની આંખોમાં દેવતા હતો.

સદીકે ઉપર ચડતે પૂછ્યું: "એ કોણ?"

પાટણના દંડનાયકે કહ્યું: "કાંટો."

"પરવા નહીં. ચીપિયા ઘણા છે. નામ શું?"

"રાણા લવણપ્રસાદ."

"મુસ્લિમ કિલ્લેદારોને તોબાહ પોકરાવનાર એ ખુદ-બ-ખુદ?"

"હા, શેઠ."

"હં." એ ઉચ્ચાર ભેળા સદીકના બઠિયા કાન જરાક હલી ગયા.

એકાદ ઘટિકા વીત્યા બાદ એ પરોણો પાછો ઊતર્યો. લવણપ્રસાદને એણે હજુયે બેઠેલ દીઠો. એના મોં પર સખતાઈનાં ગૂંચળાં વળતાં હતાં.

જરાક આગળ નીકળી જઈને પછી સદીક શેઠ પાછો ફર્યો. એણે પાણી પાણી કરી નાખે એવા એક મધુર કાતિલ સ્મિત સાથે લવણપ્રસાદને કહ્યું: "આદાબ! જનાબ, આદાબ! મને લાગ્યું કે આપ કંઈક બીમાર છો. પેટમાં કાંઈ આંટી વળતી દેખાય છે."

લવણપ્રસાદ કાંઈ બોલે તે પહેલાં જ સદીકે કહી નાખ્યું: "પેટની આંટી પર અકસીર કામ કરે તેવી અજમાની દવા છે મારી પાસે. જનાબ ફરમાવે તો બંદો હકીમી કરવા હાજર છે. જુદાઈ ન જાણજો, બંદેનવાઝ!"

એમ બોલતો-બોલતો બેઉ હાથ ઝુકાવીને સલામો ભરતો એ આરબ પરોણો નીચે ઊતરી ચાલ્યો ગયો. છેક દેવડી સુધી જઈને એણે પાછળ એક નજર નાખી જોઈ. લવણપ્રસાદ તો સડક બનીને જ બેઠો હતો.

આખો દિવસ મહારાજ ભીમદેવે 'હમણાં બોલાવું છું, હમણાં તેડાવું છું' કહાવી વિતાવી દીધો. સાંજે ઘણીવાર બહાર બેસી રહ્યા પછી લવણપ્રસાદની વરધીને તેડું આવ્યું.

હીંડોળે હીંચકતા મહારાજાને લવણપ્રસાદ બે વર્ષે પહેલી વાર જોવા જતો હતો. સંવત 1250માં અણહિલવાડ ગરજન(ગિજની)ના શાહબુદ્દીન ઘોરીની સમશેર

તળે નીકળ્યું, ચૌહાણોના અજમેર-દિલ્હી અને રાઠોડોના કનોજની કતલોમાં શોણિત-પાન કરીને પછી ગુજરાત પર ત્રાટકેલી ઇસ્લામની તલવારને ભાળીને નાસેડું લેનારી ગુજરાતની ફોજનો આ સ્વામી ભીમદેવ બીજો, નાસી ગયો હતો. ક્યાં જઈ છુપાયો હતો, એ કોઈને ખબર નહોતી. લોકવાયકા હતી કે સ્તંભતીર્થના નગ્ન મૂર્તિઓના એક દેવળમાં એ પોતાનું જવાહિર લઈ જઈને દેવદાસીઓને હાથ વિલાસમાં ચકચૂર બન્યો હતો. આબુના જેતસી પરમારની યુવાન ઇચ્છનકુમારીને પરણવાની જીદ ખાતર પૃથ્વીરાજના બાપ સોમેશ્વરને મારનારો અને તે પછી પોતાના દેશનિકાલ કરેલ છ ભત્રીજાઓના ઝઘડાને ખાતર પૃથ્વીરાજની બાણ-પથારી પર પોતાના નવલખા યોદ્ધાઓને પોઢાડનારો ઘમંડી ભીમ સોલંકી આજે હવે ઘોરીના સૂબા મલેક કુતબુદ્દીનના પંજામાંથી લવણપ્રસાદ વગેરે રાજનિષ્ઠોએ મુક્ત કરેલ અણહિલવાડમાં ચુપકીદીથી રાત લઈને પેસી ગયો હતો.

લવણપ્રસાદ પગથિયાં ચડી રહ્યો હતો ત્યારે મેડી ઉપર કશીક ધમાલ સંભળાતી હતી. દાસદાસીઓ મહારાજ પાસેથી કશીક ચીજવસ્તુઓ દૂર કરવા દોડાદોડી મચાવતાં હતાં ને મહારાજનો પોતાનો પણ ઉગ્ર સ્વર આવતો હતો: 'ઓ મૂરખાઓ! જલદી કરો, જલદી ઉઠાવી જાઓ આ બધી સામગ્રી. તમારો બાપ કાળ જેવો હમણાં આવશે ને જોશે તો ધૂળ કાઢશે.'

લવણપ્રસાદને લાગ્યું કે મહારાજ પોતાનાથી શરમ અનુભવી રહેલ છે. પોતે ઉપર પહોંચ્યો ત્યારે મહારાજ શરીર પર વસ્ત્રો ઠીકઠાક કરતા હતા. એમના મોં ઉપર ઝાંખપ હતી. કોઈ દારૂડિયો પોતાનો નશો દૂર કરવાનાં ફાંફાં મારે તેમ ભીમદેવ પોતાની શિથિલતા ને દીનતા ઢાંકવા મથતો હતો.

એની તાજી કલપ દીધેલ દાઢીમૂછોમાંથી વિકાર ડોકિયાં કરતો હતો. સોલંકીઓના હાથના કાંડા પર જે કંકણ-કાવ્ય સદા ધારણ હતું, રાજશાસનના અને આત્મમંથનના ગંભીર ગહન પ્રસંગે જે કંકણ-કાવ્યનું મનન કરતાંકરતાં સોલંકીઓ શુદ્ધ વિચાર ભાવતા, સમસ્યાનો ઉકેલ શોધતા, આત્માને ખોજતા, તે કંકણ-કાવ્યે કોતરેલું કંકણ જ ભીમદેવના કાંડા પરથી દૂર થયેલું દીઠું.

ઉપર પહોંચું ને જોઉં કે તરત જ ધધડાવી નાખું એવો મનસૂબો લઈને લવણપ્રસાદ ગયો તો ખરો, પણ જતાંની વાર ભીમદેવનું મોં જોઈને એનો ગુસ્સો હોઠે આવેલો તે હૈયે પાછો ઊતરી ગયો.

"આવ, ભાઈ!" ભીમદેવના એટલા જ બોલમાં જિંદગીભરની કંગાલિયત સંભળાઈ, મહારાજનો વધુ તેજોવધ કરતાં એની હિંમત હાલી નહીં. એણે પગે લાગીને મહારાજની સામે પડેલી ગાદી પર વીરાસન વાળ્યું.

બેઉ વચ્ચે થોડો વખત તો બોલચાલ શરૂ જ ન થઈ શકી. ભીમદેવ પાંપણો નીચે ઢાળીને છૂપો છૂપો લવણપ્રસાદની મુખમુદ્રા તપાસતો હતો. એ મોં એણે છેલ્લું બે'ક વર્ષો પર જોયું હતું. પણ નિહાળીને જોયાં તો ચારેક વર્ષ ગયાં હતાં. એ મોં પર જખમોના ડાઘ હતા. એક ચીરો તો લમણા ઉપર હતો; દાઢીથી લઈને ડાબા કાન સુધીનો એક વ્રણ ટેભા લીધેલો હોય તેવો હતો. બેઉ ભુજાઓ પર ચાઠાં હતાં. ઉઘાડા દેખાતા એના દેહ પરથી જો આખી કાયાના હવાલની કલ્પના કરીએ તો અંગેઅંગ યુદ્ધમાં ડખોળાઈ ગયેલું લાગે.

છેલ્લો જોયેલો ત્યારે લવણપ્રસાદ આરાસણા ખાણની શિલામાંથી કોતરી કાઢેલી કોઈ સુંદર સુભટ પ્રતિમા સમો હતો. જેણે જેણે એની જુવાની જોઈ હતી, તેમને મન આજે એની કદરૂપતા કહી કે સહી ન જાય તેવી હતી.

એ કદરૂપતા ભીમદેવને પૂછતી હતી જાણે કે –

તારે પરણવી હતી આબુના જેતસી પરમારની ઇચ્છન, એ માટે તેં કેટકેટલી રજપૂતાણીઓના રૂપાળા ધણીઓને યુદ્ધમાં ઓરી જીવતા ભૂત કરાવ્યા, જાણે છે?

તેં કાઢી મૂક્યા હતા છ ભત્રીજાઓને, તેમણે લીધો હતો ચૌહાણની ચાકરીનો આશરો. દરબારમાં મહાભારત વંચાતું હતું ત્યારે એ છમાંના એકે માત્ર મૂછે તાવ દીધો, પૃથ્વીરાજના કાકા ચૌહાણ કન્હથી ગુજરાતી આશ્રિતોનું અભિમાન ન સહેવાયું, એણે મૂછોના વળ સોતું એ માથું વાઢી લીધું; ને તેમાંથી ચૌહાણોની સામે તેં હુતાશન ચેતાવ્યો – તેમાં આવા કેટલા હોમ્યા, ખબર છે? ઘેરથી તો જેમને કાઢી મૂકેલા, તેઓનો પારકે ઘેર ગર્વ સાચવવાની ગંડુ ઇજ્જત પર તું ગુજરાતને ખુવાર કરી બેઠો, તે જાણે છે?

ને પછી મૂર્છિત રાજપૂતીના મહાદેહ પર શાહબુદ્દીન ત્રાટક્યો ત્યારે તેં ભાગેડું લીધું ને તારી ગુજરાતનાં ગૌરવ તેં આને ભળાવ્યાં, જાણે છે?

કેટકેટલી લડાઈઓના ઝાટકાએ આ પૌરુષના રૂપને ટોચી નાખ્યું, યાદ આવે છે?

વધુ વાર ભીમદેવ ટટ્ટાર ન બેસી શક્યો. એની નસોને અતિભોગે તોડી નાખી હતી. એણે હીંડોળાખાટ પર શરીર લંબાવ્યું.

એણે પૂછ્યું, "તું સાજો નરવો છેને? હવે દોડાદોડી કરીશ મા, ભાઈ. એ તો આંહીં લખ્યા પ્રમાણે જ બન્યા કરશે." એમ કહેતે એણે લલાટ બતાવ્યું.

એ લલાટને છૂરીથી છોલી નાખવાનું લવણપ્રસાદને મન થયું, પણ કાંઈ બોલ્યા વગર પોતે બેઠો રહ્યો.

"મદનરાણી ને વીરધવલ ક્યાં છે?" ભીમદેવે લવણપ્રસાદનાં સ્ત્રી-બાળકના

ખબરઅંતર પૂછ્યા.

"મદન મરી ગઈ." લવણપ્રસાદે જવાબ દીધો.

"ક્યારે?"

"બે વર્ષ પર. ને વીરધવલ એક ઠેકાણે ઊછરે છે."

"હમણાં બહાર કાઢીશ મા. સુરત્રાણનો ભો જબરો છે."

"હું આપની રજા લેવા આવ્યો છું."

"ક્યાં જવું છે?"

"ધોળકે જઈને રહીશ."

"પછી આંહીંની ટંટાળ કોણ કરશે?"

"ટંટાળ તો હવે શી બાકી રહી છે?"

"કેમ?"

"મંડલેશ્વરો તમામ પોતપોતાનું દબાવીને બેસી ગયા છે. આટલાં વર્ષ એ કાંઈ આપણી વાટ જોઈ બેઠા રહે એવા મૂર્ખ થોડા જ છે!"

"મૂઆ! મરવા દેને, ભાઈ! જે છે તેટલું જ નિરાંતે ભોગવવા દેને! એ તો ઠીક, પણ લવણપ્રસાદ, તને ઝવેરાતનો કેવોક શોખ છે? સ્તંભતીર્થના આરબો અસલ ચીજ રાખે છે, હો!"

"હા, મહારાજ! મેં જોયું કે સ્તંભતીર્થનો આરબ વહાણવટી સદીક સવારે જ આપની સેવામાં આવી ગયો. અમારો ભેટો રાજગઢના ચોગાનમાં જ થયો. એણે મને કહ્યું કે પેટમાં દુખતું હોય તો મારી પાસે ઊંચી જાતના અજમા છે."

"એ વળી શું?"

"એમ કે ગુજરાતની લૂંટ કરવામાં હું એની વચ્ચે ન આવું તો મને એ ઝવેરાતથી શણગારવા તૈયાર છે."

"એને બહુ છેડવા જેવો નથી. સાચવી લેવા લાયક નંગ છે એ, હો રાણા!"

"પાટણના સર્વોપરી બારા સ્તંભતીર્થનો એ જલમંડપિકા (તરી માંડવી જકાત) અને સ્થલમંડપિકા (ખુશકી જકાત)નો કેટલાં વર્ષોથી ઇજારદાર છે ને રાજને શું આપે છે તે આપ જાણો છો?"

"કાંઈ જાણવાની જરૂર નથી, ભાઈ, જે આપતો હોય તે આપણું સમજને! અત્યારે એ આરબોને ને યવનોને સતાવવા જેવું નથી. દિલ્હીનો સુરત્રાણ ચિડાશે નાહકનો!"

"મહારાજ! મહારાજ!" લવણપ્રસાદની મૂછો શાહુડીનાં પિછોળિયાંની જેમ છમકાર કરતી ઊંચી થઈ રહી: "પાટણનો ધણી નથી બોલતો આ. ગુજરાતની

ભવિતવ્યતા બોલે છે. હોનહાર બહુ બૂરી ભાસે છે.''

''જો ભાઈ, લવણપ્રસાદ!'' ભીમદેવ પોતાના રત્ન-હીરાના શણગાર પર વૃદ્ધ હાથ ફેરવતા ફેરવતા બોલ્યા: ''તારે હજુ ઝાઝું જીવવું છે, ને હું હવે થોડીક વસંતનો મહેમાન છું. મને હવે ધરાઈને મોજ કરી લેવા દે. તને હું મારો સર્વાધિકારી નીમું છું. તારે ઠીક પડે તેમ પાટણને સાચવ અને નહીં તો મૂક પાટણને તડકે. તું તારે તારું ધોળકું જમાવ. બાકી હા, આ દિલ્હીના સુરત્રાણને ભલો થઈને છેડતો ના ને સ્તંભતીર્થના સદીકની ઇતરાજી વહોરતો ના. આ તૂટેલાં દેરાંને હમણાં દુરસ્ત કરવાની કાંઈ જરૂર નથી.''

''પણ સૈન્ય જેવી કોઈ ચીજ રહી નહીં તેનું શું, મહારાજ? આપે તો મેરોને ને નાગોરના ભીલોને રજા દઈ દીધી.''

''બાપુ, હમણાં સૈન્યનો ઠઠારો કરવા જેવું નથી. યવન હજી માંડ પાછો ગયો છે ત્યાં વળી પાછું એને તેડું શીદ કરવું?''

એટલું બોલતાં ભીમદેવને હાંફ ચડી ગઈ, એણે વંઠકને બૂમ પાડી, ''અલ્યા, પેલો આસવ કટોરી ભરીને લાવજે તો – પેલો, સદીક શેઠ દઈ ગયા તે ગુલાબી આસવ.''

''લેને, લવણપ્રસાદ! તું પણ થોડોક લેતો જાને! તારે કાંઈ દોડાદોડ ઓછી છે? મેં કરી લીધી. હવે તું કર. પણ થાકી જઈશ, લેતો રહેને આ અંજલિ અંજલિ –'' એમ કહેતે કહેતે મહારાજની આંખ ફાંગી થઈ. એણે ફરી વાર પાછા પૂછ્યું: ''ત્યાં ધોળકામાં તારો પરિવાર તો મજા કરે છેને? આમ સુકાઈ કેમ ગયો છે, હેં?''

''પરિવાર નથી.''

''ત્યારે શું એકલો છે?''

''મેં આપને એક વાર ન કહ્યું કે મદન તો મરી ગઈ!''

''હા, હા, પણ દુનિયાની બીજી બધી જ બૈરીઓ કંઈ થોડી મરી ગઈ છે, ગાંડા!''

રાણો કઠોર મુખ કરીને ચૂપ બેસી રહ્યો.

''વીરધવલ કેવડોક છે?''

''દસેક વરસનો.''

''એ ઠીક છે. હમણાં એને ગુપ્ત જ રાખજે, કારણ કે અત્યારે કોઈનું કાંઈ કહેવાય છે, બાપા! સુરત્રાણનાં ઘોડાં ફરી પાછાં ઊતરે તો ના પડાય છે? પણ આમ જો. મારા પછી તું – ને તારા પછી વીરધવલ. પાટણના ગાદીવારસ તમે બેઉ છો, હો! હું આજે જ આદેશ કઢાવું છું.''

"અમારે ગાદી ન ખપે, મહારાજ! અમે તો પાટણના સેવકો છીએ ને સેવકો જ રહેશું."

"ગાંડો થઈ ગયો! હું ભીમદેવ સોલંકી – હું ગુજરાતનો સ્વામી, હું મારું સિંહાસન ચાય તેને દેવા સમર્થ છું. એમ કાંઈ તું મને મરેલો કે મુડદાલ ન માનીશ. એમ તો મેં ચૌહાણોને જેર કર્યાં'તા, પરમારને ઠમઠોર્યો'તો, તારું નામ લેનાર કોણ છે બેટીનો બાપ? આવે તો ખરો કોઈ ચૌહાણ મારી સામે!"

લવણપ્રસાદને લાગ્યું કે મહારાજના છલોછલ મિથ્યાભિમાનમાં સુરાની ગુલાબી પ્યાલીએ વધુ બહેકાટ ઉભરાવ્યો છે. 'જોશું કાલે' એમ કહીને એણે રજા લીધી.

રાજગઢની બહાર નીકળતાં નીકળતાં એણે નવી વેદના અનુભવી. એણે ગુજરાતનો ધ્વંસ સર્વ પ્રકારે જોયો હતો: ભાંગેલાં મંદિરો, ઉજ્જડ બનેલી હવેલીઓ, વેરાન થઈ પડેલી પાઠશાળાઓ, સૂનકાર સહસ્રલિંગ, વિષાદમાં ગરક પ્રજા, વિનષ્ટ થયેલું વાણિજ્ય, વેરાઈ ગયેલું સૈન્ય અને વીફરી બેઠેલા મંડળિકો; પણ એ સર્વ વિનાશ જે પોતે હમણાં જ જોઈને પાછો વળ્યો તે મહાધ્વંસના હિસાબે કોઈ વિસાતમાં નહોતો. એ મહાધ્વંસ અણહિલપુર પાટણના રાજાધિરાજ ભીમદેવના આત્મશૃંગોનો હતો.

રાજગઢમાં લવણપ્રસાદે નીંદર વગર પથારીમાં પાસાં ફેરવવા માંડ્યાં. આખરે પાંસળીઓ બળવા લાગી ને પોતે રહી ન શક્યો. વિલાસી રાજભોગની એકેક સામગ્રી જોઈ જોઈ એ આકુળ બન્યો. રાજગઢ છોડીને એ ફરી વાર સહસ્રલિંગને કાંઠે કુલગુરુ કુમારદેવની પાસે આવ્યો.

"નહીં, દેવ," એણે ગાદલું કઢાવવા જતા કુમારદેવને અટકાવ્યા: "મૃગચર્મ જ બિછાવો; તમારી પથારીની બાજુએ જ સૂવું છે."

"પેલા છોકરા મંડલિકપુરથી આવી ગયા કે નહીં?" એણે મૃગચર્મ પર બેઠે બેઠે પૂછ્યું, "મારું હૈયું બળે છે. મેં એ બાપડા વિધવાના પુત્રોને ચીડવ્યા છે. ક્યાંઈક પાછા ન ફરી ગયા હોય! હું મથીમથીને થાકું છું, દેવ, પણ ખોપરી સાવ ટાઢી તો થતી જ નથી."

"એ છોકરા હજુ તો ક્યાંથી પહોંચે?"

"દેવ," લવણપ્રસાદે હતા તેટલા ઊભરા ઠાલવીને કહ્યું, "હવે તો કોણ જાણે કેટલાં વર્ષ મારું સ્વપ્ન પાછું ઠેલાયું."

"રાણાજી," કુમારદેવનો સ્વર આશાના ઘોષ પાડી રહ્યો: "ધરતી કદી વાંઝણી નહીં રહે. કોઈક આ ટીંબાને જગાડનાર આવી પહોંચશે. પાંચ-પંદર વર્ષ

મોડું ભલે થાય, પણ ગુજરાતને ફરી બેઠી કરે એવો કોઈ ઉત્તરાધિકારી આવી પહોંચશે. પણ મારી નજર તો એમ પહોંચે છે બાપા, કે કોઈક કુંવારી ધરતી ગોતીએ; આ તો હવે રંડાપો પામી છે.''

''મહારાજના બોલ પણ એવા જ હતા. એ કહે કે તું તારે ધોળકે જઈ જે કરવું હોય તે કર.''

કુમારદેવે કહ્યું: ''બસ ત્યારે, મારા બાપ! સોલંકીનો દીકરો એટલો સમજણો તો ખરો. ધોળકાની પૃથ્વીનો જુગદેવ જાગ્યો સમજો.''

''પણ આ પાટણ કોને ભળાવું?''

''તમારે ભળાવવા જવું નહીં પડે. ધરતી પોતે જ પોતાના યુગપ્રવર્તકને સાદ કરી તેડાવી લેશે. એનો અવાજ જેને કાને પડશે એ કોઈના ઝાલ્યા નહીં રહે. પૃથ્વીને સીમાડેથી પણ આવી પહોંચશે.''

''પણ ધોળકું – એક ક્ષુદ્ર ટીંબો! વેરાનનો કાંઠો! એને માથે શું થઈ શકે, દેવ, મારી તો કલ્પના કામ કરતી નથી.''

''કલ્પનાની વાત છોડી દો, રાણા! પણ નિશ્ચયની મેખ મારો. મસાણોય સજીવન થાય છે, તો ચંદના નદીના કાંઠાને માથે મારા શંભુની મહેર ઊતરતાં શી વાર? કુંવારી ધરતીને તો મંડળેશ્વર, ત્રણનું જ કામ છે: એક ક્ષત્રિય, બ્રાહ્મણ ને એક વાણિયો.''

''એ ત્રણના મેળ કોણ મેળવશે, ગુરુ?''

''મેળવશે ત્રિલોકનો નાથ મારો ભોળો રુદ્ર. આપણે તો શું, એ જ પોતાનું નવું બેસણું શોધતો હશે. વાટ જુઓ રાણા, ઉત્તરાધિકારીની વાટ જુઓ. વાટ જોવી એને પણ પ્રયાણનું પગલું જ સમજો, વાઘેલરાજ.''

''... મારો વીરધ...વ...લ –''

એવાં તૂટક વાક્યોને ભાવિની વાણીના દોરમાં મોતીરૂપે પરોવતી લવણપ્રસાદની તંદ્રા કુમારદેવની કેટલીક વાતો પછી ગાઢ નિદ્રાની નાવડીમાં ચડી બેઠી.

5

# ગુરુ અને શિષ્યો

રાજગુરુ કુમારદેવનો સોળ વર્ષનો દીકરો સોમેશ્વર ત્રણ દિવસથી રોજ મધ્યાહ્નને મંડલિકપુરને માર્ગે બબ્બે ગાઉને પલ્લે જઈ વાટ જોતો ઊભો રહેતો. રોજ અરધી રાત સુધી સુરભિ ગાયનું દૂધ તાંબડી ભરીને ગરમ કરી સાચવી રાખતો. ત્રણ છોકરા પિતાની પાઠશાળામાં ભણવા આવનાર હતા. નજરે તો કદી દેખ્યા નહોતા. પણ પિતાજી ઉપરનો પત્ર વાંચ્યો હતો. ન દીઠેલા ને ન જાણેલા છોકરાઓ પ્રત્યે સોમેશ્વરના આ કુદરતી પ્રેમનું એક કારણ એ હતું કે એ ત્રણેય એક વિધવા માતાના ગરીબ પુત્રો હતા. પિતાજી ઉપર પત્ર લખનારી પણ એ વિધવા માતા જ હતી. ગામડા ગામમાં રહેનારી એ ગરીબ શ્રાવિકાના અક્ષરો કેવા રૂપાળા હતા! માતા વગરનો સોમેશ્વર આવી એક માતાના અણદીઠા સ્વરૂપની વિધવિધ કલ્પના કરી રહ્યો.

ત્રણેય જણાને માટે બેસવાની માટીની બેઠકો એણે પાઠશાળામાં અને વેદિની આસપાસ કેટલાય દિવસથી લીંપી રાખી હતી. ત્રણેય માટેની મગદળની છ જોડ તેલથી મર્દીને મૂકી રાખી હતી.

ચોથે દિવસે કાફલો આવી પહોંચ્યો. ટારડા ટટ્ટુ ઉપર બેવડ વળીને બેઠેલા મોટેરા લુણિગની ખાંસી દૂરથી સંભળાઈ. નાના બે ભાઈઓનાં ધૂળભર્યાં મોઢાં દેખાયાં.

કુમારદેવ પોતે બહાર આવીને ઊભા હતા. તેણે લુણિગને ટટ્ટુ પરથી તેડીને ઉતાર્યો. લુણિગની હાંફણમાં છાતીની કાંચકી ગાજતી હતી. લથડિયાં લેતો એ ગુરુજીને ચરણે પડ્યો.

"તું, ભાઈ, માંદો માંદો કેમ આવી કપરી મુસાફરી કરીને આવ્યો?" ગુરુ કુમારદેવને દયા આવી.

"બાએ બહુ વાર્યો," વસ્તિગે જવાબ દીધો, "પણ એ માને જ શાનો?"

"તમારાં બા કુશળ છેને?"

"હા. આપને પ્રણામ કહાવ્યા છે."

ત્રણેય ભાઈઓ લીંપેલી બેઠકો પર સ્વસ્થ થયા ન થયા ત્યાં તો સોમેશ્વરે તેમને વધાઈ દીધીઃ "સરસ્વતીમાં મેં એક નવીન જ પાણી-પાટ શોધી રાખી છે. એનું નામ હજુ કોઈએ નથી પાડ્યું. મેં નક્કી કરી રાખ્યું છે."

"શું?"

"કુંઅર-પાટ!"

"શા પરથી?"

"તમારી બાના નામ પરથી."

બેઉ ભાઈઓની આંખો સામસામી થઈ. વસ્તિગે પૂછ્યું, "તમે જોયાં છે અમારી બાને? મળ્યા છો?"

"ના, પણ કલ્પી તો લીધાં જ છે."

"શા પરથી?"

"એમના કાગળ પરથી; ને જે બાકી હતું તે તમારા મોં પરથી." એણે વસ્તિગનો ચહેરો ચીંધાડ્યો.

"સાચું," તેજિગે કહ્યું, "વસ્તિગ બા પર ઊતર્યો છે ને હું મારા બાપુ પર."

"તમારાં બાનો સ્વભાવ શાંત અને ગંભીર હશે, ખરું? એટલે જ કુંઅર-પાટનું પાણી શાંત અને ઊંડું છે, એટલું જ પાછું સ્વચ્છ છે."

આવા આવા ઉદ્‌ગારો વડે સોમેશ્વર બેઉ નાના વણિકપુત્રોનો વહાલસોયો બન્યો. અને પોતાની જનેતાની નામધારી નદી-પાટમાં નહાવા જવાની ઇચ્છા બન્નેના અંતરમાં જાગી ઊઠી. ધૂબકા મારી મારીને ઊંચી ભેખડો પરથી તેમણે ખાબકી-ખાબકી એ પાણીમાં દેગડીઓ ચડાવી.

"માના હૈયામાં પણ હેતની આવી જ દેગ ચડે છે," વસ્તિગ નહાતો નહાતો બોલે છેઃ "જુઓ, હું જાણે માને ખોળે પડ્યો છું. મા મને અધ્ધર તરાવી રહી છે." એણે પાણી પર ચત્તા સૂતે સૂતે કહ્યું: "ને જુઓ તો!" એણે ડૂબકી મારી તળિયેથી તાગ લાવી, મૂઠી ઉઘાડીને ચકચકિત રેતી દેખાડતે દેખાડતે કહ્યું, "માનું હૃદય-તલ અદલ આવું જ ચોખ્ખું ને ચકચકિત છે."

"વસ્તિગ તો મોટા કવિ થશે." સોમેશ્વર બોલી ઊઠ્યો.

"એકલા કવિ થવામાં શો આનંદ છે?" વસ્તિગે કોગળા ઉડાડતાં કહ્યું.

"ત્યારે?"

"મને તો થાય છે કે હું અનેક કવિઓને દેશપરદેશથી આંહીં તેડાવું ને તેમને ઇનામો આપું."

"તારી સ્તુતિ કરવાનાં?" તેજિગે ટોણો માર્યો.

"નહીં."

"ત્યારે શું મૃગાક્ષી-મીનાક્ષીઓનાં વર્ણન કરવાનાં? પેલા ક્ષત્રિયે કહેલું તે યાદ છે ને?"

"યાદ છે. એણે આપણને વખતસર ચેતાવી દીધા છે."

"હું તો એને મારી પાડત." તેજિગનો સ્વર તપ્યો.

"કેમ? કોણ હતું?" સોમેશ્વરે પૂછ્યું.

"હતો કોઈક કાબરચીતરી દાઢીવાળો ને શણગારેલી સાંઢણી પર બેઠેલો બિહામણો બોલકણો ક્ષત્રિય. અમારી ઠઠ્ઠા કરતોકરતો ચાલ્યો ગયો."

"ત્યારે તો એ જ રાણા લવણપ્રસાદ: એ તો ધોળકાના મંડળેશ્વર: પિતાજીના તો એ ગાઢ મિત્ર છે. તમને ખીજવ્યાની વાત એણે જ પિતાજીને કરેલી. આપણી એકની એક પાઠશાળા ચાલે છે તે પણ તેના જ પ્રતાપે."

"પાઠશાળામાં એ આવે છે?" તેજિગે કંટાળાભેર પૂછ્યું.

"હા! વારંવાર."

"ત્યારે તો માર્યા!" તેજિગ ખસિયાણો પડ્યો, "મેં પથ્થર ઉપાડેલો તે એણે તો જોયો હતો. ક્ષત્રિય છે એટલે ડંખીલો જ હશે."

"ના રે ના!" સોમેશ્વરે ખાતરી આપી, "લવણપ્રસાદબાપુ તો ખોળામાં ચડીને એની દાઢીના વાળ ખેંચીએ તોયે વહાલ કરે એવા ગરવા છે. આંહીંના સર્વાધિકારી નિમાવાના છે, પણ પિતાજીને એ કહેતા હતા કે આંહીં પાટણનો પુનરુદ્ધાર કોઈરીતે થઈ શકે તેમ નથી, એટલે એ તો સૌને કહે છે કે ચાલો ધોળકું જમાવો. બાપુને પણ પાઠશાળા ધોળકે ફેરવવા કહે છે, પણ બાપુને પાટણ છોડવું અસહ્ય છે. બાપુ તો કહે છે કે હું મનુષ્ય નથી, વૃક્ષ છું. ભૂમિનો સ્થાનબદલો કરી શકું નહીં. આંહીં જ સુકાઈશ ને આંહીં જ સમાઈશ. પણ મંડળેશ્વરે મારી માગણી કરી છે. મોટો થઈને હું ધોળકે જઈશ."

"ત્યાં કોની પાસે?"

"મંડળેશ્વરને એક દીકરો છે. છુપાવીને રાખેલ છે. એ મોટો થઈ ધોળકાનો રાણો નિમાશે ત્યારે મારે એના રાજગુરુ બનવાનું છે."

"ચાલો હવે, બહાર નીકળીએ." તેજિગના મોં પર એ બોલતી વેળા ચિંતા હતી.

"બાના ખોળા જેવા જળમાંથી મને તો બહાર જ નીકળવું ગમતું નથી." વસ્તિગ બોલ્યો.

આવી વાતો કરતા કરતા, સરસ્વતીમાં નહાઈ કરી ત્રણેય પાછા વળ્યા, ત્યારે

આશ્રમની નજીક લુણિગની ખાંસીનાં ઉપરાઉપરી જોશભર્યાં ઠસકાં સંભળાયાં. ત્રણેય જણા દોડી જઈને જુએ છે તો લુણિગ પોતાને માથે અને પોતાની બગલમાં, એ ચોમેર પડેલાં ખંડિયેરમાંથી ખંડિત મૂર્તિઓના પથ્થરો ઉપાડીઉપાડી ઠેબાં ખાતોખાતો ગોઠવતો હતો.

"તમે આ શું કરો છો, ભાઈ!" વસ્તિગે ઠપકો દીધો, "છાનામાના સૂઈ રહેવાને બદલે..."

"જુઓ... તો... ખર... રા." ઉધરસના બળખા થૂંકતો લુણિગ સમજાવવા લાગ્યો: "આવી સુંદર કોતરણી... રઝળી... રહી છે, આમ તો જુઓ, આ દેવપ્રતિમાનાં કોઈએ... ક્રૂરે... નાક... કાન જ છેદી... નાખ્યાં... છે."

"મ્લેચ્છોએ." સોમેશ્વર બોલ્યો.

"બહુ થયું, લો ચાલો!" વસ્તિગે એના હાથમાંથી ને માથા પરથી ખંડિત પથ્થરો ઉપાડી લઈને કહ્યું, "એ બધું જ હું ઠીક કરી આપીશ. તમે ભલા થઈને સૂઈ રહો."

મહામહેનતે તેમણે લુણિગને બિછાને સુવરાવ્યો. એ બિછાનું કાયમનું બન્યું. લુણિગે ત્યાં પડ્યાં-પડ્યાં આગળના ચોગાનમાં ઝાડની છાંયડી નીચે મધપૂડાના ગણગણાટ જેવો મહારવ સાંભળ્યો.

ગુરુ કુમારદેવની પાઠશાળા ચાલી રહી હતી.

વેદનાગ્રસ્ત લુણિગે એકલા પડ્યાપડ્યા રડી લીધું. અભ્યાસમાં જોડાવાની આશા એણે સદાને માટે ગુમાવી.

એકાએક એની નજર બારીની બહાર ગઈ. ખંડિયેરો, વનો, જંગલો અને સરસ્વતીના તીરને પાર કરતી ચાલી જતી એ નજરે ક્ષિતિજ ઉપર કાજળઘેરા એક પર્વતને સ્પર્શ કર્યો. પહાડ ઓળખાયો. એ તો આબુરાજ હતો.

ગુજરાતની સીમાદોરી ઉપર ઊભેલો એ જોગંદર ગિરિરાજ લુણિગની નજીકનજીક – છેક હૃદયના દ્વારે આવીને થંભ્યો. બાળપણનાં સંભારણાં એના અંતરમાં રમતાં થયાં. એક વાર માતાપિતાની સાથે આબુની યાત્રા કરી હતી. એની નાનકડી આંખોએ વિમલ-વસહીનું જિનમંદિર જોયું હતું. જોયું ત્યારથી જ એના મનમાં કોડ જન્મ્યો હતો. પણ એ ગુપ્ત મનોરથની વાત એણે આજ સુધી કોઈને કહી નહોતી. માબાપની ગરીબીએ એની જીભને તાળું લગાવ્યું હતું. આબુના ધ્યાનમાં દિવસે દિવસે ઊંડું ઊતરતું એનું હૃદય એકતાર બન્યું.

બે-ત્રણ દિવસ થયા. વસ્તિગ ને તેજિગ સંસ્કૃત કાવ્ય, વ્યાકરણના અને રાજનીતિશાસ્ત્રના ઊંચા અભ્યાસમાં તલ્લીન બન્યા. સોમેશ્વર એમનો ચોથો ભાઈ

બની રહ્યો. પણ એક બાબતમાં બેઉ ભાઈઓ જુદા બેસી કાંઈક ગુસપુસ ગુસપુસ કર્યા કરતા હોય એવી સોમેશ્વરને શંકા પડી. એણે પિતાજીને કહ્યું કે કોઈક છૂપી વાત બેઉ ભાઈઓને સતાવી રહી જણાય છે.

છૂપીરીતે એ વાત પોતે પકડી હોય કે પછી અનુમાન કર્યું હોય, પણ ગુરુ કુમારદેવે તેમને એકાંતે લઈ જઈ એક દિવસ કહ્યું: "મેં દોષ કર્યો છે. એક વાત કહેતાં હું ચૂકી ગયો છું. તમારે બેઉ ભાઈઓએ દરરોજ તમારાં માતાપિતાના ઇષ્ટદેવને વંદના કરવા દેરે જઈ આવવું જોઈએ."

બેઉ ભાઈઓ સામસામે જોઈ સહેજ હસ્યા ને પછી વસ્તિગે કહ્યું: "માએ તો એ ભલામણ કરી હતી પણ અમે સંકોચાતા હતા."

"શા માટે?"

"આપને ગમે કે..."

"બચ્ચાઓ મારા!" કુમારદેવે બેઉને ખોળા નજીક ખેંચીને મૃદુ સ્વરે કહ્યું, "મને જો ન ગમે તો મારું બ્રાહ્મણપણું શું? તમને સ્વધર્મી મટાડીને હું પરધર્મી કરવા કેમ ઇચ્છું? તમે સમભાવી બનો, ને કોઈક દિવસ ભવિષ્યમાં, ગુજરાતની ભૂમિને આ ધાર્મિક વૈરબુદ્ધિમાંથી બહાર કાઢો, એ જ મારી તો અભિલાષા છે. સર્વ નદીઓ એક જ સાગરમાં ઠલવાય છે, સર્વ ધર્મો એક જ ઈશ્વરમાં લય થાય છે. સર્વ માર્ગો ગુજરાતના પુનરુદ્ધારની ટોચે લઈ જાઓ! સર્વ વ્યક્તિગત સિદ્ધિઓનો ફૂલહાર ગૂંથાઓ અને મા ગુજરાતને કંઠે આરોપાઓ!"

બોલતે બોલતે ગુરુજી જાણે કોઈ મહાસ્તવનમાં ઊતરી ગયા. એનાં નેત્રો મીંચાઈ ગયાં. એનો કંઠ વધુ ને વધુ ઘેરો બનતો ચાલ્યો. એ વૃદ્ધ શિવભક્તના વદન પર વસ્તિગે ને તેજિગે ઓજસ્વતી કોઈ ભવિષ્યવાણી એક સુંદર સ્વપ્ન આલેખતી નિહાળી. પોથીનાં પાનાંમાંથી નહોતું મળતું તે જાણે બેઉને ગુરુદેવના આ શબ્દોમાંથી સાંપડ્યું. તે દિવસથી એમને બેઉને અભ્યાસમાં નવદર્શન થવા લાગ્યું.

## 6
# મહાપાપનું પ્રાયશ્ચિત્ત

**વ**ળતે દિવસે પાટણના શ્રાવકો અને બ્રાહ્મણોએ એક આશ્ચર્ય અનુભવ્યું. રાજગુરુ કુમારદેવ બે શિષ્યોને અને ત્રીજા, પોતાના પુત્રને લઈને એક જૈન ઉપાશ્રયને દ્વારે ચડતા હતા.

કુમારપાળ અને હેમચંદ્રનો જમાનો સોનેરી સોણલાની જેમ ઊડી ગયો હતો. અને વચગાળાના સમયમાં શૈવો અને શ્રાવકો વચ્ચે અંતર વધી ગયું હતું. રાજા અજયપાળે અને ભીમદેવે આણેલી પાટણની અવદશા માટે જૈનો બ્રાહ્મણોને અને બ્રાહ્મણો જૈનોને અપરાધી ગણી રહ્યા હતા. हस्तिना ताड्मयमानोऽपि न गच्छेत् जिनमन्दिरम्વાળો જમાનો ફરી શરૂ થયો હતો. એકબીજાનાં ધર્મસ્થાનકોમાં કોઈ ડોકાતા પણ ન હતા. તેવા કપરા કાળમાં કટુકેશ્વરપ્રાસાદનો શૈવ પૂજારી રાજપુરોહિત જૈન સાધુના અપાસરામાં કેમ પ્રવેશતો હશે? ઉપાશ્રયની અંદર અને બહાર ટોળું જમા થતું હતું.

કમ્મર સુધીના ઉઘાડા દેહ ઉપર ઝૂલતી જનોઈએ અને છાતીને ઢાંકતી શ્વેત દાઢીએ ચાખડી પટપટાવતા વૃદ્ધ બ્રાહ્મણ વિદ્વાન શું કોઈ શાસ્ત્રવાદ પડકારવા મુનિશ્રીહરિભદ્રસૂરિની પાસે જઈ રહ્યા હતા? હરિભદ્રસૂરિ તો માંદગીમાં ઘેરાઈને પડ્યા હતા. પ્રખર શિષ્ય વિજયસેનસૂરિ મરતા ગુરુની સેવામાં છેલ્લાં પંદરેક વર્ષથી રોકાયા હતા.

કુમારદેવને અંદર આવતા દેખી યુવાન શિષ્ય વિજયસેનસૂરિ પણ હેબતાયા અને માંદગીમાં પડેલા વૃદ્ધ હરિભદ્રસૂરિએ પણ ક્ષોભ અનુભવ્યો.

કુમારદેવે હાથ જોડીને સૂરિજીને શાતા પૂછી; ત્રણેય બાળકોને આગળ કરીને વંદના કરાવી.

શિષ્યોના ને શ્રાવકોના મોટા જૂથ વચ્ચે વીંટળાઈને વૃદ્ધ હરિભદ્રસૂરિ સૂતા હતા. તેમણે અમીભરી દૃષ્ટિથી કુમારદેવને સન્માન્યા અને પાસે આસન બતાવ્યું.

"આમને ઓળખ્યા આપે?" કુમારદેવે બે બાળકો દેખાડીને સૂરિજીને પૂછ્યું.

બન્ને તરફ સૂરિજીની ઝાંખી આંખો ફરી. અણસાર અને રેખાઓ જૂના કાળની

પરિચિત લાગી. એમણે છોકરાઓ પ્રત્યે અકળ એક આકર્ષણ અનુભવ્યું, પણ બોલ્યા: "હૈયું હવે ફૂટી ગયું, ક્યાંય જોયા સાંભરતા નથી."

"આપે તો એમને એમના જન્મથી પણ પહેલાં જાણેલા છે, સૂરિજી!" કુમારદેવે ગુજરાતમાં ચલણી બનેલા એક બનાવની યાદ આપી.

સૂરિજી કાંઈ સમજી ન શક્યા.

"આપના ભાખેલા ભાવિનાં આ બેઉ ફળો છે, રત્નકુક્ષી વિધવાના જાયા."

"કુંઅરબાઈના ને આસરાજના? અહો! આવડી બધી વાત ભૂલી જવાઈ!" કહીને સૂરિજીએ ઘડીભર આંખો બીડી. વર્ષો પૂર્વે માલાસણ ગામના અપાસરાનું એક પ્રભાત તરવર્યું. શિષ્ય વ્યાખ્યાન વાંચે છે, અને પોતે પાસે બેઠાબેઠા એ શ્રોતાજનોને મોખરે બેઠેલી એક સુંદર સુકુમાર કુલીન યુવતીનાં સામુદ્રિક ચિહ્નો ઉકેલી ઉકેલી આનંદ પામે છે. વ્યાખ્યાન વીખરાય છે, યુવતી ચાલી જાય છે. પોતાના મન પર પણ પરદો પડી જાય છે, એ પરદો ઉપાડનારો કંગાલ યુવાન શ્રાવક આસરાજ આવી ઊભો રહે છે, ને ત્યાગીનાં નયનોમાં કયો વિકાર વ્યાપ્યો હતો તે પૂછે છે. પોતે એને કહે છે, કે એ કન્યાના પેટમાં રત્નો છે. કન્યા વિધવા છે એવું જાણ્યા પછી પણ પોતાના ભાખેલ ભાવિ-બોલને વળગી રહે છે... અને યુવાન આસરાજના અંતરમાં જાગેલ પ્રેમને વધાવી લે છે.

એના પુત્રો!

આંખો ઉઘાડીને ધારી ધારી નિહાળ્યા.

સાધુનું સમત્વ પણ આનંદની લાગણીના ઝંકારે પુલકિત બન્યું.

વિજયસેનસૂરિને સમજ ન પડી. એ તો હજુ ચકિત સ્થિતિમાં ઊભા હતા.

વેદનાને વેધતા માંદા મુનિનો હાથ માંડમાંડ ધ્રૂજતો ને લોડતો, આખા શરીરનું જોર શોષી લેતો ઊંચો થયો.

કુમારદેવે એ બેઉ બાળકોનાં માથાં એ સાધુના હાથ નીચે મુકાવ્યાં. હાથ થોડી વાર તેજિગના ને થોડીક વાર વસ્તિગના લલાટ પર, જીવલેણ શ્રમ ઉઠાવતો ઉઠાવતો સ્પર્શ કરી રહ્યો. અને વૃદ્ધ સૂરિની આંખો કોઈ શાસ્ત્ર કે પોથી પર કદી જે મમતા ને આશ્ચર્ય સાથે નહીં ફરી હોય તેવી મમતા ને તેવી તાજુબીથી આ છોકરાઓના ચહેરા પર ફરવા લાગી.

"માતાજી ક્યાં છે?" એમણે મુશ્કેલીથી પૂછ્યું, "એક જ વાર એને દીઠી હતી."

"મંડલિકપુર."

"પિતાજી?"

"ગુજરી ગયા."

"ગુજરી ગયા? મારે એમને ખમાવવા હતા." હરિભદ્રસૂરિને યાદ આવ્યાં – આસરાજ અને કુંઅરદેવી પર વીતેલાં વીતકો.

"આપ ભણાવો છો?" સૂરિએ કુમારદેવને પૂછ્યું.

"હું શું ભણાવવાનો હતો?" કુમારદેવની નમ્રતામાં સ્વાભાવિકતાની સુવાસ હતી, "હું તો એમની કેળવણી આપને સોંપવા આવ્યો છું, એ જૈન છે."

"શૈવોના શત્રુઓ!..." માંદા મુનિએ સ્મિત વરસાવ્યું.

કુમારદેવ પર એ સ્મિતના ઝગારાએ જીત મેળવી. એ બોલી ન શક્યા.

માંદા મુનિની વૃદ્ધ આંખોમાંથી ડબડબ બે આંસુડાં દડીને મોં પરના ખાડામાં વહ્યાં. એની દૃષ્ટિ પોતાના શિષ્ય વિજયસેનસૂરિ તરફ ગઈ. શિષ્યે પોતાના કાન ગુરુના મોં પાસે ધર્યા.

"ભણાવવામાં ગુરુ કુમારદેવનો સાથી થજે, વધુ તો કાંઈ શીખવીશ નહીં, ફક્ત એટલું જ બતાવી દેજે કે આ સંસાર અસાર નથી, મહાસારથી ભરપૂર છે."

શિષ્ય વિજયસેને શિર નમાવ્યું ને બાળકો તરફ નજર ફેરવી.

ફરી વાર ગુરુએ ઇશારત કરી, ફરી વાર શિષ્યે પોતાના કાન નજીક ધર્યા; ગુરુએ કંઈક કહ્યું કે જે બીજા કોઈએ ન સાંભળ્યું. ફક્ત એટલો શબ્દ સંભળાયો: "ચંદ્રાવતીના ધરણિગ શેઠ – અનોપ – આબુરાજથી પાછા ફરે ત્યારે –"

થોડી વાર આખા ઉપાશ્રયની હવામાં પ્રસન્નતાના પરમાણુઓ પ્રસરી રહ્યા અને કોઈના મોંમાંથી વાણી ફૂટી નહીં. સૂતેલા ગુરુને એક સખત ઉધરસ આવી, તે સાથે એના મોંમાં બળખો ભરાયો, એ બળખાને શિષ્ય વિજયસેને જતનથી પોતાના હાથના કપડામાં લૂછી લઈ જરીકે સૂગ વગર ઠેકાણે કર્યો.

"આ ત્રીજો બાળક કોણ?" ગુરુએ સોમેશ્વર તરફ મીઠી નજર માંડી.

"મારો પુત્ર." કહીને કુમારદેવે સોમેશ્વરને આગળ કર્યો.

ગુરુનો ચેતનહીન હાથ ફરી પાછો ઊંચો થવા સળવળ્યો ને તેમણે સોમેશ્વરના ખુલ્લા દેહ પરની જનોઈને જતનપૂર્વક હાથમાં લઈ પરમ માર્દવથી પંપાળી: "મજબૂત છે હો! ન તૂટે તેવી છે. ત્રણ ત્રાગડા: ત્રણ ભેરુબંધો: કેવો સુમેળ! વાહ વાહ! ગુજરાતનો ખળભળતો દેહ – તેની છાતીએ ત્રણેય જણા ત્રાગડારૂપે ગંઠાઈ જઈને – યજ્ઞોપવીતરૂપ બનજો!"

"સોમ!" પિતાએ કહ્યું, "સંતના આશીર્વાદ સ્વીકાર!"

સોમદેવે મસ્તક નમાવ્યું.

"મને આજે આપનાં દર્શન થયાં. મોટી કૃપા. ઘણાં કર્મ ખપ્યાં મારાં." જૈન

ગુરુ કુમારદેવને દૃષ્ટિથી ભેટી રહ્યા.

કુમારદેવનો પ્રાણ આ ઉદારતામાં ડૂબી રહ્યો; વાણી ન કાઢી શકાઈ.

જૈન ગુરુ શરીરમાંથી ચાલ્યા જતા છેલ્લા ચેતનને થંભાવીને બોલ્યા: "આપણે – હું ને તમે – જોવા નહીં જીવીએ પણ દિનમાન વળે છે આ ભૂમિનાં. ટીંબો ફરી તપશે. ઉદ્યોત થશે. આ ધરતીના કણેકણે પિંડ પોષાયો છે – આત્મા ધરાયો છે. આ તો માતા છે – સાધુઓની ને સંસારીઓની, સર્વની એકસરખી; એને હું અસાર કેમ કહું? અનિત્ય કેમ કહું? ઢેફે ઢેફે મારા પગ ભમી વળ્યા છે: દેવપટ્ટણથી આબુરાજ સુધી: ભદ્રેશ્વરથી ભૃગુકચ્છ સુધી: મા સરસ્વતીથી મહી અને નર્મદા સુધી: ને મેં સાંભળ્યાં છે – માનાં ધેનુ સમાં ભાંભરડાં. વીરોની જનેતાને વાંઝણી બનેલી દીઠી છે. સૌભાગ્યવતીના વિધવાવેશ નિહાળ્યા છે. હરિયાળાં માતૃ-ચીર ચિરાઈને લીરા થયેલાં ભાળ્યાં છે. ક્યાં ગયા જનનીને ઢાંકનારા ક્ષત્રીપુત્રો! છો ગયા! શું થઈ ગયું! વણિકો ને બ્રાહ્મણો ઢાંકશે માની નગ્નતાને."

સૌ મૌન ધરી રહ્યા. સાધુએ ફરી કહ્યું: "સ્વપ્ન લાગે છે? ખેર, વિદાય લેનારાઓને સ્વપ્ન જોવાનો તો લહાવ લેવા દેશોને! સ્વપ્ન! સોનાનું સ્વપ્ન!"

"આપને થાક ચડશે."

"હવે ક્યાં ફરીથી આ દેહનો ખપ પડવાનો છે! થાક તો વધુ મીઠી નિદ્રા નિપજાવશે ને!"

બોલતે બોલતે એના મોંમાંથી થૂંકના છાંટા ઊડતા હતા, લાળો પડતી હતી, ખાંસી ચડતી હતી. તોય એનું મોં, એનાં નેત્રો મલકાતાં હતાં.

"વિજય! બેટા!" એણે શિષ્યને હાથ ઝાલી સલાહ દીધી: "તું શું શીખવવાનો હતો આ નવી પ્રજાને! તું શું શાસ્ત્રોના થોકડા ગોખાવીશ? તું શું પૂજા ભણાવીશ? નહીં રે નહીં. ચૌદ દેવલોકની ને બાર વિમાનોની વાતો ન ગોખાવતો, ભાઈ! એવું એવું ભણાવજે કે જેથી જીવવું ને મરવું બેય સરખું મીઠું લાગે. સંપ્રદાયના કીચડમાં અળશિયાં તો પારાવાર ખદબદે છે. વધારો કરીશ મા, વિજય!"

શિષ્યનો ચહેરો દેદીપ્યમાન બન્યો.

"મને આવી ખબર નહોતી." કુમારદેવથી બોલી જવાયું.

ત્રણેય છોકરાઓ એકીટશે જોતા રહ્યા.

"દીવાલો! દીવાલો!" ગુરુએ હાંફતી છાતીએ કહ્યું, "દીવાલો ચણાઈ ગઈ છેને! દીવાલો જ આપણને ભેળા થવા દેતી નથીને."

"મારી તો દીવાલો તૂટી પડી છે આજે." કુમારદેવે કહ્યું. એના ખુલ્લા શરીર પરની ભરાવદાર રોમાવલિ ખડી થઈ ગઈ હતી. એનાં નેત્રો બે જળાશયો બન્યાં

હતાં.

"જાણજો, દેવ!" વૃદ્ધ સાધુનો એ છેલ્લો બોલ હતો, "કે મારા જ છોકરા આપને ભળે છે. રાણા લવણપ્રસાદને મારા વતી ધર્મલાભ દેજો. કહેજો કે મળ્યા તો નથી, સાંભળ્યું છે ઘણું ઘણું, મહારુદ્રના એ ભક્તનું કલ્યાણ ભાવતો ભાવતો મરું છું."

તે પછી થોડા દિવસે ગુરુ હરિભદ્રસૂરિના મૃતદેહની સ્મશાનયાત્રા નીકળી ત્યારે એની માંડવીના એક ખૂણે કુમારદેવનો જનોઈધારી ખંભો ટેકવાયો હતો ને એની આંખોમાં અશ્રુધારા હતી. પુત્ર સોમદેવના હાથમાં ઝાલર હતી.

પાટણ જાણે એક મહાપાપનું પ્રાયશ્ચિત્ત કરતું હતું.

## 7

# રાજેશ્વરી ઇચ્છા

છ મહિના થઈ ગયા છે. પાઠશાળાના છાત્રાલયમાં એક હાડપિંજર છેલ્લા શ્વાસ ખેંચતું સૂતું છે. એનું માથું ગુરુ કુમારદેવના ખોળામાં છે. એ દેહ લુણિગનો છે. છોકરાઓ ટોળે વળીને એની આસપાસ ઊભેલા છે.

મરતો મરતો લુણિગ પોતાના દોરડી જેવા બનેલા દૂબળા હાથ પોતાની પાસે બેઠેલા બેઉ નાનેરા ભાઈઓનાં તેજના ઝગારા મારતાં ભરાવદાર શરીરો પર ફેરવી રહ્યો છે. છ જ મહિનાના આશ્રમવાસે એ બેઉના દેહનો, ઘરના છાશ-રોટલા પર ઊછરેલા દેહનો સુકલકડી બાંધો ફેરવી નાખ્યો છે, પણ તેમાં હૃદયો છૂપું રુદન કરે છે.

"ભાઈ!" તેજિગે પૂછ્યું, "તમારી કાંઈ ઇચ્છા છે?"

"ઇચ્છા!" લુણિગનું ક્ષયગ્રસ્ત લાલચોળ મોં મલકાય છેઃ "ઇચ્છા – આપણને વળી ઇચ્છા શી હોય?" એની એ ટકોર પોતાની કૌટુંબિક ગરીબી પ્રતિ હતી.

પણ એ વારંવાર પોતાની બારીમાંથી બહાર દૂર દૂર ઝાંખા વાદળપુંજ-શા આબુ પહાડ તરફ ખેંચાતો હતો.

"કહી નાખો, ભાઈ!" તેજિગ રડતે કંઠે પૂછતો હતો.

"ગાંડા!" લુણિગે કહ્યું, "તમે બેઉ વરો-પરણો, બાની ચાકરી કરો, બહેનોને ઠેકાણે પાડો. લે, આટલી બધી ઇચ્છા તો દર્શાવું છું."

કહેતે કહેતે ફરી ફરી એ આબુ તરફ મીટ ખેંચતો હતો ને મોં મલકાવતો હતો. દરમ્યાન એનું દેહપિંજર મૃત્યુ સાથે છેલ્લી જિકર કરી રહ્યું હતું.

"ભાઈ, મોટાભાઈ!" વસ્તિગ મહામહેનતે રુદન ખાળતો કહેતો હતો, "બા અમને પૂછશે..." એનો કંઠ-દોર ત્રુટી ગયો.

"બા પૂછે તો કહેજોને કે તમારો લુણિગ... પોપટ ભૂખ્યો નથી, પોપટ તરસ્યો નથી, પોપટ આંબાની ડાળે, પોપટ સરવરની પાળે, પોપટ બેઠો બેઠો ટૌકા કરે છે..."

ફરી ફરી એણે આબુને નેત્રોના સંપુટમાં લીધોઃ "બા પૂછશે કે તમે ત્રણ

ગયેલા ને બે કેમ પાછા આવ્યા, એમ ને?'' લુણિગે લહેરથી કહ્યું, ''તો કહેજોને, કે બા! લુણિગભાઈ તો ફરીથી અવતાર માગવા ગયો છે. શેનો અવતાર, કહું? સલાટનો અવતાર – શિલ્પીનો અવતાર.''

''તને મૂર્તિઓ ઘડવાનું બહુ મન થાય છે, ખરું?'' કુમારદેવે પૂછ્યું.

''હા જ તો! આ બધાં કોતરકામો તૂટેલાં પડ્યાં છે તે જોઈ મને થાય છે કે હું એક રાતમાં ફરી ઘડું, ફરી ચણું, ફરી કોરાવું. પણ મારા હાથમાં ટાંકણુંય ન ઊપડે એ તે શા ખપનું!''

એમ કહી વળી પાછી એણે આબુ પર દૃષ્ટિ ઠેરવી.

''ફક્ત એટલું – એક એટલું જ જો થઈ શક્યું હોત!'' એમ બોલીને એણે પોતાના ભાઈ સામે દયામણી આંખે જોયું.

''કહોને, ભાઈ!''

''એવું કહીને મૂર્ખ જ બનવાનું!'' લુણિગ હસ્યો.

''ભાઈ! ભાઈ, કહો! બા પૂછશે હો! બાને અમે જવાબ શો દેશું?''

''લો ત્યારે, પહેલાં તો મને આહારપાણીનાં જાવ-જીવ પચખાણ આપો.''

''ભાઈ! ઉતાવળા શીદ થાઓ છો?''

''હું ખરું કહું છું. પછી મોડું થઈ જશે.''

ભાઈઓ રડી પડ્યા.

''જુઓ! બેઉ ભાઈઓ શરમાતા નથી? ભડ થઈને રડો છો? ને મારી છેલ્લી ઇચ્છા સાંભળવી છે, તો પછી મોડું કેમ કરો છો?''

મરણાન્ત અન્નજળની અગડ આપનારું ધર્મસ્તોત્ર બોલતો વસ્તિગ માંડ માંડ કંઠને રૂંધાતો રોકતો હતો.

''ત્યારે તો હવે કહું. હસવા જેવી વાત છે હો! હસજો, હસી કાઢજો. ઝાઝું મન પર લેતા નહીં. એ તો ખાલી ઇચ્છા કહેવાય, એ તો રાજેશ્વરી ઇચ્છા કહેવાય! એ તો એમ છે, કે આપણે જ્યારે નાના હતા ને બા-બાપુ જોડે આબુરાજની યાત્રાએ ગયા હતા ને, ત્યારે વિમલ-વસહીના દેરામાં મને એક ગાંડી ઇચ્છા થઈ હતી, કે –હેં-હેં-હેં-'' એ હસી પડ્યો.

''કહી દો, ભાઈ! અમારાથી થઈ શકે એવું હશે તો કરશું.''

''ગાંડુ! એ તે કંઈ થઈ શકતું હશે! એવી રાજેશ્વરી ઇચ્છા તો બાળપણની બેવકૂફી કહેવાય. એ તો મને વગર સમજ્યે એવી ઇચ્છા થયેલી, કે ત્યાં આપણે પણ પ્રભુનું એક બિમ્બ પધરાવ્યું હોય તો કેવું સારું!''

એટલું કહીને એ મોં પર ઓઢી ગયો.

બન્ને ભાઈઓની આંખો શરમથી ઢળી પડી. તેમને લુણિગ પાસે પરાણે એની ઇચ્છા કહેવરાવવાનો પ્રશ્ચાત્તાપ થયો. આબુરાજ ઉપર વિમલ-વસહીના દેરામાં જિનપ્રભુની એક મૂર્તિ પધરાવવાની ઇચ્છા! લાખોપતિને જ શક્ય એવી એ ઇચ્છા, પૂરી રોટી પણ ન પામનારી માતાના પુત્રના હૃદયમાં! સૌ વિદ્યાર્થીઓની હાજરીમાં આપણે આ ઇચ્છાનું પ્રદર્શન મરતા ભાઈને મોઢે કેમ કરાવ્યું!

ગરીબી તેમની સામે હસતી હતી. દુનિયાનું અટ્ટહાસ તેમને જાણે સંભળાતું હતું. મોં ઢાંકી ગયેલ ભાઈને એટલું પણ કહેવાની હિંમત ન રહી, કે અમે એ ઇચ્છાને પૂરી કરશું. હજારો દ્રમ્મનો ખર્ચ માગી લેતી એ ઇચ્છાને ઉચ્ચરી નાખ્યા પછી ઓઢી ગયેલા લુણિગને તેઓ બોલાવી શક્યા નહીં. ભાઈના મૃત્યુ-ખંડની બહાર ચાલ્યા જઈને બેઉ જણ છાને ખૂણે રડ્યા.

રડતાં મોંને લૂછીને બેઉ ચૂપચાપ ઊભા હતા ત્યારે એમણે પોતાના સહગુરુ વિજયસેનસૂરિને કોઈક મહેમાનો જોડે આવતા જોયા. એક અજાણ્યા શ્રેષ્ઠી (શેઠ) અને શેઠાણી હતાં ને તેમની સાથે એક ચૌદેક વર્ષની કન્યા હતી.

"કેમ, શું થયું છે?" વિજયસેનસૂરિએ છોકરાઓના ચહેરા પડી ગયેલા જોઈ પૂછ્યું.

"ભાઈને મંદવાડ વધારે છે." વસ્તિગે જવાબ વાળ્યો. બધા બીમારના ખંડમાં પ્રવેશ્યા ત્યારે ગુરુ કુમારદેવે લુણિગના મોં પરથી ઓઢણું ખેસવી નાખ્યું હતું. લુણિગ છેલ્લી વાર ધરતીની રમ્યતાને પીતો પીતો હસી રહ્યો હતો.

"ક્યાં ગયા બેઉ?" એણે પૂછ્યું, "આંહીં આવો, રડ્યા ને! હું ગમ્મત કરતો હતો તેમાં તો રડી પડ્યા!"

"શું હતું?" વિજયસેનસૂરિએ પૂછ્યું.

કુમારદેવે બધી વાત કરી. આબુના શિખર પર એક જ પ્રભુબિમ્બ પધરાવવાની વાત થતી હતી તે પેલા મહેમાનોની સાથે ચૌદ વર્ષની કન્યા ભાવભેર સાંભળતી સાંભળતી બીમારની પથારી નજીક આવી ગઈ હતી. એ કન્યાએ જે ઘડીએ જાણ્યું કે પેલા બે આ મરતા ભાઈના નાનેરા ભાઈઓ છે અને આ સ્વજનની છેલ્લી વહાલી ઉમેદને પહોંચી વળવાની અશક્તિથી રડેલા છે, તે ઘડીએ સ્વાભાવિકપણે જ એની નજર વસ્તિગ-તેજિગ તરફ વળી.

બેઉએ એને નિહાળીને જોઈ. એનો વાન શામળો હતો. એ કન્યાને પાટણમાં કોઈ કદાચ રૂપાળી ન પણ કહે, પણ એનાં નેત્રોમાં ઊંડી ભદ્રતા હતી.

મરતો લુણિગ તો થોડી વાર આબુ તરફ ને થોડી વાર એ કન્યા તરફ નજર માંડતો રહ્યો.

"લુણિગ," વિજયસેનસૂરિએ કહ્યું, "આ કુટુંબ આબુરાજથી જ ચાલ્યું આવે છે."

"અહોહો!" લુણિગે એ કન્યા તરફ મમતાભરી નજરે નિહાળ્યું: "તું બહેન! તું આબુરાજ જોઈ આવી? ઝરણાં વહે છે? ઝાડ લીલાંછમ છે? આકાશની વાદળીઓ આબુરાજની ખીણોમાં ને શૃંગો પર દોટાદોટ કરે છે ને?"

કન્યાના મોં પર પણ આ શબ્દોની છાયા રમવા લાગી. એણે નીચે જોયું.

"મારી નાની બહેનો છે ને!" લુણિગે ગરીબડા થઈને કહ્યું: "એણે આબુ દીઠો જ નથી. એક તો તારા જેવડી જ છે; બીજી બે પણ તારી સાથે રમે તેવડી છે."

"રમશે એ તો." વિજયસેનસૂરિએ કહ્યું, "લુણિગ! આ ચંદ્રાવતીના ધરણિગ શેઠ શત્રુંજય જતાં રસ્તે મંડલિકપુર થતા જશે, ને માતાને, બહેનોને, સૌને મળશે."

"તો તો, બહેન! તું એ સર્વને કહેજે, કે લુણિગે ખમાવ્યાં છે. વયજૂકાને કહેજે કે પેલી મારી આરસની શિલા હવે એ જ રાખે. વયજૂકાને એટલું કહેજે કે રડે નહીં ગાંડી! એ રડશે તો બાને કોણ છાનાં રાખશે?"

"લુણિગ! વત્સ! વધુ બોલીને શક્તિ કાં ગુમાવો છો?" વિજયસેનસૂરિએ વાર્યો.

"હવે તો પૂરું થયું. હવે મને સંથારો કરાવો, મને પૂર્ણ શાતા વળી. આબુરાજનાં નિવાસીઓ મળ્યાં ને માતાને તાજો જ સંદેશ દેનારાં મળ્યાં. બેવડો લાભ! એક બાજુ આબુરાજ, બીજી બાજુ મારી બા: બેઉને વંદના."

એમ કરી એણે હાથ જોડ્યા ને વિજયસેનસૂરિએ એને મરણાન્ત મૌનભર્યા ધ્યાનની બાધા આપી.

એક સંસ્કારી આત્માની ચિરવિદાયની એ ગંભીર પળો, આકાશમાં ઊડતા પહેલાં સ્વજનોનાં સ્નેહ-નીરે પાંખો ઝબોળી લેતી દેવચકલીઓ જેવી શોભી રહી.

અને ભીંતની ઓથે માથાં ટેકવી ગયેલા બે ભાઈઓ તરફ જોતી એ ચંદ્રાવતીના ધરણિગ શેઠની કન્યા એમને છાના રાખવાની ગુપ્ત ઇચ્છાને માંડ માંડ ખાળતી એમની નજીક જઈ ઊભી હતી.

એનું નામ અનોપ.

## 8

# ગુજરાતનો સર્વાધિકારી

**"લે**, ભાઈ લવણપ્રસાદ!" એમ કહીને મહારાજ ભીમદેવે એને છાનીમાની મુદ્રા આપી.

"આપણે આ બાબતની કશી હોહા નથી કરવી. સમજ્યોને? તું તારે આજથી સર્વાધિકારી તરીકે બધું કામ કરવા માંડ. રાજના નોકરોને રફતે રફતે બધી ખબર પડી રહેશે એ તો. લે હવે હું રજા લઈશ. ઔષધિ અને આસવ લેવાનો સમય થઈ ગયો."

એમ બોલીને મહારાજ ભીમદેવ અંદરના ભાગમાં ચાલ્યા ગયા, ત્યારે લવણપ્રસાદ શૂન્ય ભેજું લઈ ઊભો હતો તે જ સ્થિતિમાં ઊભો રહ્યો. આ સર્વાધિકારીપદ પોકળ હતું. ખજાનો ખાલી હતો. લશ્કરનું નામનિશાન નહોતું. મહારાજ ભીમદેવે બળતું ઘર કૃષ્ણાર્પણ કર્યું હતું.

આસવ પીતોપીતો ભીમદેવ પોતાના વંઠકને કહેતો હતો: "આફૂડો હવે નાણાંની જોગવાઈ કરી આવશે, કેમ ખરુંને, બાદલ? આફૂડો રાજસેવકોને દરમાયા ચૂકવવાની વેતરણ કરશે. હું કયા ભવ વાસ્તે એ બધી કડાકૂટમાં પડું!"

લવણપ્રસાદને આ મફતિયા મુદ્રા સ્વીકારવામાં સાર ન દેખાયો. મુદ્રાને હાથમાં ચંચવાળતો એ નિસ્તેજ મુખે ઊભો હતો, ત્યાં તો એને કાને શબ્દ પડ્યો: "આદાબ! બંદેનવાજ, ગુલામની ઘણી ઘણી આદાબ!"

એ સદીક હતો. છેક દ્વારમાંથી બે હાથ ઝુકાવતો ઝુકાવતો એ આવતો હતો.

"આવો સદીક શેઠ, કાલે તમને તેડાવ્યા ત્યારે તો ના પડાવી દીધી ને આજે –"

"કોણ કહે છે મેં ના પડાવી?" સદીકે ચમકવાનો ડોળ કર્યો, "હું – હું નાચીજ વેપારી પાટણના સરમુખત્યારની ફરમાયેશને અપમાન આપું! આપને કોઈકે ખોટો અહેવાલ પહોંચાડ્યો લાગે છે."

"તમે એટલે સુધી બોલ્યા કે રસમ તો મને મારા મુકામે જ આવીને મળવાની છે."

"તોબાહ! તોબાહ, જનાબ! એટલી બધી તુમાખી હું બતાવું! મેં તો અર્જ મોકલાવેલી કે અહીં પગલાં કરશો? એ તો બે ઘડી આપનું દિલ બહેલાવવા માટે, મેં પધારવા – મારો મુકામ પાવન કરવા અર્જ મોકલી હતી, જનાબ! આપને કોઈકે ઊલટાસૂલટી વાત ભરાવી લાગે છે," એમ કહેતે કહેતે સદીકે લાચારીના મુખભાવ ધારણ કર્યાઃ "હું તો અત્યારમાં મને જાણ થઈ કે આપ સર્વાધિકારી નિમાયા એટલે તરત જ હરખ કરવા દોડ્યો આવ્યો છું."

"તમને ખબર પણ પડી ગઈ?" લવણપ્રસાદ આ માણસને સમજવા મથતો હતો, પણ નિષ્ફળ ગયો.

"મારું ને આપનું એટલું દિલભર દિલ છે. કાલ રાતથી જ હું સારાં નિશાનો નિહાળી રહ્યો હતો. મને ખાતરી જ હતી કે કાંઈક સારો બનાવ બનવો જોઈએ. સવારની નમાજ પઢતાં પઢતાં જ દિલમાં જાણે કોઈ કહેતું હતું કે જનાબ ઊંચી પાયરીએ નિમાવાના છે."

"જુઓ, સદીક શેઠ!" લવણપ્રસાદે કહ્યું, "આપણે મુદ્દાની વાત પર આવી જઈએ. રાજના ખજાનામાં દ્રવ્ય નામ નથી. તમારે ખંભાતની માંડવી વધારે આપવી જોઈએ."

"મારાં માવતર છો તમે તો. હું તો કહું છું કે માંડવીનો ઇજારો જ આપ કોઈ બીજાને આપો. હું તો મરી રહ્યો છું."

"કેમ?"

"લાટ, આનર્ત અને સુરાષ્ટ્ર, ત્રણેયને ત્રિભેટે ખંભાતમાં બેઠેલા અમ લોકોની તો કમબખ્તીનો જ ક્યાં પાર છે? આ તરફથી લાટનો ચાહમાન શંખ વારેવારે ખંભાત પડાવી લેવાના ડારા મોકલે; તેની પેલી મેરથી દેવગિરિનો સિંઘણદેવ ચાંચિયા મોકલી વહાણો ડુબાવે; વામનસ્થળીવાળાનો પણ એ જ ધંધો; એની વચ્ચે હું કેમ કરીને વહાણો સફરે મોકલું છું તેની તો કોઈ સંભાળ લ્યો!"

"આપણો કાફલો ખંભાતમાં નથી રહેતો?"

"એક પણ નાવ ન મળે, એક પણ સૈનિક નહીં."

"ક્યાં ગયું આપણું નાવિકદળ?"

"ઘરભેગું થઈ ગયું."

"કેમ?"

"બાર બાર મહિના સુધીનો ચડત દરમાયો મેં ચુકાવ્યો, જનાબ! આંહીંથી કોઈ જવાબ પણ ન આપે એટલે દરિયા-ફોજ વિખેરી નાખવી પડી."

લવણપ્રસાદને પહેલી જ વાર ખબર પડી કે સૌરાષ્ટ્ર-ગુજરાતના આખા

કિનારાની ચોકી કરતું નૌકાસૈન્ય ખંભાતમાંથી ખસેડી લેવામાં આવ્યું છે. એ વિચારમાં પડી ગયો. તેનો લાભ લઈ સદીકે મારો ચાલુ રાખ્યો:

"એ તો, મારા જનાબ! મારો અલ્લા પાધરો છે. હું આ બધા ઘુરકાટ કરનારા શત્રુઓનાં મોં ભરીભરીને ચૂપ રાખું છું. બાકી આપણે ઘેર આજે દરિયો નહીં પણ ખાબોચિયું જ છે એમ સમજો, મારાં માવતર! ખંભાતની આમદાની તો સાવ તૂટી ગઈ છે. આપ આવીને એક વાર તપાસ તો કરો કે અમે બસરા ને જંગબાર સુધીનાં જહાજ ચલાવવામાં કેટલું જોખમ ખેડીએ છીએ! અત્યારે દેશાવરમાં આપણી ઇજ્જત કઈ છે?"

"મહારાજને તો, શેઠ, તમે ગજબ વિલાસમાં ચડાવી દીધા લાગે છે."

"જરા આંહીં નજીક કાન લાવો, જનાબ!" એમ કહીને સદીકે છેક લવણપ્રસાદના કાન સુધી મોં લઈ જઈને કહ્યું:

"મહારાજ તો તૈયાર થયા હતા ભરૂચના શંખને આંહીં લાવી સર્વાધિકારી નીમવા! મહારાજની મતિ તો સાવ વીફરી ગઈ હતી! શંખ એને રોજ અક્કેક બાયડી પૂરી પાડવા તૈયાર હતો. એ આફતમાંથી ગુજરાતને બચાવનાર આ ગુલામને મારવો હોય તો સુખેથી બે જૂતા મારી લો ગાલ ઉપર. બીજું શું કરશો? ઇનામની આશા રાખીને તો હું થોડો જ આંહીં પાટણ આવ્યો હઈશ! ને આપની નિમણૂકની વાત મેં આટલી વહેલી ક્યાંથી જાણી એ પૂછો છો હજૂર, પણ એ નામ મહારાજને ગળે ઉતરાવનાર કોણ છે એય તપાસ તો કરો!"

રાણો લવણપ્રસાદ સદીક શેઠના મોં પર લહેરાતા મીઠા ભાવોના પ્રભાવે માત થઈ ગયો.

"ઠીક છે, ભાઈ! શેઠ, મારી તમને એક જ વિનતિ છે કે હાલ તો કોઈપણ ઇલાજે ભૃગુકચ્છના શંખને અને દેવગિરિના યાદવ સિંઘણદેવને સાચવી લેજો. હું મારાથી બનશે તેટલું વહેલું લશ્કર તૈયાર કરું છું."

"હું તો આ રાજનું નિમક ખાનાર છું, રાણાજી! મને ભલામણ કરવી ન પડે."

એમ કહીને એ રવાના થયો. લવણપ્રસાદ રાજકચેરી તરફ ચાલ્યો ગયો.

એના ગયા પછી થોડી વારે, રાજકચેરીના એને બેસવાના કાર્યાલયમાંથી જરિયાની ને કિનખાબના ગાલીચા, ગાદીતકિયા; જવનિકાઓ વગેરે ઊંચકાઈને જામદારખાના તરફ ચાલ્યાં ગયાં.

સર્વાધિકારીનું કાર્યાલય પહેલી જ વાર પાણકોરાની સાદાઈ ધારણ કરી ચૂક્યું.

## 9
## બે લક્ષ્મીની પ્રાપ્તિ

**ચં**દ્રાવતીના ધરણિગ શેઠે પાટણમાં વધુ દિવસ મુકામ લંબાવ્યો અને વિજયસેનસૂરિએ અનોપનાં શીલ-ગુણ વધુ ઝીણવટથી તપાસ્યાં. રૂપે અનોપ શ્યામળી હતી, પણ એના ગુણો એ શ્યામ ચામડીમાં લળક લળક થતા હતા – જે રીતે શનિ નામના શ્યામ હીરામાં પાણીનું તેજ લળક લળક થાય.

વિજયસેનસૂરિ એક વાર કુમારદેવને એકાંતે મળ્યા. પોતાના ગુરુદેવે મૃત્યુ પૂર્વેના તે દિવસે ભાંગીતૂટી વાણીમાં પોતાને કાનમાં જે રહસ્યકથા કહી હતી તે સ્પષ્ટ કરી. ગુરુએ અનોપને ચંદ્રાવતીમાં પહેલાં નિહાળી હતી. સામુદ્રિકો એનાં અદ્‌ભુત ભાસ્યાં હતાં. આ બે છોકરાઓમાંથી એકનો સંસાર એ દીપાવે તેવી છે.

કુમારદેવને મોંએ સ્મિત પથરાયું. એણે કહ્યું: ''ત્યાગીઓ પોતાના પ્રિય શિષ્યોનાં સાંસારિક તકદીર ઘડવામાં પણ હાથ નાખે છે, તો સમાજ ધુત્કારશે નહીં?''

''ધુતકારશે – ધુતકારે છે. પણ આજે કાળ જુદો છે. આ બાળકોનો સ્વધર્મ જે જે પ્રકારે સચવાય તે પ્રકારે સહાય દેવાની હિંમત કરવી એ સાધુની ફરજ છે.''

''તો શું ધારો છો?''

''વસ્તિગનું વાગ્દાન બીજે થઈ ચૂક્યું છે. તેજિગ બાકી છે.''

''એની માતાને હું કહેવરાવું?''

''હા. ને મારું પણ અનુમોદન લખજો. ધરણિગ શેઠ ત્યાં જ જવાના છે.''

''તો તો છોકરાઓને પણ હું ઘેર જઈ આવવા કહું.''

''આપની સન્મતિ ચાલે તેમ કરો.''

ધરણિગ શેઠનો પડાવ ઊપડવાનો હતો તેના આગલા દિવસે કુમારદેવે બેઉ ભાઈઓને બોલાવ્યા: ''વસ્તિગ, તેજિગ, તમારા ભાઈના મૃત્યુ પછી તમારી આંખે આંસુ સુકાયાં નથી. માતા પણ વલવલતી હશે. ધરણિગ શેઠ જાય છે તેની સંગાથે આંટો જઈ આવો.''

વસ્તિગ-તેજિગને આંતરિક રહસ્યની ખબર નહોતી. તેમનાં અંતર પણ માની

ચિંતાએ ઘર તરફ દોડતાં હતાં. તેમણે ધરણિગ શેઠના સંઘ સાથે પ્રયાણ કર્યું.

ઘેર પહોંચી, માની ને બહેનોની સાથે એકાંતે બેસી લુણિગને યાદ કરી ખૂબ ખૂબ રોઈ લીધું. પછી સૌ ધરણિગ શેઠના કુટુંબની પરોણાગતમાં પડી ગયાં. થોડે દહાડે વેદના વિસારે પડી. દરમિયાન ધરણિગ શેઠે આ ઘરમાં પુત્રીનું ભવિષ્યનું ઘર નક્કી કરી નાખ્યું. પણ વાત અંતરમાં જ રાખી, હજુ વધુ ચકાસણી બાકી હતી.

"અમે શત્રુંજય, ગિરનાર થઈને દેવપટ્ટન જશું, કુંઅરબાઈ, તમેય ચાલોને યાત્રાએ! દુઃખ વીસરાશે."

કુમારદેવીએ પુત્રોને પૂછી તૈયારી કરી. પહેલી રાત ભાલના હડાળા ગામે રહ્યાં.

કુમારદેવીએ ધરણિગ શેઠને વિશ્વાસમાં લઈને પેટની વાત કહી: પોતાની પાસે જૂના વખતનો સાચવેલ થોડો દરદાગીનો છે.

"તો બહેન! સુરાષ્ટ્રમાં આજકાલ એ લઈ જવા જેવો સમો નથી. લૂંટફાટનો ડગલે ને પગલે ભો છે."

"તો શું કરું, ભાઈ?"

"આંહીં વગડામાં જ કોઈ ઠેકાણે દાટ્યા વગર છૂટકો નથી."

મધરાતનાં અંધારાં ઘેરાયાં ત્યારે બે દીકરા અને વિધવા માતા જંગલમાં ચાલ્યાં.

"અનોપ, બેટા, તુંયે ચાલને મારી સાથે!" માએ મહેમાનની દીકરીને કહ્યું.

"એનું ત્યાં શું દાટ્યું છે?" તેજિગ ખીજે બળ્યો.

"ભલે આવે. તારે તેનું શું કામ?" મા બોલતી બોલતી હસતી હતી.

"આ પણ એક લફરું લાગ્યું છે. બાને એ અજાણી છોકરીનું કોણ જાણે શુંયે ઘેલું લાગ્યું છે! છે ભૂંડી કાળવી." તેજિગ બબડતો હતો.

"ને તું તો ગોરો હઈશ, ખરુંને?" બાએ કહ્યું, "જરીક આરસીમાં જોઈ તો લે તારું મોઢું! તારા બાપુ માથે જ ઊતર્યો છે."

ભાલની બિહામણી ધરતીમાં એક ખાતરાની અંદર ખાડો ખોદાવા લાગ્યો. અને તેજિગ ખોદતો હતો ત્યારે અનોપ નીચે વળી માટી બહાર કાઢતી હતી. એણે પહેરેલાં હીરનાં ચીર રગદોળાતાં હતાં. તેજિગ એને વચ્ચે આવતી દેખી વધુ ને વધુ ભઠતો હતો: "આ છોકરી પણ ગજબની હરખપદૂડી છે."

"બરાબર જોઈ લેજે, હો દીકરા!" કુમારદેવી અનોપને કહેતાં હતાં, "આ ખાડાની ચતુર્દિશી તું બરાબર યાદ રાખજે."

"હા, મા!" અનોપે હળવા સ્વરે કહ્યું, "આજ અજવાળી છઠ છે. જુઓ પેલો

તારો સામે છે, આ ખીજડાના ઝાડની ઉપર હરણનું નક્ષત્ર છે. મેં બરાબર નક્કી કરી લીધું છે."

"એ શું ખણિંગ જેવો અવાજ થયો, તેજિગ!" વસ્તિગે ખોદતા તેજિગને પૂછ્યું.

"જમીનમાં કાંઈક પથ્થર જેવું લાગે છે, કોશ અફળાય છે."

"ના ના. પથ્થર ન હોય."

"મને પણ કાંઈક રણકારો સંભળાણો." અનોપ વચ્ચે બોલી ઊઠી અને ચોપાસની માટી પોતાના ખોળામાં ભરી ભરી કાઢવા લાગી.

"આ તો કશુંક વાસણ દાટેલું લાગે છે, મા!" એ છોકરી પાછી બોલી.

"બહુ ખબર!" તેજિગને એ છોકરીનું દોઢડહાપણ ગમતું નહોતું.

"હવે ધીમે તો બોલો!" તેજિગ તરફ અનોપે ઠપકાનો હળવો બોલ કહ્યો, "હું કહું છું કે નક્કી કાંઈક વાસણ છે. ચોમેરથી માટી કાઢો."

થોડી જ વારે ખાડાની વચ્ચેથી એક કળશ આકાર ઊંચો થયો. અંધારામાં એ કળશને બહાર કાઢવા મથતા તેજિગના ને અનોપના હાથ એકબીજાને સ્પર્શ કરતા હતા. તેજિગે લાગ જોઈને અનોપના હાથ પર એક ચૂંટી ખણી લીધી. ચૂંટી કેટલી સખત હતી તે તેજિગને ખબર હતી. એના નખમાં જોર પણ જેવું તેવું નહોતું. એની ચપટી લોહીના ટશિયાથી ભીંજાઈ, છતાં અનોપે ઓઈકારો પણ ન કર્યો.

"બા, ચાલો પાછાં ઉતારે. અત્યારે નથી દાટવું." એમ કહી તેજિગે ખોદાયેલો કળશ મહામહેનતે ખભા પર લઈ લીધો ને વસ્તિગે બાને દાટવો હતો તે દરદાગીનાનો નાનો દાબડો ઉપાડી લીધો.

ધર્મશાળાના એક ઓરડામાં ત્રણે જણાં એ કળશ તપાસવા મળ્યાં ત્યારે અનોપ બહાર જ ઊભી રહી. એને તેજિગે ઓરડામાં જતે જતે કહ્યું હતું: "તારું ત્યાં કંઈ કામ નથી."

તેજિગે એ છોકરીને તડકાવી તેની જાણ વગરનાં બાએ તો સ્વાભાવિકપણે જ કહ્યું: "અનોપ, દીકરી, ક્યાં ગઈ? આવ તો!"

અનોપ ન આવી, એટલે બા બહાર જઈને એનો હાથ ઝાલી તેડી લાવ્યાં ને કહ્યું: "બેસ બેટા, ને જે કાંઈ છે તે બધું જ બરાબર જોઈ લે. એમ જુદી ને જુદી તરતી ન રહે."

"કોણ જાણે કયું સગપણ ફાટી નીકળ્યું છે!" તેજિગ બહાર જઈને બબડી આવ્યો.

કળશ ઉપર ચડેલી માટી ખંખેરાઈ. બાની છાતી ધડક ધડક થતી હતી. આ શું કૌતક! કોનું ધન! કોણ જાણે કેવી કમાણીનું! કોઈ વાંઝિયાનું? કંજૂસનું? કોઈ

નિર્દોષને લૂંટી ખૂન કરીને ચોરોએ સંતાડેલું?

"બા!" વસ્તિગે કહ્યું, "કળશ તો લાગે છે કોઈક કાળાંતરનો, આ ઘાટ અત્યારનો ન હોય. એકેએક ચિહ્ન અસલના કોઈ દટ્ટણપટ્ટણના કાળનું દીસે છે."

ખવાઈ ગયેલા ઢાંકણાને મહામહેનતે ખોલ્યું ત્યારે અંદરથી સોનાના સિક્કા નીકળી પડ્યા; કાળજૂના સિક્કા! ને જથ્થો પણ કંઈ જેવો તેવો નહોતો. તેજિગ તો ઘેલો બનીને બોલી ઊઠ્યો: "બા, લક્ષ્મી તૂઠ્યાં. જિનદેવે જ આપણને આપ્યું."

"ઉતાવળો ન થા, ને અંદરની બધી ચીજો બહાર કાઢ." વસ્તિગે ગંભીર ચહેરે કહ્યું.

એક પત્ર પર કાંઈક લખાણ નીકળ્યું. તેજિગ ન ઉકેલી શક્યો. વસ્તિગે અક્ષરો બેસાર્યા: 'કાન્યકુબ્જના રાજેશ્વર ...ની કુમારી મહણદેવીને ગુર્જરરાષ્ટ્ર કાપડામાં મળેલો છે, તેનું સુવર્ણ છે.'

"ત્યારે તો સેંકડો વર્ષો પૂર્વેનું. ત્યારે તો કશી હરકત નહીં, હો બા!" તેજિગે માતાના ચિંતાતુર મોં સામે પોતાની લોભણી નજર માંડી.

"શું કરશું?" માતાના મોંએથી ચિંતાભાર ઓછો નહોતો થતો.

"કેમ શું કરશું? આપણને જડ્યું છે. ને કોઈ બીજાનું આપણે લઈ લીધું નથી. પૃથ્વીએ આપણને જ માયા સમર્પી છે." તેજિગ પોતાની ગણતરીને મજબૂત કરતો હતો.

"પણ ભાઈ!" માતાએ મૃદુ સ્વરે સમજાવ્યું: "આપણી કમાઈનું તો નહીંને?"

"એટલે શું?"

"કોઈ અવગતિએ ગયેલ જીવનું હોય, તો આપણા ઘરની લક્ષ્મીને પણ લઈને જાય. તારા બાપુએ જ મને ભણાવેલું ભાઈ, કે એમના પૂર્વજોની લક્ષ્મી એમના ઘરમાંથી પગ કરી ગઈ, કેમ કે એ રાજની લક્ષ્મી હતી; એ લક્ષ્મી ઉપર કોણ જાણે કેવાંય પ્રજાજનોની પાંપણનાં પાણી પડ્યાં હશે."

"તેજિગ, બા એ બરાબર કહે છે." વસ્તિગે ટેકો આપ્યો.

"તો શું કરશું આનું?"

"શું કરશું?"

કોઈને કશું સૂઝતું નથી.

બાઘોલાં જેવાં બનીને બેઠેલાં એ ત્રણેની પાછળ અનોપ લપાઈને બેઠી બેઠી, મનમાં મનમાં કશુંક બોલતી હતી.

"તું તો કાંઈક બોલ, બેટા અનોપ!" બાએ અનોપને પૂછીને તેજિગને ચીડવ્યો, "તને કાંઈ સૂઝ પડે છે?"

"હા બા!" અનોપના મોંમાં તો વેણ હાજર જ હતું.

"શું?"

"લુણિગભાઈ મરતે મરતે કહેતા હતા તે. ડુંગરા ઉપર પ્રભુજીનું બિમ્બ પધરાવો."

"હા-હા – સરસ વાત!" વસ્તિગ તો રાજી રાજી થઈ ગયો, "બા! અનોપની પાસે પ્રભુએ જ બોલાવેલ છે."

કુમારદેવીએ અનોપને પોતાની ગોદમાં દાબી દઈને હર્ષ જણાવ્યો: "ડાહી દીકરી! તેં તો સ્વર્ગના દરવાજા ઉઘાડી દીધા. મારે હૈયેથી બધો ભાર હળવો થઈ ગયો. હું તો અત્યાર સુધી ફફડતી હતી. સોનું નહીં પણ સાપ ઘેર લઈ આવ્યાં એવું થતું હતું. તને આવી સરસ વાત કોણે સુઝાડી?"

"પેલી મહણદેવી કાન્યકુબ્જવાળીએ જ તો!" તેજિગે કટાક્ષ કર્યો, "મરીને એ વ્યંતરી થઈ છે એમ સૌ કહે છેને! આ પોતે જ એ અવતાર હશે તો કોને ખબર!" એ છેલ્લા બોલ તેજિગ ગળી જતો જતો બોલ્યો.

બીજા દિવસે રસ્તામાં ધંધુકા આવ્યું. ત્યાં એ બધું સુવર્ણ વિશ્વાસપાત્ર નાણાવટીને ત્યાં મુકાયું અને યાત્રિકો આગળ વધ્યાં.

ત્રણેક મહિને માતા ને બે પુત્રો પાછાં ફર્યાં ત્યારે તેજિગને ખબર પડ્યા કે માએ તો પોતાની વેરે અનોપનું વાગ્દાન સ્વીકારી લીધું છે.

ને ફરી વાર પાટણ ભણવા ઊપડેલા તેજિગનું હૈયું બે વાતો વચ્ચે ઝોલે ચડ્યું – અનોપની ચામડીની કાળાશ અને અનોપના હૃદયબુદ્ધિના ઉજાસ વચ્ચે.

## 10

# પારકી થાપણ

દાઢીવાળો પરોણો આવીને ચાલ્યો ગયો તે રાત્રિથી દિન-પર-દિન બાળ વીરુ પોતાની માને, અને પોતે જેને પિતા ગણતો હતો તે દેવરાજ પટ્ટકિલને પોતાનાથી શરમાતાં ને સંકોડાતાં જોતો હતો. આવીને ચાલ્યા ગયેલા અજાણ્યા મહેમાન પ્રત્યે બાળકના અંતરમાં કોઈ નિગૂઢ આકર્ષણનું લોહચુંબક તાણાતાણ કરતું હતું. આથી વધુ કશું જ્ઞાન એને લાધ્યું નહીં. એ દિવસે દિવસે ઊંડા ને ઊંડા દિલનો બનતો ગયો. ખેતર જ લગભગ એનું ઘર બની ગયું. અનિચ્છાએ જ એનાં પગલાં સંધ્યાકાળે ઘર ભણી વળતાં.

ઘરનાં સ્ત્રી-પુરુષ કળી ગયાં કે બાળકના અંતરમાં ઊંડી કોઈ સમજણ અકલિત રીતે ઘર કરી રહી છે.

એમ કરતાં છએક વર્ષ ચાલ્યાં ગયાં. વીરુ વીશ વર્ષનો જોધાર બન્યો. બળદોની રાશ એના હાથમાં એવી શોભતી કે આખી સીમના છોકરાને એની ઈર્ષ્યા થાય. ધનતેરશને દિવસે ગાડાં દોડાવવાની શરતમાં એ સૌની મોખરે ગાડું કાઢી જતો. એના વિવાહનાં થોકબંધી માગાં આવતાં. દેવરાજ પટેલ એ તમામ માગાંને એક અથવા બીજે બહાને પાછાં ઠેલતો. એની ખેડ પ્રત્યેક ખેતરને ગાદલા જેવું કરી મૂકતી. એ બોરડીનાં જાળાં ખોદવા વળગતો ત્યારે એની કોદાળી પરોડથી સાંજ સુધીમાં તો સોથ વાળી દેતી.

પણ ખેતી કરતાં કરતાં એનામાં એક નિગૂઢતા ચાલુ જ રહી હતી. શેઢે નીકળતો હતો ધોળકાનો ધોરી માર્ગ. વટેમાર્ગુઓ એની વાડીની ઘટા દેખી બપોરા ગાળવા થોભતા ત્યારે એને પોતે પૂછી પૂછીને જ્ઞાન મેળવતો: પાટણમાં રાજ કેવું ચાલે છે? આટલાં બધાં લોકો સરસરંજામ ને ઘરવખરી ભરીને ધોળકે કેમ ચાલ્યા જાય છે? પાટણમાં ચોરી ને લૂંટફાટોનો આટલો બધો પોકાર ક્યાંથી વધી પડ્યો? લશ્કર કેમ નથી? રાજની આવક શાથી ઘટી ગઈ છે? ગરજનના ને દિલ્હીના યવનો હવે હલ્લા કરે છે કે નહીં?

દિન-પ્રતિદિન એની દૃષ્ટિ સામે ધોળકા જતી વણજારો ચાલુ હતી. પથ્થરો

ધોળકે જતા – હવેલીઓ ને મંદિરો બંધાય છે માટે; નાણાવટીઓ ધોળકાને પંથે પળતા હતા – ત્યાં વેપારની જમાવટ થાય છે માટે. ગુજરાતની સારી સમૃદ્ધિ અને શક્તિ ધોળકામાં ઠલવાતી હતી. પાટણનો મહામંડલેશ્વર રાણો લવણપ્રસાદ ધોળકું જમાવી રહ્યો હતો. યુવાન વીરધવલની મીટ જન્મજન્માંતરની જૂની કોઈ તૃષાએ સળગતી ધોળકાની દિશાએ મંડાઈ જતી. અસ્ત થતો સૂર્ય જાણે કે રંગનાં તોરણો બાંધી જતો હતો – ધોળકાને દરવાજે.

ખેતી કરતા બાળનું આતમ-ખેતર પણ આ વટેમાર્ગુઓની વાતો વડે ખેડાયે જતું હતું. અને માતા તેમ જ દેવરાજ બેઉ રોજ રોજ ઊઠી જોતાં હતાં કે આ દીકરાના મોં પર પિતા લવણપ્રસાદની રેખાઓ ઊપડતી આવે છે.

પણ વીરુના જીવતરમાં એક નવી વિદ્યાનો ઉઘાડ થયો. ખેતરે આવીને એક દિવસ દેવરાજે એને કહ્યું, "દશેરાએ બળદવેલ્ય દોડાવી જાણછ, પણ હોળીમાં પટ્ટાલાકડી ખેલતાં આવડે છે?"

"એ તો યોદ્ધાઓનું કામ."

"ના રે ના, વિદ્યા તો જે શીખે તેની; શીખવી છે?"

"તમને આવડે છે?"

"આપણે બેઉ સામસામા શીખશું?"

"હા."

દેવરાજ મૂળ તો ક્ષત્રિય, ને મૂળ તો એનું નામ પણ ત્રિભુવનસિંહ. પણ ગુજરાતની અંધાધૂંધીમાં પોતે વીરુને ને મદનરાણીને લઈ છુપાઈ ગયો ત્યારથી ફરી કદી એણે પટ્ટાના દાવને સંભાર્યા નહોતા. દીકરાની સામે ખેલમાં ઊતરીને એ દાવ તાજા કરવા લાગ્યો.

રોજ સાંજે પટ્ટાલાકડી – એવી અનેક સાંજો ગઈ અને વીરુનાં બાવડાં-કાંડાં વજનાં બનાવતી ગઈ. દેવરાજે પોતે વીરુના ઘાવ પોતાના દેહ પર ઝીલ્યા ને ઘણી વાર તો હળદરના પાટા બાંધવા પડે તેટલી હદ સુધી વીરુનો માર ઝીલીને એણે વીરુમાં આત્મશ્રદ્ધા પ્રકટાવી.

પછી એક ચાંદની રાતે વાડીએ (વાસુ) સૂવા જઈને એણે બે ભાલા બહાર કાઢી વીરુને બતાવ્યા.

"આ શા માટે?" વીરુએ વિસ્મય પામીને પૂછ્યું.

"બેય રમશું!" એમ બોલતો બોલતો બાપ હસવા લાગ્યો.

"પણ એ તો મને આવડે નહીં."

"હું શીખવીશને?"

"તમને વગાડી બેસું તો!"

"તો શું થઈ ગયું? ઘાબાજરિયું બાંધશું!"

"ના ના!" વીરુ થરથર્યો.

"હાં!" બાપે મર્મપ્રહાર કર્યો, "એમ કહેને કે તને પોતાને જ છાંટો લોહી નીકળી પડવાની બીક છે!"

"એમ? તો હાલો ઊઠો."

એવા ટોણા મારી મારીને એણે વીરુને ભાલે લડતાં શીખવ્યું ને પછી તલવારે ને કટારે. પણ એ વિશે ગામને કદી જાણ થઈ નહીં, અને વીરુના ખમીરમાં બે તત્ત્વો વણાયાં – ખેડુપણું અને ક્ષત્રીવટ.

તે પછી પાછા દિવસો ગયા.

એક દિવસ પિતાસ્વરૂપ દેવરાજ ખરા મધ્યાહ્નને ખેતરે આવ્યો. વાડીના થાળાના પથ્થરે ઓશીકું કરીને સૂતો. બોરડી ખોદીને વીરુ જ્યારે બપોરે કૂવા પર આવ્યો ત્યારે પિતાની આંખોમાંથી ટપ ટપ ટીપાં દડ્યે જતાં હતાં. બહુ બોલવાને ન ટેવાયેલા વીરુએ પિતાના આણેલ ભાતનું ટીમણ લીધું ને પછી ચુપચાપ પિતાની પાસે બેઠો.

"ભાઈ, હવે કામ નથી કરવું. ચાલ ઘેર." પિતાએ કહ્યું.

"કેમ?"

"એક મહેમાન છે."

"મારું શું કામ છે?"

"તને તેડવા આવેલ છે."

"ક્યાં?"

"ધોળકે."

"જોવા?"

"ના, સદાકાળ રહેવા."

વીરધવલને સમજણ ન પડી. દેવરાજે કહ્યું: "રાણા! આંહીં આવો."

ગોદમાં એનું માથું ચાંપીને દેવરાજે રુદન શરૂ કર્યું. રુદન વધ્યું. એના ધ્રુસકાએ વાડીના કૂવામાં પડઘા જગાડી પારેવાંને ચમકાવ્યાં. પછી સારી પેઠે હૈયું ઠાલવીને એણે કહ્યું: "હમણાં જ તને બધી વાત કરું છું ભાઈ, તે પહેલાં એક વાર મને સામટું વહાલ કરી લેવા દે."

પંપાળ્યો, પંપાળ્યો, ખૂબ પંપાળ્યો, માના ખોળે રમતો બાળ હોય તેવી મમતાના અંઘોળ એને માથે ને મોં પર કરી નાખ્યા, ને પછી કહ્યું: "વીરુ! તારું

પૂરું નામ વીરધવલ છે. તારો પિતા હું નથી; ધોળકાના વાઘેલા રાણા લવણપ્રસાદ છે, જે એક રાતે એક વાર આપણે ઘેર મહેમાન બની ગયા હતા. યાદ છેને, તું અજાણ્યો મટીને એના ખોળામાં રમ્યો હતો?''

''યાદ છે.''

''એ તારા પિતા ને આ તારી માતા. હું વચ્ચે આવ્યો – મારાં પ્રારબ્ધને વશ બની. તારા પિતા તે રાત્રિએ મારો જાન લેવા આવ્યા હતા, પણ તારા પરના મારા પ્રેમે મને બચાવ્યો; એ જીતી ગયા ને હું સદાનો હાર્યો. એણે મને તારી સોંપણી કરી, તે રાત્રિથી તું મારો મટી પારકી થાપણ માત્ર બની ગયો, ને તે દિવસથી તારો ઉછેર મેં જુદી ઢબથી કર્યો. આજ એણે મારો સંદેશો જવાથી તને તેડવા દૂત મોકલેલ છે.''

ઘૂંટણ ઉપર બે હાથ ભીડીને વીરધવલે બધું સાંભળી લીધું. પછી એણે માથું ઊંચું કર્યું. એની આંખોમાં શૂન્યતા હતી. આ કથા સાંભળતે સાંભળતે એની ઊર્મિઓએ જુદા જુદા પછાડા માર્યા હતા – વાત કહેનાર આ પાલકને મારી નાખું? ઘેર જઈ માતાનું મસ્તક છેદી નાખું? કે હું પોતે આપઘાત કરું?

પણ નબળા આવેશો ઉપર તરત જ સદાવેશો સવાર થતા હતા – આ પરપુરુષ અને આ ભાગેડુ મા, બેઉની વચ્ચે એણે આછકલાઈનો એક પ્રસંગ પણ કદી દીઠો નહોતો. પોતાની હાજરીમાં એ બેઉ કદી હસ્યાં પણ નહોતાં. ને પોતાને એણે પ્રાણથી વધુ કરી સાચવ્યો હતો. પણ આ પાલકપિતાથી પોતાના સગા બાપની દિલાવરી શું ચડી નહોતી જતી?

બેઉને એણે પડખોપડખ મૂકીને માપ્યા. કોણ ચડે? કોણ વધુ પ્રકાશી ઊઠે? કોને પોતે વધુ વહાલા ગણે?

કોને હું દુષ્ટ કહું? બધાં સંજોગોને વશ બની વર્ત્યાં છે. આજે ત્રણેયની ખાનદાનીની શગ ચડી રહી છે.

આને છોડીને કેમ જાઉં? આનું ગઢપણ કોણ સાચવશે? 'વીરુ વીરુ' કહી સુકાનાર કંઠનું મારા ગયા પછી શું થશે?

અંધારું થતું ગયું તેમ તેમ ધોળકે બેઠેલ પિતા લવણપ્રસાદની તે રાત્રિએ નિહાળેલી વીર પ્રતિમા ખેંચાણ કરી રહી. એની સામેનું ખેંચાણ આંહીં નજરોનજર બેઠેલા પાલકનું હતું. બેઉ ખેંચાણોનો ગજગ્રાહ મચી ગયો. પોતાનો ધર્મ નક્કી ન થઈ શક્યો.

હું આટલાં વર્ષોનો ગરીબ ખેડુપુત્ર: કલંકિત, અભણ, સંસ્કારહીન – અરે, હું કયે મોંએ ધોળકે જઈ પિતાની રાજગાદી પર બેસી શકીશ? મને રાજ કરતાં

કેમ આવડશે? મને કોઈ મે'ણું દેશે તો?

ગડમથલનો પાર ન રહ્યો. આખરે એણે કહ્યું: "મારે નથી જવું."

"કેમ?"

"માછલું પાણી મૂકીને નહીં જઈ શકે."

"બેટા!"

"બસ! મને એમ કહીને જ બોલાવો. મને ન કાઢી મૂકો. મારે રાજા નથી થવું."

"ભાઈ! તારા પિતાની જિંદગાનીમાં જે ઘોર સૂનકાર પડ્યો છે તેનો વિચાર કરું છું ત્યારે જ તને જાકારો દઉં છું. તને ખબર છે, તારા પિતા ફરી વાર પરણ્યા નથી. એ એકલે પંડ છે, વીરુ! એ સાધારણ માનવી નથી, સંત છે."

"ત્યાં – ત્યાં મને મા નહીં મળે."

"મા! ગુજરાત જેવી જીવત જાગ્રત હાજરાહજૂર મા છેને સૌની?"

"હું એ બધું કેમ કરીને સમજીશ! હું ભણ્યો નથી, ગણ્યો નથી."

"બેટા! તારું ભણતર તો તારા લોહીમાં ભરેલું છે. તું અભણ હોત તો તો તેં ક્યારનું માથું ખોઈ બેસીને મારા ને તારી માના કટકા ન કર્યા હોત? એ એક જ લાગણી તને રાજા બનવાને લાયક બનાવે છે. એ તારા બાપનો મહાન વારસો છે; એવડી મોટી શક્તિ આંહીં મારા ઘરમાં નહીં સમાય; કાં વેડફાઈ જશે, ને કાં આડે માર્ગે ઊતરી જશે."

સંધ્યા આથમી ત્યારે બેઉ ઘર તરફ વળ્યા. દેવરાજ પટ્ટકિલે એના હાથમાંથી સાંતી અને બળદની રાશ લેવા માંડી.

"નહીં બાપુ! મને છેલ્લી વાર ઘર સુધી હાંકી જવા દો." એવો આગ્રહ રાખીને એ યુવાને બળદ હાંક્યા. બળદને ગળે ટોકરી વાગતી હતી, તેમ પોતાને કંઠે પણ રાતાં મોતીની માળાની રૂપેરી ઘૂઘરીની સેર ઝીણો ઝીણો રવ કરતી હતી. એ રવ પરથી વીરુ અંધારે પણ પરખાતો.

જુદી જુદી સીમોમાંથી સાંતી પાછાં વળતાં હતાં અને ઝાંપામાં પેસતાં જુદે જુદે સાંતીડેથી જુવાનો ટૌકા કરતા હતા:

"વીરુ... એ હેઈ વીરુ! આજ ચાંદો ઊગ્યે સૂરપાટી રમવી છે. ખબર છે ને?"

"કોણ, વીરુભાઈ!" બીજાએ કહ્યું, "કાલ મારી જાનમાં આવ્યા વગર છૂટકો નથી હો કે, નીકર જોયા જેવી થાવાની."

"એ વીરુભાઈ!" ત્રીજો બોલ્યો, "મોટો પટેલનો છોકરો મૂઓ છો તે ધોળકાની

વેઠ્યો તો મટાડ. લાંબા થઈ ગિયા છૈયેં, ભા!''

''આજ કેમ જીભડો સિવાઈ ગિયો છે, ભા?'' વળી કોઈક બોલ્યું, ''બાપુએ હેડ્યમાં નાખવાની વેતરણ આદરી છે કે શું? એવું હોય તો ઝટ કહી દેજે, ઘરના દાણા વેચી કરીને પણ જાનમાં જાવાનાં નકોર લૂગડાં સાબદાં કરી વાળીએ.'' (અર્થ એમ કે તને પરણાવી દેવાની તૈયારી છે કે શું?)

પણ વીરુ ચુપચાપ સાંતી હાંકીને ઘર તરફ ચાલ્યો ગયો. આ બધા સ્વરો એના કલેજાને જકડી રહ્યા હતા.

''જુલમ અને અંધેરમાં પિલાઈ ગયેલા આ સૌને – ભાઈ, ધ્યાનમાં લેજે. હજારો ગામડાંનો કચ્ચરઘાણ નીકળી ગયો છે, ભાઈ! એને ખાતર – એને ખાતર તું જા.'' દેવરાજે છેલ્લી કાકલૂદી કરી.

'આ બધાનો હું આવતી કાલે ઉદ્ધારક બનીશ કે પીસણહારો?' વીરુની આંખે અંધારાનું ચક્કર ફરવા લાગ્યું. 'આ ધરતીના સાચા પુત્રો, એને હું ભૂલી જઈશ તો?'

ગમાણમાં જઈ જ્યારે એ બળદોને બાંધવા લાગ્યો ત્યારે એની છેલ્લી કસોટી થઈ. બળદ એના હાથ પર જીભ ફેરવવા લાગ્યા. એની સામે જોઈ ઊભા રહ્યા. વાછડા હતા તેને મોટા કરી કાંધે ધોંસરું નાખનાર વીરુ જ હતો. કેવા કોડથી એની ઘૂઘરમાળ ઘડાવી લાવેલો! ને એ ખાણ નીરવા આવ્યો ત્યારે કાથરોટમાં મોઢાં બોળવાને બદલે એ સામે તાકીને ઊભા રહ્યા. વીરુ એને ગળે બાઝી પડ્યો. બોલતાં એને આવડતું હોત તો એની મનોવેદના કંઈક આવે શબ્દે બહાર પડત: 'શંભુના વાહન! ગૌરીપુત્રો! મને આશીર્વાદ દો, કે હું મારું ભાન ન ભૂલું.'

એની છેલ્લી કસોટી તો બહુ વસમી હતી. ભાણે બેઠો ત્યારે મા કંસાર પીરસવા આવી. માના મોં ઉપર ઘૂમટો ખેંચાયેલો હતો.

પુત્રને ન બતાવવા જેવું મોં ઢાંકીને પીરસનારી જનેતાના પગ વીરુએ ઝાલી લીધા: ''મા, માડી, તું ચાહે તેવી તોય મારી તો મા છો. મા, તેં મોટો કર્યો, તેં ગળાટૂંપો દઈને કૂવે નાખી દીધો હોત તો? તારો ન્યાય તોળવા હું કેમ બેસીશ, મા? મને આજ તું ત્યાગી રહી છો મા, તો ઊજળે મોંએ આશિષ આપ કે હું તારી કૂખને ન લજાવું. મા, તું મોં બતાવીને પીરસીશ તો જ હું ખાઈ શકીશ.''

''બાપ!'' માએ પાલવ પાથરીને પુત્રની સામે ધર્યો: ''મને વીસરી જાજે, મૂએલી માનજે. તારા ઉપર કોઈક માઠો સંસ્કાર પાડ્યો હોય તો માફી દેજે.''

''માડી, તું તો છોરુની ભાગીરથી ગંગા છો. હું બીજું કાંઈ સમજતો નથી.''

''ભાઈ, વહેલો વહેલો પરણીને તારા બાપની આંતરડી ઠારજે. હું હારી છું;

એ તો જીતી ગયા. ને ભાઈ, કોઈ કરતાં કોઈ પૂછે તો કહેજે કે મા તો નાનો મૂકીને મરી ગઈ છે."

"ફરી વાર –"

"ફરી વાર હવે મળવાનું નહીં બને, મારા પેટ!"

કંસાર ગળા નીચે ઊતર્યો નહીં. પણ બાપે બેટાની સાથે છેલ્લી વાર ધરાઈને ખાઈ લીધું.

"એ હું આંહીં નહીં પહેરું." તેડવા આવનાર દૂતે એને આપવા માંડેલા રાજપોશાક ધારણ કરવાની એણે ના પાડી. પોતાનાં ખેડુ-વસ્ત્રે જ એ જાડી ભેટ-પિછોડી બાંધીને તૈયાર થયો.

છેલ્લી વાર એ પોતાના ઉપરવટ નામે વછેરાને મળી લેવા ઘોડહારમાં ગયો. ત્યાં જઈ જુએ તો દેવરાજ પટ્ટકિલ ઘીનો દીવો કરીને વછેરા ઉપરવટ પર નવોનકોર સામાન નાખતા હતા, ગળે જેરબંધ અને મોવટો નાખતા હતા.

ઉપરવટને છોડીને દેવરાજ બહાર લાવ્યા, કહ્યું: "લે બાપ, પલાણી જા. આ ઉપરવટ તને રણસંગ્રામમાં વિજય દેજો. વીરને શોભે તેવું મૃત્યુ અપાવજો."

"એકલો વળાવી મૂકવો છે?" મદનરાણીએ દેવરાજને એકાંતે પૂછ્યું. એના મોં પરનો ઘૂમટો વણઊપડ્યો રહ્યો, ને જિંદગીભર એ મોં ઢાંકેલું જ રહ્યું હતું.

"ત્યારે?" દેવરાજે પૂછ્યું.

"ક્ષત્રી શું ધારશે?"

"તો હું મૂકી આવું?"

"તમે એકલા નહીં. હું પણ સાથે આવું. મારે છેલ્લી વારની થોડી ભલામણ કરવી છે."

"રૂબરૂ મળવું છે?"

"હા, પણ વગડામાં."

બેઉ જણાંએ વીરધવલને સંગાથ કરાવ્યો. અને વીરધવલને સંભાળી લેવા માટે રાણા લવણપ્રસાદને વાત્રક-ચંદનાના મહાસંગમ વૌઠેશ્વર મહાદેવ પાસે તેડાવ્યો. રાણા લવણપ્રસાદને ખબર નહોતી કે વીરધવલને મૂકવા એક બાઈ પણ આવેલ છે. છ વર્ષ પછી પહેલી જ વાર વીરધવલને નિહાળવાનું અને પોતાના પુત્ર તરીકે સ્વીકારવાનું ટાણું બહુ કપરું બન્યું. મંદિરના ઓટા પર બેઠાં બેઠાં બેઉ નીચાં માથાં ઢાળી રહ્યાં. તેમને આમ બેસવા કરતાં તો નવકૂકરી રમવાનું વધુ સ્વાભાવિક થઈ ગયું હોત. ને દેવરાજ તો પોતાના રુદાનું રુદન પૂરેપૂરું ઠાલવી નાખવા તેમ જ મદનરાણીને અને રાણાને નિર્બંધપણે મળવા દેવા દૂર ચાલ્યો ગયો હતો. રાત

અજવાળી હતી પણ થોડીક જ રહી હતી.

ઘૂમટો કાઢીને મદન આગળ આવી, ને એણે એક નાની દાબડી લવણપ્રસાદના પગ પાસે મૂકી.

ચકિત થઈને બેઠેલા લવણપ્રસાદને મદનરાજ્ઞીએ કહ્યું: "તમે સપાદલક્ષણ(અજમેર)થી ચાર મહિનાના વીરુને માટે સોને મઢ્યો વાઘનખ લઈ આવેલા તે સાચવીને પાછો સોંપું છું, એના બાળને ગળે બાંધજો. બસ, બીજું કાંઈ કહેવાનું નથી."

એટલું એ બોલી રહી ત્યાં ચંદ્રમા આથમ્યો, તારા ટપોટપ અદૃશ્ય થવા લાગ્યા. બાપદીકરાને મૂકીને સ્ત્રી ચાલી ગઈ.

# 11
# આરા-પાણીનાં છાનગપતિયાં

દસ વર્ષ પછી –

મલાવ તળાવનાં પાણીમાં દિવસભર જેટલાં વળિયાં પડતાં, તેટલાં જ ત્યાં જનરવનાં જૂજવાં મોજાં લહેરાતાં.

જનરવ શમી જતો ત્યારે રાતને એકાંત-પહોરે મલાવના આરા અને મલાવનાં પાણી વચ્ચે છલક છલક સ્વરે જાણે કોઈ વાર્તાલાપ ચાલતો. પાણી પૂછતું હતું, આરા જવાબ વાળતા હતા. મધ્ય ભાગમાં પાણીની વચ્ચોવચ્ચ ઊભેલા મીનલપ્રાસાદના મહાદેવ એકલા જાણે આ વાર્તાલાપ સાંભળતા અને મંદિરના ગર્ભાગારમાં બળતી દીવાની જ્યોત વચ્ચે વચ્ચે ચિડાઈને શિખા ધુણાવતી, શિવપાર્વતીને પૂછતી હતી કે તમે કેમ શોકમાં રહો છો? કહેતાં કેમ નથી? પાણી અને આરાના બબડાટ તમને શી વ્યથા કરી રહ્યા છે?

પાણી પ્રશ્ન કરતાં: 'પહેલાં પાંચ વર્ષ તો આંહીં નિત્ય નિત્ય નવલા નવલા પ્રજાજનોની ભીડ ઊભરાતી, ને હવે કેમ તમારાં પગથિયાં ખાલી પડ્યાં રહે છે, હેં આરા?'

આરા જળવાણીને જવાબ સંભળાવતા: 'આવેલાઓ પસ્તાઈને પાછા ચાલ્યા જાય છે. આવવા તૈયાર થયેલાઓ આંહીંની હાલત સાંભળીને અટકી જાય છે. ગામોગામ ખબર પડ્યા છે કે ધોળકે તો મામા આવ્યા પછી કોઈને સુખ રહ્યું નથી.'

'મામા કોણ છે?'

'મામાને ઓળખતાં નથી, મૂરખાં મલાવનાં પાણી! તમારાં હૈયાં ઉપર હોડીઓ તરાવે છે, હંસો, બતકો ને જળકૂકડીઓને ઝાલી જાય છે એ મામાને નથી ઓળખતાં? એનું નામ સાંગણમામા.'

'એ ક્યાંના છે?'

'સોરઠ દેશના, વામનસ્થલી રાજના: આપણા રાણા વીરધવલના સાળા, રાણી જેતલબાના માડીજાયા.'

'મામા સાંગણ ઠેઠ વામનસ્થલીથી આંહીં આવ્યા, તેમાં બીજા કેમ પાછા જાય

છે? આવેતુઓ કેમ અટકી જાય છે?' એમ પૂછતાં પૂછતાં પાણી વધુ ને વધુ ઉત્સુક બની, આરાનાં પગથિયાં ઉપર દોડાદોડ કરે છે, પણ આરાના લીસા પથ્થરો તેમને લપસાવીને પાછાં મલાવમાં ઉતારી મૂકે છે, પછી જવાબ આપે છે:

'કારણ કે મામા સાંગણ આંહીંનું મંત્રીપદ કરે છે અને એને મોંએ મીઠાશનું મધ ઝરે છે.'

'મોંએ મીઠાશ ઝરે તેથી બીજાં નાસે કેમ?'

'એમ કે મનમાં ઝેરી કાળા નાગને સંઘરે છે મામા.'

'મનમાં કાળા વખનાગ શું કરે છે?'

'ધવલક્ક(ધોળકા)ની પ્રજા ઉપર ઝીણા-મોટા નવા કરવેરા નાખે છે, અને ધવલક્કની નીપજ વામનસ્થલી ભેગી કરે છે.'

'મામાને એમ કરવા કોણ આપે છે? શા માટે એમ કરવા દે છે?'

'મામાને એમ કરવા રાજના અધિકારીઓ આપે છે, જૂના દંડનાયક વામનદેવ પણ મામાની મદદમાં છે. ગામેગામના પટ્ટકિલો (પટેલો) ભળી જાય છે, કેમ કે મામાની લૂંટમાંથી એમને ભાગ મળે છે.'

આરાના સ્વરો, વાત જેમ જેમ આગળ ચાલી તેમ તેમ ભયભીત અને ધીરા બનતા ગયા. અહોરાત બડબડાટ કરવાની પાણીની લત તો જાણીતી છે! એટલે વળી પાછાં અજંપ્યાં જળ નવા પ્રશ્નો પૂછીને આરાનું મગજ પકવે છે –

'મોટા રાણા ને નાના રાણા કેમ પોતાના રાજને લૂંટાવા આપે છે?'

'બેમાંથી એકેયને ક્યાં ખબર છે? નવા રાજા, નવી પ્રજા, પોતાનું કોણ? મોટામાં મોટું સગપણ બેન–ભાઈનું. ભાઈને પોતાનો ગણીને રાણી જેતલબાએ રખેવાળ કર્યો. કોને ખબર કે વાડ થઈને ચીભડાં ગળે છે?'

'નાના રાણાને મોટા રાણાએ વામનસ્થલીના એવા લૂંટારા પઢિયારને ઘેર કાં પરણાવ્યા?' જળનો અવાજ વેદના પકડતો હતો.

'સામેથી દેવા આવ્યા, ગળે પડ્યા. ગણતરી જ એવી કે બે'નની માલમતાએ ઘર ભરવા થાશે. મોટા રાજવળાને દીકરી દેવાનો એ જ આશય હોયને!'

'જેતલબાનેયે જાણ નહીં હોય?'

'જેતલબાના દરદાગીના પણ મામાએ તાળાંચાવીમાં રાખેલ છે. જેતલબાને તો પટાવી લીધાં છે – એમ કહી કહીને કે તારો સસરો તો ગુજરાતને આબાદ કરવા ગાંડોતૂર બન્યો છે. ધોળકાની સંપત્તિ પાટણમાં લઈ જઈ પધરાવે છે, તને ભીખ માગતી કરશે, લાવ તારા દરદાગીના સાચવીને રાખું.'

'મોટા રાણાને પાટણનું શું હજુય ઠેકાણે નથી પડતું?'

'અરે... એની તો દુર્દશા થઈને! એ તો એ જ જીવી શકે ને જીરવી શકે. મારવાડ દેશના ચાર રાજા એના ઉપર તૂટી પડવાની વાટ જ જોઈ બેઠા છે. મોટા રાણા રાજપૂતાનાના રાજેરાજમાં સાંઢિયો ખૂંદાવતા ભમી વળ્યા, સૌને સમજાવી વળ્યા કે આપણે સૌ એક થાઓ, નહીંતર આ યવનોનાં ધાડાં સૌને ગડપ કરી જશે: તો જવાબ શું મળે છે, ખબર છે? જવાબ મોંએથી તો મીઠો મધ જેવો મળે છે, પણ પાછળથી બધા બોલે છે કે એકેય ક્ષત્રિયની ગાદી ન ટકી રહી ને ગુર્જર દેશ એકલો જ યવનોની સામે ટક્કર ઝીલે તેમાં અમારું શું ગૌરવ?'

'હં-હં-' પાણી બોલ્યાં, 'એ તો આંહીં ધોણ્યો ધોવા આવતાં બૈરાંઓ બોલે છે તેના જેવું: આવ બાઈ હરખાં તો આપણે બેય સરખાં.'

'હાં-હાં! હવે તમે સમજ્યાં, હો પાણી! પછી થાકીને મોટા રાણાએ ગુર્જર દેશના નિજના જ, નોખનોખા ચોકા જમાવી બેઠેલા મંડલેશ્વરોને ઘેર જઈ જૂથ બાંધવા સમજાવ્યા. પણ એ ટેંટાં તે માને? એને સૌને તો એમ છે કે કોના બાપની ગુજરાત! કટકો કટકો સૌ સૌના બાપનો. એમાંય પેલા ગોધ્રપુર(હાલનું ગોધરા)ના રાજા ઘુઘૂલે હમણાં શો જવાબ મોકલ્યો છે જાણો છો? જવાબમાં કશો કાગળપત્ર નહીં, કશો સંદેશો નહીં, પણ બે વાનાં: ફક્ત બે જ વસ્તુઓ: એક સાડી – બૈરાંને પહેરવાની સાડી, ને બીજી બૈરાંને આંખોમાં આંજવાની કાજળની દાબડી, હી-હી-હી હી-' આરો હસી પડ્યો.

'એનો શો અર્થ?' પાણીએ પૂછ્યું.

'મૂઢમતિ! આટલાં વર્ષોથી રોજ રોજ અપાર સાડીઓના મીઠા માદક મેલ ખાઓ છો, અને હજારો લલનાઓનાં લોચનોમાંથી, રાત્રિએ રાત્રિના સૂરત-શણગારનાં સુગંધી કાજળો લૂછીને લઈ જાઓ છો તોપણ સાન ન આવી? શાની આવે? તમે તો પાણી: નાન્યતર જાતિ! નપુંસકો! તમને નર કે નારીના સંકેતોની ગતાગમ ક્યાંથી પડે?'

'પણ હવે તો પાડો, મોટા મરદ મુછાળા!' પાણી બબડ્યાં.

'ગોધ્રપુરના ઘુઘૂલે સાડી અને કાજળની દાબડી મોકલી તેનો મર્મ એ થયો કે હે ગુજરાત! તું આ શણગાર સજીને મારી રાણી બની મારા અંતઃપુરમાં આવ. હું ગોધ્રપુરનો ઘુઘૂલરાજ તારા સમી કંઈક ભૂમિઓને મારી વિલાસિનીઓરૂપે રણવાસમાં રાખીને રહ્યો છું.'

'પછી મોટા રાણા તો ખિજાયા હશે.'

'ખીજનું તો શું પૂછવું? પણ કહે કોને? કરે શું? ગોધ્રપુરના ઘુઘૂલને દંડવાની શી મજાલ છે પાટણની! નાના રાણાને દોટાદોટ બોલાવ્યા પાટણ, પછી બાપદીકરો

બેઉ બેઠા બેઠા સમસમી રહ્યા છે. સાડી અને કાજળની દાબડી સાચવીને પટારામાં રાખી મૂકી છે.'

'મોટા રાણાને ક્યાંય સુખ નહીં, ક્યાંય વિસામો નહીં.'

'વિસામો' શબ્દ સાંભળતાં જ મલાવના મુખ્ય આરાની સામે ઊભેલો, વિસામા નામે ઓળખાતો, માથોડું ઊંચો ઓટો બોલી ઊઠ્યો:

'મારું નામ કેમ લો છો? મારી ઓથે આવીને કેટલીયે રાતનાં અંધારામાં કોઈક બે જણાં આંહીં મોટા રાણાની વાટ જોતાં ઊભાં રહ્યાં તે જાણો છો?'

'કોણ બે જણાં વળી? હેં મૂંગા! તને મૂંગાને વળી વાણી ક્યાંથી ફૂટી?' આરાએ વિસામાને ધમકાવી કાઢ્યો.

'એનું નામ દેવરાજ પટ્ટકિલ અને મદનરાણી. એ તો અહીં વારંવાર આવે છે. એને ખબર છે કે નાના રાણાનું સત્યાનાશ કાઢી રહેલ છે મામા. એની આંતરડી દાઝે એવી તો કોઈની ન દાઝે, ખબર છે મૂરખા!'

'એને શાનું દાઝે? એ કોણ?'

'એ હું શા માટે કહી દઉં? નહીં કહું. એ આંહીં ત્રણ વાર આખી રાત રોકાઈને પાછાં ગયાં, પણ મોટા રાણાનો ભેટો જ થયો નહીં. એણે તો આ મીનલપ્રાસાદમાં કેટલી વાર માનતાઓ ચડાવી!'

'કેટલી વયનાં છે?' આરાનું એક લીસું પગથિયું પણ વાતોમાં ઊતર્યું.

'દેવરાજ પચાસ વર્ષના, મદનરાણી ચાળીશનાં.'

'ત્યારે તો એ નહીં.' લાલ લાલ લીસા પગથિયાએ મોં મચકોડ્યું.

'એ વળી કોણ? તુંય બહુ સાફાઈ કરતું પાછું સ્પષ્ટ વાત કહેતું નથી. ઉપાડીને તને ફેંકી દેશે મામો, ખબર છે?' આરાએ પોતાના એ લીસા પગથિયાને ધધડાવી નાખ્યું.

'એ તો છે પચીસ અને અઢાર વર્ષનાં બે જણાં.'

'તારે ને એને ક્યાંની ઓળખાણ?'

'ઓળખાણ તો બહુ મીઠી છે. અને જેટલી મીઠી એટલી જ વેદનાભરી છે.'

''કેમ મીઠી ને વેદનાભરી?' પાણીએ પૂછ્યું.

'જુઓને, મારા જેટલો સુંવાળો છે કોઈ બીજો એકેય પથ્થર આ આરાનો? આંહીં પોતાના પગ ઘસીને કોણે મને ફરસું બનાવ્યું જાણો છો?'

'જાણી જાણી હવે!' આરો ચડભડ્યો, 'પેલી વયજૂકાએને?'

'હા, હા, પોરવાડ-ઓળના રસ્તેથી આંહીં ધોણ્ય ધોવા એ વયજૂકા આવે છે. અને રાજગઢમાંથી નાના રાણાની ધોણ્ય લઈને આવે છે એક વંઠક. એનું નામ

ભૂવણો ગૂડિય.'

'હા, અને હવે ભસી નાખને, પા'ણા!' આરો હી-હી-હી હસે છે, 'કે પોરવાડની પુત્રી વયજૂકા રાજગઢના ગોલા ભૂવણ ગૂડિયને પ્રેમ કરે છે, એ જ કહેવું છેને તારે, પગથિયા?'

'નહીં રે નહીં, રઢિયાળા! પોરવાડની દીકરી હાલતાં ને ચાલતાં તળાવ-પાળે પ્રેમમાં પડી જાય તેવી નથી. સૌનો પ્રેમ કાંઈ તારા શેવાળ જેવો લપસણો ન હોય. એ વયજૂકાનો ભાઈ દીઠો છે?'

'કોણ?'

'તેજપાલ નાણાવટી; મંડલિકપુરનો વાણિયો; આજાનબાહુ યોદ્ધો.'

'આજાનબાહુ યોદ્ધો હોય તો પહોંચે નહીં મામા સાંગણને!'

'હં-અં!' પગથિયું બોલ્યું, 'કાંઈ તારા રાજપૂતો જેવો ચડાઉ ધનેડું નથી કે તારા જેવાનો ચડાવ્યો ભુજાનાં જોર વાપરી નાખે!'

'ત્યારે?'

'એ તો સબૂરીભરી તૈયારી કરે છે. એને ઘેર તો ગામેગામનાં લોક આવે છે. કોઈ સોનારૂપાનાં ર   તહ્યાં ઘરેણાં વેચવા આવે છે, તો કોઈ જમીનો માંડી દેવા આવે છે. સૌને એ સમજાવે છે કે વેચી વેચીને ક્યાં સુધી લાંચ ખવરાવશો પટ્ટકિલોને, અધિકારીઓને ને મામાને? જૂથ બાંધોને! એકલઠ્ઠા બનોને!'

'તે આ દુઃખની વાત વયજૂકાનો ભાઈ રાણા-રાણકીને કેમ કહેતો નથી?'

'કાચું કાપે તેવો નથી એ વાણિયો. વસ્તી તો મામાની એક ત્રાડે રાણાની આગળ ફેરવી તોળે, કે ના રે ના, વયજૂકાનો ભાઈ તો જૂઠો છે! અમને તો મામાનું કાંઈ દુઃખ નથી! તો પછી વયજૂકાના ભાઈનો વક્કર શો રહે? એ તો વસ્તીને એવી ટેકનું પાણી પાય છે, કે મામો સાંગણ ઊભાં ને ઊભાં ફાડિયાં કરી નાખે તોપણ કોઈ પ્રજાજનનો બોલ બદલે નહીં.'

'એવું શે થાય?'

'વયજૂકાનો ભાઈ પોતે ટેકીલો થાય તો જ થાય. પણ એ ટેકની કસોટી લોકો નજરે જુએ તો જ થાય.'

'પણ વયજૂકાની ને વંઠક ભૂવણાની શી વાત કરતું હતું તું, એ તો કહે સુંવાળા પગથિયા!'

'એ નહીં કહું.' એમ કહીને પગથિયું ચૂપ થઈ ગયું.

કેમ કે પરોઢ પડતું હતું. આરા ઉપર એક અઢાર વર્ષની કુમારિકા સ્નાન કરવા ઊતરતી હતી. તેની સાથે એક છવ્વીશેક વર્ષની શ્યામવરણી સ્ત્રી હતી.

એકનું નામ વયજૂકા ને બીજીનું નામ અનોપ. એક નણંદ ને બીજી ભોજાઈ. એક કુમારિકા ને બીજી સુવાસણ, છતાં ઘડીક કુમારી લાગે ને ઘડીક વિધવા ભાસે.

શિવના સ્તોત્રધ્વનિ સામસામી પાળે ગુંજતા થયા. લોકો નાહતાં હતાં. મંદિરમાં પ્રાતઃકાળના ઘંટા વાગતા હતા.

12

# શાંત વીરત્વ

ધોળકાને હાટડે હાટડે બે માણસો ફરતા હતા ને એમાંનો એક બ્રાહ્મણ વેપારી જેવો દેખાતો માણસ, પોતાના ખેસનો છેડો ઘડી વાર આ ખભે તો ઘડી વાર બીજે ખભે ઉલાળતો, અર્ધ અમલદારી અને અર્ધ મહાજનશાહી તોરથી પ્રત્યેક દુકાને કહેતો હતો:

"કાં, ચાલો છોને મહાજનમાં? મામા પધારેલ છે."

દુકાનદારો પૈકીના કેટલાક આ નોતરાને હોંશેહોંશે વધાવી લઈને "હા જી ચાલો, મામા પધારેલ છે એમ!" એમ કહેતાં સબોસબ બેઠા થઈ જૂતા પહેરતા હતા. બીજા કેટલાક જમનું તેડું આવ્યું હોય એવી ધાક અનુભવી "આવું છું, હો મહાશય!" એવો જવાબ દઈને ચિંતાતુર મોં કરી ઘડીભર લમણે હાથ દેતા હતા.

આખી બજારમાં 'મામા આવેલ છે: મામા પધારેલ છે' એવો રણકાર થઈ રહ્યો. ચાલ્યા જતા વ્યાપારીઓના ટોળામાંથી અવાજ ઊઠતા હતા: "ઓ સુખપાલ, ઓ ક્ષેમાનંદ, ઊઠો, ઝટ ઊઠો, વેપલો પછી કરજો. મામાનું તેડું છે. નાહકના શીદને આંખે ચડવા જેવું કરો છો?"

બોલનારાઓ જાણે કે ઇરાદાપૂર્વક જ આ શબ્દો બોલતા હતા. તેમનો ઇરાદો ચોક્કસ નામો લઈ લઈને અમુક વ્યાપારીઓને પેલા ખેસધારી ગૃહસ્થની આંખે ચડાવવાનો હતો.

"કાંઈ નહીં ભા, કાંઈ નહીં. બેસી રહેવા દોને એમને! કરવા દોને વેપાર! મામા તે શી વિસાતમાં છે એમને ચમરબંધીઓને!"

એમ ટોણો મારતો એ ખેસધારી ગૃહસ્થ પોતાની સાથે ચાલતા એક રાજપૂતવેશધારીને ન ઊઠનારાઓનાં નામ કહેતો હતો.

રસ્તામાં નાણાવટ બજારમાં એક નાની-શી હાટડીનાં બારણાં બંધ હતાં. એ જોઈને પેલા ખેસધારીએ તિરસ્કારથી કહ્યું: "આ મોટો મલ્લરાજ ક્યાં મૂઓ છે? વેપલોબેપલો કરે છે કે નહીં આ મંડલિકપુરવાળો તેજપાલ?"

ટોળામાંથી કોઈએ કહ્યું: "એ પાણીનાં પતાળ તો ઊંડાં છે, વામન શેઠ! તાગ

લાગે તેમ નથી."

"એને ખબર તો છે કે આજ બપોરે મામા પધારવાના છે ને સૌએ હાજર રહેવાનું છે! આંહીં કાંઈ ન્યાતનો જમણવાર નથી કે કોઈ માનપાન માગે!"

"વહુ આણું લઈને આવ્યાં છે, ભાઈ, છેક ભદ્રાવતીથી. અને આ તો તેજપાલ શેઠની ભરજુવાની છે."

"કેટલીક વયનો છે?"

"સમજાતું જ નથી. છેલ્લાં પાંચ વર્ષોથી જોઉં છું: એવો ને એવો લાલચટક છે."

"કહે છે કે રાતે ગામબહાર રાણકીના મેદાનમાં જઈ મારો બેટો તલવારપટા ખેલે છે."

"અમે તો સાંભળ્યું છે કે વહુને પણ કટારી વીંઝતાં શીખવે છે."

"એની મા મંડલિકપુરમાં ગુજરી ગઈ. એ જબરી હતી. રંડીપુત્ર શે'જાદા બન્યા છે."

"એનો મોટોભાઈ ક્યાં છે?"

"એ તો હજુય, કહે છે કે, પાટણ અભ્યાસ કરે છે, મુનિ વિજયસેનસૂરિ પાસે. આ ભાઈને ને સરસ્વતીને હાડવેર, એટલે એ વેળાસર ધંધે લાગી ગયા."

"આ તેજપાલની નાણાવટ કેવીક ચાલે છે?"

કોઈએ ધીમેથી કાનમાં કહ્યું: "ભારી નીતિવાન હોવાનો ઘમંડ રાખે, ચોરાટિયો ખેડુ-ગંજ રાખે નહીં. પટ્ટકિલોને વરસ દા'ડે કશું જાણે નહીં, એટલે બે પાંદડે થાય ક્યાંથી?"

"પણ વહેવારનો બહુ ચોખ્ખો, ભાઈ!"

*

નગરશેઠની દુકાનની મેડી પર તકિયાને અઢેલીને એક રાજપૂત બેઠો હતો. એની સુરવાળ, એની ભેટ અને એના પગનો તોડો વગેરે સ્પષ્ટ બતાવતાં હતાં કે આ રાજપૂત અણહિલપુર કે ગુજરાતની નહીં પણ સોરઠની પેદાશ છે.

"મામા, જય સોમનાથ," એમ કહી કહી બેઉ હાથે લળી લળીને માન દેતા વ્યાપારીઓ ટપોટપ બેસી ગયા. એમાંથી કોઈકને જ એ મામા નામે ઓળખાયેલા ક્ષત્રિયે સામો હોંકારો વાળ્યો.

એને મન જાણે આ બધાં મગતરાં જ હતાં. એની આંખો ઠરડી જ રહેતી. આંખોના ખૂણાને પોતે અંદરથી જોર કરીને ઇરાદાપૂર્વક જ લાલ રાખતો હોય એમ લાગ્યા કરતું.

"ભાઈઓ!" પેલા ખેસ ઉછાળતા વામનદેવે ઊભા થઈ, ફરી એક વાર ખેસનાં છોગાં ઉલાળી, છાતી ને ખભા પર બેચાર વાર ખેસ ગોઠવતે ગોઠવતે કહ્યું: "તમે સૌ જાણો છો કે મહાશય મહાસુભટ સાંગણમામાએ આપણને આંહીં શા માટે એકત્ર કરેલ છે – અરે નહીં, મારી ભૂલ થઈ, મામાને આપણે આંહીં શા સારુ નિમંત્રેલ છે. આપણા રાણાજી વીરધવલ મહારાજને ઘેર કુંવર અવતરેલ છે. આંહીં મારે કહેવુ જોઈએ કે રાણા વીરધવલ પોતે ભલે પોતાને મહારાજ કહેવરાવવાની ના પાડે, પણ આપણા તો એ મહારાજાધિરાજ જ છે. પાટણના એ વારસદાર છે. અને જેતલદેવીબા આપણાં મહારાણી છે. એમને કુંવર જન્મે એ તો વસ્તીનાં પરમ પુણ્યોનું ને આપણી દિવસરાતની પ્રાર્થનાઓ–માનતાઓનું ફળ છે. મેં પોતે જ મહારાણી જેતલબાને કુંવર ન જન્મે ત્યાં સુધી મિષ્ટાન્નની બાધા રાખી હતી. તમે પણ સૌએ રાખી હશે. હવે આજે આપણે કુંવરપછેડો કરવાનો છે. સૌએ પોતાના અંતરના ઉમળકા આજે ઠાલવી નાખવાના છે. એક પછી એક બોલતા આવો ને હું લખતો આવું છું."

એમ કહી એ માણસે એક તાડપત્રી કાઢી તેના પર લેખણ ચલાવી.

"નગરશેઠના..."

"લખો પાંચસો દ્રમ્મ." એક ચિંતાગ્રસ્ત બેઠેલા પુરુષે રકમ કહી.

"નહીં નહીં, વાત છે કાંઈ, શ્રેષ્ઠીજી! આ તો કાંઈ અંતરનો ઉમળકો કહેવાય? મામા જેવા લાખેણા પુરુષની પધરામણી કરાવ્યા પછી આમ ખડ શું ખાઓ છો, શેઠ?"

એમ કહીને એ ખેસધારી વક્તા વામનદેવે મામા સાંગણ તરફ જોયું. મામાએ સહેજ ઠરડી આંખ નગરશેઠ તરફ કરીને મક્કમ અવાજે ધીમેથી કહ્યું –

"એક મીંડું ચડાવી દો."

"રંગ! શાબાશ નગરશેઠ! મામાએ તમારું મીંડું નહીં પણ ઈંડું ચડાવી દીધું. હાં, બીજાઓ હવે બોલતા આવો."

પણ પછી તો એ ગૃહસ્થે કોઈ કરતાં કોઈને બોલવાની તક આપ્યા વગર પાંચસોના પાંચ હજાર, સોના હજાર, પચાસના પાંચસો એમ મીંડાં ચડાવતે ચડાવતે ટીપ લંબાવ્યે રાખી.

એ વખતે મેડીના દાદર પર એક માણસે માથું કાઢ્યું. તેની છાતી, કમ્મર, પગ વગેરે જેમ જેમ દેખાતાં ગયાં તેમ તેમ એ પૌરુષની પ્રતિમા જેવો ભાસ્યો. ફક્ત એ પૌરુષમૂર્તિ પર વસ્ત્રો જાડાં હતાં.

"આ આવ્યા, મંડલિકપુરવાળા તેજપાલ શેઠ. મોડું કેમ થયું, શેઠ? મામા

ક્યારના યાદ કરે છે.'' એમ કહીને એ ખેસ ઉછાળતા વામનદેવે નવા આવનારને ભોંઠો પાડી, બીજાઓને હસાવી હળવા કર્યા.

તેજપાલ, નાનપણમાં તેજિગ નામે આપણે ઓળખેલો તે જ આ યુવાન, કશું બોલ્યા વગર છેલ્લી પંગતની પાછળ બેસી ગયો. મોં પરથી એ જરા મૂઢ અને અણસમજુ દેખાતો હતો. બહુ નિહાળીને કોઈ બુદ્ધિશાળી ઉકેલે તો એની આંખોમાં વ્યથાના અક્ષરો વંચાય.

''એમ બોઘા બનીને બેસી ન જાઓ, શેઠિયા, ઊઠો,'' પેલા ખેસ ઉલાળનારાએ લગભગ પચાસમી વાર ખેસ સરખો કરતે કરતે કહ્યું, ''તમે મંડલિકપુરથી આંહીં આવી પુષ્કળ કમાયા છો ને તમારા વડીલો તો છેક કર્ણદેવના વખતથી પાટણના મહારાજાઓનો કસ કાઢતા આવેલ છે એવું સાંભળ્યું છે.''

તેજપાલે બેઠાં બેઠાં જ પેલાને વધુ બોલતો અટકાવીને કહ્યું: ''મારા વડીલોની વાત કૃપા કરીને આંહીં ન કરો.''

આટલા શબ્દોએ મહાજનસમસ્ત પર એક આંચકો માર્યા જેવી અસર કરી. કેમ કે એકાદ વર્ષથી ધોળકામાં આવેલ આ નાનકડા વ્યાપારીને કોઈએ ઊંચે અવાજે બોલતો પણ નહીં સાંભળેલો.

''તે ઠીક છે,'' વામનદેવે વાગ્ધારા ચાલુ રાખી: ''પણ તમે શેઠ, નવા ન કહેવાઓ, તમે આંહીંના મહાજનનો વિનય પણ નથી જાણતા. તમે કૃપાળુમામાને અભિવાદન પણ નથી કર્યું. મૂઢની માફક બેસી ગયા છો. હશે, કૃપાળુમામા તો મોટા મનના છે, એને કાંઈ દુઃખ ધોખો નથી, પણ આપણી સાત પેઢી, આપણાં માવતર, આપણા ઘર-સંસ્કાર... આપણી કિંમત થઈ જાય. આપણી જણનારીનો બોજ...''

''શેઠજી!'' તેજપાલે જરાક ઊંચા થઈને ફરી પાછો પેલાને બોલતો અટકાવ્યો, ''હું ફરી વિનંતી કરું છું કે મને જે કહેવું હોય તે કહો. મારી જણનારીની વાત આંહીં ન કરો.''

''તારી જણનારીની નહીં ભાઈ નહીં, અમે તો અમારી સૌની જણનારીની પ્રસ્તાપી વાત કરીએ છીએ.'' પેલો ટીખળ કરવું છોડીને ખીજે બળતો થયો.

''આપ આ શું લવો છો?'' તેજપાલ અરધો બેઠો થઈ ગયો, ''સૌની જણનારીઓનો શો અપરાધ છે? સૌની માતાઓ પૂજનીય છે. એમને અહીં ન સંડોવો, વામનદેવજી! મશ્કરીની પણ હદ હોય છે.''

એમ બોલીને એ નીચું જોઈ ગયો. પાછળથી એનો હાથ ખેંચીને બેચાર જણા ''રહેવા દો ભાઈ, આ સમય નથી, ભૂંડી થશે.'' એવા શબ્દે બેસારવા લાગ્યા.

પણ મોટાભાગના વ્યાપારીઓને મૂંગી પ્રકૃતિના તેજપાલના આ મિજાજે

રોમાંચિત કર્યા. ઘણાએ આ મામલો જરા આગળ વધે એમ ઇચ્છ્યું. પણ તેજપાલને જરાકે તપ્યા વગરનો જોઈ કેટલાકને નિરાશા થઈ. અંદરની ગરમી બહાર ન દેખાડનારો ઘણાને બેવકૂફ લાગે છે.

"ચૂપ કરો, મંડલિકપુરના ચમરબંધી! અમારો તો ઠીક, પણ કૃપાળુમામાશ્રીનો તો વિનય રાખો જરાક!" વામનદેવ નામનો ખેસધારી આ વખતે ખેસને સંભાળવો ભૂલી જઈને તાડૂકી ઊઠ્યો.

"નોંધો એના પાંચસો દ્રમ્મ." મામા સાંગણે ટાઢાબોળ શબ્દે ફક્ત આટલું જ કહીને, વિનયભેર ઊભેલા તેજપાલને ફક્ત એક જ વાર નજરમાં લીધો. બેઉનાં નેત્રો પરસ્પર ભાલાં અફળાય તેમ અફળાયાં. એમાંથી ઝરેલા તણખા કોઈ ત્રીજાએ જોયા નહીં.

વામનદેવ ખેસધારીએ હર્ષભેર દોતમાં કલમ બોળતે બોળતે કહ્યું: "ખાસી વાત. પતે છે કજિયો. આ દ્રમ્મ પાંચસો, નાણાવટી શ્રીમાન તેજપાલ આસરાજના."

"શાના પાંચસો?" તેજપાલે વિનયથી પૂછ્યું.

"એટલું પણ જણાવવું બાકી રહે છે? કુંવરપછેડાના."

"તો ઠીક! હું સમજ્યો કે દંડના હશે."

તેજપાલ ફક્ત એટલું જ બોલ્યો એટલે ઘણાને ફરી વાર નિરાશા થઈ; આશા તો હતી કે કાંઈક વાંધો પાડશે.

"એ છેકી નાખજો." તેજપાલે વામનદેવને સ્વસ્થ શબ્દે કહ્યું.

"શું કહો છો?"

"કહું છું કે એ રકમ મારા નામ પરથી છેકી નાખજો."

"એટલે!!! –"

"એટલે કે રદ કરી નાખજો."

"શેઠ, મને ભાષાના અર્થો શીખવવા રહેવા દો. ને જે કાંઈ કહેવું હોય તે કૃપાળુ- મામાશ્રીને કહો."

"તો હું મામાશ્રીને પણ કહું છું." તેજપાલના ઉચ્ચારમાં ઓજસ હતું કે મૂર્ખતા, તે હજુય નક્કી નહોતું થઈ શકતું.

મામાનું કાંધ ફર્યું. એણે કહ્યું: "એ છોકરાને આંહીં ઓરો બોલાવો ઓરો."

"તેજપાલ શેઠ, આંહીં મોખરે પધારો કૃપાળુમામાશ્રી પાસે." વામનદેવે ખેસના છેડા વતી વાહર ખાતે ખાતે અને ગળેથી પસીનો લૂછતે લૂછતે કહ્યું. ને તમામ આંખો તેજપાલ શું કરે છે તે જોવા અધીરી બની રહી. તેજપાલને ચાલવાની સૌએ કેડી કરી આપી. એ મામા સાંગણની સમક્ષ ઊભો રહ્યો ત્યારે મુકાબલે છેક

જ બાળક જેવો લાગ્યો. વામનસ્થલીના કુંવર સાંગણનો દેહ પ્રચંડ ભેંસા જેવડો હતો. એમાં સોરઠી ડાકુપણાની દોંગાઈ અને કરડાકી હતાં.

"વાણિયું છોને?" એણે તેજપાલને કહ્યું.

"જી હા."

"બટકુંક છો! ધોળકામાં વેપલો કરવો છે ને?"

"હા જી."

"તો કુંવરપછેડો દેવો પડશે."

"એ તો સૌ સૌની લાગણીની ને શક્તિની વાત છે."

"તું એક જ લાગણીનો મુખત્યાર છો? કુંવરપછેડો તો ગામડે ગામડાંએ ને ઘરે ઘરે આપ્યો છે."

"આપ્યો નથી, તમે પડાવ્યો છે. રાણાજી આંહીં નથી. એની ઇચ્છા કોઈ જાણતું નથી."

"રાણાનું શું કામ છે, તિતાલી! હું કહું છું એ જ બસ છે."

"તમે કહો એ ન ચાલે. રાજ રાણા વીરધવલનું છે, મામાનું કે માશીનું નથી, વામનસ્થલીના ધણી! આંહીં ગુજરાત છે, સોરઠ નથી."

"લવારા કરછ, હિંગતોળ?" સાંગણનો પાડા જેવો દેહ ઊભો થઈ ગયો.

"જીભ સંભાળો, મામા!"

"અરે જીભ સંભાળવાવાળો!" એમ કહેતે સાંગણે તલવાર ખેંચી.

તેજપાલે જરાય ધગ્યા વગર સાંગણના પંજાની તલવાર ઝાલનારી મૂઠી પર હાથ મૂકીને મર્મના સ્થળ પર દબાવી. મૂઠી ઊઘડી ગઈ, તલવાર ભોંય પર પડી, તેજપાલે તે ઉપાડી, ઉપાડતાં પલવાર લાગી. મહાજન ઊભું થઈ ગયું, કેટલાક દાદર નજીક હતા તે ઊતરી ગયા, બીજા કેટલાકની છાતીમાં સૂતેલા શૌર્યના દીવા થયા. મામાએ માન્યું કે શત્રુ તલવારનો ઘા કરવા સજ્જ થયો. એણે હિચકારાની રીતે આડા હાથ દીધા.

"બીઓ મા, મામા!" એમ કહીને તેજપાલે તલવારને મૂઠેથી ઝાલી જમીન પર પીંછી ટેકવી તલવાર પર ભાર દીધો. તલવાર વટની હતી. તૂટી નહીં, પણ બેવડ વળીને ચીપિયા આકારની થઈ ગઈ.

ખેસધારી વામનદેવની આંખો ફાટી ગઈ. સાંગણ સફેદ પૂણી જેવે મોંએ ઊભો. વ્યાપારીઓમાંથી કેટલાક વૃદ્ધો ને જુવાનો તેજપાલની પીઠ પાછળ જમા થઈ ગયા.

મામાનો હાથ ભેટની કટાર પર જતો હતો, એટલે તેજપાલે કહ્યું: "કટારી બેવડ નહીં વળી શકે દરબાર, ને સીધી તમારી છાતીમાં ઊતરશે. તકલીફ ઉઠાવો

મા."

સાંગણે દાદર તરફ નજર કરી. એને જવું હતું.

"મામાને રસ્તો દો, ભાઈઓ!" તેજપાલે ગૌરવથી કહ્યું.

કેડી પડી ગઈ. મામાએ ચાલતી પકડી. દાદર પર ઊતરીને ડોકું દેખાતું રહ્યું ત્યારે બોલ્યા: "જોઈ લેજે, બેટમજી!"

"હું ધોળકામાં જ છું, મામા, ને રાણાની રજા લીધા વગર નહીં ચાલ્યો જાઉં. તમે પણ જાઓ તો સોમનાથની આણ છે. કુંવરપછેડો કે લૂંટ? ધોળા દિવસની લૂંટ! ઘરેઘરની લૂંટ! અને મહાજન ઉપર રહીને લૂંટાવશો! ધિક્ હજો."

એમ કહેતો તેજપાલ નીચે ઊતર્યો. ને એણે ઊભી બજારની વાટ મક્કમ પગલે કાપવા માંડી. એ બોલતો જતો હતો: "કુંવરપછેડાને નામે લૂંટ! કાળી લૂંટ! મહાજન દેશે તો ગરીબો કેમ કરી ના કહેશે? આપણા ધણી કોણ છે, ભાઈઓ! મામો કે રાણો?"

"રાણો." લોકોના ટોળાએ પોતાની હંમેશની પ્રકૃતિ મુજબ આ શબ્દ ઝીલ્યો. તેમણે મામા સાંગણને નાસતો જોયો હતો. નવાજૂની જાણી લીધી હતી. હિચકારાઓ પણ અંદરથી તો વીરપૂજક જ હોય છે, એટલે તેજપાલ સર્વનો વીરાદર્શ બની જતાં વાર ન લાગી. એ બોલતો ગયો:

"રાણાજી વીરધવલ આંહીં નથી. એ બાપડાજીવ ભૂખે ને તરસે પાટણ ને ધોળકા વચ્ચે ઘોડાં દોટવે છે. એના હોઠ તો 'પ્રજા! મારી પ્રજા!' કહેતાં સુકાય છે, ને આંહીં પ્રજાને પારકાઓ 'મામા' બની ફોલી ખાય છે."

એના પડઘા પ્રજાજનોએ આ રીતે ઝીલ્યા –

"મામા જ કાળાં કામ કરે છે."

"મામો કંસ છે."

"મામો લૂંટારો છે."

"મામો પરદેશી છે."

આવાં સૂત્રો એ જ બજારમાં ગાજી રહ્યાં, જ્યાં એકાદ ઘટિકા પહેલાં 'મામાશ્રી બોલાવે છે' એ શબ્દે કાયરો કંપતા હતા.

13

# પ્રજાનો પહેલો હુકળાટ

"ને જાણો છો, પ્રજાજનો?" તેજપાલે ઓટા ઉપર ઊભા થઈ જઈને, એ બહોળા ને ઘાટા બનતા જતા ટોળાને કહ્યું: "જેતલબા સુવાવડમાં સૂતાં છે. એનેય કશી ખબર નથી."

"ચાલો એને પૂછીએ." લોકો બોલ્યા.

"ચાલો, એકેએક પોળમાં થઈને ચાલો. સૌને જાણ કરતા કરતા ચાલો."

"ચાલો રાજગઢ પર. મામાને પકડો."

"મામો ભાગી જશે, જલદી દોડો."

એ શબ્દો અસ્પષ્ટ બન્યા. કિકિયારી પડી. વણકર-ઓળ, ઘાંચી-ઓળ, ચૂડી-ઓળ, એકેએક ગલી અને પા, ચોક અને ચૌટું, નદીઓનાં પૂર પેઠે તેજપાલની પાછળ મહાનદનો સાગર-ઘુઘવાટ કરતું ચાલ્યું. અને 'મામો! મામો! મામો!' એ શબ્દ તિરસ્કાર તેમ જ દાઝ ઠાલવવાનો શબ્દ બન્યો.

આવે વખતે કેટલીક શક્તિઓ આપોઆપ વગરસોંપ્યું કામ કરે છે. મામા પરની દાઝ એકેએક કલેજામાં હતી. પાંચ વર્ષથી મામાએ ચલાવેલી રાજવ્યવસ્થા વસ્તીના લોહીથી ભીની હતી. ઘોડાં અને સાંઢિયા છૂટ્યાં, ગામોગામ ખબર દેવા: "પહોંચો ઝટ રાજગઢે, મામા કંસને ઝાલો. આપણું ખાઈ ગયો છે તે બધું જ પાછું ઓકાવો."

"મામો: મારો પીટ્યો મામો કંસ!" બૈરાં પણ પોતાની પ્રિય ગાળોની દેગ ચડાવતાં, છોકરાં તેડીને બહાર નીકળ્યાં. રાજગઢ તરફ રંગેરંગના સાળુઓનું પૂર બંધાયું.

"ભાઈઓ ને બહેનો!" એક પછી એક ઓટે ચડીને તેજપાલ હાકલ કરતો જાય છે. "ખબરદાર, રાણાજી પાટણ છે ને જેતલબા સુવાવડાં છે. એ બાપડાંને કશી જ ગતાગમ નથી, તમે એક પણ બોલ એમના વિરુદ્ધ બોલતાં નહીં. આપણે તો જોઈએ છે મામાનો ન્યાય."

રાજગઢ આવ્યો. અંદર ઊભેલા પરોળિયાએ જનપ્રવાહ જોયો. ઝીંક ન ઝલાઈ.

દરવાજા ભીડી દીધા. તેજપાલ હસ્યો –

"હિચકારા મામાએ ભોગળો ભિડાવી છે, ભાઈઓ!"

"તોડો દરવાજા!"

"ખબરદાર કોઈએ તોડવાનું કે ભાંગવાનું નામ લીધું છે તો!" તેજપાલનો મેઘનાદ ઊઠ્યો, "ખબરદાર, આંહીં મારફૂટ કે કજિયો કરવાનો નથી. મારફૂટ કરવી હોત તો પછી મામાની તલવાર ક્યાં મારા હાથમાં નહોતી આવી?"

"હા ભાઈ," જાણકારો કહેવા લાગ્યા, "મામો તો તેજપાલ શેઠનું માથું ઉડાડવા તૈયાર થઈ ગયો હતો. અને તેજપાલ શેઠે તો તલવારને બેવડ વાળી દીધી."

"મહાજનના માણસ પર તલવાર ચલાવે! કોણ એ મામો કંસ?"

"મારું માથું તો, ભાઈઓ," તેજપાલ ઊંચે ચડી બોલ્યો, "રાણા વીરધવલનું જ છે ને રાણી જેતલબાનું છે. પણ એ માથું રાણા એમ સસ્તે ન વટાવે. એ માથાનાં મૂલ રાણાને પૂરેપૂરાં ઊપજે તો સુખેથી વાઢી લે. પણ કુંવરપછેડાને માટે માથું! ધોળકાના પ્રજાજનનું મહામૂલું માથું શું મામો વાઢી શકે? ન બને."

"મામો ક્યાં છે? મામાને બહાર કાઢો. મામાને હાજર કરો." જનહાક વધતી ગઈ.

રાણી જેતલદેવી હજી આજે જ વીસ વાસા નહાઈને ઊઠ્યાં છે. પુત્ર વીરમને ધવરાવી રહ્યાં છે. ગઢમાં દોડાદોડ થઈ રહી છે. દેવડીને ઉંબરે સમદર ગાજે છે. 'મામો! મામો! મામો!' એ વગર બીજા શબ્દો નથી.

જેતલદેવીને જાણ થઈ. સગો ભાઈ સાંગણ કાંઈક કાળું કૃત્ય કરીને આવ્યો છે. વસ્તી વીફરી છે. ગામડાં પણ હૂકળ્યાં છે. મામાનાં પાપોનો સરવાળો અણધાર્યો મોટો થયો છે. જેતલદેવી તો જાણે સ્વપ્ન જોઈ રહી. એને કશી જાણ નહોતી.

દીવે વાટો ચડી હતી. અંધારું થયું હતું. અંધકારમાં જનગર્જન હોય તેથી સો ગણું સંભળાય છે, માણસોની સંખ્યામાં પડછાયાની સંખ્યા ઉમેરાય છે, હસતા ચહેરા પણ દાંત કચકચાવતા કલ્પાય છે, છીંદરું સરપ બનીને સળવળે છે.

પ્રસૂતિને ખાટલેથી તાજી ઊઠેલી સુવાવડીના ક્ષીણ મગજ પર ભયના ઓળા રમી રહ્યા. શું છે? ક્યાં છે સાંગણ? કેમ દેખાતો નથી? શોધી કાઢો.

પણ મામાનો પત્તો નથી. અને મામાના કબજામાં રહેતા જામદારખાનાનાં પીંજરાં ખાલી પડ્યાં છે. મામાની સાથે જેતલદેવીનું ઘરેણુંગાંઠું પણ અલોપ થયું છે.

જેતલદેવી ભાઈને – માના જણ્યાને – ઓળખતી નહોતી. સોરઠનો એ લૂંટારો બહેનનેય બાવી બનાવી જશે એવી બીક કદી નહોતી લાગી.

પાંચ-પાંચ વર્ષોથી રાજના રાજભોગ પૂરા પહોંચતા નહોતા. રાણાને રસ્તો સૂઝતો નહોતો. રક્ષણ માટે લશ્કર નહોતું. પારકા પર વિશ્વાસ નહોતો. સાળાને પોતાનો ગણી કારભાર કરવા નીમ્યો હતો. એનાં કૃત્યોથી વીરધવલ અજાણ હતા. કેમ કે પાટણ અને ધોળકાની જંજાળો એને ઠોલી રહી હતી. આજે આ શત્રુને સમજાવવા તો કાલે પેલા ધનિકને મનાવવા, કોઈ ને કોઈ પ્રકારે નાણાંની વ્યવસ્થા કરવા, એની જિંદગી તો ઉપરવટ ઘોડાના જીન પર વીતતી હતી. પાછળથી પત્નીનો ભાઈ ડાકુગીરી રમતો હતો!

આજે રાણો ઘેર નહોતો. રાણી જેતલદે અકળાઈ ગયાં. એણે જાણ્યું કે કોઈ તેજપાલ નામના શ્રાવક પર ભાઈએ તલવાર ખેંચેલી તે તલવાર ભાંગીને તેજપાલ ગઢ ઉપર ચડી આવ્યો છે. એના પડતા બોલ પર ભૂખી વસ્તી મરવા-મારવા તત્પર ખડી છે.

જેતલદેવી ઊઠીને જાળીએ આવી. ઝીણી ઝીણી ઊંચી જાળી બહાર ચોકમાં, બરાબર મલાવતળાવની પાળે એણે જનસાગર જોયો. અગાઉ કદી નહોતો જોયો. સૌરાષ્ટ્રમાં એણે અર્ધપશુની જિંદગી ગાળતાં, રાજાની સામે મીટ પણ ન માંડી શકતા મુડદાલ લોકો જોયા હતા. આંહીં એણે વિરાટ દીઠો. એ સુવાવડી ભયભીત બની.

રજપૂતાણી હતી. એકાએક અક્કલ સૂઝી. એણે વીસ વાસાના વીરમને છાતીએ લીધો, ને એ બહાર ગોખમાં આવી. એણે વીરમને લોકોની સામે ધર્યો. એ ગરીબડું, અપરાધી મોં કરી ઊભી રહી ને એણે તેજપાલને જોયો.

તેજપાલ – બેઠી દડીનો બાંધો: ઘાટીલું શ્યામળું શરીર: મોં પર મશાલો બળતી હતી તેનાં ઝળાંઝળાં તેજ: અઠ્ઠાવીશેક વર્ષનો: એણે રાણી જેતલદેને પહેલવહેલાં જોયાં. જેતલદેવીએ આવો શ્રાવક પણ પહેલો દીઠો. ગુજરાતની પોચી ધરતી આવા નર પકાવે છે? એના અંતરમાં પ્રશ્ન રમી રહ્યો.

તેજપાલ વિકરાળ નહોતો. ચીસો પાડતો નહોતો. બાંયો ચડાવતો નહોતો. પગ પછાડતો કે મુક્કા બતાવતો નહોતો. સૌમ્ય, સુભદ્ર, સુગંભીર અને વેદનામય એની વીરશ્રી લોકોની વચ્ચે સળગતી નહોતી, દીપક સમી અજવાળાં દેતી હતી.

એણે કહ્યું: "પ્રજાજનો, જેતલબાની અને કુંવરની અદબ કરીએ."

"તેજપાલભાઈ! વીર! એક વાર અંદર આવો. જેતલબા કહેવરાવે છે." ઉપરથી એક સ્ત્રીએ સાદ પાડ્યો.

"ચાલો બધા – ચાલો અંદર. મામો ક્યાં છે?" લોકોએ કિકિયાટા કર્યા.

"એકલા તેજપાલભાઈ." અંદરથી અવાજ આવ્યો.

"નહીં, એકલાને એને નહીં જવા દઈએ, કાવતરું છે. અમારા તેજપાલ શેઠને

મારી નાખે તો?"

"ભાઈઓ!" તેજપાલે કહ્યું, "મને કોણ મારી નાખશે? આવરદાની પ્રભુ-દીધી દોરી કોણ વાઢી શકશે? કોઈ નહીં. ને જેતલબાએ મને વીર કહ્યો છે. આંહીં શાંતિથી ઊભા રહો. હું અબઘડી જ આવું છું."

એમ કહીને એ સડેડાટ ચાલ્યો. દેવડીની ડોકાબારી ઊઘડી. એકલો ને બિનહથિયારે, તેજપાલ રાજગઢના કોઈ જમાનાજૂના અંધારિયા રાજગઢની અટપટી સીડીની ને અકળ ઊલટાસૂલટા ઓરડાની ભુલભુલામણીમાં થઈને મશાલધારીની પાછળ પાછળ ચાલ્યો ગયો; ત્યાં પહોંચ્યો, જ્યાં રાણી જેતલદેવીનો ખાટલો હતો.

"શેઠ, વીર!" રાણીએ કહ્યું, "તમારો ચોર મને પણ બાવી બનાવીને ગયો છે. હવે ફરી એ આંહીં નહીં આવે; આવે તો હું બે કટકા કરી નાખું. હવે આ સ્વરૂપને સમાવો, ભાઈ!"

"ક્યાં ગયા મામા?"

"વામનસ્થલી જ તો."

"રાજને લૂંટી જનારો..."

"સબૂરી રાખો. બધું જ પાછું લાવી વસ્તીને સોંપીશ."

"કેવી રીતે, બા?"

"વામનસ્થલી ઊજડ કરીને. એની વાત આજથી શી કરું? એક વાર ભરોસો મૂકો, રાજપૂતાણી તમારા પગે પાલવ પાથરે છે."

તેજપાલ અભયદાન દેતો હોય એમ ઊંચો હાથ કરીને પાછો વળ્યો, એણે જઈને મહાજનને અને વસ્તીના લોકોને જાણ કરી. એણે સમજાવ્યું, પ્રજાએ માન્યું, મોડી રાતે લોકસાગરનાં પાણી પાછાં વળ્યાં.

## 14
# કવિશ્રી

**ઘો**ડો બેઠા કદનો હતો, અને સવારના પગ લાંબા હતા. પેંગડાં ટૂંકાં હોવાને કારણે એના પગ આધાર વગરના હતા. ઉપરાંત ઘોડાની પીઠ પર બેઉ બાજુએ સારી પેઠે બોજ ભર્યો હતો. લાલ કપડામાં બાંધેલી એ સામગ્રી શું હશે તે ઝટ પરખાય નહીં.

ઘોડેસવાર અરધો ગાઉ બેસતો તો બે કોસ પાળો ચાલતો; એ રીતે પ્રવાસ ખેંચતો પાટણ તરફથી આવતો હતો. એને ખભે પણ ભાર હતો. રસ્તે પણ એ એક પોથી વાંચતો જતો હતો.

ઉત્તરાયણનો સૂર્ય ત્રાંસાં કિરણો ફેંકીને ચારેક કોસ દૂર રહેતા ધોળકા શહેર પર ઝળાંઝળાં કરતો હતો. ઘોડાની પાસે ચાલ્યા જતા એ પુરુષે પોતાના હાથમાંની પોથી બંધ કરીને કાંધ પરની ગાંસડીમાં લાલ કપડામાં લપેટીને મૂકી દીધી. અને પછી એણે ધોળકા શહેર પર મીટ માંડી. એનામાં કાવ્યરસ પ્રકટ થયો–

'મંદિરોના ઘુમ્મટો પર સૂર્યકિરણો નાનાં બાળકો-શાં રમે છે. પેલી કનકની દેવકુલિકાઓ ફરફરે છે તે જિનપ્રાસાદો: અને મસ્જિદોના મિનારા: બધાં એકમેકનાં ભાંડુઓ જેવાં પરસ્પરને શોભાવે છે. ક્યારે ઝટ પહોંચું ને એ બધાનાં પ્રતિબિમ્બોને મલાવતળાવના હંસો અને પદ્મ સાથે હળીમળી સૂતેલાં નિહાળું! ઉત્તરાયણ થઈ ગયા. આ સરવડાં ભર્યાં છે. ને આ જોડીબંધ સારસડાં તો જો! સપાટ ધરતીની શૂન્યતાનેય શણગારે છે. અજબ છે પ્રકૃતિની લીલા! ધોળકાની ઉગમણી દિશામાં અનંત લીલાં ઝાડોની ઝૂકાઝૂક નજરને ક્યાંય નીચે ઊતરવા દેતી નથી; ને આથમણું તો એકલું બસ વેરાન: બાગ અને વેરાનની કટોકટ સીમા પર ઊભું છે શહેર. બે ધરતીના વઢકણા છેડા પર ઐક્યની ધારણ તોળતું જાણે!'

એના મનોદ્ગારો મનમાં ન સામી શક્યા હોય એમ જાણે એ ગાવા લાગ્યો. એ જે ગાતો હતો તે સંસ્કૃત શ્લોકો હતા: તૈયાર કોઈના રચેલા નહીં, પણ એના જ કંઠમાં નવેસર આકાર ધરતી રચનાઓ.

એને ખબર ન રહી કે એની બાજુમાં થઈને પાંચેક અસવારો નીકળી ગયા.

પણ દૂર જઈને એ પાંચ માંહેલા આગલા અસવારે ઘોડો ફેરવીને થંભાવી રાખ્યો. બીજા ચાર પણ એની પાછળ ગોઠવાઈને ઊભા રહ્યા. મુખ્ય પુરુષનો ઘોડો રસ્તા પર રુમઝુમાટ કરતો રહ્યો. અસવારના કોણી સુધી ઉઘાડા હાથને કાંડે બે કડાં હતાં તે પણ ચમકતાં હતાં. એના શિર પર મંદીલ હતું ને એની મૂછો પાતળી, છેડેથી સહેજ વાંકડા વાળેલી હતી. દાઢી તો નજીવી, છતાં ઓળીને બે ભાગે પાટલી પાડેલી, બુકાનીમાં બાંધેલી હતી.

વટેમાર્ગુ ચાલતો ચાલતો નજીક આવ્યો ત્યારે એ મુખ્ય ઘોડેસવારે એને પૂછ્યું: "શું લલકારી રિયા છો, કવિતા?"

"કવિતા મને ગમે છે, ને આ ધરતી કાવ્ય સ્ફુરાવે તેવી છે." વટેમાર્ગુએ સહેજ સંકુચિત હૃદયે જવાબ વાળ્યો.

એને ભય હતો કે વળી કદાચ આ કોઈ રાજપુરુષ કવિતા અને સાહિત્યની મશ્કરી કરી માતા શારદાને દૂભવશે. એ ભય એને નાનપણથી જ પેઠો હતો.

"આ ધરતી! કવિતા સ્ફુરાવે!" માથું ધુણાવીને રાજવેશધારી ઘોડેસવાર એવું હસ્યો કે જે તુચ્છકાર નહીં પણ અંતરની ઊંડી ઊંડી મીઠાશ મહેકાવતું હોય. "ક્યાંથી, પાટણથી આવો છોને?"

"હા જી."

"જવું છે ક્યાં, ધોળકે?"

"જી હા."

"પાળા કેમ ચાલો છો?"

"ઘોડા પર ભાર જરા વધારે છે."

"શું ભર્યું છે?"

"પોથી-પાનાં."

"આટલાં બધાં? વેચવાનાં છે? ધોળકાના રાજાએ તો કાળા અક્ષરોને કૂટી માર્યા છે. કોને વેચશો?"

"વેચવાનાં નથી. મારે પોતાને વાંચવાનાં છે."

"આટલાં બધાં! તમારે એકલાને?" પ્રશ્ન પૂછનાર રાજપુરુષને મન તો સકળ આશ્ચર્યોની અવધિ થઈ ગઈ. "લો ચાલો, ચાલો, વાતો કરતા કરતા સાથે જ ચાલીએ. કાંટિયા વર્ણની સાથે ચાલવાનો વાંધો નથીને?"

"વાંધો શો હોય?"

"એમ કે ક્યાંક લૂંટી લેશે. પણ તમારા માલની લૂંટ તો અમારા ઘોડાનેય ભારી થઈ પડે તેવી છે, ફિકર રાખતા નહીં."

સૌ સાથે ચાલવા લાગ્યા, ને મુખ્ય ઘોડેસવારની આંખો, એ વટેમાર્ગુના ઘોડા પર લાદેલ ભાર તરફ વધુ ને વધુ તલસાટથી જોતી રહી. એણે વટેમાર્ગુના ચહેરા-મોરાની સંસ્કારિતા જોઈને વિનયપૂર્વક પ્રશ્નો કર્યા: ''પાટણમાં શું કરો છો?''

''અભ્યાસ કરતો હતો.''

''આટલી ઉંમર સુધી અભ્યાસ!'' એણે જોયું કે પ્રવાસી ત્રીશ વર્ષથી તો ઓછો ન હોઈ શકે.

''અભ્યાસ તો સો વર્ષ સુધી કરીએ તોય અધૂરો રહે.''

''એટલી બધી વિદ્યા છે આ પૃથ્વી પર? મારા બાપ!'' રાજપુરુષનું મોં ઉત્સુક બાળક જેવું બની ગયું, ''ધોળકા કેમ જવું બને છે?''

''ત્યાં કુટુંબ છે. મારો નાનેરો ભાઈ ધંધો કરે છે.''

''નાનેરો ધંધો કરે છે ને મોટેરો અભ્યાસ કરે છે!''

''એ વહેલો કંટાળી ગયો. વિદ્યા બહુ ચડી નહીં. લડાયક મગજનો જરા વિશેષ છે. વળી બેમાંથી એક જણે તો કુટુંબનો રોટલો રળવા લાગી જવું જોઈએને!''

''ખુશ થવા જેવું, કે નાનેરો ભાઈ એ ફરજ બજાવે છે. શો ધંધો કરે છે?''

''મુદ્રાવ્યાપાર (નાણાવટ)નો.''

''નામ?''

''તેજપાલ.''

''ઓળખ્યા. રાણકીના મેદાનમાં ભીમેશ્વર પાસે હું ઘોડો ફેરવવા જાઉં છું ત્યારે પરોડિયે કડકડતી ટાઢમાં પણ ચંદનામાં નાહતા હોય છે. લોખંડી કાયા લાગે છે. બહુ ઓછાબોલા લાગે છે. તલવારપટે ભારી રમે છે. એના જ તમે મોટાભાઈ! હવે શું કરશો? વાંચ્યા જ કરશો?''

''એકલું વાંચ્યા કર્યે તો જીવન થોડું જાય?''

''ત્યારે?''

વટેમાર્ગુ કંઈક કહેતો કહેતો રહી ગયો.

''તમારું નામ?''

''વસ્તુપાલ.''

''વસ્તુપાલ શેઠ, આપણી ભોમકા માટે કાંઈક કરોને! મને તો આમાં કાંઈ સૂઝતું નથી. તમે બધા ભણીગણીને ધોળકે આવવા લાગ્યા છો, અને મારી શરમ તો વધતી જાય છે.''

''આપ કોણ છો?''

''અટાણે તો છું કેવળ ક્ષત્રિય.'' એ જવાબ સાંભળીને પાછળ ચાલ્યા આવતા

અસવારો હસવું ખાળતા હતા. હસવાના અવાજો સાંભળીને વસ્તુપાલે પાછળ જોઈ લીધું. એક સવારે હળવું રહીને કહ્યું: "રાણાજી..."

એ જ વખતે પાછળથી કશીક બૂમ સંભળાઈ: "ઊભા રહો, એ ઊભા રહો."

ધૂળના થંભા રચતો એક ઊંટ ઘુમ્મરી ખાતો પછવાડે આવી રહ્યો હતો. અસવારો થંભી ગયા.

"આ તો જેહુલ ડોડિયો લાગે છે." મુખ્ય ઘોડેસવારે ઊંટના સવારને ઓળખ્યો.

ખેભર્યા તાતા ઊંટની મારમાર ગતિને ચાલાકીથી અવરોધીને એ અસવારે શ્વાસભર્યો સંદેશો સંભળાવ્યો: "રાણાજી! ઉતાવળા થઈને આગળ જાશો મા. ધોળકું વીફરી ગયું છે. રાજગઢ ઘેરી લીધો છે."

"ક્યારની વાત કરછ, ડોડિયા!" મુખ્ય ઘોડેસવાર કે જે રાણા વીરધવલ તરીકે ઓળખાઈ ગયો હતો તેણે પૂછ્યું.

"ગઈ કાલ રાતની. હું તાબડતોબ આપને તેડવા નીકળ્યો છું. અરધે પંથે આપ નીકળ્યાના ખબર મળતાં પાછો વળ્યો. જાંઓ મા, રાણા!"

"શું છે પણ?"

"મામો સાંગણ કાંઈક અવળું કરી બેઠા. મહાજન અને વસ્તી વીફરી ગયાં – તેજપાલ શેઠ..."

"તેજપાલ શેઠ? શું?" રાણા વધુ ચમક્યા.

"એણે મામાની તલવાર આંચકી, વસ્તીને પડકારી, ને રાજગઢ ઘેરીને પડ્યા છે. કહે છે કે સાંગણમામાને બહાર હાજર કરી દો."

"સાંગણ ક્યાં છે?"

"સરકી ગયા છે ને ભાંડાગાર (જામદારખાનું) ખાલીખટ પડ્યું છે. મામો બધુંય લઈને..."

"તેજપાલ શેઠે તલવાર ઝૂંટવી, ને મામો ભાંડાગાર લઈને સરકી ગયા. આ બધું શું?" રાણા વીરધવલ નામના એ સવારે વસ્તુપાલ સામે નજર કરી. વસ્તુપાલ આભો બનીને ઊભો હતો.

પાછળ ઊભેલા સવારોએ પોતાની તલવારોની મૂઠ પર પંજા દબાવ્યા. અને એમની વચ્ચે ગરમાગરમ ઉદ્ગારો ઊઠ્યા: "વાણિયા!"

"રાતોરાત કોણ જાણે શું થઈ હશે રાજગઢ માથે, બાપુ!" જેહુલ ડોડિયાના શ્વાસ હજુ શમ્યા નહોતા.

"રાણાજી!" વસ્તુપાલે કહ્યું, "મેં આપને ઓળખેલા નહીં. મને કશી જાણ

નથી. મારી કલ્પના ચાલતી નથી. પણ મારા ભાઈના વતી હું આપનો બાન બનું છું. મને આ ઊંટ પર લઈ લો. મારું ઘોડું કોઈક દોરતા આવો. ને આપ ચાલો, હું સાથે છું."

એ શબ્દો બોલનારના મોં ઉપરથી કવિત્વની તમામ રેખાઓ વિરમી ગઈ હતી, ને ટાઢું શોણિત ધમધમી ઊઠી એ ચહેરાને નવી લાલાશે મઢી રહ્યું હતું, એ રાણા વીરધવલે નિહાળી લીધું. એણે કહ્યું: "તમને બાન પકડીને મારે શું કરવા છે?"

"મારો ભાઈ તેજપાલ જો રાજગઢને અડ્યો હોય તો મારો શિરચ્છેદ કરજો. ને મારી આ પોથીઓને આગ મૂકી મને તેની ચિતા પર સુવાડજો."

"એ તો ઠીક છે," રાણા મલકી રહ્યા, "પણ તમને શું લાગે છે?"

"મારો ભાઈ કંટો ને કરડો છે. જલદી ન ઉશ્કેરાય તેવો છતાં ઉશ્કેરાય ત્યારે ઝાલ્યો ન રહે તેવો છે. અપકૃત્ય કદી એણે કર્યું નથી. છતાં આ એના જીવનની પહેલી જ કસોટીમાં એણે શું કર્યું હોય તે હું કહી શકું નહીં. ચાલો હું આપનો બાન છું, ચાલો જેહુલ ડોડિયા, મને હાથનો ટેકો આપો." એમ કહેતે એણે સાંઢિયાસવાર તરફ હાથ લંબાવ્યો.

"રહો, હું ઝોકારું છું."

"ઝોકારવાની જરૂર નથી." એમ બોલીને વસ્તુપાલે ઊંટસવારનો પંજો ઝાલી, પોતાના શરીરને ધરતી પરથી, વાણિયા મણ-મણની ધારણ ઉપાડે તેવી આસાનીથી ઊંચકી લીધું; ને એક જ ટેકે એ ઊંટના કાઠામાં ગોઠવાઈ ગયો. એણે ઊંટસવારને કહ્યું, "ઊંટને મોખરે રાખો."

ધોળકાના રાજગઢની ચિંતા અને બનેલા મામલાનો વિચાર રાણા વીરધવલના મનમાંથી ઘડીભર હટી ગયો. ઘડીભર એણે આ અર્ધઘટિકા પૂર્વેના કવિતા લલકારનાર પોથીપ્રેમીના દેહની ને દિલની દક્ષતા અને દિલગજાઈ નિહાળી લીધી. પણ ધોળકા જેમ જેમ નજીક આવતું ગયું તેમ તેમ ઉત્પાતનું એકેય ચિહ્ન નજરે પડ્યું નહીં. સીમમાં ખેડૂતો પણ કશું જ જાણે બન્યું નથી એમ ખેતી કરી રહ્યા હતા.

"અલ્યા ભાઈ, ધોળકે હોબાળો શો મચ્યો હતો?" રાણાએ એક ખેડુને પૂછ્યું.

"એ તો બાપુ, બધુંય સમાઈ ગયું, મામાએ દંગલ મચાવેલું, પણ મામા રફુ થઈ ગયા, એટલે લીલાલે'ર થઈ ગઈ. બાજી તેજપાલ શેઠને હાથ હતી ખરીના, એટલે કાબૂમાં રહી ગઈ."

ખેડુના આખાભાંગ્યા એ શબ્દોએ વસ્તુપાલને શાંતિ દીધી.

"તેજપાલ શેઠે શું કર્યું ત્યાં?"

"વાણિયે અવધિ કરી, બાપુ!" કૃષકોએ દોડતા આવીને લાંબા હાથ કરી કરી, જીભના ગોટા વાળતે વાળતે કથન કર્યું, "મામાને મારતાં શી વાર હતી! પણ કે' કે ના, હું મારું નહીં! રાણોજી ઘેરે નથી, ને જેતલબા સુવાવડાં છે. હું હાથ ઉપાડું નહીં. પણ એ...ને આ લે તારું દાતરડું! એમ કહેતાકને બાપુ, તેજપાલ શેઠે તો મામાની તલવારને બેવડ જ વાળી દીધી. એની તો વજ્જરની મૂઠી, હો બાપુ! વટનું લોઢું નો'ત તો તો બે કટકા જ કરી નાખત. અને રૂંવાડુંય ધગવા ન દીધું વાણિયે, હો બાપુ! નીકર બીજો હોય તો બેચાર હત્યા જ કરી બેસે; અરે, છેવટે અમું જેવા હોય તો બે ગાળ પણ કાઢી લે. પણ વાણિયો દોર ન ચૂક્યો. નીકર મલેચ્છો, વણકરો ને તાઈઓ ઝાલ્યા રે', બાપુ! એલી એલી જ બોલાવે ના! પણ વાણિયાની આણ ફરી વળી. બસ એક જ વેણ કે 'બાપુ ઘેરે નથી, બાપુ બચાડા પાટણ-ધોળકાની હડિયાપાટી કરી કરી રોજ અઢી શેર ધૂળ ફાકે છે! બાપુનાં તો એક સાંધતાં તેર તૂટે છે, બાપુને તો ભૂત કાઢતાં પલીત જાગે છે, બાપુનું તો કાસળ કાઢનારાઓ ચોમેર જાગી ઊઠ્યા છે, બાપુને તો ગળે ફાંસી દીધી છે."

"એ તો ઠીક, બાપુ!" એક ખેડૂત ઊંચી ઘોડી ઉપર ઊભો ઊભો અનાજ વાવલતો વાવલતો બોલ્યો, "પણ મામાએ તો અમારી રાણીમાને બાપડીને રાંડીરાંડ જેવી કરી મૂકી!"

લહેકો કરીને એ બોલ્યો: બીજાઓએ એનો શબ્દ ઝીલ્યો, "સાચોસાચ રાંડીરાંડ બની ગઈ બાપડી!"

"મૂંગો મર, એઈ!" જેહુલ ડોડિયાએ એને હાક મારી.

"બોલવા દે, ભાઈ!" રાણાએ મરક મરક હસીને કહ્યું, "એના બોલ અનિષ્ટ છે, પણ એના અર્થમાં સહાનુભૂતિ રહેલી છે."

"માળા ભૂત!" એક બાઈએ કહ્યું, "બાપુ ક્યાં મરી ગયા છે, કે રાંડીરાંડ કહે છ રાણીમાને?"

"લે જેહુલ, વધુ સ્વસ્તિ-વાક્યો સાંભળવાં છે હજુ?" એમ કહી રાણાએ ઘોડાં ચલાવવા કહ્યું; સવારી ઊપડી.

"ને હવે પાછા, માબાપ!" બીજા ખેડુએ પૂર્તિ કરી, "સાળાને બદલે કોઈક બનેવીને સોંપતા નહીં રાજનો વહીવટ!"

"અને હવે ફરી ફરી વાર કુંવરપછેડા આપવા પડે એવું કરશો મા ભલા થઈને,બાપુ!"

"શું છે આ કુંવરપછેડાની વાત?" ચાલતે ચાલતે રાણાએ પૂછ્યું ને એને

ધોળકાના ઉલ્કાપાતનું મૂળ કારણ જાણવા મળ્યું.

"બધું જ મારી જાણ બહાર બન્યું છે, વસ્તુપાલ શેઠ!" એ ખેદભર્યે મોંએ બોલ્યા, "મને નવાઈ લાગે છે કે સોમેશ્વર ગુરુ ક્યાં સંતાઈ ગયા! એમણે કેમ કોઈ દિવસ મને સાવધ ન કર્યો!"

સોમેશ્વરનું નામ સાંભળતાં જ વસ્તુપાલનું મોં ચમક્યું. પોતાનો ગુરુપુત્ર સોમેશ્વર ધોળકે રાજપુરોહિત બન્યો હતો. એની સાથે કાવ્યો, શાસ્ત્રો અને દર્શનતત્ત્વોની રસભરી ચર્ચા માટે વસ્તુપાલ છેક પાટણથી તલસતો આવતો હતો.

પાટણ-દરવાજો આવી પહોંચ્યો. રાણાએ જુદા પડતાં પડતાં વસ્તુપાલને કહ્યું: "શેઠ, હું તો મેં તમને કહ્યું તેમ નિરક્ષર છું, પણ ધોળકાને વિદ્યાનું ધામ બનાવવાના મનેય કોડ છે. મને કોઈ કોઈ વાર મળતા રહેજો. હું ન સમજું તોયે મને કાવ્યનો લલકાર ગમે છે."

"આપના કોડ મહારુદ્ર ઝટ પૂરે."

"તમે તો શ્રાવક છોને!"

"હાજી."

"તો મહારુદ્રને કેમ સંબોધો છો?"

"કવિતાનો અનુરાગી છું, સરસ્વતીની પાસેથી જ અભેદ શીખ્યો છું."

"મનેય શીખવશો?"

"જેવાં પ્રારબ્ધ!"

વીરધવલ બજાર વીંધીને રાજગઢ તરફ ચાલ્યો જતો હતો ત્યારે એની આંખો લોકોનાં મોં પર કોઈ નવા ભાવોનું તેજ વાંચતી હતી. વર્ષો સુધી એણે વસ્તીના પ્રણામો ઝીલ્યા હતા, પણ એ પ્રણામોમાં ઉજાસ કે ઉલ્લાસ નહોતો. કેવળ લોકોની કમ્મરો જ કાટખૂણે વળતી હતી ને લોકો જૂઠેજૂઠું રૂડું લગાડવાનો નિષ્પ્રાણ પ્રયત્ન કરતા. ઘણુંખરું તો વામનદેવ જેવા એકબે વ્યાપારીઓ જ રાણાની બાજુએ ચોકીદાર જેવા બની જતા, એટલે ગામલોક રાણાને પૂરો જોઈ પણ ન શકતા.

આ દિવસે એણે સર્વના પ્રણામોમાં ઉમળકો દેખ્યો. વામનદેવને ક્યાંય ન દીઠા.

## 15

# ગૃહલક્ષ્મી

વસ્તુપાલ ઊભી બજારે પોતાના પુસ્તક-લાદ્યા ટટ્ટુને દોરીને નીકળ્યો ત્યારે દુકાનદારોને હસવાની લહેર પડી. કોઈ વિદ્યાપ્રેમીનું આવું પ્રદર્શન ગામમાં બહુ નિહાળવા મળેલું નહીં. લોકોની હાંસી તરફ એ બેધ્યાન હતો. તેજપાલભાઈએ શો ઉલ્કાપાત મચાવ્યો છે એ જ સૌ પહેલાં સમજી લેવું હતું. એ ઘેર પહોંચ્યો ત્યારે બહેન વયજૂકા એને ભેટવા દોડી આવી. અનોપની ભદ્રામૂર્તિ પરસાળમાં રેંટિયો કાંતતી બેઠી હતી. તેજપાલ પણ હાટેથી આવી પહોંચ્યો.

બધી હકીકત જાણ્યા પછી વસ્તુપાલે નાના ભાઈને પૂછ્યું: "તારે કોઈની સલાહ તો લેવી હતી!"

"મોટાભાઈ, મેં ઉતાવળ કરી નથી. રાતોની રાતો બેસીને અમે ચાર જણાએ મંત્રણા કરી હતી."

"કોણ કોણ ચાર?"

"ગુરુ વિજયસેનસૂરિ, સોમેશ્વરદેવ, હું અને એક ચોથા – તમે એને નહીં ઓળખો – મેહતા ગામના પટ્ટકિલ દેવરાજ."

"એ કોણ છે?"

"છે તો એક ગામડાના પટ્ટકિલ, એણે એકલાએ જ ગામડાંમાંથી કુંવરપછેડો ઉઘરાવી દેવાની મામાને ના પાડી દીધી હતી. બીજા તમામ ગામપટેલોએ મામાને આજ સુધી ખવરાવ્યું જ છે. રાજભાગ ચોરાઈ ચોરાઈને વામનસ્થલી તરફ ઊપડી ગયા છે. ખંભાતના વહાણવટી સદીકે વહાણોની સગવડ કરી આપી છે."

"દેવરાજ પટ્ટકિલનું નામ તો કોઈ લેતું નથી!"

"ના, એ પરદા પાછળ છે. એ એકલો કેમ સ્વતંત્ર રહી શક્યો છે તેની તો ખબર નથી. પણ એ વાતોમાં વારંવાર આંસુભેર વિલાપ કરી ઊઠતો હતો કે, મારા પેટના દીકરાનું નખ્ખોદ નીકળી જતું હોય તેવી મારી વેદના છે."

"રાણીજીનું સર્વસ્વ ગયું?"

"હા, એક હેમની મુદ્રા પણ બાકી ન રહી."

"ભાઈ!" વયજૂકાએ આવીને કહ્યું, "એક વાર અંદર આવી જશો? અનોપભાભી અધીરાં થઈ રહ્યાં છે."

"શાને માટે?"

"પોતાના જેઠને પોતાના પિયરનો કરિયાવર બતાવવા માટે ક્યારનાં થનગની રહ્યાં છે. કહે છે કે તે જોયા પહેલાં જમવાનું જ નહીં પીરસું જેઠને."

"જમવાની તો જરૂર જ શાની રહેશે એમનો કરિયાવર જોયા પછી? વિચારોથી તો ધરાઈ રહેવાને હું ટેવાયેલો છુંને! ચાલો, ચાલ તેજપાલ."

"હું જરા કામમાં છું." એમ કહી એ દુકાને ચાલ્યો ગયો.

"ભાઈ કેમ આમ કરે છે, વયજૂકા?" વસ્તુપાલે પૂછ્યું.

"પછી કહીશ, ભાઈ, પહેલાં ભાભીને રાજી કરી લો."

ઓરડો અને ઓસરી સોનાં-રૂપાંથી ને હીર-ચીરથી ઢંકાઈ ગયાં હતાં. વચ્ચે હીરાજડિત આભરણોની કપૂર-દાબડીઓ પડી હતી.

"વાહ!" અહોભાવ અનુભવતો વસ્તુપાલ સંસ્કૃત શ્લોકો લલકારવા લાગ્યો. "વાહ અર્બુદનંદિની કુલવધૂ! તું તો અમારે ઘેર સાક્ષાત્ લક્ષ્મી પધારી."

જેઠના એ ઉમળકાભરપૂર બોલ એક બાજુ ઊભી રહેલી અનોપના શ્યામરંગી મોં પર શરમના શેરડા પાથરી રહ્યા. એ મોં પર વ્યથા પણ વંચાતી હતી.

બીજા ખંડમાં જઈને વયજૂકાએ ભાઈને કહ્યું: "ભાઈ, ભાભી છ મહિનાથી આવી છે, પણ તેજલભાઈ બોલાવતા નથી."

"બેન, અધીરી ન થજે. તેજલનાં જ્ઞાનચક્ષુઓ ઉઘાડશું."

ભોજનટાણે તેજપાલ ઘેર આવ્યો; ભોજન પતાવીને પછી વસ્તુપાલે કહ્યું: "આવો, અનોપ અને આપણે સૌએ સાથે બેસીને એક વાત વિચારવી છે."

બે ભાઈઓ બેઠા. અનોપ આવીને બેઠી. વસ્તુપાલે વાત ઉચ્ચારી:

"અનુપમાદેવી! અમારી ગૃહલક્ષ્મી! વાત એમ છે કે, આપણું તો ગરીબ ઘર છે. તેમ બીજી તરફથી ગુજરાતનો કાળ ભયથી ભરેલો છે. તમે આ જે બધું લાવ્યાં છો તે પહેરતાં-ઓઢતાં જોઈને આંખો ઠારવાનું કયા જેઠને ન ગમે?"

"હું એકલી પહેરવાની નથી," અનોપ બોલી, "બહેન પહેરે અને મારાં જેઠાણી પહેરે તે જોઈ હું પણ મારી આંખો ઠારું."

"જરૂર જરૂર પહેરે. એ તો તમારી જ બહેનો છે ને! પણ મને એમ થાય છે કે..."

"કેમ બોલતા રહી જાઓ છો, ભાઈ? ભાભીને દુઃખ લાગશે એવી બીક રાખશો મા," વયજૂકાએ હિંમત દીધી.

"તેજલ, તને મારો વિચાર ગમશે?"

"ગમશે જ."

"પણ તારી મંજૂરીની આમાં જરૂર જ નથી. દેવી અનુપમાનો ને મારો જ એકમત થવો જરૂરનો છે."

"મારે તો આજ્ઞા જોઈએ છે." અનોપ નીચે જોઈને બોલી.

"તો હું આમ કહું છું, કે આપણા રાણાની રાણી જેતલદેવીને તેજલે બહેન કહી છે. એના સગા ભાઈએ એને અડવી બનાવી છે. આપણે જે ઓઢી-પહેરીને બહાર નીકળી શકીએ તેમ નથી તે આભૂષણો જેતલદેવીને ગળે રોપીએ તો?"

"મારું તો સર્વસ્વ આ ઘરને અર્પણ છે. તો શણગાર શું!" અનોપે હર્ષગદ્ગદ બનીને કહ્યું.

"તો ભોજન માટે નોતરીએ, એટલે ગઈ કાલનો આખો મામલો સુધરી જાય. કોને ખબર છે, રાજાની મતિ આજે કેવી છે ને કાલે કેવી થશે? તેજલની સુરક્ષાનો પણ આ પ્રશ્ન છે."

"એ પ્રશ્ન તો નથી," તેજપાલે કહ્યું, "પણ કાલે મેં એ રાણીને ગરીબડું મોં કરી ભાઈ! વીર! કહેતાં સાંભળેલ છે તેના હજુય મારે કાને ભણકારા વાગે છે, મોટાભાઈ!"

"બસ, તો પછી આપણે એના ધર્મભાઈઓ બનીને એના સગા ભાઈનો અત્યાચાર નિવારીએ. અત્યારે વ્યવહારદક્ષતા દાખવવાનો અવસર છે. અનુપમાદેવી પોતાને હાથે જ પહેરાવે."

બીજા ખંડમાં જઈને એણે તેજપાલને પૂરી સમજ પાડી. રાજનીતિજ્ઞતાનો પહેલો દાવ વસ્તુપાલે ઘેર આવતાં જ રમી જાણ્યો.

એ તો ઠીક, પણ વસ્તુપાલ ઘરમાં આવતાં ઘરની વાણીમાં પણ શિષ્ટતાની ફોરમ ઊઠી. સંસ્કૃતના એ ભક્તે અનોપને અનુપમાદેવી કહી સંબોધી, એથી અનોપને પોતાને જ પોતાની કાળાશ કંઈક ઓછી થઈ એવું લાગ્યું. એ જમવા બેઠો ત્યારે પણ રસોઈની બાબતમાં વિદ્યારસ બતાવી એણે અનોપને રાજી કરી.

પણ જેમ જેમ દિવસ જતો ગયો તેમ તેમ વસ્તુપાલ છૂપી એક ઉત્સુકતા અનુભવી રહ્યો. એ કોઈ ને કોઈ બહાનું કાઢીને ઘરના આ ઓરડામાં ને તે ખંડમાં ડોકાઈ આવ્યો. એણે વાડા પણ જોયા, બળતણની કોટડી પણ જોઈ.

રસોડાના જાળિયામાંથી મોટાભાઈનાં આ ખાંખાંખોળાં જોતી જોતી વયજૂકા અનોપભાભી સાથે મંદ મંદ હસતી હતી ને પૂછતી હતી: "પણ મને કહોને ભાઈ, તમારે શું જોઈએ છે? શું શોધી રહ્યા છો?"

શરમાતો વસ્તુપાલ "ના રે ના, કશું નહીં," એમ કહીને પાછો બેઠકમાં ચાલ્યો ગયો ને ત્યાં બેઠાં એણે અનોપ-વયજૂકાની હસાહસ સાંભળી.

વળી પાછો વસ્તુપાલ ઘરમાં આંટા દેવા ને પૂછવા લાગ્યો: "હેં વયજૂ! આ પેટી કોની? આ બચકીમાં શું છે? આ તેલનો કૂંપો કોણ લાવ્યું છે?" વગેરે.

દરેકના જવાબ વયજૂકાએ રોકડા પરખાવી દીધા. તે પછી હૃદયમાં સહેજ ચિડાયેલો વસ્તુપાલ પોતાની ચીડ રખે ક્યાંક બહાર પડી જાય એવી કાળજી રાખીને વર્તન કરવા લાગ્યો. સાંજ પડતી ગઈ તેમ તેમ એનું અંતર નિરાશામાં ઢળતું ગયું. પણ પોતે કોઈને પોતાના અંતરની વાત પૂછી શકે તેમ નહોતું, કેમ કે ઘરમાં પોતે વડીલસ્થાને મૂઓ હતો!

વાત એમ હતી કે પરણીને પાછા પાટણ ભણવા ચાલ્યા ગયા પછી ઘણાં વર્ષે વસ્તુપાલ ઘેર આવ્યો હતો. એણે આશા રાખેલી કે એની સ્ત્રી લલિતા એના આવતા પહેલાં જ પિયરથી આણું વળીને આંહીં પહોંચી ગઈ હશે! એ આશા આથમી ગઈ. પણ પૂછવું કોને? કોઈ કહેતુંયે કાં નથી? કોઈએ લલિતાને તેડાવી પણ કેમ ન લીધી! કવિશ્રીએ મનમાં મનમાં ધૂંધવાતાં-ધૂંધવાતાં માંડ સાંજ પાડી.

## 16
# વણિક મંત્રીઓ

"સોમેશ્વરદેવ! તમે મને અંધારામાં રાખ્યો," વીરધવલ રાજગઢમાં ઠપકો દેતા હતા, "તમને કશી ખબર નહોતી?"

"થોડી થોડી ખબર હતી."

"તોપણ ચૂપ રહ્યા?"

"મારો ધર્મ હું બજાવ્યે જતો હતો. હું સમયની રાહ જોતો હતો, રાજન! યોગ્ય સમય આવ્યા પહેલાં કાંઈ કરવું એ ઉચિત લાગ્યું નહોતું."

"પણ તમે મને સૂચન પણ ન કર્યું?"

"પરિસ્થિતિને પક્વ થવા દેવામાં જ મને ડહાપણ દેખાયું એથી હું ચૂપ રહ્યો હતો. એથીયે વધારે: હું રાહ જોતો હતો કોઈ વણિકબુદ્ધિની. રાજ્યને વણિકબુદ્ધિની વિશેષ જરૂર છે."

"તેજપાલ ને વસ્તુપાલનો તમને કેવોક પરિચય છે?"

"મારા પિતા પાસે બેઉ ભણતા હતા, પણ એ નાનપણનો પરિચય વધુ ન કહેવાય. રાણાજી પોતે જ જોઈ વિચારીને નક્કી કરે."

"પણ હું અભણ છું તેની જ મોકાણ છેને?"

"માટે જ રાણાને ભણેલાઓની – બોંતેર કળાના જાણકારોની જરૂર છે. માત્ર ભણેલો હશે તે તો ભયંકર બનશે, રાણા! ભણતર એકલું હશે તો પ્રપંચે જ ચડી જશે. જીવનની કળાના જાણકારો જોઈશે."

"કળાના જાણકારો મારે આ વાટકીના શિરામણ જેવડા ધોળકામાં ક્યાંથી કાઢવા? આ કુગ્રામમાં કોણ કળાનો જાણનારો આવવા નવરો હશે?" રાણા વીરધવલ એમ કહી કહીને પોતાના કાંડા પરના કંકણ-કાવ્ય પર નજર ઠેરવતા હતા ને હસતા હતા. સોમેશ્વર પણ હસતો હતો. રાણાએ ગુરુને પૂછ્યું: "કેમ હસો છો?"

"ના રાણા, આપ હસો છો એથી મને હસવું આવે છે."

"મને કેમ હસવું આવે છે તે તમે ક્યાં નથી જાણતા? બાપુએ મારે કાંડે કોણ જાણે કયા સોલંકી મહારાજના કાંડાનું આ કંકણ પહેરાવ્યું છે; આ કંકણ પર

કાવ્ય કોતરેલ છે ને તેનું મારે મૂંઝવણને સમયે ધ્યાન ધરવું એમ બાપુએ કહ્યું છે. કહ્યું છે કે રાજા ભોજ પણ આમ જ કરતા. પણ આ તે કંકણ પર કાવ્ય કોતરેલું છે કે કાળા મંકોડા, એ હું શું સમજું? મને વેશ પહેરાવી બેસાડ્યો છે, પણ ભજવતાં આવડતું નથી. તે માટે હું હસું છું. હસી હસીને રડવું આવે છે.''

''માટે જ કહું છું કે મંત્રીઓ વસાવો.''

''તેજપાલ બહાર બેઠે બેઠે આવાં તોફાન કરે છે તો મંત્રી બન્યા પછી શું નહીં કરે?''

''તેજપાલની તો મને ખબર નથી, પણ બેજવાબદારી જે તોફાન કરાવે છે, તે જવાબદારીનો ભાર માથે પડતાં શમી જાય છે.''

''તો બોલાવોને એને.''

તેજપાલે આવીને રાણાને વસ્તીના રોદણાનું પૂરું કારણ સમજાવ્યું. રાણાએ ઠાવકું મોં રાખીને કહ્યું: ''રાણીને ને કુંવરને તમે બચાવ્યાં એમ રાણી કહે છે, પણ હું નથી માનતો, શેઠ. રાણી તો સોરઠિયાણી છેને, એટલે છેતરાઈ ગઈ. પણ તમે તો મને લાગે છે કે ચાલાકી જ કરી છે. ક્યાં છે જેતલ?''

''આ રહી.'' ચંદ્રશાલામાંથી આવીને જેતલદેવીએ કહ્યું.

''આ તમારા ભાઈએ તમને ઠીક ભૂ પાયું! હવે કહો એને કે ઘરેણાં ઘડાવી આપે.''

''રાણાજીના મોંમાં અમૃત,'' તેજપાલે કહ્યું ને હાથ જોડી વિનંતી કરી કે, ''એક વાર અમારે ઘેરે જમવા પધારો.''

''લૂંટાવી કરીને પછી બેનને મિષ્ટાન્ને રીઝવી લેવાં છે?''

''ના, ના,'' જેતલદેવીએ કહ્યું, ''બેનનો લૂંટાયેલો માલ ભાઈની બહાદુરી પાછો અપાવશે. ફિકર રાખો મા.''

''સગા ભાઈને જે ન ઓળખી શક્યાં તેને હવે આ શ્રાવક ભાઈ સ્વાદ ચખાડશે... વીરપહલીનો!''

તેજપાલ આ બધા વિનોદ સામે ગંભીર અને વિનયશીલ જ રહ્યો. એને ખબર હતી કે રાજાઓ કોઈ કોઈ વાર મશ્કરીએ ચડે છે ત્યારે સામો માણસ ગફલતમાં પડી જાય છે.

વળતા દિવસે વસ્તુપાલ-તેજપાલને ઘેર ભોજન લઈને રાણો ને રાણી બેઠાં ત્યારે એમને આ વણિક-ઘરની સુશીલતા ને સંસ્કારિતાની પૂરી ઓળખાણ મળી. મુખવાસ લઈને ઊભાં થાય છે તે વખતે અનુપમાદેવી થાળમાં આભૂષણો લઈને હાજર થઈ. જેતલદેવીને પહેરાવવા એણે એક રત્નહાર ઉપાડ્યો.

"આ શું કરો છો?" જેતલદેવી તો દિગ્મૂઢ બની.

"બા," તેજપાલે ઊભા થઈ હાથ જોડ્યા, "તમારા ભાઈઓના ઘરની ચિંતા કર્યા વગર જ પહેરી લ્યો. એ તો એના પિયરનું છે; એની કુલમુખત્યારીનું છે."

"પણ... પણ... હું કેમ પહરું?"

"હું મારાં નણંદની અડવી ડોક કેમ જોઈ શકું?" અનુપમા બોલી, "ને નણદીબાની આવી સ્થિતિ જેણે કરાવી છે તેના અપરાધની પણ હું તો અર્ધભાગિની છું ને!"

"ઊભાં રહો, ઊભાં રહો," એમ કહેતાં જેતલદેવી રાણા તરફ વળ્યાં, "આ પહેરીને હું રાજગઢમાં જાઉં તો તેની રક્ષા કરવાની ત્રેવડ તમારી છે?"

"બિલકુલ નહીં. ચોખ્ખું કહી દઉં છું. મારે ઘેર લાવલશ્કર નથી, ને તારું પિયર વામનસ્થલી, પોતાની બહેન પર હોય તે કરતાં બહેનનાં ઘરેણાં પર વધુ પ્રેમ ધરાવે છે." રાણાએ ભય બતાવ્યો.

"તો હું શું કરું?"

"પૂછી જો તારા ભાઈઓ થવા આવનારને. એમનાં બાવડાંમાં બળ છે?"

"બહેનનો રાજગઢ તોડવાનું બળ જો હતું તો બહેનના શણગાર ઉપર હાથ નાખનારા લૂંટારુઓને ભાંગવાનું તો બળ હશે જ ને?" રાણીના મોં પરથી એ બોલતી વેળા વિનોદ ઊડી ગયો.

"પિયરને દાઢમાં લીધું લાગે છે!" રાણા ખીલ્યા.

"પતિના ઘરની આબરૂ સાટુ." એમ બોલતાં રાણી જેતલદેવી પોતાના મનમાં ઘડાઈ ગયેલ એક ભયંકર નિશ્ચયની ઝાંખી કરાવી રહ્યાં હતાં. અને રાણા વીરધવલે પણ જોયું કે હાંસી બહુ આગળ વધી ગઈ હતી. રાણીના મોં પર સ્વસ્થતા નહોતી.

"બા!" વસ્તુપાલે કહ્યું, "તમે પહેરી લો. એ ઘરેણાંની તો હવે અમે જ રક્ષા કરશું."

"સમજીને બોલો છો?" રાણીનો પ્રશ્ન સૂચક હતો. વણિકો હજુ કંઈ સમજતા નહોતા.

વીરધવલને રાણીની વાતમાં રહેલા મર્મની સાન આવી ગઈ હતી. પણ હજુ પિતાને પૂછવું બાકી હતું. તેથી તેણે વાતનો અંત આણ્યો: "અત્યારે તો પહેરી લો. રક્ષાની વાત વિગતે કરશું."

*

તે જ રાત્રિએ ઉપાશ્રયમાં વિજયસેનસૂરિની પાસે ચાર પુરુષો એકઠા થયા: વસ્તુપાલ, તેજપાલ, સોમેશ્વરદેવ અને દેવરાજ પટ્ટકિલ. પટ્ટકિલ ધોળકામાં છુપાઈને

રહ્યો હતો.

વિજયસેનસૂરિએ ઊંચી પાટ પર ન બેસતાં સૌની સાથે ધરતી પર જ રજોહરણ ફેરવીને નાનું પાથરણું પાથર્યું. પછી વસ્તુપાલ-તેજપાલે મંત્રીપદ સ્વીકારવું કે કેમ તેનો પ્રશ્ન ચર્ચાયો.

સોમેશ્વરદેવે ખબર આપ્યા કે, "રાણા લવણપ્રસાદને તેડવા તો સાંઢિયો આજ સવારનો ગયો છે એટલે એ રાતોરાત આવી પહોંચશે. સવારે જ કદાચ મંત્રી-મુદ્રા સોંપાશે."

"તો શું કરવું? તમારો મત શો છે?" વિજયસેનસૂરિએ ગંભીરપણે પૂછ્યું.

"સ્વીકારી લેવી. લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવું." સોમેશ્વરે કહ્યું.

"રાજાની મંત્રી-મુદ્રા એ લક્ષ્મીનો ચાંદલોયે હોય અને મેશની ટીલીયે નીવડે," વિજયસેનસૂરિ બોલ્યા, "આ કાંઈ ઊગતા સૂર્યની પૂજા કરવાની નથી. આ મંત્રીપદ તો લોઢાના ચણા છે."

"પણ રાણા અને રાણી બન્ને બહુ જ ઇંતેજાર લાગ્યાં." તેજપાલે કહ્યું.

"વત્સ!" વિજયસેનસૂરિએ સહેજ હસીને જવાબ વાળ્યો, "રાજાને ગરજ હોય છે ત્યારે ગળપણનો પાર રહેતો નથી. પણ એ જ ગળપણ ઝેર થઈ જતાં કેટલી વાર?"

"તો શું કરવું?"

"પહેલાં તો પ્રજામત તમારે પક્ષે મજબૂત છે કે નહીં તે નક્કી કરો."

"એ તો બે દિવસ પર જ જોવાઈ ગયું છે." સોમેશ્વરદેવે ઝટ ઝટ કહ્યું.

"ના, એના પર વિશ્વાસ ન રખાય. રાજની સામે હોબાળો ચડ્યો હોય ત્યારની વાત એક છે, અને રાજની સેવા સ્વીકારો ત્યારની વાત જુદી બને છે."

"તો આપ શું સૂચવો છો?"

"હું જો હાડોહાડ જૈન ધર્મનો પક્ષકાર હોત તો કહી દેત કે ઝટ મંત્રીપદ લઈ લો, ઝટ રાજ્યમાં દ્રવ્યપ્રાપ્તિ કરાવી આપો, ને ઝટ ઝટ શ્રાવકો અને સાધુઓ માટે વિશિષ્ટ હકોનાં પત્રકો કરાવી વાળો. પણ એ વાતનો ઇતિહાસ તો દુ:ખદ છે. એટલે પહેલું તો એ કહું કે તમારે મંત્રીપદ લેવું હોય તો તમે શ્રાવકોના સમૂહની કે સાધુઓના સંઘની વાહવા પર વિશ્વાસ ન મૂકજો. બીજું, રાજની આંખ બદલે – ને એ તો ગમે ત્યારે બદલે – તે સમયની સદાકાળ તૈયારી રાખજો."

"કેવા પ્રકારની?"

"દંડાવાની, લૂંટાવાની, જીવથી પણ જવાની."

"ના ના, મારો વીરુ..." એમ કહેતા એકાએક થોથરાઈને દેવરાજ પટ્ટકિલ બોલ્યા, "મારો ધણી રાણો વીરધવલ એવો નથી, હો પૂજ!" એના બોલમાં કોઈ ન સમજે તેવો ગદ્ગદિત ભાવ હતો.

"એ નહીં ને એનો દીકરો વીફરે; એના કાનમાં કોઈ ખટપટનાં ઝેર રેડાય. વસ્તી જ સામી થઈ બેસે. કંઈ કહેવાય નહીં. એટલે બુદ્ધિ, ચિત્તવૃત્તિ અને ત્રીજી તલવાર, એ ત્રણે જો તમારી સાબૂત રહે તેવી હોય તો જ હા ભણજો, વત્સ! પણ કુટુંબના કે ન્યાતના, ધર્મના કે પંથના જયજયકાર પૂરતું જ પ્રલોભન હોય તો ન સ્વીકારજો. આજ સુધી એ જ ભૂલ થતી આવી છે. જિનમંદિરો તો અસંખ્ય છે, નવાં નહીં બંધાવો તો ચાલશે. શિવપ્રાસાદોનો પાર નથી, એનેય વિશ્રામ દઈ શકશો. પણ મસીદો ક્યાં ક્યાં નથી ને કઈ કઈ પડી ગઈ છે તેના પર લક્ષ વધુ દઈને વણકર, ખેડુ અને કારીગર મુસ્લિમ વસ્તીનાં દિલ જીતવાં જોશે. છેવટ એક જ વાત, તમારું, બે ભાઈઓનું ને દેવ સોમેશ્વરનું સ્વપ્ન સાબૂત હોવું જોઈએ. એ સ્વપ્ન આજ સુધીના કોઈ ગુર્જરરાજને કે ગુર્જર મંત્રીને આવ્યું નથી. એ સ્વપ્નની લીલાભૂમિ ફક્ત ગુર્જર દેશ નહીં પણ..."

અહીં એ જૈન મુનિના શબ્દો પર જાળિયામાં થઈને કોઈનો પડછાયો પડ્યો અને વાક્ય ખંડિત બન્યું. સૂરિજીને લાગ્યું કે કોઈક બહાર સાંભળતું હતું.

"ખેર! એ વાત તો આગળ ઉપર." એમ કહીને સૂરિએ સોમેશ્વરદેવને કહ્યું, "દેવ! તમારું સ્થાન હંમેશાં મધ્યસ્થ તરીકેનું રહેશે."

"એટલે કે સૂડી વચ્ચે સોપારીનું." સોમેશ્વરદેવ હસ્યા.

"હા, ને સોપારી પોતાનું સ્થાન સાચવશે તો તો ચૂરો ચૂરો થઈ જઈને પણ રાજાપ્રજાનો મુખવાસ શોભાવશે, સૂડી ચલાવનાર હાથને તો નહીં વઢાવે! ખરી વાત છે દેવ, કે તમારી હાલત કપરી બનશે. શંભુ તમને શક્તિ સીંચો!"

"હું તો ફસાયો," વસ્તુપાલે કહ્યું, "હું આહીં આવ્યો તે તો સોમેશ્વરદેવની જોડે કવિતારસ લૂંટવા; ને ખેંચાઉં છું રાજપ્રપંચોમાં."

"તમારો કવિતારસ પરીક્ષામાં મુકાશે. કવિતા તો અંદરની વસ્તુ છેને! યુદ્ધમાં ઘૂમતા હશો ત્યારેય એનું તો પાન કરી શકશો. કવિ એટલે એક કવિતા કરવા સિવાય બીજી બધી વાતે નાલાયક, એવી માન્યતાને ઉચ્છેદી નાખજોને."

"કોને ખબર છે કે કેટલું જીવીશ?"

"એ જાણવાની ઉતાવળ નથી. યોગ્ય અવસરે એ પણ જ્ઞાન મળી જશે."

"આપ કહેશો?"

"હું શું કહેવાનો? કાળ જ કહેશે. તે વખતે પછી બીજું સમસ્ત સ્વપ્ન સંકેલી

લઈ સચ્ચિદાનંદને શરણે ચાલી નીકળવાની વાર ન કરજો.''

''ત્યારે કોઈ કલ્યાણસ્તોત્ર સંભળાવો હવે.'' એમ કહી બધા ઊભા થયા.

''સ્તોત્ર ફક્ત આટલું જ,'' સાધુ વિજયસેને કહ્યું, ''જે મંત્રી કોઈના માથા ઉપર હાથ મૂક્યા વગર ભંડાર વધારી શકે, કોઈને દેહાંતદંડ દીધા વગર દેશનું રક્ષણ કરી શકે, ને લડાઈ કર્યા વિના રાજ્ય વધારે, તે મંત્રીને કુશળ સમજવો.''

# 17
# ભણતરની ભેટ

**મો**ડી રાતે બેઉ ભાઈઓ ઘેર આવ્યા; તેજપાલ પોતાના ઓરડાની બહાર બિછાવેલી પથારી પર ઢળ્યો, અને પોતાનું બિછાનું શોધતા વસ્તુપાલને બહેન વયજૂકાએ કહ્યું: "મોટાભાઈ, તમારે સૂવાનું પાછલા ઘરમાં છે."

"ઠંડી વાય એવી જગ્યાએ નથીને?"

"ઠંડી વાય તો સહી લેજો." એમ કહીને વયજૂકા હસતી હતી.

પાછળના ફુરજામાં વસ્તુપાલ જતો હતો ત્યારે સામેથી એનું સ્વાગત કરવા જાણે મીઠી ને માદક કો સુગંધ આવતી હતી. એ સુગંધ ફૂલોની નહોતી, અર્કોની નહોતી, ધૂપ કે દીપની નહોતી; શાની હતી તે કહી ન શકાય, પણ વસ્તુપાલને પોતાના સંસ્કૃત ભણતરમાંથી એકાએક યાદ આવ્યું કે માનવીના દેહમાંથી પણ એક ન વર્ણવી શકાય તેવી ફોરમ લહેરાય છે.

દીવો ત્યાં નહોતો, ચંદ્રનો પ્રકાશ પણ નહોતો. પણ સામે શુક્ર તારાની પૂરી કળા ખીલી હતી તે પરસાળમાં અજવાળાં ચાળતી હતી.

પેલી સુગંધ એ અજવાળામાં વધુ ને વધુ મહેકવા લાગી. વસ્તુપાલને આ સુગંધ એકાએક પરિચિત લાગી. કોઈક દિવસની, વર્ષો પૂર્વેના કોઈક એક ચોઘડિયાની ગાઢ ઓળખાણવાળી લાગી. વર્ષો પૂર્વે: તે પછી કદી નહીં ને આજ! વચગાળાનાં વર્ષોમાં એ સોડમનો સ્પર્શ શું કદીયે થયો નહોતો?

થયો હતો: કોઈ કોઈ વાર સ્વપ્નમાં; કોઈ કોઈ વાર સરસ્વતીનાં નીરમાં સ્નાન કરતે કરતે; કોઈ કોઈ વાર રઘુવંશ અને શાકુંતલ ભણતે ભણતે; કોઈ કોઈ વાર કોશા અને સ્થુલિભદ્રનો રાસ વાંચતે વાંચતે. પણ ન ભુલાય તેવી સાંભરણ તો પાંચ વર્ષ પૂર્વેની એક રાત્રિના અખંડ જાગરણની એ ફોરમની હતી.

કંકણનો ખણખણ અવાજ થયો. કોઈ એની પથારી પર બેઠું હતું. સ્ત્રી હતી.

વસ્તુપાલ શરમાઈને પાછો ફરવા જાય છે: ભૂલથી કોઈક બીજી બાજુ આવ્યો હોવાનો ભ્રમ એક ઘડી એના પગ પકડી રહ્યો, ત્યાં તો શબ્દો સંભળાયા: "ભણેલ કરતાં તો ભરવાડ ભલો!"

થંભી રહ્યો. આ કોણ? "કોણ, લલિતા?"

"છેક હવે પારખીને?" પથારીએ બેઠેલીએ ઊઠીને કહ્યું, "ભરવાડ તો ઘોર અંધારેય બકરું ઓળખી કાઢે. ભણેલા..."

ત્યાં તો વસ્તુપાલે એ સ્ત્રીને ભુજામાં લપેટી લઈ એના મોં પર ચૂમીઓ પર ચૂમીઓની મુદ્રા ચોડી દીધી. "ક્યારનો યાદ કરવા મથતો હતો કે આ સુગંધ કોની? તું આવી ક્યારે? મેં તો તારા બાપુને સંદેશો કહેવરાવ્યો નથીને?"

"અમે તો ગામડિયાં રહ્યાં. પાટણથી તમે નીકળ્યા ત્યારથી જ મારા ગામને પાદર ગંધ આવતી હતી, કવિશ્રી!" એમ કહેતી વસ્તુપાલની પરિણીતા સ્ત્રી લલિતાદેવીએ કવિ-પતિના કંઠ ફરતી બેઉ હાથની માળા રચી લીધી.

વસ્તુપાલની કાળી, લાંબી, ઘાટી ચોટલીઓની લટો લલિતાની છાતી પર, સેવ જેવી ચળાવા લાગી.

"લે; દીવો તો કર." એણે કહ્યું.

"ના, રૂપાળા છો તે તો હું જાણું છું. જોઈ લીધા છે માહ્યરામાં જ." એમ બોલતી બોલતી એ પતિના મોં પર હાથ ફેરવતી હતી. આંગળીઓને ટેરવે ટેરવે આંખો ફૂટી હતી. "ઊભા રહો, તમે ખૂબ ખૂબ ભણી આવ્યા છોને!" લલિતાએ છૂટી પડી સામે ઊભીને કહ્યું.

"તે શું છે?"

"ઇનામ લઈ આવી છું."

"લાવ જોઉં!"

"જે દઈશ તે લઈ લેવું પડશે."

"જરૂર."

"તમે દીવો પેટાવો ત્યાં હું લાવું છું."

દિવેલ પૂરેલી પિત્તળની દીવીમાં બે વાટો પેટાવીને વસ્તુપાલ ચોમેર જોવે છે, તો લલિતાનો સામાન્ય શણગાર નજરે પડે છે. ધુપેલ તેલનો એક કૂંપો છે, એક મોટી બચકી છે અને એક શ્રીફળ પડ્યું છે. બાકી તો ઓરડામાં સુગંધ સુગંધ છે. એ સુગંધ બીજી કોઈ નહીં, લલિતાના તંદુરસ્ત, તેજસ્વી યૌવનની જ એ સુગંધ છે. એવી જોબનમસ્તને લપેટાયેલો પોતાનો દેહ પણ એને મહેક મહેક થતો લાગ્યો. પોતાના હોઠ પર પણ લલિતાના ગાલનો પરાગ જાણે ચોંટી ગયો!

લલિતા બહાર ગઈ હતી. ત્યાંથી એ પાછી આવી ત્યારે એની સાથે એક બીજી સ્ત્રી હતી. લલિતાથી એક વર્ષ નાની, મોં નીચે ઢળેલું, વસ્ત્રો સાદાં, શણગાર કશો નહીં. મોતીમાં લળકતા પાણી જેવું યૌવન.

"લો આ ઇનામ." લલિતાએ કહ્યું ને વસ્તુપાલ ઝબક્યો. એને સમજ ન પડી.

"કોણ છે?"

"ન ઓળખી? મારી બેન સોખુ."

"સાથે આવી છે?"

"હા, ને પાછી જવાની નથી."

વસ્તુપાલનું વિસ્મય વધ્યું. લલિતાની સામે એનાં દિગ્મૂઢ નેત્રો ખુલાસો માગતાં હતાં.

"ભણતરનું ઇનામ. બોલે બંધાયા છો. સ્વીકારી લીધા વગર છૂટકો નથી." લલિતા હસતી હસતી ગંભીર બની, "લે ચાલ હવે, સોખુ, સૂઈ જા નિરાંતે. તોબાની તાળી કરી છે, માડી!"

એમ કહી, પોતાની બહેનને પાછી સુવરાવી આવીને લલિતાએ પતિનો હાથ ઝાલ્યો: "બેસો, બધી વાત કરું. સોખુ મારી શોક્ય બનવા આવી છે; આજ ત્રણ વર્ષથી ઘેર ધમરોળ ચાલે છે. કૂવે પડવું કે દીક્ષા લેવી કબૂલ છે પણ બીજે ક્યાંય પરણવું નથી. બોલો, શું કહો છો?" એ વધુ ને વધુ ગંભીર બની.

વસ્તુપાલને હસવું આવ્યું, એની જીભમાંથી વાચા વિદાય લઈ ગઈ હતી.

"લલિતા!" એણે હસીને કહ્યું, "નાટકો તો ઘણાં વાંચી નાખ્યાં, પણ કોઈ પ્રહસનમાં મારા જેવા પાત્રનું દર્શન થયું નથી!"

"હસવાની વાત નથી," લલિતાએ વધુ સ્ફોટ કર્યો, "સોખુને હું વિખૂટી પાડીને જીવતી રાખી શકીશ નહીં. તમારાં પોથાંનાં અનેક પાત્રોના ટોળામાં મારી બેનને પણ મારગ આપો."

"ઘેલી રે ઘેલી! તારાં ને મારાં માવતર આ જાણે તો શું કહે? તારા બાપુ કાનડ શેઠનું ગામતરું!"

"મારા બાપુ તો છ મહિના પહેલાં મરતે મરતે જ મને કહી ગયા છે – મેં એના મોંમાં પાણી મૂક્યું તે પછી જ એ ગત પામ્યા છે – કે સોખુને મારા સંસારમાં જ જગ્યા કરી દેવી. પિયરમાં અમારે કોઈ નથી રહ્યું, બન્ને બહેનો ઘર વેચીને સદાને માટે એ દિશા બંધ કરી દઈ ચાલ્યાં આવ્યાં છીએ."

"બા આજ બેઠાં હોય તો શું કહે?"

"બાએ તો તમને વચન લેવરાવ્યું છે ને કે સંસારનાં સર્વ કામ અનોપને પૂછીને કરજો. ચાલો, અત્યારે જ પૂછીએ."

એમ કહેતી એ પોતાની દેરાણીને ઓરડે ગઈ. પોતે પચીસ વર્ષની, દેરાણી અનોપ પોતાના કરતાં બે વર્ષ નાની, છતાં સંસારમાં અનોપનું ઊંચેરું સ્થાન તો

લલિતાએ પણ સ્વીકારી લીધું હતું. અનોપને ઘરમાં આવ્યાં ત્રણ વર્ષ થઈ ગયાં હતાં. પોતે હજુ આજે જ પ્રવેશ પામતી હતી.

અનોપ પોતાના ઓરડામાં એકલી હતી. બેઠી બેઠી જેઠની પોથીઓમાંથી એક લઈને દીવે વાંચતી હતી. એ ભોંય પર બેઠી હતી. બિછાનું ભોંય પર જ હતું. એના શ્યામ ચહેરા પર સબૂરીની ઝલક હતી. પતિ બહાર પથારી કરાવીને સૂતો છે, છતાં પોતે કશી આકુળતા બતાવતી નહોતી.

"અનોપ! જરા બહાર આવોને?" લલિતાએ પાછલે બારણે બહાર ઊભીને પૂછ્યું.

"કાં ભાભીજી!" અનોપે પોથી નીચે મૂકી. "આવોને અંદર! કોઈ નથી." સંકોડાતી જેઠાણીએ અંદર જઈને આશ્ચર્ય અનુભવ્યું. દિવસભરની રસિકા, મર્માળી અને ઉલ્લાસમૂર્તિ આ દેરાણીનો શયનખંડ શણગારેલા અપાસરા જેવો કાં? શૃંગારસામગ્રી કેમ જાણે અણવાપરી કોઈની રાહ જોતી હોય તેવી? અત્યારે શું પતિને સૂઈ જવાનો ને પત્નીને ધર્મનાં પાનાં વાંચવાનો પહોર છે? પાથરેલો ઢોલિયો એક કરચલીનું પણ ચિહ્ન કાં બતાવતો નથી?

"કેમ આવ્યાં? કહો." અનોપે પૂછ્યું.

"તમારા જેઠ કાંઈક પૂછવા માગે છે."

"ચાલો." કહી, જતનથી પોથી બીડીને એ લલિતાને ઓરડે ગઈ.

વસ્તુપાલ વિનયમૂર્તિ બની ઊભો હતો. અનુપમાનું શીલ પણ સંયમપૂર્ણ હતું. જેઠ અને નાનેરી વહુ, બેમાંથી કોણ કોની વધુ આમન્યા પાળી રહ્યું હતું એ કહેવું કઠિન પડે.

"બોલો, અનોપ!" લલિતાએ વાત શરૂ કરી, "બા આજે બેઠાં હોય તો શી આજ્ઞા કરે?"

"અનુપમા," વસ્તુપાલે કહ્યું, "તમે આ ઘરમાં બાને સ્થાને છો. તમે બોલશો તે હું બાનું બોલ્યું ગણીશ. લલિતા આજે શું ગાંડપણ લઈને સાસરે આવી છે? તમે એને આખો દિવસ ક્યાં છુપાવી હતી?"

"બાને ખબર હતી," અનોપ જેઠની સામે શ્રદ્ધાભરપૂર નેત્રે બોલી, "કાનડ બાપા જ બાને કાને વાત નાખી ગયા હતા. સોખુબેન વિશેની ચિંતાથી કાનડ બાપા બા આગળ રોઈ પડ્યા હતા."

"બાએ શું કહેલું?"

"એ તો છેલ્લી પથારીએ હતાં. હસ્યાં હતાં. મને એકાંતે બોલાવીને કહ્યું હતું કે ભાઈને કહેજે, એક મ્યાનમાં બે તલવાર ભલે ન હોય, એક ભેટમાં બે કટારી

ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલય
ગુજરાતી સાહિત્ય પરિષદ
65533

તો બાંધે છે શૂરવીર."

"તમે શું કહો છો?"

"સોખુને મેં જ આંહીં તેડાવી છે."

"દુનિયા શું કહેશે?"

"બાના દીકરા થઈને દુનિયાથી ડરો છો?"

વસ્તુપાલ સમજ્યો. અનોપ બાના વિધવાલગ્નની યાદ દેતી હતી. એણે જરા કડક બનીને કહ્યું: "યાદ રાખજો, હાથનાં કર્યાં હૈયે વાગશે. તેજલને રસ્તો કરી આપવો છે?"

આંહીં અનોપની પાંપણો ધરતી ખોતરવા લાગી. એણે તદ્દન નરમ સ્વરે કહ્યું: "હું ક્યાં આડે આવું છું? હું તો મારે પિયર જાડા જૂથને ટેવાયેલી છું. જેને લાવશો તેને આંખમાથા ઉપર રાખીશ."

"બહુ ભલાં થયાં છો તે! ગરીબ પોરવાડોના ઘરમાં બાયડીઓના ધડાકા મચાવવા છે, એમ ને?"

"એવું થાય તે દિવસ મને ચંદ્રાવતીનો રસ્તો દેખાડજો. વધુ શું કહું? પણ આ વાતમાં તો બીજો માર્ગ નથી. સોખુબાને મેં બરાબર તાવી જોયાં છે. એ એકનાં બે થશે નહીં. પછી તો મરજી વડીલની."

એમ કહીને અનોપ પોતાને ઓરડે પાછી ચાલી ગઈ. અને વસ્તુપાલ કપાળે હાથ ટેકવીને વિમાસતો બેઠો.

એ નીરવતાને પોતાના મુક્ત હાસ્યથી ખખડાવી મૂકીને લલિતા પતિના ખોળાની એક બાજુએ ચડી બેઠી. પતિની દાઢી ઊંચી કરીને બોલી: "આ ખોળો તો ખૂબ પહોળો છે, અને કાયર શું બનો છો, કવિરાજ!"

"તારો તો ઠીક, પણ તારી બેનનો ચૂડો ભંગાવવા શીદ તૈયાર થઈ છો?"

"શું છે વળી ચૂડાને?"

"તું જાણદ્દ? હું હાટડું માંડીને નાણાવટ નથી કરવાનો."

"તો કવિતા કરજો – બે બાયડીઓના ધણીની દુર્દશાની!"

"ભૂલી છે તું. કાલ તો હું તુલસીનું પાંદ મોંમાં લઈને બહાર નીકળીશ."

"વીર ન જોયા હોય તો! જેનો ધણી તુલસીનું પાંદ મોંમાં લેશે એની વાણિયણો મોં વાળવા નહીં બેસે, હો બહાદુર! ને ચૂડીકર્મ કરવાય નહીં રોકાય. આમ જુઓ, ગલ્લાંતલ્લાં કરો મા, ને વિશ્વાસ રાખો, અમે બેય બેનો તમારે માણવાની કવિતા કહેશો તો કવિતાઓ, ને કટારો કહેશો તો કટારો બનશું. ઊઠો આમ, નહીંતર ધોળકાનું મલાવ તળાવ ગોઝારું બનશે. ગામને પાણીનું દુઃખ થશે, ને સોખુ તમને

ચુડેલ થઈને વળગશે. એટલો તો વિચાર કરો, કે હું મારા માથે શોક્ય લઈ આવતી હઈશ તે કંઈ કપરું ધર્મસંકટ હોયા વગર?''

''પણ આ વળગાડ વળગ્યો ક્યાંથી એને?''

''તમે તોરણ છબવા આવ્યા તે જ ઘડીથી. એ તો ગાંડી થઈ ગઈ છે.''

''લલિતા!'' વસ્તુપાલને આ સ્ત્રી વિચિત્રમાં વિચિત્ર લાગી, ''તું તે ઉદાર છે કે ગમાર?''

''બેમાંથી કશું નહીં, મારે તો તાલ જોવો છે.''

''શો તાલ?''

''કે કવિરાજ કવિતારસને સાચેસાચ માણી શકે છે કે નહીં?''

''વારુ ત્યારે!'' વસ્તુપાલ એક દુત્તું હાસ્ય કરીને ઊઠ્યો, ''બતાવી દઈશ. આ પણ ભલું રોનક પેઠું મારા જીવનમાં.''

''હાં, એમ વિચારીને માણો.''

ને પછી શુક્રતારાએ, આ બે જણાંની દયા ખાઈને – કે પછી દાઝે બળીને – આકાશમાંથી પોતાની કળા સંકેલી લીધી. વળતા દિવસની રાતથી તો ચંદ્રમાનો અમૃતકુંભ પણ બે પત્નીઓના વણિક રસરાજને ઓછો પડ્યો. ઘડિયાં લગ્ન પતાવી લીધાં હતાં.

## 18

# વંઠકમાંથી વીર

ત્રીજા દિવસે ધોળકાની પ્રજામાં ગણગણાટ થયો.

વાણિયાઓએ વસ્તીને ઉશ્કેરી તોફાન કરાવ્યું છે એવી જાણ થતાં લવણપ્રસાદ પાટણથી મારતે ઘોડે ધોળકે આવી પહોંચ્યા હતા. આજે એ બાવન વર્ષના થયા હતા. એની દાઢીએ કાબરચીતરો રંગ પહેર્યો હતો. આ રમખાણ વણિકોએ રાણા વીરધવલની ગેરહાજરીમાં સુવાવડી પુત્રવધૂ પર મચાવ્યું જાણી એનું લોહી તપી ગયું હતું. આવ્યા પછી એને શાંત કરવાનો પહેલો પ્રયત્ન સોમેશ્વરદેવને કરવાનો હતો.

"એને પહેલાં તો સખત દંડ દેવો જોઈએ." એ લવણપ્રસાદની જીદ હતી.

"મહામંડળેશ્વર!" સોમેશ્વરદેવે સલાહ દીધી, "દંડ દેવો તો એવો કડક દેવો, કે જીવનભર ખો ભૂલી જાય."

રાજગુરુની એ ટાપશીએ લવણપ્રસાદને વધુ કરડો કરી મૂક્યો. કઈ સજા વધુમાં વધુ કડક, એના વિચાર એ કરવા બેઠો. બાપુને સમજાવી લેવાનું કામ વીરધવલે જ સોમેશ્વરદેવને ભળાવ્યું હતું.

"રાણા!" સોમેશ્વરદેવે કહ્યું, "એને જો મારશો-દંડશો તો વસ્તી કાં વીફરશે, નહીં તો દબાઈ જઈને ધીરે ધીરે ધોળકું છોડશે."

"એને દેશવટે જ કાં ન કાઢીએ?" લવણપ્રસાદે બુદ્ધિ ચલાવી.

"તો તો આપણા બહારવટિયાને સંઘરવા ખંભાતનો સદીક, લાટનો શંખ, ગોધરાનો ઘુઘૂલ અને બીજા કંઈક શત્રુઓ ટાંપીને જ બેઠા છે, બાપુ!" સોમેશ્વરે ભોળા મહામંડળેશ્વરના મગજમાં એ મુદ્દો ઠસાવી લીધો.

"વાત ખરી છે દેવની, હો!" લવણપ્રસાદે ખસિયાણા પડીને ડોકું ધુણાવ્યું, "અમારી ક્ષત્રિયોની તે કાંઈ ખોપરી છે ને ખોપરી! એકેય વિચારનું સરખું સાલવણું ન થાય."

"અમારું બ્રાહ્મણોનું પણ એવું જ છે, મહામંડળેશ્વર!"

"એમ કાંઈ ચાલે? સાચી સલાહ દેવી પડશે! દેવ, આ વખતે એમ કહીને

નહીં છટકી જવાય, કે જાણતા હતા છતાં કહેવાની હિંમત નહોતી ચાલી.''

''મને તો એક નવો જ વિચાર આવે છે. શાસન સામે એ હોબાળો કરનારને જ કહી દેવું કે આ લે મુદ્રા અને કરી દેખાડ કારભાર. કાંધે ધોંસરી પડશે એટલે સીધાદોર થઈ જશે. પછી જો ભૂલચૂક કરે તો રાણકીના મેદાનમાં જ ગરદન ઉડાવી દેવી.''

લવણપ્રસાદ વિચાર કરવા લાગ્યા.

''પછી તો, રાણાજી!'' સોમેશ્વરે વિચારમાં વધુ રંગો પૂર્યા, ''એની ખબર આપણે નહીં લેવી પડે. પ્રજા જ એનાં છિદ્રો ગોતી ગોતીને એને કનડશે. રાજાની જેટલી ભૂલો એ કાઢતો હશે, તે કરતાં સો-ગણી એની ભૂલો પ્રજા કાઢશે. આપણે તો તટસ્થ બેઠા બેઠા નિરાંતે જોયા કરવાનું.''

''બસ, બસ, તો તો ઝટ બોલાવો એને, અને કારભાર ભજવી બતાવે તો બલિહારી એની. આપણે તો કારભારી જ જોવે છેના!''

સોમેશ્વરદેવના તેડાવ્યા બેઉ ભાઈઓ આવ્યા ત્યારે લવણપ્રસાદને પહેલી જ નજરે બે આશ્ચર્ય થયાં: એક તો આ પચીસ-ત્રીસ વર્ષના યુવાનો હતા. ને બીજું એ બેમાંથી એકેય પોતે કલ્પેલો તેવો વિકરાળ નહોતો. રાજ સામે માથું ઊંચકનારાના મોં પર ક્રરપીણતા, કુટિલતા ને ભયાનકતા હોવી જોઈએ એવી એની માન્યતા હળવીફૂલ બની.

વધારામાં એ બન્ને જણા વિનય ધરીને ઊભા રહ્યા.

આ છોકરાઓ! – મોંમાં માનું દૂધ ફોરે છે તેવા આ રૂપકડાઓ! આ બાપડાઓ કારભારું કરશે? કે લેખાં જ લખશે?

બેઉના ચહેરાને ડોસાએ ધારી ધારીને નિહાળ્યા. ક્યાંઈક જોયા લાગે છે. ધીરેધીરે યાદ આવ્યું: આ તો આસરાજ અને કુંઅરબાઈના દીકરા! બારેક વર્ષ ઉપર ભણવા જતા હતા ત્યારે ચીડવેલા એ જ! પણ હમણાં ઓળખાણ પાડવી નથી.

લવણપ્રસાદે આ યુવાનોની ખ્યાતિ ગાનારા સોમેશ્વરદેવ તરફ રમૂજભરી નજરે તાક્યું. 'પેલો સદીક કે શંખ આ બેઉને તો અક્કેક બગલમાં દાબીને ભીંસી નાખશે, દેવ!' એ એની દૃષ્ટિનો મર્મ હતો.

''કેમ, શેઠિયા!'' લવણપ્રસાદે પોતાની મૂછના પટા ઝાટકતે ઝાટકતે બેઉ ભાઈઓને સંબોધ્યું: ''ધોળકામાં રહેવું તો છેને?''

બેઉમાંથી એકેયનો જવાબ ન મળ્યો, એટલે લવણપ્રસાદે વધુ દમ ભીડ્યો–

''બાયડીઓ ઉપર કટક લઈ આવવાનો તાકડો ઠીક સાધ્યો, ખરુંને?''

વસ્તુપાલે સહેજ સ્મિત મોં પર લાવીને જવાબ વાળ્યો: ''મહામંડળેશ્વરે અમને

જો શબ્દોની પટાબાજી રમવા તેડાવ્યા હોય તો અમે લાચાર છીએ કે અમને અમારી માતાએ એ કળા શીખવી નથી. બીજું કાંઈ કામ હોય તો ફરમાવો, અમે સેવકો છીએ."

"રાણાજીનું એમ કહેવું છે, શેઠ," સોમેશ્વરદેવે વાત ઉપાડી લીધી, "કે જો રાજવહીવટના દોષો તમને ખરેખર આત્મભાવે ખટકતા હોય, તો તમે પોતે જ વહીવટ કરીને બતાવી આપો."

"ગુરુદેવ!" વસ્તુપાલે અજાણ્યા થઈને પૂછ્યું, "એવું ફક્ત આપ કહો છો કે મહામંડળેશ્વર પોતે કહે છે?"

"હું કહું છું હું, જવાબ આપોને!" લવણપ્રસાદની આંખો ખોટેખોટી ઠરડાયેલી હતી.

"તો પહેલાં તો બાપુ અમારી સામે જોઈને વાત કરે." વસ્તુપાલનો સ્વર પણ સહેજ કડક બન્યો.

લવણપ્રસાદે નજર સીધી કરી એટલે વસ્તુપાલ બોલ્યો: "જુઓ બાપુ, આજ યુગ પલટી ગયો છે. મહારાજ કુમારપાળનો દેહ સ્મશાને વળ્યા પછી રાજાપ્રજા સૌની મતિ પર તાળાં દેવાઈ ગયાં છે. આજે એ રાજાય નથી, તેમ એ પ્રજાય નથી."

લવણપ્રસાદને ખાતરી થતી ગઈ કે આ વાણિયા પ્રથમ કલ્પેલા તેવા સાવ છોકરા તો નથી! એણે કહ્યું –

"હા, પછી?"

"પછી તો બાપુ, વાત એમ છે કે જો રાજાએ નિરાંતે રાણીવાસમાં પડ્યા રહીને ભોગવૈભવ માણવા હોય, મંત્રીઓનું કામ જો રાજવિલાસને માટે ધનભંડારો જ ભેગા કરાવવા માટે હોય, તો તે અમારી શક્તિ કરતાં ઘણું વધુ મોટું કામ છે."

"તો તમારી શક્તિ શું કામ કરી શકે તેમ છે?"

"દુષ્ટોને દંડ દેવો હોય, અન્યાય પામેલાઓનો ન્યાય તોળાવવો હોય, ગુર્જર દેશનું મૂર્છિત આત્મભાન પાછું જગાડવું હોય, તો અમારી સેવા સોંપવા હાજર છીએ."

લવણપ્રસાદ સહેજ લેવાયા. એટલે સોમેશ્વરદેવે ત્રાગ સાંધ્યો: "ને જે બોલો છો તે ન પાળી શકો તો દંડ શો દેવાનો રહેશે એ જાણો છો, શેઠ?"

"ગુજરાતની આજની અવદશા જોતાં એ જાણવું અઘરું નથી. બહુ બહુ તો અમને લૂંટી લઈ શકાય."

"તો લો આ સ્વર્ણમુદ્રા." રાણા લવણપ્રસાદે ઊઠીને મંત્રીપદની મહોર લાંબી કરી.

"થોભો, બાપુ!" વસ્તુપાલે ફરી સ્મિત કર્યું.

"કેમ? શી વાર છે?"

"વાર ફક્ત એટલી જ કે પહેલાં આપ અમારા ઘરની સમગ્ર સંપત્તિની ટીપ કરી લ્યો."

"શા માટે?"

"એટલા માટે કે રાજાઓનાં કાન હોય છે કાચાં; દુર્જનોના હોઠને ને રાજાઓના કાનને બહુ બનતી હોય છે; જતે દહાડે કોઈ અમારા સામે કાન ભંભેરે તો તે દિવસ અમારી આજની સંપત્તિથી વિશેષ જેટલું અમારા ઘરમાંથી નીકળે તેટલું રાજનું સમજવું."

"ને બાકીનું?"

"બાકીનું રાજા દંડ લેખે આંચકી લઈ શકે. એથી વધુ નહીં."

"ઠીક છે. ટીપ તો કરશું, તમે જ કહોને કેટલી સંપત્તિ છે?"

"બે લાખ દ્રમ્મ."

"કબૂલ છે."

"તો કરી આપો લખત, લાવો મુદ્રા, અને મહારાજ –"

"હું મહારાજ નથી, ભાઈ!" લવણપ્રસાદ સહેજ દીન બન્યો, "ગુજરાતનો મહારાજાધિરાજ આજે કોઈ નથી."

"તો અમને આપની વૃદ્ધની આશિષો આપો રાણાજી, કે અમે ગુજરાતનો ધ્વજધારી મહારાજાધિરાજ ફરી ખડો કરીએ."

"વસ્તુપાલ, તેજપાલ!" લવણપ્રસાદનો અવાજ ભારે થયો, "આશિષો તો મારા હૈયામાં એકેય નથી રહી. હું તો ચોગરદમ કાળ-અંધારાં ભાળી રહ્યો છું. પણ મારી આશિષ તો મારી આ તલવાર છે. તમને જ્યારે તલવારનો ખપ પડે ત્યારે કહેજો, હું આ એકના એક દીકરાને સૌની આગળ જુદ્ધમાં ઓરીશ; એ પીઠ ફેરવશે તો એની પીઠ હું ઝાટકે ફાડીશ. ને હું તો એવા એક દિવસની જ વાટ જોઈ બેઠો છું, જે દિવસ ગુર્જર દેશને માટે આ કાયાના કટકા થાય."

"મહારાજ – રાણાજી, બસ બસ. આશિષો પહોંચી ગઈ." એમ કહેતા બેઉ લવણપ્રસાદના પગમાં નમ્યા.

"બોલો ત્યારે," લવણપ્રસાદે પૂછ્યું, "કામની વહેંચણી કેવી રીતે કરશો?"

"તેજપાલને સેનાધિપતિ નીમો."

"સેનાધિપતિ?" લવણપ્રસાદને નવાઈ લાગી, "શેઠ, તમે લડવા જઈ શકશો?"

"ત્યારે બાપુ, તમને બાપદીકરાને મરવાનું સોંપીને અમે આંહીં બેઠાં બેઠાં સત્તા ચલાવશું?" પહેલી જ વાર તેજપાલની વાચા ઊઘડી, "આપ મને કહો, સૈન્ય કેટલું છે?"

મૂંગો બેઠેલો વીરધવલ ઝંખવાયો, એણે આજ્ઞા દીધી: "બોલાવો જેહુલ ડોડિયાને, સોમવર્મા સોલંકીને અને ક્ષેત્રવર્મા ગુલને."

સૈન્યના એ ત્રણ અધિકારીઓ હાજર થયા, ને તેમને પૂછતાં માહિતી મળી કે સૈન્ય જેવી કોઈ ચીજનું રાજમાં અસ્તિત્વ નહોતું.

"ક્યાં મૂઆ પાટણથી મેં મોકલ્યા'તા તે બધા?" લવણપ્રસાદ કચવાયો.

"રજા લઈને ગયા તે પાછા જ ન આવ્યા." જેહુલ બોલ્યો.

"કેમ?"

"પગારો ચડી ગયા હતા."

"પગાર કોના હસ્તક ચૂકવાતા?"

"વામનદેવને હાથે."

"ઠીક, બાપુ!" વસ્તુપાલે કહ્યું, "હમણાં એ વાત પડતી મૂકો. ને ડોડિયા! અત્યારે પગાર કોણ ચૂકવે છે? ક્યારે ચૂકવાય છે?"

જેહુલ નીચે જોઈ ગયો. પગાર કોઈ ચૂકવતું જ નહોતું!

"કાંઈ ફિકર નહીં, ડોડિયા, તમે ત્રણેય જણા પછી મને મળજો." તેજપાલે મનમાં એક ગુપ્ત નિશ્ચય કરી લીધો, "આપણે ભરતી કરવાનું તો આદરી દઈએ."

"ને વસ્તુપાલ શેઠ, તમે?"

"મારી તો પછી આંહીં શી જરૂર છે?"

"ત્યારે?"

"મને સ્તંભતીર્થ આપો."

"એ ભૂખડી બંદરની શું વેકૂરી ભેગી કરશો?"

"ખંભાતની તો વેકૂરી પણ મહામૂલી, બાપુ."

"પણ ત્યાં તો સદીક શેઠ બેઠો છે. મનેય જવાબ દેતો નથી."

"આપને ન દે, પણ વેપારી વેપારીને જવાબ દે! અમે એકબીજાની ભાષા સમજીએ ખરાને, બાપુ!"

"રહેવા દોને શેઠ, નંદવાઈ જશો."

"આપો તો ખંભાત આપો."

"આપ્યું."

"ઘણી ખમ્મા, હવે આપ સુખેથી પાટણ પધારો. અને કૃપા કરીને હમણાં

બહારના કોઈ શત્રુને છંછેડશો નહીં; પાટણનું જેમ ચાલી રહ્યું છે તેમ ચાલવા દેજો.''

રાજગઢમાંથી બહાર નીકળતાં બેઉ ભાઈઓએ વિચાર કર્યો: 'જેતલબાને પગે લાગતા જઈએ.'

રાણીવાસમાં જતાં તેમણે પુરુષોની કતારોની કતારો જોઈ આશ્ચર્ય અનુભવ્યું. માથે બેડાં લઈને પાણી ભરતા પુરુષો, વાસીદું કાઢવામાં રોકાયેલા કુડીબંધ પુરુષો, રસોઈ કરવામાં જોઈએ તે કરતાં દસ-દસગણા પુરુષો, ધોણ્યો ધોવા જતા પાર વગરના પુરુષો – નિસ્તેજ ચહેરા, દરિદ્રી શરીરો, દગડી મનોવૃત્તિ, સામસામા શોરબકોર, શિસ્તહીન, વ્યવસ્થાહીન ટોળાં ને ટોળાં! તેમના ઉપર તમાચા ને ગડદાપાટુથી બેપાંચ રાજપૂતો કામ લઈ રહેલ છે.

''જેહુલ ડોડિયા!'' તેજપાલે પૂછ્યું, ''આ બધા કોણ, વંઠકો છેને? આટલી મોટી સંખ્યા?''

''હા જી, પહેલાં તો એ બધા ફોજમાં હતા, કેટલાક કોટવાળીમાં હતા, પણ ગઢમાં જરૂર પડતી ગઈ તેમ તેમ આંહીં લેવાતા ગયા.''

જેતલબાને વરધી અપાઈ, પોતે કંકાવટી-ચોખા તૈયાર કરાવીને ઊભાં રહ્યાં.

''બા,'' વસ્તુપાલે રાણીનો ચાંદલો લેતાં પહેલાં કહ્યું, ''અમે કારભારું લીધું છે, તે તમારી લાગણી પર ભરોસો રાખીને. પહેલાં તો તમને પૂછી લઈએ, કે બાપુએ અમને આંહીંની કુલ સત્તા સોંપી છે તેમાં તમારી પૂરેપૂરી સંમતિ છે ખરી?''

''મારી સંમતિ તો એક જ શરતે દઉં.''

''કહો, બા.''

''કે વણથળી ભાંગવા તમારે ચડવું પડશે.''

''વામનસ્થલીની વાત કરો છો, પણ આ પાંચસો માણસોને ગોલા બનાવીને ગઢમાં પૂરી રાખેલ છે એનો તમે કાંઈ વિચાર કર્યો? લશ્કર ક્યાં છે આપણે ઘેર?''

''ગોલાને ને લશ્કરને શું?''

''બા, અમારે રાજગઢ ભાંગીને લશ્કર કરવું છે. ગોલાને સુભટો બનાવવા છે. દસથી વધુ એકેય વંઠક નહીં રાખવા કબૂલ થાઓ છો? હાથે કામ કરી લેવું પડશે.''

''છ મહિને વંથળીનો કોટ તોડવા કબૂલ હો તો હું કબૂલ છું.''

''તે દિવસ તો આપને મોખરે કરવાં પડશે.''

''હું મોખરે જ હાલીશ.''

''તો છ મહિનાની મુદત ન નખાય; વામનસ્થલી તો કોણીનો ગોળ છે, બા!''

''છ મહિને કે છ વર્ષે, પણ છો કબૂલ? મારાથી રાણાનાં મહેણાં સહેવાતાં

નથી! એથી તો પિયરની દશ્ય બંધ થઈ જ ભલી!" કહેતાં કહેતાં રાણીની આંખે જળ દેખાયાં.

"આ કોણ, ગઢનો વંઠક છે?" તેજપાલે આડી વાત નાખવા વીરમદેવ કુંવરનું ઘોડિયું ખેંચતા જુવાનને જોઈ પૂછ્યું.

"હા, એલા ભૂવણા! આંહીં આવ." જેતલદેવીએ વંઠકને બોલાવ્યો, "આણે શાં પરાક્રમ કર્યાં ખબર છે? તમારા રાણા બે'ક મહિના પહેલાં ચંદ્રશાળા(અગાશી)માં પોઢ્યા હતા, અને આ પગ ચાંપતો હતો. અજવાળી રાત હતી. રાણાએ માથા ઉપર પિછોડી ઓઢી હતી. આ બહાદરે માન્યું કે રાણો પોઢી ગયા છે. એટલે હળવે હાથે રાણાના પગને અંગૂઠેથી રતનજડાઉ કરડો કાઢી લીધો, કાઢીને મોંમાં મૂકી દીધો. રાણાએ તો છાનામુના પોઢી ગયા હોવાનો જ ઢોંગ ચાલુ રાખ્યો. આને કાંઈ કહ્યું નહીં. રાણાએ તાલ જોવા બીજે દિવસ પાછો બીજો જડિત કરડો પગમાં પહેરી લીધો; પાછા પગ ચંપાવતા ચંપાવતા પોઢી જવાનો ઢોંગ કરીને માથે ઓઢી પડ્યા રહ્યા. એટલે આ બહાદરે પાછો બીજો કરડો સેરવવા માંડ્યો. ત્યારે પછી રાણાએ પડ્યાં પડ્યાં કહ્યું કે ભા, હવે રહેવા દે. હવે ત્રીજો પહેરવા રહ્યો નથી!" એમ વાત પૂરી કરીને જેતલદેવી હસવા લાગ્યાં.

"પછી એને દંડ શો દીધો રાણાજીએ, હેં બા?"

"હું તો રાણા આવ્યા ત્યારે એને ફટકારવાનું કહેવા ગઈ, પણ તમારા રાણાએ જ મને સંભળાવ્યું કે, તારો ભાઈ રાજનો ધણી તોય બેનને બાવી કરી જરજવાહિર ઉપાડી ગયો, તો આ તો કંગાલ વંઠક છે! ક્યાં મોલાતો ચણાવવાનો હતો? ક્યાંક એનાં માવતર કે ભાંડરુ ભૂખે મરતાં હશે એને પેટ રોટલો પહોંચાડત કે બીજું કાંઈ? એમ કહીને ઊલટાનો એનો દરમાયો વધારી દીધો છે. લ્યો ભાઈ, આવા રાજાના તમે મંત્રી થયા છો, એટલે મારે કંકુ-ચોખા ચોડ્યા વગર છૂટકો છે કાંઈ?"

રાણા વીરધવલે પાછલા રવેશને રસ્તેથી પ્રવેશ કરતે કરતે કહ્યું: "સોરઠની દીકરી રાજરાણી, ને તેમાં ભળ્યા વાણિયા મંત્રીઓ!"

"પછી તો કારસ્તાન રચાય જ ને, બાપુ!" વસ્તુપાલે વાક્ય પૂરું કરી આપ્યું.

પણ તેજપાલની નજરમાંથી ભૂવણો ગોલો હજુ ખસતો નહોતો.

"બાને વાંધો ન હોય તો એ વંઠકને હું લઈ જાઉં." વસ્તુપાલે માગણી કરી.

"ચોરને!"

"વીર બનાવીશ." વસ્તુપાલે ધીમેથી કહ્યું.

"આપે તો સાંભળ્યુંને?" જેતલદેવીએ વીરધવલને કહ્યું, "આપના નવા કારભારીઓ ગોલાનું લશ્કર ઊભું કરવાના છે."

"જે ધણી પોતાના પગમાંથી બબ્બે વાર કરડા કાઢી લેનાર ગોલાનાં ભૂખ્યાં માવતર સુધી નજર પહોંચાડી શકે, એનો વિશ્વંભર સહાયક સમજજો, બા!" વસ્તુપાલનું અંતઃકરણ આશાના તોરમાં આવી ગયું.

"ત્યારે હું જેહુલ ડોડિયાને કહી દઉં છું, બા," તેજપાલે પોતાનો મુદ્દો લાવી પાછો ઊભો રાખ્યો, "કે આ ધાડિયાને લશ્કરમાં લઈ જાય."

જેતલદેવીને આ વણિકોની અક્કલ ઉપર હસવું આવ્યું.

રાજકોષનો અને શાસનનો કબજો કરીને બેઉ ભાઈઓએ મંત્રણા કરી. વસ્તુપાલે યોજના બતાવી: "પહેલાં તો તમામ જૂના અધિકારીઓનાં ખાતાં તપાસો ને એમણે દબાવેલી રકમની કડક વસૂલાત કરો."

"પહેલાં તો એ સર્વના શિરોમણિ લૂંટારા વામનને..." તેજપાલને મોંએ એ નામ ચડ્યું.

"નહીં, એક વામનને છોડીને બીજાઓને. તું ઉતાવળો ન થા. વામન બ્રાહ્મણ છે. આપણા કારભારને પ્રારંભથી જ જ્ઞાતિધર્મની પક્ષાપક્ષીનું સ્વરૂપ અપાઈ જશે."

"બરાબર." ઉતાવળિયા તેજપાલની સરલતા એકદમ માની ગઈ.

"પછી દંડીએ પરગણાંના પટ્ટકિલોને, જેઓ રાજની ઊપજ ઓળવીને બેસી ગયા છે." વસ્તુપાલે બીજો મોરચો બતાવ્યો.

"ને તે પછી સૌરાષ્ટ્રને."

"ના. હમણાં એ દિશાને આપણે જાણે ઓળખતા જ નથી એવો દેખાવ કરવાનો છે."

"કેમ?"

"આજે તો એ વાજાઓ, ચૂડાસમાઓ અને વાળાઓને વામનસ્થલીવાળાઓએ ચેતાવી રાખેલ હશે, આજે ન પહોંચાય. એ બધાને કસૂંબા પી લેવા દે હમણાં. આજે તો જેમ જેમ જૂના અધિકારીઓ અને પટ્ટકિલો પાસેથી નાણાં આવતાં જાય તેમતેમ તું સૈન્ય-ભરતી કરવા માંડ. બાર મહિનાની મુદત આપું છું. મને બાર મહિને સૈન્ય દેવું પડશે."

"કેટલું?"

"બસો-અઢીસો લડવૈયા."

"બસ!"

"હા, ને એનેય મારે કાંઈ કોઈ યુદ્ધમાં ઓરી દેવા નથી. એક પણ માણસનું માથું ચૂકવતા પહેલાં આપણી બુદ્ધિએ નિચોવાઈ જવું જોઈએ. લશ્કરમાંથી બધા ભરરર ભટ કરતાં કેમ ભાગી ગયા તે જાણછને? કારણ કે લશ્કરના હજારો-લાખોને

રાજધણીની કે સેનાપતિની એકાદ ધૂન ખાતર યમને દાતરડે ડૂંડાં માફક વઢાઈ જવું પડે છે. માટે જ મેં એવી યોજના મૂકી છે કે જેમાં કોઈ લડાઈ કરવાની જરૂર નથી ને નાણું વસૂલ થવાનું છે. એ નીતિનું ફળ છ જ મહિને જોશું. પ્રત્યેક માણસની જિંદગી આપણે મન મોંઘી છે એમ જે ઘડીએ ગુજરાતના ગરીબ માવતરો જાણશે તે ઘડીએ જ ધોળકામાં સૈનિકોનાં પૂર ઊમટશે." બોલતાં બોલતાં ત્રીશ વર્ષના વસ્તુપાલની આંખો આત્મશ્રદ્ધાનાં સ્થિર તેજે ચમકી રહી. "ને પેલા રાજગઢના વંઠક ભૂવણાને જો સુભટ બનાવી આપે, તો હું માનું કે તું સેનાપતિ થવાને લાયક છે. જેહુલ ડોડિયો, ક્ષેત્રવર્મા અને સોમવર્મા ખરા સાચવવા જેવા ક્ષત્રિયો છે, એ તેં જોયું?"

"કેમ?"

"પાછલા અધિકારીઓ વિશે આપણે પૂછેલા સવાલોના ટૂંકા જવાબો આપવા સિવાય કશી જ ચાડીચુગલી કે રોદણાં રડવાની નબળાઈ બતાવી? એ એક જ ચિહ્ન બસ હતું. એમને સાચવીને ચાલજે. અને..." વસ્તુપાલ મંત્રીમંદિર તરફ જતે જતે કાંઈક કહેતો કહેતો રહી ગયો, "કાંઈ નહીં લે."

"શું કહેવા જતા હતા? કહો. હું ઉતાવળિયો છું એમ ફરી કહેવા જતા હતાને?" તેજપાલે સ્મિત કરીને પૂછ્યું.

"ના, એથી કંઈક વધુ કડવું, પણ હવે અત્યારે કાંઈ નહીં."

વસ્તુપાલના હોઠે આવેલા બોલ હૈયે ઊતરી ગયા; એને ઘેર બેઠેલી અનોપ વહુ યાદ આવી હતી; એને ખબર પડી ગઈ હતી કે છ મહિનાથી અનોપ આવી છે અને છતે ધણીએ રંડાપો ગાળે છે, કેમ કે એ સહેજ શામળી છે.

ના, કદાચ એ કરતાં એક વધુ સબળ કારણ છે. અનોપ વધુ બુદ્ધિવંતી છે! ધણીને વધુમાં વધુ ઈર્ષ્યા પોતાના કરતાં વધુ અક્કલવાન સ્ત્રી ઉપર સળગતી હોય છે એવું જ્ઞાન એણે પાટણની પાઠશાળામાં મેળવ્યું હતું. પણ પોતે આજે કંઈ કહેવાની સ્થિતિમાં ક્યાં હતો? પોતે તો બે રૂપસુંદરીઓને પરણીને બેઠો હતો!

પણ તે દિવસ રાત્રિએ એણે જોયું કે તેજપાલની પથારી રોજની માફક બહાર નહોતી. પત્નીના પ્રતાપે મંત્રીપદ પામેલો તેજલ કંઈક કૂણો પડ્યો લાગ્યો.

## 19

## ખંભાત પર

તેજપાલ મંત્રી જ્યારે કશા સૈન્યની જરૂર પડ્યા વગર જૂના અધિકારીઓને અને ગામડાંના રાજપટેલોને દંડ્યે જતો હતો, ત્યારે વસ્તુપાલનાં આચરણો અને આદતોથી લોકો વિસ્મય પામતા હતા. એને શોધવો હોય તો જૈન દેરાસરોનાં ભોંયરાંના પુસ્તકભંડારોમાં ભટકવું પડે. ઉનાળાના દિવસોમાં એ સિદ્ધનાથની જગ્યામાં જઈ ભાંગ પીએ છે ને રાણકી રૂડીની વાવમાં એકાદ પ્રહર સુધી સ્નાન કરતો પડ્યો રહે છે. રાત્રિએ તો એને રસક્રીડા કરવાની બે માનવ-પૂતળીઓ મળી ગઈ છે. અને લોકોમાં વાત પ્રસરી ગઈ છે કે વસ્તુપાલ બેઉ સ્ત્રીઓને શણગારો સજાવવામાંથી નવરો થતો જ નથી. લલિતા અને સોખુના અંબોડામાં ગૂંથવાને કાજે એ ધોળકાનાં સુવિખ્યાત ફૂલો વિણાવતો, પોતે પણ વીણવા જતો; અને તે બેઉને ખોળામાં બેસારી કવિતાનાં પોથાં વાંચતો. વિલાસી તરીકે એની કીર્તિ વિસ્તરતી હતી.

વિજયસેનસૂરિએ પોતાના વિહાર દરમ્યાન ખંભાતમાં ખબર જાણ્યા કે વસ્તુપાલે પોતાના ઘરને મદ્યપી-રંગીભંગી બ્રાહ્મણોનો અખાડો બનાવ્યો છે. સોમેશ્વર સાથે કવિતા કૂટે છે!

ખબર દેનારે પચીસ-પચાસ માણસોની વચ્ચે જ ખબર દીધા; એ ખબર શહેરમાં વિસ્તર્યા ને છેક સદીક શેઠ પાસે પણ પહોંચી ગયા.

સદીકે સાંભળ્યું તો હતું કે ધોળકાનો કારોબાર બે શ્રાવકોના છોકરાઓને સોંપાયો છે, અને ખંભાત પણ પાટણના સર્વાધિકારીએ ધોળકા નીચે મૂકી દીધું છે. એ થયાંને એકાદ વર્ષ વીતી ગયું છતાં મંત્રી ખંભાત તરફ ફરકેલ પણ નહીં. એમાં આ વસ્તુપાલની વિલાસડૂબી કારકિર્દીના ખબર પડ્યા એટલે સદીક શેઠનો જરીક ઊચક થયેલો જીવ પણ નિરાંતવો બન્યો.

ખંભાતની અઢળક બંદર-કમાણી સદીક શેઠના ખજાનામાં ઠલવાતી રહી. રાતા સમુદ્રનાં બંદરો, સદીક શેઠના ઘરના ઉંબરમાં હતાં. સદીકનાં વહાણો છેક ચીન અને સોફાલા સુધી જઈને રેશમી વસ્ત્રો વેચતાં. 'દુનિયાનું વસ્ત્ર' એવું બિરદ પામેલ ખંભાત બંદરની જકાતનો ઇજારો સદીકના હાથમાંથી ઝૂંટવવાની કોઈની

મજાલ નહોતી રહી.

સદીક શેઠને કાને રોજેરોજ ધોળકાનાં નવા નવા માણસો આવીને એક જ વાત નાખી જતા, કે વસ્તુપાલ તો બાપડો બે બાયડીઓ સાથેના વિલાસમાં અને કવિતાસાહિત્યમાં જ ગરકાવ છે. અને પોતાને ખંભાતના જૈન પુસ્તકભંડારો જોવા આવવું છે પણ બાયડીઓ ચુડેલ જેવી વળગી છે, બહાર નીકળવા દેતી નથી. દિવસે દિવસે આવી બાતમીઓએ સદીક શેઠને નચિંત અને ગાફેલ બનાવ્યા.

એ જ હેરકોએ એક પછી એક પાછા આવીને વસ્તુપાલને ખબર દીધા કે જરા અડકતાં જ નીચે પડે તેવા પાકેલા ફળની સ્થિતિમાં ખંભાત હવે આવી ગયું છે.

રાણા વીરધવલ છેલ્લા ત્રણ મહિનાથી તો વસ્તુપાલ પર ફૂંગરાઈને બેઠા હતા. એની પાસે વસ્તુપાલ છેલ્લા છએક મહિનાથી તો મોં બતાવવા પણ આવ્યો નહોતો. મંત્રી નપાવટ હતો, વિલાસી હતો, ચોપડીઓનો જ કીડો હતો, એવી એની માન્યતા બંધાતી હતી.

એવામાં એક દિવસ વસ્તુપાલે આવીને વાત કરી કે "બાપુ, ત્યારે હું ખંભાત આંટો મારી આવું છું."

"હજી આંટો મારવાની જ વાત કરો છો, મંત્રી?" રાણાને ચીડ ચડી.

"ત્યાં જઈને તેલ જોઉં, તેલની ધાર જોઉં; પછી આપને તેડાવું."

"ના, હું સાથે જ ચાલું. લશ્કર ઘણું જમા કરી નાખ્યું છે."

"તે કાંઈ લશ્કરને કપાવી નાખવા જમા કર્યું છે? આપની ભુજાઓ કળતી હોય તો રોજ થોડાં દંડબેઠક કરતા જાઓ."

"તું મશ્કરી કર છ, પણ જેતલ રોજ મારો જીવ ખાય છે ને મને ન કહેવાનાં વેણ કહે છે." રાણા અર્ધદુભાતા ને અર્ધહસતા બોલી ઊઠ્યા.

"જેતલબા ભલે થોડા દિવસ જીવ ખાઈ લે; હું કહી દઉં છું આપને, કે મને મારી રીતે કામ લેવા દેવું પડશે. મારે કાંઈ ધોળકાનો રાણો વધારાનો નથી." મંત્રીએ મક્કમ બનીને જવાબ વાળ્યો.

"કેટલું સૈન્ય લઈને જાય છે?"

"બસો પેદલ ને પચાસ અશ્વારોહી."

"બસ? એટલે શું તું ત્યાં જાત્રા કરવા જાય છે?"

"ના, સદીક શેઠની મહેમાની માણવા! આપ વિચાર તો કરો, કે ખંભાતમાં કોની સેના પડી છે, કે મારે યુદ્ધમાં ઊતરવું પડશે?"

"પ્રજા બંડ કરશે નહીં? યવનો ને પારસીકો એને પક્ષે છે તેનું શું!"

"હતા, હવે નથી."

"કેમ જાણ્યું? બાર મહિનાથી તો આંહીં ભાંગ પીતો પડ્યો છે!"

"મેં પીધી છે કે સદીક શેઠે, તે આપ જોશો."

"ઠીક, બતાવજો ત્યારે. હું તો આ બેઠો નિરાંતે."

એમ કહીને વીરધવલે રીસમાં ને રીસમાં, પોતે ખંભાત પર ચડવાની જે જબરી તૈયારી કેટલાય દિવસો સુધી કરી રાખી હતી તે વિખેરી નાખી અને રાણીવાસમાં જઈશ તો મહેણાં ખાવાં પડશે એ બીકે પોતે એક રાત ચંદ્રશાલામાં જ સૂઈ રહ્યો.

સાંજ વખતે વસ્તુપાલે ફક્ત અઢીસોની સેના સાથે પાણિયારી દરવાજેથી ખંભાતમાં પ્રવેશ કર્યો અને રાજગઢના ઉતારામાં એણે સદીક શેઠના આવવાની રાહ જોઈ. આખરે થાકીને એણે સદીકને ખબર આપ્યા કે મંત્રીનો મુકામ થયો છે, મળી જજો.

સદીકની ઉમ્મર પંચાવન વર્ષની થઈ ચૂકી હતી, ને એનું બદન પહોળાઈમાં આગળ વધ્યું હતું. મર્દન અને ચંપીનો શોખ એનો સતેજ બન્યો હતો. ગુલામ સ્ત્રીઓના હાથનાં મર્દન અને ચંપી એને સવિશેષ માફક આવતાં હતાં.

પલંગ પર સૂતે સૂતે એ ખંભાતના સર્વસત્તાધીશ નૌવિત્તકે જવાબ કહેવરાવ્યો કે, "રસમ તો એથી ઊલટી છે, ભાઈ! આંહીં આવીને મંત્રી વાતો કરી શકે છે. કહો તો સુખપાલ (પાલખી) મોકલું."

એ જવાબથી વસ્તુપાલના લમણામાં સટાકો નીકળી ગયો. પણ ઓશીકા સાથે લમણાં દબાવીને રાતની રાત સૂઈ જવા વગર ઇલાજ નહોતો. પોતે સાંભળ્યું હતું તો ઘણું, કે પ્રજા સદીકથી ત્રાહિ પોકારીને કોઈક મુક્તિદાતાની જ રાહ જુએ છે, પણ પ્રજાવર્ગમાંથીયે કોઈ ચકલું ફરક્યું નહીં. સૈન્ય ઓછું લાવવાની એની જે ગણતરી હતી તે ખોટી પડી. અધરાત પછી એણે સેનાના ઉપરી ક્ષેત્રવર્મા, સોમવર્મા અને જેહુલ ડોડિયાને જગાડી મસલત કરી.

"એમ કરો, જેહુલ!" વસ્તુપાલે એક એવી સૂચના કરી કે જે સાદી હતી છતાં એકદમ સૂઝે તેવી નહોતી, "પહેલાં પાણિયારી દરવાજા પરના પહેરેગીરોને બદલી નાખો. સોમવર્માને જ એ દરવાજો સુપર્દ કરો. પછી આપણા અઢીસોને અત્યારે એ દરવાજેથી શહેર બહાર કાઢો. શહેર બહાર ધોળકાને રસ્તે લઈ જઈ કર્ણાવતી દરવાજેથી પાછા અંદર લઈ આવો. ફરી પાણિયારી દરવાજેથી એ ને એ અઢીસોને બહાર કાઢી ફુરજા દરવાજેથી પાછા પ્રવેશ કરાવો. ફરી લઈ જઈ મકા દરવાજેથી અંદર લાવો, ને પછી પાટણ દરવાજેથી. અંદર આવતી વેળા ઘોડાંને બે'ક વધુ તબડાવતા લાવજો. પેદલોને પણ પ્રત્યેક દરવાજે વધુ જોરથી પગ

પછાડવાનું કહેજો. સવારે ઊઠીને ખંભાત જાણશે કે નવું સૈન્ય રાતોરાત આવી પહોંચ્યું છે ને રાજગઢમાં સેનાને ઊતરવાનો વિભાગ બંધ રાખજો. એકેય યોદ્ધાને કાલે શહેરમાં જવા ન દેતા."

અને ધોળકા એણે સાંઢિયો રવાના કરી તેજપાલને કહેવરાવ્યું કે રાણાજીની ખાલી પાલખી, પડદા પાડેલી, પાંચસોક નવા સૈનિકો સાથે મોકલે; રાણાજીને ન આવવા દેવા.

જુદેજુદે દરવાજેથી એ-ના એ અઢીસો સૈનિકોની ધમધમાટભરી આવ-જાનો કીમિયો પ્રભાત પડતાં ફળીભૂત થયો. ઘેરઘેર ખબર પડી ગઈ કે રાતોરાત બે'ક હજારનું લશ્કર ધોળકા ને પાટણથી ઊતરી પડ્યું છે.

અને સવારમાં જ ગામમાં ઢોલ પિટાવ્યો કે જલમંડપિકા ને સ્થલમંડપિકાનો (તરી અને ખુશકી જકાતનો) વાર્ષિક ઇજારો આજ ને આજ આપવાનો હોઈ વેપારીઓએ બીજે પ્રહરે મંત્રી પાસે હાજર થવું. કાલે રાણાજી આવે છે.

વ્યાપારીઓ ભેળા થયા. રંગીભંગી અને બે પત્નીઓના વિલાસી ભરથાર વસ્તુપાલને બદલે તેમણે એક કરડો, ચપલ અને મક્કમ વસ્તુપાલ દીઠો. વ્યાપારીઓને એણે જાહેર કર્યું: "હું પોતે મારો કાયમી મુકામ આંહીં રાખવાનો છું. હું જાણું છું કે આંહીનો જળ-સ્થળનો વ્યાપાર કેટલો મોટો છે. મને છેતરવાનો પ્રયત્ન કોઈએ કરવાનો નથી. યોગ્ય રકમે ઇજારો લેવા કોઈ શ્રેષ્ઠી તૈયાર નહીં હો તો રાજ પોતે જ માંડવી ઉઘરાવી લેશે."

આ શબ્દો સાંભળીને કેટલાક વ્યાપારીઓ પાછળ જોતા હતા. સૌને નવાઈ થતી હતી કે સદીક શેઠ હજુ કેમ નથી આવ્યા!

"હવે જે કોઈ ન આવ્યા હોય તેની રાહ જોવાની નથી." એમ કહીને વસ્તુપાલે પહેલી માગણી જાહેર કરી.

"સદીક શેઠ હજુ નથી આવ્યા." કોઈએ મંત્રીને જાણ કરી.

"કંઈ ચિંતા નહીં. માગણી કરો."

માગણી ચડવા માંડી. ચડી ચડીને ખુશ્કી જકાત ત્રણ લાખ પર ગઈ, ને તરી જકાત પાંચ લાખને આંકડે પહોંચી.

"જાઓ, હવે કોઈ પૂછી આવો સદીક શેઠને," વસ્તુપાલે મોં મલકાવીને કહ્યું, "કે આટલાથી વધુ ચડવું છે એને? નહીં તો માગણી અફર કરી નાખું છું."

ગયેલા માણસે પાછા આવીને સંદેશો કહ્યો કે "ખુશીથી બીજાને આપી દે એમ સદીક શેઠે કહેવરાવ્યું છે."

"પત્યું!" કહી એણે માગણી અફર કરી. પ્રજા જોરમાં આવી.

આખો દિવસ વસ્તુપાલને સત્કારવાની નગરપ્રવૃત્તિ ચાલી. વસ્તુપાલ જયાદિત્યના મંદિરે ગયા અને એણે એ પડી ગયેલા મહાપ્રાચીન સૂર્યમંદિરને સમરાવવાની આજ્ઞા આપી સૂર્યપૂજકોને રાજી કર્યા. કુમારપાલ દેવને સિદ્ધરાજના જાસૂસોથી હેમચંદ્રસૂરિએ જ્યાં સંતાડ્યા હતા તે સાગલ વસહિકાના પુસ્તકભંડારની એણે મુલાકાત લીધી. એ મુસ્લિમોની મસ્જિદમાં પણ ગયો. મસ્જિદોને જ્યાં જ્યાં જીર્ણોદ્ધારની જરૂર હતી ત્યાં ત્યાં એણે સમારકામની આજ્ઞા આપી દીધી. અને બપોર પછી એ નિરાંતે નારંગસર તળાવમાં ધૂબકે ધૂબકે નાહ્યો. ખંભાતની કોમેકોમના પ્રજાજનોને મંત્રી પોતાનો લાગ્યો.

બીજા દિવસની સવારે સદીક શેઠ પોતાની જાણે જ મળવા આવ્યો ત્યારે વસ્તુપાલ બે ઘડી મલકાયો કે સદીકનો મદ મોડાયો છે. સદીકે તો આવીને ઝૂકી ઝૂકી સલામો કરવા માંડી.

"આવો શેઠ," વસ્તુપાલે ગાદીતકિયા પર બેઠે બેઠે, ઊભા પણ થયા વગર, સદીકને ફક્ત સામા પાથરેલા ગાલીચા પર બેઠક બતાવી.

"નહીં રે જનાબ, નહીં," સદીક છેક જાજમ પર બેસી ગયો, "હું તો આપનો ગુલામ કહેવાઉં, આંહીં નીચે જ શોભું."

સદીકને આટલો બધો ગળી મીણ બની ગયો જોઈ વસ્તુપાલના મનનો છૂપો ગર્વ વધુ ને વધુ બહેકવા લાગ્યો. માંડવીના ઇજારાની વાત નીકળી એટલે સદીકે માથું ઝુકાવીને કહ્યું: "અરે જનાબ, આપે તો મારો છુટકારો કરાવી દીધો. મારે તો તકલીફનો શુમાર નહોતો રહ્યો. હું તો ગુલામી કરી કરીને ગળોગળ આવી રહ્યો છું. આ જુઓને, જનાબ! અત્યારમાં જ એ પીડા આવીને હાજર થઈ ગઈ છે."

"શું છે વળી?"

"કાયમ જે હતી તેની તે જ, નામદાર! હું તોબાહ પોકારી ગયો હતો. માંડવી મારા હાથમાંથી ગઈ એ તો મને બેહિસ્ત મળ્યા બરોબર થયું છે."

સદીક આમ મોઘમ વાતો કરતો કરતો દાઢીમાં હાથ નાખી રહેલ છે તેટલામાં તો શહેરમાં ચાલેલો ખળભળાટ રાજગઢમાં પહોંચી ગયો ને મંત્રીને છૂપો સંદેશો મળ્યો કે "દરિયામાં કોઈકની નૌકાસેના પરોડિયાની આવીને ઊભી છે. પાંચેક બરિયા (વહાણો) છલોછલ ભર્યાં છે."

વસ્તુપાલની અને સદીકની આંખોની દષ્ટિકટારો સૂચક રીતે સામસામી અફળાઈ. આરબ એક કુટિલ મરકલડું કરીને બાજુએ જોઈ ગયો. ને પછી બોલ્યો:

"મને ઘણુંય એમ લાગતું હતું જનાબ, કે આપ નાહક ઉતાવળ કરી રહ્યા છો. પણ હું આપને પિછાનું નહીં, આપનો મિજાજ-દિમાગ જાણું નહીં. કેમ કરીને

ચેતાવું?"

"શું છે, સદીક શેઠ, જલદી કહી નાખોને!" વસ્તુપાલે વિહ્વળતા બતાવી.

"બીજું કાંઈ નથી જનાબ, ભૃગુકચ્છના શંખનું કટક છે. આમ હરેક વખતે દેખાય છે, દમ ભરાવે છે, ને મારું કલેજું ચૂસે છે."

"તો કેમ આવેલ છે?"

"આપનું પધારવું થયું છે એટલે ખબર કાઢવા કે શી નવાજૂની કરો છો."

સદીક ઠંડે કલેજે બોલતો હતો. પોતાના મિત્રને સદીકે જ રાતોરાત તેડાવ્યો હતો એ સમજાઈ ગયું. વસ્તુપાલને ભાન આવ્યું કે પોતે વ્યાકુળતા બતાવવામાં બાજી ગુમાવી બેઠો છે. એણે સીનો પલટી નાખ્યો. એણે લાપરવાઈ ધરીને કહ્યું:

"ઓહોહો! મેં તો ધાર્યું કે યાદવ આવ્યો હશે દેવગિરિથી ચડાઈ લઈને. બાપડો શંખ આવ્યો છે એમાં આટલી બધી દોડાદોડી શાને? ઊતરવા દોને, ભાઈ! આપણે મસાણમાં રહેવું ને વળી ભૂતનો શો ભો!"

"એમ ન કહો, જનાબ," સદીકે વિષ્ટિ માંડી, "એનું મોં કાળું કરીએ, એને કાંઈ દઈને આપણે વળાવી દઈએ."

"શું દઈને?"

"લાખેક દામ(દ્રમ્મ)થી રીઝી જશે."

"સદીક શેઠ!" વસ્તુપાલે અવાજને મોકળો મૂક્યો, એ અવાજે રાજગઢનાં છાપરાંમાં ચોંટેલાં ચામાચીડિયાંની શાંતિ વિદારી, "તમે તો રાજનું ધન ખૂબ દબાવ્યું છે – શાહુકાર છો એટલે વળાવો. હું તો લડાઈ જ સ્વીકારીશ."

"વાહ! તો તો જનાબ, ડંકો વાગી જાય. હું પણ એ જ મતનો છું. આપણે ચડીએ. આપનું કટક કાઢો બહાર. હું પણ મારી બેરખને બોલાવું છું."

"ના, તમે તમારી બેરખ લઈને જાઓ, શેઠ, મારે કાંઈ ઉતાવળ નથી."

સદીકના ગયા પછી પ્રથમ તો વસ્તુપાલે શાસનદેવનો આભાર માન્યો કે પોતાને અંદરથી વિહ્વલતાનો પાર નહોતો છતાં પોતે સદીક સમક્ષ ગંભીર રહી શક્યો. ને વળતી જ ક્ષણે એણે વધુ સૈન્ય બોલાવવા માટે ધોળકા તરફ ઘડિયાજોજન સાંઢ્ય રવાના કરી. રાજા વીરધવલ પાસે બેવકૂફ તરીકે પુરવાર થઈ જવાની ઊંડી બીક એને લાગી ગઈ. એણે સદીક શેઠને ફરીવાર તેડાવ્યા ને વાતને ઢીલમાં નાખવા પાછી જુદી જ વિષ્ટિ આદરી: એની એ ઠંડીગાર અદાથી ગાદીતકિયા પર ઢળેલે શરીરે એણે કહ્યું: "શેઠ, જુઓ, તમે નક્કી કરો જો કાંઈક રકમે રીઝતો હોય તો. આપણે ધોળકે ખબર દઈને રાણાને પુછાવીએ."

"પાછો આપે મત બદલ્યો? મેં તો મારી બેરખ સજ્જ કરીને બહાર કાઢી.

છે.''

''હા, મને વળી પાછું એમ લાગે છે કે તમારી ચાલુ રસમમાં હું ફેરફાર કરીશ તો પાટણમાં મોટા રાણાને ગમશે નહીં.''

''મારો પણ એ જ સબબ છે, જનાબ! કે આ તો વેપારી ગામ છે. રસમ શા માટે તોડવી? દેશે એ તો નવો ઇજારો લેનારા. ક્યાં રાણાને દેવું છે?''

''તો તમે જાઓ ને વિષ્ટિ કરો. હું તો આંહીં બેઠો છું. અને માંડવીનો ઇજારો તો હું હજુય દસ વાર ફેરવી શકું છું. તમે જ રાખોને, ભલામાણસ!''

રાજી થઈને સદીક ગયો, અને વસ્તુપાલે શરીર પર કવચ ભીડવા ને આયુધો સજવા માંડ્યાં, કટકને ચડવાની છૂપી આજ્ઞા દીધી.

જેતલદેવીના રાજગઢનો ગોલો ભૂવણો, જેનું કનિષ્ઠ નામ રદ કરીને વસ્તુપાલે ભુવનપાલ નામે સૈન્યમાં સ્થાપ્યો હતો, જેને પોતે પોતાનો અંગરક્ષક બનાવ્યો હતો, તે ભુવનપાલ મંત્રીને શસ્ત્રો સજાવી રહ્યો હતો. તેને મંત્રીએ પોતાના દિલની વાત કરી: ''ભુવનપાલ, અણધાર્યું બન્યું છે. સદીકને તોડવા જતાં ભૃગુકચ્છનો શંખ ચડી આવશે એવી ગણતરી નહોતી. આજ મારા જીવનની પહેલી ને છેલ્લી કસોટી છે. પહેલી જ વાર સૈન્ય લઈને નીકળ્યો છું, ભુવનપાલ! પરાજય પામીને આંહીંથી પાછા ધોળકે જવું નથી. હીરાકણી ચૂસીને આંહીં જ મરવું છે, ભુવનપાલ! તું મારી બાજુએ રહેજે.''

ભુવનપાલ ચૂપ જ રહ્યો.

મંત્રીના મરણિયા નિરધારનો સંદેશો સાંભળતું નાનકડું સૈન્ય સજ્જ હતું. મંત્રી એ સૈન્યની સામે જઈને ઊભો રહ્યો ત્યારે એણે ઘણા ચહેરા ઢીલાઢફ દેખ્યા. મંત્રીએ સૌને સંબોધ્યા: ''સૈનિકો, તમે કદી જુદ્ધ જોયું નથી. ગુર્જરદેશમાં વીસ-પચીસ વર્ષે આ પહેલું પારખું છે. આ તો માણસાઈનાં મૂલ મૂલવવાનો મોકો છે. લાટદેશનો શંખ એકલો પણ જો આંહીં ઠાર રહે તો પછી મને પરવા નથી કે ખંભાત રહે વા ન રહે, પણ શંખને લેવો – શંખનું શિર છેદી લેવું એ એક જ લક્ષ્ય રાખજો સહુ. શંખ પડશે એટલે બાકીના સૌ પલાયન કરશે. બોલો સૈનિકો, શંખને કોણ લેશે?''

''શંખને મેં લીધો, લાવો બીડું!'' બોલતો ભુવનપાલ ખડો થઈ ગયો. એણે ભુજાઓ પટકી.

ભુવનપાલ હજુ સૈન્યમાં ભૂવણો મટીને ભુવનપાલ નહોતો થયો. એ ગોલો તો મશ્કરીનું પાત્ર હતો. બીડું લઈને એ બેસી ગયો, એની પાસે બેઠેલા એક સૈનિકે ટોણો માર્યો: ''મરીશ તો મંત્રી ખાંભી નહીં ખોડાવે!''

મંત્રીએ સૈનિકોમાં આ હતાશાનો શબ્દ સાંભળ્યો. એણે સૌને સંભળાવ્યું: "હું કુમારદેવીનો પુત્ર, મારી માતાના સોગંદ લઈને કહું છું કે હું જેટલા બનશે તેટલા ઓછા મરદોને જોખમાવીશ, ને જેનો દેહ પડશે તેના કુટુંબપરિવારનું જીવનભર પોષણ કરીશ."

મંત્રીના બોલ વિદ્યુત-શા પડ્યા. ઝગમગાટ થઈ ગયો. સૈનિકો હતાશા ખંખેરીને ખડા થયા. અને મંત્રીએ જ્યારે જાણ્યું કે સદીક દરિયાબારા તરફ વિષ્ટિ કરવા બહાર નીકળી ગયો છે, ત્યારે એણે હુકમ દીધો:

"નગરના દરવાજા બંધ કરો, અને એક જ બારી ઉઘાડી રાખી ત્યાં જમા થઈ જાઓ. ને જેહુલ ડોડિયા, તમે પચાસ હથિયારબંધો લઈને બેસી જાઓ સદીકના મકાન ઉપર. ત્યાંથી જો કોઈ ચકલુંય બહાર ફરકે તો માથું ધડથી હેઠું પાડજો, પૂછવા વાટ જોશો નહીં."

## 20
## 'ભાગજે, વાણિયા!'

**પા**ણિયારી દરવાજે સેના જમા થઈ ત્યારે પ્રજામાં સોપો પડી ગયો હતો. બે-પાંચ હજાર સૈનિકો લઈને ઊતરી પડેલા શંખથી સૌ કોઈ ધ્રૂજતા હતા. વસ્તુપાલ જેવો વાણિયો લડશે કે પતાવટ કરશે તે નક્કી નહોતું. વસ્તુપાલે એક પણ પરાક્રમ કરીને પ્રજાને બતાવ્યું નહોતું. એ મુત્સદ્દી છે, વીર હોય કે ન હોય! એને કોઈ નહોતું ઓળખતું ને શંખને સૌ કોઈ ઓળખતા હતા. ગુર્જર દેશના જૂના મંડળેશ્વર લાટપતિ સિંધુરાજનો એ પુત્ર હતો. સિંધુરાજ ભીમદેવ મહારાજના અંધાધૂંધીભર્યા અમલમાંથી જ ગુજરાતથી સ્વતંત્ર બન્યો હતો. ગુજરાતના દંડનાયકનું સ્થાન એણે ભૃગુકચ્છમાંથી ઉખેડી નાખ્યું હતું. ખંભાત મૂળ ગુજરાતનું હતું. તે પણ સિંધુરાજની આણ હેઠે જ ચાલ્યું ગયું હતું. અને રાણા લવણપ્રસાદે ખંભાત પાછું કબજે કર્યું હતું તે તો નામનું જ હતું. ખંભાત પર રાજદંડ ભલે પાટણનો ફરતો, પણ આણ સિંધુરાજના પુત્ર શંખ(ઉર્ફે સંગ્રામસિંહ)ની જ વર્તતી.

શંખે પાટણનું મંડળેશ્વરપણું કદી કબૂલ્યું નહોતું. શંખ જળમાં ને થળમાં વિકરાળ હતો. શંખે બાર રાજાઓને પરાજિત કરી તેનાં સુવર્ણ-પૂતળાં પોતાના સાથળે બાંધ્યા હતાં. ખંભાતથી એકાદ પ્રહરને જ જળમાર્ગે બેઠેલો શંખ આખી દરિયાપટ્ટીને ડારતો હતો. અખાતના ચાંચિયા શંખને આધીન હતા. એક તરફ પાટણની સત્તાનો ને બીજી બાજુ દેવગિરિના યાદવ સિંઘણદેવનો હરહંમેશ ઝઝૂમતો આક્રમણભય, એવાં બે મોત-જડબાંની વચ્ચે જીવતો, રેવાનો સ્વામી શંખ 'સાહણસમુદ્ર'નું બિરુદ ભોગવતો હતો. સદીકે એને લક્ષ્મીથી વશ કર્યો હતો. સદીક અને શંખ, બે જણાની દોસ્તીના નાગપાશમાં બંધાયેલું ખંભાત પાટણના કલેજામાં ખંજર સમું હતું. ગુર્જર મહારાજ્યના લલાટે ખંભાત જેવી કાળી ટીલી બીજી એકેય નહોતી. લક્ષ્મીના ખોળામાં લેટતું ખંભાત ગુર્જર રાજ્યની ગરીબીનો પળે પળે તેજોવધ કરતું હતું. છેક સોમનાથ-પ્રભાસથી લઈ ભૃગુકચ્છ સુધીના ગુર્જરકિનારાનું ચોકીદાર નૌકામથક ખંભાત હતું. એ ખંભાતનાં નૌકાદળનાં થાણાં વેરીવિખેરીને સર્વભક્ષી મગરમચ્છ સમો શેલતો ને દરિયાઈ સિંહ સમી ડણકો દેતો શંખ ખંભાત પર બે-પાંચ હજારની ફોજ લઈને

ત્રાટકનાર થયો, ત્યારે ખંભાતનાં ગાત્રો ગળી ગયાં; વસ્તુપાલને બે દિવસ દીધેલા માનનો ખંભાતની પ્રજાએ પસ્તાવો કર્યો, ને સદીક શેઠરૂપી સાપના રાફડા સમી માંડવીની માગણી કરનારાઓ સર્વે થરથર ધ્રૂજ્યા.

દરવાજા ભિડાવી દઈને મંત્રી ફક્ત પચાસ માણસો સાથે સમુદ્રને તીરે પહોંચ્યો. થોડે છેટે શંખની સેના તૈયાર ઊભી હતી. કોઈ વાર ન લડેલી, પહેલી જ વાર લડવા જતી નાની સેનાના હોશ હચમચાવી નાખે તેવો એનો જમાવ હતો.

વસ્તુપાલ પોતાના સૈનિકોનાં નબળાં પગલાં ઓળખી ગયો. એણે વ્યૂહ બદલ્યો. બીજા સર્વને દૂર થંભાવી દઈ પોતે ફક્ત એકલા ભુવનપાલની સાથે આગળ વધ્યો. શંખે આઘેથી આ દૃશ્ય દીઠું.

એ સમજ્યો કે મંત્રી સુલેહની માગણી લઈને ઊભો છે. એણે સદીકને સામો મોકલ્યો. સદીકે મારતે ઘોડે મંત્રી પાસે આવીને કહ્યું: "જનાબ! શંખરાજ પાસેથી સારો સંદેશો લાવ્યો છું."

"કહો."

"એ આપને ખંભાતનું મંત્રીપદ અત્યારે ને અત્યારે આપવા માગે છે – જો ખંભાત એનું બને તો."

"નહીંતર?"

"નહીંતર પણ, જો આપ ચાલ્યા જવા માગતા હો તો, એ સલાહ આપે છે કે આપ તો વાણિયા છો. ક્ષત્રિયની આગળ નાસી જવામાં વણિકને નામોશી નથી."

"તમારું શું ધ્યાન પડે છે?"

"ખાવંદ, હું તો ગુલામ છું આપનો. કહેતાં મારી જબાન કટાય. પણ આપ ભાગી છૂટો. એ લાગ જોઈને આવેલ છે."

"શો લાગ જોઈને?"

"પાટણ અને ધોળકા ઉપર મારવાડના રાજા ચડ્યા છે. આપ જે ફોજની વાટ જુઓ છો તે તો એ ચારની સામે કૂચ કરી ગઈ છે. આપે મોકલેલ ઊંટસવાર નકામો ગયો છે. આપને તો હજુ ખબર નહીં પડ્યા હોય?" સદીક જાણે કે મંત્રીની રહસ્યવિદ્યા પર ડામ ચોડી રહ્યો હતો.

આ વાત સાંભળતાં મંત્રીના હૃદયમાં ધ્રાસકો પડ્યો. ગઈ કાલે એણે મોકલેલા સંદેશાનો ધોળકાથી જવાબ નહોતો તેનું કારણ સમજાયું. સદીકે જોર કરી શંખને તેડાવ્યો તેનો સબબ સમજાયો. એનું જિગર ગળવા લાગ્યું અને એ અંદરની ધાસ્તીને ચહેરા પર આવતી રોકવા એણે પોતાના મોં પર જે હાસ્ય ખેંચ્યું તે હાસ્ય એની રગેરગના રુધિરનું બનેલું હતું, એના લમણામાં એક વાક્ય ઘોરતું હતું: 'વાણિયાને

ક્ષત્રિયની આગળ ભાગવામાં કોઈ નામોશી નથી.''

એ જ વાક્ય સદીકે ફરી વાર ઉચ્ચાર્યું: ''જનાબ, વિચાર કરવાની જરૂર નથી, હું પણ આપના જેવો જ વાણિયો છુંને! આપણે બેઉ વેપારના જીવડા કહેવાઈએ. આપણું કામ હાટે બેસવાનું, તોળવાનું, જોખવાનું, ભાવતાલ કરવાનું. ને આ શંખની આગળ કોણ નહીં ભાગે? બાર બાર મંડળેશ્વરોનાં તો સોનાનાં પૂતળાં એને ડાબે પગે બાંધેલાં છે. ને જનાબ! આપ વણિક છો, કોઈ નામોશી નહીં, ભાગો.''

વસ્તુપાલે ફરી એક વાર પોતાના રક્તનું બિંદુએ બિંદુ નિચોવીને પોતાના મોં પર હાસ્ય ચીતર્યું, ચારેય દિશાઓનાં દર્શન કર્યાં, ને જવાબ વાળ્યો –

''સદીક શેઠ, તમે જઈને સાહણસમુદ્ર શંખરાજને મારો જવાબ કહો કે –

''વાહ વાહ, ક્ષત્રિય! તમે મને દેશનું દાન કરશો એ વચનને તો શુભ શુકન સમજી ગાંઠે બાંધું છું, ને તમારે ડાબે પગે બાર બાર સુવર્ણ-પૂતળીઓ બાંધી છે તે જાણીને તો મને રોવું આવી જાય છે. અરેરે! તમારો પગ કળતો હશેને! એનો ભાર ઓછો કરવા હું મારાથી બનતી મહેનત કરીશ. ને હું વાણિયો છું, હાટડીનો માંડનાર હિંગતોળ છું, તેનું ભાન મને તમે બહુ વખતસર દેવરાવ્યું. મેં હાટડું માંડી રાખ્યું છે. પણ મારી ત્રાજૂડી તો આ તલવાર છે. એ ત્રાજૂડીએ હું શત્રુઓનાં માથાં તોળીને વેચાતાં રાખું છું, ને એની કિંમતરૂપે સ્વર્ગાપુરીનો નિવાસ ચુકાવું છું. ને એને કહેજો, કે હવે તો તારે ખંભાત લેવા-ન-લેવાની શી ચિંતા છે? ખંભાત તો તેં લઈ લીધું જ કહેવાય. તો પછી તું બાર પૂતળાંનો બાંધતલ બિરદનો ધારી હો તો બિરદના ધારા મુજબ લડવા ઊતર! તને, શંખને મારા એક એક યોદ્ધા સાથે દ્વંદ્વ ખેલવામાં તો ભય નથીના? બાર ભેગું એક તેરમું પૂતળું પણ બાંધતો જા. હું આંહીં જ વાટ જોઉં છું.''

''જનાબ!'' સદીકે મોં પર દિલગીરી ધારણ કરી, ''બીજું કાંઈ નહીં, પણ આ પેગામ મોકલીને મારી જબાન ગોઝારી કાં બનાવો! લાચાર, મારા માલિક! લાચાર બનાવ્યો મને તો.''

એમ કહીને એ દરિયાકાંઠે પાછો ગયો. તે જ વખતે એક સૈનિકે વસ્તુપાલની પાસે આવીને બાતમી દીધી: ''રાણોજી ને તેજપાલ બેઉ મારવાડનાં ચાર લશ્કરોની ચડાઈને ખાળવા પાટણ તરફ ચડી ગયા છે. સંદેશો તો જેતલબાને સોંપ્યો છે. પણ ધોળકામાં પૂરું ધોળકું સાચવવાય લશ્કર બાકી નથી. માટે પતાવી શકાય તો સમાધાન જ કરી લેજો એમ જેતલબાએ કહેવરાવેલ છે.''

''હં-હં-હં.'' દરિયાકાંઠાની ખારી જમીનના તપતા ક્ષારમાં ઘોડો લઈ ઊભેલો વસ્તુપાલ ખૂબ ખૂબ હસ્યો ને બોલ્યો: ''પતાવટની વેળા વહી ગઈ. હવે તો રહી

છે એકલી મરદવટની વેળા. હું આંહીં મરું તો જેતલબાને મારા જુવાર કહેજો."

સદીક શેઠનો ઘોડો સામી ફોજ પાસે પહોંચી ગયા પછી થોડી જ વારે એ ફોજમાં હલનચલન થઈ રહેલું વસ્તુપાલે નિહાળ્યું. સાગરજળમાંથી ભભૂકતા વડવાનલ સમી સેના ખડી થઈ, હાલકલોલ બની, આગળ વધી. જોતજોતામાં તો એ સેનામાંથી ચક્રાકાર રચાયો. વસ્તુપાલ સમજી ગયો. શંખની ફોજ ત્રણે બાજુ કૂંડાળે પડીને પોતાને ઘેરતી આવે છે.

વસ્તુપાલે ભુવનપાલની સામે નજર કરી. ભુવનપાલ ઊભો હતો – નિશ્ચલ, શ્યામરંગી કો ખડક સમો – સાગરમાં ખૂંતેલો ભેંસલો ખડક શોભે છે તેવી અદાથી.

"ભુવનપાલ!" વસ્તુપાલે સ્મિત કરીને શબ્દો કહ્યા, "ભાઈ! તારે માબાપ છે?"

ભુવનપાલે ડોકું હલાવ્યું. એની આંખો ચક્રાકાર રચતા ને સંકોડાતા, ચાંપતા આવતા શત્રુસૈન્ય તરફ ખીલે ઠોકેલી હોય તેવી નિશ્ચલ હતી.

"ભુવનપાલ!" મંત્રીએ આગળ કહ્યું, "હજુ તારી પાછળ ખુલ્લો માર્ગ છે, તું જઈ શકે છે."

ભુવનપાલે મંત્રી તરફ જોવા સરખીયે પરવા કરી નહીં. એ નિશ્ચલ ઊભો. ને વસ્તુપાલને સાંભરી આવ્યા – શાસ્ત્રોના ઇતિહાસમાં અવિચલિત ધ્યાન ધરીને ઊભનારા શિર પર અગ્નિચૂલા મુકાવા છતાં ધ્યાનભંગ ન થનારા જિન સંતવીરો. ભુવનપાલ કોઈક એવા એકધ્યાનથી કર્તવ્યને ઉપાસી રહ્યો હતો.

"ભુવનપાલ!" શત્રુસૈન્ય સૂકા કાંટાની વાડના દાવાનલ સમું ભિડાતું આવતું હતું તે વેળાએ – તે છેલ્લી પળે – વસ્તુપાલે કહ્યું: "ભુવનપાલ, વયજૂકા યાદ આવતી નથી?"

બસ! એ એક જ વાર ભુવનપાલની આંખો ચમકી. એ એક જ ઘડી એણે વસ્તુપાલ તરફ નિહાળી નીચા વળી નમન કર્યું. એને પહેલી જ વાર, જીવનના શેષ સંધ્યાકાળે ખબર પડી કે મંત્રીને એની બહેન પરના પોતાના પ્રેમની જાણ છે.

મંત્રી જાણે છે! છતાં કદાપિ કળાવા દીધું નથી. અક્કેક વર્ષ થઈ ગયું તોપણ મંત્રી મૂંગા રહી શક્યા! ને ઊલટાનો મને પાળ્યો-પોષ્યો, લશ્કરી તાલીમમાં કસ્યો, પહેલી જ સવારીમાં મને – છેલ્લી હરોળના સૈનિકને – સાથે લીધો. શું મારું આ પ્રકારે કાસળ કાઢવા? કે મને...

"ભુવનપાલ! ભડકીશ ના. વયજૂકાનું તારી સાથેનું વાગ્દાન આ શિર પર ઊભેલા સૂર્યની સાખે, પ્રેમિકોના શ્રેષ્ઠ એવા આ રત્નાકરની સામે, ને આ શત્રુસૈન્યની અસિઓની સાખે હું તારી સાથે કરું છું. ભુવનપાલ! મને ખબર નથી કે એ વાગ્દાનનું

ભાવિ કેવું છે. પણ લઈ લે, તેં જેને અડગ પ્રેમશીલથી ઉપાસેલ છે તેના દિલભર દાનનો છેલ્લો કોલ. હાથ લંબાવ, ભુવનપાલ!''

ભુવનપાલની ખૂમચા જેવી પહોળી હથેળી પર વસ્તુપાલે પોતાના પંજાની તાળી દીધી ને એ તાળીને ઝીલી કરીને તુરત જ ભુવનપાલનો જમણો હાથ પોતાના કુંત (ભાલા) પર વજ્રમૂઠી ભરી રહ્યો. શત્રુસેના ગોળ કૂંડાળે ઘેરો નાખીને સામે ખડી હતી.

એ કરાળકાળ સૈન્યની સામે પટમાં છલાંગતો ભુવનપાલ ભાલો વીંઝીને ડણક્યો: ''આમાં શંખ કોણ છે શંખ? શંખ જે હોય તે પડમાં આવે. શંખને લેવાનું બીડું ખાનાર હું ભુવનપાલ પડકારું છું.''

સામી સેનામાંથી એના નાયકે એક સુભટને ઇશારત કરતાં વાર એ સામો ધસ્યો ને પડકાર ઝીલતો કૂંડાળે પડ્યો: ''આ રહ્યો હું શંખ, હું સાહણસમુદ્ર! હું દરિયાનો દાનવ. નાખ તારો ભાલો, સોલંકીના કુત્તા!''

''આ લે ત્યારે.'' એમ બોલીને ભુવનપાલે અંગ મરોડી એક બાજુ એ ભાલો તાકીને સમોવડિયાને થાપ દીધી. તાકેલી દિશામાંથી લોંચી ખાઈને પ્રતિસ્પર્ધીએ પાસું બદલ્યું ત્યાં તો, પહેલી પંક્તિનો પાણીદાર નિશાળિયો લેખાનો ચાંપતો જવાબ વાળે તેમ ભુવનપાલે ભાલો અડાવ્યો. શંખ નામધારી એ ભરૂચી સૈનિકને ધરણી પર પટકી, એના ડેબા પર પગ મૂકીને ભાલો પાછો ખેંચી લેતો ભુવનપાલ પાછો કૂદીને પડમાં ઊભો રહ્યો, ને ડણક્યો –

''કોણ છે બીજો સાચો શંખ હવે? હોય તે સામો આવે.''

આ વખતે એને થોડીક વાટ જોવી પડી. થોડોક વિલંબ થયો. સામી સેનામાંથી બીજો શંખ ખડો થાય તે પૂર્વે કાંઈક ગણગણાટ થયો. પણ વધુ વિલંબ કર્યા વગર બીજા સુભટે ''હું છું શંખ, થઈ જા મર્દ! બતાવ સોલંકી ઓલાદનું પાણી!'' એવા હોકારે સાગરતીરને ગર્જાવ્યો. દરિયાના ઘુઘવાટે એમાં સૂર પુરાવ્યો. દરિયાઈ પંખીડાંના કલરાટ બોલ્યા. ને દૂર દૂર મોજાં સામસામાં અફળાઈને દ્વંદ્વયુદ્ધની રમતમાં ફીદેફીદા થઈ રહ્યાં હોય તેવો મામલો મચી ગયો.

''શાબાશ, શંખ! શાબાશ તારી જનેતાને! રંગ દૂધેભર્યા લાટના શંખ, દૂધ દીપાવજે.'' એમ પોતાના પ્રતિસ્પર્ધીને ભલકારા દેતો ને વસ્તુપાલની છાતીમાં ગર્વની છોળો છલાવતો ભુવનપાલ પોતાના ભાલાનું ભૈરવી ફળું વીંઝતો ધાયો. પોતાની સામે એણે સાક્ષાત્ યમરાજ ઊભેલો જોયો. એ માનવી ન હોય; એ પલીત હતો, ભૈરવ હતો. એનું મસ્તક ગગનમાં રમતું હતું. એના પંજામાં પકડેલ ભાલો પ્રેતલોકથી ઊતર્યો હતો જાણે.

આ વખતે ભુવનપાલની ભુજાનો થાક અછતો ન રહ્યો. એણે નોંધેલું નિશાન જરાક માટે ચુકાયું. એના લમણા પર સામો ભાલો ઊતર્યો – ને ભુવનપાલના માથાએ જો એક જ તસુનો મરોડ ન ખાધો હોત તો એની ખોપરી ફાટી જાત; પણ ભાલો સીધો ભોંય પર ગયો. પ્રતિસ્પર્ધીનો હાથ લચકાયો. ઘોડેસવાર મંત્રીનો શ્વાસ ચડીને નીચો થયો. ભુવનપાલનું મોત ન જોઈ શકવાથી એણે આંખો મીંચી દીધેલી હતી. મીંચેલી આંખે એણે ધબાકો સાંભળ્યો, મૃત્યુ-ચીસ સાંભળી. કોની એ ચીસ? ન હોય ભુવનપાલની. ચીસ તો હતી કોઈક મહિષાસુરની. એની નજરે પડ્યો પ્રતિસ્પર્ધીનો ચત્તોપાટ ધરણીઢળ્યો રાક્ષસી દેહ, જેના ઉપર પગ મૂકીને ભુવનપાલ અણિશુદ્ધ ને અખંડિત ખડો હતો.

સાચેસાચ શું ભુવનપાલ ઊભો છે? મંત્રીએ નેત્રો ચોળ્યાં, ફરી ફરી નિહાળ્યું. ભુવનપાલે પોતાનું મોં જરાક મંત્રી સામે મરડીને ભાલા પર શિર નમાવી સ્વામીને વંદના દીધી, ને પછી પાછો પડકાર દીધો: સાગર-બાજુએ ઊભેલી, વધુ ગણગણાટે ચડેલી, પોતાનાં બબ્બે શબો સામે જોઈ ચિડાતી શત્રુસેનાને હાકલ પાડી –

"છે હવે ત્રીજો કોઈ શંખ કે? પટમાં આવ, જનનીના જાયા! હું વાઘેલાનો ગોલો, હું વાણિયાનો હાટડી-ચાકર તને ખમકારા દઉં છું, ઓ શંખ! પાધરો પડમાં આવ."

"પડમાં આવ! પડમાં આવ!" દરિયાલાલ પણ જાણે બોલતો હતો. પડમાં કોઈ કેમ આવતું નથી? વાર કેમ લગાડી રહ્યા છે? પહેલી હરોળની પછવાડે એ મસલતો શેની ચાલી રહી છે? બીજી હરોળમાંથી કોણ કોને ગોદાવી રહ્યું છે?

"આ રહ્યો હું સાચો શંખ! મર્દ થા વેપારીના મજૂર!" એમ ત્રાડ પડી. ત્રાડની પછવાડે તલવારનો સળાવો થયો. એક સમશેરધારી ખડગ ખેંચતો ધાયો, ને ભુવનપાલને ભાલો નીચે નાખી દઈ, કમ્મરની તલવાર ખેંચતાં જો જરા જેટલુંય મોડું થયું હોત, તો એની ગરદન પરથી માથું, ચાકડા પરથી માટીના લૂઆ માફક નીચે જઈ પડત.

"ખમા તારી માતને, શંખ. રમી દેખાડ ખાંડાના ખેલ."

એમ કહેતો ભુવનપાલ પોતાની પાતળી તલવારની ઘન-વિદ્યુત ખેલાવતો રંગે ચડ્યો. ભાલાની બે વારની રમતે એને થકવ્યો હોવાથી તલવારના સમણાટે એને વધુ ફાવટ દીધી; ને એનો પાતળો દેહ અટપટા સમશેર-વીંઝણને માટે વધુ અનુકૂળ બન્યો.

કેમ કે, સામા લડનારનું શરીર જેટલું જબ્બર હતું, તેટલા પ્રમાણમાં એના હાથની લંબાઈ ન હોવાથી એની સમશેર વિશાળ પટમાં ઘૂમી શકતી નથી એ

ભુવનપાલે કળી લીધું. એ તલવારની પીંછી, એના ફેરવનારના પગમાં એકબે વાર અફળાતી દેખી તેમતેમ તો ભુવનપાલનો નાનકડો દેહ વધુ સ્ફૂર્તિને હેલે ચડ્યો. હવા પણ જાણે કે એને ઊંચકી લેતી હતી.

ઓછામાં પૂરું, પ્રતિસ્પર્ધીને લાગ ફાવતો નહોતો તેની ટીકા પણ સંભળાતી હતી. શંખની ફોજમાંથી કોઈક પાછળ ઊભીને બોલી ઊઠ્યું: "પગ સંભાળ! હાથને ડોંચ મા. નજર ક્યાં છે? ખાઈ બગાડ્યું કે?"

એ બોલ જે ઘડીએ લડનારના કાન પર પડ્યા તે જ ઘડીએ લડનારના રામ ઢીલા પડ્યા. એની યુદ્ધકળામાં પહેલી જ વાર કઢંગાઈ પેઠી. એ વધુ ઢીલો બન્યો, કેમ કે એણે વધુ ટીકા સાંભળી –

"અરે! અરે! હાં! હાં! આ તે શું હજામત કરે છે!"

એવા એના સાથીઓના શબ્દો એને સવિશેષ નાહિંમત કરી ગયા. સાથીઓને ચૂપ કરવા એ પાછળ જોવા ગયો. એ પલ ભુવનપાલ કેમ ચૂકે? એક જ ફટકો, ને પહાડની ટૂકની પેઠે પ્રતિદ્વંદ્વીનો દેહ તૂટ્યો. ધરતીએ 'ભફડાંગ' એવો શબ્દ સંભળાવી દીધો.

ભુવનપાલનું મસ્તક પોતાની પાછળ ઊભેલ સ્વામી પ્રત્યે જરા વાર ઝૂક્યું, પછી ધરતી તરફ નમ્યું. દિક્પાળોને પણ એણે વંદના દીધી ને એક પલ એણે તલવાર પર દેહ ટેકવી આરામ લીધો.

એ પલ બે પલની શાંતિનો જાણે કે રંગભૂમિ પર પરદો પડ્યો ત્યારે બગડેલા પ્રવેશ પર નેપથ્યમાં નાટકકારો જેવી તકરાર મચાવે છે તેવી તકરારના સૂર સામા સૈન્યની પાછલી હરોળની આડશે કોઈકે મચાવ્યા હતા.

અને તેની પણ પેલી પાર એક આદમીનું મોં વીલું થતું હતું. એના ચહેરા પર કાળાશ ઢળતી હતી. ઘડી પૂર્વે એ સામા સૈન્યની પાછળ કશાક હાકલા-પડકારા કરતો હતો તેને બદલે અત્યારે એ સેનાથી અળગો પડી જઈ દરિયા તરફ પાછાં ડગલાં માંડતો હતો; ને એની નજર ખંભાતના કોટની રાંગ પર ફરતી હતી. રાંગેરાંગે લોકોની ગિરદી મચી ગઈ હતી – જાણે લોકો ગેડીદડાની રમત જોવા ચડ્યા હતા.

તલવાર પર ટેકો લઈને ભુવનપાલ એક ઘૂંટણભર ઢળતો ઊભો હતો. એને થાક ચડી ગયો હતો અને એના એક-બે જખમોમાંથી લોહી ચૂતું હતું. છતાં એણે શત્રુસેનાની સામે છેલ્લો પડકાર ફેંક્યો:

"અલ્યા ભાઈઓ! આ શંખની માએ તે કેટલાક શંખ જણ્યા છે એ તો મને કોઈક કહો! સાંભળ્યું તો હતું કે ભૃગુકચ્છનો શંખ એક જ છે, તો પછી શું આંહીં દરિયાને કાંઠે આવીને ઘણા બધા શંખલા બની ગયા છે? હવે તો હું થાકી ગયો

છું. સાચો શંખ હોય તે બહાર નીકળે."

એના જવાબમાં સામી સેનામાંથી કશાક ઝણઝણાટ સંભળાયા. એક મહારથી આગળ આવ્યો. એ ઝણઝણાટ એના પગને બાંધેલાં બાર સુવર્ણનાં પૂતળાંમાંથી ઊઠતા હતા. એની કાયા કદાવરપણામાં આગલા ત્રણેયથી જુદી પડી ગઈ. એના મોં પર રાજતેજ અછતું ન રહ્યું. એના હાથમાં કટારી હતી.

"પધારો, મલ્લરાજ! પધારો લાટના સાચા રાજવી, શંખ!" ભુવનપાલે કળી જઈને પોતાની તલવાર ફગાવી દઈ, કમરબંધમાંથી કટાર ખેંચીને યોદ્ધાની સન્મુખ છાતી સુધી શિર નમાવ્યું. નમતો નમતો પણ એ લથડિયાં લેતો હતો.

"રાજવી! ઓ રાજવી! ઓ સિંધુરાજના મોભી! આપ વહેલા કાં ન ઊઠ્યા? મને થકવીને પછી પોતાનું પાણી મપાવવું'તું? કૂડ કરવું'તું, મલ્લરાજ? પૂતળાં લાજતાં નથી, રાજવી? ખેર! ખેર! દાસને બહુ માન દીધું. સોલંકીના ગોલાને મૃત્યુમાં ઊજળો કીધો."

એવા ટોણા દઈ, ગરદન ટટ્ટાર કરી, પગની જાંઘ થાબડતો ભુવનપાલ સમગ્ર શેષ બળનો સરવાળો કરીને બાખડ્યો.

પહેલો મુકાબલો – ને કટારીઓ સામસામી અફળાઈને ભોંઠી પડી. બીજો મુકાબલો – અને મલ્લોના શિરોમણિ શંખની કટાર ભુવનપાલના કમરબંધ પર ભટકાઈ, પણ માંસનો લોચો ચાખતી ગઈ.

ત્રીજે મુકાબલે ગડગડતી દોટ દઈને ભુવનપાલે આક્રમણ કર્યું. એક લાતના પ્રહાર ભેળો શંખ ડગમગીને નીચે પડ્યો. તેના ઉપર ત્રાટકતા ભુવનપાલના હાથનું કૌવત ઓલવાઈ ગયું. શંખની ઉઘાડી કટાર ભુવનપાલના પેટમાં દાખલ થઈ. આંતરડાનો લોચો ડખોળીને કટારી બહાર આવી.

પણ શંખરાજના એ પરાક્રમ પર જયધ્વનિ ગાજ્યા નહીં. કેટલાક સૈનિકોના મોંમાંથી ઉદ્‌ગાર ઊઠ્યો: "અરરર!"

અને આશ્ચર્ય જેવી વાત હતી: જીવલેણ જખમે વેતરાયેલા ભુવનપાલનો દેહ તરફડિયાં મારતો નહોતો, પાણી માગતો નહોતો, હૈયા પર હાથ મૂકીને એ પરમ શાંતિપૂર્વક ખતમ થયો.

"કાં, વાણિયા!" એમ કહીને વિજેતા શંખરાજે ઘોડેસવાર મંત્રી તરફ મશ્કરીભરી નજર કરી. પણ એ ખસિયાણો પડ્યો.

વસ્તુપાલ ઘોડા પર નહોતો. ઘોડા પરથી નીચે ઊતરીને એણે હાથમાં ભાલો તોળી લીધો હતો. એણે લલકાર કીધો:

"વાણિયાને પણ બે ઘડી દ્વંદ્વના દાવપેચ શીખવતા જાઓ, શંખરાજ!"

"દાવ શીખવા છે?" શંખ હસ્યો, "આ જન્મે તો શીખીને શું કરીશ, વાણિયા?"

"આવતે અવતાર કામ લાગશે. વિદ્યા કદી અલેખે જાય નહીં, લાટના ધણી! ને હવે તો સૂર્યાસ્તને ક્યાં ઝાઝી વાર છે? ખંભાતની પ્રજા આપને હજારો દીવાનાં વધામણાં દેશે. સમુદ્રને તીરે મને ચિરશય્યા દઈને પછી સુખેથી પ્રવેશો."

"તારે જીતવાની ઉમેદ છે, હિંગતોળ?"

"ના રે ના. જીતું તોય તમે મને જીવતો ક્યાં મૂકવાના છો? મારે તો મનોરથ છે – મારા ભુવનપાલ ભેગા ચિતા પર ચડવાના."

એમ કહેતો વસ્તુપાલ, એની પાતળી કાયાને છલંગે લહેરાવતો ભાલો લઈને પટમાં ઘૂમવા લાગ્યો. અને એની સામે શંખના હાંસીસ્વરો અફળાયા: "વાણિયું લડે છે! અરે ભાઈ ભાઈ! વાણિયું લડે છે! વાણિયા, હજુય પડ દઉં છું ને કહું છું નાસવા માંડ – નહીં મારું તને, નાસી જા, શ્રાવક. તારું આ કામ નથી, મંકોડીપાલ! ભુવનપાલનો વાદ ન કર."

શબ્દોનો જવાબ વસ્તુપાલની જીભે ન દીધો. ભાલાએ દીધો. ભાલાની ઘૂમાઘૂમ મંડાઈ ગઈ. શંખના હાથમાં ભાલો અગ્નિચક્ર સમો ફરવા લાગ્યો. વસ્તુપાલના આયુધે વિદ્યુત-ચમકારા રચી દીધા. સામસામા પડકારા ને હાકલા, ભલકારા ને ખમકારા, ભૂતલને ભયાનક રણખપ્પર કરી મૂકી દરિયે જાતા અફળાયા.

સૂર્ય નમે છે – સૂર્ય સાગરે ડૂબવાને વાર નથી. નગરની હવેલીનો પહેલો દીવો ચેતાયો. તોયે યુદ્ધનો અંજામ આવતો નથી. પહેલો તારો ઉદય પામ્યો. વસ્તુપાલ કાં ન પડે? મુલ્લાંએ બાંગ પુકારી, મંત્રી તોયે કેમ મરતો નથી? અરે, આ અંધારું અજવાળાને પી જવા – ગળી જવા લાગ્યું. ને યુદ્ધ શું અધૂરું રહેશે?

"મશાલો ચેતાવો! મશાલો ચેતાવો!" શંખ એ આદેશ કરે છે તે જ પલે એણે શહેર બાજુથી આવતી દીઠી – સેંકડો મશાલો, ને એ મશાલ-તેજે ચમકતી હજારો ખડગધારાઓ. એને કાને પડ્યાં – કદી ન સાંભળેલા કિકિયાટા અને ઘોડલાંની તબડાટી પર તબડાટી, ડાબલાની બડબડાટી. બુમ્બારવ ઊઠ્યો: "જય ગુજરાત! જય ગુજરાત! જય રાજા વીરધવલ! જય મંત્રી વસ્તુપાલ!'

શંખને સાંભળવાનું ટાણું ન રહ્યું. એણે પોતાની સેના સામે જોયું. સેના નાસી રહી છે – સાગરના બંદરબારા તરફ.

શંખ નાઠો. રણપટ ખાલી હતું, ફક્ત ચાર શબો સૂતાં હતાં.

દરિયાનાં પાણીમાં ખૂંદણ મચી ગયું. શંખનાં વહાણો પર હોહાકાર મચી ગયા. સેનભર્યાં વહાણોને હંકારીને વહાણવટી શંખ સાથે નાઠા. એ વહાણો સદીકનાં હતાં.

મશાલોના ભડકા બાળતી એક નાની એવી સેના કોણ જાણે ક્યાંથી આવી ચડી, દરિયાના કિનારા સુધી ગઈ, ને લંગર ઉપાડતાં વહાણોની પાછળ હાકોટા પાડી રહી: "ખડો રે', હો થારી મારા ટાબર શંખ! ખડો રે'!"

વિસ્મય પામતા ઊભેલા વસ્તુપાલે ગુજરાતમાં આ નવીન ભાષાના ઉચ્ચાર સાંભળ્યા. ચંદ્રાવતીની પુત્રી અનોપની જીભનો સહેજ વળાંક આને મળતો આવતો હતો. કોઈ મારુ ફોજ આવી ચડી કે શું? બકરું કાઢતાં આ કોઈ ઊંટ તો નથી પેસી ગયું? જે ચાર મારુ રાજાઓની ચડાઈ સાંભળી છે તેના તો કોઈ સાથીઓ નહીં? વીતરાગ દેવ! આ તે બધું શું બનવા બેઠું છે?

પછી એ આકાશનાં નક્ષત્રો તરફ નિહાળીને હસ્યો. સપ્તર્ષિના પહેલાં ચાર ચાંદરણાંએ દર્શન દીધાં. પાંચમા અંગિરસ પછી છઠ્ઠા વશિષ્ઠની પાસે અરુંધતી ટમટમી: એને સંબોધીને મંત્રી બોલ્યા: "મારે તો જીવવું હતું રસભોગી કવિ થઈને, અને હું જઈ પડ્યો આ રક્તભોગમાં!"

પણ હાસ્ય વિરમ્યું. સામે ભુવનપાલનો દેહ પડ્યો હતો. એને ચાટવા આવતા એક શિયાળને તગડતો એ ઊભો રહ્યો. એના અંતરમાં શબ્દ હતો: 'વયજૂકા! બેન! તને તારા ભાઈની લજ્જાએ મૂંગી મારી રાખી. એ મૌનની વ્યથા ત્રીજું કોઈ નહીં જાણે!'

## 21

# સ્મશાનયાત્રા

દરિયાતીર તરફથી મશાલોનું મંડલ વેગભર્યું આવતું હતું. મોખરે ત્રણ ઘોડેસવાર હતા. પાછળ સેના હતી.

"મંત્રીજી! મંત્રીજી!" કોઈના સાદ પડતા હતા.

"આ રહ્યો હું. કોણ છે?" વસ્તુપાલે જવાબ વાળ્યો.

ત્રણેય અશ્વારોહીઓ આવીને ઊતર્યા: "જે કરણીજી રી! મંત્રીજી!" એમ બોલીને ત્રણેય જણા મંત્રીને મળ્યા.

મશાલને અજવાળે ત્રણેયનાં મોં અને લેબાસ ઓળખાયાં – કોઈ રાજસ્થાની મેવાડી યોદ્ધા લાગ્યા. ભારી પ્રતાપી મોઢાં!

"આપનું ઓળખાણ?" વસ્તુપાલે પૂછ્યું.

"અમારાં નામ: સામંતસિંહ, અનંતપાલ અને ત્રિલોકસિંહ. અમે જાબાલીપુરના ચાહમાનો, રાજા ઉદેસિંહના ભાઈઓ."

"આંહીં ક્યાંથી?"

"માતા કરણીજીએ ભેટાડ્યા. આવ્યા હતા ધોળકે, વિશેષ વાતો મુકામે કરશું. ચાલો, શત્રુ તો ગયો; જરાક મોડા પડ્યા અમે, મંત્રીજી! અમને મા જેતલદેવીએ ગફલતમાં રાખ્યા. નકર શંખ બાપડો જાવા કેમ પામત?" વડેરો સામંતસિંહ બોલ્યો.

ત્યાં તો શહેર તરફથી બીજી મશાલોની ઢૂંગલી ચાલી આવતી દેખાઈ. અવાજો ઊઠતા હતા: "જેતલબાની જે! જે રણચંડીની."

"કોણ આવે છે? જેતલબા! આંહીં! આ ટાણે?" મંત્રીની બુદ્ધિ મૂંઝવણમાં પડી ગઈ.

"હા, વીરા!" દૂરથી જેતલદેવીનો ઊભરાતો ઉદ્ગાર આવ્યો: "ભાઈ મારા! ક્ષેમકુશળ છો, બાપા?" એમ બોલતી હતી ત્યાં ગળું કહી દેતું હતું કે રુદનને મહામહેનતે રૂંધી રાખેલ છે.

"બા!" મંત્રીએ નીચે જોઈને કહ્યું, "આ દીઠો? આ તમારા વીરમદેવના ઘોડિયાની દોરી ખેંચનારો વંઠક ભુવણો પોઢ્યો છે, બા!" મંત્રીએ આંગળી ચીંધાડી.

જેતલદેવીએ ભુવનપાલના શબને ઓવારણાં લીધાં ને કહ્યું: "ઘોડિયાની દોરી તાણનારા પંજાએ વિજયની દોરી તાણી જાણ્યું! ખમા, મારા બાપ!"

ખંભાતના શ્રેષ્ઠીઓ ને નાગરિકો, યવનો, પારસીકો, આરબો, નાગરો, બધાનાં ટોળાં આવી પહોંચ્યાં. ડંકા-નિશાન અને તૂરી-ભેરી વાગતાં આવે છે, શંખધ્વનિ થાય છે, મંદિરે મંદિરે દીપમાલા પ્રકટી છે ને ઝાલરો ઝંકારે છે. પ્રજાએ કહ્યું: "પધારો મંત્રી! સારુંય સ્તંભતીર્થ સામૈયાની તૈયારી કરીને ખડે પગે તલપાપડ ઊભું છે."

"વિજયયાત્રા? મારી?" વસ્તુપાલ રૂંધાતે કંઠે બોલ્યો, "અત્યારે તો ન જ હોયના! પહેલી તો સ્મશાનયાત્રા – આ શબની." એણે ભુવનપાલ દેખાડ્યો, "ભલે જાણે ગુજરાત, કે મંત્રી વસ્તુપાલને એક અદનો સૈનિક પણ વધારાનો નહોતો."

એટલું બોલીને એણે પોતાના માથા પરની પાઘ ઉતારીને ભોંય પર મૂકી અને દુપટ્ટો લઈને માથા પર ઓઢી લીધો. એના અનુકરણમાં હજારો પ્રજાજનોએ ને સૈનિકોએ માથે ઓઢી ડાઘુ-વેશ ધારણ કરી લીધો.

ત્રણ પરદેશી પરોણા – જાબાલીપુરના ચાહમાનો – તો સ્તબ્ધ બન્યા. પોતાના એક જ સૈનિકના રણમૃત્યુ પર વિજયપ્રવેશને ઓળઘોળ કરનારો મંત્રી એમણે ગુજરાત સિવાય ક્યાંય જાણ્યો નહોતો.

સમરભૂમિ સ્મશાન બની ગઈ. વિજય-સામૈયું શબયાત્રામાં પલટાઈ ગયું. શંખોએ ને ઝાલરોએ, મંદિરોના ઘંટારવોએ અને ચોઘડિયાંએ એક જ અજાણ્યા વીરના શોકમાં તેમ જ માનમાં મૌન પાળ્યું.

કાષ્ઠને બદલે ચંદનના ઢગલા આવ્યા. છાણાંને બદલે ઘીના કુડલા આવ્યા. ચિતા ખડકાઈ તે પર વચ્ચે ભુવનપાલનું ને શંખ પક્ષના ત્રણ શત્રુ-યોદ્ધાઓનાં શબોને ચડાવવામાં આવ્યાં; ચિતા પ્રજ્વલી.

શાંતિ પથરાઈ ગઈ. શબ્દો કે સ્વરો શોધ્યા જડતા નહોતા.

મશાલોને અજવાળે સર્વનાં મુખો પર કોઈ મહાન બનાવની ગંભીરતા અંકાઈ ગઈ હતી.

એમાં એકાએક કોઈકનું ડૂસકું સંભળાયું. કોઈકનો વિલાપ-સ્વર ઊઠ્યો. ને વસ્તુપાલ ચોંક્યો. સ્વર જાણીતો હતો. રોજરોજનો પરિચિત હતો. સ્વર આવતો હતો – નજીકના એક દેવમંદિરમાં બેઠેલી સ્ત્રીઓના વૃંદમાંથી; જેતલબા સર્વ સ્ત્રીઓને લઈને બેઠાં હતાં ત્યાંથી.

મંત્રી ઊઠ્યા, મંદિર તરફ ગયા. પૂછ્યું, "બા, કોણે ધ્રુસકો મૂક્યો?"

"ભાઈ, વયજૂકાએ."

"આંહીં ક્યાંથી?"

"સાથે આવી છે."

"ઠીક, વયજૂ! બહેન! તારો ભાઈ પોતાનો સર્વ સ્વધર્મ બજાવી ચૂક્યો છે. ઓછપ આણતી નહીં. તું ધન્યભાગી બની છે એમ સમજી લેજે. હૈયું હાથ રાખજે. હું સાક્ષી હતો – છું – ને હજુ રહીશ."

એ સાંભળ્યા પછી વયજૂકા રડતી બંધ પડી. ભાઈએ બહેનને જે કહ્યું તેનો મર્મ કોઈ બીજું ન સમજી શક્યું છતાં વગર સમજે વાતાવરણમાં કોમળતા મહેકી ઊઠી.

"બીજું કોણ કોણ આવ્યું છે, બા?"

"તમારી સોખુ."

"શું બોલો છો?"

"તમારી સોખુએ જ ઉધામા મચાવ્યા તેનું આ પરિણામ છે, ભાઈ!" જેતલદેવીએ કહ્યું, "પછી બધી વાત કરીશ."

ચિતા સળગતી રાખી, સૈનિકોને સોંપી, મંત્રી અને મહેમાનો ઊઠ્યા. રાતની ત્રીજી ઘટિકાએ ખંભાત નગરીએ પોતાનાં ઉઘાડાં દ્વારમાં મેદનીને સમાવી લીધી.

ત્રણેય ચાહમાન પરોણાઓને યોગ્ય સન્માનથી ઉતારો આપીને વસ્તુપાલ રાતે ને રાતે જેતલદેવીને મળ્યો. વયજૂકા અને સોખુ પણ ત્યાં જ બેઠાં હતાં.

"આપ આ મદદ લઈને કેવી રીતે આવી પહોંચ્યાં, બા?" એણે કથા પૂછી.

જેતલદેવીએ વૃત્તાંત કહ્યો: "તમારો સંદેશો આવ્યો ત્યારે મારે તો ઝેર ખાવા જેવી સ્થિતિ હતી, ભાઈ! રાણા અને તેજપાલભાઈ બેયને પાટણ ચડી સવારીએ જવું પડ્યું છે. એનું તો નારાયણ જે કરે તે ખરું! એના ગયા પછી મારુદેશના આ ત્રણ પરોણા આવી ચડ્યા. ભેગો એમનો રસાલો પણ હતો."

"કેમ આવ્યા છે?"

"ચાકરીએ રહેવા. મેં રોકાવ્યા, પણ ખંભાતમાં શું થઈ રહ્યું છે તેની વાત એમને કહેવરાવતાં મારી જીભ ઊપડી નહીં. ત્યાં તો તમારે ઘેર તમારી લાડકી સોખુના ધમપછાડા મચી ગયા. એ તો કહે કે મરી જાઉં તોય ખંભાત પહોંચ્યે રહું. એ તો દોડી ખંભાતને મારગે. માણસોની દોટાદોટ ને ગોકીરા થઈ ગયા. એણે રડીરડીને રાજગઢ ગજાવ્યો. કહે કે આપણે સ્ત્રીઓ તલવારો બાંધીને નીકળીએ. મને તો સૌ રાજપૂતાણીઓમાં નપાવટની નપાવટ કહી કાંઈ ટોણાં માર્યાં છે! મારી છાતીએ તો એણે કાંઈ ડામ દીધા છે, ભાઈ! મને કહે કે કોઈના ચૂડા ભંગાવવા બેઠાં છો એ તો ઠીક, પણ પોતે રાજગઢમાં ગરી રહ્યાં છો! એને ફાવે તેમ કહ્યું. સારું થયું કે એણે મને મારું કુળ ને મારી જાત યાદ કરી આપી. હું તો તૈયાર થઈ.

હતાં તેટલાં માણસોને હથિયાર બંધાવ્યાં. એ ખબર આ મહેમાનોને પડી. પછી તો એમણેય મારી ઉપર તડપીટ પાડી: કહેવરાવ્યું કે અમને ત્રણેયને ધોળકામાં ઝેર ઘોળાવવું'તું કે પેટ કટાર નખાવવી'તી! કોઈ બોલતાં કેમ નથી? જમવા બેઠેલા થાળી ઉપરથી ઊઠ્યા, ને તમારી વહારે આવ્યા. આમ ખંભાતને ને તમને કોણે, મેં બચાવ્યાં, તમારી આ સોખુએ, કે એ ત્રણ ચાહમાનોએ, એ સમસ્યા તો હવે તમે ને સોખુ બેઉ એકલાં પડો ત્યારે વિચારજો."

પણ વસ્તુપાલના હૃદય પર ભુવનપાલના મૃત્યનો શોક એટલો ભારી હતો કે એ વિનોદમાં રસ ન લઈ શક્યો. એના અંતર પર આ ત્રણ ચાહમાન ભાઈઓની ખાનદાનીનો ભાર ચડી બેઠો.

"પણ, બા!" મંત્રીએ પૂછ્યું, "તમે ધોળકાને સાવ રેઢું મૂક્યું!"

"હું તો નહોતી મૂકતી, પણ સોમેશ્વર ગોર, તમારી લલિતા અને અનોપ, એ ત્રણેએ ધોળકાને તો પડકારી ઊભું કરી દીધું છે. ત્રણેય જણાં હથિયાર બાંધી, મારા વીરમને સાચવીને બેઠાં છે."

આમ એ બધા જ સમાચાર મંત્રીની છાતીની પહોળાઈ વધારનારા હતા. પણ ભુલાતો નહોતો ફક્ત એક ભુવનપાલ.

## 22
## ચંપી

ઉત્સવમાં પડી ગયેલા ખંભાતને યાદ નહોતું રહ્યું કે એના સાચેસાચા દુશ્મનનું શું થયું. એ દુશ્મન સદીક હતો. વસ્તુપાલનું ચિત્ત ઉત્સવમાં નહોતું પણ સદીકનો પીછો લેવામાં રોકાયું હતું. શંખ આવ્યો હતો સદીકનો તેડાવ્યો. લક્ષ્મી લૂંટી હતી સદીકે. સદીકને છેલ્લો જોયો હતો યુદ્ધની સંધ્યાએ, શત્રુની છાવણીમાં. અને ભુવનપાલ જ્યારે એક પછી એક ભરૂચી યોદ્ધાને પટકતો હતો ત્યારે શંખના સૈન્યની પાછળ નાસભાગ કરતો એ માનવી પણ સદીક જ હતો. એ જોતો હતો, કોનો જય થાય છે તેની વાટ. પણ તે પછી એનો પત્તો નહોતો. એ પત્તો મેળવવા ત્રણ દિવસથી હેરકો છૂટ્યા હતા. તેમણે ખબર લાવી આપ્યા કે સદીક શેઠ પોતાના વહાણમાં ચડીને દૂર દરિયે જઈ બેઠા છે.

"કેમ હજુ રોકાયો છે?"

"એની અઢળક સંપત્તિ આંહીં પડી છે. મૂકીને ક્યાં જાય? શંખના માણસોએ એને સંઘર્યો નહીં એટલે હવે સદીકને દરિયા સિવાય કોઈનું શરણું નથી."

"આંહીં આવવા માગે છે?"

"હા, કહે છે કે મને મારી ન નાખે તો પાછો આવું."

"અરે, ગાંડો!" વસ્તુપાલે વિષ્ટિકારોને કહ્યું, "એ ક્યાં દુશ્મન હતો? દુશ્મન તો શંખ હતો. સદીક શેઠ તો પ્રજાજન છે, વેપારી છે. આંહીં આવતો એને કોણ અટકાવે છે? ભલેને આવે!"

સદીકનાં હિતસ્વી જનોએ આવીને અભયદાન માગ્યું: "પણ મંત્રીજી! એને મારી નહીં નાખોને?"

"ના રે ના. મારું વચન છે. જાઓ લઈ આવો."

એટલે સદીકને પાછો તેડી લાવવા એના સ્વજનો દરિયે ગયા, ને આંહીં પાછળ લોકો ભયભીત બની મંત્રી પાસે આવ્યા; કહ્યું, "આપે આ શી ભલાઈ બતાવી? સદીક શેઠ તો વિશ્વાસઘાતનો અવતાર છે. ગુજરાત સમસ્તનું નિકંદન કાઢશે."

"નહીં, સદીક શેઠ તો બાપડા સ્તંભતીર્થને બચાવવા જ મથતા હતા," મંત્રીએ

મોં પર ભોળપણ ધારણ કરીને જવાબ દીધો, "તમને સૌને સદીકનો દોષ કેમ લાગે છે? તમે બધા જ એને અળખામણો કરો છો. સદીક ન હોત તો શું શંખ સ્તંભતીર્થ પર ક્યારેય ન ત્રાટક્યો હોત?"

એવો જવાબ સાંભળી સાંભળીને પાછા ફરનારા પ્રજાનાયકોએ આ વાતની ચર્ચા કરી. ને પવન એ ચર્ચાને છેક દરિયાકાંઠે ઉપાડી ગયો. સદીકને ખબર પડી કે આખા ખંભાતના લોકમતની સામે જઈને પણ મંત્રીએ પોતાને નિર્દોષ માન્યો છે. સદીકને પગલે પગલે પ્રતીતિ થઈ કે હવે પોતે સલામત છે. સદીકે મંત્રીની મૂર્ખાઈ પર મનમાં હસી લઈ, મંત્રીને આંજી દેવાના, અને પોતાના અપરાધો ઉપર ધૂળ વાળી દેવાના સંતલસ મનમાં ગોઠવી રાખ્યા.

પછી મંત્રીએ તો ભોળપણની અવધિ બતાવી. મંત્રી સદીક શેઠને વાજતેગાજતે માનપાનથી ગામમાં લાવવા જાતે દરિયાકાંઠે ગયા. અને મંત્રીનું વલણ ફરેલું દેખ્યું કે લાગલી જ પ્રજા પાછી સદીકના સામૈયામાંયે શામિલ થઈ ગઈ. 'મંત્રી અક્કલ વગરનો છે ને ભયાનક ભૂલ કરી રહ્યો છે', એવું અંદરખાનેથી બોલનારા પ્રજાનાયકોએ જ પ્રકટપણે સદીક શેઠના આ સન્માનકાર્યમાં સાથ દીધો અને સદીકની કૃપા મેળવવાના પ્રયત્નો પણ આદરી દીધા. એ બધો તમાશો જોતો-સમજતો વસ્તુપાલ લોકસ્વભાવનું અલભ્ય આંતરજ્ઞાન મેળવતો મનમાં રમૂજ પામ્યો. એણે પોતાના વર્તાવમાં વધુ ને વધુ બોઘાપણું જ બતાવવું ચાલુ રાખ્યું.

મંત્રી સદીક શેઠને પોતાને ઉતારે જ ભોજન લેવા તેડી ગયા. તે વખતે પણ કેટલાક શ્રેષ્ઠીઓએ મંત્રીને ગાડે ચડી બેસવા જેવું કર્યું – "સદીક શેઠને અમે ભોજન આપીએ."

"હા, એ કાલ ઉપર રાખો. સદીક શેઠ તો આપણા જ છેને?" મંત્રીએ જવાબ વાળ્યો.

ભોજનનો સમારંભ રાત્રિના ઠાઠમાઠ વચ્ચે સોએક જમનારાઓના સાથમાં સમાપ્ત થયો. જમનારા પોતપોતાને ઘેર પહોંચ્યા. સદીક શેઠને મંત્રીએ પોતાને ઉતારે જ શયનગૃહ કાઢી આપ્યું. અને સૂવાટાણે એની ચંપી માટે ચાર મલ્લો હાજર થયા.

મલ્લોએ સદીક શેઠના હૃષ્ટપુષ્ટ દેહની ખૂબીદાર ચંપી માંડી. ત્રણેક દિવસનો થાકેલો અને ચિંતાગ્રસ્ત એ ભીમકાય નીંદરે ઘેરાવા લાગ્યો. તે પછી ચંપીનો પ્રકાર બદલાયો. પ્રથમ તો સદીકને લાગ્યું કે શરીરના જડ બનેલા સાંધા ને સ્નાયુઓની આ શાસ્ત્રીય પ્રકારની કચ્ચર છે. પણ પછી એને એનો એક પછી એક સાંધો ખડી જતો, હાડકાંનો માળખો પીંખાઈ જતો અને અંગેઅંગ ખોટાં પડતાં લાગ્યાં. એણે વારવા છતાં ચંપી ચાલુ જ રહી. એણે ત્રાડ મારવા છતાં ચંપી અટકી નહીં. એને

ભયાનકતાનું ભાન આવ્યું, તેટલામાં તો એના દેહના અવયવો ખોટા પડ્યા. એણે બૂમો પાડી, મંત્રી એની પાસે આવ્યા, હસ્યા, પૂછ્યું: "કાં જનાબ! કેમ મારી અત્યારે જરૂર પડી?"

"આ શું થઈ રહેલ છે, મંત્રીજી?" એ માંડ માંડ પૂછી શક્યો.

"ચંપી. આપને તો શેઠ, ચંપી બહુ પ્યારી છે, ખરું!" મંત્રીએ કહ્યું.

"મને મારી નાખવાનો નથી એવો કોલ દઈને આ કર્યું?"

"તને મારી નથી નાખતો હું. મારો કોલ મેં પાળ્યો છે. તું ઝાઝાં વરસનું જીવન ભોગવ એવી ખુદા પાસે મારી બંદગી છે."

"પણ મારું બદન જીવતે મરેલું બનાવ્યુંને?"

"બાપ! તેં તો આખી ગુજરાતને જીવતે મૂએલી બનાવી છે, તેનો બદલો તો હું ગરીબ બીજી કઈ રીતે વાળી શકું? વળી તારી પાસે તો શક્તિવર્ધનની ઊંચી ઊંચી દવાઓ છે. ખાજે ને સાજો થજે."

"હવે તો હું સાજો થઈ રહ્યો."

"સમજી શકાય છેને? બસ ત્યારે. જાઓ શેઠજી, જીવતા રહો."

"આવી દગલબાજી?"

"એનો જવાબ હું માલિકના દરબારમાં દેવા ખડો થાઉં ત્યારે સાંભળજે, ભાઈ. આજ તો એ 'દગલબાજી' શબ્દ જ તારા મોંની નારકી દુર્ગંધથી ભ્રષ્ટ થાય છે."

"મને મારે ઘેર પહોંચાડો."

"તારું ઘરબાર હવે આંહીં રહ્યું નથી. તારા માણસો કેદ છે, ને તારાં સગાંને વહાણમાં બેસાડી વિદેશ રવાના કરી દીધાં છે. હમણાં જ વહાણ રવાના થઈ ગયું."

"મારી દોલત? માલમિલકત?"

"રાજમાં જમા કરાવવા માટે એની ટીપ તૈયાર થાય છે. તું મૂંઝાઈશ મા. તારા ઉપર રાજ વધુ લેણું નહીં કાઢે. જાઓ," મંત્રીએ મલ્લોને કહ્યું, "એને ઉપાડી ગામની બજારમાં બરાબર માણેકચોકમાં મૂકી આવો. લોકો એને રોટીના ટુકડા દેશે તો એ ખાશે. એને કોઈ પણ વહાણવટી જો વહાણમાં લે તો વહાણને આગ લગાવી દેજો."

પાંત્રીસ વર્ષોની ગુજરાતદ્રોહી જિંદગીનો એ અંજામ આવ્યો. ઘણા દિવસ સુધી સદીકને જન્મખોડ જેવી અપંગ હાલત ભોગવતો ખંભાતની પ્રજાએ જોયો. શહેરની બજારમાં જ શરીર ઢરડી ઢરડીને એની જિંદગી ખતમ થઈ.

23

# સમર્પણનાં મૂલ

રાત્રિઓ પછી રાત્રિઓ સુધી સદીકના ઘરમાં ધરબાયેલી, ગણી ગણાય નહીં તેટલી ગુજરાતની ચોરેલી, લૂંટેલી લક્ષ્મીની ટીપ થઈ રહી હતી. અને તે રાત્રિઓમાં મંત્રી વસ્તુપાલ બેઠા બેઠા તાડપત્રી પર પોતાના 'નરનારાયણાનન્દમહાકાવ્ય'ની સંસ્કૃત કડીઓ પર કડીઓ રચતા હતા. તેમાંથી થાકતા ત્યારે જાતજાતના છંદોમાં સંસ્કૃત સૂક્તિઓ આલેખતા હતા. અને તે જ રાત્રિઓમાં એ સંસ્કૃત કાવ્યોના ઉપાસક તરફથી કંઈક ગુપ્તચરો માલવરાજના દરબારે, દેવગિરિની સૈન્ય-છાવણીમાં અને શંખના લાટમાં કોઈ અનેરી જ લીલા ભજવી રહ્યા હતા.

સદીકની સમૃદ્ધિની વિગતો જેમ જેમ બહાર પડતી ગઈ તેમ તેમ પ્રજામાં ઓહોકાર અને અરેરાટી છૂટતાં ગયાં. સુવર્ણ, મૌક્તિકો, અને મૂલ્યવાન દ્રવ્યોનો સુમાર ન રહ્યો. એમાંથી એકપણ વસ્તુ ખેસવવાની મંત્રીએ મના કરી. રાણા વીરધવલને પાટણ સમાચાર પહોંચાડી દીધા હતા. વીરધવલ મારતે ઘોડે ધોળકે આવવા નીકળી ચૂક્યા હતા. અને ચાર મારુરાજોની ચડાઈની વાત પણ બનાવટી તરકટી નક્કી થતાં તેમને આગળ વધવું પડ્યું નહોતું. એ તરકટી સમાચાર, બરાબર મંત્રીના સ્તંભતીર્થ રહેવા દરમ્યાન જ ધોળકે પહોંચાડનાર બનાવટી દૂત પકડાયો હતો. એ દૂત સદીકનો નીકળ્યો. શંખની ચડાઈને અનુકૂળતા કરી આપવાનું જ એ કારસ્તાન હતું. તેજપાલ અને વીરધવલ બેઉ પાછા વળ્યા. તેજપાલને સદીકના ઘરના દ્રવ્યની ટીપ કરી કબજે લેવા કહી, વસ્તુપાલ ત્રણેય મારુ પરોણાઓ સાથે ધોળકે ગયો.

રાણા મંત્રીને ભેટે તે પૂર્વે જ મંત્રીએ રાણાની પાસે ત્રણ ચાહમાન પરોણાને રજૂ કર્યા – ને કહ્યું: "આ ત્રણ ન હોત તો આજે સ્તંભતીર્થ રોળાઈ ગયું હોત."

ત્રણેયનું વીરધવલે પણ બહુમાન કર્યું. પછી સદીકના ઘરની લક્ષ્મીની ટીપ રાણા પાસે હાજર કરવામાં આવી.

"આટલી બધી!" રાણાની છાતી બેસી ગઈ.

"અને દેવ!" મંત્રીએ કહ્યું, "સદીકના ઘરમાંથી ત્રણ કોટડીઓ ધૂળથી ભરેલી

જડી છે. તે ધૂળ પણ મહામૂલી છે."

રાણા વીરધવલ – ખેડુ તો ખરા જ ને આખરે! – પહેલાં તો કાંઈ સમજ્યા નહીં. પછી મલકાયા; ને બોલ્યા, "હાંઉં ત્યારે, એના ઘરની ધૂળ તમારે રહી, મંત્રી!"

"બાપુ રહેવા દો, મશ્કરી ન સમજો."

"પણ કહું છું કે ધૂળ તમને રહી."

"પછી મન બગાડશો નહીંને?"

"ના રે ના, ધૂળ હોય એટલી તમને રહી. જાઓ મંત્રીજી! સાત વાર તમને."

"તો હવે સાંભળો." વસ્તુપાલે વિગતથી વાત કરી, "એ ધૂળના ઓરડા ભર્યા છે. ને એ બધું શુદ્ધ સુવર્ણ છે."

"શી રીતે?"

"એક વાર સદીકનાં સાત વહાણ સફરમાં દરિયે ગયાં હતાં. વાવાઝોડાનું તોફાન નડ્યું. વહાણો ડોલવા લાગ્યાં એટલે એના નાવિકોએ કાંઠેથી ગૂણીઓ ભરી-ભરીને રેતી વહાણમાં નીરમ લેખે ભરી. વહાણ ખંભાત આવ્યાં. સદીકે પૂછ્યું કે શું લાવ્યા? નાવિકો કહે વેકૂરી. દરિયાલાલની દીધેલી તો વેકૂરી પણ શ્રેષ્ઠ, એમ કહીને સદીકે વખારોમાં એ ગૂણીઓ ખડકાવી. એ જ વખારોમાં રૂ પણ ભર્યું હતું. એક વાર દીવાની જ્યોત રૂમાં લાગી. રૂ સળગ્યું, ને વેકૂરીને આંચ લાગી. ઓગળીને થોડીક વેકૂરીનું સોનું બની ગયું!"

"એટલે શું?"

"એ તેજમતૂરી નામની દરિયાઈ ધૂળ છે."

"બસ! કહી રહ્યા? એ ધૂળ હોય કે વેકૂરી હોય, કે સોનું હોય. હું તો તમને દઈ ચૂક્યો છું."

"તે માથે ચડાવું છું. પણ આ લક્ષ્મી મારી નથી, રાજની છે. મારું ને રાજનું જુદું નહીં પડી શકે. ને જે રાજનું છે તે ગુજરાતના પુનરુદ્ધારમાં જ વપરાશે."

"તે તો તમારે જ વાપરવાનું છે."

"તો પહેલું પુણ્યકાર્ય હું સૂચવું? સ્તંભતીર્થમાં મારે એક વિજય અને આત્મસમર્પણનું સ્મરણચિહ્ન ઊભું કરાવવું છે. આપ સંમત થશો?"

"કેમ બીક લાગે છે?"

"બીક એટલા માટે લાગે છે કે સોલંકીઓના ઇતિહાસમાં કદી બન્યું નથી તેવું કરવાનું છે. આજ સુધી રાજાઓના નામની દેરીઓ ને સમાધિઓ, સ્મારકો ને શૃંગો, સરોવરો ને વાવો થતાં આવેલ છે. મારે આપના હાથે જેનું ખાતમુરત કરાવવાનું છે..."

"તે કોઈ મંત્રીના નામનું સ્મારક હશે?" વીરધવલે ઘા કરી લીધો.

"ના, ના."

"ત્યારે શું અનોપનું?" રાણાએ જાણ્યું હતું કે ધોળકાના બચાવ માટે અનોપે પ્રજાને સજ્જ કરી રાખી, કોટ પર પોતે ચોકી કરી હતી.

"ના, દેવ. એક છેલ્લી પાયરીના સૈનિકના નામનું: ને જ્યાં સુધી ઇતિહાસમાં એ સ્તંભતીર્થ રહેશે, સોલંકીઓ રહેશે, વાઘેલા રહેશે ને પ્રભુકૃપાએ આપનો આ નમ્ર વસ્તુપાલ રહેશે, ત્યાં સુધી રાણા વીરધવલના એક પગ ચાંપનારાનું નામ રહેશે."

"પગ ચાંપનાર!" વીરધવલને વિસ્મય થયું, "તમે તો શંખ સાથે લડેલા ભટરાજની વાત કરો છોને?"

"ના રાણાજી, એ ભટરાજ નહોતો. આપને યાદ આવે છે? આપની પગચંપી કરતા એક વંઠકે આપના પગની રત્નજડિત મુદ્રા ચોરી હતી."

"હા."

"ને આપે એનો દરમાયો વધારી દીધો હતો."

"હા."

"એ ભૂવણો ગુડિય: એ જ આ ખંભાતનો તારણહાર, છેલ્લી પાયરીનો સૈનિક ભુવનપાલ. એના નામના ભુવનપાલપ્રાસાદમાં મારે રુદ્રની પ્રતિષ્ઠા કરાવવી છે."

"ભાઈ!" કહેતાં રાણાએ પોતાનાં હર્ષાશ્રુઓ ખાળી રાખીને મંત્રીને બાથમાં લઈ લીધો, "આ તે તું માગે છે કે મને આપે છે? તું અત્યાર સુધી વાતને લંબાવે છે શા માટે? તને મારી હજુ પતીજ ન પડી? હું બાપુને જ તેડાવું છું – ભુવનપાલપ્રાસાદનું ખાતમુરત કરવા. પછી છે કાંઈ?"

"તો બસ. મારો ભવ સુધરી જશે. ને હવે આપણે ચાહમાન પરોણાઓને તેડાવી વાત કરી લઈએ."

"હા, એને તો રાખી જ લઈએ."

આ શબ્દો બોલતી વખતે રાણા વીરધવલને ઝાઝી કલ્પના ન હતી. ત્રણ ચાહમાન ભાઈઓને ઉપરાઉપરી ધન્યવાદ આપીને પછી તેમની માગણી સાંભળી:

"રાજન્! અમે ત્રણ ભાઈઓ અમને મળેલા ગરાસ પૂરા ન પડવાથી ચાકરી ગોતવા નીકળ્યા છીએ."

"તે તો ગુજરાતનાં પરમ ભાગ્ય કહેવાય. ગ્રાસ કેટલો નોંધીએ?"

"દરેક ભાઈને એક એક લાખ લુણસાપુરી દામ (દ્રમ્મ)."

કશી જ ધડક વગર આવા પગારની માગણી કરનાર ચાહમાનો તરફ રાણા

વીરધવલ દિઙ્મૂઢ નજરે જોઈ રહ્યા. પણ ચાહમાનોનાં મોં ઉપર રંગ બદલાયા નહીં. રાણાનું મોં પડી ગયું. એણે વસ્તુપાલ સામે જોયું. મંત્રી સમજી ગયા કે આ પગારની રકમ સાંભળીને રાણાની છાતી બેસી ગઈ છે. એ બહાર ચાલ્યો ગયો. એમ થયું કે રાણા બહાર આવે તો વાત કરું. થોડી વારે ગણતરી ગણીને રાણાએ કહ્યું: "એક લાખમાં તો સો સો ભટ વસાવી શકાયને, ભાઇ!"

ચાહમાનોનાં મોં પર સહેજ સ્મિત ફરક્યું. તેમણે વિનય છોડીને કશો ઉત્તર ઉચ્ચાર્યો નહીં. એટલે રાણાએ ફરીને કહ્યું: "સો સો ભટ જેટલું કામ અક્કેક જણ ચાહે તેવો બહાદુર હોય તોયે શી રીતે કરી શકે? ને મારું વાટકીના શિરામણ જેવડું ધોળકું શે આપી શકે?"

"તો કંઈ નહીં, રાજન્! અમે આનંદથી રજા માગીએ છીએ."

એમ કહીને ત્રણેયએ પાનબીડાં ખાધાં. ત્રણેયને મોટા સરપાવ આપી, પાઘ બંધાવી, ક્ષમા માગી વિદાય દીધી.

પાછળથી મંત્રીએ રાણાને સમજાવ્યા: "આપે મોટી ભૂલ કરી, મૂલ્ય માણસનાં છે, સંખ્યાનાં નથી."

"પણ મારી તો અક્કલ જ કામ કરતી નથી કે અક્કેક જણો અક્કેક લાખના પગારે ધોળકાને કેમ પરવડે! એ કરતાં સૈન્ય ન વધારીએ!"

મંત્રીને અફસોસ થયો. વધુ વિવાદ કરવાનું ઉચિત ન લાગ્યું. બાજી હાથમાંથી ગઈ હતી. એ ઘૂંટડો પી ગયો. એણે ચાહમાનોને પોતાના તરફથી પણ જુદા પોશાક પહેરામણી દઈ વિદાય દીધી.

"રાણો ખેડુ છે ખરોને!" મંત્રીએ મનમાં વિચાર કર્યો, "એને હજુ પાઠ ભણવા બાકી છે. અનુભવે ભણશે. રાહ જોવી રહી."

ખંભાતથી આવીને મંત્રીએ ધોળકામાં વયજૂકાને એકાંતે તેડાવીને પૂછ્યું: "ભુવનપાલનાં સગાંવહાલાં, માબાપ ક્યાં છે તેની કાંઈ ખબર?"

વયજૂકાએ એક પત્ર પર લખી રાખેલાં નામઠામ ભાઈને દીધાં. મંત્રીએ રાજી થઈને કહ્યું: "એના ભરણપોષણની ગોઠવણ કરું છું, ને ભુવનપાલપ્રાસાદના વાસ્તુ વખતે એ સૌને તેડાવવાનો છું. તું તારા ચિત્તમાં ગ્લાનિ રાખીશ નહીં."

વયજૂકાના હોઠ ફફડીને રહી ગયા. એણે પાલવ વડે આંખો લૂછી. એ અંદર ચાલી ગઈ. ભાઈ એની પાછળ ક્યાંય સુધી જોઈ રહ્યો.

## 24

# ગર્વગંજન

ભુવનપાલપ્રાસાદ ચણાઈને તૈયાર થયો. મંત્રી જિનધર્મી છતાં જીવનમાં સૌ પહેલી પ્રતિષ્ઠા શંભુની કરે છે, એ સમાચાર ગુજરાતભરમાં ફેલાયા. સોમેશ્વરદેવે સર્વ સ્થળોમાં નોતરાં પાઠવ્યાં. ધોળકાનો વાણિયો અમાત્ય ગામેગામના રાજપૂતોને, સૈનિકોને, કાંટિયા વર્ણોને, કોળીઓને, ભીલોને ને ઠાકરડાઓને હૃદયે વસ્યો. એક સામાન્ય યોદ્ધાના પરાક્રમની આવી કદર ઇતિહાસમાં અપૂર્વ હતી. ભુવનપાલપ્રાસાદના પ્રતિષ્ઠાપ્રસંગે પ્રજાનો મહામેળો ભરાયો. એ પ્રજામેળાની સન્મુખ મંત્રીએ ભુવનપાલનાં વૃદ્ધ, કંગાલ, ગામડાવાસી માતપિતાને સાદર કર્યાં. હજારો આંખોમાંથી દડદડ આંસુડાં વહ્યાં. અને પછી ગુર્જરીના શ્રેષ્ઠ કવિઓને મુખેથી મંત્રીની બિરદાવલિઓ ગાજી ઊઠી –

રાજકુલગુરુ સોમેશ્વરદેવ સૌ પહેલાં ઊઠ્યા ને બોલ્યાઃ

*श्रीवस्तुपाल! प्रतिपक्षकाल!*
*त्वया प्रपेदे पुरुषोत्तमत्वम् ।*
*तीरेऽपि वार्ध्धेरकृतेऽपि मत्स्ये*
*रूपे पराजीयत येन शङ्खः*

[હે વસ્તુપાલ! હે વિરોધપક્ષના કાલ! તેં તો પુરુષોત્તમ પ્રભુનું પદ પ્રાપ્ત કર્યું. મત્સ્યનું રૂપ ધર્યા વગર જ તેં તો શંખનો (શંખાસુરનો) પરાજય કર્યો.]

બીજાએ કહ્યું:

*श्रीवस्तुपाल तव भालतले जिनाज्ञा,*
*वाणी मुखे, हृदि कृपा, करपल्लवे श्रीः ।*
*देहे द्युतिर्विलसतीति रुपैव कीर्तिः*
*पैतामहं सपदि धाम जगाम नाम ॥*

ત્રીજાએ યુક્તિ લડાવી –

*अनिःसरन्तीमपि गेहगर्भात्*
*कीर्तिं परेषामसतीं वदन्ति ।*

स्वैरं भ्रमन्तीमपि वस्तुपाल ।
स्वत्कीर्तिमाहः कवयः सतीं तु ॥

['બીજાઓની કીર્તિ તો ઘર અંદરથી બહાર કદી પગ દેતી નથી તોપણ લોકો તેને અસતી, વંઠેલી કહે છે. અને હે વસ્તુપાલ! તારી કીર્તિ તો સ્વેચ્છાએ ગમે ત્યાં ભમે છે તો પણ તેને કવિઓએ સતી શિયળવતી કહી છે.]

આ બધા કવિઓને મંત્રીએ છૂટે હાથે ઇનામો ને પોશાકો દીધાં. ને તે દિવસથી સ્તંભતીર્થ (ખંભાત) અને ધોળકું કવિઓરૂપી મધમાખોના મધપૂડા બની ગયા. મેળવેલા દ્રવ્યનું એણે મોકળા મનથી સાહિત્યકવિતા પાછળ વિસર્જન માંડી દીધું. અને એને થોડો ગર્વ પણ થયો કે પોતે કાવ્યનો મર્મગામી બની ગયો છે. એ ગર્વના ગંજનનું ગાણું વેળાસર આવ્યું. ખંભાતના થાંભણા પાર્શ્વનાથના જિનમંદિરે પોતે ધોળકાના સંઘ સાથે વંદવા આવ્યો. વંદના દેતો ઊભો છે ત્યાં મલ્લવાદિનસૂરિ નામના જૈન યતિએ પોતાના યતિસમૂહને લઈ પ્રવેશ કર્યો. પેસતાં વાર જ એ આચાર્યે પ્રભુનામ કે ધર્મપાઠ મૂક પડતા, અને મોટે રાગે એક કાવ્યપંક્તિ લલકારી –

अस्मिन्नसारे संसारे सारं सारंगलोचना ।

[આ સારહીન સંસારમાં સારરૂપ તો ફક્ત એક સારંગલોચના કહેતાં મૃગનાં જેવાં નયનોવાળી સુંદર સ્ત્રી જ છે.]

એક ત્યાગી પુરુષના મોંમાંથી, દેવની પ્રતિમા સામે અને સેંકડો સ્ત્રીપુરુષોની વચ્ચે, આવી શૃંગારવાણી, પૂર્ણ લલકારભેર સાંભળીને જનમેદની ભોંઠી પડી અને મંત્રીને એનું મુખ ન જોવા જેવું લાગ્યું.

તે પછી સો-બસો સૂરિઓ આવીને બેઠા. મંગલદીપની વિધિ પૂરી થઈ એટલે મંત્રીને આશીર્વાદ આપવા પણ સૂરિઓએ મલ્લવાદિનસૂરિને જ મંત્રી પાસે મોકલ્યા. એણે પહેલી વાર તો ચૈત્યની બહાર ઊભા રહીને ગાયું હતું, પણ આ વેળા તો હાથ લાંબા કરી મંત્રીને મોઢામોઢ નિર્દેશીને પાછી એની એ વિલાસભાસી પંક્તિ લલકારી –

अस्मिन्नसारे संसारे सारं सारंगलोचना ।

આવા આશીર્વાદથી અતિ ખેદ પામીને મંત્રીએ ફક્ત બે હાથ જોડી વંદી લીધું ને એ ધર્માચાર્યોની વિલાસભ્રષ્ટતાથી દુભાયેલો પોતાના ઉતારે ચાલ્યો ગયો. અન્ય લોકોની આંખ પણ આ ઊંધી ખોપરીના આચાર્યના ગેરવર્તન સામે ફાટી રહી. આચાર્ય મલ્લવાદી તો નફ્ફટ લાગે તેવા તોરથી પોતાના મઠમાં ચાલ્યા ગયા. એણે કોઈને કશો પ્રશ્ન પૂછવાની તક ન દીધી, કોઈને કશો ખુલાસો ન કર્યો.

વસ્તુપાલે મંડાવેલી એ પાર્શ્વ-પૂજાના પાઠ આઠ દિવસ સુધી ચાલ્યા. આઠેય

દિવસ એ વિલાસાભાસી આચાર્ય પોતાના મઠમાંથી બહાર ન નીકળ્યા. પાઠ પૂરા થયે, આઠમી રાત્રિએ મંત્રી ઉત્સવ કરવા દેવરંગમંડપમાં પધાર્યા. આખી રાત ચૈત્યમાં ઉત્સવના ઝંકારવ ચાલ્યા. પ્રભાતે મંત્રી બહાર નીકળે છે એમ જાણ થતાં જ મઠપતિ આચાર્ય મલ્લવાદિનસૂરિ સામા આવીને ઊભા રહ્યા. એને દેખીને મંત્રી ભોંય ઢળતું જોઈ ગયા. એટલે આચાર્યે પાછું એક બીજું કાવ્યચરણ લલકાર્યું:

*दूरे कर्णरसायनं निकटतस्तृष्णापि नो शाम्यति*

[એ તો દૂરથી જ કાનને મીઠો લાગે છે. નજીક જવા જેવો નથી. નજીક જશું તો આપણી તરસ પણ છીપે તેમ નથી.]

મંત્રીએ આ નિંદા પોતાને ઉદ્દેશાયેલી જોઈને પહેલાં તો સાધુની ધૃષ્ટતા માની, પછી કંઈક કુતૂહલ અનુભવ્યું. એ ઊભા રહ્યા એટલે આચાર્યે સ્મિતભેર કહ્યું: "જાઓ મહાશય, જાઓ! પૃથ્વીમાં વિજયો કરો અને તીર્થો પૂજ્યા કરો."

સૂરિના નિંદાશબ્દોએ મંત્રીને કૌતુકમાં નાખી દીધો. એણે જરા રહીને પૂછ્યું: "કયા પ્રસંગની આ પ્રસ્તાવના કરો છો, સૂરિજી! આપના મે'ણાનું કંઈ રહસ્ય સમજાયું નહીં."

"કાંઈ નહીં, મંત્રીશ્વર!" સૂરિ જોરમાં આવ્યા, "સુખેથી સિધાવો, તમારાં ઘણાં-ઘણાં કાર્યો ખોટી થતાં હશે."

"ના, ના, હવે તો કહી જ નાખો."

"ત્યારે જુઓ, મંત્રીશ્વર! વાત એમ છે: મરુભૂમિના કોઈક ગામડામાં ગમાર, પશુ સમા ગામડિયાં વસતાં હશે. તેમાં એક દિવસ એક દરિયાકાંઠાના ગામનો રહીશ પ્રવાસી એ મરુભૂમિમાં આવી ચડ્યો. ગામડિયાને થયું કુતૂહલ, પૂછ્યું, 'કોણ છો? ક્યાંથી આવ્યા?' પેલો કહે: 'સમુદ્રતીરનો વાસી છું.' ગામડિયાએ પૂછ્યું: 'દરિયો ખોદ્યો કોણે?' તો પેલો કહે કે 'દરિયો સ્વયંભૂ છે'.

"મરુવાસીઓએ ફરી પૂછ્યું: 'દરિયો કેવડો છે?' તો કહે કે 'અલબ્ધપાર'. પૂછ્યું, 'એની અંદર શું શું છે?' તો કહે કે –

*ग्रावाणो मणयो हरिर्जलचरो लक्ष्मीः पयोमानुषी*
*मुक्तोधाः सिकताः प्रवाल्लतिकाः शैवालमम्भः सुधा*
*तीरे कल्पमर्दारुद्धः किमपरं नाम्नापि रत्नाकरः*

[દરિયામાં તો પથ્થરો છે, મણિઓ છે, જલચરો છે, લક્ષ્મી છે, મુક્તા છે, રેતી છે, પરવાળાં છે, શેવાળ છે, અમૃત છે. એને કિનારે તો કલ્પવૃક્ષ ઊભું છે, બાકી તો શું નથી? એનું નામ જ રત્નાકર છે.]

"આમ ત્રણ જ ચરણો બોલીને એ તો આગળ ચાલ્યો ગયો. પણ મરુભૂમિનો

એક ગામડિયો તો વધુ કાંઈ પૂછ્યાગાછ્યા વગર ઊપડ્યો પરભારો સમુદ્રને નજરે નિહાળવા, પહોંચ્યો સમુદ્રતીરે. સામે દીઠો ગગનને ચુંબતાં મોજાંની તરંગાવળે દીપતો દરિયો. પ્રસન્ન થયોઃ આહાહા! આંહીંથી તો બધી જ રિદ્ધિઓ ઉપાડી જઈશ, પણ પહેલાં હું તરસ્યો થયો છું એટલે પાણી તો પી લઉં! એમ કહીને ખોબો ભર્યો, પીધું, કોઠો સસડી ગયો અને પિડાતો એ બોલ્યોઃ

*વરિ વિયરો જહિં જણ પિયઈ*
*ઘુટ્ટગઘુટ્ટ ચુલુએણ;*
*સાયરિ અત્થિ બહુય જલ*
*છિ ખારઉં કિં તેણ.*

[એક જ જણ જ્યાં ઘૂંટડે ઘૂંટડે જ પાણી પી શકે તેવો અલ્પ જળવાળો અમારી મરુભોમનો વીરડો આથી વધુ સારો છે. આ સાગરનું જળ અગાધ છે તેથી શું? એ તો ખારું છે!]

"એમ કહેતો કહેતો એ મૃત્યુ પામ્યો. આજે અમારી પણ એ જ દશા થઈ છે, મંત્રી!"

"કેવી રીતે?" વસ્તુપાલે પૂછ્યું.

"અમે શ્રીપાર્શ્વનાથના સેવક, વિદ્યાના અનુરાગી, અહીં બેઠા બેઠા સાંભળતા હતા કે ધોળકામાં સરસ્વતીકંઠાભરણ, શારદાનો લાડીલો, અને વિદ્વાનોરૂપી ભ્રમરોનો આંબો, સારાસારનો વિચારક મંત્રી વસ્તુપાલ વસે છે. અમારાથી આ પાર્શ્વપ્રભુની સેવા છોડીને ધોળકે જવાતું નહીં. આશા હતી કે કોઈક દિવસ આંહીં જ મંત્રીના મેળાપ થશે; ને તેની પાસે અમે પણ સુભાષિતો સંભળાવી કાવ્યાનંદ માણશું. તમે આવ્યા, ને અમે અમારી સૂક્તિ લલકારી, ત્યાં તમે મોં ફેરવ્યું. અમારો કલ્પેલો રત્નાકર ખારો ધૂધવા જેવો નીવડ્યો. એક ઘૂંટડોય મીઠું જળ અમે પામ્યા નહીં. અમે મરુભોમના ગામડિયા જેવા, તું-રૂપી રત્નાકરની પૂરી વાત જાણ્યા વગર તારે તીરે દોડ્યા આવ્યા! હવે શું બોલીએ? પધારો મંત્રી, સુખેથી પધારો!"

શરમાયેલા વસ્તુપાલે ક્ષમા માગીને સૂરિને વીનવ્યાઃ "હવે તો કહો! આપે આંહીં પ્રભુમંદિરમાં ઊભા રહી એ મૃગનયનીની શી પ્રશસ્તિ લલકારવા માંડી હતી?"

"અમે તો બિરદાવતા હતા સંસારની રત્નજનેતા રૂપાળી સ્ત્રીઓને. અમારાં પ્રથમનાં બે ચરણો આ રહ્યાં –

*अस्मिन्नसारे संसारे सारं सारंगलोचना*

*[આવા અસાર સંસારે સાચી સારંગલોચના]*

"ને બીજાં બે ચરણો –

*यत्कुक्षिप्रभवा एते वस्तुपाल! तवादृशाः*

*[જેની કૂખે જણ્યા વીરો વસ્તુપાલ! તમો સમા.]*

"હે મંત્રી! અમે તો તારી જનેતા કુમારદેવીનો કાવ્ય-યશ ગાતા હતા. પણ તેં અમને અધૂરે ગાને અટકાવી દીધા."

વસ્તુપાલને મોંએ શરમના શેરડા પડ્યા. માતા યાદ આવી. સારંગલોચના! સાચેસાચ મારી મા મૃગાક્ષી હતી, રૂપાળી હતી. એને આજે મારા વિજયકાળે કોઈએ નહીં ને એક વિરાગીએ બિરદાવી. સ્ત્રીને માતારૂપે સુંદર વર્ણવતો સાહિત્યવિલાસ વિલાસ મટીને કેવું સૌંદર્યપ્રેરક તત્ત્વ બની રહે! આજે હું ખંભાતમાં સ્થૂળ શસ્ત્રનો સંગ્રામ જીત્યો પણ આત્મજગતના સૂક્ષ્મ કાવ્યયુદ્ધમાં હાર્યો. આજે મને એ પરાજયે નવી દૃષ્ટિ દીધી – નારીનું માતારૂપે સૌંદર્ય માણવાની. સાધુને પોતાના નવા કવિતાગુરુ – રસગુરુ ગણીને મંત્રી પગમાં નમ્યો. યુદ્ધરસ અને રાજનીતિના રસમાં કાવ્યરસ રસાતો ચાલ્યો.

## 25
# સંઘ શોભે?

જેઠ સ્તંભતીર્થથી મોકલેલાં નવાં સુભાષિતો વાંચતી વાંચતી અનુપમા અર્થો બેસારતી હતી. એનો પુત્ર લૂણસી મોસાળે ચંદ્રાવતીમાં જ રહેતો તે મોટો થઈ પાછો આવ્યો હતો, તે પછી બીજું કોઈ સંતાન નહોતું. સ્તંભતીર્થમાં રહેતી સોખુ અને લલિતાદેવી લલિતાના પાંચેક મહિનાના પુત્ર જૈત્રસિંહના લાડકોડ પૂરવામાંથી નવરી થતી નહોતી. અને વયજૂકા તો ભુવનપાલપ્રાસાદની જ પૂજારણ બની ગઈ છે તથા ભુવનપાલનાં વૃદ્ધ માબાપને પાળે છે, એવા સમાચાર પણ આવ્યા હતા. વિશેષમાં લલિતાએ ને સોખુએ ધોળકે ખબર મોકલ્યા હતા કે "અનોપ, તમારે તૈયાર રહેવાનું છે, શત્રુંજય અને રેવતગિરિનો યાત્રાસંઘ કાઢવાની તમારા જેઠ તૈયારી કરે છે. આ સંઘમાં પાટણ, ખંભાત અને ધોળકાના શ્રાવક પ્રજાજનો હજારોની સંખ્યામાં જોડાવાના છે."

અનોપને આ સમાચાર જાણીને હસવું આવ્યું. ખેદ થયો. એણે કહી મોકલ્યું કે મારે તો સંઘમાં આવવાની ઇચ્છા નથી, પછી તો જેઠજીની જેવી આજ્ઞા.

'વળી કાંઈક ગૃહકલહ મચ્યો લાગે છે!' એવી ચિંતાથી વસ્તુપાલ ધોળકે આવ્યા. લૂણસીને પોતે ખોળામાં બેસારીને અનોપની સંઘમાં જોડાવાની અનિચ્છાનું કારણ પૂછ્યું. અનોપે નીચે જોઈ રાખીને કહ્યું: "અત્યારે આ ધર્મયાત્રા શોભતી થશે ખરી?"

"કેમ નહીં? સ્તંભતીર્થના વિજય પછી શ્રાવકો થનગની રહ્યા છે. મને પણ થાય છે."

"સુરાષ્ટ્રમાં પહેલી તો વિજયયાત્રા શોભે, તે પછી જ ધર્મયાત્રા. આજે સુરાષ્ટ્ર તમારે તાબે નથી, શત્રુ બનીને બેઠેલાઓને તાબે છે. પારકા ઘરનાં તીર્થોમાં જતાં, લડાઈ થઈ બેસશે તો સંઘને સાચવશો કે સંગ્રામ કરશો?"

વસ્તુપાલ આ સાંભળી છોભીલો પડી ગયો. સુરાષ્ટ્ર આખો બદલીને બેઠેલ છે. વાજા, ચુડાસમા ને વામનસ્થલીવાળાનો જવાબ હજુ લેવાયો નથી. તે ટાણે સંઘ શોભે નહીં એ વહુની વાત એટલી સચોટ હતી કે એનો કશો જવાબ મંત્રી પાસે

નહોતો.

અનોપે વધુમાં કહ્યું: "જેતલબા પણ પોતાની જૂની પ્રતિજ્ઞા વીસરીને બેઠાં લાગે છે. રાણાને પણ ખંભાતની કામધેનુ દૂઝતી થઈ એટલે હવે આરામ ને આમોદપ્રમોદ ભાવી ગયાં ભાસે છે. વામનસ્થલીવાળાં તો મોજથી ડણકી રહ્યા છે."

"તમને કોણે – કોઈએ કહ્યું છે?"

"કહે તો ખરાને – જેને પ્રજા મે'ણાંટોણાં મારતી હોય તે."

"કોણ, તેજલ કે? હં-હં-" એટલું કહીને વસ્તુપાલ ઊઠ્યો. કહેતો ગયો: "ભલે, તો હું સંઘ બંધ રખાવું છું."

અનુપમાએ પોતાને વખતસર એક મોટી મૂર્ખાઈમાંથી બચાવી લીધો છે એવી માન્યતા લઈને એણે સિદ્ધેશ્વર મહાદેવની વાટ લીધી. ત્યાં સોમેશ્વરદેવને મળવાનું હતું. રાણાને સુરાષ્ટ્રના પ્રશ્નની યાદ દેવરાવવાનું કામ સોમેશ્વર દ્વારા લીધા સિવાય છૂટકો નહોતો. કેમ કે એ તો જેતલબાના મહિયરને મારવા જેવો અતિ નાજુક પ્રશ્ન હતો.

મંત્રી મળવા આવ્યા ત્યારે સોમેશ્વર પાસે બે જણાં બેઠાં હતાં. સમય રાતના બીજા પ્રહરનો હોઈ અને બેઉની પીઠ વળેલી હોઈ મંત્રી આ બે જણાંને ઓળખી ન શક્યા.

"કાં, દેવ!" મંત્રીએ રમૂજ કરી, "શાનું કાવતરું ચાલે છે?"

"પધારો, લઘુભોજરાજ!" દાનેશ્વરી મંત્રીને માટે દેશપરદેશથી સ્તંભતીર્થ આવતા વિદ્વાનોએ આપેલું એ બિરુદ વાપરીને સોમેશ્વરે મિત્રને જરા શરમાવ્યો, "તમારા વિરુદ્ધનું કાવતરું સ્તો! આ બે પ્રજાજનો આવીને રડારોળ કરી રહ્યાં છે કે મંત્રીબાંધવોએ એમના રાજાને વૈભવની મૂર્છામાં ઢાળી દીધેલ છે."

સોમેશ્વરની પાસે બેઠેલાં આ બે જણાંમાં એક સ્ત્રી હતી. એના મુખ પર ઘૂમટો હતો. બીજો પુરુષ હતો, જે ઊઠીને મંત્રીને નમ્યો.

"ઓહો!" મત્રીએ ઓળખ્યા, "દેવરાજ પટ્ટકિલ! જુગ વીત્યે જણાયા કંઈ?"

"દૂરથી દેખીને હૈયું ઠારતો હતો, બાપુ!"

"આજ કંઈ હૈયું બળ્યું તે દેખાયા?"

"હોય એ તો, બાપુ! માવતરનો..." એ 'માવતરનો' શબ્દ બોલતે બોલતે એકાએક એણે થોથરાઈને કહ્યું: "વસ્તીનો જીવ છેને!"

"તમને વળી શું દુઃખ પડી ગયું ગામડે બેઠે બેઠે?"

"ના રે બાપુ, આ તો સુખ વધુ પડતું થઈ ગયું, એટલે સહેવાયું નહીં."

"વસ્તી પણ છેને કંઈ! ન ઊનું સહેવાય, ન ટાઢું સહેવાય. કહો, શું રાવ

લાવ્યા છો?"

"એમની રાવ તો એ કે રાણો ટાઢાહિમ થઈને કાં બેઠા?" સોમેશ્વરે કહ્યું, "રાણાએ કયો એવો દિગ્વિજય કરી નાખ્યો છે કે સુખની તળાઈમાં સૂએ છે?"

પેલી બાઈ ચૂપ બેઠી હતી; તેણે કહ્યું: "કોઈ ચારણે એનો – મારા વીરધવલનો તો એક દુહોયે હજુ કહ્યો જાણ્યો નથી."

સોમેશ્વરદેવે ટકોર કરી: "એટલે એમનું કહેવું એમ છે કે આપ મંત્રી જ બધી સ્તુતિઓ – બિરદાવલિઓના ધણી બની બેઠા છો."

"એ કોણ, મદનબા છેને?" વસ્તુપાલ મરક્યો.

પોતાનું નામ મંત્રીમુખેથી સાંભળતાં વાર જ એ સ્ત્રીનું ભરાવદાર કદાવર શરીર શેળાની જેમ સંકોડાઈ ગયું. એ નામની કોઈને ખબર નહોતી. મંત્રીને કોણે કહ્યું! આખો અભાગી ઇતિહાસ કોણે સંભળાવી દીધો!

"ગભરાઓ મા, માડી!" મંત્રીએ કહ્યું, "બીજા કોઈને ખબર નથી. બે રાણામાંથી કોઈએ મને પેટ દીધું નથી. તમે આંહીં કેટલીક વાર આવી ગયાં છો એ હું જાણું છું, પણ મારું અહોભાગ્ય નહોતું, કે મળી શકું, મા! તમે તો અમારા પણ માતૃસ્થાને છો. મૂંઝાશો નહીં. રાણાને હું નહીં સૂઈ જવા દઉં."

મદનરાજ્ઞીનું નામ એ શિવાલયમાં છતું થયું. વાતાવરણ ભારી બન્યું. તે પછી કશી બોલાચાલ ચાલી નહીં. દેવરાજ અને મદનરાજ્ઞી રજા માગીને બહાર અંધકારમાં ઓસરી ગયાં.

તે પછી મોડે સુધી જાગતા રહીને મંત્રીએ ને સોમેશ્વરે વાતો કરી. સવારે સોમેશ્વરદેવ સિદ્ધેશ્વરનું પૂજાજળ લઈને રાણીને આશીર્વાદ આપવા આવ્યા ત્યારે જેતલબાએ પૂછ્યું: "મંત્રી વસ્તુપાલ આવ્યા છે?"

"હા બા, મને કહેતા હતા કે પોતે શત્રુંજય રેવતગિરિની યાત્રાનો સંઘ તૈયાર કરે છે."

"મને મળવા હજુ આવેલ નથી."

"કહેતા હતા કે સંઘ કાઢવાનો વિચાર પાછો પડે છે."

"કારણ?"

"આપણા સંઘને તો સુરાષ્ટ્રના રાજાઓ તરફથી ઉપદ્રવનો ને અપમાનનો પૂરો ભય રહ્યો ખરોને! વામનસ્થલીનું વેર તો ખેડેલું જ ઊભું છે."

વામનસ્થલીનું નામ આવતાં જેતલદેવી વાચા હાર્યાં. એની આંખોમાં વિચાર અને લજ્જા ઘોળાયાં. એટલે સોમેશ્વરે તક સાધીને કહ્યું:

"બહાર તો એવી જ વાતો થાય છે કે રાણાજીને આપે જ નબળા પાડીને

બેસારી દીધા છે. હજુ રાણાને એકેય સંગ્રામમાં ઊતરવું નથી પડ્યું. જાણે કે રાણા ડરે છે. ધોળકાની પ્રજાને તમે પણ જાણે કે તે દિવસ ભોળવી લીધી હતી!"

"પૂછો તો ખરા તમારા રાણાને," જેતલદેવીની રાજપૂતી સતેજ બની, "કે મેં આટલા વખતમાં કેટલી વાર એને વણથલી માથે ચડવાની કાકલૂદી કરી છે!"

"પણ બા, લોકોને એ બધી ઓછી જ ખબર છે? એ તો હમેશાં રણવાસનો જ દોષ દેખે. એ ગમે તે હો, પણ મારી તો વિનતિ એટલી જ છે કે આ શ્રાવકોનો યાત્રાસંઘ સોરઠ જિતાયા પહેલાં નીકળવો ન જોઈએ. નહીં તો આબરૂના કાંકરા થશે."

"તમે રાણાને વાત તો કરો!"

"હું કરું એ કરતાં તમે જ કરો, બા! મારું હૈયું બળે છે એટલે કહેવા આવ્યો છું. પાછળથી કંઈક વિપરીત બને એટલે મોટા રાણા મને જ લેતા પડે છે તેથી વેળાસર કહી છૂટું છું. મને બ્રાહ્મણભાઈને વધુ કશી ખબર પડતી નથી એટલે જેવું સાંભળું છું તેવું જ કહી નાખું છું. તમારી પાસે થઈ શકે તે બધી જ વાતો રાણાજી પાસે થોડી થઈ શકે છે? તમારી આગળ તો બે વેણ વધુઘટુ બોલાય તો ક્ષમાને પાત્ર થઈ જાય. ને બીજી વાત તો એ છે કે એકલા મંત્રીઓ જ બધો બોજ ઉપાડે છે ને બધાં પરાક્રમો કરે છે તેવી માન્યતા સરવાળે તો રાજાને પૂતળું બનાવી દેનારી બનેને, બા!"

"એ ખરું છે." ભોળી સોરઠિયાણી વિચારમાં પડી.

"ને પછી, તમે છો સાચાં ક્ષત્રિયાણી. રાણાજીનો તેજોવધ તમને જ અકારો થઈ પડશે. બીજી બાજુ રાણાજી જો બેઠાડુ બની જાય તો જતે દહાડે એના પેટમાં પણ..."

"શું? શું કહેતા રહી ગયા?"

"કહેતાં જીભ કપાય. પણ રાજાઓ નવરા રહે એટલે નવી રાણીઓ લાવવાના મનસૂબા કરે."

જેતલદેવીને ખરેખરી ફાળ પડી: "તમે મને સાચું કહો, ચોખ્ખું કહો, એવું કાંઈ ચાલે છે?"

"ના! જૂઠું બોલું તો મહારુદ્રની દુહાઈ. આ તો મારી પાપભરી ચિંતા દર્શાવું છું."

"ઠીક, હવે તમે જાવ, ગુરુદેવ!" રાણી અધીરાં બન્યાં; "હું હવે નીંદરમાં નહીં રહું. સારું થયું કે તમે અંતર ઉઘાડીને વાત કરી, નહીં તો મને આંહીં ગઢમાં બેઠેલીને શી ખબર પડે કે બહાર શું થઈ રહ્યું છે!"

"હું રજા લઉં છું, બા. પણ મંત્રીને સંઘ તો બંધ રાખવા જ કહી દેજો. ફજેતો નથી કરાવવો."

"સંઘ બંધ શા સારુ રહે? છ મહિનામાં તો સુરાષ્ટ્રનાં તીર્થો આપણાં નહીં કરાવું? પાટણ ને ખંભાતમાં મારે રાણાનું નાક નથી કપાવવું. પહેલાં હું ને રાણા જશું. પાછળ ભલે સંઘ આવે. ચારણોની જીભે મારા રાણાના જશ ગવરાવું તો જ હું ખરી સોરઠિયાણી."

## 26

# વામનસ્થલીનાં વૈર

**બી**જા જ દિવસે તેજપાલને બોલાવી રાણા વીરધવલે વરધી આપી: "વામનસ્થલી ભાંગવા જવું છે. તમારે બેમાંથી એકેય ભાઈએ સાથે આવવાનું નથી. મને ફક્ત સેના આપો."

બોલવામાં એના મનની છૂપી ચીડ કળાઈ આવતી હતી.

"પણ ઉતાવળ શી છે?" તેજપાલે નમ્રતાથી પૂછ્યું. એને રાણા પ્રત્યે છૂપો બંધુભાવ હતો. રમાઈ રહેલી ખટપટની એને ખબર નહોતી.

"ઉતાવળ શી છે? તમે એ નહીં સમજો ભાઈ, તમારી વાણિયણોનું એ સુખ છે. અમારા લગ્નસંસારના ઘોંચપરોણા તમે નહીં સમજી શકો. લાંબી કાંઈ ચર્ચા નથી કરવી. સેના આપી દોને મને!"

તેજપાલે વધુ કશું બોલ્યા વગર મોટાભાઈને વાત કહી. તેજપાલને ખબર નહોતી કે રાણાના રુધિરને આ છૂપી આંચ લગાડનાર મોટાભાઈ જ છે. એને રાણા પ્રત્યે ઊંડી મમતા હતી. રાણા એકલાપંડે સોરઠધરામાં પ્રવેશ કરે એ વિચાર તેજપાલ સહી જ ન શક્યો. સીધો ને સરલ એ શૂરવીર, રાણાના આ અવિચારી સાહસનો કટ્ટર વિરોધ કરવા લાગ્યો.

વસ્તુપાલે કહ્યું: "જો ભાઈ, રાણા અને રાણકી બેઉને જતે દહાડે આપણી એકલાની સિદ્ધિઓ પ્રત્યે ઈર્ષ્યા ને વહેમ જન્મશે. માટે એક વાર એને જવા દે."

"ને મરવા દઉં, એમને?"

"ના, તારે એની રક્ષામાં જ રહેવાનું, પણ કોઈ ન જાણે તેવી ગુપ્તરીતે એને જીવ સાટે જાળવી લેવાના છે."

"પણ શત્રુઓથી ખદબદતી સારીય સોરઠધરાને વીંધી એ વામનસ્થલીનાં ઝાડવાં જોવા પહોંચશે ખરા કે?"

"નયે પહોંચે. એ વાત સાચી છે. માટે જ આપણાં ભેજાંનો ખપ છેને! હું એને આપણો વ્યૂહ સમજાવી લઉં છું."

એમ કહીને એ વીરધવલ પાસે પહોંચ્યો, કહ્યું: "હું કંઈક વિનતિ કરવા માગું

છું.''

''મારે તમારી કાંઈપણ સલાહ આ બાબતમાં તો લેવી જ નથી.''

''આનું નામ જ રાજપૂતીનું દેવાળું, હો બાપુ!'' વસ્તુપાલે વગર થડક્યે સંભળાવ્યું. એ હસતો હતો.

''ને આનું નામ મંત્રીપણાની મગરૂબી, ખરુંને?''

''આપને એમ લાગતું હોય તો મંત્રીપદ પાછું સોંપતાં મને કઈ વાર છે?''

''તો શું કહેવું છે? ઝટ કહી નાખ, ભાઈ! એટલે છૂટકો પતે.''

''કહેવું છે એટલું જ કે વામનસ્થલી પર ચડવાના કંઈ ઢોલ ન વગડાવાય; ઢોલ તો વામનસ્થલી જીત્યા પછીના જ શોભે.''

''તો મારે શું બાયડીનો વેશ પહેરીને વામનસ્થલી જવું?''

''હું તો એ પણ કરું. પરંતુ આપને કરવા નથી કહેતો. કેમ કે સ્ત્રીવેશમાં પણ આપ અછતા નહીં રહો.''

''એવો કદરૂપો છું એમ ને?''

''ના, એવા પૌરુષવંતા છો.''

''તો શું કરવું?''

''આપે વામનસ્થલી જુદે માર્ગે સૈન્ય લઈ જવું. ખંભાતથી જળમાર્ગે: ને સોરઠના કોઈક નાનકડા ખાળામાં જઈ કાંઠે ઊતરવું. ત્યાંથી રાતોરાત વામનસ્થલી.''

''હું દગો નહીં રમું. તમે બધા શિખામણો આપો છો પણ જેતલ એના પિયરનાં ઝાડવાં જોઈને વેવલી નહીં થઈ જાય એની મને કંઈ ખાતરી છે?''

''માટે જ કહું છું કે જેતલબાને સીધાં જમીનમાર્ગે વેલડામાં એકલાં મોકલો. એને આપણાં સાંધિવિગ્રહિક બનાવો. એને સાડીસાત વાર ખેવના હોય ને આપને કહેવા પાછાં આવે તો જ પછી ભાંગજોને વામનસ્થલી; બાકી આપ માનો કે ચોરેધાડે સેનાનાં ડંકાનિશાન ગડગડાવતા ને ધોળકાની ધજાઓ ફરકાવતા આપ વામનસ્થલીને સીમાડેય પહોંચી શકો, તો એમાં આપ ખત્તા ખાશો અને અમારાં મોત બગાડશો. વામનસ્થલી તો કોણીનો ગોળ છે. ને વામનસ્થલીના રણાંગણમાં જ સમગ્ર સોરઠધરાનો આપણો પ્રશ્ન નક્કી થઈ જવાનો છે એ ન ભૂલજો. આ કાંઈ જેતલબાનું અંગત વેર વાળવાનો કે વટ બતાવવાનો પ્રશ્ન નથી. આ તો રાજનીતિનો સવાલ છે.''

વીરધવલનું સરળ ને સાચકલું હૃદય, સમજી ગયા, પછી રીસ છોડીને મંત્રી-શિખામણ પ્રત્યે કૂણું પડ્યું. પણ એ રહસ્ય જેતલદેવીના હૃદયમાં ઉતારતાં લાંબો કાળ લાગ્યો. ઘણા મહિના જવા દેવા પડ્યા.

"એક જ શરતે હું તમે કહો તેમ કરવા તૈયાર છું." જેતલદેવીએ છેવટે એક દિવસ મંત્રીને જવાબ વાળ્યો, "કે તમારે બેઉએ આ ચડાઈમાંથી દૂર રહેવું, રાણાને એકલાને એનું પાણી બતાવવા દેવું."

"ને મારી શરત એ છે બા, કે તમારે સમજણથી પતે ત્યાં સુધી સંગ્રામમાં રાણાને ન ઓરવા. નહીંતર બેય વાતે તમારી આંખોમાં તો આંસુડાં જ રહેવાનાં."

થોડા દિવસે મંત્રીએ રાણાની પાસે વાત મૂકી કે, "ચંદ્રાવતીથી તેજપાલના સસરાનો જરૂરી ખેપિયો આવેલ છે. એટલે ત્યાં એને કૌટુંબિક કામે જવું પડે તેમ છે; ને એ તરફનાં બીજાં રાજકામો પણ કરવાનાં ઊભાં છે. સિંધનો હમ્મીર (પાદશાહી સૂબો) ગુજરાત પર શા શા મનસૂબા ગોઠવી રહેલ છે ને તેની સામે ચંદ્રાવતી આપણને કેવીક મદદ આપી શકે તેમ છે, તે બધી જાતતપાસ ગુપ્તવેશે તેજપાલ ભલે કરી આવતો. હું ધોળકું ને ખંભાત બંનેનું ધ્યાન રાખીશ. ધાર પરમારનું પાણી એક વાર પરખી લેવું રહે છે."

રાણાએ રાજી થઈને હા કહી, એટલે તેજપાલ પોતાના પચીસેક વિશ્વાસુ સુભટોને અને હેરકોને લઈ નીકળી પડ્યો. પણ એ વીરમગામ સુધી જઈને રાતોરાત આડો ફંટાયો, સોરઠ પર ચાલ્યો. રાતોરાત પચીસેય જણાના વેશ, પોશાક અને ચહેરામોરામાં ફેરફાર થઈ ગયો અને બેબે-ચચ્ચાર જુદા પડી ગયા. કોઈ ટુકડી બાવાવેશે ભીખ માગતી, તો કોઈ બ્રાહ્મણવેશે દોરાધાગા કરતી, કોઈ દવાની યાકૂતીઓ વેચતી તો કોઈ આયુર્વેદની ઢબે વૈદું કરતી, ટીપણાં જોતી, એમ વહેંચાઈ જઈને મજલ કરતી કરતી વામનસ્થલી પહોંચી ગઈ હતી. તેજપાલે પોતે એક વૈદ્યની ટુકડીમાં ખરલ ઘસનારાની ભૂમિકા લીધી.

મહિનાઓ પછીના એક દિવસે વામનસ્થલીને રાજગઢ-દ્વારે આવીને એક વેલડું બરાબર સંધ્યાકાળે ઊભું રહે છે. ભેળો કોઈ વોળાવિયો નથી. દરબારમાં મશાલટાણું છે. ચામુંડરાજ અને સાંગણ બેઉ રાજવી બંધુઓના જયકાર ગાતાં નગારાં રાજગઢના કોઠા પર ગડગડી રહ્યાં છે. ચોપદારો લલકારે છે. મશાલટાણાના દરબારમાં શાગિર્દો, ભાયાતો, જિવાઈદારો ને સૈનિકોની ઠઠ જામી છે. એ સર્વની સામે વેલડીમાંથી ઊતરેલી સ્ત્રી આવીને ઊભી રહે છે ત્યારે સોરઠી રાજવળાના શિષ્ટાચાર પર વજ્રપાત જેવો આઘાત પડે છે: મશાલકચેરીમાં એક સ્ત્રી! રજપૂતાણી! ખુલ્લે મોંએ! આંગળીએ વળગેલો પાંચેક વર્ષનો એક બાળક! ને બાઈના ગળામાં ને કાંડામાં, પગમાં ને લલાટ ઉપર એકેય અલંકાર નહીં; હેમની કટકી પણ નહીં!

થાકેલું, કરમાયેલું, બળેલું ઝળેલું એ મોં ઓળખાતાં વાર લાગી. મશાલનો ભડકો એના મોં પર પડ્યો ત્યારે પિછાન પડી: "કોણ આ? જેતલ? તું આંઈ?

એકલી?" મોટાભાઈ ચામુંડરાજ ચમકીને બોલ્યા. દાયરામાં બેઠેલ પ્રત્યેક મોં આભું બન્યું. જેતલના ચહેરાના રંગો મશાલની જ્યોતમાં પલટપલટ થતા હતા.

જેતલદેવીએ જવાબ ન વાળ્યો. રાજ ચામુંડે મશાલ-સભા ઉતાવળે ઉતાવળે વિસર્જન કરી, બહેનને અંદર મોકલી. વાળુપાણી પતાવ્યાં, જેતલદેવીએ ન ખાધું, એ કહે કે મારે નિર્જળો ઉપવાસ છે.

રાત્રિએ જેતલદેવીના આવા બેહાલ આગમન વિશે ગામ વાતોએ ચડી ગયું. તરેહ તરેહનાં અનુમાનો ચાલ્યાં. રાણે કાઢી મેલ્યાં લાગે છે: મોટો ગૃહકલહ થયો લાગે છે: રિસામણે આવ્યાં જણાય છે: આવા તર્કોએ ચડી ગયેલ ગામમાં કોઈને રાણાની ચડાઈની કલ્પના પણ આવી નહીં.

જેતલદેવીને ભાઈઓ પૂછવા લાગ્યા: "છે શું?"

અગાઉથી કરેલા સંકેત મુજબ બહેને "હમણાં જ વાત કરું છું, ભાઈ!" એમ કહીને કાળ જવા દીધો, ને પછી ગઢની મેડીએ ચડી ચુપકીદીથી એણે જોઈ લીધું કે માણેકવાડાને માર્ગે મશાલો બળી રહી છે. રાતનો એ બીજો પ્રહર હતો. પછી એણે ભાઈઓને પોતાની પાસે બેસાર્યા.

"તારી આ શી દશા થઈ? કોણે કરી?" ચામુંડરાજે પૂછ્યું.

"લૂંટાણી છું." જેતલદેવીના હોઠ માંડ શબ્દ સેરવી શક્યા.

"કોણે લૂંટી?"

"માના જણ્યાએ." જેતલદેવીનાં નેત્રોએ સાંગણને શોધ્યો.

"ગાંડી! શાંત થા." ચામુંડરાજે એને કહ્યું, "ચોખ્ખું કહે."

"કહેવા જ આવી છું. એક જ વાત કહેવા," ને એના હોઠની પાંદડીઓ આવેગના પવનમાં ધ્રૂજી ઊઠી: "કે વીરા! આ મશાલ કોની કરો છો? આ ચોઘડિયાં ને નગારાં શેનાં? આ નેકી કોની પોકરાવો છો? પાટણનો ગુર્જરપતિ ઊઠીને મને તમારી પાસે પાલવ પાથરવા મોકલે છે."

"આ તે તું શું લવે છે, જેતલ? તને કાઢી મૂકી છે કે શું? તું કેમ આટલી બધી ધગેલી છો?"

"સાચી વાત, વીરા!" જેતલે ગમ ખાધી. "મારે ધગવું ન જોવે. ધગું છું, કેમ કે સોરઠધરાની ધૂળમાંથી નીપજી છું. લ્યો હું ટાઢી પડી. હવે કહું છું, લ્યો આ હાથ જોડીને કહું છું, આ માથું નમાવીને કહું છું – કે વિસામા મારા! બે'નના ઓઢણા સામે જુઓ. આ ઉફાંદ છોડો, ધણીના ચાકર છો ને ધણી ન બનો; નાતાદાર છો ને ચોર ન બનો; સાથી છો ને શત્રુ ન બનો. રાણો તમને વિનવણાં મોકલે છે."

"તેં પણ, જેતલ!" ચામુંડરાજે હસીને કહ્યું, "લેવાદેવા વગરનો ભારી દાખડો

કર્યો! તુંને કાઢી મેલી લાગે છે. રાણો બળૂકો તો ખરો! તુંને અમારી બોન સમજીને આ હવાલે આંહીં અમારાં દિલ પિગળાવવા કાઢી! તારી મારફત અમને દબાવવા છે, આ લાબરકાબર વેશે?"

"જો, જેતલ!" અત્યાર સુધી ચૂપ રહેલો સાંગણ આવીને બોલવા લાગ્યો.

"તારું તો મારે મોં જ નથી જોવું." જેતલદેવી બીજી બાજુ ફરી ગઈ.

"તો તું તારે મોં જોયા વગર જ સાંભળી લે... હે... હે... હે." સાંગણ હસ્યો, "તારા અંતરની વાત હું કહી આપું? હેં? હે-હે-હે! તારા કોઠામાં જાણે કે ભે પેસી ગઈ છે, કે રાણાના ને અમારા ધિંગાણામાં તારે કેદીક છેને ચૂડા વગરની થાવું પડશે – હેં? હે-હે-હે-હે! પણ તું ફકર શીદ રાખછ? હેં? હે-હે-હે-હે! તુંને કાંઈ અમે ચૂડા વગરની નહીં રાખીએ. ગુજરાતમાં તને દીધી ઈ ભૂલને ટાળી દેશું. નવસોરઠમાં અમારા નાતાદાર થાય એવા રાજકળીના ધણી ક્યાં થોડા છે? આપણે તો હાલે, હો જેતલ! ફરી ચૂડો પે'રાય. આપણે તો સોરઠના. એયને તું તારે બેધડક રે'જે. તારો ચૂડો..."

"મારો ચૂડો તો તારે માથે પછાડું!" જેતલદેવીએ સોરઠી હાંસીની હદ થઈ ગઈ દીઠી, એટલે એણે ઊઠી જઈને સંભળાવ્યું: "મારા ચૂડાની ચિંતા કરનારાઓ! હું તો આવી હતી, મારા મહિયરની દશ્યનાં દુવાર ન દેવાઈ જાય તેટલા માટે. પણ હવે તો મારો ચૂડો ભલે તમારાં શોણિતે રંગાતો. લ્યો ભાઈ! જુવાર છે તમને."

"ક્યાં – પાછી ધોળકે જઈશ? સેનાને તેડી લાવવા?" સાંગણે મશ્કરી કરી. ચામુંડરાજે જરા સ્નેહભીના સ્વરે કહ્યું: "ઘેલી રે ઘેલી! ખાતી પીતી તો જા! આમ કોળી-વાઘરીની જેમ એકલી હાલી નીકળાય છે કાંઈ?"

"મારે ઝાઝે પંથે ક્યાં જાવું છે ભાઈ! આંહીં પાદરમાં જ..."

"હં-અં, બેન! કૂવા તો ઘણા છે." સાંગણે ટોણો લગાવ્યો.

ને જેતલદેવીએ પાછાં વેલડામાં ચડી બેસી વેલડું હંકાવ્યું, ત્યારે ચામુંડરાજે માણસોને કહ્યું: "એની વાંસે જાઓ, એ ઘેલીને મજેવડીમાં રોકાવજો. એ નાનપણથી જ તજ જેવી તીખી છે, ક્યાંક આત્મહત્યા કરી બેસશે. ઓલે રાણે એને ખૂબ હનરડીને મોકલી લાગે છે."

વેલડું બહાર કાઢવા માટે ગિરનાર-દરવાજો ઊઘડ્યો, તે ભેળાં જ કોઈ મહાપૂર ધસે તેમ બહારથી કોઈ અજાણ્યા સૈન્યનો અંદર ધસારો થયો. આંખ મીંચાઈને ઊઘડે એટલી વારમાં તો ગિરનાર-દરવાજાનો ગુપ્ત કબજો કરીને સૈનિકો બેસી ગયા. બધે જ દરવાજે સૈનિકો બેસી ગયા. બધે જ દરવાજે સૈન્ય ઘેરી વળ્યું હતું. ગિરનાર-દરવાજાની બહાર ઉપરવટ ઘોડાના અશ્વારોહી રાણાએ જેતલદેવીની સન્મુખ આવીને

પૂછ્યું: ''શો સંદેશો છે?''

''પધારો, ગુર્જરનાથ! પધારો, અણગાંજ્યાના ગંજણ! પધારો, અભંગના ભંજણહાર! મારા મહિયરને રોળી નાખતાં અરેરાટી ન થવા દેતા. ને મારા ચૂડલાની પણ દયા ન રાખતા. મારા માના જણ્યાઓએ મને ધરપત દઈ રાખી છે: મારા ચૂડાને એ ખાંગો થવા નહીં દિયે. મને તો મારા વીરા બીજે ઘરઘાવવાના છે!''

''એટલી બધી વાત બની ગઈ?''

''હા, રાણાજી! હવે મારાં આંસુને યાદ ન કરતા, જય ગુજરાત, બોલો જોદ્ધાઓ, જય ગુજરાત!''

''જય ગુજરાત! જય ગુજરાત! જય ગુજરાત!'' એવી સમૂહઘોષણા જ્યારે સેનાને એક છેડેથી બીજા છેડા સુધી ગગડતી ગઈ, વામનસ્થલીના દરવાજે દરવાજે અફળાતી ચાલી, ત્યારે ચામુંડરાજ અને સાંગણના કાનનાં તમરાં ઊડ્યાં ને શું બની રહ્યું છે તેનું પૂરું ભાન આવે તે પૂર્વે તો રાણાના અશ્વ ઉપરવટે રાજગઢની દીવાલે મોયલા બે પગના ડાબલા માંડી પણ દીધા હતા. રાત અંધારી હતી. રાણાના લશ્કરને અંધકારની યારી હતી. બહારગામો સાથે વામનસ્થલીનો વહેવાર કપાઈ ચૂક્યો હતો.

રાજગઢ સામેના ચોગાનમાં રાણા ઉપરવટની પીઠ પર ગજગજ પહોળી છાતી ફુલાવીને પલાણ્યા હતા. રાણી એની આગળ ઊભાં હતાં. રાણાએ બિડાયેલા રાજગઢની માઢ મેડી સામે ત્રાડ દીધી: ''ચામુંડરાજ! હજુય વખત આપું છું. વિચારી જો. તું મારો સ્વજન કહેવા.''

એના જવાબમાં રાજગઢની મેડી પરનો એક ઊંચો ઝરૂખો ઊઘડે છે. મશાલ ઝળહળે છે. ને બે પુરુષોની વચ્ચે એક નાના બાળક જેવું કોઈક દેખાય છે. દેખાવ હજુ જરા અસ્પષ્ટ છે. પણ જેતલદેવી ઝબકી ઊઠે છે.

ઉત્તાપમાં ને ઉત્તાપમાં જેતલદેવીએ જ્યારે વેલડું પાછું હંકાવ્યું ત્યારે એને ખબર નહોતી રહી કે પોતે શું લઈને ભાઈને ઘેર આવી હતી ને શું ભૂલીને પાછી વળતી હતી. કાંઈક ભૂલી છું, કાંઈક ભૂલી છું, એવા ભણકારા વાગતા હતા. પણ ભાઈઓના માણસો સાથેની રકાઝકમાં, ભાભીઓની તાણાખેંચમાં અને ગામબહાર જઈ પહોંચવાની ઉત્સુકતામાં એ ભાગી નીકળી હતી. ને તે પછી તો રાણાને ઉત્તેજવામાં જ એ બેધ્યાન બની હતી. એકાએક એણે પોતાના જમણા હાથની આંગળી જોઈ. પોતાની બાજુ તપાસી, બધું જ ખાલી હતું. આંગળીએ કોઈ વળગ્યું નહોતું.

''મારો વીરમ ક્યાં? વીરમદેવને કોણે વે'લમાંથી ઉતાર્યો હતો?'' જેતલદેવી એવા પોકાર પાડીને રાણાને પૂછવા લાગી.

"વીરમદેવની વાત કરો છો?" રાણાએ પૂછ્યું, "વીરમદેવ તો તમારા વેલડામાં હતો જ નહીં, દેવી!"

"અરે વીરમ તો મારી આંગળીએ જ હતોને!" જેતલદેવીને એ ભ્રમણા રહી ગયેલી. બાળક વીરમદેવ જાણે પહેલેથી છેલ્લે સુધી પોતાની આંગળીએ જ વળગેલો હતો.

"ગોતો રે ગોતો! મારો વીરમદેવ મારો છેડો ઝાલીને જ ઊભો હતો." રાણી રાડો પાડવા લાગી. પરંતુ વીરમદેવ ત્યાં નહોતો. વીરધવલને ધાસ્તી પડી ગઈ કે વીરમદેવનો કબજો એના મોસાળે કરી લીધો હતો.

"રાણકી!" રાણાને પોતાની ચડાઈ ધૂળ મળતી લાગી, "વીરમદેવને શોધો નહીં. વીરમને મેળવવો હશે તો સંગ્રામ બંધ રાખી મોંમાં તરણું લેવું પડશે."

"હેં!!" રાણીનો સાદ ફાટી ગયો, "વીરમનેય ચોર્યો! મારો વીરમદેવ, મારો પનોતો એકનો એક કુમાર મહિયરમાં પુરાણો! માડી રે!" માતાનું હૃદય પામરમાં પામર બની ગયું.

"રાણકી!" વીરધવલે નામોશી અને પરાજયથી ભરેલા એક પલ્લાની સામે બીજા પલ્લામાં વીરમનું શબ કલ્પી લીધું, "હવે પાછા વળીએ, નહીંતર વીરમ જીવતો પાછો નહીં મળે."

"મારો વીરમ જીવતો પાછો નહીં મળે? મારા માડીજાયા શું એના ભાણેજને મારી નાખશે?"

"હા, હા, ફેર પડશે નહીં. જુઓ જુઓ, રાણકી!" વીરધવલે ગઢની મેડીને ખુલ્લે ગોખે સાંગણને દીઠો. મશાલનું અજવાળું દીઠું. અજવાળે વીરમદેવનું પાંચ વર્ષનું રૂપાળું સ્વરૂપ દીઠું. સાંગણ એ પાંચ વર્ષના ફૂલને ગરદનથી પંજામાં ઝાલીને ઊંચો કરી રહ્યો છે. "જુઓ, રાણકી! સાંગણ વિકરાળ હાસ્ય કરતો કરતો, ચિત્કાર કરતો કરતો, આપણા વહાલા વીરમદેવને ઊંચો ઉપાડે છે – એના પંજાની પકડમાં. એ શું સૂચવે છે? મર્દોના હાકોટા પડકારા અને આ યુદ્ધના ઘમસાણની વચ્ચે એ ત્રાડ નાખે છે, કે બહાર નીકળો, શરણે નમો, નીકર આટલી જ વાર છે. એમ કહેતો એ બીજા પંજાની મુઠ્ઠી વાળીને બતાવે છે કે આમ દબાવીને ચેપી નાખીશ – અને જુઓ, આપણો વીરમ એના પંજામાં કેવા પછાડા મારે છે, આપણને ચીસો પાડી પાડી બોલાવે છે, આપણી સામે હાથ લંબાવી લંબાવી પોકારે છે: ઓ બાપુ! ઓ માડી! ઓ તમે ત્યાં કેમ ઊભાં છો? ઓ મારે આવવું છે. મને તેડી લો!"

સેના આખી એ ગોખની સામે થંભી રહી હતી. રાણો-રાણકી સામસામું જોતાં હતાં. વીરમદેવની ચીસો અને આવલાં જોયાં ન જાય તેવાં હતાં. સાંગણ-ચામુંડ

બન્ને પોતાના સગા ભાણેજને મુરઘાની જેમ ટીંગાડી રહ્યા હતા. નિર્દયતાના તેઓ સાક્ષાત્ અવતાર હતા. હજારો પ્રજાજનોનાં શિશુઓનો સંહાર કરવા ટેવાયેલા એ બે ભાઈઓને વીરમદેવનું નમાયું-નબાપુ સ્વરૂપ જરીકે પિગળાવે એ અશક્ય હતું. ઘડીઓ ગણાતી હતી, જરાક ચેષ્ટાની જ વાર હતી. ગઢ ઉપર હલ્લો કરવાનો હુકમ છૂટે તે પળે જ વીરમનું મોત માંડ્યું હતું. આખી જ બાજી સાંગણ-ચામુંડનાં પાંચ આંગળાંની પકડમાં હતી.

"મા! ઓ મા! ઓ માડી!" એ વીરમનાં વેણ કેમ જાણે સંભળાતાં હોય: રાણીએ પોતાના કાન બહેરા કર્યા. એણે નેત્રો મીંચી દીધાં, ને પોતાની પડખે ઘોડેસવાર બનેલા રાણાને કહ્યું: "હવે વાટ કોની જોઈ રિયા છો? ઘોળ્યો કરો વીરમને, ગુજરાતના નામ પરથી ઓળઘોળ છે મારો વીરમદેવ! કરો હલ્લો. જય ગુજરાત!"

એટલું બોલીને એ રાજગઢની રાંગ(દીવાલ)ની ઓથ લઈ, પોતાના પડતા દેહને ટકાવતી ટટ્ટાર ઊભી રહી. એનું મોં ગુર્જર સૈન્યની સન્મુખ થયું. એણે પતિની ચિતા પર ચડવા જતી અંબારૂપિણી કો સતી જોગમાયાની જેમ હાથની તાળીઓ પાડતે પાડતે ઉપરાઉપરી જયધ્વનિ કર્યા: "જય ગુજરાત! આગળ વધો. જય ગુજરાત! તૂટી પડો, મારા પિયરને પાડી પાદર કરો! ઘોળ્યો વીરમ! જય ગુજરાત!"

એને ત્યાં જ ઊભી રહેવા દઈ અને એના હાથમાં પોતાની પાઘ ફગાવી દઈ 'જય ગુજરાત' એ પત્ની-બોલ ઝીલતો તેમ જ સેનાને ઝિલાવતો રાણો વીરધવલ રાજગઢ પર ધસ્યો.

ને ધસારો કરવાની ઘડીએ જ એણે પેલા ગોખની મશાલ ઓલવાતી ભાળી. વીરુની ચીસ અંધકારમાં એ ગોખની અંદર થઈને દૂર ચાલી ક્યાંઈક ઊંડાણમાં ઊતરી જતી સાંભળી. તે પછી એ બધું જ ભાન ભૂલ્યો: ઊભેલી પત્નીનું, મૂઆ માનેલા પુત્રનું, સગાં ને વહાલાંનું, પિતા ને મંત્રીઓનું, ધોળકા ને પાટણનું, સોરઠ ને ગુજરાતનું: ભાન ફક્ત એક જ એનાથી સચવાયું – પોતાની માણસાઈનું: અને એ માણસાઈ જ જેને પાવન કરી શકે છે તેવા મૃત્યુનું.

એક નાનકડી માનવજિંદગાનીને સાફલ્યથી છલકાવી દેવા માટે શું એટલું જ ભાન બસ નહોતું!

27

# ધણીનો દુહો

રાતભર વીરધવલે રમખાણ ચલાવ્યું. બેઉ સાળાઓને શોધ્યા. પો ફાટી ત્યારે બેઉ પૂરા બખ્તરે ને ઘોડેસવારીએ રાજગઢમાંથી બહાર પડ્યા. બેઉને એકલા વીરધવલે પટકી પરલોકનો માર્ગ દેખાડ્યો. જ્યાં પોતે એક દિવસ લીલે તોરણે પરણવા આવેલો તે જ દરવાજાના ઉંબરમાં એને પત્નીના બાંધવોને મારવા પડ્યા. એનું મન વલોવાઈ ગયું.

"વીરમદેવને ક્યાં છુપાવ્યો? કે મારી નાખ્યો?" એણે મરતા સાંગણને મોંએ પાણી દેતાં દેતાં પૂછ્યું.

ન બોલી શકનાર સાંગણે 'ખબર નથી' એવા અર્થની હસ્તચેષ્ટા કરી.

"વીરમ! વીરમદેવ! બાપ લાડીલા વીરમ! ક્યાં છો તું?" એવા સાદ પાડતો રાણો રાજગઢના ખંડેખંડમાં ફરી વળ્યો. વીરમનું શબ કે હાજપિંજર કશું હાથ ન આવ્યું. વીરમદેવ તો ફૂલકળી જેવડો, આ દાવાનલમાં કોણ જાણે ક્યાંય ભૂંજાઈ ગયો હશે, એવી હતાશાનાં તાળાં હૈયા પર જડી દઈને એણે જેતલદેવીને શોધી. રાણીને એ રણાંગણના પ્રારંભકાળમાં કોઈ બે અણજાણ્યા માણસો મૂર્છાવશ હાલતમાં જ ઉપાડી ગયા હતા. સૈન્યને ખબર નહોતી કે એ બે માણસો કોણ હતા ને ક્યાં લઈ ગયા.

વામનસ્થલીનો વિજેતા રાણો વીરધવલ જીતેલા રાજ પર પાકો બંદોબસ્ત મૂકી કરીને ત્રીજે દિવસે વિજયનો દરબાર ભરી બેઠો. વાજા, ચુડાસમા અને વાળા રાજવીઓએ હાજર થઈને હથિયાર છોડ્યાં. અને સાળાઓએ મહારાજ્ય-દ્રોહ કરી કરીને સંઘરેલી સંપત્તિની ટીપ રજૂ થઈ.

કોટિસંખ્ય કનકના સિક્કા, ચૌદસો દેવાંગી ઘોડા, પાંચ હજાર તેજી તુરંગો: ગુર્જરા મહારાજને છેતરીને કંઈ વર્ષોથી ઘરમાં ભરેલી લૂંટ.

રાણાએ પોતાના નામના જયકાર સાંભળ્યા. સંભળાવો જયજયકાર! મારા કાનમાં એ કશી અસર કરી શકશે નહીં. હું પુત્રને ને પત્નીને હારી બેઠેલો કયા સ્વાદે વિજયઘોષ માણું? પણ હું રાજવી છું, ક્ષત્રિય છું, કલેજે ભોગળો ભીડીનેય

મારે વિજયઘોષ ગર્જવા દેવાના જ છે. ડંકા-નિશાન ન બજવા દઉં તો ગુજરાતના વર્ચસ્વને કોણ ગણકારે તેમ છે? આટલો સંહાર ન કર્યો હોત તો સોરઠધરાને ક્યાં ગુર્જર મહારાજ્યની ગરજ પડી હતી? પત્ની ગઈ, પુત્ર ગયો, પણ રાજાને મોઢે નિસ્તેજ રેખા અને આંસુના દોરિયા ખેંચાય તો લાજઆબરૂ જાય! બજાવો ડંકા-નિશાન; ધણેણો ઢોલનગારાં: શરણાઈઓના સેંસાટ અવિરત ઊઠ્યા કરો! રાજાને રોવાની એકાંત પણ ન રહેવા દેજો!

કિશોરવયનો ખેડુ-પાલક સાંભર્યો, ધીંગાં ધાન ખાંડીને ખવરાવતી મા મદનરાજ્ઞી સાંભરી. વહાલા બે ઢાંઢા અને ધરણીનાં ઢેફાં યાદ આવ્યાં. કૂવાના હિમાળા ગોખલાઓમાં ઘૂઘવતાં પારેવાંએ પંદર વર્ષે મેહતા ગામની વાડીએથી જાણે એને બોલાવ્યો: 'મિત્ર! ઓ. મિત્ર! પાછો આવને!' અરે, ચોમાસુ જુવાર-બાજરાના ઊગમતા છોડવાની ચોમેરથી કૂણાં નીલાં નીંદણાં નીંદતી ગામની ગોઠ્યણોએ ગાયેલાં ગીત એક પછી એક, વેણેવેણ યાદ આવ્યાં. બીક લાગી કે હમણાં ક્યાંક આ હેકડાઠઠ વિજય-દરબારની વચ્ચે મારું ગળું પણ એ ગાણાં ગાવા લાગી જશે. ગળું રૂંધો, રાજવી! ગળું ને કલેજું, સ્મૃતિ અને લાગણી, સર્વને રૂંધી રાખો; કેમ કે આજ તારો વિજય છે, ગુજરાતનો વિજય છે. જુઓ રે જુઓ, આ બધા પાગલો જેવા બસ ઉપરાઉપરી ઉદ્‌ઘોષી જ રહ્યા છે કે 'જય ગુજરાત! જય ગુજરાત! જય ગુજરાત!'

"રાણાજી!" સેનાપતિ સોમવર્માએ આવી એને ઢંઢોળ્યો: "રાણીબા આવ્યાં છે, વીરમદેવજીને તેડી તેજપાલ મંત્રી આવ્યા છે."

"વીરમ! ક્યાંથી? જીવતાં કે મૂવેલાં? પ્રેતો તો નથી પધાર્યાં કે ભાઈ! બરાબર જોજે." એણે ધીમે સ્વરે કહ્યું.

પછી એ ધીમે ધીમે દિવાસ્વપ્નમાંથી બહાર નીકળ્યો ને એણે સ્વજનોને જોયાં. 'જય ગુજરાત!'ના ધ્વનિ શું આ ત્રણેય જણાંના સ્વાગતમાં ઊઠતા હતા?

એ હસ્યો નહીં. ઘેલો બનીને ભેટ્યો નહીં. રાજા હતો: એને ગૌરવ સાચવવાનું હતું. એનાથી સ્વજનમેળાપનો નિર્બલ આનંદ ન દર્શાવાય.

"તમે આંહીં ક્યાંથી, મંત્રી?" તેજપાલ જ્યારે એની બાજુએ આવીને નખશિખ યોદ્ધાના પરિધાનમાં શોભતો બેઠો ત્યારે રાણાએ તેજપાલને ધીરે સાદે પૂછ્યું.

"ત્રણ મહિનાથી આંહીં છું."

"આંહીં એટલે ક્યાં?"

"આ રાજગઢમાં જ."

"કેવી રીતે?"

"રાણીઓના વૈદના વંઠક રૂપે."

"ત્યારે તો વીરમદેવને તમે બચાવી લીધો."

"શંભુએ."

"તને ભેટીને ભીંસી નાખું તેવું થાય છે. એક વાર આ દરબાર પૂરો થવા દે, પછી તારી વાત છે. મારા વિજયમાં ભાગ પડાવનાર ઈર્ષ્યાળુ!"

"હા, હમણાં ચૂપ જ બેઠા રહેજો. નહીંતર સોરઠિયા લૂંટારા ગુજરાતના ધણીની વેવલાઈ પારખી લેશે તો પાછા નીકળવા નહીં આપે."

"લે, હું વેશ પૂરો ભજવું." એમ કહી એ દરબારની મેદની તરફ ફર્યો ને બોલ્યો, "એક મહિનો અમારો પડાવ આંહીં છે. ગુજરાતના દ્રોહીઓને પકડી પકડી કાંધ મારવા છે. ઘાતકોને તૈયાર રાખો. ચુડાસમા, વાજા કે વાળા, કોઈ કરતાં કોઈને જતા ન કરજો."

"આંહીં કોઈ ચારણ હાજર છે કે નહીં?" જેતલદેવીએ કચેરીમાં ચોમેર ડોળા ઘુમાવ્યા. એની ઉત્તેજના હજુ ઊતરી નહોતી.

દુંદુભિ વાગતાં હતાં, નેકી પોકારાતી હતી, બ્રાહ્મણો સ્તુતિપાઠ ભણતા હતા, વણિકો વખાણ કરતા હતા, પણ જેતલદેવીને જરૂર હતી ચારણની જીભના ચાર બોલની: "કોઈ દેવીપુત્ર જીવતો છે કે નહીં સોરઠમાં?" એણે ફરી ફરી ડોળા ઘુમાવ્યા.

"ઘણાય હતા, મા!" માણસોએ ખબર દીધા, "પણ નાસી ગયા રાત લઈને. વર્ષો સુધી લૂંટારાઓનાં ગુણગાન ગાનારા રફૂચક થઈ ગયા."

"છે-છે-છે-એક," એમ એક માણસે ખબર દીધા, "એ બુઢ્ઢો ન ભાગી શક્યો, એ પડ્યો દોઢીમાં. પડ્યો પડ્યો કશુંક લવે છે."

"બોલાવો એને."

જર્જરિત એક હાડકાનું માળખું કચેરીમાં પ્રવેશ કરે છે. એને દોઢીમાંથી ઉપાડવો પડ્યો છે. એને દરબાર સુધી પગ ઘસડાવીને લાવવો પડ્યો છે. એને આજ પ્રભાતનો કસુંબો મળ્યો નથી. પાઘડીના આંટા એના ગળામાં પડ્યા છે.

એ ચારણે કચેરી દીઠી, ને એ ટટ્ટાર થયો. એના હોઠ પર કશાક શબ્દો ફફડતા હતા.

"ગઢવા!" જેતલદેવીએ ઓળખ્યો. ગઢમાં રહેતો હતો પચાસેક વર્ષથી: જેતલ એના ખોળામાં ખેલી હતી. બુઢ્ઢાને એણે પૂછ્યું: "ગઢવા! કવિરાજ! બિરદાઈની કવિતાનું ક્યાં કમોત થયું?"

"રાણકી!" બુઢ્ઢા ચારણે સહેજ આંખો ઉઘાડીને જેતલદેવીને પોતાની સફેદ ભમ્મરો નીચેથી નિહાળીને કહ્યું, "આજ સુધી જૂઠા જશ ગાયા. આજ રાતે મેં

નજરોનજર જોયું, પ્રભાતથી વેણ ગોતું છું. બોલું?"

"બોલો."

"લે ત્યારે –

*જીતઉ છઈ જણે ઈ*
*સાંભલિ સમહરૂ બાજિયઉ*

"જીત મેળવી છ જણાએ – ફક્ત છ જણાએ, મારા બાપ! એકલોહિયા અને એક હેડીના છ જ જણાએ. એ છ જણે જીત્યું સમરાંગણ."

એમ બોલીને ચારણ ચૂપ રહ્યો. એને ઝોકું આવ્યું.

"કોણ કોણ છ જણા?"

"એ છયેનાં નામ બીજાં બે ચરણોમાં આવશે, બાપ!"

"ભણો ત્યારે."

"આજ નહીં ભણાય, મારી ભાણીબા. હજી તો બીજાં ચરણો તૈયાર જ નથીના?" ચારણે ઝોકાં ખાતે ખાતે કહ્યું.

"ક્યારેક તૈયાર થશે?"

"કાલ સવારે."

"કાલ સવારે એ બે ચરણો લઈને જ આવજો, ગઢવા!"

ચારણને પાછો દોઢી પર મૂક્યો. પણ તે પછીના આઠ પ્રહર સુધીમાં એ ચારણની પાસે ટંકશાળ પડી. ગુર્જરા શૂરવીરોની આકાંક્ષા હતી, કોઈક બિરદાઈની જીભે પોતાનાં નામો ચડાવવાની. છૂપા છૂપા કંઈક ભટો ને સામંતો ગઢવાની પાસે પહોંચી આવ્યા; માગણી સૌની એક જ હતી: "કવીશ્વર! કવિરાજા! એ છ વિજેતાઓમાં મારું નામ ગોઠવશો?"

"હા બાપ! તું જ રૂડા મોઢાનો! મેં તુંને નજરોનજર જોયો હતોને! તારું નામ ન મૂકું તે દી તો પ્રથવી રસાતાળ જાયને, મારા બાપ! ખમા તુંને. ભામણાં (વારણા) લઉં તારાં!"

"ત્યારે લ્યો કવિરાજ, આ ગરીબની ભેટ." એમ કહીને એક વીર દાન દઈ ગયો. બીજો આવ્યો. બીજાને પણ એ જ જવાબ; બીજા પાસેથી પણ દાન: એવા અનેક આવ્યા, પોતાના નામને એક જ દુહામાં બેસડાવવાની કાકલૂદી કરી ગયા. ખાતરી લઈ ગયા, દાન દઈ ગયા.

તેજપાલનું લક્ષ્ય આ રોનકમાં નહોતું. રાણા સાથે બીજી બધી વાતો કરતાં પહેલાં જેતલદેવી વિશેની ચિંતા એને ચોંટી હતી. રાણકી રાણાને મળતી નહોતી, વીરમને રમાડતી નહોતી, ઉત્તેજિત અવસ્થામાં આખી રાત જ બેઠી હતી.

"જેતલબા ગાંડાં થઈ જશે. એ હજુ એકેય વાર રડ્યાં નથી. એના ભાઈઓના મોત માથે એણે ધ્રુસકો મેલ્યો નથી." તેજપાલે રાણાને સચિંત હૃદયે જણાવ્યું.

પણ ઇલાજ સૂઝતો નહોતો. રાત માંડ માંડ નીકળી.

વળતા દિવસ સવારની કચેરીમાં બુઢ્ઢો ચારણ કેફ કરી કારવીને આવ્યો. આવતાં વાર જ સાંઠીકડા જેવી ભુજાઓ લાંબી કરી કરીને લલકારી ઊઠ્યો –

*"જીતઉ છઈ જણે ઈ*
*સાંભલિ સમહરૂ બાજિયઉ;"*

એમ એ ત્રણ વાર બોલ્યો, કચેરી ટાંપી રહી, કેટલાંય હૈયાં આશાહીંડોળે ફંગોળ લેવા લાગ્યાં: હમણાં મારું નામ આવશે! અબઘડી મારું નામ અમર થશે!

ને પછી ચારણે કહ્યું: "કોણ કોણ છ જણાએ જીત્યું આ ધીંગાણું? ભણું છું, હો બાપ! છયે નામ બરાબર સાંભળજો –

*જીતઉં છઈ જણે ઈ*
*સાંભલિ સમહરૂ બાજિયઉ;*
*દુહિં ભુજ વીર તણે ઈ*
*ચહું પગ ઉપરવટ તણે."*

[વામનસ્થલીનો સંગ્રામ છ જણાએ જીત્યો. કોણ કોણ છ જણા? બે તો વીરધવલના ભુજ, ને ચાર એના અશ્વ ઉપરવટના પગ, એ બે ને ચાર છ: બસ એ છ જણાએ જીત કરી, બાપ!]

આશા અને આકાંક્ષામાં ઊંચાં થયેલાં અનેક વીર-માથાં નીચાં થયાં. આગલી રાતે ચારણને લાંચ દઈ ગયેલાઓ ક્ષોભ પામ્યા. (ને તેમણે પાછળથી ચારણને ફરી વાર દાન દીધું: કેમ કે આ છેતરપિંડી તો મીઠી હતી! પોતાના સ્વામીને મળેલું ગૌરવ તેમણે પોતાનું માન્યું.)

"વાહવા! વાહવા! વાહવા, ગઢવા!" જેતલદેવી ચિત્કારી ઊઠી, "મારા રાણાએ એકલ હાથે શૂરાતન કર્યું; મારો રાણો આજ કાવ્યમાં બિરાજ્યા. હવે હું સોખુભાભીનાં મે'ણાંનો જવાબ વાળીશ. મારા રાણાએ કોને માર્યા, ખબર છે પ્રજાજનો? મારા માજણ્યા બે અસુરોને, અસુરો તોય મારા માજણ્યાને! આંહીં આવ, વીરમદેવ." એમ કહેતે એણે વીરમને ખોળામાં લીધો; ત્રણ દિવસે એને પહેલી વાર વહાલ કર્યું, એને હૈયે ભીંસતી ગઈ તેમતેમ એની આંખો આંસુએ ભરાતી ગઈ, ને પછી એણે મોં ઢાંક્યું. એણે ભાઈઓને યાદ કરી કરી રડી લીધું. એણે કાળાં વસ્ત્રો ધર્યાં.

રાણાએ ને તેજપાલે એને મોકળા કંઠે રડવા દીધી. એ રુદન પૂરું થયું ત્યારે

રાણકીની બધી જ ઉત્તેજના ઊતરી ગઈ હતી.

એકલાં પડ્યાં ત્યારે જેતલદેવીએ તેજપાલને પૂછ્યું: "તમે મારા વીરમને બચાવવા આંહીં ક્યાંથી પહોંચ્યા? તમે તો ચંદ્રાવતી ગયેલાને!"

"બા!" તેજપાલે મીઠી બનાવટ કરી, "તમારી શરત તો મારું નાક કપાવનારી બની. હું પાટણ પહોંચ્યો ને લવણપ્રસાદ બાપુએ મારી કનેથી બધી વાત જાણી એટલે પછી તો એ મારા ઉપર તૂટી જ પડ્યા, હો બા! મને ન કહેવાનાં વેણ કહ્યાં. મને ધકેલીને પાછો વાળ્યો. મેં કહ્યું, હું કોઈ વાતે વામનસ્થલીના જુદ્ધમાં લડીશ નહીં. એણે કહ્યું કે લડીશ મા, પણ મારો વીરધવલ હારીને પાછો આવે કે મરે તો તું મોં બતાવવા પાછો આવીશ મા. આવી દશામાં મારે આવીને છુપાયા વગર છૂટકો હતો, બા? બાકી તમારી શરત તો મેં પાળી બતાવી છે. યુદ્ધમાં મેં એક કાંકરો પણ ફેંક્યો હોય તો કહો."

"ભાઈ! આજ માફી તો મારે તારી માગવી રહે છે. તું ફરી વાર મારા માજણ્યાને ઠેકાણે ઊભો રહ્યો. તું ન હોત તો હું ધોળકે જઈ મોં શું બતાવત?"

"બા, આમાં તો તમે જ સૌને ઢાંકી દીધા છે. મધરાતે હું એ મેડીમાં છૂપો ઊભેલો જ હતો ને તમારી લાગણીઓનું ઘોર જુદ્ધ જોતો હતો. તમારું જનેતાપણું ને તમારો રાણીધર્મ, એ બેના ધિંગાણામાં જનેતા જેવા અવિજેય પક્ષને હાર મળી, એ તો ઇતિહાસમાં અધિકાઈ થઈ ગઈ. નહીંતર અમે બધા ધોળકે જઈ મોં કેમ બતાવત?"

"મારી તો કાંઈ ગણતરી જ નથીને!" એમ કહેતાં કહેતાં રાણા વીરધવલ આવ્યા, "મને બદનામી દેવા માટે જાત્રાના સંઘને રોકનારા એ રઢિયાળાને હવે કહેવરાવો કે અમે આંહીં જ છીએ, તેડી લાવો તમારા સંઘને."

"એ બધું કરનારી તો મારી ભોજાઈ અનોપ જ છે. મને બધી ખબર પડી છે." જેતલદેવીએ તેજપાલને નવા સમાચાર દીધા. સંઘની માંડવાળના અને વામનસ્થલીની ચડાઈના કારણરૂપી અનોપના બોલ જેતલદેવીએ તેજપાલને ને રાણાને પહેલી જ વાર સંભળાવ્યા.

તેજપાલ ઉપર, પત્નીની એ સુજ્ઞતા અને રાજનીતિજ્ઞતાના સમાચારની અસર કેવી પડી તે જાણવું કઠિન હતું. એનું મોં જરા લેવાયું. પાછું ઝળહળ્યું. ધોળકે પહોંચીને પહેલો અનોપને ગાલે આ દોઢડહાપણ બદલ એક તાતો તમાચો ચોડવો કે પહેલી એના ચરણોમાં માથું મૂકી વંદના દેવી, એ નક્કી થઈ ન શક્યું. પણ ધોળકાની પોરવાડ પોળનું એક ડેલું, એક સ્વચ્છ આંગણું, એક શ્યામ કાંડા પરનું કંકણકાવ્ય એને જાણે કે છાના સાદ પાડી પાડીને બોલાવવા લાગ્યું: એ કંકણકાવ્ય આ હતું –

[1]पश्चाद्दत्तं परैर्दत्तं लभ्यते खलु वा न वा ।
स्वहस्तेनैव यद्दत्तं तद्दतमुपलभ्यते ।

[પોતાની પીઠ પાછળ દીધેલું અથવા પોતાના નિમિત્તે પારકા હાથેથી દેવાયેલું દાન તો પહોંચે કે ન યે પહોંચે. જે દાન સ્વહસ્તે દેવાય છે તે જ સાચેસાચું પહોંચ્યું ગણાય.]

1. પ્રબંધમાં અનુપમાદેવીના આ કંકણકાવ્યોનો નિર્દેશ છે.

28

# બાળકો જેવાં!

દાનેશ્વરી અનોપ, વામનસ્થલી બેઠેલા સ્વામીનાં મનોમંથનોની દુનિયામાં ભૂલી પડેલી આજ ઘણા વખતે, ધોળકાને ઘરઆંગણે ઊભીઊભી ભૂખ્યાં દુખ્યાં અભ્યાગતોને સ્વહસ્તે ભોજન જમાડી રહી હતી ને વસ્ત્રો વહોરાવતી હતી. 'તું કોણ છે? તું લાયક છે કે નહીં?' એવો પ્રશ્ન કોઈને પૂછતી નહોતી; તું જૈન છે, શૈવ છે કે યવન છે, એવીય જિજ્ઞાસા દાખવતી નહોતી. એ તો બસ દેતી જ હતી. સ્વહસ્તે દેવા સિવાય કંઈ સમજતી નહોતી. એ જે હાથે દેતી હતી તે જ હાથના કંકણ પર કોતરેલું આ કાવ્ય હૃદયમાં રમાડતી હતી. સૌ અભ્યાગતોને જમાડ્યા પહેલાં, સર્વ સાધુસંતોને વહોરાવ્યા પહેલાં, એકાદ અતિથિ પણ બાકી હોય તે પહેલાં પોતે ભોજન લેતી નહીં. દેતાંદેતાં બપોર થઈ જતા છતાં પોતે ભૂખી સુકાતી હતી.

એક દિવસ ભોજન પીરસતાંપીરસતાં પંગતમાં એક છેલ્લા ચડી આવેલા યુવાનના મોં પર એની મીટ ઠરી ગઈ. એને ભોજન જમાડી લીધા પછી પોતાની પાસે બોલાવ્યો, પૂછ્યું: "કોણ છો, ભાઈ?"

"સૂત્રધાર (સલાટ) છું."

"ક્યાં જાઓ છો?"

"શત્રુંજય પર પ્રભુ-બિમ્બ ઘડવા જાઉં છું."

'પ્રભુ-બિમ્બ' શબ્દ કાને પડતાં જ અનોપની યાદદાસ્તનાં અંધારાં ઉલેચાઈ ગયાં. એણે યુવાનની આંખો નિહાળી નિહાળીને પૂછ્યું: "કેટલાં વર્ષની વય છે તમારી?"

એણે જે વર્ષો બતાવ્યાં તે અનોપે મનમાં મનમાં ગણી જોયાં. તાળો મળી ગયો. બરાબર લુણિગના મૃત્યુને થયેલાં તેટલાં જ વર્ષ! આંગણે જાણે એ જ આવી ચડ્યો! એ જ શિલ્પીનો નવાવતારી: ચહેરોમોરો એ જ: એ જ – એ જ અણસાર.

"આબુજી ઉપર એક પ્રભુ-બિમ્બ મુકાવવું હોય તો કેટલો ખર્ચ પડે? પાછા ક્યારે વળવાના છો? આંહીં થઈને જજો." એવા એવા અનેક પ્રશ્નો પૂછીને અનોપે એને વિદાય દીધી.

ત્યાં તો જેઠ આવી લાગ્યા. ઠપકો સંભળાવ્યો: "સાંજ થવા આવી તોયે જમ્યાં નથી! આમ તે કેમ ચાલે?"

અનોપે નીચે જોઈને કહ્યું: "ભૂલી ગયા મંડલિકપુરનો એક પ્રસંગ?"

"કયો પ્રસંગ?"

"આપણે સૌ ખાઈને ઊઠી ગયેલાં. પછી ત્રણ અભ્યાગતો આવી ઊભા રહ્યા. આપણા રસોડામાં એક કણ પણ વધેલો નહીં. આપણે જવાબ ન દઈ શક્યાં. બા બાને ઠેકાણે, તમે બેઉ તમારી જગ્યાએ, ને અમે અમારે સ્થાને થીજી ગયાં. શરમથી ધરતીમાં સમાઈ જવા મન થયું. ઘરમાં કશું એઠું જૂઠું પણ દેવાનું રહ્યું નથી એમ કહીયે ન શકાયું. ભૂખ્યા અભ્યાગતો નિઃશ્વાસ નાખી બહાર નીકળી ગયા ને આપણી આંખોમાં દડદડ પાણી પડ્યાં. આજ ક્યાંઈક એ રીતે લુણિગભાઈનો આત્મા નવા અવતારે આવી ચડે ને ઘરમાં કશું દેવા ન હોય તો આપણી શી ગતિ?"

સાંભળીને મંત્રી મનમાંમનમાં આ ગૃહિણીને નમી રહ્યો. એણે કુમાંશ ધરીને સવિનય પૂછ્યું: "એ કોણ હતો? શું કામ કરે છે?"

"નામ શોભનદેવ. પ્રભુપ્રતિમાઓનો શિલ્પી છે, બરાબર એ જ મોં."

વસ્તુપાલને એ દિવસો યાદ આવ્યા. જ્યારે પોતે 'વસ્તિગ' હતો ને શિલ્પઘેલા પ્રભુભક્ત મોટાભાઈ 'લુણિગ'ને વચન દઈ વળાવ્યો હતો. અનુપમા તો તે દિવસ અજાણી યાત્રિકા હતી. તોપણ આવો કુટુંબ-ભાવ! મંત્રી મનમાં ને મનમાં આ ગૃહદેવીને પૂજતો ઊભો. એણે પૂછ્યું: "ક્યાં ગયો એ? હું શોધાવી લાવું છું."

એમ કહી એણે માણસો દોડાવ્યાં, પણ શોભનદેવ સલાટનો પત્તો લાગ્યો નહીં. ભાઈ સ્વપ્નમાં દેખાયો? કે પ્રેતલોકેથી આવી ઝબકી ગયો? આપેલું વચન યાદ કરાવવા આવ્યો હશે?

અનોપે તે દિવસ ધંધુકાના નાણાવટીને ચોપડે બાએ મુકાવેલી રકમની તપાસ કરાવી. નાણાવટી હિસાબ લઈ હાજર થયો. વ્યાજ સુધ્ધાં રકમ બહુ મોટે આંકડે પહોંચી ગઈ હતી. એ બધા દ્રવ્યનો અનોપે મંત્રીના હસ્તે સ્ફોટ કરાવીને આબુ પર લુણિગભાઈના સ્મારકની વાત વિચારી. શોભનદેવ સલાટની વાટ જોતીજોતી એ બેઠી. રોજ પડતી ભોજન-પંગતમાં સ્વહસ્તે પીરસવા નીકળવું એણે તે દિવસથી કદાપિ છોડ્યું નહીં.

"દેવી!" મંત્રીએ અણવાણે પગે અનોપની પાસે દોટ કાઢતા આવીને ખબર આપ્યા: "વામનસ્થલીમાં તો તારા પતિએ અપૂર્વ ભ્રાતૃધર્મ અને સેવકધર્મ બજાવ્યો, જેતલબાએ રાણીધર્મની અવધિ કરી, ને રાણાએ રંગ રાખ્યો." સવિસ્તર વૃત્તાંત કહ્યો.

અનોપે સ્વસ્થ રહીને સર્વ સાંભળ્યું. એની છાતીમાં સંધ્યાકાળના સમીરણે કમ્પતા સરોવર સમી ધડક ઊપડી, પણ એ બોલી ન શકી.

"અનુપમાદેવી!" જેઠે બીતેબીતે પૂછ્યું, "હવે તો સંઘમાં અગ્રેસરી બનશોને? ધોળકું, પાટણ અને સ્તંભનપુર ઘેલાં બન્યાં છે. રાણો-રાણકી રૈવતાચળ પાસે આપણી રાહ જુએ છે."

અનુપમાને મોંએ સ્મિત ફરકીને વિરમી ગયું.

"બોલો. કેમ નથી બોલતાં?" મંત્રીએ વધુ વિનયથી પૂછ્યું.

"શું બોલું? વારે વારે આડી જીભ વાઈશ તો રોષે ભરાશો, પણ..."

"પણ શું?"

"લુણિગભાઈની છેલ્લી વાંછના: આબુજી પર પ્રભુ-બિમ્બ પધરાવ્યા પહેલાં સૌરાષ્ટ્રનો સંઘ કયા ઉમંગે?"

ફરી વાર વસ્તુપાલ છોભીલો પડ્યો ને એણે કહ્યું: "તમારી વાત ખરી છે. હજારો સાધુ-સાધ્વીઓ ને શ્રાવકો છો ઊછળતાં. હું પહેલી વ્યવસ્થા આબુની કરાવું છું."

"શોભનદેવની ભાળ જડે તો કેવું સારું! એને જ હસ્તે પ્રતિમા ઘડાવીએ. એ શત્રુંજય તરફ ગયા છે."

"હું માણસો દોડાવું છું."

તેટલામાં તો પાટણથી લવણપ્રસાદ આવી પહોંચ્યા. મંત્રીએ ધોળકામાં એનો વિજયપ્રવેશ કરાવ્યો, ધોળકાનો ઉત્સવ ગગનને ગજાવી ઊઠ્યો.

ઉત્સવમાંથી એકલા પડેલા લવણપ્રસાદે વસ્તુપાલને પોતાની પાસે બેસારી, પોતાનો વૃદ્ધ હાથ એના ખભા પર મૂક્યો. એ હાથમાં વિલક્ષણ ધ્રુજારી હતી. એ કાંઈક કહેવા જતો હતો પણ કહી ન શક્યો.

"બાપુ!" મંત્રીએ કહ્યું, "મૂંઝાઓ છો? શી વેદના ભરી છે હૈયે?"

"છોકરા!" રાણાએ મહાપ્રયત્ને કહ્યું, "અઢારેક વર્ષ પૂર્વેનું એક પ્રભાત યાદ આવે છે? મેં તમને ત્રણ ભાઈઓને – પાટણ ભણવા જતાને – મહેણાં મારેલાં. આજ છાનોમાનો એની ક્ષમા યાચુ છું." કહેતે કહેતે એણે વસ્તુપાલનો ખભો વધુ જોરથી દબાવ્યો, "ને તને તારી બાએ કહ્યું હશે કે નહીં, પણ મેં, તારા બાપુના એક સ્નેહી તરીકે, તારી માને ને બહેનોને થીગડાં દીધેલ વસ્ત્રે મંડલિકપુરની ભાગોળે તે દિવસ દીઠાં તોય હું ચાલ્યો ગયેલો. પણ બેટા! હું તે દિવસે આગલી રાતનો અસ્વસ્થ હતો."

"મારી બાને ને બાપુને આપ ઓળખતા?"

"એ વાત લાંબી છે. તમને તો કોણે કહી હોય? કહું?"

"આજ નહીં, બાપુ, અમે સૌ સપરિવાર ભેળા બેસીને સાંભળીએ તે દિવસ કહેજો."

"તારી મા... વસ્તુપાલ! તારી માતા સુંદર હતી."

"બાપુ! ફરી એક વાર કહો. એ કેવી સુંદર હતી?" વસ્તુપાલે આંખો મીંચી દીધી. એ ધ્યાનમગ્ન બન્યો. લવણપ્રસાદની વાણીને એ પીવા લાગ્યો.

"એવી સુંદર હતી! – કેમ કહીને વર્ણવું? મને લડવૈયાને એવું શીલવંતું રૂપ વર્ણવતાં ન આવડે. એ સુંદર હતી – પેટ અવતાર લેવા જેવી સુંદર. અમે ક્ષત્રિયો સ્ત્રીની સુંદરતાને એ એક જ રીતે વર્ણવી શકીએ."

જીવનમાં વસ્તુપાલ એક વાર રડ્યો હતો – લુણિગના અંત સમયે. આંસુ એને આવતાં નહીં. પણ માને સુંદર સાંભળી એની આંખોની પાંપણો પટ પટ થઈ રહી. લવણપ્રસાદ પોતાના લલાટ પર હાથ ચોળીને કાંઈક યાદ કરતા કરતા આગળ બોલ્યા: "એને મેં દીઠી'તી સૌ પહેલી માલાસણમાં વિધવાને વેશે: સાંભળેલું કે એને તમારા સાધુઓ મૂંડવાના હતા..."

"બસ, બાપુ!" વસ્તુપાલની પાંપણો નીતરતી હતી. એમણે લવણપ્રસાદના મોં આડે હાથ દીધો.

"છોકરા!" લવણપ્રસાદે કહ્યું, "કોઈને કહે નહીં તો એક વાત કહું."

"પવનને ય નહીં કહું, બાપુ." મંત્રીએ નેત્રો લૂછીને કૌતુકભેર કહ્યું.

"મારા વીરધવલની મા આજે હોત તો તમારાં સૌનાં મીઠડાં લેત."

"બાપુ, તમારે ભલે એ મૂએલાં રહ્યાં. અમારે તો એ મા ઠેકાણે જીવતાં છે."

"કોણ કહે છે? બેવકૂફ! તું શું જાણે? ક્યાં છે?"

"ચમકો મા, બાપુ! અહીં સોમેશ્વરદેવની પાસે સિદ્ધેશ્વરમાં જ છે."

"જૂઠાડા! કહું છું કે એ મરી ગઈ છે." લવણપ્રસાદે ડોળા ફાડ્યા.

"જીવતી સ્ત્રી બીજી સર્વ વાતે મરી જાય, બાપુ, પણ મા લેખે અમર છે. એના પુત્રની વીરતા મેં સૌ પહેલી એને કાને સંભળાવી છે, બાપુ. પણ હવે કદાચ એ નહીં જીવે. એના જીવનની સિદ્ધિ પૂરી થઈ. એ અત્યારે જ સિદ્ધેશ્વરમાં અંતકાળ છે."

લવણપ્રસાદ બીજી બાજુ જોઈ ગયો. વસ્તુપાલે એના મર્મસ્થલ પર વધુ ઘા કર્યો: "વાર નથી, બાપુ. આજ રાતે તો કદાચ એના શબને અમારાં કાંધ સ્મશાને ઊંચકી જશે."

"એના દીકરાને –"

"એ જોવા નહીં પામે. મળવા તો એણે કદી ઇચ્છ્યું જ નથી. જોવો હતો એક વાર, પણ હૈયું ભેદાઈ ગયું છે – હર્ષાવેશથી."

"હં-હં-" લવણપ્રસાદે હોઠ કરડી લીધા.

"હેં બાપુ," વસ્તુપાલે કહ્યું, "એક પ્રાર્થના કરું?"

"મારી નાખીશ, જો કંઈ માગ્યું છે તો." રાણો સમજી ગયો. એ રુદ્રસ્વરૂપ બન્યો, "મને જીભ કરડીને મૂએલો જોવો છે?"

"તો રહેવા દો, બાપુ! નહીં માગું."

"સંઘ ક્યારે લઈ જાય છે તું?"

"ઉતાવળ શી છે? પ્રથમ મારે આબુની માનતા છે તે પતાવવી છે."

"તો વીરધવલને પાછો બોલાવવો છેને?"

"તેડાવવા સાંઢણી રવાના કરી દીધી છે."

"તો ઠીક, ત્યાં સુધી હું આંહીં છું."

"એક શરતે. મદનબાને આંહીં કંઈ અવળું થાય તો આપે છૂપું સ્નાન તો કરવું જ પડશે."

"નહીં તો?"

"નહીં તો કોઈક બીજે ગામ જઈને બેસો." મંત્રી કડક બન્યો, "આવી વટ! કંઈ સ્નાનસૂતક પણ ન પહોંચે, હેં બાપુ?"

"તું મને વધુ ના બોલાવ, નીકર જીભ ખેંચી નાખીશ. તારું કાળું કર, જા, હું આંહીં જ છું, ને માથે લોટો રેડવા કબૂલ થાઉં છું." એમ કહીને લવણપ્રસાદ ઊઠી ગયો. એણે અંદરના ખંડમાં જઈ દ્વાર બંધ કરી વાળ્યાં. થોડી વારે અંદરથી કોઈક પ્રાર્થનાસ્વરો સંભળાવા લાગ્યા.

તે જ રાત્રિએ મંત્રી, સોમેશ્વરદેવ, દેવરાજ પટ્ટકિલ અને ચોથા એક જણને ખભે ચડીને મેહતા ગામની એક ખેડૂત-સ્ત્રીનું શબ સ્મશાને જઈ બળી ખાખ થયું. રાતને ત્રીજે પ્રહરે લવણપ્રસાદ એકલો મલાવમાં જઈ નહાઈ આવ્યો તેની, એકાદબે જણ સિવાય, કોઈને ખબર ન પડી. લોકોએ વળતા દિવસે વાતો કરી કે, મલાવમાંથી મોડી રાતે કોઈક કારમા કંઠના રુદનધ્વનિ ઊઠતા હતા. માનવીના જેવું નહીં પણ ભૂતના જેવું ભેંકાર એ રુદન હતું.

*

પ્રભાતે પાટણના અગ્રેસર પટ્ટણીઓ વધાઈ લઈને આવ્યા. સ્તંભનપુર ઊમટ્યું. પરગણાંના પટ્ટકિલો લોકટોળાં લઈને આવ્યા. ગુર્જર દેશ ધોળકામાં ઠલવાયો. રાણા વીરધવલ અને તેજપાલ પણ હાજર થયા. રાણા વીરધવલનો ને

મંત્રીઓનો પાટનગર પાટણમાં વિજયપ્રવેશ કરાવવાની જીદ પટ્ટણીઓ તરફથી મચી ગઈ.

"ને હવે તો કાં મહામંડળેશ્વરે ને કાં રાણા વીરધવલે પાટણમાં આવી રાજાધિરાજપદનો અભિષેક સ્વીકારવો જ જોઈએ." એવી રઢ લઈને પટ્ટણી રાજપુરુષો પણ બેઠા. વધુ કારણ એ હતું કે વર્ષો થયાં મહારાજ ભીમદેવને રૂંવે રૂંવે રોગો ફૂટ્યા હતા. પક્ષઘાતે એને જીવતે મૂઆ કરી નાખ્યા હતા. પાટણ હવે રાજાધિરાજ વગર કેમ જ રહી શકે?

બેઉ મંત્રીઓ સાથે પ્રજાજનોને લાંબી મસલતો થઈ. વસ્તુપાલ પણ ધીરે ધીરે એ વિચાર તરફ ઢળતો થયો. રાણા લવણપ્રસાદ પાસે એ વાત ભરદરબારમાં મુકાઈ.

"એનો જવાબ તો આ રહ્યો." એમ કહીને લવણપ્રસાદે પોતાની પાસે સાચવી રાખેલું એક ત્રણેક વર્ષ પૂર્વેનું નાનું બચકું કાઢ્યું. એ ખોલીને એણે પ્રજા તેમ જ મંત્રીઓ સમક્ષ મૂકી દીધું.

બચકામાં બે ચીજો હતી: એક ચૂંદડિયાળી ભાતની સાડી અને એક કાજળની ડાબલી. દેખીને સૌ વિચારગ્રસ્ત બન્યા. મંત્રીઓને પણ ગમ ન પડી કે રાણાજી કઈ સમસ્યાનો ઉકેલ માગી રહ્યા છે.

"આ બે વાનાં," લવણપ્રસાદે સ્ફોટ કર્યો, "પહેરીને પાટણના મહારાજે ગોધ્રપુરના ઘુઘૂલરાજના રાણીવાસમાં સ્થાન સ્વીકારવું એવું નોતરું ત્રણ વર્ષથી મારી પાસે પડ્યું છે. હવે જો મંત્રીઓ ને પટ્ટણીઓ ફરમાવતા હોય તો હું અભિષેક સ્વીકારીને પછી આ શણગાર ધારણ કરું." એમ બોલતો બોલતો એ બુઢ્ઢો ખડખડાટ હસવા લાગ્યો.

ચૂપ રહેલા પ્રજાજનોને ને મંત્રીઓને એણે ફરી ચીમકી લીધી: "કયો એવો દિગ્વિજય કરી લીધો છે મેં, મારે છોકરે કે આ મંત્રીઓએ, કે તમે મને તિલક કરવા હરખપદૂડા બન્યા છો? હજી તો ગુર્જર દેશના મંડળેશ્વરો જ નિરંકુશ ડણકે છે. ભોંઠામણ નથી આવતું તમને?

*अजित्वा सार्णवामुर्वीमनिष्ट्वा विविधैर्मखै ।*
*अदत्वा चार्थमर्थीभ्यो भवेयं पार्थिवः कथम् ॥*

સાગર સુધીની ધરતીને જીત્યા વગર, જૂજવા અસુરોના સંતાપનો અંત આણ્યા વગર, અને ભીડ ભોગવતા પ્રજાજનોની ભીડ ભાંગ્યા વગર હું કેમ કરીને રાજતિલક કરાવું?" એમ કહીને એ નીચે જોઈ ગયો.

વસ્તુપાલ ઊઠ્યો ને બોલ્યો: "આ સાડી અને આ કાજળની ડબીનો શણગાર

ગોધ્રપુરના મંડળેશ્વર ઘુઘૂલરાજને પહેરાવવાનું બીડું કોણ ઝડપે છે?"

જવાબ મળતાં થોડોક વિલંબ થયો. આ વિલંબમાં ગોધ્રપુરના ઘુઘૂલરાજની ભીષણતા અંકિત થઈ ગઈ. કંઈકને કલેજે છાનાં સ્વેદ વળી ગયાં.

"ભાઈ, એ બીડું આંહીં લાવો," એમ કહીને તેજપાલે હાથ લંબાવ્યો.

લવણપ્રસાદે ઊઠીને તેજપાલની છાતી પર પંજો થાબડ્યો. એ છાતી નગારા જેવો ઘોષ કરી રહી. પાનબીડું તેજપાલના મોંને રાતા રંગે રંગી રહ્યું.

## ખંડ 2

## 1
# કાષ્ઠપિંજર

ધોળકાનગરનો દક્ષિણાદો દરવાજો ઊઘડવાને હજુ ઘણી વાર હતી. તે છતાં ત્યાં લોકોની ભીડ સમાતી નહોતી. વધુ ને વધુ ટોળાં આવતાં હતાં – કોઈ સીધા ઊંઘમાંથી ઊઠીને, કોઈક લગભગ પાછલી રાતનો ઉજાગરો ખેંચીને, કોઈ કશુંક પર્વ હોય તેવા ભાવે નહાઈધોઈને, કોઈક વળી નવાંનકોર વસ્ત્રો પહેરી કરીને.

દરવાજો વહેલો ઉઘાડવા માટે કેટલાક તો દરવાનોની ખુશામદ કરતા હતા ને કેટલાક ચિડાતા હતા. દ્વારપાળ ચાવીઓનો ઝૂડો ખખડાવતો ખખડાવતો સૌને ટગાવતો પોતાના સામર્થ્યનું પ્રદર્શન કરતો હતો.

અનેક લોકોના હોઠ પર એક નવીન શબ્દ રમતો હતો – કાષ્ઠપિંજર; કોઈ એક કાષ્ઠપિંજર એ પ્રભાતે ધોળકે આવવાનું હતું. એમાં શું આવનાર હતું તેની કોઈને ખબર નહોતી, પણ સૌ પોતપોતાને ખબર હોય તેવો ડોળ કરતા હતા.

કાષ્ઠપિંજર! એ શબ્દ પુરાણો ને પરિચિત હતો પણ પોણોસો'ક વર્ષથી એ શબ્દ ગુર્જરોની સ્મૃતિમાંથી લોપાઈ ગયો હતો. કાષ્ઠપિંજરની વાર્તાઓ પણ કહેવાતી બંધ થઈ હતી. 'કાષ્ઠપિંજર' શબ્દ બોલતાં બોલતાં લોકો નવીનતાની નવાઈ સાથે અજાણ્યો એક ભય પણ અનુભવતા હતા. શિયાળો ઊતરી ગયો હતો તે છતાં 'કાષ્ઠપિંજર' શબ્દ બોલતાં કેટલાંક લોકોનાં મોંમાં ડાકલી વાગતી હતી.

દરવાજો ઊઘડ્યો અને જનમેદની એકબીજાથી ધકેલાતી, પડતી ને આખડતી બહાર ધસી ગઈ ત્યારે સૂર્યોદયના તેજમાં મહીકાંઠાની દિશામાં ધૂળની આછી આછી ડમરી વચ્ચે એક વિચિત્ર, ભયની કંપારી પેદા કરે તેવું શકટ (ગાડું) ચાલ્યું આવતું નજરે પડ્યું. શકટની પાછળ તેમ જ બેઉ પડખે અગણિત ભાલાનાં ફળાં ચમકવા લાગ્યાં. થોડી વારે તો એ પ્રત્યેક ભાલા ઉપર ફરકતી નાની નાની ધજાઓ પર ચીતરેલો કૂકડો પણ ઓળખાયો. શકટ જેમ જેમ વધુ પાસે આવતું ગયું તેમ તેમ એનાં ઉપર એક કાષ્ઠપિંજરનું માળખું પણ દેખાતું થયું. એમાં પૂરેલું નવીન પ્રાણી કયું હશે તે વિશે પણ લોકોમાં વાર્તાલાપ ચાલતો હતો. કોઈને ખબર નહોતી કે રાણા વીરધવલનો કયો શિકારશોખ સંતોષવા સેનાપતિ તેજપાલ પંદરેક દિવસ

પહેલાં ગયા હતા ને કેવુંક જાનવર જીવતું પકડીને લાવતા હતા.

શકટ વધુ નજીક આવતાં કોઈકે કહ્યું કે 'સિંહ!' બીજો બોલ્યો, 'શાહુડી!' ત્રીજાએ અનુમાન કર્યું કે 'આ તો માનવમર્કટ લાગે છે'.

આખરે સૌ જૂઠા પડ્યા. ભાગોળે આવી લાગેલા એ ગાડા પરના કાષ્ઠપિંજરમાં એક પૂરા શરીરનો માનવી પુરાયેલો હતો ને તે પણ કોઈ જંગલી અર્ધપશુ મનુષ્ય નહીં પણ સુધરેલું, પૂરે વસ્ત્રે પરિધાન પામેલું કોઈક માનવી હતું.

પણ એ માનવીને નિહાળી લોકોમાં વિસ્મયનો પાર ન રહ્યો. આ તે શું કોઈ સ્ત્રીને પકડી લાવેલ છે! એ માનવી મોંને તો સંતાડીને બેઠું હતું. એના શરીર પર તાજી જ પહેરાવી હોય તેવી એક પટોળાની સાડી હતી. પણ એના અણદેખાતા મોં ઉપર વીખરાઈને પડેલા વાળ તો ફક્ત ઓડ સુધીના ટૂંકા હતા.

એટલામાં તો એક યોદ્ધાએ શકટની નજીક આવીને કાષ્ઠપિંજરના સળિયા સોંસરું એક ભાલું ગોદાવ્યું. ગોદો લાગતાં વાર જ એ ટૂંટિયું વાળીને બેઠેલ સ્ત્રીવેશધારી કેદીએ વિકરાળ કોઈ વનચરની માફક ઘુરકાટ કરતું વદન ઊંચું કર્યું ને હુંકાર સંભળાવ્યો.

'ઓ બાપ!' કરતાં લોકો પૂંઠ વાળીને નાઠા ને દૂર જઈ ઊભા. કોઈક જ એવો હશે કે જેનું કલેજું ધ્રૂજી નહીં ઊઠ્યું હોય. તેઓ જોઈ શક્યા કે આ પટોળામાં સજ્જ થયેલી સ્ત્રીને તો મોંએ ત્રણ ત્રણ વળ નાખેલી જથ્થાદાર મૂછો હતી અને જડબાં સુધી ખેંચાયેલા લાંબા ઘાટા થોભિયા હતા.

આંખો એની ગોળ-ગોળ, મોટી અને લાલઘૂમ હતી. ગરદન પાડાની કાંધ જેવી ધીંગી અને જાણે કે ગંઠેલી હતી. સળિયાને પકડીને હચમચાવવા પ્રયત્ન કરતા એના હાથ લોખંડી બાંધાના હતા. એની ખસી ગયેલી સાડી એની છાતી પરના ઘાટા રોમગુચ્છને ઉઘાડા કરતી હતી. એને ગળે એક કાળી દાબડી દોરે પરોવીને લટકાવેલી હતી. એ કેદીના આવા વિચિત્ર વેશની અવધિ કરનાર તો એની આંખોમાં આંજેલ કાજળના રેળાઈ ગયેલા લાંબા લપેડા હતા.

શકટની પાછળ કદાવર ઘોડા પર સવાર બનેલો યોદ્ધા-વેશધારી આદમી ચાળીસેક વર્ષનો હતો. એના દેહ પર થાકના ને લાંબી મુસાફરીની ધૂળના થર ચડેલા હતા. છતાં એના મુખ પર વિજયશ્રી દીપતી હતી. એની પાછળ હજારેક હયદળ પેદલ ફોજ ચાલતી હતી. અને એ ફોજની વચગાળે સંખ્યાબંધ બીજાં શકટો હતાં જેમાં ચરુઓ ને દેગો, સોનારૂપાના લાટા અને જરજવાહિરોના દાબડા ખડક્યા હતા.

જે લોકો ઠઠ વળીને ધસી આવતા હતા તે આપોઆપ દૂર ખસી ગયા અને લાકડાના પાંજરાવાળા શકટે માનવમેદની વચ્ચેના સુવિશાળ ગોળાકાર પટમાં પ્રવેશ

કર્યો.

આ આખા પ્રદર્શનનો કોઈ ફોડ પાડે તે પહેલાં તો દરવાજાની અંદરથી છડીદારનો અવાજ ઊઠ્યો કે 'રાણક વીરધવલનો જય!'

'ગુજરેશ્વરનો જય' એવો સામો અવાજ ભાગોળેથી ઊઠ્યો. એ સાદ અશ્વે ચડેલા સેનાપતિનો હતો. એ ઘોડેથી હેઠો ઊતર્યો.

રાજછત્ર દેખાયું. રાણા વીરધવલની સવારી આવી પહોંચી. અંબાડીવંતા હાથી પર રાણાની પાછળ બેઠેલો પુરુષ તેંતાલીસેક વર્ષનો હતો ને તેનો લેબાસ રાજવંશીનો નહીં પણ રાજપુરુષનો હતો. રાણાની પાછળ બીજી બાજુએ એક બીજા પણ તેવડી જ ઉંમરના પુરુષ બેઠા હતા. તેમના દેહ પર ખભાથી ઢળકતું ઉત્તરીય હતું. તેમના માથા પરથી મોટો ઘાટો ચોટલો ખુલ્લા ખભા પર ઢળકતો હતો ને જનોઈના ત્રાગ સાક્ષી પૂરતા હતા કે એ બ્રાહ્મણ છે.

રાણાની બેઉ બાજુએ બેઠેલા આ નરો તે મંત્રી વસ્તુપાલ અને રાજગુરુ સોમેશ્વરદેવ હતા. બેઉના ગોરા દેહની વચ્ચે શ્યામવરણ રાણા વધુ શોભતા હતા. એ બેઉની વચ્ચે એક પંદરેક વર્ષનો છોકરો બેઠો હતો.

રાજહસ્તી કાષ્ઠપિંજરવાળા શકટથી થોડે દૂર થંભ્યો અને પેલા ભાલો ગોદાવનારે ફરી વાર એ કેદીને ગોદાવ્યો. કેદીએ એક વાર ઊંચે નજર કરીને પાછું મોં બે પગનાં ટૂંટિયા વચ્ચે છુપાવી દીધું. ઘોડા પરથી ઊતરી ગયેલા સેનાપતિએ હાથીની નજીક જઈને રાણાને નમન કર્યું. રાણાએ તેને પોતાની નજીક બોલાવીને એના નમતા શિર પર હાથ લંબાવીને કહ્યું: "તેજલ! અવધિ કરી!"

"દેવ કપર્દીની, ગુર્જરી મહૂલણદેવીની ને રાણાજીની કૃપાથી." એટલું જ એ પુરુષ બોલી શક્યો. એટલા શબ્દ પણ એ નર મહામહેનતે બોલી શક્યો. પ્રથમથી જ ઓછાબોલા અને વખત જતાં વધુ ને વધુ મૂંગા બનેલા એ ધોળકાના વણિક સેનાપતિ તેજપાલ હતા.

પંદરેક વર્ષની એક કન્યા આગળ આવી. એના હાથમાં કુંકુમથાળ હતો. એણે સેનાપતિ તેજપાલને કપાળે ચાંદલો કરી ચોખા ચોડ્યા ને ઓવારણાં લીધાં. એ રાજગુરુ સોમેશ્વરદેવની પુત્રી રેવતી હતી.

એ દેખાવને રાણા વીરધવલની પાછળ, અંબાડીમાં બેઠેલા એક પંદર વર્ષના કિશોરે મોઢું બગાડીને જોયો. આખી જનમેદનીના મોં પરના ભાવથી આ છોકરાના મોંની ચેષ્ટા છેક જુદી પડતી હતી. એના ચહેરા પર ઘૃણા અને કંટાળો હતાં. મંત્રી વસ્તુપાલ રથમાં બેઠાં બેઠાં ત્રાંસી નજરે એ છોકરાના મોંની વિચિત્ર રેખાઓ વાંચતા હતા.

એ છોકરો રાણક વીરધવલનો પાટવી રાજપુત્ર વીરમદેવ હતો. આ ઉત્સવમાં વીરમદેવ એક બસૂરો તાર હતો.

"જુઓ, કંઈક બોલાશે હમણાં. સાંભળો હવે." એમ કહીને વસ્તુપાલે વીરમદેવને ધીરેથી ચમકાવ્યો. વીરમદેવે અનિચ્છાએ પણ 'હા જી' કહ્યું અને સન્મુખ નજર ચોંટાડી.

પેલા યોદ્ધાએ કાષ્ઠપિંજર પાસે જઈ, વિચિત્રવેશધારી કેદીને કહ્યું: "ગોધ્રકના ઘુઘૂલરાજ! મહીના કોતરોના કેસરીસિંહ! મુજરો કરો. જે સાડી ને કાજળ તમે અમારા રાણાને મોકલ્યાં હતાં તેના પ્રિય શણગારે હવે તમે જ ધોળકાના અંતઃપુરને શોભાવો."

"મને ઠાર મારો." પિંજરવાસી બોલ્યો.

"હજુ શી ઉતાવળ છે? થોડો વધુ રાણીવાસ મહાલી લોને!"

પછી સેનાપતિએ રાણા પાસે જઈ કંઈક વાત કરી, ચારેય જણા વચ્ચે હળવી મંત્રણા થઈ.

"બહુ થશે!" રાણાના મોં પર અકળામણ હતી.

"બાકી શીદ રાખવું? કોણ ગુજરાતની દયા ખાવાનું હતું? ભલેને દુશ્મનો દાંત કરડે!" વસ્તુપાલે સ્મિત કરતે કરતે કહ્યું, "બોલો દેવ! શાસ્ત્રો શું કહે છે?" એણે સોમેશ્વરને પૂછ્યું. શાસ્ત્રો જેને કંઠસ્થ હતાં એવા રાજગુરુએ શત્રુ સાથેના વર્તાવ વર્ણવતો એક શ્લોક બબડીને સંમતિ આપી.

તે પછી રીતસર રાજસવારીની રચના કરીને આખી મેદનીએ નગરમાં પ્રવેશ કર્યો. મોખરે કાષ્ઠપિંજરવાળું શકટ હંકારીને નગરના રાજમાર્ગ પર સવારી ગાજતેવાજતે ચાલી અને ચૌટે ચૌટે સવારીને ઊભી રાખી એ અફાટ લોકમેદનીને રાજ્યોદ્ધો સંભળાવતો ગયો:

"ગુર્જરો! આ ગોધ્રકપુરના ઘુઘૂલરાજ છે. એક વાર એ ગુર્જરપતિના મંડળિક હતા. પોલું ભાળીને એ સ્વતંત્ર બન્યા. એની ક્ષાત્રવટ ગુજરાતને સુદૃઢ બનાવવાને બદલે છિન્નભિન્ન કરવાને શત્રુઓના હાથમાં રમી ગઈ. એણે ક્ષત્રિય છતાં ડાકુના ધંધા આદર્યા. એણે દેશાવરથી આવતી વણજારોને મહીકાંઠે વિનાકારણે નાકાબંધી કરીને રોકી રાખી. અને એને મોટા રાણા લવણપ્રસાદે ઉપરાઉપરી કાકલૂદીઓ મોકલી કે રાજ, મોરલાની કળામાં પીછું બનીને જ આપણે શોભી શકીએ, ગુર્જરદેશના કલાપિચ્છ બની રહો. એના જવાબમાં મોટા રાણાને આ ઘુઘૂલરાજે એક સાડી ને એક કાજળની દાબડી મોકલીને કહેવરાવ્યું કે તમે પણ મારા અંતઃપુરમાં મેં બૈરીઓ બનાવીને બેસારેલા રાજવીઓનો સંગાથ કરવા આવો, મુજરો કરો! યાદ

છે, ગુર્જરો? વર્ષો પૂર્વેની આ વાત વીસરાય તેવી છે? આજે આપણા મોટા રાણાને એ શ્રમમાંથી ઉગારવા માટે ઘુઘૂલ પોતે જ પધારેલ છે. એ જ સાડી ને એ જ કાજળના શણગાર એમને પોતાને ધારણ કરવાં પડેલ છે."

એમ ચૌટે ચૌટે ફરતી રાજસવારી રાજગઢના ચોકમાં પહોંચી. ગોખે ને ઝરૂખે અંતઃપુરની સ્ત્રીઓની ભીડ જામી હતી. રાણકી જેતલદેની સાથે મંત્રી વસ્તુપાલની બેઉ સ્ત્રીઓ – લલિતાદેવી અને સોખુ – પણ હતી. નહોતાં ફક્ત એક તેજપાલ-પત્ની અનુપમાદેવી. સોખુનો ઉત્સાહ સૌથી અનેરો, એક કુતૂહલપ્રેમી બાળકના જેવો હતો. એ તો ઘડીક ઊભી થતી હતી ને ઘડીક બેસતી હતી. રાણી જેતલને પણ કોણી મારીને એ ગોખમાં આગળ ધસી ધસી, ડોક લંબાવી આ તમાશો જોવા અધીરાઈ દાખવતી હતી.

"અનુપમા કેમ ન આવ્યાં?" જેતલદેએ પૂછ્યું.

"એ તો દેરે ગયાં છે."

"બે ઘડી મોડાં ન જવાત?"

"ના રે, બા!" લલિતાએ કહ્યું, "સૂર્ય મોડોવહેલો ભલે ઊગે, પણ એની દેવપૂજા મોડી ન પડે."

"પણ આ તો એના વરનું જ પરાક્રમ છે."

"પણ અક્કલ તો મારા વરની ને!" સોખુ લહેકો કરતી બોલી ઊઠી.

"હા રે હા, મોટી વરવાળી!" જેતલદેવી હસ્યાં અને લલિતા લજવાઈ નીચે જોઈ ગઈ.

"સોખુ! ગાંડી!" લલિતાએ સમય પારખીને કહ્યું, "નથી તારા દેરનું પરાક્રમ કે નથી કોઈની અક્કલ કામ લાગી. એ તો મોટા રાણાજીના આશીર્વાદ અને નાના રાણાજીનાં ઊજળાં પુણ્યને પ્રતાપે દેરજી ફાવ્યા."

ત્યાં તો રણભેરી અને નિશાનનો બુંબારવ થયો. રાજગઢની સામેના ચોકમાંથી છડીદારનો અવાજ ઊઠ્યો: "ગુર્જરીઓ! આ ગોધ્રકપુરના ઘુઘૂલરાજ ધોળકે મુજરો કરવા આવ્યા છે."

સ્ત્રીઓએ નીચે નજર નાખી. કાષ્ઠપિંજરના કેદીએ એક વાર ઊંચે જોયું, પછી એણે મોં છુપાવી દીધું.

ચોપદારે ફરી વાર માનવમેદનીને કહ્યું: "બરાબર નિહાળી લેજો, ગુર્જરીઓ! આ ઘુઘૂલના નામથી દેશ થરથર ધ્રૂજતો, છોકરાં છાનાં રહેતાં, ગર્ભિણીઓના ગર્ભ પડી જતા, દૂરથી એ દાનવરૂપ લાગતો. એના નામ સાથે અલૌકિક અલગારી કથાઓ રચાણી હતી.

"પણ જોઈ લો, છે એનામાં કશી અસામાન્યતા? છે એને ચાર હાથ? છે એનાં નાક, કાન કે મોં તમારા કોઈથી જુદાં? એ પણ લોહી ને માંસનું માળખું જ છેને? કેવા નાદાન હતા આપણે, કે એને અવિજેય અને અપરાજિત માની લઈ કલ્પનાને ભયે જ કંપતા હતા! ન ડરો ગુર્જરો! આઘે આઘેથી સંભળાતી પરાક્રમ-કથાઓના આડમ્બરે ન અંજાઓ, ન ત્રાસો, ન દબાઓ! આ તો ડાકુઓ છે – દૂરથી ડર પમાડતા; નજીકથી નિહાળો તો એ પણ ચીંથરાના જ છે.

"આ ઘુઘૂલરાજ જો કેવળ શત્રુ જ હોત, તો તેનું આવું અપમાનકારી પશુપ્રદર્શન આપણા રાણાએ અને સેનાપતિએ કદાપિ ન કર્યું હોત. શત્રુ વીર હોય તો એના પરાજય પછી પણ વીરતાને શોભતો વર્તાવ કરવો એ તો ગુર્જરપતિઓનો ગુણ છે. પણ આ તો નરાધમ છે. ચોરડાકુનાં દળો બાંધીને બેઠેલો ક્ષાત્રધર્મનો દ્રોહી છે. રાજમાતા અને રાજનારીઓ! એની કોઈ દયા ન ખાજો ને એનો આ મુજરો સ્વીકારજો.

"રાણીવાસનો મુજરો કરો, ઘુઘૂલરાજ!" એમ કહેતાં એ સૈનિકે ફરી એક વાર પિંજરમાં ગોટો વળીને બેઠેલ કેદીને ગોદાવ્યો. પણ કેદીએ મોં ઊંચક્યું નહીં. એને વધુ ગોદાવતાં એનું શરીર નીચે પડી ગયું અને એનું મોં નજરે જોનાર સૌની ચીસ ઊઠી: "અરરર!"

એ મોં પર મોતની ભયાનકતા ફરી વળી હતી. એની જીભ અર્ધ કરડાયેલી સ્થિતિમાં બહાર નીકળી પડી હતી. એણે શરમથી જીભ કરડીને આત્મઘાત કર્યો હતો.

"ગુર્જરીના શત્રુના હાલ જુઓ!" એટલું બોલીને મંત્રી વસ્તુપાલે આખી જનમેદની પર દૃષ્ટિ ફેરવી અને પછી સવારી વીખરાઈ ગઈ.

ઘુઘૂલ જેવો ભયાનક શત્રુ આટલી સહેલાઈથી સેનાપતિ તેજપાલને હાથે શી રીતે માત થયો તેનું આશ્ચર્ય શહેરમાં પ્રસરી ગયું હતું. એ આશ્ચર્યને શમાવતા સમાચાર સૈનિકો તરફથી મળવા લાગ્યા. વાત આમ સાવ સાદી દેખાતી પણ વિકટ હતી. વિરાટ યંત્રકામની ચાવી જેમ નાનકડી હોય છે તેમ ગોધ્રકપુરના પરાજય સંબંધે પણ બન્યું હતું. તે દિવસ પોતાના ઉપર આવેલ સાડી અને આંજણની ડબી રાજસભામાં સૌને દેખાડી રાણા લવણપ્રસાદે ઘુઘૂલને પાડવા માટે ફેંકેલું બીડું યુવાન તેજપાલે ખાધું હતું તે વખતે ભલભલા ભડવીરોને પણ શરીરે પરસેવો વળી ગયો હતો. તેજપાલ તો તા'માં ને તા'માં ગોધ્રકપુર પર ત્રાટકીને આ પાર ને પેલે પાર કરી નાખવા બેઠો હતો. પણ મોટાભાઈ વસ્તુપાલે જ એને વારી રાખીને વર્ષો સુધી ગોધ્રકના ઘુઘૂલરાજના નાશનું રહસ્ય વિચારી જોયું હતું. તેજપાલને પલે પલે કીડીઓ

ચટકા ભરી રહી હતી, એને શરમ લાગતી હતી કે મારું પણ લેવાઈ રહ્યું છે. એની પ્રતિજ્ઞાને ડંફાસ કહી હસનારા ક્ષત્રિયોનો ને નાગરોનો તોટો નહોતો. વસ્તુપાલના કાન પર આ મશ્કરીના પડઘા પડતા હતા. છતાં તેણે તેજપાલને લાંબો સમય સુધી વારી રાખીને બે બાબતો કરી હતી:

એક તો તેની ગુપ્તચર-વિદ્યા કામે લાગી હતી. ગોધ્રકપુરમાં પેસીને એના રાજદૂતો છૂપે વેશે ધોળકાની ને પાટણની હાંસી હાંકવા લાગ્યા હતા. પાટણ અને ધોળકામાં સૈન્યના સાંસા છે; સોરઠ તો બોડી બામણીનું ખેતર એટલે સીધું પાર ઊતરી ગયું, પણ મહીકાંઠો તો ફણીધરની ફેણ પરના મણિ જેવો છે; તેજપાલે પણ લીધું તે જ દિવસથી ધોળકાની સેનામાંથી યોદ્ધાઓ ખડવા લાગ્યા છે, વગેરે વગેરે.

બીજી તરફથી મંત્રીએ ખબર કઢાવીને ઘુઘૂલનો સર્વોત્કૃષ્ટ સદ્ગુણ કયો છે તેની ચોકસી કરી લીધી. મંત્રીને ઇતિહાસનું જ્ઞાન હતું. ક્ષત્રિય રાજાઓમાંના ઘણાખરાનો વિનાશ એમના અવગુણોને નહીં પણ સદ્ગુણોને આભારી હતો તેવી એની ઐતિહાસિક ઉકલત હતી. ઘુઘૂલનો સદ્ગુણ એને હાથ લાગ્યો. એ સદ્ગુણને વસ્તુપાલે ઘુઘૂલની અભેદ્ય અપરાજેય શક્તિમાં બાકોરા સમો સમજી લીધો.

ઘુઘૂલ અનન્ય ગૌપ્રેમી હતો. ગાયો પ્રત્યેની એની ભક્તિ આંધળીભીંત હતી. પોતાને ગૌપ્રતિપાળ કહેવરાવવામાં એનો પરમ ગર્વ હતો. ગાયો પર હાથ પડે તે ઘડીએ એ ગાંડોતૂર બનીને બચાવવા ધાતો. એ વખતે પોતે ન જોતો શુકન, ન વિચારતો ત્રેવડ, ન થોભતો કોઈની વાટ જોઈને.

મંત્રીની સલાહ મેળવીને તેજપાલે એક ઠીક ઠીક દળકટક સાથે છૂપું પ્રયાણ કર્યું, ગોધ્રકપુરના સીમાડાથી ઠીક ઠીક બહાર દૂર એણે સૈન્યને છૂટક છૂટક ઝૂમખાં પાડીને વહેંચી નાખ્યું અને પોતે ફક્ત દસવીસ માણસોને લઈ, ગાયોના ચોરોને વેશે ગોધ્રકપુરના સીમાડા પર ગયો.

મહીકાંઠે ગૌધણ ચરતું હતું, ને પાંચેક ગોવાળિયા ચલમો પીતા હતા. તેજપાલે પાંચમાંથી એકને નાસવા દઈને ચારને જખમી કર્યા. ધણ વાળીને દસે માણસે તેજપાલ પાછો વળ્યો. પણ એને ઉતાવળ નહોતી. એ પાછળ જોતો જતો હતો કે છૂટો મૂકેલો ગોવાળ દોટાદોટ નગર તરફ વેગ કરી રહેલ છે.

અરધીક ઘટિકામાં તો એણે પોતાની યુક્તિ પાર પડી જાણી. એક આદમી ગોધ્રકપુર તરફથી ઘોડો દોટાવતો ચાલ્યો આવે છે. એના ઘોડા પર પલાણ પણ નથી. એણે પોતેય પૂરાં લૂગડાં પહેર્યાં નથી. એના હાથમાં એકલું ફક્ત ખડગ ખેંચાયેલું છે. એકલા ચડવાની એની હિંમત અસ્થાને નહોતી. એનો કદાવર દેહ, એની કરડાઈ, એનો મરોડ, ને એનો કસાયેલો હાથ જ કહી દેતો હતો કે ગેડી

જેમ દડાને ઉપાડી લે તેમ એ દસ જણાને તો કાપી નાખે તેવો મહાકાય હતો.

તેજપાલે વેગ વધાર્યો. ગાયો ઉપર ડંડાની પ્રાછટ બોલાવીને ધણને હાંક્યે રાખ્યું. ગાયો ભાંભરતી હતી ને પરોણાની પ્રાછટ દૂર સુધી સંભળાય તેવી હતી. એકાકી ઘુઘૂલની ગૌપાલકતાને પાનો ચડાવે તેવી એ યુક્તિ ફળતી હતી. ઘુઘૂલ ગગનમાંથી ખરતા તારાની જેમ આવતો હતો.

ઘુઘૂલ લગોલગ આવી લાગ્યો તે વખતે તો તેજપાલે ગોધણને પોતાની છુપાયેલી સેનાના ચકરાવામાં દાખલ કરી દીધું હતું. એને નજીક આવવા દઈને પછી જ સેના એને ભરડો લઈ વળી. એકલ યોદ્ધો ઘુઘૂલ અમાપ બળજોર દાખવીને આટક્યો. પણ આખરે એને પછાડી, મારી લોથ કરી, પાંચવડીએ બાંધી, ઘોડે નાખી થોડાંક માણસો સાથે રવાના કરીને તેજપાલે ગૌધનને પાછું ગોધરા તરફ તગડ્યું.

ગૌધનને ગામ તરફ આવતું દેખીને ગોધ્રકનાં સૈન્ય ભુલાવામાં પડ્યાં. ઘુઘૂલ પર વિપદ પડી માની મોટી સેના એની શોધમાં રવાના થઈ ગઈ. એમ કરતાં રાત પડી. એટલે તેજપાલ ગુર્જર ફોજ લઈને ગોધરા ઉપર તૂટી પડ્યો. હજુ દ્વાર દેવાયાં નહોતાં એટલે ગુર્જર કટક અણસજ્જ ગોધ્રકસૈન્ય પર ફાવી ગયું. મહીકાંઠો ધોળકાના કબજામાં આવ્યો, ને ઘુઘૂલે કેદ રાખેલા અન્ય મંડલેશ્વરોને મુક્ત કરીને તેજપાલે પોતાનો પક્ષ મજબૂત બનાવી લીધો. ઘુઘૂલને પકડી, વંઠકોએ રસ્તામાં એને એની પોતાની જ મોકલેલી સાડી તેમ જ કાજળ-ડબીના સાજ કરાવી કાષ્ઠપિંજરમાં પૂર્યો અને છૂપો છૂપો ધોળકામાં આણ્યો.

## 2

# મહામંત્રીનું ઘર

**પો**રવાડ-વાડાને આગલે છેડે જે નાનું ડેલું હતું એ મંત્રીબાંધવોનું ઘર હતું. સાંકડી પોળમાં વિજયસવારીનો સમાવેશ નહોતો, એટલે બંને ભાઈઓ પગે ચાલીને જ ઘરને આંગણે આવ્યા. પાછા વળતા લોકો વાતો કરતા હતા કે કારણ તો ગમે તે હો ભાઈ, પણ મંત્રી ને સેનાપતિ રાણાની રોજની માગણી છતાં રાજગઢમાં રહેવા જવાનીયે ના પાડે છે, તેમ બીજી કોઈ પહોળી જગ્યાનાં મકાન કરવાની પણ અનિચ્છા સેવે છે. કોઈ પૂછતું તો મંત્રી ભાઈઓ કહેતા કે રાજગઢ તો આજ છે ને કાલે ન હોય. અને આ તો ભાઈઓની ભીંસ છે, એનાથી ન શરમાઈએ. આજની મોટાઈ એ તો વંટોળિયે ચડેલી માટી છે. કાલે વંટોળિયો વહ્યો જાય એટલે માટીએ તો પૃથ્વી પર જ પડવાનું છે ના! કોઈ વળી એમ પણ માનતાં-મનાવતાં કે બેઉ જણ પાકા કાળજાના છે, લૂંટી-લૂંટીને ઘરમાં છૂપો માલ ભરવો હોય ખરોને!

નાના ડેલાની એક બાજુ પચીસેક લેખકો (ગુમાસ્તાઓ) ને વાણોતરો સમાય તેટલી પહોળી જગ્યા હતી. ત્યાં આખો દિવસ પત્રો પર લેખણો ચાલતી, હૂંડીઓ લખાતી, દ્રવ્યો ગણાતાં, સોનારૂપાં લેવાતાં ને વેચાતાં. સૌની વચ્ચે ગાદી ઉપર એક તેરેક વર્ષનો બાળક બેસતો તે અઢારેક વર્ષનો લાગે તેવી એની ભરાવદાર દેહકાઠી તેમ જ ગરવાઈ હતી. વાણોતરો પ્રત્યેક કામ બાબત એને પૂછતા, એની સંમતિ લેતા, પણ બાળક એ સૌની પાસેથી શીખતો હોય તેવી અદાથી બોલતો ને સમજવા યત્ન કરતો. એ તેજપાલના મુદ્રાવ્યાપારની જૂની શરાફી પેઢી પર બેસી ગયેલો તેનો એકનો એક પુત્ર લૂણસી હતો.

તે દિવસ પોતાના પિતાના વિજયપ્રવેશનો હતો તે છતાં આ બાળકના મોં પર ઉદ્વેગ હતો. બહુ મોટી પણ નહીં ને બહુ નાની નહીં એવી એની આંખોમાં કોઈ આવેશની લાલી હતી ને એ લાલાશ પર વારંવાર આંસુનાં જાળાં બંધાતાં ને વીખરાતાં હતાં. તેની પાસે ચિઠ્ઠીઓ લઈ લઈને કનિષ્ઠ જાચકોથી માંડી મહાન કાવ્યવેત્તાઓ તે દિવસે આવતા હતા ને ચિઠ્ઠીમાં માંડેલ આંકડા મુજબ એ પ્રત્યેકને પોતે રકમો ચૂકવતો હતો. તે દિવસની રાજસભામાં પોતાના પિતાને તેમ જ

મોટાબાપુને બિરદાવનારા કવિઓને મોટાબાપુએ જે ઇનામો આપ્યાં હતાં તેની આ ચુકવણી હતી.

ડેલું, ડેલા પરની મેડી અને આ પેઢી, ત્રણેય સાંકડાં હતાં. પણ અંદર જનારને એ ઘરનું ચોગાન વધુ ને વધુ વિશાળ થતું દેખાતું હતું. એ ઘરની પકતાણ બધી પાછળના વંડામાં હતી, ને ત્યાં પચાસેક હથિયારધારી સૈનિકોનું એક જૂથ રહેતું, તેમ જ એ પરસાળમાં સોએક બ્રાહ્મણો બેઠા બેઠા વેદની ઋચાઓ ગાતા હતા. શ્રાવકોના શ્રેષ્ઠ એવા આ ખોરડાને વિપ્રોના શાસ્ત્રનાદથી ગુંજતું સાંભળી પહેલાં તો જૈન શ્રમણો કચવાતા હતા, પણ મંત્રી બંધુઓએ તેમને કશું કોઠું ન આપવાથી હવે સૂરિઓ-યતિઓ ચૂપ થયા હતા.

વિજયપ્રવેશ પતી ગયા પછી એ ઘરમાં એક કિશોરકન્યા દાખલ થઈ અને તેણે વારંવાર પેઢી પર જઈને લૂણસીને ઘરમાં આવવા કહ્યું. ચિઠ્ઠીઓની ચુકાત પતાવીને લૂણસી અંદર આવ્યો ત્યારે એ કિશોરી એની સામે તાકતી ઊભી. એ હતી રાજગુરુ સોમેશ્વરદેવની પુત્રી રેવતી. એણે લૂણસીને પૂછ્યું: "જોઉં, કઈ આંગળી મરડી વીરમદેવે?"

"ના રે, કંઈ જ નથી." એમ કહી લૂણસીએ પોતાના હાથને પીઠ પાછળ ખેંચી લીધા.

"રાણાનો પાટવી કુંવર રહ્યો એટલે શું થઈ ગયું?" રેવતીએ લૂણસીની સામે જોઈને ક્રોધ દર્શાવ્યો: "તારો શો વાંક હતો તે વીરમદેવે ધમકી દીધી?"

"ચૂપ રહે, રેવતી!" લૂણસીએ પોતાની સાથે સિદ્ધેશ્વર મહાદેવમાં સોમેશ્વરદેવ પાસે ભણતી આ બહેનપણીને વારી: "તું કંઈ જ રાડબૂમ કરે તો તને મારા સમ છે. કાકાબાપુ કે બાપુ, ગુરુજી કે રાણા જો જાણશે તો આજના રંગમાં ભંગ પડશે."

"નહીં કહું કોઈને. પણ તને તેણે કહ્યું શું તે તો કહે!"

"તું આવી મોટી ફરિયાદ સાંભળનારી!"

"કહેતો હોય તો કહે, નહીં તો હું ઘર ગજાવી મૂકીશ."

"કહ્યું કે આજ તો લૂંટની મતા ભલે ભેળી કરો, હું રાણો થઈશ ત્યારે બધું જ પાછું ઓકાવીશ."

"હં-હં – અત્યારથી!" એમ બોલતી રેવતીની આંખો ચકળવકળ થવા લાગી, "બીજું?"

"બીજું એ કે, રાણાજીનું મન નહોતું તોપણ ઘુઘૂલનું પાંજરું શહેરમાં ફેરવ્યું, એટલી બધી શું તારા બાપની પતરાજી!"

"કેટલા બધા ફાટી ગયા છે વીરમદેવ? મોટા થશે ત્યારે શું નહીં કરે?"

ત્યાં તો અંદરની મેડી પરથી કોઈએ સાદ પાડ્યો: "બેઉ જણાં આંહીં આવો તો!"

એ સાદ કાકાબાપુનો હતો. વસ્તુપાલે બેઉને પોતાની પાસે લઈ બેઉના મસ્તક પર હાથ રાખી, કોઈ ચોથાના કાને ન પડે તેવી રીતે કહ્યું: "છોકરાંઓ, મને એ બધી ખબર છે. વાતને દાટી દેજો, જાવ, સૌને જમાડવાની તૈયારી કરો. સૌની પહેલાં કોને જમાડી લેવાના છે, એ જાણે છે કે લૂણસી?"

"જી હા, દેવરાજદાદાને."

"દેવરાજદાદા આજના ઉત્સવમાં હતા કે?" મંત્રીએ પૂછ્યું.

"અરે હતા તો શું, કાકાબાપુ!" બોલકણી રેવતીની જીભ ચાલુ થઈ, "એ તો જાણે કે ડોસા મટીને છોકરું બન્યા હોય તેમ ઉત્સવ જોઈને લાકડીને ટેકે ટેકે કૂદતા હતા. એનું તો ધ્યાન જ રાણાજી ઉપર ચોંટ્યું હતું ને એની આંખોમાંથી તો આંસુડાં હાલ્યાં જ જતાં'તાં. મેં કહ્યું કે, દાદા! કેમ રડો છો? તો એ કહે કે, હું ક્યાં રડું છું! રડેને મારા વીરધવલના વેરીની બૈરીઓ!"

"ક્યાં છે દાદા?"

"ડેલીની ચોપાટમાં."

"ચાલો, હું મળું." મંત્રીએ ડેલે જઈને એક વૃદ્ધ ક્ષત્રિયને ખભે હાથ મૂક્યો. આંખોનાં પોપચાં નીચાં ઢાળીને જ બેસતા એ એંશી વર્ષના બુઢ્ઢાએ પોતાને અડકનાર તરફ જોવા મોં ઊંચકીને આંખો પર છાજલી કરી. માંડમાંડ મોં દેખી શકાયું. વૃદ્ધે મંત્રીના પગમાં પોતાના બે હાથ નાખ્યા. મંત્રીએ બાળકભાવે એ ચોકીદાર જેવા જણાતા વૃદ્ધના હાથ ઝાલી લઈને પૂછ્યું: "કાં બાપુ, કેમ છો?"

"ધુબાકા!" વૃદ્ધે હસતાં ને રડતાં પ્રત્યેક અક્ષરને ગામડિયો મરોડ આપીને 'ધુબાકા' શબ્દ સંભળાવ્યો.

"હેઈ ખરાં! તો તો ઠીક," મંત્રીએ કહ્યું, "આંહીં ગમે છેના! નીકર ચાલો ખંભાત."

"ના રે. સિદ્ધેશ્વર ભગવાનની માળા ફેરવું છું ને લહેર કરું છું. ત્યાં આવું તો પાછો જીવ આંહીં લંભાયા કરે."

"એ તો બરાબર છે. પોતે તમને મળે તો છેને?"

"હોવ! વાતો પણ કરે છે."

"પોતે શરમાતા નથીને?"

"બિલકુલ નહીં, કડકડાટ વાતો ઝીંકે છે. એના પંડની તો મને ખાતરી છે. પણ..."

"શું પણ?"

"દીવાની વાંસે..."

"અંધારું નહીં થાય, દીવો જ થશે. ફિકર ન કરો."

"રંગ!" બુઢ્ઢો એ શબ્દના ઉચ્ચારણના મરોડ જ કોઈ અપૂર્વ પ્રકારે કરતો હતો: "તમે બે ભાઈઓ બેઠા છો ત્યાં સુધી તો ફેર પડે નહીં."

"અમે બે ના!" મંત્રીએ કહ્યું, "જમડા આવે તો એનેય ના કહી દેશું કે, હમણાં નહીં."

"હા, તમારી હા! ને મારી પણ હા માનજો, હો કે! હજી તો આ ભોમકાના ચૂડા જેણે ઉતરાવ્યા છે તેને તમામને તમારાં પીંજરાંમાં પુરાયેલા જોઈને પછી જ જાઈશ."

"વાહ વા! વાહ વા! સિદ્ધેશ્વરમાં બેઠા બેઠા આ છોકરાંઓને બરાબર એ પાઠ પાકો કરાવજો, હો કે બાપુ!"

"આ રેવતી તો કાળા કોપની છે, મંત્રીજી! એને હું તે શું પાઠ ભણાવતો'તો! વીરમદેવ કુંવરનેય હાથ જીભ કઢાવે છે ને."

"હું – એનું કાંઈ નહીં. પધારો જમવા." એમ કહીને એ વિલક્ષણ ડોસાને ચૂપ કરતા મંત્રીએ પોતે એને લઈ જઈ, બેસારી, પાસે બેસી ખરી ખાંતે જમાડ્યો ને સિદ્ધેશ્વરમાં પહોંચાડ્યો.

એ વૃદ્ધ ધોળકામાં એક ભેદી પુરુષ હતો. સૌને ફક્ત એટલી જ ખબર હતી કે એને મંત્રીએ સિદ્ધેશ્વરનો રખેવાળ રાખ્યો હતો. એની સાચી ઓળખાણ ફક્ત ત્રણચાર જણાને જ હતી: બે મંત્રી ભાઈઓને, રાણા વીરધવલને અને દેવ સોમેશ્વરને. એ હતો રાણા વીરધવલનો ધર્મપિતા, મેહતા ગામનો રાજપૂત ત્રિભુવનસિંહ, જેનું ધોળકા ખાતેનું નામ હતું દેવરાજ પટ્ટકિલ. લોકો ફક્ત એટલું જ સમજતા કે મોટા રાણાએ વીરધવલને એની નાની વયમાં આ પટેલને ઘેર મુસીબતના સમયમાં છુપાવી રાખ્યા હતા.

## 3

# કકળાટનું દ્રવ્ય

સપરિવાર સ્તંભતીર્થ જતાં પહેલાં મંત્રી વસ્તુપાલ નાનાભાઈ સાથે એકાંતે વાતો કરતો બેઠો હતો તે વખતે લૂણસીએ બહારની પેઢી પરથી આવીને પિતાને બહાર બોલાવી કહ્યું: "ગોધ્રકપુરના કબજે કરેલ સોનાંરૂપાં ને જરજવાહિરનાં વધુ શકટો લઈ સૈનિકો આવી ગયા છે."

"તે તો રાજદુર્ગમાં જ મોકલવાનાં છે." તેજપાલે ખુલાસો કર્યો.

લૂણસીએ એને ખબર દીધા: "રાણાજીએ જ રાજદુર્ગમાંથી આ ભાગ આપણે માટે મોકલેલ છે. સાથે આ અર્પણ-પત્ર પણ છે."

બંને ભાઈઓએ રાણાની ઉદાર ભેટનું લખાણ વાંચ્યું, અને વસ્તુપાલે કહ્યું: "તો ઉતરાવી લો."

લૂણસી નીચું જોઈ ગયો ને કંઈક કહેતાં ખચકાયો.

"કેમ? શું મૂંઝાઈને ઊભો છે?" તેજપાલે પૂછ્યું.

લૂણસી વગરબોલ્યો ઓરડાની બહાર નીકળીને ઊભો રહ્યો એટલે તેજપાલ ઊઠીને એની પાસે ગયો, પૂછ્યું: "કેમ જડભરત જેવો બની ગયો છે?"

"મારી બા ના પાડે છે." લૂણસીએ કહ્યું.

સાંભળીને તેજપાલ કોઈ ન અવગણી શકાય તેવી અદૃશ્ય સત્તાની શેહ નીચે આવી ગયો હોય તેમ થંભી ગયો. લૂણસીને બીક હતી કે પિતા કોપાઈ ઊઠશે. તે બીક ખોટી પડી. ગોધરાની જીતમાંથી આ વણિક લડવૈયાને કોઈક ગરવાઈનો સંસ્કાર સાંપડ્યો હતો. રાજદુર્ગમાંથી અપૂર્વ અનુપમ માનઅભિનંદનોથી મઢાઈને એ ઘેર પાછો વળ્યો હતો છતાં પત્ની અનુપમાએ એને વધાવ્યો-અભિનંદ્યો નથી, એ તો ઊલટાની દેવમંદિરે જઈને બેસી ગઈ હતી, અને પાછી આવીને પૂર્ણ આનંદભરી સૌને મંગલમીઠું ધાન પીરસતી પીરસતી મંદ વિનોદ કરતી કરતી જમાડતી હતી, છતાં પોતે તો આંબેલ (એક ટાણું સૂકું જમવાનું વ્રત) ધરી ચૂકી હતી. એવી ધર્મપરાયણા અને છતાં શુષ્ક કે કર્કશ જરીકે નહીં તેવી પત્ની તરફથી આ રાજ-ભેટ સ્વીકારવાની ના સાંભળી તેજપાલ મોટાભાઈ પાસે જઈ મૂંઝાતો બેઠો.

વસ્તુપાલને ખબર પડી. એણે લૂણસીને પૂછ્યું: "જા, પૂછી જો બાને, એ આંહીં આવે છે કે અમે જ ત્યાં આવીએ?"

લૂણસી સાથે અનુપમા તરતમાં જ આવી પહોંચી. એના મોં પરથી સ્મિત તો કદી સુકાતું જ નહોતું. અંદરથી ક્ષુબ્ધ છતાં તળિયા સુધી ટાઢી એ રહી શકી હતી.

"કાં?" વસ્તુપાલે સહેજ હળવા કટાક્ષે પૂછ્યું, "શો વાંધો પડ્યો? લઈ લેવા દો ને! નહીં લ્યો તો પછી કોઈ પાઘડી નથી બંધાવવાનો!"

"આપનું ધ્યાન પહોંચે તેમ કરો, પણ હું તો એટલું જ માગું છું કે લૂણસીના ઘરમાં એ લક્ષ્મી ન પેસાડવી."

"કારણ?"

"લૂણસી એના પુરુષાર્થનું ને એની નીતિનું રળેલું જ ભોગવે."

"તો આ શું તેજલ અન્યાયથી ને અણહકનું ઉપાડી આવ્યો છે?" વસ્તુપાલ લગાર તપ્યો.

"એ હકનું લાવ્યા હશે, પણ એ દ્રવ્યના સ્વામી રાણાજીયે નથી ને ઘુઘૂલ પણ નહોતો. એ તો લાખોને લૂંટીને સંગ્રહેલ લક્ષ્મી!"

"પણ આપણે તો એને છોડાવી લાવ્યા."

"નહીં, ઘુઘૂલ જીભ કરડીને મૂઓ છે. તેનું દ્રવ્ય આપણાં બાળકોને ન દેશો."

"રાણા રાજીખુશીથી, સૌની સાક્ષીએ આપે તોપણ ન લેવું?"

"ના, કારણ કે મને તે દિવસનું ઘટ-સર્પ યાદ આવે છે."

"પણ તેમાં તો આપણે નિર્દોષ પુરવાર નહોતા થઈ ગયા?"

"એ તો વૃદ્ધોનાં પુણ્ય, ને થોડીક આપણી યુક્તિ!" અનુપમાએ મંદ હાસ્ય વેર્યું.

"યુક્તિ!!!" તેજપાલ સહેજ ગરમ થઈ ગયો.

"તેજમતૂરીને ધૂળ કહી તે યુક્તિ નહીં તો બીજું શું?"

સાંભળીને તેજપાલ ટાઢો પડ્યો.

ઘટ-સર્પવાળો પ્રસંગ ઘણો ભયંકર બની ગયો હતો. સ્તંભતીર્થના આરબ નોડા સદીકને લૂંટી લઈ તેના શરીરને મલ્લો પાસે ચંપી કરાવી હાડકેહાડકાં ભંગાવી મરાવી નાખ્યો, તે પછી તેના સગાએ આવીને રાણા આગળ ધાપોકાર પાડ્યો કે મંત્રી અમારી નેકીથી રળેલી કમાઈ પણ ઓળવી ગયા છે, માટે ન્યાય કરો. રાણાએ વસ્તુપાલને નિર્દોષ સાબિત થઈ જવાની, રસમ મુજબની, ભયાનક કસોટી પર ચડાવ્યા હતા. ઘટ-સર્પ: માટીના ઘડામાં કાળો વિષધર નાગ મુકાવીને એને હાથ

વડે બહાર ખેંચવાની એ કસોટી હતી. હજારો લોકોની વચ્ચે વસ્તુપાલે એ સાપને ઘડામાંથી ઉઠાવીને બહાર ફેંક્યો હતો. ફેંકાયેલો કાળો નાગ સદીકના જ કુટુંબીની બેઠક પર જઈ પડ્યો હતો, અને એ નાગે એને ફટકાવીને ત્યાં ને ત્યાં પૂરો કર્યો હતો.

પણ અનુપમા જાણતી હતી કે જેઠજીના તે વખતના શબ્દો યુક્તિભર્યા હતા. એણે સર્પ ઉપાડતી વેળા સંભળાવ્યું હતું કે, 'જો મેં સદીકના ઘરની કુલઝપટ સંપત્તિની ટીપ કરીને રાજભંડારે જમા કરાવી દીધી હોય, અને એના ઘરની ધૂળ સિવાય અન્ય કશું પણ લીધું હોય તો સાપ મને કરડજો, નહીંતર આરોપ મૂકનારને!'

એ 'ધૂળ' તો હતી ખરી – પણ તેજમતૂરીની ધૂળઃ સોનાની માટી! એ માટીનું જ કોટાનકોટિ દ્રવ્ય આજે તેમના ઘરમાં હતું.

અનુપમાની સામે મંત્રીનો કશો બચાવ નહોતો રહ્યો.

પણ તેટલામાં તો રાજગઢમાંથી ઉપરાઉપરી અનુચરો આવતા હતા. રાણાએ મોકલેલ લક્ષ્મીનાં શકટો અણઅટક્યાં મંત્રી-દ્વારે ઊભાં થઈ રહ્યાં, એ તો નગરમાં અદ્‌ભુત અને ન મનાય તેવો બનાવ હતો. નગરજનો કંઈ કંઈ વાતો કરી રહ્યા હતા. કોઈએ કહ્યું કે સેનાપતિ પરબારા હજમ કરી જવા માગતા હતા તેની રાજને ખબર પડતાં પકડાઈ ગયું છે. કોઈ કહે કે પૂરતો ભાગ નથી મળ્યો માટે મંત્રીબંધુઓ કચવાયા છે. હજુ તો પ્રભાતને જ પહોરે સન્માનેલા ને મોતીએ વધાવેલા પોતાના નગર-વીરને વિશે આવી આશંકાઓ ઊભી કરવી એ જાહેર પ્રજાને માટે સ્વાભાવિક વસ્તુ હતી.

આખરે રાજદુર્ગમાંથી સંદેશો લઈને પાલખીએ ચડી સોમેશ્વરગુરુ મંત્રીગૃહે આવી ઊભા થયા. તેમણે આખી વાત જાણીને અનુપમા પ્રત્યે હૃદયની ભક્તિ અનુભવી. પણ રાણક-કુળ અને મંત્રી-કુળ વચ્ચે સદાય સાચી સમજણ કરાવતા, ગેરસમજની શક્યતાને દૂર રાખતા, બે મોતીમાં પરોવાયેલા હીરના દોરા સમા સોમેશ્વરગુરુએ તોડ કાઢવા યત્ન કર્યો.

"દેવી! આજના વિજય-દિનને સાચવી લેવો રહ્યો."

"વિજય-દિન તો ખરો," અનુપમા દુઃખ અનુભવતી બોલી, "પણ બંદીવાને જીભ કરડી છે. નગરજનોમાં એનો આનંદ પ્રવર્તે એ કેવી વાત! કેવો સંસ્કાર! એની સંપત્તિ, સદીકની સંપત્તિ, વામનસ્થલીની સંપત્તિ, નાનામોટા સૌરાષ્ટ્રી ઠાકોરોની ને પટ્ટકિલોની છીનવેલી સંપત્તિ, એ બધીમાંથી અમારા ઘરમાં ભાગ આવ્યો છે – ભલેને રાણાજીના વિજયદાન લેખે, પણ એ કકળાટનું દ્રવ્ય છે. કાં કોઈક દિવસ રાજની દાનત બગડશે ને કાં પ્રજા એવી લૂંટને સંસ્કાર સમજતી થઈ જશે. વધુ

તો હું એક સ્ત્રી ઊઠીને કહું તે ન શોભે! પણ આ તો આપણા લૂણસી અને આપણા જેતસી[1]ના ભલા માટે કહેવાઈ જાય છે. દાન રાજા કરે છે તેમ ઘટ-સર્પ પણ રાજા જ ફરમાવે છેના!'

એમ કહીને અનુપમા ચૂપ બેઠી.

"વારુ!" વસ્તુપાલે કહ્યું, "લૂણસી! દ્રવ્ય બધું ઉતરાવી લે ને જુદે જ ઠેકાણે મુકાવ, અને હવે આપણે આ આખી વાતનો બંધ આજ ને આજ વાળી દઈએ. કહો, પેઢીનું દ્રવ્ય જુદું તારવી લઈએ. રાજલક્ષ્મીનો એક દ્રમ્મ પણ એમાં ભળેલો ન રહેવો જોઈએ. તે સિવાયની શ્રીકરણ (મંત્રીપદ) સ્વીકાર્યા પછી આજ સુધીની રાજ તરફની ઇનામની લક્ષ્મીને જુદી તારવીએ."

"હા, અને એમાંથી આપ અને અનુપમાના દાનપ્રવાહ હજુ વિશેષ જોરથી વહેતા રાખો, મોકળે હાથે આપો, ધોળકાને વિદ્યાનું પરમ ધામ બનાવો, મોટાભાઈ!" તેજપાલે કહ્યું.

અનુપમાથી હસાઈ ગયું. તે દેખી તેજપાલ જરીક ગરમ થયા. વસ્તુપાલે એને વાર્યો: "તેજલ! આ શું? બોલો અનુપમા, કેમ હસ્યાં?"

"એ તો એમ કે, દાન કરીએ આપણે, દ્રવ્ય વાપરીએ પારકાનું! એ કીર્તિ કેટલા દિવસ?"

"તો પછી?"

"વિદ્યાદાન તો આપ વિદ્યાના પ્રેમી છો તેથી કરો છો ને અન્નવસ્ત્રનું દાન તો હું મારા અને સ્વજનોના શ્રેયાર્થે કરું છું. એ કરવામાં તો દ્રમ્મેદ્રમ્મ આપણી જ કમાઈનો હોય."

"પણ તું કંઈ રસ્તો બતાવશે કે નહીં?" તેજપાલ ચિડાયો.

"મને તો એક રસ્તો સૂઝે છે." અનુપમાનો ચહેરો પ્રકાશી ઊઠ્યો, "રાજ્યે અર્પેલી લક્ષ્મી અક્ષય રહે, જગત આખું એને જુગજુગો સુધી જોઈ રહે, જોઈ જોઈને આનંદ પામે, પ્રભુને ને પુન્યને ઉપાસી રહે, તે છતાં એક દ્રમ્મ પણ એમાંથી કોઈ અપહરી ન શકે."

"એવું બની શકે?"

"હા, ગિરિશિખરો પર અને તળેટીઓમાં, વનોમાં ને નગરોમાં પ્રભુપ્રાસાદો ને ચૈત્યો ચણાવો, ઉપર સોનાના ધ્વજો, સ્તંભો ને સુવર્ણકળશો ચડાવો, આંહીં આટલું દ્રવ્ય ઠાલવ્યું છે એવી પ્રશસ્તિના શિલાલેખો કોતરાવો, સહુ વાંચશે, કોઈ નહીં લઈ જઈ શકે."

---

1. વસ્તુપાલનો પુત્ર

"વહુની સલાહ વાજબી છે." જેઠના ઉદ્‌ગારોમાં આનંદ વિલસ્યો.

"એ કામ ઉપાડો તો હું કહું તે સૂત્રધારને (સલાટ-શિલ્પીને) ગોતશો?" અનુપમાની આંખો આમ પૂછતી વેળા જાણે સ્વપ્નભરી બની ગઈ.

"કોને?"

"શોભનદેવને, એની ભાળ મળશે – કાં અર્બુદગિરિ પર ને કાં શત્રુંજય ઉપર." એમ કહેતી એ ચાલી ગઈ.

"તું કાંઈ સમજી શક્યો, તેજલ?" વસ્તુપાલે ઓરડાની હવાને પણ આશાતના ન પહોંચે તેવા સ્વરે કહ્યું.

"ના, ના, પણ એ ઘેલી કોઈ કોઈ વાર 'શોભનદેવ! શોભનદેવ! પાછા વળો!' એવું એવું કંઈક લવતી હોય છે."

"ઘેલી એ નથી, ભાઈ! ઘેલા તો આપણે છીએ કે એને સમજી શકતા નથી. શોભનદેવ નામનો એક યુવાન શિલ્પી આંહીં આવ્યો હતો ને એના હાથનું ભોજન જમી ગયો હતો. અનુપમાએ એને આપણા મૂએલા ભાઈ લૂણિગનો અવતારી માન્યો છે."

તેજપાલ કાંઈ બોલ્યો નહીં.

"જોજે હો ગાંડા!" વસ્તુપાલે ઊઠતાં ઊઠતાં નાના ભાઈને ચેતવ્યો, "આજે એને સમજી શકતો નથી તે પાછળથી માથાં પટકતો નહીં કે, અરેરે જીવતે તો ન જ ઓળખી!"

"પણ એ ધર્મવંતીને પહોંચવું ક્યાં?" તેજપાલનું ભાલ કરચલીએ ખેડાયું, "ઘુઘૂલે જીભ કરડી એનુંય એ તો પ્રાયશ્ચિત્ત કરીને બેઠી છે."

"નારી છે ને! ભલે કરે પ્રાયશ્ચિત્ત. હું તો ઇચ્છું કે ઘુઘૂલના જેવું મોત ગુર્જરભોમના પ્રત્યેક શત્રુને સાંપડે, ભલેને શ્રાવકો ને શૈવો થોડાક લોહીને, થોડીક બિભીષણતાને, થોડી કમકમાટીને ટેવાય!" બોલતો બોલતો એ ભીષણ દેખાયો.

# 4

# વીરમદેવ

ત્રીજે દિવસે રાત પડતી હતી. બુઢ્ઢા દેવરાજ પટ્ટકિલ સિદ્ધેશ્વરના દ્વાર પરની એક ઓરડીમાં બેઠા હતા, ત્યારે કુમાર વીરમદેવ ત્યાં લપાતો લપાતો આવ્યો. એણે બોલ્યા વગર ડોસાના હાથ પર હાથ પસવાર્યા.

રાતે દેખી ન શકતા ડોસા દેવરાજે સ્પર્શ પરથી વીરમદેવને ઓળખ્યો, હેબતાઈને પૂછ્યું: "અરે બાપા! તમે અત્યારે આંહીં?"

"આસ્તે બોલો, દેવરાજ!" વીરમદેવ બીતો છતાં હુકમ દેવાની ઢબે બોલ્યો, "મને આંહીં સંતાવા દો."

"કાં?"

"મને પકડવા આવે છે!"

"કોણ?"

"બાના વંઠકો. પણ મારે ત્યાં જવું નથી. મારે પણ રેવતીની ને લૂણસીની જેમ તમારી વાર્તા સાંભળવી છે."

"તો ભાઈ, હાલો હું રાજગઢમાં આવીને સંભળાવું."

"ના, મારે તો આંહીં જ સાંભળવી છે. સંભળાવવી જ પડશે. કેમ નહીં સંભળાવો? હું જોઈ લઈશ."

"અરે બાપા! મારાથી સંતાડાય? ચોર થવાય? બાપુની ને માની પાસે પધારો."

"એની પાસે?" વીરમદેવનો ત્રાડૂકતો સ્વર બદલાયો, સંતાપ ટપક્યો: "કોણ જવા દે છે? મને મળવા કોણ નવરું છે?"

"અરે એમ હોય, મારા બાપ?"

"એમની વાત છોડો છો કે નહીં, બુઢ્ઢા?" વીરમદેવને જાણે કંઈક કહેવું હતું પણ પોતે કહી શકતો નહોતો.

"ભાઈ, રાજકુળની રીત તો રાખવી જોઈએ ના! તમારે તો રાજા થવાનું છે."

"નથી જોતું રાજ. લોહી કાં પીઓ છો બધા?" વીરમદેવના સ્વરોમાં ઉત્તાપ

હતો.

"હે-હે-હે- રાજ ન જોઈએ? શા સાટુ ન જોઈએ, બાપા?"

"હું શું તમારો વંઠક છું તે રાજ કરવા બેસું? મને વારે વારે કેમ સૌ કહ્યા કરે છે કે, રાજ જોતું હોય તો આમ કરો, આમ નહીં કરો તો રાજ નૈ મળે! મને ઝટ સંતાડો, દેવરાજ, હું રાજા થઈશ તે દી તમારો ગુણ બૂઝીશ."

પણ દેવરાજ આ અવળચંડા તરીકે ઓળખાતા કુમારને છૂપું રક્ષણ ન આપી શક્યો. ખિજાયેલા સાપની પેઠે સીંકોટા કરતો વીરમદેવ બહાર ગયો, એને નજીકના જ બ્રાહ્મણવાડાને નાકે રેવતી મળી. એણે કહ્યું: "ચાલ રેવતી, મને તારા બાપુ પાસે લઈ જા. મારે એને કંઈક પૂછવું છે."

"પણ તમારો ભણવાનો સમય તો સવારનો છે. તમે અત્યારે એકલા કેમ આથડો છો? કોઈ તમારી સાથે કેમ નથી?"

"તો તું કેમ એકલી રખડે છે? હું શું તારાથી ઊતરતો છું?"

"અરે ભગવાન!" બોલકણી રેવતીએ એને ઝટ લઈ જવાને બદલે કહેવા માંડ્યું, "તમારે તો રાજા થવું પડશે. રાજાનો કુંવર તે કંઈ ફાવે ત્યાં ભટકે?"

"હવે તું તે કોણ રાજા કરનારી?" કુમાર વીરમદેવે રેવતીનો હાથ ઝાલ્યો. રોજ એનું ટીખળ કરવા ટેવાયેલી રેવતીએ એનાથી એ અંધારે ડરીને હાથ ઝટકાર્યો. તરત જ એનો હાથ છોડી દઈને વીરમદેવ કહે: "રેવતી, ભલી થઈને મને તારે ઘેર લઈ જા."

"તો લૂણસી શેઠની આંગળી ચગદી એની ક્ષમા માગશો?"

"હું ક્ષમા માગું?" એમ કહી એણે દાંત પીસ્યા, "હું તો રાજા થવાનો છું."

"તો એ પણ મંત્રી થશે, જોજોને."

"હું એને ધોળે ધરમેય ન રાખું, લાત મારું."

"મારજો તો ખરા તે દિવસે! ઉઠાડી જ મૂકશે." રેવતી એને વધુ ને વધુ ચીડવતી હતી.

"ઉઠાડનારો છે કોણ?" વીરમદેવ બીજા રંગમાં આવી ગયો, "હું ઊઠું તે પહેલાં ઉઠાડનારનું માથું જ ધડ પરથી નહીં ઊઠી જાય!"

એમ કહીને એણે પોતાની પાસેની કૃપાણ ખેંચી.

"વોય બાપ!" કહી રેવતી વાડાની અંદર દોડી ગઈ અને વીરમદેવ ત્યાં થંભી ગયો. રેવતી એ શું બકી ગઈ હતી તે પર પોતે ચિત્ત ઠેરવ્યું: લૂણસીને મંત્રી નહીં રાખું તો મને ઉઠાડી મૂકશે! કોણ? મંત્રી અને સેનાપતિ? મગદૂર! હા, એ શું ન કરે? જે ચા'ય તે કરે. કાષ્ઠપિંજરના પ્રવેશદિને હાથી ઉપર વસ્તુપાલે પોતાની સામે

જે આંખો ઘુમાવેલી તે યાદ આવી, તે સાથે જ એને એક પછી એક અંકોડાબંધ પ્રસંગો યાદ આવ્યા. મહેલમાં મંત્રીનો એ એક જ બોલ અનેક વખત બોલાઈ બોલાઈને જાણે કે ભીંતોમાં પોલાણો પાડીને બેઠો હતો, એ એક જ મંત્રીબોલની જાણે કે મહેલમાં ડાકલી બજતી હતી–

"ના, બા, ના! એમ તે કંઈ બને! કદાપિ ન બને! પછી તો આપની મરજી!"

"ના, રાણાજી, ના! એમ કદી નહીં જ બની શકે. પછી તો ધણી છો, જેવી મરજી!"

બસ, આ-ના આ જ બોલ નાનીમોટી હરેક બાબતમાં બા અને બાપુને વસ્તુપાલે કહેલા, તેનો કાયમી પડઘો ત્યાં બંધાઈ ગયેલો.

વીરમદેવના કાન સમજણા નહોતા થયા તે દિવસનો આ શબ્દોનો રણકો એણે સેંકડો વાર ઝીલ્યો હતો. બાને ને બાપુને એણે પહેલાં હઠ પકડીને રુઆબ છાંટતાં દીઠેલાં, પછી મંત્રી કંઈ સલાહ આપે તેને કોચવાતે ચહેરે સાંભળતાં દીઠેલાં, પછી છેવટે 'આ નહીં બને' અથવા 'એ તો એમ જ બનશે' એવા બોલ પર વિચાર કરતાં દીઠેલાં. ને પછી બા-બાપુને એમ કબૂલ કરતાં દીઠેલાં કે 'હા, તો તો પછી મંત્રી કહે છે તે જ ઠીક છે'.

એ સંસ્કારમાં ઊછરેલું વીરમદેવનું બાળહૃદય રેવતીએ સંભળાવેલા શબ્દોનો ભય અનુભવી રહ્યું. એનું ચિત્ત ચકડોળે ચડ્યું. રાજા નથી થવું એમ કહું છું તો પરાણે થવું પડશે એમ કહે છે. રાજા થવું છે, તો કહે છે કે અમારી ઇચ્છાને જ આધીન રહેવું પડશે.

નૂપુરના રુમઝુમાટ કરતી રેવતીએ ઘરમાં દોડી જઈ પિતાને કહ્યું અને પિતા કાંઈ પૂછે તે પહેલાં તો એ પાછી આવીને એની બા પાસે દોડી ગઈ, કહે કે "બા, બાપુને બહાર જવા દેશો મા. વીરમદેવ આવેલ છે, ઉઘાડી તલવારે, બાપુને મારી નાખવા." પછી પોતાના ઘરનો પાછલો વાડો વટાવીને એ પોરવાડવાડામાં મંત્રીને ઘેર પહોંચી અનુપમાને કહે: "માશીબા! ઓ માશીબા! ચાલો તો ખરાં, કુંવર વીરમદેવ અમને મારી નાખવા આવ્યા છે."

વધુ પ્રશ્નો સાંભળવાની વાટ પણ જોયા વગર એ પાછી દોડી આવી. એનું ટીખળપ્રેમી મન કંઈક નવાજૂની થશે એ આશાએ થડક થડક કરતું હરખાતું હતું.

અહીં ઘરમાં રેવતીના શબ્દોએ સોમેશ્વરદેવના અદોદળા શરીરવાળાં ભટાણીને પાટ પરથી ઉઠાડ્યાં. માંદણે (કાદવભર્યા ખાબોચિયે) પડેલી ભેંસ ઊંટ દેખીને બહાર નાસે તેમ રેવતીની બા પતિ પાસે દોડ્યાં. ગુરુ સોમેશ્વરદેવ ચાખડી પહેરતા હતા, રેવતીની બા આડાં ફર્યાં, "નહીં જ જવા દઉં, એ તો તમને ઘા કરી

લેશે, ફસાક કરતીકને પેટની ફાંદ ફોડી નાખશે! અં-હં! ન જ જવા દઉં."

એમ કહેતાં કહેતાં ગોરાણી પતિને પકડીને પતિના સુંવાળા પેટ પર હાથ ઢાંકીને રોકવા લાગ્યાં.

"અરે ગાંડી, છોડ છોડ, શિવ શિવ કર!" એમ કહીને સોમેશ્વરદેવ ખડકી તરફ આવવા લાગ્યા.

બહાર ઊભેલા વીરમદેવને સોમેશ્વરદેવની ચાખડીના ચટકારાએ ચમકાવ્યો. એણે એકબે કૂતરા ત્યાંથી નીકળ્યા તેના શરીર પર ઘા કરી લીધેલા. ગાય નીકળી હોત તો ગાયને પણ એ ગાંડપણના આવેશમાં ઝાટકી નાખત તેટલો ઉશ્કેરાઈ ગયો હતો. પણ સોમેશ્વરદેવની પાદુકા બોલતી તે એને સદા પ્રિય હતી. એણે શરમાઈને ઉતાવળે કૃપાણ સંતાડી. નિર્ભય ગુરુના ભર્યા ભર્યા ગૌર દેહ પર આડો પડેલો જનોઈનો ત્રાગ અંધારે પણ દેખાયો. ગુરુ ધીરે સાદે કોઈ શ્લોક રટતા આવતા હતા. તાડૂકનારાઓની સામે તાડૂકી ઊઠનાર સ્વભાવનો વીરમદેવ છેટેથી જ ગુરુની સૌમ્યતાને વશ બન્યો. અને પાછળના પોરવાડવાડેથી મંત્રીશ્વરના સૈનિકોની મશાલો દેખાઈ તે પૂર્વે જ સોમેશ્વરદેવે વીરમદેવને પોતાના ઘરની પાછલી પરસાળે લીધો. આવેલા મંત્રી-સૈનિકોને એણે કુંવર પાછા ચાલ્યા ગયાનું જણાવ્યું. રેવતીની બાએ માંડ માંડ શ્વાસ સમાવીને દીવો લાવીને પતિનું શરીર નિહાળ્યું. 'અરે ઘેલી! મને કંઈ નથી કર્યું' એમ કહેતા પતિ પર વિશ્વાસ ન હોય કે પછી પતિની ફાંદ પર અન્યના દેખતાં વારંવાર હાથ ફેરવવાની પ્રામાણિક ઉત્સુકતાને ક્વચિત જ મળતું આવું કારણ જવા ન દેવું હોય, તેમ ગોરાણીએ પતિ-ફાંદ ફરી વાર પંપાળી.

રાજગઢમાંથી કુમારની શોધે આવેલાઓને સોમેશ્વરદેવે સાચા ખબર સાથે પાછા વાળીને જેતલબાને કહેવરાવ્યું: "મેં જ તેડાવેલા, મારી પાસે ભણે છે. હું થોડી વારે એમને લઈને આવું છું."

સોમેશ્વરગુરુ પર વીરમદેવને આદર હતો તે આ પ્રસંગે વધ્યો. સુરમ્ય સ્વરાવલિઓમાં શ્લોકોની ધારા ગુરુકંઠેથી વહેતી રહી. અંધકારના હૈયામાં લળક લળક થતા લાખ લાખ તારા શીતળતા વરસાવતા હતા. ગુરુઘરની તુલસી-મંજરીઓ પંખા ઢાળી સુગંધનો ઓળીપો કરતી હતી. એમાં સોમેશ્વરદેવે વીરમદેવને પૂરા શાંત પાડ્યા. વીરમદેવે પોતાની ખોપરીમાં ત્રણ દિવસથી ઘૂમરાતો પ્રશ્ન પોતાની મોઢાં તોડી લેતી તોછડી રીતે કર્યો:

"ઘુઘૂલને સાડી કેમ પહેરાવી? આટલા બધા હજારો લોકો એને એકને પૂરીને કેમ ઠઠ્ઠા કરતા હતા? ને સેનાપતિ તેજપાલ એવા રણબંકા હતા તો ઘુઘૂલને બહાર કાઢી, છૂટો મૂકી, હથિયાર સોંપી દ્વંદ્વયુદ્ધ કેમ ન ખેલ્યા? જીભ કરડી મરી જનારો

ઘુઘૂલ વધુ વીર કે તેજપાલ સેનાપતિ? કહો મને, નહીંતર મારી ખોપરી આમ કરતે કરતે ફૂટી જશે.''

વાડાનું પાછલું એક નાનું દ્વાર તે વખતે ઊઘડ્યું અને મંત્રીના ઘરમાંથી કોઈક આવ્યું માનીને રેવતી ઉઘાડવા ગઈ. આવનાર સ્ત્રીને જોતાં જ સોમેશ્વરદેવે કહ્યું: ''કુંવરજી, એનો જવાબ હું દઉં તે કરતાં આ અનુપમાદેવી જ બરાબર દેશે.''

''ના – અં – કાંઈ નહીં – એ તો અમસ્તું –'' એવાં ગળચવાં ગળતો વીરમદેવ અનુપમાદેવીને દેખી જરીક બેઠક પરથી ઊભો થઈ ગયો; પણ અનુપમાએ પોતાના હંમેશના મીઠા સાદે કહ્યું: ''કુંવરજી, બેસી રહો.'' પછી દેવ તરફ ફરીને કહ્યું: ''એ પ્રશ્ન મેં સાંભળ્યો છે. લો જવાબ પણ દઈ દઉં. ઘુઘૂલરાજ જીભ કરડીને મૂઆ તે કરતાં યોગીની જેમ ઈશ્વરધ્યાન ધરીને સૌને ખમાવતા ખમાવતા ચાલ્યા ગયા હોત તો જીતી જાત. અને વીરતા તો બેમાંથી કોઈની શાની? વીરતા તો જેમણે સૌને પાણી ચડાવ્યું છે તે મોટાબાપુની જ કહેવાય.''

''તો બરાબર,'' કહીને વીરમદેવ એકાએક ઊભો થઈ ગયો. એના મનમાંથી કોઈક મોટો ઉકરડો જાણે કે નીકળી ગયો હતો. એક સારી ધૂન એના અંતઃકરણમાં રમતી થઈ. રેવતીની બા, કે જેનું ત્યાં ઊભાં ઊભાં ફાળથી મોં જ ફાટ્યું રહ્યું હતું અને જે પોતાના તરફ કુંવરના લાલ લાલ ડોળા ઘૂમતા કે તરત મોં ફેરવી જતી, તેણે હાશકારો કર્યો. રેવતી તો બેધડક બાપુની પાસે જ ઊભી ઊભી બધું સાંભળતી હતી. એને વીરમદેવનો ડર નહોતો. વચ્ચે વચ્ચે એ પગ પછાડીને ધીરા ધીરા નૂપુરઝંકાર કરતી હતી.

વીરમદેવ ઊઠીને ચાલવા મંડે તે પહેલાં તો રેવતી પોતાના પાલવ નીચે કંઈક લઈને દોડી ગઈ. એણે પોતાનો હાથ વીરમદેવના કપાળ તરફ લંબાવ્યો એટલે વીરમદેવ રેવતી પોતાને મારવા આવે છે માની ચમક્યો. ત્યાં તો કપાળમાં રેવતીની અનામિકા આંગળીનો શીતળ સ્પર્શ થયો. રેવતીએ કંકાવટી લાવીને ચાંલ્લો કર્યો હતો.

રેવતીએ મોં મરોડ્યું. એનો ગર્ભિતાર્થ એ હતો કે ''વીર છો કે બીકણ?''

સોમેશ્વરદેવ એને લઈ રાજગઢ તરફ ચાલ્યા. બીજાને વકરતો ને અજડાઈનો અવતારી લાગતો આ રાજકુંવર અનુપમાને અનુકમ્પાપાત્ર કોયડો લાગ્યો.

## 5
## જાસૂસી

વળતી રાતે વસ્તુપાલ ઘુઘૂલ-વિજયના ઉત્સવો, રાજદરબાર, ઇનામ-અકરામ અને ધામધૂમમાંથી સરી જઈને પોતાના ગુપ્ત-ભુવનમાં જઈ બેઠો. સંસ્કૃત સાહિત્યનાં સર્વોત્તમ પુસ્તકો વાંચતો વાંચતો એ કોઈકની રાહ જોતો હશે એવો ભાગ્યે જ કોઈને વહેમ જાય. ઘરમાં એ એકલો જ હતો. બીજાં સૌ ઉત્સવમાં ગયાં હતાં.

દ્વારપાળે આવી વરદી આપી: "સવારવાળા રેખાશાસ્ત્રી આવેલ છે."

"ક્યાંનો છે?" મંત્રીએ મોં બગાડ્યું: "સવારે નથી અવાતું?"

"કહે છે કે સવારે તો એને ચાલ્યા જવું છે. એ તો કહે છે કે બાપુનો હાથ જોઈને જ ચાલ્યો જઈશ."

"મારા હાથમાંથી તે એ શું ખોદી કાઢવાનો છે હવે? બોલાવી લાવો એટલે લપ પતે."

વૃદ્ધ દેખાતા એ મહેમાનનો લેબાસ જૂના સમયના જોશીઓ જેવો હતો. એ બીતો બીતો અંદર આવ્યો.

"જુઓ મહારાજ!" વસ્તુપાલે કહ્યું, "જે કાંઈ મારી રેખામાંથી જડે તે કૃપા કરીને મને એકલાને જ કહેજો. ઘરનાં બૈરાંને મારું વહેલું મૃત્યુ ભાખીને ભડકાવવાં નથી. નહીંતર એ બેના ચૂડા તો ભાંગતા રહેશે પણ હું જ પગચંપી વગરનો થઈ પડીશ."

"જી, સમજ્યો, હું બાને શીદ બિવરાવું? આપ સો વર્ષના થાઓ!"

"ના, ના, એવું થશે તો એ બેઉ વહેલી વહેલી કંટાળી જશે ને મારાથી છૂટવા તમારા જેવા કોઈને મારણના મંત્ર જપાવવા બોલાવશે. બોલો, જે કહેવું હોય તે હમણાં મને એકલાને જ કહી દો."

સૂચના સમજેલો દ્વારપાળ બહાર નીકળી ગયો. એ બે માણસો વચ્ચે, મંત્રીની હથેળી પર જ આંખો રાખતે રાખતે આ વાર્તાલાપ થયો:

"બોલ સુવેગ, માળવાથી ક્યારે આવ્યો?"

"આજે સવારે." પેલા માણસે મંત્રીની રેખાઓ પર આંગળી ચીંધતે ચીંધતે

કહ્યું.

"શા ખબર છે? ધારાનગરના ધણીને કાંઈ અક્કલ આવી છે કે નહીં?"

"ના જી. માલવપતિ દેવપાલ તો ગુજરાતના દ્વેષે ગળોગળ છે."

"હં–" એમ કહી, એક બાજુ જોઈ જઈને પછી મંત્રીએ પૂછ્યું: "તે એને પેટમાં શું દુખે છે?"

"કશું જ નહીં, પ્રભુ! પાટણને પાદર કરવાની જૂની દાઝ. તેમાં પાછો ધવલક્કપુરનો નવો તપતો તાપ એને દઝાડે છે. એ તો બોલતા ફરે છે કે બચાડું ધોળકું ફાટ્યું!"

"તો હવે એનો શું વિચાર છે?"

"બેય હાથમાં લાડવો રાખવો છે."

"એટલે?"

"જો દિલ્લીનો મોજદીન સુલતાન ગુજરાત પર ચડે તો એને ગાડે બેસી જવું, ને દેવગિરિરાજ યાદવ સિંઘણદેવ ગુજરાત માથે આવતો હોય તો તાપીકાંઠે જઈ એને મળી જવું."

"હં–હં–ઠીક છે," પોતાની હથેળીમાં પોતાની આંગળી ફેરવતાં વિચાર કરીને એ બોલ્યા: "માલવરાજના તબેલામાંથી એક ઘોડાની જરૂર પડશે. મારા સંદેશાની રાહ જોજે. બસ જા. આ દ્વારપાલથી ચેતતો રહેજે, એ વિરોધીઓનો માણસ છે. તારો ભાઈ નિપુણક ક્યાં છે?"

"એ પણ આવી પહોંચ્યો છે. અત્યારે મોકલું?"

"હા. કાલે સવારે તો મારે ખંભાત પહોંચી જવું છે."

બહાર નીકળતાં એણે પોતાના સુવેગ નામના ગુપ્તચરને પોતે ધમકાવતાં ધમકાવતાં બહાર વળાવ્યો: "વિદ્યાને નામે ધતિંગ કરીને આંહીં શીદ આવો છો બધી વેજા? ધોળકામાં જ સૌ પોલ ભાળી ગયા લાગો છો! ધારામાં તો જઈ જુઓ, કોઈ ઊભવાયે નહીં આપે!"

"બીજા એક –" દ્વારપાળે પાછા આવીને વિજ્ઞપ્તિ કરી.

"હા, લાવો, એ મહાશયને પણ પતાવી દઉં."

તે પછી બેત્રણ હસ્તપ્રતોને બગલમાં દબાવીને જે માણસ દાખલ થયો તે પણ કોઈને શંકા ન ઉપજાવે તેવો વેદિયો સંશોધનકાર બનીને આવ્યો હતો.

"આવી પારકી એંઠ ઉપાડીને આંહીં લાવો છો?" મંત્રીએ ખોટી ધમકી દેતે કહ્યું: "લાવો, શાની છે એ હસ્તપ્રત?"

પછી ધીમા સ્વરે પોથીનાં પાનાં જોતાં જોતાં વાતો ચાલી.

"કેમ નિપુણક, દેવગિરિમાં તું કેટલું રહ્યો?"

"બે વર્ષ થઈ ગયાં."

"શા ખબર છે?"

"સિંઘણદેવ સળવળે છે. પણ તેડાની વાટ જુએ છે."

"કોની, લાટના સંગ્રામસિંહની ને?"

"એમની એકની જ નહીં, માલવરાજ દેવપાલની પણ."

"બેઉ થઈને સિંઘણને ક્યારે તેડી લાવે છે?"

"હમણાં તો તૈયારીઓ ચાલે છે. આપણી હિલચાલના આંતરિક ખબર મેળવવા મથે છે."

"કોઈ આવ્યો છે આ બાજુ?"

"હા જી, એનું નામ સુચરિત છે. સાથે એક સ્ત્રી પણ છે."

"ઠીક, તું સ્ત્રીથી ચેતતો રહેજે. ને એ મળે તો એને ભોળવીને આપણો સંઘ નીકળનાર છે તેમાં શામિલ કરી દેજે એટલે બાપડો આપણી હિલચાલ ઝીણવટથી જોઈ શકે."

"એને હું મળ્યો છું, પ્રભુ! ને એની જ પાછળ છું."

"ઠીક જા," એટલું ઝીણે સ્વરે બોલીને પછી એણે દમદાટી દેતા હોય એવા તપેલા સ્વરે બરાડ્યું: "તમે શીદ ચીથરાં ફાડો છો, પંડિત! આ પોથાં સાવ બનાવટી છે. આ તો લઈ જાઓ દેવગિરિના જાદવ સિંઘણદેવ પાસે, એને વિદ્વાન ગણાવાના જબરા કોડ છે તે જઈને પૂરો. ધોળકા તો હવે તમારા જેવા માટે નાનું ગણાય."

એકલા પડ્યાં પડ્યાં એણે તે પછી બાકીના ગુપ્તચરોને યાદ કરી જોયા. લાટમાં સંગ્રામસિંહની, ચંદ્રાવતીમાં આબુરાજ સોમ પરમારની, ને મેવાડમાં જયંતસિંહની હિલચાલો તપાસવા મોકલેલા એ જાસૂસો હજુ ફરક્યા નહોતા. આ જાસૂસીની એણે પાથરેલી જાળમાંથી પાટણ પણ મુક્ત નહોતું. ધોળકાના દ્વેષીઓ પાટણમાં નવરા નહોતા બેઠા. રાણા લવણપ્રસાદના ભોળપણનો પણ એને ડર હતો. ગુપ્તચરોની આ ગોઠવણ એણે પોતાના રાણાથી, ખુદ સેનાપતિ તેજપાલથી પણ છૂપી રાખી હતી. એનાં નામોની નોંધ પણ પોતે પોતાના કલેજા સિવાય ક્યાંય ટપકાવી નહોતી. જાસૂસો પૈકીનો કોઈ કવિ બન્યો હતો, કોઈક ફકીર થઈ ગયેલો જાહેર થઈ ગયો હતો, કોઈક વિદેશે ગયેલો વેપારી હતો, કોઈક વૈરાગી બની ચાલ્યો ગયેલો ખેડૂત હતો. એ સૌનાં જુદે જુદે સ્થળે વેરાયેલાં કુટુંબોને વિપત્તિમાન ગણાવીને પોતે ઉઘાડી રીતે ભરણપોષણની જિવાઈ મોકલી દેતો. કેટલાક ગુપ્તચરો તો ફક્કડ જ હતા.

મોડી રાતે પોતે સૂક્તિઓ ને સુભાષિતો રચતો સૂતો. રાજપ્રપંચની મલિનતામાં ખરડાયા પછી એનો આત્મા ઉચ્ચ કવિતાના સરોવરમાં સ્નાન કરતો હતો. તે રાત્રિએ એણે રચ્યું –

*नृपव्यापारपापेभ्यः सुकृतं स्वीकृतं न यैः ।*
*तान्धूलिधावकेभ्योऽपि मन्येऽधमतरान्नरान् ॥*

[રાજાની સેવાનાં પાતકો કરતાં કરતાં પાછું વાળી જોઈને જેમણે કંઈ સુકૃત્ય ન કર્યાં, તેવાઓને તો હું ધૂડધોયાઓ કરતાંય અધમ લેખું છું.]·

લખીને એણે પોથીને દોરી વીંટાળી. તેટલામાં તો ઉત્સવમાંથી પરિવાર પાછો વળ્યો. ગૃહની હવામાં ઝંકાર બોલ્યા. લલિતાદેવી અને સોખુનાં પગલાં ગુંજ્યાં. રાજપ્રપંચના પોટકાને માથા પરથી ફગાવી દઈ વસ્તુપાલ હળવોફૂલ રસાત્મા બની ગયો. થોડી ઘડીના વિનોદ પછી લલિતા પોતાના ખંડમાં ચાલી ગઈ. પોતાને ગોદમાં ખેંચતા મંત્રીને સોખુએ દૂર હટાવીને કહ્યું: "ભૂડાં લાગો છો. પહેલાં મારી બહેન પાસે જઈને થોડું બેસી આવો."

"હવે રાખ રાખ, એ તો આઠ વર્ષના જયંતની જનેતા બની."

"માટે જ એને ન વિસારો."

પોતાને પરમ બુદ્ધિમાન સમજતો, ઘડી પહેલાં કાવ્યનાં સરવરોમાં વિહાર કરતો, અને તેની પણ પહેલાં ચારે દિશાના મુલકોને પોતાની હથેળીમાં રાખી રજેરજ હિલચાલ તપાસતો વસ્તુપાલ નાની–શી નાજુક નારી આગળ ભોંઠો પડી ગયો. એને ભાન થયું કે ગુર્જર સામ્રાજ્યનાં તૂટેલાં ચોસલાં ફરી ચડાવતાં ચડાવતાં એ ઘરની બૈરીઓનાં મનોરાજ્યની શાસનવ્યવસ્થાને ચૂકી રહ્યો છે. એ આંતર્મુખ બન્યો. એનો હાથ પકડીને સોખુ એને લલિતાદેવીના દ્વાર આગળ દોરી જઈ અંદર ધકેલી આવી.

*

ખંભાત જવાને માટે વસ્તુપાલ સજ્જ થયા ત્યારે પાછી અનુપમા આવીને ઊભી રહી. એણે કહ્યું: "હું ચંદ્રાવતી જઈ આવું?"

"કેમ તેજલે કાંઈ કંકાસ માંડ્યો છે કે શું? અત્યારે પિયર જવાની ઇચ્છા કેમ થાય છે?"

"ના, મોટાભાઈ," તેજપાલે આવીને ખુલાસો કર્યો, "મારી પણ એ જાય એમાં સંમતિ છે."

"હા, તને થતું હશે કે જે થોડા દા'ડા છૂટ્યો!"

પતિ પત્ની બેઉને સતત એ સરત હતી કે મોટાભાઈએ આવો વિનોદ ચાલુ રાખી રાખીને બેઉ વચ્ચેના દાંપત્યને રસભીનું રાખ્યું હતું.

મંત્રીએ પૂછ્યું, "શા માટે આટલી ઉતાવળે પરિયાણ કર્યું?"

તેજપાલે સમજ પાડી: "આબુ ઉપર જો કોઈ જગ્યા એ જોઈ આવે તો તો લૂણિગભાઈના શ્રેયાર્થે બધા દ્રવ્યને અનુપમાના કહેવા મુજબ ત્યાં જ ઠેકાણે પાડીએ. જઈને મહામંડળેશ્વર ધાર પરમારને મળી આવે."

"હા, અને અનુપમાને બીજું પણ એક સોંપવું છે. ચંદ્રાવતીથી મહાજનનું પત્ર છે. ત્યાંના શ્રેષ્ઠીઓને ધોળકાનું ઘેલું લાગ્યું છે. કેમ અનુપમા, તમારા પિયરના ધનપતિઓ આંહીં આવીને વસે તો શું ખોટું છે? ત્યાં બાપડાઓને એ જ માર્ગે નીકળતી ચડાઈઓનો બહુ માર ખાવો પડે છે! જઈને અનુપમા આંહીં લઈ આવે." મંત્રી કંઈક કટાક્ષમાં બોલતા હતા.

સાંભળતાં જ અનુપમાનું મુખ ગ્લાનિમાં ડૂબી ગયું. પણ એ પોતાના મનોભાવને તે વખતે તો પી ગઈ.

"અને ત્રીજું કામ – મહામંડળેશ્વરને એક પત્ર હાથોહાથ આપવાનું છે." એમ કહીને વસ્તુપાલે એક પત્ર લાવી સોંપ્યું.

"મારે માર્ગમાં પાટણ રોકાતા જવું છે." અનુપમા બોલી.

"સારું, લવણપ્રસાદબાપુને મારા પ્રણામ કહેજો, ને સાચવજો, કુંવર વીરમદેવની કંઈ વાતો કહેશો નહીં. ડોસાનું દિલ સૂડી વચ્ચે સોપારી જેવું બની જાય છે. એક કોર આપણને નારાજ ન કરવાની કાળજી, ને બીજી કોર આ પૌત્ર પરનું આંધળું હેત. મને તો એ જ ચિંતા છે કે કોઈક દિવસ આવી કૌટુમ્બિક કોમળતામાંથી જ વાત વીફરશે."

પછી એ પોતાના મનને સંભળાવતો બોલવા લાગ્યો: "આ પુનરુદ્ધાર કોના માટે આપણે કરી રહ્યા હશું? કોણ ચણે છે ને કોણ ભોગવશે તે તો કેવળ ભગવાન જાણે! એકાદ રાજકુળના શ્રેયાર્થે? કે લોકસમસ્તના કલ્યાણાર્થે?"

## 6
# અનુપમા ચંદ્રાવતીમાં

**એ**ક દિવસ ઓચિંતી અનુપમાદેવી પોતાને પિયર ચંદ્રાવતીમાં આવી પહોંચી. ધરણિગ શેઠ, તિહુઅણદેવી અને ત્રણેય ભાઈઓ આનંદ પામ્યાં, પણ બહેનના મોં પર તેમણે નિસ્તેજી નિહાળી.

"સારું થયું કે તું પોતે જ આવી, બહેન!" ધરણિગ શેઠે વાત છેડી, "અમારો સંદેશો તો ઠક્કુર વસ્તુપાલ-તેજપાલને પહોંચ્યો હતો ના?"

"હા, બાપુજી!" અનુપમાના જવાબમાં સમધારણ લાગણી હતી.

"અમે તો બેટા, ઓસવાળો–પોરવાડોનાં બસો શ્રેષ્ઠીકુટુંબો તારા વરના ને જેઠના નિમંત્રણની જ વાટ જોતા ઉચાળા ભરીને બેઠાં છીએ. તું પોતે અમને ગુર્જર દેશમાં તેડી જવા આવી એનાથી બીજું રૂડું શું? શ્રેષ્ઠીઓનો ઉત્સાહ વધશે."

"સાચું, બાપુજી!" અનુપમાએ ઓઢણાની કોર કપાળ ઉપર સહેજ વધુ ખેંચતાં ખેંચતાં જવાબ વાળ્યો. તેને પ્રોત્સાહક ચિહ્ન ગણીને ધરણિગ શેઠે બોલવાનો ઉત્સાહ વધુ સતેજ કર્યો.

"હવે તો પાટણમાં જ શા સારુ નાહક અટકવું? ધોળકાની સુકીર્તિ રોજેરોજ આંહીં બેઠે સાર્થવાહકો (વણજારાઓ) પાસેથી સાંભળીએ છીએ. ઠક્કુર વસ્તુપાલે અને ઠક્કુર તેજપાલે તો હદ કરી, અવધિ કરી. એઈ...ને ધોળકે બેઠા બેઠા વાણિજ્ય જમાવી દેશું અને પાર્શ્વપ્રભુની પૂજા કરશું. ધરમધ્યાન ને વહેવાર બેઉ વાતો સચવાશે. બાકી તો, બહેન! આંહીં આ ચંદ્રાવતીમાં તો નવાણું ટકાનું જોખમ છે. આ મેવાડ ને નડૂલ, માળવા ને ઝાલોર અમારે કરમે જડ્યાં હતાં ત્યાં લગી તો ખેર, પણ આ યવનોના સપાટા સહ્યા જાય તેમ નથી. ચંદ્રાવતી તો બસ એમને પાકેલા બોર સમું થઈ પડ્યું છે. બસ રસ્તામાં જ ચંદ્રાવતી; હાલતા જાય ને લૂંટતા જાય, દેરાં ભાંગતા જાય, રેશમના તાકા ને તાકા બજારો તોડી તોડીને માથે બાંધતા જાય. અમે તો ગળે આવી ગયા છીએ."

"તો હું મહાજનને મળીને નિમંત્રણ-પત્ર આપું."

"હા, બેટા! તું કહે તો આજ ને આજ એકઠા કરીએ. બાપડા એ તો, બાઈ,

તારા નામનો જાપ જપે છે. તેં ગુર્જર દેશમાં જઈ ચંદ્રાવતીની આબરૂ ઉજાળી, અનોપ!"

"તો તો બાપુ, આજે જ શ્રેષ્ઠીઓને બોલાવો. મારે વધુ રોકવાનો સમય નથી."

"વારુ! વારુ!" ધરણિગ શેઠે ત્રણેય પુત્રોને સાદ પાડ્યો, "ખીંબસિંહ! આંબા! ઊદલ! તમે ઉતાવળ રાખો. જુઓ, નગરશેઠ ચાંપલ શ્રાવકને, ઊંબરણી-કીંવરલીના રાસલ શ્રેષ્ઠીને, સાવડ શ્રીપાલને, કાસિદ્રાના સોહી પાલ્હણને, વરમાણના આલિગ પુનડને, ધવલીના સાજણ પાણવીરને, મૂંગથલાના સંધીરણ શેઠને, હણાદ્રા ને ડભાણીના પણ જે જે આગેવાનો હોય તેને જાણ કરો."

પિતા પાસેથી ઊઠીને અનુપમા તિહુઅણદેવીને એકાંતે મળી. માએ વારંવાર તેડાવેલી છતાં ન આવતી, ને આજે ઓચિંતી હાજર થયેલી ખોટની પુત્રીને ગોદમાં લઈ વહાલ કર્યું અને ચાતુરીથી પુત્રીના શરીર પર, ખાસ કરીને પડખામાં ને પેટ ઉપર હાથ પસવારી લીધો. પછી ધોળકાના સુખવર્તમાન પૂછતાં પૂછતાં રહસ્યકથા પણ જાણવા યત્ન કર્યો.

"કેમ, તું વધુ પડતી ભારેખમ થઈ ગઈ છે? ને ભાણો લૂણસી કેટલાં વર્ષનો થયો?"

"ચૌદ વર્ષનો."

"ઓહો ચૌદ વરસ વહ્યાં ગયાં? વચ્ચે કંઈ કસુવાવડ તો નથી થઈ ગઈને?"

"ના, બા."

"તો તો ઉબેલ ગજબ લાંબો ચાલ્યો, બાઈ! તારા વર તે શું સંગ્રામમાંથી નવરા જ પડતા નથી! ઘેર કોઈ દી રહે છે કે હાંઉં બસ વણથળી અને ગોધ્રકના વિજયનાં બીડાં જ ચાવ્યા કરે છે? હેં! કેમ બોલતી નથી? કહે જોઉં; પેટની વાત માને તો કહેવાય. તું ભલે તારા ધોળકામાં જગદમ્બા રહી, આંહીં ચંદ્રાવતીમાં તો મારે મન તું પરણીને ગઈ તેવડી ને તેવડી નાનકડી છો, સમજી ને! બોલ જોઉં!"

"બા," અનુપમાની આંખો પર પોપચાંની પાંદડીઓ ઢળી ગઈ ને એણે સહેજ મોં મલકાવીને કહ્યું, "એવું કંઈ નથી, તારા સમ બા, તું વલોપાત ન કર."

દડ દડ દડ તિહુઅણદેવીના ડોળા નિચોવાઈ રહ્યા: "તો પછી બોલ, શું છે આ બધું? જગતમાં તો પુજાય છે, ને વરને જ ત્રણ બદામની લોંડી લાગછ?"

"ના બા! એવું ન બોલો. પાપમાં પડીએ."

"તો કહે સાચું."

"બા, તારી પાસે પણ હું એક કામ લઈને આવી છું. પાટણમાં ઠક્કુર આસા ઝાલ્હણ કરીને છે. એને ઘેર હું રસ્તામાં ઊતરતી આવી છું. એની દીકરી સુહડા

મારી આંખમાં બહુ ઠરી છે."

"કેવડીક છે?"

"વીસ કહે છે, પણ હાડેતી છે, ગજું પણ પૂરું છે."

"ઘેલી! આ તે તું ભાનમાં બોલે છે કે ભાંગ પીધી છે? ચૌદ વરસના ભાણા લૂણસીને માટે વીસ વર્ષનો ઢગો..."

"તું સમજી નહીં, બા!"

"પણ શું સમજવું ત્યારે?"

"હું તો એમ કહું છું, કે તારા જમાઈને માટે..."

"તેજપાળ ઠક્કુરની વાત કર છ?"

"ત્યારે તારે કેટલાક જમાઈ છે?"

"એટલે!! તેં આ શું ધાર્યું છે?"

"બા, હું તારી પુત્રી, ચંદ્રાવતી જેવા નગરની દીકરી, કંઈ ચસકી ગઈ નથી હો કે!"

"એટલે શું જમાઈ જેમ જેમ જગવિખ્યાત થાતા જાય છે તેમ તેમ કુબુદ્ધિ પણ..."

"બા, તને અચલેશ્વર પ્રભુની આણ છે – જો કંઈ વધુઘટુ બોલી છે તો!"

"તો કહે ફોડ પાડીને."

"બા, મેં જ એમને આ સ્થિતિમાં મૂક્યા છે."

"એટલે? તું શું એની પાસે જતી જ નથી? કેટલાક વખતથી?"

"લૂણસી આવ્યો ત્યારથી."

"ચૌદ વર્ષથી? મારા બાપ! તે શું કાંઈ રોગ છે તને?"

"શરીરનો નહીં, પણ મનનો ખરો."

"શું!"

"બસ! જીવવું થોડું, ને જંજાળ કેટલી કરવી! લૂણસીને અર્બુદા મા ક્ષેમકુશળ રાખે! એ એકે મને સંતોષ છે."

"તારો તે સંતોષ કાંઈ!" એમ બોલતી માતા અનુપમાના શરીર પર, નખની કણીઓ ને નેત્રોના ખૂણેખૂણાનીય જાણે કે ઝડતી લેતી હતી.

એ નેત્રો સ્ફટિક-શાં નિર્મળ હતાં. પોપચાં પર અને પાંપણો નીચે કૌમારવયની ઘુતિ રમતી હતી. રાજસ્થાની પોશાકના મરોડદાર ઘેર નીચેથી દેખાતા બે પગ અને તેની પડખોપડખ મંડાયેલા અનુપમાના બે હાથ, એમ એકઠાં મળીને ગોઠવાયેલાં વીસેય આંગળાંના નખ કેમ જાણે માણેકે મઢ્યાં હોય તેવાં લળક લળક થઈને પાણી

દાખવતાં હતાં. એ લળકાટ તનની નીરોગિતા ને મનની પ્રતિભાના કુશળ સમાચાર દેતા હતા. માએ ખાતરી કરી લીધી.

"હં – હં–તો તો પછી દીક્ષા જ લઈ લેને, બાઈ!" માએ મચકો કરીને કહ્યું.

"દીક્ષા શા સારુ લઉં, બા? સંસારમાં શું દુઃખ છે? કેટલો આનંદ છે! કેટલાં કામ કરવાનાં પડ્યાં છે!" એમ બોલતાં અનુપમાની આંખો સ્વપ્નભરી બની. સો-સો સોણલાં જાણે સમાતાં નહોતાં નેત્રોમાં. ઝલકાતી હેલ્ય જેવી એ આંખો બની ગઈ.

"શોક્યના કોડવાળી ન જોઈ હોય તો! તેજપાલ કહે છે?"

"એના કહેવાની વાટ શીદ જોવી? એ ન કહે તોય એની દશાનો વિચાર તો મારે કરવો રહેને? એ ન કહે એટલે જ આપણને દયા આવે, બા! એનો બાપડાનો વાંક શો? તેર વર્ષ એણે ખેંચ્યાં, બા! એ તો એ જ ખેંચે. મને કદી, એક ઘડી પણ કનડી નથી, મોં પણ બગાડ્યું નથી."

"ઘરમાં કોઈ જાણે છે?"

"કોઈ કરતાં કોઈ નહીં."

"દીકરી! દીકરી!" માનું હૃદય ચકડોળે ચડી ગયું, "મને તો કાંઈ સૂઝ પડતી નથી."

"સૂઝ બીજી કાંઈ નહીં પડે, બા! સુહડાને તું એક વાર જોઈને સંમતિ દે. એ લોકો પહેલી રજા તારી ને મારા બાપુની માગે છે."

"ને એ છોકરી?"

"એનું મન પણ મેં ઉકેલી લીધું છે."

"તારો નિશ્ચય નહીં ફરે?"

"શાસનદેવની કૃપા હશે ત્યાં સુધી તો નહીં ફરે. શા સારુ ફરે? મારી પાંતીની કશી જ વિમાસણ ન કરીશ, બા! મારું મન તો ભર્યું ભર્યું જ છે. મેં તને એક વાત કહી દીધીને, કે વાંક કોઈનો નથી, પુરુષનો તો બિલકુલ નથી. વાંક મારો પણ નથી. હું પોતે જ બા, કોઈક અદૃશ્ય શક્તિના ઓઘમાં ઊછળી રહી છું. મને તો કપર્દીદેવના સાદ સંભળાય છે, બા! તને ખબર નથી, પણ ચપટીકવારનું આ આયુષ્ય, આ બધું જ ક્ષણભંગુર, બધું જ પાણીના પરપોટા સમું, એની વચ્ચે ગુર્જર દેશ... એના આટલા શત્રુઓ... એની ધરતી પોકારે છે, બા...!"

"તુંબડીમાં કાંકરા!" તિહુઅણદેવી કંટાળ્યાં.

કાં તો અનુપમાને પોતાને જે મનોમંથન થઈ રહ્યું હતું તે કહેતાં આવડતું નહોતું, ને કાં તો પોતે વાણીનું વાહન વિફલ માનતી હતી. તિહુઅણદેવીને તો આ

બધું તુંબડીમાં કાંકરા જેવું અગમ ભાસતું હતું, પણ એ ભોળી ભદ્રિક સ્ત્રી એટલું તો કહી શકી: "ઠીક બાઈ, એક વાત તો સાચી છે. પુરુષ બાપડો પીડાતો હોય આપણે જ વાંકે, એમાં એની શી ગતિ!"

માતાની સંમતિ સમજીને અનુપમાએ આભારવશ બની હોય તે રીતે માના પગે હાથ ચાંપ્યા ને પોતે ઊઠીને પિયર-ઘરની વિશાળ હવેલીના ખંડેખંડમાં ભમતી અગાસી ઉપર ગઈ. ત્યાંથી એણે પોતાના નાનપણની પ્રિય ચંદ્રાવતીનગરીને નિહાળી. આરસપહાણમાં આલેખેલું જાણે ગિરિવર આબુરાજનું સોણલું સૂતું હતું. ચંદ્રિકાનાં ફોરાં વરસી વરસીને જાણે પૃથ્વી પર થીજી ગયાં હતાં. તારાઓએ ધરતીને ખોળે ઊતરવાનું જાણે ધ્યાન ધર્યું હતું અને ચંદ્રાવતી જાણે માટીની સોડમાંથી આળસ મરડીને ઊઠી હતી.

એની વચ્ચે વચ્ચે આરસનાં અગણિત દેરાં એણે કદી નહીં ને તે સંધ્યાએ પહેલી જ મીટ માંડીને જોયાં. દેરાંના ઘુમ્મટોમાં એણે ત્રણ-ત્રણ જુદા રંગના થરો સંધાયેલા જોયા. આવી વિકૃતિ કેમ? એને પિતાએ કહેલું તે પ્રતીત થયું. દેરાં ત્રણ-ત્રણ વાર તૂટ્યાં હતાં ને સંધાયાં હતાં. કેટલાંક તો હજુ પણ માથાં વગરનાં ધડ જેવાં ઊભાં હતાં. એના પુનરુદ્ધાર માટે જોઈતો આરસ જડ્યો નહોતો.

નજર વધુ ને વધુ ઝીણી બનીને વિસ્તરતી ગઈ. ચંદ્રાવતી એને કોઈ/વારંવારની કસુવાવડોએ ભાંગી નાખેલી રૂપસુંદરી-શી લાગી. આરસનાં આભૂષણોમાં ઠેર ઠેર કઢંગાં થીગડાં દેખાતાં હતાં.

બળાત્કારનો ભોગ બનેલી પોતાની નવયૌવના પુત્રીને ગોદમાં લઈ ગિરિરાજ બેઠા હતા. એણે નજરોનજર નિહાળ્યાં હતાં – નવી નગરી ચંદ્રાવતીનાં શીળભંજન; એક વાર નહીં પણ સાતેક વાર. મહંમદ ગઝનીથી આરંભ થયો હતો. કુતબુદ્દીન એબકનો અત્યાચાર તાજો હતો. એ 1254ના અત્યાચારની સામે લોહીલુહાણ થયેલી ચંદ્રાવતીના દેહ પરના ઉઝરડા ને દાંતના વ્રણો હજુ અણરૂઝ્યા હતા.

વલોવાતું હૃદય લઈને અનુપમા ઊતરી ગઈ. એનો ચંદ્રાવતીના વ્યાપારીઓ–શ્રેષ્ઠીઓની ગુજરાત ભણીની હિજરત પ્રત્યેનો તિરસ્કાર ને રોષ ઓછો થયો. નિર્દોષ ચંદ્રાવતી નાસે નહીં તો શું કરે? એનું હતભાગ્ય હતું કે એના પાયા પરદેશી ધાડાંઓની ગુજરાત પરની ચડાઈના ધોરી રસ્તા પર જ નખાયા હતા. પાટણને ભાંગી ચંદ્રાવતી જમાવનાર વણિક વિમલ મંત્રીની એ ભૂલ ભયંકર હતી. શત્રુઓને ચંદ્રાવતી શોધવા જવું પડતું નહોતું. એ પોતે જ નિરુપાયે પગમાં આવતી હતી. આબુરાજનું આ આરસ-સ્વપ્ન, દેવ અચલેશ્વરના ભાલચંદ્રે સિંચીને ઉગાડેલું આ જ્યોત્સ્ના-ઉદ્યાન, તારાઓના અનંતકાળના ધ્યાનમાંથી ઊઠેલું આ સૌંદર્યજ્ઞાન, એને

નિહાળવાની નજર નહોતી પરધર્મીઓને. એ નજર એને કોણ આપશે? તલવારથી સૌંદર્યપ્રેમ કદી જાગ્યો નથી, ને સૌંદર્યના પ્રેમ વગરનું પશુત્વ સમશેરો ખાઈ ખાઈને પણ પાછું પોતાની તલવારોને નવી ધાર કાઢતું, વાટ જોતું, તક શોધતું બેસશે.

મૂંઝવણની વચ્ચે પોતાના ડાહ્યા જેઠ વસ્તુપાલની કલ્પના કરતી અનુપમા આખો દિવસ અસ્વસ્થ રહી. રાત્રિએ એના પિતાની હવેલીમાં આબુ-ચંદ્રાવતીના શેઠિયાની સભા મળી.

7

# મહિયરની લાજ

**આ**બુરાજની આસપાસનાં ગામોના અને એ ગામોને છોડી ચંદ્રાવતીને ફક્ત બસો જ વર્ષો પર વસાવવા આવેલા આ શ્રેષ્ઠીઓનાં ને ગોષ્ઠિકો (મંદિરોના કાર્યકર્તાઓ)નાં નામો બરછટ હતાં. એ નામોમાં પહાડની ખડતલ પ્રકૃતિનો પડઘો હતો. એ નામોને ધારણ કરનારા વણિકોના શરીર-બાંધા પણ ગુજરાતથી જુદી જ જાતનો મરોડ. દાખવતા હતા. પઢિયારો, પરમારો અને મહેરોના નિત્યસંગાથીઓ આ પોરવાડો ને ઓસવાળો પોચટ કે પોપલા નહોતા. પાટણના પ્રધાન વિમલશાહે આ નગરી વસાવી અને સત્તર મ્લેચ્છોનાં છત્ર તોડ્યાં, તે વિમલશાની દંડનાયકીનું રગેરગ પાન કરીને આ મહાજન માલવદેશ, નડૂલ અને સામે જ પડેલા મેવાડનો મદ ઉતારવા માટે જાણીતું હતું. ચંદ્રાવતીને ચંદ્રનો ટુકડો બનાવનારા આ વૈશ્યો હતા.

તેઓ બોલતા હતા તે મીઠી પુરાણી અપભ્રંશ વાણી હતી. તેમનાં શરીરો પણ આરસનાં જાણે ચોસલાં હતાં.

ચંદ્રાવતીની પુત્રીના મસ્તક પર વૃદ્ધોએ હાથ મૂક્યા, પ્રૌઢોએ સન્માન કર્યું, યુવાનોએ હાથ જોડીને વંદન કર્યું. અનુપમા ઓઢણું સંકોડીને નીચે બેઠી. ધરણિગ શેઠે સૌને કહ્યું: "આપણી અનોપ આપણને તેડવા આવી છે."

"ના, વડીલો," અનુપમાએ સ્વસ્થ અને સબૂરીભર્યા સ્વરે સંભળાવ્યું, "જેઠજીએ તો મને મોકલી છે તમને તેડવા, પણ હું તો આવી છું તમને ચંદ્રાવતીનો ત્યાગ ન કરવાનું વીનવવા."

મહાજનોનાં મોં ચકિત બનીને ઊંચાં થયાં.

"વડીલો, પાટણ ભાંગીને ચંદ્રાવતી પસ્તાયું. હવે ચંદ્રાવતી ભાંગીને પાટણ-ધોળકા સમૃદ્ધિવાન ન બની શકે."

"પણ – પણ – બહેન –" અનોપના ત્રણ ભાઈઓમાંથી એકે બોલવા યત્ન કર્યો. તેને હળવેથી તોડતી અનુપમા બોલી: "મારા ભાઈઓને મારો પહેલો ઠપકો છે. તેમણે જ તમને સૌને અવળી મતિ બતાવી છે. ચંદ્રાવતી ભાંગે એટલે ગુર્જર દેશ ભુક્કો થાય; શત્રુઓ આબુના ધણી બને; પછી બીજે જ દિવસે ગુર્જર દેશને

દેવપટ્ટણ સુધી ખૂંદી નાખે.''

"પણ અમારો કાંઈ વાંક છે?''

"વાંક! –'' અનુપમાની ડોક ઉન્નત બની, "વાંક તો ખરો જ. આ નગરીનાં તોરણ એક વણિકે બાંધ્યાં, એ વાંક જ ને! એ વણિક વિમલશાએ તેરેતેર મ્લેચ્છ-આક્રમણકારોનાં આંહીં છત્ર ભાંગ્યાં, એ વાંક તો ખરો જ ને! ઓતરાદી સરહદનું દિક્પાલપદ પોણાબસો વર્ષથી વણિકે સ્વીકાર્યું, એ વાંક કહો તો વાંક, ને ગૌરવ કહો તો ગૌરવ!''

"અમે ક્યાં સુધી ચૂંથાઈએ?''

"દુશ્મનો આ દિશાના સીમાડા પર દૃષ્ટિ કરતાં કંપી ન ઊઠે ત્યાં સુધી. તમે શું એમ સમજો છો, શ્રેષ્ઠીઓ, કે પાટણ-ધોળકા મોજ માણે છે? સ્તંભતીર્થમાં બેઠેલા મારા જેઠજી કવિઓને બોલાવી સુભાષિતો રચે છે તેવું સાંભળીને સૌની દાઢ ગળી લાગે છે! ભ્રમણામાં ન રહેતા. હું વધુ કહી સમજાવી શકીશ નહીં. પણ ચંદ્રાવતીનો આપણી સલામતીની આશાએ ત્યાગ કરવો એ તો સૌથી મોટો ભૂમિદ્રોહ છે. તમે ભાગશો, સો-બસો કુટુંબો ગુર્જર દેશને શરણે સમાશો, પણ આ લાખો ગરીબોનું શું થશે?''

"પણ અમને તો મહામંડલેશ્વરે પણ રજા આપી છે.''

"કારણ કે તમે એમને મે'ણું દીધું છે કે પોતે ઊંચે ઊંચે અચલગઢમાં મહાલે છે ને ચંદ્રાવતી તો નીચે સપાટ મેદાનોમાં સબડે છે. તો હું તમને કહું છું, વડીલો, કે મહામંડલેશ્વર ધાર પરમારને તમે અન્યાય કર્યો છે. અચલગઢનાં શૃંગો ઉપર ઊભીને એ ચંદ્રાવતીની જ ચોકી કરે છે. એનેય આરસમાં આળોટવું મીઠું લાગે છે. ને એ ધારે તો ચપટીવારમાં ચંદ્રાવતીના વૈભવોનો અમરપટો મેળવી શકે છે.''

"કઈ રીતે?'' એક યુવાને પ્રશ્ન કર્યો.

"એ પણ મારે સમજાવવું પડશે? નાને મોંએ મોટી વાત કરતાં હું ક્ષોભ પામું છું, મહાજનો! પણ મહામંડલેશ્વરને વેચાતા લેવા આજે મેવાડથી દિલ્હી સુધી કોણ તૈયાર નથી? મહામંડલેશ્વર મટાડીને એને મહારાજપદ આપવા કોણ ના કહે છે? તમે ચંદ્રાવતી છોડી ધોળકે આવી શકો છો, તેમ એ પણ માલવદેશ કે દિલ્હીને આશરે ક્યાં નથી જઈ શકતા?''

મહાજને આ વાત સાંભળતાં જ ભયનો એક આંચકો અનુભવ્યો. તેમનાં ચક્ષુઓ વિચારમાં ઊંડાં ગયાં. તેમને આ મુદ્દો જાણે કે પહેલી જ વાર સૂઝ્યો. અનુપમાએ આ આર્દ્ર બનેલાં હૃદયો પર વધુ ચોટ લગાવી –

"મહામંડલેશ્વર ધારાવર્ષદેવની બે પેઢી પચ્છમ ભારતવર્ષની પહેરેગીરી કરતી

ખપી ગઈ. બાપુ યશોધવલે ગુર્જરોના દ્વેષી માલવરાજ બલ્લાલને આ જ મેદાનો પર માર્યો. મહારાજ કુમારપાલે કોંકણ દેશ પર ચડાઈ કરી ત્યારે પણ એની સાથે ચડીને મલ્લિકાર્જુનને આજના ધારાવર્ષદેવે હણ્યો. કાળનોયે કાળ સુરત્રાણ શાહબુદ્દીન આંહીંથી મહામંડલેશ્વરની સમશેરે જ ઘાયલ થઈને ગુર્જર દેશનાં દેરાં ભસ્મીભૂત કરવાનું સ્વપ્ન પાછું લઈ પોબારા ગણી ગયો; અને કુતબુદ્દીન એબકનાં અપાર ધાડાંને આંહીં રોકી પાડવા આપણા જ મહામંડલેશ્વર આડા ઊભા હતા. પણ એકલે હાથે એની કારી ફાવી નહીં. મહારાજ ભીમદેવે મોં સંતાડ્યું, પટ્ટણી યોદ્ધા તલવારપટા મૂકીને ભાગી ગયા, બાપુ ધારાવર્ષનાં વહાલાં સગાં અને સૈનિકો ફૂલધારે ઊતર્યાં, ચંદ્રાવતીની કાયા પડી તે પછી જ યવનોના પગને આગળ વધવાનો મારગ મળ્યો. આજ એ નામોશીને પોતાનાં આંસુઓથી ધોતાં એંશી વર્ષના વૃદ્ધને મેં અચળગઢની કેડીએ દીઠા, પહોડોની કરાડોમાં એ પોતાના કુંવર સોમ પરમારને ધનુર્વિદ્યા શીખવતા હતા, આંગળી ચીંધીચીંધીને ચતુર્દિશાના મર્મસ્થાનો બતાવતા હતા. ડોસા હાંફતા હાંફતા ડુંગરે દોડતા હતા ને ઠોકર વાગતાં ગડથોલાં ખાતા હતા.''

પોતાના રાજાનું આવું વર્ણન શ્રેષ્ઠીઓની પાંપણો પલાળનારું બન્યું એટલે અનુપમાએ છેલ્લી વાત કહીને પોતાનું કામ પૂરું કર્યું: ''અમારી ઘોડવે'લ અને તેના ઉપર ફરકતો કકુટ-ધ્વજ એમણે ઊંચે ઊંચેથી દીઠો. એક જ પલમાં તો બાપદીકરો અદૃશ્ય બન્યા અને ચંદ્રાવતીને સીમાડે જોઉં છું તો બેઉ પહાડ ઊતરીને ઘોડે ચડેલા ઊભેલા. મને ઓળખી લીધી – પંદરેક વર્ષ પર દીઠી હશે. મને દેખીને ડોસા ખસિયાણા પડ્યા. કુશલ-સમાચાર પૂછીને પછી ઘણો વિચાર કરી માંડ માંડ એટલું જ બોલી શક્યા – 'શ્રેષ્ઠીઓને ધોળકે તેડી જવા આવી છોને, બહેન! ભલે ભલે, એ મારા અટંકી સાથીઓનો હવે કંઈ વાંક નથી. બહુ માર ખાધો. હું ન રક્ષી શક્યો. ને હવે આ મારા સોમના શા ભરોસા! મેવાડ જેવાં મહામંડલ ખડી ગયાં, તો મારાં પેટ કેટલીક ટક્કર ઝીલશે! ભલે બહેન, તેડી જાજે – મારે રાંકને ઘેર ચંદ્રાવતી જેવું રત્ન ન સચવાય! શૂરા શ્રેષ્ઠીઓએ બહુ વેઠ્યું – બહુ ભોગવ્યું. તેડી જાજે.''

આ વર્ણન કરતી કરતી અનુપમા અટકી ગઈ. એને ગળે ડૂમો વળી ગયો. એ નીચે જોઈ ગઈ. અને પછી છેલ્લું મર્મબાણ છોડ્યું: ''તે છતાં જેઠજીએ તો કહ્યું છે કે ભલે આવતા બિચારા! બિચારા બનીને આવવું હોય તો ધોળકું તમારે માટે તૈયાર છે. મારા પિયરને રાંકડું શરણાગત બનાવીને હું લઈ જઈશ. પણ બિચારા તે સદા બિચારા જ રહેશે અને ધોળકાનાં લોક એ બિચારાની દયા ખાશે! બિચારાનું સ્થાન સદા બિચારું જ રહેશે. મારું પિયર – મારું ચંદ્રાવતી ત્યાં બિચારું બનશે!

તમારામાંના કોઈકનું પણ જે દિવસે ધોળકામાં અપમાન થશે તે દિવસે હું ઉઘાડી પડી જઈશ.''

''આપણે નથી છોડવું ચંદ્રાવતી.'' એક યુવાન આઘે ઊભો ઊભો હાક મારી ઊઠ્યો. ''નથી જવું.'' બીજાએ કહ્યું, ''ગમે તે થાય, નથી જવું.'' ત્રીજાએ કહ્યું, ''વડીલો ને વૃદ્ધો છો જતા.'' ચોથો બોલ્યો.

''અમારે ક્યાં જવું હતું?'' વૃદ્ધોમાંના એકે કહ્યું, ''અમે તો તમારી, જુવાનોની ખાતર વિચાર કરતા હતા.''

''જ્યાં મહામંડલેશ્વર ત્યાં આપણે,'' બીજા બુઢ્ઢાએ ડગમગ થતી ડોક ઘુમાવીને સંભળાવ્યું, ''હવે આપણે ધોળાંમાં ધૂળ નથી નાખવી.''

''હું તમને શરમાવવા નથી આવી.'' અનુપમા બોલી, ''ને હું તો ભાળું છું –'' એમ કહેતાં કહેતાં એણે ઉત્તરાપથના આઘેરા સીમાડામાં દષ્ટિ ખુંતાડી – ''કે આંહીં છેલ્લી કસોટી કારમી આવશે. ઇચ્છા હોય તો ઘરેણાંગાંઠાં ને માલમિલકત સાથે બૈરાંછોકરાંને ખેસવી કાઢજો.''

''એક પણ એવો બાયલો ચંદ્રાવતીમાં નહીં હોય, બહેન.'' એક તરુણે તીખા સ્વરે જવાબ દીધો, ''બોલો ભાઈઓ, કોઈને ચંદ્રાવતી છોડવાનું એની બાયડીએ કહ્યું છે?''

''ના, ના, ના,'' ઘણા અવાજો સામટા ઊઠ્યા, ''અમારે ઘેર જઈને એવું પૂછવું નથી. બૈરીઓનાં નામો આગળ કરીને અમારે બેવડા હિચકારા બનવું નથી. આ છોકરાંને વારસામાં બાયલાપણું સોંપી જવું નથી.''

''બસ ત્યારે, મારા જેઠજીને હું જઈ વધામણી આપીશ કે મારું મહિયર બિચારું નથી.''

કહેતે કહેતે અનુપમાએ ગર્વભેર સન્મુખ જોયું. સર્વ મહાજન-ચહેરા કાંતિમય બન્યા હતા. વૃદ્ધોએ પાસે આવી આવીને અનુપમાના મસ્તક પર હાથ મૂક્યા. પોતે પણ પ્રત્યેકના ઘરનાં બૈરાંછોકરાંના કુશળ પૂછ્યા; અને વ્યક્તિગત વાતચીતમાં એણે ચંદ્રાવતી છોડવાની ઉગ્ર વાતનો ઉલ્લેખ સરખો પણ કર્યો નહીં. સભા વીખરાઈ ત્યારે પોતાના વિજયથી પોતે જ શરમાતી હોય તેમ તે નીચું મોં રાખી ચાલી ગઈ.

8

# પરમાર બાંધવો

**આ**બુ ઉપર તો નાનપણમાં અનુપમા અનેક વાર ચડેલી, પણ તે દિવસનું ચડવું જુદું હતું. ચડતી ગઈ તેમ તેમ આબુ એને ગુર્જર દેશનો ગરવો ચોકીદાર લાગતો ગયો. દેલવાડે પહોંચી. વિમલવસહિકાના વિશાળ દેરાની પૂતળીઓમાં રાચતું એ બાળપણનું રમતિયાળ મન તે વેળા બીજા જ એક મનને માટે સ્થાન ખાલી કરી ગયું હતું. આ વિમલના દેરાની અંદર એકાદ નાનકડી કુલિકા(દેરી)માં એક જ પ્રભુ-બિમ્બ પધરાવવાની ઝંખના સંઘરીને એક કુમાર અણહિલવાડની પાઠશાળામાં પ્રાણ ત્યાગી ગયેલો, તેની પોતે પ્રત્યક્ષ સાક્ષી હતી. દેરાની અનુપમ શોભા, અગર-ચંદનની સુગંધ, પ્રભુની પ્રતિમાઓ, કશામાં તેનું ધ્યાન વસ્યું નહીં. એકાકી ઊભેલ વિમલવસહીના પ્રભુપ્રાસાદની પડખે એણે જમીન ખાલી જોઈ. એનું અંતર એ જમીનના ટુકડા પર ઠર્યું. એણે પોતાની સાથે આવેલા ચંદ્રાવતીના મહાજનોને પૂછી પણ જોયું: "આ જમીન કોની છે?"

"ગૌગ્ગલિક બ્રાહ્મણોની."

"વેચો ખરા?" એણે બ્રાહ્મણોને પૂછ્યું.

"શાને ન વેચીએ? પણ તમે નહીં રાખી શકો."

"શો ભાવ છે?"

"પૂછી આવો વિમલશાના વંશજોને. એણે જેટલાવામાં સુવર્ણદ્રમ્મ પાથર્યા તેટલી ભૂમિ મળી."

"કેટલા પાથર્યા?"

"અઢાર કોટિ ને ત્રેપન લાખ!"

અવાક બનીને અનુપમા અચળગઢ તરફ ચાલી. એટલી બધી સંપત્તિ ક્યાં હતી? ઉચ્ચારું તો વર અને જેઠ ઉત્તર શો આપે?

ડાબી દિશાએ દુર્ગાપક્ષી બોલ્યું. શું, શુકન થાય છે? અંબિકાની ઇચ્છા હશે? મારું સ્વપ્ન સિદ્ધ થશે? આ જન્મે તો આશા નથી!

અચલગઢની તળેટીમાં મંદાકિની-કુંડ પાસે પહોંચી. એનો સત્કાર કરવા

મહામંડલેશ્વર ધારાવર્ષદેવ પોતે ઊભા હતા. એ યોગી-શા રાજવીને અનુપમાએ મસ્તક નમાવ્યું. અચળગઢના ગગનચુંબી પ્રાસાદ, કે જે આજે ભર્તૃહરિ-ગોપીચંદની ગુફાને નામે ઓળખાય છે, ત્યાંથી એણે સંસ્કૃત કાવ્યના રટણ-ઘોષ સાંભળ્યા. કોઈકનો ઘેરો કંઠ કવિતાના સ્રોતની, જાણે કે આકાશેથી લહાણી કરતો હતો.

"આ કોણ?" અનુપમાએ મહામંડલેશ્વરને પૂછ્યું.

"એ તો પ્રહ્લાદન. તારા જેઠની જેમ મારા નાના ભાઈને પણ વિદ્યાનું વ્યસન લાગ્યું છે, બેટા!"

"મને જેઠજીએ એ વાત કરી હતી. આપ મને એમની પાસે લઈ જશો?"

શૌર્ય અને વિદ્યા બેનો જ્યાં સંયોગ થાય છે ત્યાં ભારતવર્ષનો યુગાત્મા પ્રકટે છે. એવો યુગદેવ અનુપમાએ એક સ્તંભતીર્થમાં દીઠો હતો – પોતાના જેઠ વસ્તુપાલને; બીજો દીઠો અચલગઢને કાંગરે, ધારાવર્ષના નાનેરા ભાઈ પ્રહ્લાદનદેવના દીદારમાં. નમન કર્યું. અને ચાખડીએ ચડીને મૃગચર્મ પરથી ઊભા થઈ ગયેલા પ્રહ્લાદન પરમારની આગળ અનુપમાએ એક કિનખાબે વીંટેલી ભેટ મૂકી કહ્યું: "જેઠજીએ આપને મોકલેલ છે – પોતાના રચેલા 'નરનારાયણાનન્દ' મહાકાવ્યનો પહેલો સર્ગ; અને કહાવ્યું છે કે આપનું નાટક 'પાર્થપરાક્રમવ્યાયોગ' એમને પહોંચ્યું છે, એમણે પ્રશંસ્યું છે. ગુરુ સોમેશ્વરદેવે પણ ધન્યવાદ કહાવ્યા છે."

"ને મને કંઈ નહીં?" વૃદ્ધ ધારાવર્ષદેવ હસ્યા.

"આપને તો ગાંડીવ સિવાય બીજું શું મોકલવા યોગ્ય?" એમ કહેતે કહેતે બાણાવળીઓમાં અપ્રતિમ એવા, એક જ શરે ત્રણ-ત્રણ મહિષોને સામટા વીંધનારા એ વૃદ્ધની અડીખમ ભુજાઓ તરફ અનુપમાનાં નેત્રો મંડાયાં: "ને એ તો આપને કયો અધિકારી મોકલી શકે? અચલેશ્વરે પોતે જ ત્ર્યંબક અર્પ્યું છે જેમને..."

"રહેવા દે, બેટા! વધુ ન બોલ. મહાદેવના ત્ર્યંબકને તો સીતા નામની એક છોકરીએ જ ઘોડો કરીને ઘસડ્યું ત્યારથી અમને સૌ બાણાવળીઓને તમારી જાતિની બીક લાગે છે."

"ચંદ્રાવતીના શ્રેષ્ઠીઓ આપની ક્ષમાએ આવે છે." એમ કહીને અનુપમાએ મહામંડલેશ્વરને બધી વાત કરી.

"એવી જરૂર નહોતી," ધાર પરમારે હસીને કહ્યું, "ને ચંદ્રાવતી અરક્ષિતા છે એ તો હું પણ જાણું છું. એ માટે તો આ પ્રહ્લાદન એક નવા નગરનાં તોરણ બાંધનારો છે. આંહીંથી ત્રીસેક કોસ ગુજરાત ભણી એનું સ્થાન મેં નક્કી કર્યું છે."

આજે પાલનપુર નામે ઓળખાતા અને તે કાળે પ્રહ્લાદનપુર કહેવાતા નગરની ધાર પરમારે વાત કરી. ચંદ્રાવતીના કાયમી જોખમમાંથી લોકોને ઉગારી લેવાનું આ

પગલું પરમાર ભાઈઓનો પ્રજાપ્રેમ અને આવડત બતાવતું હતું. એણે કહ્યું: "બહેન, કેસરિયાં કરવાનું તો આજે હવે ક્ષત્રિયોને પણ નથી કહેવાતું, તો વણિકોનો શો વાંક! ને સતત ભયમાં જીવનારાઓ વાણિજ્ય ન જ ખીલવી શકે."

"જા, સોમ!" પ્રહ્લાદનદેવે મૃગચર્મ પર ઊભાં ઊભાં પોતાની સામેના મૃગચર્મ પર બેઠેલા સુંદર બલિષ્ઠ યુવાનને રજા આપી, "આજે તને આ મહેમાનના માનમાં રજા છે."

અઢારેક વર્ષનો એ સોમ પરમાર ધારાવર્ષદેવનો પુત્ર હતો. એણે ખભે નાખેલું ઉત્તરીય નીચે સરી પડીને એના માંસલ સ્નાયુઓ દેખાડી દેતું હતું. એની ગરદન, નહીં બહુ ભરેલી તેમ નહીં બહુ પાતળી, સહેજ લાંબી હતી. એણે ધીરે અવાજે કાકાને કહ્યું: "મંત્રીશ્વરનું 'નરનારાયણાનન્દ' કાવ્ય આપ એકલા તો નહીં વાંચી લોને? મારે પણ એ સાંભળવું છે."

"હા, પણ તેં બાપુનો પાઠ પાકો કર્યો નથી ત્યાં સુધી એ કાવ્ય સાંભળવા નહીં મળે. જાઓ. ચંદ્રાવતી સુધી એકશ્વાસે ઊતરીને ચડી આવો."

સોમકુમાર ઊઠીને, અનુપમાને નમન કરી ચાલતો થયો.

અનુપમાએ કહ્યું: "એમને તો કોઈક વાર ધોળકે મોકલો."

"આવશે. હજુ એની તાલીમ પૂરી નથી થઈ. વીરતા અને વિદ્યાનાં બેઉ પલ્લાં સમતોલ થયા વગર બહાર કાઢીએ તો એને બહારનાં માનપાન બગાડી મૂકે. ને અનુપમા, આજ સુધી એકલું શરીરનું શૂરાતન ચાલ્યું. પણ હવે તારા જેઠની આણ હેઠળ અમ રાણીજાયાઓની કસોટી કપરી બની છે."

એ શબ્દો સાંભળતાં જ અનુપમાને કુંવર વીરમદેવ સાંભર્યો, પણ એ ચૂપ રહી.

"ચાલો, હવે આપણે સોમની માતાઓ પાસે જઈએ." એમ કહીને ધારાવર્ષદેવે અનુપમાને સાથે લીધી. પોતાને બે પત્નીઓ હતી.

ગઢ ઉપર ફરતાં ફરતાં એક સાંકડો ગુફા-મારગ આવ્યો. ત્યાંની ચોકી વટાવી મહામંડલેશ્વરે અનુપમાને એક અર્ધઅંધારિયા ભોંયરા તરફ લીધી. ભોંયરાને છેડે એક કોટડી હતી. એ કોટડીના આછા પ્રકાશમાં તાળાબંધ બારણાની પાછળ બેઠેલા એક કેદી તરફ ધાર પરમાર અનુપમાને લઈ ગયા. અનુપમાથી બોલાઈ ગયું –

"આ – આ અહીં ક્યાંથી?"

"તું એને ઓળખે છે?" ધારાવર્ષ ચકિત બન્યા.

"મેં આને ધોળકામાં દીઠેલો લાગે છે, પણ ત્યાં એને આ દાઢી નહોતી. આ તો તુરુષ્ક (તુરક) લાગે છે. મારી ભૂલ થતી હશે!"

"ચાલ, હું તને વિગતવાર કહું." એમ કહી, પોતાના એકાંતસ્થાનમાં લઈ જઈ ધારાવર્ષદેવે ભેદ સમજાવ્યો: "પંદર દિવસ પર એ દિલ્હીથી આંહીં છૂપો-છૂપો આવ્યો, મારી સાથે એકાંત કરી. મને પોતાની પાસેની ગુપ્ત મુદ્રાઓ, રુક્કાઓ વગેરે બતાવ્યાં. એ હતા મોજુદ્દીન સુરત્રાણ અલ્તમશના રુક્કા. મને તો આવડે નહીં, પણ પ્રહ્લાદને ઉકેલ્યા. આ જાસૂસ મને સુરત્રાણ મોજુદ્દીન તરફથી લાલચ આપવા આવ્યો હતો. હું એનાં સૈન્યોને ગુર્જર દેશ તરફ જવાનો મોકળો મારગ આપી દઉં તો હું આબુનો કાયમી મહારાજ બનું એવું કહેણ લઈ એ આવેલો. મેં એને આંહીં જ રોકીને મહામંત્રીને ખબર આપ્યા છે."

"અરે હા, આપના ઉપર જેઠજીએ આ પત્ર આપ્યું છે." એમ કહીને અનુપમાએ એક બરુની ભૂંગળી બહાર કાઢીને મંડલેશ્વરના હાથમાં મૂકી. પત્ર બહાર કાઢીને વાંચ્યા પછી ધારાવર્ષનું દેદીપ્યમાન મોં કોઈએ શોષી લીધું હોય તેવું બની ગયું. થોડી વાર એ ન બોલી શક્યા. લાલ બનવા મથતી આંખોને એણે મહામહેનતે ઠેકાણે રાખી. એણે પ્રહરીને આજ્ઞા કરી: "પેલા તુરકને અહીં લઈ આવો." એ આવી સન્મુખ ઊભો રહ્યો ત્યારે એની દાઢી પકડીને પોતે ખેંચી. નાળિયેર ઉપરથી છોતરું ઊખડી પડે એમ દાઢી એના મોં પરથી નીકળી ગઈ. એ દાઢી બનાવટી હતી.

પત્રમાં જોતે જોતે એણે બીજાં કેટલાંક ચિહ્નો મેળવ્યાં, મળી ગયાં. એણે પેલી મુદ્રા, રુક્કો વગેરે તપાસ્યાં; પત્રમાં કંઈક વાંચ્યું, છેવટે તુરકને કહ્યું: "જા ભાઈ! તારા ધણીને કહેજે જઈને કે પરીક્ષા લઈ જાણવાનું પહેલું શીખે; અને આબુ તો કાળમીંઢ પા'ણો છે. આગ ઉપર તો લોઢું ઓગળે, પા'ણો થોડો ઓગળે છે!"

મુક્ત કરેલા કેદીને લઈ પ્રહરી ચાલ્યો તે પછી ધારાવર્ષદેવે કહ્યું: "અનુપમા, આ તુરક-પ્રતિનિધિ બનાવટી હતો; અને એ પાછો ગુર્જર હતો. અમારું પાણી માપવા, અમારું પેટ લેવા મોકલ્યો હતો!" બોલતાં બોલતાં એ કાળાભઠ પડી ગયા.

"કોણે? જેઠજીએ?" અનુપમાને ફાળ પડી.

"તારો જેઠ એવું કરત તો હું એને જઈને તીરે વીંધત. પણ આ તો બાપદીકરાનું કામ! મંત્રીશ્વર મને ખબર આપે છે કે રાણકશ્રી વીરધવલે આ ભૂલ કોઈને પૂછ્યા વગર કરી છે – રાણાજી લવણપ્રસાદનો સંશય દૂર કરવા માટે! વાડ થઈને ચીભડાં ગળવા ચાલી! હવે તો બેટી, અમે સૌ હેમખેમ આબરૂ સથોકા અચલેશ્વરના ચરણોમાં ચાલ્યા જઈએ તે જ માગીએ છીએ. અમે જો વધુ જીવ્યા તો મારું ને લવણપ્રસાદનું હજુ કોણ જાણે કેવુંયે સત લેવાશે."

એમ કહેતાં કહેતાં એનો સ્વર ચિરાયો. આવડી બધી અસ્વસ્થતા અને આવડો

ઉત્તાપ એનામાં જેમણે અગાઉ કદી નહીં દીઠેલો તે ચાકરો એના માર્ગ આડેથી આઘા સરી ગયા.

"આપને દૂભવવા બદલ રાણક પ્રાયશ્ચિત્ત કરશે, પ્રભુ!" અનુપમાએ કહ્યું.

"એ તો મંત્રીએ પણ લખ્યું છે, કે જગત કદી નહીં ભૂલે તેવું પ્રાયશ્ચિત્ત રાણો કરશે; પણ એનું પ્રાયશ્ચિત્ત મને તો ઊલટાનો વધુ પાપભાગી બનાવશેના!"

**

થોડાક જ દિવસ પછી ચંદ્રાવતીથી ફરીવાર આબુ પર ચડીને અનુપમા દેલવાડાના વિમલપ્રાસાદની અડોઅડના જમીનના કટકા પર સોનાના સિક્કા પથરાવતી હતી અને એ સિક્કાનાં ગાડાં ભરાઈ ભરાઈને ચંદ્રાવતીથી ચાલ્યાં આવતાં હતાં. મહામંડલેશ્વર ધારાવર્ષદેવ પણ હાજર હતા.

જમીનના માલિક ગૌગ્ગુલિકો પહેલે પહેલે તો સોનાના માપે જમીન લેવા આવનારી આ ગુજરાતણને જોઈ રમૂજ પામ્યા, પણ પછી એ ગંભીર બન્યા. જમીન ખૂટવા લાગી હતી, દ્રમ્મનાં ગાડાંની અખૂટ હેડો ચાલી આવતી હતી. આખરે જમીનના સ્વામીઓએ જ આડા હાથ દઈને કહ્યું કે "બસ, બાઈ, તમે તો આખો ડુંગરો ખરીદી લેશો એવી અમને બીક લાગે છે!"

વાત એમ બની હતી કે તે દિવસ ચંદ્રાવતીના મહાજન સાથે પોતે આવેલી ત્યારે જમીનની કિંમત સાંભળી અનુપમાએ અશક્યતાની લાગણી અનુભવી મોં પર નિસ્તેજી ધારણ કરી હતી, તે વાતની જાણ સ્તંભતીર્થમાં વસ્તુપાલને ગુપ્તચર દ્વારા થઈ ગઈ. મંત્રી મારતે ઘોડે ધોળકે આવ્યા. તેમણે તેજપાલ સાથે મંત્રણા કરી અને નિર્ણય કર્યો કે હવે તો જમીન લેવી જ લેવી, ન લેવાય તો નાક કપાય!

ધાર પરમાર પર ચિઠ્ઠી લખી, તાતી કરભી (સાંઢણી) વહેતી કરી લખ્યું હતું કે અનુપમાને જેટલું જોઈએ તેટલું દ્રવ્ય અમારા અંગત હિસાબે ચંદ્રાવતીમાંથી એકત્ર કરી આબુ પર પથરાવી આપજો.

## 9
# સ્વામીની ભૂલ

**ચં**દ્રાવતીથી પાછી ફરેલી અનુપમા પાટણ આવી ત્યાં એને તેજપાલનો ભેટો થયો. પતિ પાસેથી એને ખબર પડી કે કુંવર વીરમદેવજી ધોળકાનો ત્યાગ કરી સદાને માટે પાટણમાં દાદા લવણપ્રસાદ પાસે આવીને વસેલ છે. ધોળકામાંથી એને દેશવટો આપવામાં આવ્યો હતો. એને મૂકવા જ તેજપાલ પાટણ આવ્યો હતો.

વાત એવી બની હતી કે ધોળકામાં મોટી એકાદશીની પર્વણીના દિવસે મલાવ-સરને કાંઠે આવેલા દેવ-પીપળા નીચે વૈષ્ણવ જનોની ઠઠ મળી હતી. પ્રત્યેક નરનારી મોટી પૂજા કરતાં હતાં અને નિયમ પ્રમાણે ત્યાં દરેક વૈષ્ણવધર્મી પોતપોતાના ગજા મુજબ એકસો ને આઠ ગણી નાનાંમોટાં ફળો કે સિક્કા દેવચરણે ધરતો હતો. ગરીબોએ એકસો ને આઠ-આઠ બોર મૂક્યાં, મધ્યમોએ ફોફળ મેલ્યાં, કોઈએ આંબળાં ધર્યાં. કુમાર વીરમદેવને અને વીસળદેવને સાથે લાવીને રાણી જેતલદેએ પણ પૂજા કરાવી એકસો ને આઠ દ્રમ્મની ભેટ મૂકી.

તે વખતે વિદેશ જઈને પુષ્કળ દ્રવ્ય રળી આવેલા એક વૈષ્ણવ વ્યાપારીએ આગળ આવીને એકસો આઠ આછૂ (એ નામનાં સાચાં મોતી) મૂક્યાં.

સોમેશ્વરની દીકરી રેવતી ત્યાં ઊભી હતી તેણે પોતાના ટીખળપાત્ર કુંવર વીરમદેવને દૂર લઈ જઈને ટોણો માર્યો: "જોયુંને કુંવરજી, તમારાથી એ વાણિયો વધ્યો!"

"હેં! એક પ્રજાજન અમારા પર ચડાવો કરે છે!" કુંવર વીરમદેવના કાનની બૂટ લાલચોળ થવા લાગી.

"તે કેમ ન વધે!" રેવતીએ ટીખળ આગળ ચલાવ્યું, "આંહીં ધોળકામાં તો સૌ સરખાં. તમે રાજા તો નથી થયાને હજી! રાજા થાવ તે દા'ડે રોકજો."

"ને શું આજ ન રોકી શકું? આટલા બધા ફાટી ગયા છે બધા?" એમ કહેતો વીરમદેવ ગાંડપણના નવા આવેશમાં કૃપાણ ખેંચીને દોડ્યો. એ સાચાં મોતી મૂકનાર વણિક પર ખડગ ઉગામ્યું. વણિક ભાગ્યો. વીરમદેવે એની પૂંઠ પકડી અને જેતલદેવીને શું થઈ રહ્યું છે તેનું ભાન થાય તે પૂર્વે તો આગળ વણિક ને પાછળ

ઉઘાડી તલવારે વીરમદેવ! આખા મેળામાં હોબાળો ઊઠ્યો. લોકો એકબીજાને ધકેલતાં ને ચગદાતાં ભાગ્યા. વણિકનું બુમરાણ! પછી તો બાકી જ શું રહે? મલાવની પાળ વટાવી, દરવાજો વટાવી, ઊભી બજારે "મારી નાખ્યો! મારી નાખ્યો!" એવી ચીસો દેતો વણિક રાજગઢમાં પહોંચ્યો.

રાણા વીરધવલ દરબાર ભરીને બેઠા હતા, વણિક ત્યાં જઈ ઢગલો થઈ ગયો. કુંવર વીરમદેવ ખુલ્લા ખડગ સાથે પાછા વળી ગયા, રાણાની આજ્ઞાથી દોડી ગયેલા સૈનિકોએ કુંવરને પકડીને દરબારમાં હાજર કર્યા.

જેતલદેવી પણ દરબારમાં નાનેરા વીસળદેવને લઈ હાજર થયાં. એના મોં પર ચંડીસ્વરૂપ સળગી ઊઠ્યું હતું. એણે રાણાને રાડ નાખી કહ્યું, "એનું માથું ઉડાવી દો, એ મારું પેટ નથી, પાપ છે. એણે હવે મને સંતાપવામાં બાકી નથી રાખી નાથ, એને ટૂંકો કરો. એ વગર વાંઝિયાં નહીં રહીએ. આ રહ્યો બીજો એક."

એમ બોલતી રાણી જેતલે વીસળદેવના માથા પર હાથ મૂક્યો, વીસળે પોતાના મોટાભાઈ વીરમ તરફ સ્મિત કર્યું. વીરમના અગ્નિમાં ઘી હોમાયું: બીજો એક છે એથી કરીને જ પોતાનું પલ્લું આટલું હેઠું બેઠું છે. અને એટલે જ રાજગાદીથી બાતલ કરવાની આ દમદાટી દેવાયા કરે છે, એ વિચારે એણે વીસળદેવ તરફ ચકળવકળ ડોળા ઘુમાવ્યા. એ ડોળામાં ભ્રાતૃહત્યાની વાંછના ડોકાતી હતી.

રાણા વીરધવલ, ક્રોધને જીતનારા, ક્ષુબ્ધતાને પી જનારા, કાળના મારણહાર, એણે પણ વીરમની આંખોમાં સળગતો વીસળ પ્રત્યેનો ભાવ નિહાળ્યો, અને એણે ક્ષણભર વિચારમાં પડીને પછી ઊંચું જોયું; આ શબ્દો કહ્યા: "કુંવર! બીજે બધે બનતું હશે, મારા ધોળકામાં આ નહીં બની શકે. આ વૈશ્યો તો મારા જંગમ લક્ષ્મીભંડારો છે. એને લઈને હું ઊજળો છું. તમારા વગર મારે ચાલશે, એમના વગર નહીં ચાલે. જાઓ હવે, તમારું આંહીંથી કાળું કરો, મોટા બાપુ પાસે પાટણ રહેજો. સુધરી શકો તો સુધરજો, આવે ને આવે ઢંગે ધોળકામાં પગ મૂકવાની આશા રાખશો મા." એમ કહીને રાતોરાત રાજવી માતપિતાએ પાટવી કુંવરને દેશવટો દીધો હતો.

સમાચાર સાંભળીને અનુપમાનો જીવ ઊંડો ઊતરી ગયો. એણે સ્વામીને પૂછ્યું: "તમે ધોળકામાં નહોતા?"

"હું ત્યારે રાજસભામાં જ બેઠો હતો."

"ને છતાં તમે રાણાજીને આ પગલું ભરતાં રોક્યા નહીં?"

"શીદ રોકું? ટાઢે પાણીએ ખસ કાઢી!"

"ખોટું થયું," અનુપમાએ ઊંડા દુ:ખનો ઉદ્ગાર કાઢ્યો, "હું હોત તો આ

ન થવા દેત.''

"તો કોઈક દિવસ એ આપણા લૂણસીનો પ્રાણ લેત.''

"ગુરુ નહોતા?''

"કોણ સોમેશ્વરદેવ? ના, એ તો સોમનાથ ગયા.''

"અમારા બેમાંથી એક ત્યાં હોત! તમે રજા આપો તો હું હજુય એમને પાછા લાવું.''

"ના, હવે તો બેઉ વાતે બગડશે. ને આપણે તો ઠીક, એનાં સગાં માવતર જ એનાથી ત્રાસી ગયાં હતાં. મોટાભાઈએ પણ આ લપ ધોળકામાંથી ટળે એમ ઇચ્છયું હતું.''

"એમની પણ ભૂલ થઈ છે.''

"તું તો સૌની ભૂલ જ ભાળે છે ના!''

પતિને દુભાયેલા દેખી અનુપમાએ આખી વાત અંતરમાં ઉતારી દીધી. તેજપાલે કહ્યું: "મોટા રાણાએ પણ અમારું પગલું પસંદ કર્યું છે.''

"એ તો આપણા પગલા આડે કદાપિ એક બોલ સુધ્ધાં કાઢનાર નથી. પણ, સ્વામી! એને વીરમદેવ બહુ વહાલા છે. એના હાથમાં કુંવર વધુ વણસી જશે. એક માનવી માનવીપણામાંથી ટળી જશે. એક શત્રુ ઊભો થશે.''

"તો તો રાજનીતિમાં બીજો ઉપાય નથી. જળવાય તેટલું જાળવીએ, તે પછી તો શત્રુને શત્રુની જ ગતિએ પહોંચાડવો રહે.''

પતિ એક પહાડ જેવડી ભૂલ કરી રહ્યો હતો, રાજનીતિના ઊંધા જ દાવ નાખી બેઠો હતો, એક વિષવૃક્ષ વાવી રહ્યો હતો, એવું એવું ઘણું ઘણું વાવાઝોડું અનુપમાના મન સોંસરું ચાલ્યું ગયું.

## 10

# સળગતો સ્વામીભાવ

પાટણમાં સર્વાધિકારીના પ્રાસાદમાં વીરમદેવ સૂતો હતો. લવણપ્રસાદ એના ઓરડામાં આવ્યા ત્યાંસુધી રાતાચોળ હતા; પણ વીરમનું મોં નિહાળતાં એના વૃદ્ધ હૃદયને એક નબળે ખૂણેથી દુર્બલ વાત્સલ્યનો અવાજ ઊઠ્યો. એના મનમાં એકમેકની વિરોધી લાગણીઓ બોલતી થઈ. ધોળકું એ પાટણ નથી, ધોળકામાં પાટણની પાયમાલી ઊભી થવા દેવી નથી: એ સૂત્ર વણિક મંત્રીઓએ ધોળકાવાસી રાણા-રાણકીથી લઈ રંગરેજના હૃદય સુધી સતત ઘૂંટાવ્યું હતું. પણ ધોળકાના ક્ષત્રિય ધણી વાઘેલ કુળમાં પોચી લાગણી પ્રવેશતી હતી તે શું ખરે જ સારું હતું?

વીરમને વદને દૃષ્ટિ ફરતી ગઈ તેમ તેમ લવણપ્રસાદની પાંપણો ભીની થતી ગઈ. આ છોકરો રાણકપદનો વારસદાર છે. એને કોઈ નાવારસ તો નહીં ઠેરવે? ગાદીનો સ્વામીભાવ લવણપ્રસાદના કલેજામાં કેટલીક નબળી વાતો મૂકવા લાગ્યો. પણ એણે પોતાના બિરદને એથી પણ વધુ મોટા અવાજે હોકારતું સાંભળ્યું. પોતે આ ખંડેરોનાં ભીંતડાં ફગાવી દઈને નૂતન ગુજરાતનું નિર્માણ કરવા બેઠો હતો તેવું તો સ્પષ્ટ ભાન એ સૈનિક-હૃદયને નહોતું, પણ જે ધરતીનું ધાન ખાઈને પોતે જીવતો હતો તેના પ્રત્યે એને ભક્તિ હતી. એ ભક્તિ એક શ્રદ્ધાળુની હતી. સાગરતીર પર્યંતની પૃથ્વી પાછી ન જિતાય ત્યાં સુધીનો સંન્યાસ એના અંતરને ભગવા રંગે રંગી રહ્યો.

ચોમેર પાટણ સૂતું હતું. ઘોરતા નગર પર એણે નજર ફેરવી. કોઈ અફીણી ઊંઘતો હોય તેવું એને સૂતેલું પાટણ લાગ્યું. દૂર સરસ્વતી વહેતી હતી. એનો પ્રવાહ પણ પુરાતો હતો. યુગો સુધી જે પાણી પોતાની છાતીએ નૌકાઓ રમાડતાં તે પાણી પ્રતિદિન છીછરાં બનતાં હતાં. સરસ્વતીની નગ્નતા ઉઘાડી પડતી હતી. સરસ્વતીનું એ કંગાલ સ્વરૂપ જનતાની આંતરિક અધોગતિનું જ પ્રતીક હતું. પાટણ ભાંગતું હતું તેને ભોગે જ ધોળકા ને ખંભાતની આબાદાની જામતી હતી. લવણપ્રસાદની પીઠ પાછળ જ નહીં, મોઢામોઢ પણ એ મર્મબોલ કહેનારા મળતા હતા, કે આણે પુત્રને ખટવવાનો જ બધો ખેલ માંડ્યો છે!

બીજી બાજુ આ શ્રાવક ભાઈઓ પણ હદથી જ્યાદે પ્રભાવ જમાવતા નહોતા

શું? તેમના પેટમાં... પાપ...

ના રે જીવ, ના, એ કલ્પના આજથી ન કરવી ઘટે. હજુ તો એમની પાસેથી કંઈક કામ લેવાનાં બાકી છે. હજુ તો ગુર્જરાનાથને आसमुद्रक्षितीश કરવાનો છે. મારા જ પેટમાં કદાચ પાપ ઊપડતું હશે! વીરમ આંહીં જ ભલે રહ્યો. ધોળકાનો ગાદીધણી એ બને કે નયે બને, પણ મહારાજ ભીમદેવની નજરે તો એને નાખી શકીશ! એનું પ્રારબ્ધ કદાચ વધુ જોર કરવાનું હશે...

ભાંગ્યાતૂટ્યા મનોભાવને એણે જલદી જલદી કોઈ ચોરની પેઠે સંતાડી દીધા.

કુમાર વીરમદેવ કાયમને માટે દેશવટે આવ્યો છે એવી જાણ પાટણમાં સારી પેઠે પ્રસરી ગઈ. એ ધોળકાના શાસકોનો અળખામણો બન્યો છે તે જ કારણે પાટણની કેટલીક ટોળીઓને એનાં પર વહાલ વરસવા લાગ્યું હતું. એ દિન–પ્રતિદિન પાટણવાસીઓનો કૃપાપાત્ર બનતો ગયો. પાટણના દ્વેષભાવ ઉપર એનું આવવું ઘી બનીને રેડાતું રહ્યું. અમુક કુટુંબોમાં એના આદરમાન ટાણે ને કટાણે, દિવસે ને રાત્રિએ થવા લાગ્યાં. કુમારના એવાં સ્વાગત જે જીવતાં માનવ-શરીરો વડે થઈ રહ્યાં હતાં તેનાથી લવણપ્રસાદ અજાણ રહ્યો હતો કે જાણતો છતાં અબોલ રહ્યો હતો તે કળવું કઠણ હતું. પણ વીરમદેવ પટ્ટણીઓનો પ્રેમ સંપાદન કરી રહેલ છે તે એને ગમતું હતું. તે વાતથી આજારી ભીમદેવને પોતે એક અથવા બીજી રીતે વાકેફ કરતો જ રહ્યો. પાટણની ગાદી એને લલચાવતી હતી કે પૌત્ર પરનું વાત્સલ્ય એને નબળો પાડી રહ્યું હતું તે તો એ પોતે પણ નક્કી નહોતો કરી શકતો. બાકી તો ખરું કારણ એક જ હતું: લવણપ્રસાદ વૃદ્ધ બનતો જતો હતો.

'નહીં નહીં,' એનો સદાત્મા બોલતો હતો, 'ગુર્જર દેશનો સીમાડો સાગરને તીરે દોરાય નહીં ત્યાંસુધી તો વસ્તુપાલ-તેજપાલની સત્તા મારે વેઠવી જ ઘટે. વીરમને તેમણે ધોળકા છોડાવ્યું તે ઠીક જ કર્યું, ઠીક જ કર્યું, બીજું બની જ ન શકે.' આમ મન પર એ વારંવાર ભાર મૂકીને ઠસાવવા લાગ્યો.

11

# પૌરુષની સમસ્યા

પતિ અને જેઠની અનિચ્છા છતાં વીરમદેવને મળી લેવા અનુપમા ઉત્સુક હતી, પણ વીરમદેવ ક્યાંય સાંપડ્યો નહીં; એને તો વસ્તુપાલના વિરોધી પટ્ટણીઓએ સાકરના સરોવરોમાં ડુબાડી દીધો હતો.

અનુપમા ધોળકે આવી ત્યારે લૂણસીને પણ લાગ્યું કે બા કંઈક બદલાઈ ગઈ છે. એનું ચિત્ત પુત્રમાં, પતિમાં, ઘરમાં, શામાંય પરોવાતું નહોતું. સ્તંભતીર્થથી એણે જેઠને જલદી મળવા બોલાવ્યા.

વસ્તુપાલ આવ્યો, પણ લજવાતો લજવાતો. અનુપમાએ ચંદ્રાવતીની હિજરત કેવી રીતે ટાળી નાખી હતી તેથી મંત્રી માહિતગાર બની ચૂક્યો હતો. ચંદ્રાવતીવાળાઓને મંત્રીએ 'બાપડા' કહેલા તેનો જ અનુપમાના માથામાં ચસકો ચાલ્યો હતો. શરણાગત બનીને આવે તે ચંદ્રાવતી નહીં! એવો ભાવ અનુપમાની આંખોમાં શાંત અગ્નિનું શયન કરીને સૂતેલો જોયો. એણે મૂંગાં મૂંગાં પણ આ નારીની માફી માગી. ચંદ્રાવતી વિશે બેઉ વચ્ચે જાણે કશી ચર્ચા જ બાકી રહી નહોતી.

"આપને જલદી મળવાનું કારણ તો –" અનુપમા નીચે જોઈ ગઈ.

"હા, તમે લખી મોકલેલું તે કારણ મેં જાણ્યું છે," એમ કહીને વસ્તુપાલે પૂછ્યું, "પણ તેજલને તમારી સેવાથી સંતોષ છે તો પછી આ શી હઠ પકડી છે?"

"પણ એટલી સેવાયે હું હવેથી એમને પહોંચાડી શકું તેમ ન હોય તો?"

"એટલે?"

"મને રાજી થઈને સૌ ચંદ્રાવતી રહેવા જવાની રજા આપો."

"સાસરિયાંની શૂળી આટલે વર્ષે સાલી કે?"

"ના ના મને પિયરિયાંની પાલખીએ નથી લલચાવી."

"ત્યારે?"

"ત્યાં બેઠે બેઠે પણ એમની – આપ સૌની જ સેવા કરવી છે."

"એ શું વળી?"

"એક તો દેલવાડાની જે જમીન આપે ઉતાવળ કરાવીને ખરીદાવી તે પર

પ્રભુપ્રાસાદનું કામ ઉપાડી શકાય." એમ કહીને અનુપમાએ સોનાં પાથરીને જમીન ખરીદાવવાની જવાબદારી જેઠ પર નાખી.

"મેં ખરીદાવી એ ખરું છે. પણ તે તો ત્યાં તમે જમીનનાં મૂલ ચર્ચીને આપણી આબરૂનું લિલામ કરાવતાં'તાં એટલે જ ને! ખેર, પછી બીજું?"

"બીજું તો આપે જેમને બિચારા કહી આશરે તેડાવેલા તેમને કેવળ વાતોનાં જ વાળુ કરાવીને હું પાછી વળી છું. પણ એમને મેં વચન આપ્યું છે કે હું તેમની સાથે તડકાછાંયા વેઠવા રહેવા આવીશ, છેટે બેઠી બેઠી માત્ર શૂરાતનનાં વેણ નહીં પીરસ્યા કરું."

"તમે શું કરશો?"

"બીજું તો શું, ચંદ્રાવતીની ચાલી આવતી અગ્નિપરીક્ષાને ભેટવા તેમને પ્રભુભક્તિ કરાવીશ, તેમની સમતા વધે તેવાં સ્તવનો ગાઈશ."

આવતી અગ્નિપરીક્ષાનું આ નારીને ભાન છે એ જાણી વસ્તુપાલ રાજી થયો. થોડી વાર તો એને અનુપમાના શબ્દોમાં ફિશિયારી લાગી. પણ વધુ વિચારે તેને ખાતરી થઈ કે ચંદ્રાવતીને પાણી ચડાવવા સારુ આવી નારીની જ જરૂર છે. નારી જ દેશના યુવાનોને હૈયે સ્વપ્ન ભરી શકે છે તેમ વૃદ્ધોની આંખોને ભૂતમાંથી ભાવિ તરફ મીટ માંડતી કરે છે.

પણ એથી વધુ અગત્યનો પ્રશ્ન તેજપાલનો લાગ્યો. પોતે પુરુષ હતો, બે બૈરીઓનો સ્વામી હતો, એટલે પુરુષના પૌરુષનો કોયડો બરાબર સમજતો હતો. તેજપાલમાં જે ગુસ્સો અને ઉતાવળિયાપણું હતું તેનું કારણ તેને અસંતુષ્ટ કામેન્દ્રિય લાગ્યું. મોટા સ્વધર્મોમાં સરતી જતી અનુપમા એક સૈનિક સ્વામીને જોઈએ તેવી રસિકતા પૂરી પાડી શકે નહીં, અને પોતાની સ્ત્રીની નરી પવિત્રતા-ધાર્મિકતાનો ગર્વ કોઈપણ પતિને વાસનાતૃપ્તિ આપી શકે નહીં. કોઈક દિવસ એવો ગર્વ ધિક્કારમાં પરિણમે. કોઈક દિવસ એ પુરુષનું પુરુષાતન ભટકવા નીકળે. અનુપમાએ કાઢેલો ઉકેલ વાજબી હતો. અને એવું સમાધાન કરવા ઇચ્છતી સ્ત્રી એક મ્યાનમાં બે તલવારો જેવું જીવન જીવી જ ન શકે. માટે અનુપમાનું ચંદ્રાવતી જઈ રહેવું એ પણ ના ન પાડી શકાય તેવું પ્રયાણ હતું. પતિને નવી પરણાવીને પોતે કુટુંબમાં રણીધણી થઈને રહેવાની ભ્રમણા અનુપમાએ સેવી નહોતી. ડાહી વહુ ડહાપણનો અખૂટ ભંડાર દેખાણી.

"તમારી બન્ને વાતો નક્કર છે, દેવી!" મંત્રીએ કબૂલ કર્યું, "ને તમારી એટલી પણ સેવાથી વંચિત બનનાર તેજલ તૂટી પડે તો નવાઈ નથી. એને મનાવવાનું હું માથે લઉં છું. પણ હવે હુંયે માગી શકુંને?"

"આજ્ઞા કરો."

"તો જુઓ, માવતર જેને ઝંખતાં ઝંખતાં ચાલ્યાં ગયાં, ને હું જેને વર્ષોથી ઝંખું છું, તે મારી ઇષ્ટ સિદ્ધિને તમે જ વર્ષોથી રોકાવી રહ્યાં છો. ને તમારા વગર મારે એ કંઈ કરવું નથી."

"હા, હા, હવે તો આપ સુખેથી સૌરાષ્ટ્ર-યાત્રાનો સંઘ કાઢો. મારા વાંધા તો આપે મિટાવી દીધા છે. લૂણિગભાઈના મનોરથ પૂરવાનું મંડાણ કરી આપ્યું છે, તેમ ગુર્જર દેશ પણ કડે કર્યો છે. હવે આપ મારી દુહાઈમાંથી છૂટા છો."

"પણ તમે હજુ બંધાયલાં છો. સંઘની અધિષ્ઠાત્રી બનવાનું છે એ પ્રથમ પાળી બતાવો, પછી તેજલને ઠેકાણે પાડીએ, અને પછી તમે સુખેથી ચંદ્રાવતી જાવ."

"આજ્ઞા બરાબર છે." એટલું કહીને અનુપમા ચાલી ગઈ.

"અજબ સ્વપ્નભરી!" ધોળાં કબૂતરો જેમ કોઈ દેવાલયના ઘુંમટમાં ઘૂઘવવા લાગે તેમ વસ્તુપાલના હૃદયમાં સુભાષિતો ઘૂમી રહ્યાં.

12

# ચાલો માનવીઓ!

**મા**ઘ મહિનો બેઠો અને વસંતના ધીરા વાયરા વૃક્ષેવૃક્ષને નવી ચમક આપવા મંડ્યા. એવો જ એક નવજીવનનો વાયુ ગુર્જર દેશ અને તેના પાડોશી પ્રદેશોની પ્રજાને પણ મૂર્ચ્છામાંથી ઢંઢોળી નવપલ્લવિત કરવા લાગ્યો.

ગામડે-ગામડેથી શકટો ને સુખપાલો, ઘોડાં ને સાંઢ્યો, તરેહ-તરેહનાં વાહનો ને વાહિનીઓ વહેતાં થયાં. પશુઓની ડોકે ઘૂઘરમાળ ગુંજી, ગાડાંનાં પૈડાંમાં પાંદડીઓ રણઝણી. શ્રીમંતોનાં વાહનો કિનખાબની ઝૂલે સજ્જ થતાં હતાં અને નિર્ધનો પણ ખૂટતા બળદોની જોડ વસાવવા સીમાડે ખેતરે ઘૂમતા ખોળતા, પાડોશીઓ પાસે ઉછીનાં પશુઓ લેતાં હતાં. ધનિકોની ત્રિયાઓ હીરચીરના દાબડા ભરવા લાગી ને ગરીબોની બૈરીઓએ ગાભાનાં બચકાં બાંધ્યાં. પાટણથી લઈ નડૂલ પર્યંત અને ધોળકાથી માંડી લાટદેશ સુધીનો આ સળવળાટ અપૂર્વ હતો. લોકપ્રાણ થીજેલાં પાણીની દશામાંથી મોકળો બનીને નવા સૂર્ય-સ્પર્શે, વર્ષો પછી, અરે પેઢીઓ વીત્યે, ફરી એકવાર પ્રવાહિત બન્યો હતો.

શું હતું?

એ હતું એક અણધાર્યું, અણકલ્પ્યું અને અતિ આકર્ષક યાત્રાતેડું. નગરે અને ગામડે ધોળકાના મંત્રીશ્વર વસ્તુપાલ ઠક્કુરની કંકોતરી ફરી વળી હતી. ખેપિયાઓએ એક નાનકડા નેસડાને પણ બાકી ન રાખ્યું. ચાલો, ચાલો, ઓ માનવીઓ! સૌરાષ્ટ્રનાં તીર્થ-સ્થાનોની યાત્રાએ ચાલો. નિર્ધનો ને ધનિકો, શ્રાવકો ને અશ્રાવકો, જેને જોડાવું હોય તે જોડાવ; આંધળાં ને અપંગો, તમે પણ ચાલો. બુઢ્ઢાં ને બાળકો, તમને પણ નિમંત્રણ છે. સંસારભારે ભાંગેલાં હોય તેઓને સંઘમાં શામિલ થવાને વધુ હક છે. પ્રવાસો અને પર્યટનો જેના પ્રારબ્ધમાં કદી સાંપડ્યાં નથી તેને તો પહેલું તેડું છે.

વાહનવિહોણાંને વાહન પૂરાં પાડશું, ઓઢણ-પાગરણનો અભાવ હશે તેને ધડકલી ઢાંકશું. પ્રભુના પૂજનઅર્ચનાદિકની ત્રેવડ વગરનાંને તે પણ મફત મળશે. આજાર પડશો તો ઔષધિઓ આપીશું, ભોજનપાણી માટે સૌને પેટ ભરીને પીરસશું.

ઘરાણાં ને દાગીના કોઈને ઘરમાં સંતાડવાની જરૂર નથી; યાત્રિકોની રક્ષા રાણા વીરધવલનાં સાથે ચાલનારાં અજિત સૈન્યો કરશે. ગુલતાનપ્રેમી જીવડાઓ! ગભરાશો નહીં, સંઘની સાથે ભોજકો ને ગાયકો, નાટ્યવિશારદો ને વિદૂષકોની પણ જોગવાઈ કરી છે. પડાવે પડાવે રંગભૂમિઓ ખડી કરશું, રાસો ને વાર્તાઓ મંડાવશું, ગાન તાન ને ગુલતાન કરશું. માટે આવો! આવો! દળબળ બાંધીને, વૃંદે મળીને, વસ્ત્રાભૂષણે ભાંગી પડતા પધારો.

ફક્ત શ્રાવકો જ શા માટે, શ્રાવકેતરો પણ પધારો! કેમ કે એકલાં જૈનધામો જ નહીં, પણ રેવતગિરિ ગિરનાર અને ચંદ્રમૌલિ પ્રભુ મહાદેવનાં સંતાપહર શીળા પ્રભાસ સુધીનું આ તો 'મહાપર્યટન છે.

દેશદેશાન્તરોમાં ખાસ દોડાવેલા સેંકડો સંદેશવાહકોએ આવા એક મહાન સંકલ્પની સૌને જાણ કરી, અને અઠ્ઠાવીશ વર્ષોથી અણખેડ્યા પડેલા સૌરાષ્ટ્રી દેવતીર્થોના કેડા પાછા ઊઘડતા જાણીને જનસમાજ ઉલ્લાસમાં આવી ગયો. આખા ભારતવર્ષનો પુનિત યાત્રાપ્રદેશ આ સુરાષ્ટ્ર દ્વીપકલ્પ મહારાજ ભીમદેવના ગાદીએ બેસવા પછી રફતે રફતે તસ્કરો ધાડુપાડુઓને જ સોંપાઈ ગયો હતો. એકલપંથીયાત્રા તો અશક્ય બની હતી, પણ સંઘોનાંય સ્વપ્નાં જ બની ગયાં હતાં, મંદિરોની ઇમારતોમાં બાકોરાં પાડીને ઘુવડો બેઠાં બેઠાં ઘૂકતાં હતાં, ને પુનિત ડુંગરાઓની તળેટીઓ વરુઓએ ને વાઘોએ ચાટીને ત્યજેલાં ગાય-ભેંસોનાં કરકાં(હાડપિંજરો)થી ઢંકાયેલી હતી. ગાન ત્યાં કેવળ હોલાં ને ચીબરીઓનું રહ્યું હતું; મર્દન ને અર્ચન તો કેવળ હિંસક પશુઓનાં મોં ઉપર રુધિરનું જ રહ્યું હતું: નાચ તો દેવોની નજીક કેવળ શિયાળોના જ થતા હતા, અને ઝંકાર તો કેવળ લૂંટણહાર ઠાકરોએ કેદ કરેલા બંદીવાનોની બેડીઓના જ બજતા હતા.

સોરઠના સીમાડાના નામ માત્રથી દૂર દૂરના પ્રભુપ્રેમી પ્રજાજનો થરથરી ઊઠતા હતા. તેમને કાને થોડાંક વર્ષોથી સમાચાર તો પહોંચ્યા હતા કે ઉદ્ધારકો જાગી ઊઠ્યા છે. વામનસ્થલીના ડાકુ રાજપિયરને પોતે જ આગળ ચાલીને શિક્ષા કરાવનાર રાણકી જેતલદેવીનું અને એના સ્વામી વીરધવલનું નામ મેવાડ ને દક્ષિણાપથ પર્યંતનાં માનવીઓની જીભે રમતાં થયાં હતાં. વાઘદીપડાથીયે વધુ વિકરાળ એવા સૌરાષ્ટ્રના પ્રદેશેપ્રદેશના ઠાકોરોને ઠાર મારનાર અથવા કબજે કરનારા બે વણિક ભાઈઓએ દૂર અને નજીક સર્વત્ર વિસ્મયભર્યો આનંદ પ્રસરાવ્યો હતો. અને જેના નામમાત્રથી ગર્ભિણીના ગર્ભ પડી જતા તેવા ગોધ્રકપતિ ઘુઘૂલને મળેલી જીભ કરડીને મરવાની ગતિને માટે તો ધોળકા અજબ આશ્ચર્યકર ગણાયું હતું. સ્તંભતીર્થના સદીકની પ્રાણહારક ચંપી કરનાર અને ભૃગુકચ્છના માનવદૈત્ય

શંખની આબરૂને સાગરતીરની રેતમાં રોળનાર મંત્રી વસ્તુપાલે જ આ નોતરાં કાઢ્યાં છે તેથી પ્રજાને વિશ્વાસ બેઠો, તીર્થોની વંદના સાથે વીરોના દર્શનનું પણ આકર્ષણ વધ્યું, જેતલ અને અનુપમા જેવી જોગમાયાઓને મળવાનું પણ કૌતુક જાગ્યું.

ચાતુર્માસના સ્થિરનિવાસથી મોકળા થયેલા જૈન સૂરિઓ પોતપોતાનાં શિષ્યમંડળો સાથે ઠેર ઠેરથી ધોળકા તરફ પગપાળા વિહાર કરી રહ્યા હતા. એમની સંખ્યા બે હજાર ને સાતસોની હતી. તાજા લોચે કરીને તેજસ્વી બનેલાં તેમનાં મુંડિત મસ્તકો અને તેમનાં શ્વેત પીળાં પરિધાનો, રજોહરણો, તેમ જ લાલ લાલ પાતરાં માર્ગે માર્ગે ભાત પાડતાં આવે છે. પરંતુ રખે તેમને એવો ગર્વ ઊપજે કે આ સંઘ તો તેમનો એકલાનો જ ઇજારે રાખેલ હતો! વસ્તીથી વેગળા જઈ નગ્નદેહે વસતા ક્ષપણકો (દિગમ્બર સાધુઓ) પણ એક હજાર ને એકની સંખ્યામાં પોતાના દેહને માત્ર એબ પૂરતાં ઢાંકી દઈ બાકીનાં ખુલ્લાં શરીરે ધોળકાના કેડાને અવધૂતોની ખુમારી આરોપતા આવી રહ્યા હતા. એકસો નગરોના સંઘોએ તો પોતપોતાનાં દેવાલયો પણ સાથે લીધાં હતાં. તેમની પ્રત્યેકની સાથે ગાતા, બજાવતા ને નૃત્ય રમતા આવનારાઓમાં ત્રણ હજાર તો ગાયકો હતા, અઢારસો વાજિંત્રો હતાં, તેત્રીસસો ભાટ અને એક હજાર ચારણો હતા.

હાતીદાંતના રથોમાં બેસીને સવા બે હજાર કોટ્યાધિપતિઓ નીકળ્યા. પાંચસો પાલખી ઉપાડીને આવતા ભોઈઓના તાલબંધ શબ્દોએ સૌરાષ્ટ્રના કેડા ગજાવ્યા. બે હજાર પોઠિયા પર અન્નની પોઠો લાદીને માળવા તરફથી વણજારા ઊતર્યા. તેમના મારગ રૂંધનાર મહીકાંઠાનો લૂંટારો ઘુઘૂલ હવે જીવતો નહોતો. ગોધ્રકપુરની ડાકુ-ટોળી વેરવિખેર થઈ ગઈ હતી.

ધોળકાની ધર્મશાળાઓ અને સર્વ દેવમંદિરો યાત્રાળુઓથી ઊભરાઈ ગયાં હતાં. દસે દરવાજાની ભાગોળે વિસ્તીર્ણ ભૂમિ પર નવાં જાણે કે ચાર નગરો થોડા દિવસોની અંદર ખડાં થયાં હતાં. રાજદુર્ગની અટારીએ ચડીને રાણો વીરધવલ અને રાણી જેતલદે આ જીવતા સિંધુનું મંદ મંદ ગર્જન સાંભળતાં અને માનવતરંગો નીરખતાં થંભી રહ્યાં હતાં. માઘની પૂનેમ હતી. ખેડુરાજાએ સ્વપ્ને પણ ન સેવેલ એવું એક સાર્વભૌમત્વ અનુભવ્યું.

13

# સાચક ભટરાજ

**જા**ત્રાળુઓની અનંત કતાર વચ્ચે એક ઘોડેસવાર કઢંગી ચાલે અશ્વ હાંકતો એ વાહનોના વ્યવહારમાં ખલેલ કરતો ચાલ્યો આવતો હતો. સૌ એને ટપારતા હતા. શ્રાવકો હસી, કંટાળી, કહેતા હતા કે, "નવી નવાઈનો અસવાર લાગે છે. બાપગોતર કદી ઘોડે બેઠો નથી જણાતો."

"તોછડાઈ ન કરો," ઘોડેસવાર જવાબ દેતો હતો, "આજકાલના નથી અમે. અમેય સૈન્યમાં સેવા કરી છે."

"અરે હા હા! કોના સૈન્યમાં?"

"આ તમારા તેજપાલના જ સૈન્યમાં. તોછડાઈ શું કરો છો? અમેય એક દિવસ ભટરાજ હતા."

એમ કહેતો કહેતો પ્રત્યેક વાહનને ટલ્લે ચડતો હતો, અને "જોઈ લેજો ભટરાજ ન જોયા હોય તો!" એમ બોલી બોલી યાત્રિકો આગળ વધતા હતા.

ચિડાઈને ઘોડેસવાર બબડતો હતો: "ફાટ્યા છેને! ફાટો ફાટો, બાપુ! કોના બાપની ગુજરાત છે!"

એની બોલીમાં માલવદેશ તરફની છાંટ હતી. ટલ્લે ચડતો ચડતો એ છેક પાછળ પડી ગયો, અને બે સુખપાલોથી શોભતી એક નાનકડી જાત્રાળુ-મંડળી લગોલગ એ થઈ ગયો. એ સુખપાલોમાંના એકમાંથી એક સ્ત્રીએ બહાર ડોકું કાઢ્યું, એટલે પોતાને સૈન્યનો ભટરાજ કહેવરાવવા ઇચ્છતા એ ઘોડેસવારે યાત્રિકોનાં ટોળાંને ઉદ્દેશીને વધુ તીખો બબડાટ આરંભ્યો: "હાલી મળ્યાં છેને ઘેલડાં! ઘરમાં હોય એટલાં ઘરાણાં ઘાલીને નીકળી પડ્યાં છે! કોના બાપની ગુજરાત! કયો કાકો રક્ષણ કરી દેવાનો હતો! પોલું છે પોલું, બધું!"

"અરહંત! હે અરહંત!" બીજા સુખપાલમાં બેઠેલો એક બુઢ્ઢો જણાતો યાત્રાળુ બે હાથ જોડીને ગાંડાની માફક સૌરાષ્ટ્રભૂમિને સંબોધતો હતો: "વાહ તીર્થંકરોની ભૂમિ! વાહ વા! વાહ મારા દાદા! ન ભૂતો ન ભવિષ્યતિ!"

"હા એ તો," ઘોડેસવાર ભટરાજ પણ બબડતા હતા, "ભૂતોથી જ ભરી

છે સૌરાષ્ટ્રભૂમિ! ભૂતાવળ નથી તો છે શું બીજું?"

અજબ જેવી વાત હતી કે આ વૃદ્ધ નર અને યુવાન નારીના યાત્રી-વૃંદ આગળ ભટરાજનો ઘોડો એકસરખી ચાલ કાઢી થનગનાટ કરતો ચાલવા લાગ્યો.

સુખપાલમાં બેઠેલા વૃદ્ધ શ્રાવકજીને જાણે આ ભટરાજની કશી પરવા જ નહોતી! તેમની હાથજોડ, તેમના મોંની ચેષ્ટા, તેમના બબડાટ, તેમની આંખો, બધાં તેમની ધર્મઘેલછા જ સૂચવતાં હતાં. સૌરાષ્ટ્રભૂમિને એ વારંવાર 'વાહ દેવભૂમિ! તરણતારણી! આત્મોદ્ધારણી!' કહી કહી વંદતો હતો અને ઘોડેસવાર ભટરાજ એની મશ્કરી કરતો લાગે છતાં એના બોલવામાં ને એની ચેષ્ટાઓમાં ઊંડો રસ લેતો હતો.

ઘોડેસવાર ફરી બબડ્યો– "અનુભવ થશે એ તો કેવીક દેવભૂમિ છે તેનો! ના, પણ ખરા, બેય ભાઈઓ ખરા છે! કોઈએ ન વગાડ્યું હોય એવું સાચોસાચ સાંબેલું વગાડી રહ્યા છે. અંદર જુઓ તો... ઠીકાઠીક છે બધું!"

પાલખીમાં બેઠેલ બુઢ્ઢો પુરુષ તો આ ટકોરા પ્રત્યે બહેરો જ હોય તે રીતે પોતાની ભક્તિઘેલછામાં મગ્ન હતો, પણ એની સાથેના બીજા સુખપાલમાં બેઠેલી જુવાન બાઈ જાણે કે મોતી વીણે તેવી ખંત રાખીને આ ઘોડેસવારના શબ્દો પકડતી હતી.

ધીરે ધીરે ઘોડેસવાર અને આ સ્ત્રીની પાલખી લગોલગ આવી ગયાં.

"કેમ, તમે પણ સંઘમાં છો કે?" પાલખીવાળી યુવતીએ ઘોડેસવારની સાથે વાત આદરી.

"એક રીતે તો ખરા જ ને!"

"કેમ એક રીતે?"

"અમે તો માળવાના શ્રેષ્ઠીઓ આવેલ છે તેના વોળાવિયા હતા. અમે શ્રાવક નથી; ક્ષત્રિય છીએ."

"તે પણ જિનપ્રભુની સેવા જ છેના! પ્રભુની સમક્ષ શ્રાવક-અશ્રાવકનો ભેદ ક્યાં છે?"

"પ્રભુ ભેદ રાખે કે ન રાખે, માણસ પાસે પ્રભુનું શું ચાલે? નહીંતર મારી નોકરી શું કામ તૂટે?"

"ક્યાં નોકર હતા? કોણે તોડ્યા?"

"આંહીં ધોળકામાં જ હતો."

"કયા ખાતામાં?"

"સૈન્યમાં."

"સંભાળીને પગ મૂકજે તું", એમ કહીને પેલા બુઢ્ઢા શેઠે પોતાની પાલખી ખેંચનારા ભાઈઓને પૃથ્વી પર આંગળી ચીંધી બતાવ્યું, "કીડીઓ કચરાય નહીં."

પોતાને આ માર્ગ પર કચરાતી કીડીઓનો પ્રશ્ન વધુ મહત્ત્વનો હોય તેમ બતાવીને એ તો પાછો 'જય દેવભૂમિ!' રટવામાં પરોવાયો. પેલી બાઈએ થોડે દૂર ગયા પછી પાછું ઘોડેસવારને પૂછ્યું: "સૈન્યમાં હતા તમે, એમ કે ભટરાજ? સારું થયું ભાઈ, હિંસા કરવી મટી. કેટલાંક વર્ષથી અહીંના સૈન્યમાં હતા?"

"સાત વરસથી. તન તોડીને નોકરી આપી. આ સૌરાષ્ટ્રને કડે કરવામાં અમે જ હતાને? બસ, પછી કહે કે તમે ગુર્જર નથી, માળવી છો, પરદેશી છો, માટે ચાલ્યા જાવ! ઠીક બાપા, આ ચાલ્યા."

"એ જુઓ, ત્યાં લીલોતરી કચરાય છે, અલ્યા એઈ!" બુઢ્ઢા શ્રેષ્ઠીજીએ વળી પાછા પાલખી-વાહકોને સાવધ કર્યા.

"હવે મૂકોને લપ!" એમ કહીને બુઢ્ઢાને તડકાવતી તરુણીએ એક મોહક સ્મિત કરીને વળી પાછી સૈન્યની વાત આગળ કરી, "પાપનો ધંધો ત્યાગ્યો એ તો સારું કર્યું, ભટરાજ! માળવાના સંઘની સેવા કરવા આવ્યા એટલું પુણ્ય બંધાશે."

"પુણ્ય તો બંધાઈ ગયું જ ના! એમણેય મને અંતરિયાળથી રજા આપી."

"કેમ?"

"કેમ શું? એ બધા વસ્તુપાલ શેઠના નામનાં બણગાં ફૂંક્યા કરે, ને હું રહ્યો સાચક, પેટમાં હોય તેવું કહી નાખું, એટલે અમારે ન પોસાયું."

"તો હવે ક્યાં જશો? ઘેર બૈરીછોકરાં હશે, ખરું?"

"ના રે ના, સૈન્યની નોકરીમાં એ લપ તે પોસાય? અમે તો કાયમના મોકળા. ફાવે ત્યાં ફરીએ. બાકી તો ક્યાં જાઉં? આવી ભરાણો. બધાને જોઈએ ગુર્જરમંત્રીઓનાં ગુણગાન, ને હું તો રહ્યો સાચક – માયલા ભેદ જાણનારો."

"એવું ન રાખીએ, ભટરાજ, જાણીએ બધું, પણ બોલીએ શા સારુ? સાચું આજકાલ કોને ગમે છે?"

"હા જ તો. તોછડા પેટના માણસ વધી પડ્યા છે. હું ઘણોય મનને વારું છું, પણ હળાહળ જૂઠ તો કેમ ખમી ખવાય, શેઠાણીજી! આ જુઓને, આમ સંઘનો ઠઠારો કરે છે, પણ હજી તો ગુજરાતને માથે કંઈક દુશ્મનો ગાજી રહ્યા છે તેનુંય ભાન રાખે છે?"

"દુશ્મનો! હોય નહીં હોય! હવે તો ગુજરાતનું નામેય લે કે કોઈ?"

"શું ન લે? આ દેવગિરિનો જાદવ સિંઘણદેવ ડણકે. આમ શ્રાવકો સંઘ લઈને ગયા કે ત્રાટકવાનો. માળવાના અમારા દેવપાળ દીઠા છે? તલપાપડ થઈ રહ્યા છે

પાટણને તોડવા.''

"તમે ભૂલ કરો છો. જિનપ્રભુ તેમને સર્વને આંધળાભીંત કરી મૂકશે. પણ તમે પરદેશી છો, ભટરાજ. વળી પાછા આહીંની સેનામાંથી તૂટીને માળવે ગયા છો. માટે આવું કાંઈ બોલતા નહીં. કોઈક નાહક વહેમાશે.''

"હા, એ ખરું. હું રહ્યો સાચક માણસ, ને ક્યાંક બોલાઈ જાય. તો તો હું પાછો જ ફરી જાઉં એ જ ઠીક નહીં?''

એમ કહીને એણે ઘોડો થંભાવ્યો.

"ના રે ના, એવું કાંઈ નથી. પણ કોઈ વહેમાય કે ચાડી ખાય નહીં તેવા ધણીની નોકરીમાં રહી જજો.''

"એવા તો આંહીં અંતરિયાળ કોણ મળે, શેઠાણીજી?''

"મળી રહે એ તો. તમારા જેવા સાચક બહાદરની જરૂર તો ઘણાને પડે. ચાલોને તમતમારે, કોઈક એવો ન મળે ત્યાંસુધી આપણી જોડે જ પડાવ રાખજો. મને કે આમને કંઈ વધુ વાતો કરવાની ટેવ જ નથી એટલે તમને ને અમને ફાવે તો જોજો.''

"પણ હું તો તમને કહી રાખું છું, શેઠાણીજી! કે હું રહ્યો સાચક માણસ. તમારે વસ્તુપાલ શેઠનાં વખાણ જોતાં હોય તો મારામાં નહીં ઠરો.''

"ભટરાજ! આપણે એમની વાત જ શીદ કરવી? હું તમારા જ જેવા સ્વભાવની છું. અમને લપછપ ગમતી જ નથી. ધર્મને વખતે ધર્મ, ને સંસારને ટાણે સંસાર. ધર્મ ને સંસારની સેળભેળ અમે કરતાં જ નથી. વળી ધર્મ તો આ અમારા શ્રાવકજી એટલો બધો કરે છે કે મારે તો નિરાંત છે. એના ધર્મમાં મારો અરધો ભાગ છે. હું તો ખરું કહું છું કે આંહીં આનંદ કરવા આવી છું. એમને સંસારી વાતોમાં રસ નહીં એટલે મને તો એકલું એકલું લાગે છે. તમે હશો તો જૂના વખતની, સૈન્યની, શૌર્યની, પ્રેમની વાતો તો સાંભળશું. ને વળી તમે તો પાકટ, એટલે આમને પણ કંઈ ચિંતા ફફડાટ નહીં.'' એમ કહીને એ ગોરીએ બુઢ્ઢા પ્રતિ હાથ ચીંધી, અંતરને વલોવી લે તેવો એક મિચકારો આ ભટરાજને હૈયે હુલાવ્યો. ભટરાજે કહ્યું: "એ ખરું છે. અમો તો અસલ ક્ષત્રી. ગુર્જરો જેવા નકલી નહીં. મગદૂર નથી કોઈની કે તમારા પડાવમાં પગ મૂકી શકે.''

આમ આ શેઠાણી અને માળવી ભટરાજ વચ્ચે ધોળકા પહોંચતાં સુધીમાં ઘાટો સંબંધ બંધાઈ ગયો. સંઘને એકત્ર થતાં પાંચદસ દિવસ લાગ્યા. દરમ્યાન બુઢ્ઢા શ્રેષ્ઠી ધર્મભાવે ઓગળી જતા એકેએક દેરાસરમાં ઘૂમી વળ્યા. શેઠાણી એકાદ-બે ઠેકાણે જઈને કંટાળી જતી. બુઢ્ઢા શ્રેષ્ઠી એને ઘણું ઘણું સમજાવી પરાણે સાથે

લેવા મથતા ને છેવટે 'નારી નરકની વેલડી! નારી નરકની ખાણ!' એ સ્તવન ગાતા ગાતા 'અભાગ્ય તારાં!' એમ કહી દેવપૂજા માટે ચાલ્યા જતા. દેરે દેરે જઈ પોતાને જે મળે તેને વાતે ચડાવતા, વસ્તુપાલ શેઠનાં વખાણ કરતા અને સામા માણસનું પેટ લેવા પ્રયત્ન કરતા.

માળવી ભટરાજ શેઠાણી સાથે પડાવમાં રહી વાતો કરતા; શેઠાણીને સૈન્યની ને શૂરવીરોની વાતો ગમતી. સૈન્ય કેવાં હોય, તેના પડાવો, શસ્ત્રસરંજામો, વ્યૂહરચનાઓ વગેરે કેવાં હોય એવું પૂછ્યા જ કરતી. ને માળવી ભટરાજ પણ બહાર ફરી આવીને કહેતા: "આજ તો સૈનિક ભાઈબંધોને મળવા ગયો હતો." "આજ તો ફલાણી ચોકી પર જઈ જૂના સંબંધો તાજા કરી આવ્યો, ને અમુક નગર-દ્વારના રખેવાળોને ખરખબર પૂછી આવ્યો."

"આંહીંના યોદ્ધા, કહે છે કે, બહુ રૂપાળા હોય છે, એ સાચું?" શેઠાણી એને પૂછતાં.

"ના રે ના, ધૂળ રૂપાળા! અમારા અવન્તિના સૈનિકોની આંખો, મરોડ, બાંધો, બોલી, એ બધું ક્યાં? ને ક્યાં બાપડા આ બનાવટી ગુર્જરો! માળવીને જુઓ તો ચક્કર ખાઈ જાઓ."

"એ તો રોજ ખાઉં જ છુંના?" એમ કહેતાં શેઠાણી હસી પડતાં અને એવી કટોકટીની વેળાએ માળવી ભટરાજ વધુ અનુભવો આ શેઠાણીને ખોળે ઠાલવવા માટે બહાર નીકળી પડતા.

"છેક જ પોલું! ઓહોહો! આ તો બધો ઉપલો ઠઠારો!" સાંજે આવીને ભટરાજે વાત છેડી.

"અરહંત! અરહંત!" જિન-સ્તવન રટતે રટતે શ્રેષ્ઠીએ આંખ આડા કાન કર્યા એટલે માળવી ભટરાજે અરહંતના રટણમાં ખૂંતેલું એમનું ચિત્ત બહાર કાઢવા વધુ પ્રયત્ન કર્યો: "છેક સૈન્ય-દુર્ગમાં પણ બધું ઢમઢોલ માંહીં પોલ."

ચમકીને શેઠાણી ચેતવતાં: "ધીરે બોલો, ભટરાજ! એવું ના બોલીએ. બોલ્યું બહાર પડે. મને તો બીક લાગે છે."

"શું કરું પણ? મારો તો જીવ બળે છે. આ ધોળકાનું શું થવા બેઠું છે? બધું જ પોલ. હું તો છેક દુર્ગમાં જઈને બેસી આવ્યો આજ."

"એ જંજાળ છોડી દો ભટરાજ, ને હવે તો પ્રભુમાં ધ્યાન પરોવો. શું સૈન્યમાં ફરી સેવા માગવા ગયેલા?"

"ના. આ તો હું સહેજ જૂની ઓળખાણ તાજી કરવા ગયેલો. છેક દુર્ગમાં જઈ આવ્યો."

"જવા દીધા?"

"અરે, મને કોણ ના પાડે? એક તો ઓળખાણ ને બીજું એમનેય સ્વાર્થ."

"સ્વાર્થ શાનો વળી?"

"આ માળવાની વાતો જાણી લેવાનો."

"ન કહીએ, હો ભટરાજ! એ રાજખટપટમાં ન પડવું, એઈને સુખેથી જાત્રા કરો ને!"

"અરે હું તે કરું? ગમે તેમ તોય માળવા મારું ઘર. એનો ભેદ હું જીવ જાય તોય ન આપું."

"રાજ્યો વચ્ચેના વિગ્રહની વાતો કરીએ જ નહીં, ભટરાજ! એ તો મહાપાપનો પ્રકાર છે. મરશે એ તો! કરશે તે ભરશે."

"ના પણ મારો તો જીવ બળે છે, શેઠાણીજી! કે આ સિંઘણદેવ જાદવ ત્રાટકે તો શું થાય ગુજરાતનું? પાકી કેરીની જેમ ખરી પડે તેવું છે આંહીંનું કમઠાણ."

"સિંઘણદેવ ત્રાટકે? શી વાત કરો છો? ક્યાં દેવગિરિ ને ક્યાં ધોળકું? અરહંત અરહંત કરો! આંહીનો દુર્ગ તો વજ્રનો કહેવાય છે. તમનેય ખબર ન હોય કે એની સજાવટ ક્યાં સંતાડી હશે."

"મને ખબર ન પડે? તો તો તમે ખાંડ ખાવ છો. તમે કહેતાં હો તો વિગતવાર વર્ણવી દેખાડું કેટલાં શસ્ત્રો છે ને કેટલા હાથી, ઘોડા ને લડવૈયા છે."

"આપણે એ વાતથી શો સંબંધ છે, ભટરાજ? ચાલો હવે, એ જે હો તે હો. કાલે તો સંઘ ઊપડશે."

"હા, ને સંઘમાં જ મોટા ભાગનું સૈન્ય જોડાઈ જશે. આંહીં તો પાછળ રહેશે બધું, ચુડેલના વાંસા જેવું."

"એવું ન બોલો. જે જોયું હોય તે પેટમાં રાખો, ને હવે અરહંતનું નામ લઈ ઊંઘી જઈએ."

## 14

# સુવેગ ફાવ્યો

બિછાનામાં માલવી ભટરાજને માથાના તાળવા સુધી લાય લાગી ગઈ હતી કે પોતે આ શેઠ-શેઠાણીના પેટનું પાણી લેશ પણ માપી શક્યો નથી. એને એમ પણ શંકા થવા લાગી કે પોતે આ શેઠના સંબંધમાં કાંઈક નિશાનચૂક થયો છે. પોતાની બેવકૂફી પર એ ચિડાતો ચિડાતો પથારીમાં ચુપચાપ જાગતો પડ્યો રહ્યો. એણે ગાઢ નીંદર આવી ગઈ હોવાનો ઢોંગ કર્યો, નસકોરાં વહેતાં મૂક્યાં, અને ઊંઘમાં બબડાટ આદર્યા. એ બબડાટની બોલી ગુર્જરી નહોતી, માલવી પણ નહોતી, બેચાર બોલીઓનું મિશ્રણ હતું.

અંધારે એની નજર આ બબડાટની અસર પકડવા, ઉંદરને પકડવા બિલ્લી તાકે તેમ તાકતી હતી. એણે જોયું: પેલા શ્રેષ્ઠી અને સુંદરી આવીને દૂર ઊભાં ઊભાં કાન માંડી રહ્યાં હતાં.

માલવી ભટરાજે થોડી વારે પડખું ફરીને ફરી પાછો મિશ્ર બોલીમાં બબડાટ આદર્યો. ત્રૂટક ત્રૂટક શબ્દો વચ્ચે એણે એક સૂક્ષ્મ સંકલના થવા દીધી. એ સંકલના કંઈક આવી હતી:

"જી હા, પ્રભુ! મેં પાકી તપાસ કરી છે. ધોળકામાં આટલા ગજો, આટલા ઊંટ, આટલા અશ્વો ને આટલા પદાતિ (પાળા સૈનિકો) છે, આટલું અનાજ છે, ને આટલો શસ્ત્રસરંજામ છે. આપ અટકી જજો. ગુર્જર સૈન્યની તૈયારી ભયંકર છે, સિંઘણદેવ ભલે આવતો ને મરતો."

અંધારે ઊભેલાં બેઉ જણાંએ એકબીજાને મૂંગાં અભિનંદનો આપ્યાં, હર્ષની હળવી તાળી પાડી. થોડી વાર બેઉ ઊભાં રહ્યાં. પછી પોતાના સૂવાના તંબૂમાં પેઠાં ને ત્યાં મંત્રણા કરી. એ મંત્રણાની ભાષા પણ ગુજરાતી મટીને દખ્ખણી બની ગઈ હતી:

"નક્કી, આ પણ ક્યાંકનો ચર લાગે છે."

"પણ મૂરખ છે. નહીં તો બબડે?"

"પણ આજ લગી આપણને કેવી ચાલાકીથી થાપ દેતો હતો!"

"લાગે છે ઊંડો."

"રખે આ મૂરખના ખબર સાચા હોય! મહારાજ તો રેવા ને તાપીની વચ્ચે હશે! આપણને ઠપકો મળશે."

"તો શું કરીશું?" યુવતીએ પૂછ્યું.

"તું આને રોકી રાખ. હું તપાસમાં ઊપડું છું."

"તો પછી માંડો કજિયો."

બેઉ જણાંએ ભાષા બદલી, ધમકીના ઢોંગ માંડ્યા. ગુજરાતી બોલી કજિયાને શોભાવી રહી. બુઢ્ઢા, ખખડી ગયેલા, નિશ્ચેતન, છતાં ત્રીજી વાર પરણેલા ધનપતિ અને સોના ભારોભાર આણેલી યુવાન શેઠાણી વચ્ચેના અણબનાવ જે કજિયાને ચગાવે છે તે કૂકડાની લડાઈ કરતાં વધુ ઝનૂની બને છે. તેમાં પણ એક ત્રીજા પુરુષનું ઉમેરાવું એ લડતાં કૂકડાંને અક્કેક ભમરો ખવરાવવા જેવું છે. આવો કલહ ભજવવો અને હસવું નહીં એ બહુ કઠિન છે. કજિયાનો સાર એક જ હતો: "જા, તું તારે કર પ્રેમજાત્રા, હું પાછો જ જઉં છું."

એ કલહે માણસોને જગાડ્યા. એમના તંબૂની પાછળ જ છૂપા જઈ ઊભેલા માલવી ભટરાજ પણ જાગી ગયાનો ઢોંગ કરીને દોડ્યા આવ્યા. બુઢ્ઢાએ એને પણ ગાળો ચોપડી અને તે જ વખતે એક સુખપાલને સજ્જ કરવા અનુચરોને આજ્ઞા આપી, વસ્ત્રો પહેર્યાં.

માલવી ભટરાજે શ્રેષ્ઠીજીને સમજાવવામાં બાકી ન રાખી, પણ એ આગ્રહમાં એનો ઢોંગ વરતાઈ આવે તેવો હતો.

યુવતી બોલી: "હવે જવા દોને એ ડગરાને, ભટરાજ! મેં તો જાત્રાના પચખાણ લીધાં છે તે હું નથી ભાંગવાની."

"પણ પ્રયોજન શું છે પાછા જવાનું?"

"એની હોળી! રોજની હોળી!" એમ બોલતી બોલતી એ ડૂસકાં ભરી ભરી રડવા લાગી, "આટલી વયાવચ કરતાં છતાંય એને હું ખાતરી ન કરાવી શકી કે હું કોણ છું, કેવી જાતની છું, કેટલી કુલીન છું – ઓ મા – ઓ બાપુ – ઓહ-ઓહ-ઓહ!"

માલવી ભટરાજે પોતાની મરજી વિરુદ્ધ જિદ્દ માંડી. બુઢ્ઢા શ્રેષ્ઠીએ તેટલા જ જોરથી હઠીલાઈ પકડી. આખરે શ્રેષ્ઠીજી સુખપાલમાં બેઠે જ રહ્યા. બે વાહકોએ સુખપાલ ઊંચકીને ચાલવા માંડ્યું. માલવી ભટરાજે કહ્યું: "અંધારું છે. ચોકીઓમાંથી નીકળવા નહીં આપે. લો હું સાથે આવીને આપને પાર કરાવું."

ચોકી પછી ચોકી પર પોતાની મુદ્રા બતાવતા માલવી ઠાકોરે શ્રેષ્ઠીના

સુખપાલને બહાર લેવાને બહાને, ટૂંકા ને સલામત રસ્તા પર ચડાવી દેવાને બહાને નગરના દુર્ગ તરફ દોર્યો. પેલો કાંઈક વહેમાયો કે આ રસ્તો બહાર કાઢવાનો ન હોય! એણે કહ્યું કે "હવે અમે અમારી જાણે ચાલ્યા જઈશું, તમે પાછા વળો." પણ ભટરાજ એમ પાછા વળે તેવા ન દેખાયા. એમણે એ માણસના શરીરને પોતે પ્રેમ અને રક્ષણવૃત્તિથી બગલમાં લેતા હોય તેમ શરીર ફરતો હાથ લપેટી લઈ જેવો બીજો હાથ અંધારે એનાં કપડાં નીચે પેસાડવા માંડ્યો તેવો જ એ માણસ સંકોડાયો અને છંછેડાઈ બોલ્યો: "શું કરો છો તમે? છોડો, છેટા રહો!"

"અરે ભાઈ! હું આપને –" માલવી ભટરાજ એટલું બોલે તે પહેલાં તો બુઢ્ઢો પાલખીમાંથી કૂદી પડીને પ્રચંડ કોઈ મલ્લના રૂપમાં આવી ગયો અને એક ઘુરકાટ સાથે છૂટો થયો. ભટરાજ પોતાના હાથનો ડંડો ઉઠાવે તે પહેલાં તો બેઉ સુખપાલ ઉઠાવનારાઓએ એને બાથ ભીડી લીધી. ભટરાજનું કામ કપરું બન્યું. એણે વેવલાઈનો ઢોંગ ત્યાગીને પોતાની લાતો તેમ જ માથાની ઢીંકો વરસાવવા માંડી. પણ એનો પ્રયાસ આ ત્રણમાંથી એકને પણ પલાયન ન કરવા દઈ, પડાવમાં હોહા થતી અટકાવી કોઈક મદદ આવી પહોંચે ત્યાંસુધી પોતે બચી જવાનો હતો.

એકાએક એનો પોતાનો જ ડંડો એની બગલ સાથે ભીંસાયો, એના હાથનું જોર નરમ પડ્યું, એ નીચે પટકાયો, અને એક પલકમાં તો એનું ગળું પેલા પલીતના હાથ વચ્ચે ચેપાઈ જવાની તૈયારી હતી. તેટલામાં માલવી ભટરાજને એક જ નાનો પેચ અજમાવવાની તક સાંપડી. એ પેચ પેલા પલીતને ઉથલાવી પાડી શક્યો. માલવી ભટરાજનો વારો એના ઉપર ચઢી બેસવાનો આવ્યો, પણ એણે પેલાના હાથમાં ચકચકતી ખુલ્લી કટાર ભાળતાં ભયનો પ્રસ્વેદ અનુભવ્યો. એ કટાર માલવી ભટરાજના પેટમાં પરોવાઈ જવાને વાર નહોતી.

એ જ પળે કટાર હુલાવવા ઊપડેલી એ નીચે પડેલા માણસની બરાબર ભુજા પર કોઈકનો પગ દબાયો. પગનો દાબ અનોખો હતો. મૂઠી છૂટી ગઈ ને કટાર નીચે પડી ગઈ.

માલવી ભટરાજે ઊંચે જોયું. પેલાની ભુજા પગ હેઠળ દાબીને ઊભેલ એક પુરુષ અંધારે ઊભો હતો. એને મોંએ બુકાની હતી. એનો ચહેરો તો પરખાયો નહીં પણ એણે ભટરાજને ફક્ત આટલું જ કહ્યું: "તું ધોળકાનો છે?"

"જી હા." માલવી ભટરાજની પાઘડી દૂર જઈ પડી હતી અને એનો દેખાવ પણ બુઢ્ઢા જેવો મટીને જુવાનીનો મરોડ દાખવતો હતો. નીચે પડેલા માણસને પણ વિસ્મય લાગ્યું કે પોતે જેની સાથે લડતો હતો તેને બદલે આ તો કોઈ જુદી જ સિકલ નીકળી પડી!

રગદોળાયેલાં જુલફાંએ વધુ દીપતો માલવી ભટરાજ ઊભો થયો કે તુરત એનો કાન ઝાલીને એ નવા આવનાર પુરુષે કહ્યું: "તમે લીધેલો પેચ ધોળકાના અખાડાઓમાં તો કદી શીખવાતો મેં જાણ્યો નથી."

નીચે પડેલો શ્રેષ્ઠી ઊભો થતો થતો બોલ્યો: "એ પરદેશી ચર છે, મહારાજ. મને એ લૂંટતો હતો. હું તો આંહીં સંઘમાં આવેલ છું."

"સાચું કહે છે આ માણસ? કોણ છે તું?" આવેલ પુરુષે માલવી ભટરાજને પૂછ્યું.

"હું અને આ બેઉ કોણ છીએ તેની તજવીજ તો મંત્રીશ્વર કરી શકશે, દુર્ગપાલજી! આપ અમને બેઉને એક ઘડીના પણ વિલંબ વગર સીધા મંત્રીશ્વર પાસે લઈ જાવ."

"દુર્ગપાલજી, મને પહેલો મારી પત્ની પાસે લઈ જાવ." પેલા આદમીએ અરજ કરી.

"ના, મહારાજ! જોજો રખે એ ભૂલ કરતા. મંત્રીશ્વરના નામથી હું આપને એમ કરતાં અટકાવું છું."

આ શબ્દોમાં કોઈ નિગૂઢ સત્તાનો ટંકાર હતો. આવેલ અધિકારી મનમાં મનમાં હસતો હતો. એણે મશ્કરી આદરી એટલે માલવી ભટરાજે પોતાના અવાજમાં વિશેષ સત્તા મૂકી: "દુર્ગપાલ મહારાજ! હમણાં અજવાળું થશે અને તમે જીવનભર પસ્તાશો: કોઈ નવો માણસ આ મામલો જાણવા પામે તે પૂર્વે જ મંત્રીશ્વર પાસે અમને બેઉને પહોંચતા કરો. કરો છો કે નહીં?"

"અલ્યા," પેલા પુરુષ સહેજ હસ્યા, "તું તો આજ્ઞા કરતો લાગે છે."

"આજ્ઞા કરતો લાગું છું એમ નહીં પણ આજ્ઞા કરું છું, દુર્ગપાલ! તમને ગુજરાતની ખેવના હોય કે ન હોય, તમારા શિરની, બૈરીની, છોકરાંની, કોઈની ખેવના હોય તો હું કહું છું તેમ કરો."

"હવે કંઈક પતાવટ કરોને, મારા ભાઈ!" દુર્ગપાલે દાણો દબાવ્યો.

"હું ખુશી છું," શ્રેષ્ઠી ઉત્સાહમાં આવી ગયો, "આપની જીભે આંકડો ચુકાવું. વાત આંહીં જ દાટીએ."

એટલું સાંભળતાં તો પેલા શ્રેષ્ઠીવેશધારીની ગરદન પકડીને માલવી ભટરાજે આગળ કર્યો ને કહ્યું: "દુર્ગપાલજી! ચીંથરાં ફાડી રહ્યા હો તો છેલ્લી વાર કહું છું કે ચાલો."

દુર્ગપાલ તરીકે સંબોધાતો પુરુષ એ ચારે જણાની પછવાડે ચાલ્યો. પાંચે જણ ધોળકા નગરના દરવાજામાં અદૃશ્ય થયા.

તેઓ જે મકાન પાસે આવી પહોંચ્યા તે અલાયદું, સુંદર બાંધણીનું બંદીગૃહ હતું. ત્યાંનું દ્વાર આ પુરુષના અવાજે ઊઘડ્યું. મશાલ લઈ માણસો આવ્યા, અને પેલા રાજપુરુષે શ્રેષ્ઠીને તથા તેની પાલખી ઉપાડનારાઓને કડક કારાવાસમાં મોકલી દઈ માલવી ભટરાજને પાછળ રાખ્યો. "આંહીં આવ!" કહીને એને બહાર રસ્તા પર લીધો ને પોતાની બુકાની વગેરે વેશપરિધાન દૂર કર્યો.

"કોણ, પ્રભુ પોતે જ!" પેલો ભટરાજ ભોંઠો પડીને પગે લાગ્યો.

"સુવેગ! નાદાન! અવાજ ઓળખતો નથી ને મોટો ચર બન્યો છે!" એમ કહીને હસતા પુરુષે હેતથી ભટરાજનો ખભો થાબડ્યો: "આંખોને જેટલી કેળવીએ તેટલા જ કાનને કેળવવા જોઈએ."

"પણ આપે તો ગજબનો સ્વર બદલાવેલો, પ્રભુ!"

"માટે જ ગુપ્તચરની ચાતુરીની જરૂરના! ગધેડાના સ્વરને તો સૌ ઓળખે. ઠીક, હવે? કોણ છે આ?"

"મેં કહેલો તે જ – સિંઘણદેવનો ચર સુચરિત લાગે છે."

"પેલી હજુ બાકી છેના! જા તું, શત્રુંજય પર મળજે."

પ્રણામ કરીને એ ભટરાજનો પાઠ ભજવતો સુવેગ નામનો ગુર્જર ગુપ્તચર પાછો પોતાની 'શેઠાણી' પાસે પહોંચી ગયો. અને આંહીં સંઘના પડાવનું નિરાંતે નિરીક્ષણ કરવા આવેલા મંત્રી વસ્તુપાલે એ બંદી બનેલા પરદેશીના શરીર પરથી મળી આવેલી ઝીણી મોટી એકેએક વસ્તુ કઢાવીને પોતાની સાથે યાત્રામાં લીધી.

## 15

# મહામેળો

વિ. સં. 1276ના માઘ મહિનાની એ અંધારી આઠમ હતી. યાત્રાસંઘ તલપાપડ ઊભો હતો. ધોરી અને ઘોડા, હાથણીઓ અને સાંઢ્યો, થનક થનક પગે ઊપડવા આતુર હતાં. બ્રાહ્મણોની કતારો વેદના ઘોષ કરતી હતી. ભોજકો ગાતા હતા. ચારણો પ્રશસ્તિના છંદો લલકારતા હતા.

સૌની આગળના સુશોભિત એક રથમાં પ્રભુનું દેવાલય સ્થપાયું. દેવને માથે ત્રણ છત્રો ધારણ થયાં. સૌભાગ્યવતી સોખુએ ને લલિતાએ હાથમાં ચામર લઈને અંગને એક પ્રકારના નૃત્યમરોડમાં હિલોળીને દેવમૂર્તિ પર વીંજણા ઢોળ્યા, તૂરી-ભેરીના નાદ થયા, અને દેવરથના પૈડાંનું પહેલું ચક્કર ફર્યું, પછવાડે હજારો પૈડાંએ આંટો લીધો, સાંઢ્યોએ કણકાર કીધા.

જમણે પડખે ગઢ ઉપર બેઠેલી દુર્ગા બોલી: "રથ થોભાવો!"

સંઘપતિ વસ્તુપાલે આજ્ઞા આપી અને શુકનાવળિને પૂછ્યું: "પંખીએ શું ભાખ્યું?"

"પ્રભુ!" કાગરાશિયાએ ઉકેલ આપ્યો, "દુર્ગા દુર્ગની દીવાલના સાડાબારમા થર પર બેઠી છે. આપના ભાગ્યમાં સાડીબાર જાત્રાઓ સૂચવેલ છે, બાર પૂરી ને એક અરધી."

"અરધી! એનો શો અર્થ?"

"એ આજે નહીં, પછી કહીશ, પ્રભુ!"

વસ્તુપાલ પામી ગયો. એણે દેવરથને ફરી હંકારવાની રજા આપી, પણ પોતે વિધાતાના અરધા આંક પર ધ્યાન ઠેરવી લીધું. છેલ્લી યાત્રા શું અધવચ્ચે પૂરી થવાની હશે?

પાંચસો કુહાડિયા ને પાંચસો કોદાળિયા મળીને એક હજાર મજૂરોની બે હજાર લઠ ભુજાઓ ઊંચકાતી હતી. એક હજાર ઓજારોનાં પાનાં પૃથ્વી પર પડતાં હતાં.સસલાની પણ ખાલ ઉતરડી લ્યે એવી ગીચોગીચ કાંટાળી ઝાડીઓ વચ્ચે પહોળો રસ્તો, એ હજાર હથિયારોની ઝીંકે ઝીંકે પડતો જતો હતો. ઝાડીઓનાં

સનાતન અંધારાં ઉલેચાતાં હતાં, સૂર્યનાં કિરણો કેટલાંય વર્ષો બાદ એ ઢંકાયેલી પૃથ્વી પર પહેલી વાર આળોટતાં હતાં. તસ્કરો, નિશાચરોનાં લૂંટણસ્થાનો નાશ પામતાં જતાં હતાં. એક વારના ધોરી માર્ગો પોતાના પર ફરી વળેલાં આ ઝાડીઝાંખરાંનાં ખાંપણોમાંથી મોકળા બનીને, લૂંટાયેલાં ને હણાયેલાં કંઈક મુસાફરોની તરફડતી લાશોથી ગંધાતાં મટી જઈને, મોટો જુગ વીત્યે જાણે પહેલી જ વાર સોહામણાં માનવીના મહામેળાની અભય યાત્રાના સાક્ષી બનતા હતા.

મહામેળો ચાલ્યો જતો હતો – શત્રુંજયની વાટે વાટે. શકટો ગાડાંઓની હારોહાર, સુખાસનોની લારકતાર, વ્રતીઓની ને સૂરિઓની જમાતો, કવિઓના અખાડા અને નાટારંભો કરતી નટેશ્વરીનાં વૃંદો.

બળદોની ઘૂઘરમાળ વાગતી હતી. યાત્રિકોનાં ગાડાં સ્તવને સજ્ઝાયે ગુંજતાં હતાં. ભયાનક સૌરાષ્ટ્ર સોહામણો બન્યો હતો. ધોળકાના મહામાત્ય વસ્તુપાલે કાઢેલી આ સમસ્ત ગુર્જરભૂમિની પ્રથમ પહેલી દેવયાત્રા એ વસ્તુતઃ તો વિજયયાત્રા હતી. કેટલાં વર્ષે પહેલી વાર સામટાં સેંકડો નરનારીઓ ચોરહત્યારાના ભય વગર સોનાંરૂપાં પહેરી ને શણગારો સજી દેવનાં દર્શને વિચરતાં હતાં! ગઈ કાલ સુધી તીર્થાટન મોતના મોંમાં પગ મૂકવા સમાન હતું, આજે તીર્થાટન ગૌરવરૂપ બન્યું છે. દાટેલા દાગીના બહાર કાઢીને નરનાર આવે છે. તેમને રક્ષનારા સાંઢણીસવારો, ઘોડેસવારો ને પેદલોની મોટી ફોજ તેમની સંગાથે ચાલે છે. દડમજલ તેમના પડાવો થાય છે ત્યાં આગલા દિન લગીના લૂંટણહારો ને ગળાકાટુ ઠાકોર-ઠાકરડા મસ્તક ઝુકાવીને ચોકિયાતો બની જાય છે. કરડો કાળઝાળ વાણિયો વસ્તુપાલ એ સંઘનો સંઘપતિ છે.

નથી એ નરી દેવયાત્રા, નથી એ નરી વિજયયાત્રા, એ તો છે લોકયાત્રા. એની તો પગલે પગલે પડતી આવે છે સામાજિક અસરો. ઘરેઘરમાં માટીના પોપડા હેઠળ થીજી ગયેલી માયા કોઈ ઋતુપલટો થતાં ઓગળી હતી. જાણે દ્રવ્યની નીકો બંધાઈ હતી ને તેનો મહાપ્રવાહ સોરઠને ગામડે નગરે ફોળાતો, ફેલાતો, રેલાતો, ચાલ્યો હતો. વાવરનારા ઊલટથી વાવરતા હતા – વહાલા દેવને નામે, અને એ વાવર્યું સર્વ વહેંચાઈ રહ્યું હતું દીનો, મધ્યમો ને શ્રીમંતોના લોકસમૂહમાં સરખે હિસાબે.

સંઘપતિ જેનો વસ્તુપાલ હતો, તે સંઘની અધિષ્ઠાત્રી હતી દાનમૂર્તિ અનુપમાદેવી. લલિતા અને સોખુ જેઠાણીઓ હોવા છતાં અનુપમાનું એ સ્થાન ત્યજાવવા તૈયાર નહોતી. સોખુને તો પહેલવહેલું આ પરદેશ-દર્શન, પ્રકૃતિ-દર્શન અને પરમેશ-દર્શન સાંપડ્યું હતું. એ તો પંથે પગપાળી ચાલતાં થાકતી નહોતી.

પાંખો વગરની એ જાણે વિદ્યાધરી હતી. પાલખીમાં એનો પગ ટકતો નહોતો, વગડાનાં આવળ-ફૂલોને એ ઝુલાવી ઝુલાવી ગાલે સ્પર્શાવતી હતી ને કોઈ શ્રાવક જોઈ ન જાય તેવી છૂપી રીતે લજામણીનાં પાંદડાંને લગાર અડકીને ચીમળાઈ બિડાઈ જતાં જોવાના એના ક્રૂર કોડ તો અણપુરાયા ને અણધરાયા જ હતા. એને આ કુદરત-ખોળે ક્રીડા કરતી જોતો પતિ ચિંતવતો હતો, કે કેટકેટલી સામાન્ય ગૃહનારીઓનાં હૈયાં આવી ક્ષુધાએ દિવસ-રાત તલસતાં હશે. એવાં લાખો હૃદયોને રમાડી શકું ને વારંવાર આવી યાત્રાઓ કાઢી શકું! આખરની ઘડી પણ આવી કોઈ યાત્રાને માર્ગે જ આવો!

લલિતાને તો બીજી જ લે'ર લાગી ગઈ હતી. ડોલતાં ડોલતાં ટેકરા-ટેકરીઓની ચડઊતર કરવી, બોરડીઓનાં બોર વીણવાં ને આંબળાંની ખટાશ ચખાડીને સોખુની ને અનુપમાની જીભ ત્રમત્રમાવવી; લાગ ફાવે તે યાત્રિકના શકટમાં ચડી બેસવું, તેમની જોડે લાંબીચોડી વાતો ચલાવવી. તેમને તેમના વતન વિશે હજાર હજાર પ્રશ્નો પૂછતાં જીભ થાકે નહીં, અને એ કરતાં પણ વધુ તો કોઈ યાત્રિકનાં રાભડાં રતુંબડાં નીરોગી બાળકો દીઠાં કે તરત તેને પોતાને ઘેર લઈ જવા માટે માગી લેવાનો નાદ લાગ્યો હતો. એ કોઈ કોઈને તો કહી લેતી: "મારી બેન સોખુને માટે મારે એક છોકરું તો જોઈએને!"

છોકરાં દીઠાં કે એના ગજવામાં એકાદો દ્રમ્મ છૂપી છૂપી એ સેરવી જ દેતી. વિધવા અનાથ બાઈ દીઠી કે તેને માટે એણે પચાસ–સો દ્રમ્મ કાઢ્યા જ હોય. તે છતાં વસ્તુપાલ જ્યારે એને કહેતો કે "દેવી! તું અનુપમાને દાનાદિકમાં મદદ કર!" ત્યારે એ એવો ઉત્તર વાળીને છટકી જતી કે, "ના રે ના, એ તો છે ઉડાઉ, મારો જીવ એમ ઘી ઉરાડતાં ચાલે નહીં. આટલાં બધાં ઘીનાં કડાયાં ભર્યાં છે તે હમણાં જ ખાલીખમ થઈ જવાનાં છે એ વિચારે મારું તો હૈયું જ ફાટી પડે છે."

એમ કહીને એ સવારના ભોજનદાન સમયે પતિથી દૂર ભાગતી ને જતી જતી અનુપમાના કાનમાં કહેતી જતી કે "અલી જૂઠું જૂઠું કહ્યું હો, એ તો તારા જેઠને ફસાવવા માટે. મારાં તો બાઈ, વસ્ત્રો બગડે એ મારે ન પોસાય. હું તો ફૂલ ફૂલ થઈને જ ફર્યા કરવાની. તું એકલી વહેંચ્યા કર ઘીની કડાઈઓ ને કડાઈઓ. કોઈ તારો હાથ નહીં ઝાલે. દીધા કર, તારા ને મારા લલાટમાં ઘીનાં કડાયાં ભર્યાં છે ત્યાંસુધી દીધા જ કર, ત્યાંસુધી હાથ સંકોડતી ના, અનુપમા!"

આમ દાનાદિક દેવાનું કામ અનુપમાને જ ભળ્યું હતું. શત્રુંજયની તળેટીમાં એ અભ્યાગતો-અકિંચનોનાં ઊમટતાં ટોળાં વચ્ચે વીંટળાતી હતી. ભરેલાં કડાયાંમાંથી એના હાથ ઘીની લહાણી કર્યે જતા હતા, પણ ક્ષુધિતોનું ટોળું ખાળ્યું રહેતું નહોતું.

એમાં એક અભ્યાગત કંગાલે કડાયું ઝૂંટવ્યું. ઘીની ઝાલક ઊડી. અનુપમાનાં નવાંનકોર હીરનાં ચીર ઘીમાં ખરડાયાં, એ ભાળતાંની વાર જ એના સંરક્ષકે એ કડાયું ઝડપનાર કંગાલના શરીર પર લાકડીનો હળવો ઘા કર્યો.

એ ધીરો એવો પ્રહાર નજરે નિહાળ્યો તે જ પળે અનુપમાની કાયાએ એક આંચકો અનુભવ્યો. એની આંખના ડોળા લાલ રંગે રંગાઈ ઘૂમવા લાગ્યા. કોપાયમાન બનવાનો આવો પ્રસંગ અનુપમાના જીવનમાં પહેલો હતો. એણે પોતાના લાકડીધારી સેવકને કહ્યું: "આ ક્ષણથી જ તું આ સંઘના સીમાડા છોડી જા, યાત્રામાં ક્યાંય ઊભો ન રહેતો. જાણતો નથી રે મૂઢ, કે હું ભાગ્યવશાત જો કદી ઘાંચણ સરજી હોત કે માલધારીના ઘરમાં અવતરી હોત તો! તો મારાં લૂગડાં ડગલે ને પગલે ઘીએ-તેલે ન બગડ્યાં કરત? એથી તો આ ઘીના ડાઘ-મેલ શું મહાભાગ્યની વાત નથી? પ્રભુદર્શને આવ્યાં તો મેલ પામ્યાંને? અને ગંડુ!" એમ બોલતે બોલતે અનુપમાની દૃષ્ટિ એ ભિક્ષુકો-અભ્યાગતોની જામી પડેલી ઠઠમાં, એક બાજુ છેક છેવાડે ભીંસાતા એક ભૂખ્યા યાચક પર પડી, ને એ સૂચક શબ્દે બોલી–

"ને ગાંડા! આ ઘીના છાંટા પણ મારા વસ્ત્રે ક્યાંથી! આ ઘી અને સર્વ દાનપુણ્ય તો આપણા રાણાનું છે. આ સંપત્તિ તો બાપુ લવણપ્રસાદની ને રાણક વીરધવલની વપરાઈ રહી છે. પુણ્ય તો સર્વ એને જાય છે. મારા ભાગ્યમાં તો આટલા જે છાંટા ને ડાઘા મળે છે એટલા જ એમાંથી રહેશે."

એ શબ્દો સાંભળીને છેવાડે ઊભેલો એ યાચક નીચું જોઈ ગયો ને છાનોમાનો સૌની પછવાડે સરકી ગયો. ફક્ત અનુપમાએ જ એને ઓળખી પાડ્યો.

તળેટીમાં ઊભાં ઊભાં વસ્તુપાલ આ નાનકડા દેવગિરિનો આંતરિક મહિમા એક ભક્ત કવિની નજરે નિહાળતો હતો. એની વીરશ્રી અને એની રાજનીતિજ્ઞતા થોડો વિસામો લેતાં હતાં. એની સંસ્કારિતા અને પારગામિતા પટમાં આવી રહ્યાં હતાં. એના પ્રાણમાં વાચા આકાર ધરવા ગડમથલ કરતી હતી. વાગ્દેવીનો વીણા-રવ વાગું વાગું થતો હતો.

એની પાસે શોભનદેવ સલાટ ઊભો હતો. પીઢ વયના મહામાત્યની વેશપોશાકની સરખામણીમાં યુવાન શોભનદેવનાં વસ્ત્રો ગરીબી દાખવતાં હતાં, છતાં તેના રૂપમાં વસ્તુપાલની કોઈ નિગૂઢ છાયા છવાઈ હતી.

"આ બાજુએ લલિતા-તળાવડી બાંધી છે," એણે મંત્રીને એની પત્નીના નામના નવા બાંધેલા જળાશયની દિશા બતાવી.

"પણ અનુપ-સર ક્યાં છે?" મંત્રીએ અનુપમાના નામનું બંધાવેલું તળાવ યાદ કરાવ્યું.

"જી, આ બાજુ."

"ને મારી માતાના નામની તળાવડી?"

"જી, એ તો રૈવતગિરિ પર."

"ત્યારે શું અહીં માતાનું કોઈ સ્મારક નહીં? આ સિદ્ધાચલની છાયામાં મારી બા..." એમ બોલતો બોલતો વસ્તુપાલ પ્રકૃતિલીલામાં પોતાની જનેતાના રસરૂપગંધની કલ્પનાને અનુભવતો, નાક વડે કોઈ સુગંધ લેતો, ચક્ષુઓમાં કોઈકની છબી ઝીલતો એકાગ્ર બન્યો.

શોભનદેવે પણ આ પ્રશ્નનો કશો જવાબ દીધા વગર વસ્તુપાલની પાછળ પાછળ પગલાં ભર્યાં; પ્રત્યેક પગલે શત્રુંજયની લીલા વિસ્તરતી હતી. લૂખો ને સૂકો એ ડુંગરડો, ચાર મહિના પહેલાં વરસી ગયેલી વાદળીઓની થોડીઘણી લીલી સાંભરણો સમી હરિયાળીને હૈયે ધરી રહ્યો હતો.

પછવાડે આવતાં લલિતા, સોખુ ને અનુપમા એને આંબી ગયાં. મંત્રીશ્વરે અનુપમાને કહ્યું: "રાણાને ઠીક સંભળાવ્યું તમે તો."

"આપે ક્યાંથી જાણ્યું?" અનુપમાએ નીચે જોઈને લજ્જાભેર પૂછ્યું.

"જાણવાનાં સાધનો ન રાખું તો તો આવી યાત્રાઓ કેમ જ માણી શકું? એ તો પધાર્યા છે મજૂરરૂપે, ભિક્ષુકરૂપે, આપણી ફનાગીરી નિહાળવા. સારું સારું, ભોળિયા રાજા કરતાં ચતુર ને ચબરાક, થોડોક અવિશ્વાસુ ધણી જ સારો. પોતેય જાગ્રત રહે ને આપણનેય સાવધ રાખે."

"તમારે તો બેઉને રાજપ્રપંચની જ વાતો!" લલિતાએ ત્રાસ અનુભવતે કહ્યું, "અહીં તીર્થાટને આવીને તો એ લપ છોડો."

"હું તો ઘણીય લપોને છોડું, લલિતા! પણ લપો મને નહીં છોડે. હવે તો એ લપોમાંથી જ રસ કેળવવો રહ્યો. લપોને છોડી શકીશ તે દિવસ તમને બેઉને પણ શાનો રાખીશ?"

એવા કુટુંબ-વિનોદને મોકળાશ આપવા માટે શોભનદેવ શિલ્પી આગળ ને આગળ ચાલતો હતો; પણ શોભનદેવને પોતાની પાછળ ચાલતા આ પરિહાસની કોઈક નિગૂઢ ચણચણાટી પીઠમાં ચાલતી હતી. શોભનદેવને પોતાને જ ખબર નહોતી પડતી કે આ મંત્રી-પરિવાર એને પોતાના માનાં જણ્યાં જેવો કેમ ખેંચી રહ્યો હતો. એને થતું હતું કે અનુપમાને તો પોતે ઘણાં વર્ષો પૂર્વે ક્યાંઈક જોઈ છે – ઘણાં વર્ષો પૂર્વે એટલે કે પોતાની વય કરતાં પણ વધુ વર્ષો પૂર્વે જોઈ છે, મેળાપ કર્યો છે ને કશોક સંદેશો પણ દીધો છે. અનુપ–સર અને લલિતા-સરનાં શિલ્પ કોતરતાં કોતરતાં એનાં ટાંકણાંએ ન સમજાય તેવી કોઈ સુખવેદના અનુભવી હતી.

એણે પાછળ ન જોવાનો નિશ્ચય રાખ્યો હતો. એ નિશ્ચયને એણે છેક નાભેય-મંદિર સુધી ટકાવી રાખ્યો. આદિનાથનું દેવાલય દીપેધૂપે ને કર્પૂરકેસરે, પુષ્પેચંદને ને કસ્તૂરીની ગંધે મહેકી ઊઠ્યું. જ્યોતિર્માળા ગિરિલક્ષ્મીના સ્મિતમાંથી ચળકતી દંતાવલિ સમી પ્રકાશી ઊઠી. સૂરિઓ, કવીશ્વરો, શ્રાવકો ને શ્રાવિકાઓની હારબંધ મેદનીમાં કદાવર મંત્રીકાયા, શ્વેત વસ્ત્રે, પુષ્પમાળાએ ને ચંદનતિલકે શોભતી પ્રવેશ કરે છે. એની પાછળ નારી-પરિવાર છે. દ્વાર પાસે જ ઊભો છે શિલ્પી શોભનદેવ. એને અનુપમાએ એક જ પલકારે ઓળખ્યો. પોતાનાથી નાનો છતાં કોઈ વડીલ હોય એમ એણે ઓઢણાનો પાલવ સંકોડી અદબ કરી.

"આ..." એમ કરીને શોભનદેવે અંદર જતા મંત્રીનું ધ્યાન દ્વાર પાસે ઊભેલ એક પાષાણ-મૂર્તિ તરફ ખેંચ્યું.

મંત્રી થંભ્યો. એણે પૂરા માપની સ્ત્રી-પ્રતિમા નિહાળી. એણે ચકિત લોચને શોભનદેવ તરફ જોયું. શોભનદેવે કહ્યું: "આ બા..."

શોભનદેવ શિલ્પીનું મોં એ બોલતાં નાના બાળકની આનંદ-લાલી ધારણ કરી રહ્યું.

## 16
# પોતાની બા

વસ્તુપાલ ચમક્યો નહીં. 'આ બા' કોણ બોલ્યું એ એણે વિચાર્યું નહીં, બોલનારનો બોલ આખી પ્રતિમા પર લેપાઈ ગયો. પ્રતિમા પથ્થરની ન રહી, બા-રૂપ – બા પોતે જ બની ગઈ.

માતા કુમારદેવીની પૂરા માનવમાપની આ પ્રતિમા અહીં ઘડાઈ રહી હતી એવી વસ્તુપાલને ખબર નહોતી. અગાઉથી ત્યાં જમા થયેલા જાત્રાળુઓ તલપાપડ થઈ રહ્યા હતા. બાની પ્રતિમા દેખીને મંત્રી વસ્તુપાલ કોઈ અનહદ હર્ષાવેશમાં આવી જશે, શોભનદેવ શિલ્પી પર બક્ષિસોના મેહુલાં વરસાવશે, કે શું કરશે? મંત્રીના મન પરની અસર નિહાળવા સહુની આતુરતા આંગળાં પર ઊભી થઈ ગઈ. 'વિધવા રત્નકુક્ષી' વિશે સકલ ગુર્જર દેશમાં વિસ્તરેલી ભૂતકાળની રહસ્ય-કથાને યાત્રાળુઓ આ પ્રતિમાનાં અંગેઅંગ ઉપર, મુખમુદ્રાની કરુણતાભીની પ્રસન્નતા પર, આંખોની ગગન-શી સઘન ગંભીરતા પર ઉકેલી રહ્યા હતા. પ્રતિમાને જોઈ જોઈને બધાં યુવાન શોભનદેવને ન્યાળતા હતા.

પહેલાં તો કેટલીક વાર સુધી વસ્તુપાલ માતાની મૂર્તિ તરફ એકમીટે જોઈ રહ્યા. એના માથાના લાંબા કેશ અને એની રાજપૂત મરોડની દાઢીમૂછના બાલ પ્રફુલ્લતાની પવનલહરે ફરર ફરર થઈ રહ્યા. એની પહોળી છાતી વધુ ઘેરાવો પાથરી રહી. એની નજર બાની પ્રતિમાના પગથી માથા સુધી ચડતી હતી ને પાછી મસ્તકથી પગ સુધી ઊતરતી હતી. એનું ગર્વિષ્ઠ મોં શોભનદેવ સામે મરકતું હતું. હમણાં જાણે એ શિલ્પીના ખભા થાબડવા લાગશે.

સંઘપતિનાં નેત્રો પર પોપચાંના પડદા સર્યા, 'બા'ની રોમાંચક જીવનકથા જાણે કે કોઈ રંગભૂમિના તખતા પર ખેલાવા લાગી–

માલાસણ ગામની એક આલેશાન હવેલીમાં આજથી પાંસઠ વર્ષ પર 'બા' ભરજોબનમાં બેઠી હતી. એનું નામ 'કુંઅરી' હતું. એની આસપાસ ઠાઠમાઠ ને વૈભવની છોળો હતી. એ પાણી માગે ત્યાં દૂધ હાજર થતાં. એનો દેહ હીરામોતીએ ભાંગી પડતો પરંતુ એના કાંડા ઉપર ફક્ત બે જ શણગાર નહોતા: બે કંકણો.

કંકણવિહોણી બા 'કુંઅરી'ને વસ્તુપાલે શાસ્ત્રો ભણતી ને સ્તવનો ગાતી કલ્પી; દેરે જતી ને દેવોને પૂજતી કલ્પી; પોષધશાળાએ જતી ને પોસહ-પડિકમણાં કરતી કલ્પી. રખે એને રંડાપાનું ભાન થઈ આવે એ વિચારે પિતા આભુશેઠે માલાસણ ગામમાં સતત નોતરેલાં ટોળાબંધ સાધુ-સાધ્વીઓને ઘી અને પકવાનો વહોરાવતી સાધુઘેલડી વિધવા કલ્પી; વિધવા 'કુંઅરી'ને આવતા ભવની સ્વર્ગીય ગતિ પીરસતા સૂરિઓ કલ્પ્યા.

બાને તે વખતે કેવું લાગતું હશે! બાના હૈયામાં અજ્ઞાનની કેવી શાંતિ હશે!

પછી એક દિવસ બા કુંઅરીના એવા સૂતેલા યૌવનમાં એક સળવળાટ થતો કલ્પ્યો: બાના હૈયા પર એક પડછાયો પડતો કલ્પ્યો. એ પડછાયો એક માનવીનો હતો: એ માનવી એક યુવાન હતો. દીનદરિદ્ર, પાટણનો પોરવાડ આસરાજ હતો. પિતાની કલ્પના કરવા માટે એણે પોતાની ને તેજપાલની દેહકાંતિ અને મુખમુદ્રા ધ્યાનમાં લીધાં. પિતા કેવો સુંદર હશે! બાની યૌવનભરી આંખોમાં એણે કેવું સ્વપ્ન ભર્યું હશે!

ભણેલી ગણેલી અને ધર્મધ્યાનમાં ગળેલી બાએ જેના પર પહેલી મીટ માંડી હશે તે યુવાન શું ઉચ્છૃંખલ હશે? નહીં નહીં, એ તો હતો સાત પેઢીની સંસ્કારિતાનો વારસદાર; પૂર્વજોની છલકતી લક્ષ્મીને દૈવયોગે હારી બેઠેલો, છતાં રૂપે અને સંસ્કારે તો એ જ પૂર્વજોનાં લોહીનો લાડકવાયો પિતા આસરાજ: પાટણમાં વસવાની શરમને કારણે માલાસણમાં આવી વસ્યો હશે ત્યારે શું એને ખબર હશે કે આંહીં એક પ્રેમકથા રચાવાની છે?

પછી વસ્તુપાલની કલ્પના એક પોષધશાળામાં ભમવા લાગી. એક જૈન મુનિના વ્યાખ્યાનનાં વેણ ગુંજ્યાં. વ્યાખ્યાન ઝીલતી સભાને એક ખૂણે યુવાન બા કુંઅરીને બેઠેલ કલ્પી. બીજે છેડે યુવાન પિતા આસરાજને કલ્પ્યો: હીરામોતી અને હેમનાં આભરણે મઢેલું એક શરીર: ને પૂરાં વસ્ત્રો પણ જેને ઢાંકવા નહોતાં તેવું એક બીજું ચીંથરેહાલ શરીર. એક વૈધવ્યે ઢાંક્યું રૂપ ને બીજું ગરીબીએ ને સામાજિક તિરસ્કારે પાટણમાંથી ગામડામાં ધકેલેલું રૂપ.

બેઉ રૂપને, બેઉ શરીરોને છેક જ સામસામી ને વિરોધી દુનિયાઓમાંથી ખેંચી લઈને એક સર્વત્યાગી સાધુએ ભેળાં કર્યાં! કેવી એ રંગભૂમિ! કેવું નાટક! કેવી રહસ્યકથા! ઇતિહાસમાં અજોડ અને કલ્પનાને અદીઠ!

સાધુએ વૈરાગ્ય અને સંયમનો બોધ દેતે દેતે 'બા'ની જે બે હથેળીઓ અને પગતળિયાં પર મીટ માંડી હશે, તે કેવાં સુંદર હશે!

પોતે જેને કદી મળ્યો નહોતો ને પોતે જેનો કોઈ સગો કે સાગવી નહોતો,

જેના પ્રેમ કે શૃંગારનો પોતે સ્વામી નહોતો, એક કરતાં એક પણ વાતે હકદાર કે દાવાદાર નહોતો, તેવી એક યુવતીની રેખાઓ ઉકેલનાર સાધુને ઠપકો દેવા ગયેલો પિતા યુવાનીમાં કેવો હશે! કંગાલ ચીંથરેહાલ છતાં કેવો સંસ્કારી હશે!

ને પછી આ વિધવા ફરી પરણીને માનવરત્નો પ્રસવશે એવું ભાવિ ભાખનાર સાધુજી પાસે પોતાનો ગુપ્ત પ્રેમ પ્રકટ કરનાર પિતાનું યૌવન કેવું મધુર હશે!

પછી એ યુવતીના જ ઘરના રબારી સાથે ભાઈબંધી બાંધીને એની જ સાંઢ્ય ઉપર મધરાતે ઘસઘસાટ ઊંઘતી કુંઅરને ઉઠાવી લઈ દક્ષિણના છેક સોપારા ગામે જે પિતા નાસી ગયો, તે કેવો રણબંકો અને પ્રેમમુગ્ધ હશે!

એ રાત કેવી રૂપાળી ને આસમાની હશે!

સાંઢ્યના માફા પર પણ ભરનીંદર ખેંચતી 'બા' કેટલી નિર્દોષ હશે! જાગીને પોતાની સ્થિતિ જોતાં એક જ પલમાં પોતાનાં વસ્ત્ર નીચેથી કટાર ખેંચી રબારી પર ધસતી એ નિર્જન અરણ્ય-રાત્રિની અપહરેલી 'કુંઅર' શું તું જ હતી, બા!

એ જ વખતે તને ખોળામાં લઈ બેઠેલા યુવાનનો પ્રેમટૌકો સાંભળતાં જ તારી કટાર ભોંઠી પડી હતી, ખરુંને, બા! પિયરસુખને, પિતૃપ્રેમને, માતૃવાત્સલ્યને, વિધવા તરીકેની કીર્તિને અને શાસ્ત્રજ્ઞાનની ખ્યાતિને, લક્ષ્મીને, આબરૂને, કુલીનતાને, સર્વસ્વને ઓળઘોળ કરવાની આ હિંમત તારા પાપભીરુ હૃદયમાં જગાડનાર શું હતું, હેં બા? મારા પિતાનું શૌર્ય અને સાહસ? મારા પિતાનું ચીંથરેવીંટ્યું સૌંદર્ય? તારી સાથે સમસ્ત સંસારના આક્રમણનો સામનો કરવાની એ રાત્રિના વીરની અબોલ તૈયારી?

તે પછી તો તું ગામગામનાં પાણી પીતી પિતા સાથે ભટકી. તેં પિતાની ગરીબીને જ વહાલી ગણી. પિતાના પ્રેમશૌર્યની વેલડી બનીને તેં એના આપ્યા ચાર બેટા ને સાત પુત્રીઓ સંસારને સમર્પ્યાં. પિતાના મૃત્યુ પાછળની કંગાલિયતને ખોળે પણ તેં અમને અગિયારેને ઉછેરી, મોટાં કરી, છેક પાટણ મોકલીને ભણાવ્યાં-ગણાવ્યાં, અને તને તો એ સાધુએ ભાખેલ ભાવિ સાચું પડતું જોવાનું પણ ન જડ્યું, બા! તારા પેટના તો આવા ને તેવા પ્રતાપી પાકશે તેવું ભાખી ગયેલી વિદ્યા પ્રત્યે તું હસતી તો નહીં ચાલી ગઈ હો, બા? તું જો અત્યારે હોત તો તને કાંઈક તો પ્રતીતિ થાત હો, કે તારું સમર્પણ છેક નિરર્થક નથી ગયું.

વસ્તુપાલનાં સ્થિર થયેલાં નેત્રોમાં સજળતા તરવરી ઊઠી. શરૂમાં તો એક અશ્રુબિંદુ દેખાયું. પછી દેહ સહેજ કંપાયમાન બન્યો. એક ડૂસકું આવ્યું. પછી ડળક ડળક આંસુ સમેત ડૂસકાં પર ડૂસકાં ચાલુ થયાં, ને પછી એનો યોદ્ધા-કંઠ બદલી ગયો. કવિ-કંઠની વીણા વાગી, ને એણે રુદનભર્યા ને અનરાધાર આંસુભર્યા ગાલને

હાસ્ય વડે ઢાંકવાની સંયમશક્તિ ગુમાવી મોટે અવાજે આક્રંદ માંડ્યું: "બા! ઓ બા! ઓ મારી બા!"

એ રુદનના પ્રતિઘોષ ઋષભ-પ્રાસાદના ગભારામાં ઘોર્યા. કોઈ મોટા હર્ષના આવિષ્કારની આશાએ ઊભેલી જન-ભીડ તો મંત્રીની આ લાગણીને પરખી જ ન શકી. શોભનદેવ એકલો જ સૌની સામે અનિમેષ નેત્રે તાકી રહ્યો હતો. એના ચહેરા પર ચમકાટ નહોતો. એ તો જાણે આ રુદનની ગણતરી રાખીને જ ઊભો હતો. એની આંખો તો અનુપમા, લલિતા ને સોખુ ઉપર ભમી-ભમી ફરી પાછી પોતે ઘડેલી એ કુમારદેવીની પ્રતિમા પર વિરમતી હતી.

કોઈની મગદૂર નહોતી કે વસ્તુપાલને આ આક્રંદનું કારણ પૂછી શકે કે છાના રહેવાનું આશ્વાસન આપી શકે. નાભેયનાથના પ્રાસાદની જીવતી ને જડ બેઉ દુનિયાઓ વિસ્મયમાં ગરક હતી. કારણ કે, શંખ અને સદીકનો આ કરાળ કાળ, વાજા, ચૂડાસમા ને વાળા, ગોહિલો, ચાહમાનો અને જદુવંશીઓનો ગર્વગંજણ આ તો ગુર્જરેશ્વરનો મંત્રી એક અનાથ બાળકની જેમ રડતો હતો.

## 17
# સાધુની ચેતવણી

એનું રુદન થંભ્યું તે ક્ષણે જ મંદિરને દ્વારે લોકોનો ગુંજારવ થયો. મેદની વચ્ચે કેડી પડી. તપેલાં કાંચનની ઝાંય પાડતું, પાતળું, પચાસેક વર્ષનું શુભ્રવસ્ત્રધારી સાધુશરીર, પચાસ નાનામોટા શિષ્યો સહિત દાખલ થયું. એના ઊંચા પાતળા શરીરમાં જેનો સંભવ ન ગણી શકાય તેવા ગરવા કંઠે એણે 'ધર્મલાભ! ધર્મલાભ!' એવા શબ્દ બોલી સૌના નમસ્કાર ઝીલ્યા. ને એની પાછળ પાછળ જનરવ જાગ્યો: 'મહારાજશ્રી વિજયસેનસૂરિ આવી પહોંચ્યા'.

માતાની મૂર્તિ તરફ તાકીને રડતા રહેલા વસ્તુપાલે મૂર્તિની બાજુએ ગુરુ વિજયસેનસૂરિને દીઠા, એની ધ્રુસકતી છાતી ધીરી પડી.

વિજયસેનસૂરિએ પણ કુમારદેવીની પ્રતિમા સામે ગંભીર નેનો માંડ્યાં. એનું મુખ મલકાઈ રહ્યું અને પ્રતિમાની બીજી બાજુ ઊભેલા યુવાન સલાટ શોભનદેવને પહેલવહેલો જોઈને એના મોંમાંથી જૂની કોઈ પિછાનનો ઉદ્ગાર નીકળી પડ્યો: "તમે આંહીં!"

શિલ્પી શોભનદેવ, જેણે આ સૂરિને પહેલી જ વાર જોયા, તે સૂરિનો સવાલ સમજી શક્યો નહીં, તેણે જવાબ વાળ્યો: "જી, હું સલાટ છું." એ સવાલ-જવાબ ધીમા અવાજે થઈ ગયા.

વિજયસેનસૂરિની પાતળી હેમવરણી કાયાનો કોઈ અદશ્ય પ્રભાવ એ મેદની પર પથરાઈ રહ્યો. એનો હાથ ઊંચો થયે સૌ આરસની ફરસબંધી પર બેસી ગયા, ને સૂરિએ પણ રજોહરણ ફેરવીને ફરસબંધી પર નાનું પાથરણું બિછાવી બેઠક લીધી. સામે વસ્તુપાલ બેઠો. એનું મોં હજુ ભીનું હતું. એ નીચું જોઈને જ બેઠો.

"શું કારણ બન્યું, મંત્રીજી?" વિજયસેનસૂરિએ ધીમેથી પૂછ્યું, "હર્ષને સ્થાને વિષાદ શા માટે? પ્રતિસ્પર્ધી પૃથ્વીપાલોના હણનારા અને સ્વજનોના સ્નેહમાં નીતરતા અમારા વસ્તુપાલ જેવા રાજનીતિજ્ઞને આજે શાની ઓછપ સાલી?"

વસ્તુપાલે લજ્જિત બની નીચે જોયું. એની પાંપણો ભોંય ખોતરવા લાગી. એણે આંખો લૂછતાં લૂછતાં કહ્યું: "આજે મારી માતા હોત તો તેને સ્વહસ્તે અહીં

મંગલ કરતી દેખીને ગુર્જરોને કેટલું સુખ થાત! ને એ મારા હસ્તે મંગલ થતું નિહાળીને ભયમુક્ત બનત."

"શાનાં ભયમુક્ત?"

"કે દીકરા કેવા પાકશે ને કેવા નહીં એ વાતની એને સતત ધાસ્તી રહેતી હતી. અમારું જરા જેટલું પણ અઘટિત કામ દેખીને એ એકાંતે જઈ વિચારમાં પડી જતી તે મને યાદ છે. હું પૂછતો કે બા, તમે અમારા ભવિષ્યની શીદ આટલી જંજાળ કરો છો, તો એ બોલતાં નહીં. એને છૂપું છૂપું શું મૂંઝવતું હતું તેની મને આજે પણ ખબર નથી પડી."

"તેની મને ખબર છે, વત્સ!" વિજયસેનસૂરિને હોઠે હાસ્ય રમી રહ્યું: "એમને ભય હતો કે દીકરા વંઠશે તો કુળવાન વિધવાનું પુનર્લગ્ન વગોવાશે."

"પણ એ બીકથી મુક્ત થવા આજે એ જ નથી રહ્યાં."

"જગત તો રહ્યું રહ્યું જુએ છેને!"

"એ મારી માને ક્ષમા આપશે?"

"ક્ષમા નહીં, વત્સ! જગત તો આજે એને વંદના દે છે."

એમ કહેતાં સૂરિનાં પ્રસન્ન નેત્રોએ આખી પ્રખદા પર ચક્કર મારી લીધી. એના શબ્દોનો ભાવ તમામ ચહેરાઓ પર ઝિલાયો હતો.

"મારા બાપુએ," વસ્તુપાલ ફરી બોલ્યો, "એમની દીન-દરિદ્ર અવસ્થામાં પણ એની માતાને શ્રવણની માફક આ બધાં તીર્થાટન કરાવ્યાં હતાં. હું તો લૂણિગભાઈનું મરતી વેળાનું માનતા માનેલું પ્રભુ-બિમ્બ પધરાવવા પણ માતાને જીવતી ન રાખી શક્યો."

એ સાંભળી શોભનદેવને કશોક નિગૂઢ રોમાંચ થયો. એનાથી વગર વિચારે પણ અનુપમા સામે જોવાઈ ગયું. સૂરિજી વસ્તુપાલને સાંત્વન દેવા લાગ્યા.

"કલ્પાંત વૃથા છે, સુજ્ઞ! મહારાજ સિદ્ધરાજ પણ અવન્તી જીતીને પાછા વળ્યા ત્યારે દેવી મીણલનો અભાવ એને બહુ સાલેલો. પાટણના ભરઉત્સવ વચ્ચે એણે કલ્પાંત કરેલું કે, मा स्म सीमन्तिनी काऽपि जनयेत् सुतमीदशम्। बृहद्भाग्यफलं यस्य मृतमातृरनन्तरम्। ("હે જગતની કોઈ પણ જનેતા! એવો બેટો કદી ન જણજો, કે જેનો મહાભાગ્યોદય માના મૂઆ પછી પ્રગટે.) પણ એ એક જ ચાવી આપણે હાથ નથી. ધીર પુરુષોને એ ઓરતા ન શોભે. ચાલો હવે, દેવને તો યાદ કરીએ."

સૌ ઊઠ્યા. પ્રાસાદની અંદર જતાં જતાં બન્ને આગળ એકલા ચાલતા હતા. બન્ને વચ્ચે વાતો થઈ. મંત્રીએ કહ્યું: "આપનો મેળાપ કેટલાં વર્ષ વીત્યે?"

"ચારેક તો ખરાં જ."

"આપ પણ કેમ મને ત્યજી ગયા હતા?"

"એક વાર ધોળકે આવેલો, પણ મંત્રીના ઘરને બદલે, ભદ્રા કુમારદેવીના પુત્રના ઘરને બદલે, કોઈ મદ્યપી(દારૂડિયા)નું ઘર દેખી પાછો વળી ગયેલો."

પાંચસો બ્રાહ્મણો હંમેશાં મંત્રીને ઘેર વેદપાઠ કરતા હતા તે વાત જૈન સાધુને ખટકી હતી તે દિવસનું વસ્તુપાલને સ્મરણ થયું. એણે કહ્યું: "મને યાદ છે. હું તે વખતે મેડી પર હતો. મને અનુપમાએ કહ્યું હતું. અને ખંભાતમાં પણ આપ એનો અફસોસ કરતા હતા તેવો સંદેશો મને પહોંચતો હતો."

"મારી ભૂલ મને પાછળથી સમજાઈ હતી. તમે બ્રાહ્મણોની સાથે ભાંગ પીતા ને તડાકા મારતા બેસતા હતા તેને મેં વિલાસ માનેલો, પણ એ તો તમારી રાજનીતિ પુરવાર થઈ છે."

"આપ એમ કહેશો તેથી હું મલકાઈ તો થોડો જ જવાનો છું?"

"મલકાવું તો પોસાય તેમ ક્યાં છે? તમારી તો એક પછી એક વધુ આકરી પરીક્ષાઓ ચાલી આવે છે."

"કંઈ નવું?"

"હા રે હા, ઘણું ઘણું નવું. પહેલાં તો ઉત્સવ ઉકેલીને પછી મને આવી મળો એટલે કહું."

"ઉતાવળ છે?"

"જેટલી કલ્પી શકો તેટલી. ઉતાવળ ન હોત તો હું ચાતુર્માસ પૂરા થયે, વળતા જ દિવસે ત્રીશ-ત્રીશ ગાઉનો વિહાર ન ખેંચત. પણ તેનો અર્થ એ નહીં કે યાત્રિકોમાં કોઈક વિહ્વળતા કે શંકાસંદેહ પેદા થાય તેવી દોડાદોડ કરવી. આ તો ભાઈ, વણિકભાઈઓનું તેતર-ટોળું છે. ને આ એમને સૌને મન તીર્થયાત્રા છે, મારે મન તો આ પણ ગુર્જરોના ચાલુ થયેલા યુદ્ધનું જ એક પાસું છે. પતાવીને પછી આવો. રોજના ક્રમમાં જરીકે ઉતાવળ ન બતાવતા."

18

# ભક્ત-હૃદય

**શું** પ્રયોજને સૂરિજી આજે ચારેક વર્ષે મારી પાછળ દોટંદોટ વિહાર કરતા પહોંચ્યા એ વિચાર મંત્રીને સતાવતો હતો. પણ આદિ તીર્થંકર ઋષભદેવના પ્રાસાદમાં પ્રવેશ કરતાં પહેલાં એણે માનસિક તર્કવિતર્કોને અને પગનાં ઉપાનને એકસાથે જ બહાર કાઢી નાખ્યાં. મનની ગતિ રૂંધ્યા વગરની મહત્તા બધી બનાવટી છે એ વિચાર એના પર અદશ્ય તમાચા જેવો પડ્યો. હું જ બધી ઊથલપાથલોનું મધ્યબિંદુ છું ને મારા વગર દુનિયાનું રસાતળ જવા બેઠું છે એવા છૂપા અભિમાનને એણે કાંચળી ઉતારતા સાપની માફક ઉતારી નાખ્યું. ને એણે જિનપ્રતિમાની સમીપ ઊભા રહીને અનુભવ્યું કે વાગ્દેવીના પ્રથમ-પહેલા ઝંકાર જેવી શબ્દરચના એની જીભને ટેરવે નાચી રહી છે; વર્ષાની પહેલી વાદળી જાણે વરસુંવરસું થઈ રહી છે; નદીનું પહેલું પૂર જાણે દૂરથી દોડ્યું આવતું, નજીક ને નજીક ગાજ્યે આવતું, હૃદયના બંને કિનારાને છેલાવી રહ્યું છે.

સુભાષિતો તો એણે મહેનત કરી કરી ઘણાંયે રચ્યાં હતાં, સ્તંભતીર્થમાં રાત્રિએ દીવીઓ બાળી બાળી, કષ્ટ વેઠી વેઠીને કવિતાનાં પાંખિયાં એ મેળવતો હતો ને લલિતા-સોખુને એવી રચનાઓ વડે રાત્રિના પ્રેમામોદમાં રીઝવતો હતો; પણ શત્રુંજયના આદિનાથ-પ્રાસાદના ઘૂમટ નીચે એણે જે કાવ્ય-ઘોષ પોતાના અંતરમાં ઊઠતો અનુભવ્યો તે નવીન પ્રકારનો ને નવી ચેતના સ્ફુરાવતો લાગ્યો; આ શબ્દો એને મોંએથી સર્યા –

*त्वत्प्रासादकृते नीड वसन् शृण्वन् गुणांस्तव ।*
*संघदर्शनतुष्टात्मा भूयासं विहगोऽप्यहम् ॥*

[આ તારા મંદિરમાં માળો ઘાલીને અંદર વસતો વસતો, તારાં સ્તવનો સુણતો અને તારા યાત્રીસંઘોનાં દર્શને સંતુષ્ટ બનતો હું એક પંખી જન્મું. તારા ઘૂમટમાં પારેવું બની ઘૂઘવતો રહું, એવું હું ભાવું છું, હે નાભેય! હે ઋષભદેવ!]

પછી તો શ્લોકોની સાત સાત દેગડી ચડી. અન્ય ધ્યાનભાન એને રહ્યું નહીં. મંદિર, મંદિરનો ઘૂમટ, એ ઘૂમટમાં પંખીનો માળો નાખવાનાં વાંછિત સ્થાનો, અરે,

ખુદ દેવમૂર્તિ પણ અદૃશ્ય બન્યાં, ને એના પ્રાણની પ્રેમલગન સચરાચરને વ્યાપી બેઠેલા નિરંજન નિરાકાર કલ્યાણતત્ત્વ સાથે લાગી પડી –

यद् दाये द्युतकारस्य, यत्प्रियायां वियोगिन: ।
यद् राधावेधिन: लक्ष्ये, तद् ध्यानं मेऽस्तु ते मते ॥

[દ્યાવમાં જેવું જુગારીનું ધ્યાન, વિરહી પિયુનું જેવું પ્રિયામાં ધ્યાન, તીરંદાજનું જેવું નિશાનમાં ધ્યાન, તેવું જ એકાગ્ર ધ્યાન, હે દેવ! મારું પણ તારામાં લાગી રહો!]

એની પ્રાર્થના પૂરી થઈ. એનું મન એને વરસી રહેલા શરદ-મેઘ જેવું સમુજ્જ્વલ ને શુભ્રવરણું, હળવુંફૂલ અને લહેરાતું લાગ્યું.

બપોરે સંઘ નીચે ઊતરતો હતો. વહી જતા શિયાળાની છેલ્લી ચમકી, ડુંગર પર પથરાયેલી કનકવર્ણી તડકી સાથે એકરસ બની હતી. પથિકો પાછળ પાછળ ચાલ્યાં આવતાં હતાં ને મંત્રી પોતાના કવિમંડળ તેમ જ શ્રેષ્ઠીમંડળની સાથે આગળ આગળ ઊતરતો હતો. પોતાના પગમાં સ્વાભાવિક વધતા માનસિક વેગને એ મહેનત કરી કરી ખાળતો હતો. અરધો ડુંગરો ઊતરી રહ્યે એને સોએક માલણો સામે મળી. માથા પર ફૂલોના સૂંડલા હતા. તેમણે મંત્રીને ઓળખ્યા વગર પૂછી જોયું: "હેં ભાઈ, તમે સંઘમાં છો?'

"હા, કેમ પૂછો છો?"

"સંઘ શું પાછો વળે છે?"

"હા, બાઈઓ!"

"અરેરે અભાગ્ય!" માલણોએ નિઃશ્વાસ નાખ્યા, "અમારે ઘણુંય ફૂલ લઈને વે'લા પહોંચવું હતું. આજ આટલાં વર્ષે જાત્રાળુઓને ફૂલ આપીને રળવાની આશા હતી, પણ અમારે છોકરાંને રોટલા કરી દેવામાં અસૂર થયું."

"હવે શું કરશો?"

"હવે તો બધાંએ પૂજા કરી વાળી, હવે તો અમારાં ફૂલ કોણ લ્યે?"

"તમે આંહીં થોડી વાર ઊભાં રહેશો, બાઈઓ?" વસ્તુપાલના મનમાં અનુકંપા રમતી હતી, સાથે સાથે એને એક વિચાર પણ સૂઝતો હતો. એણે માલણોને રોકી રાખી, ને સંઘ જ્યારે ઊતર્યો ત્યારે સૌને એણે પૂછ્યું:

"યાત્રિકો, તમે બધા જ દેવોની પૂજા ઉકેલીને પાછા વળો છો ને?"

"હા જ તો." યાત્રિકોએ જવાબ વાળ્યો, "બધા જ દેવોની."

"નહીં નહીં," વસ્તુપાલે કહ્યું, "તમે એક મહાન દેવને, દેવોના પણ આરાધ્ય દેવને પૂજવો ભૂલી ગયા છો."

"કયા દેવ?"

"જે દેવનું ખુદ આપણા સિદ્ધોએ પણ શરણું લીધું છે તે દેવને."

"કોને?"

"આ ગરવાને. જુઓ, આ ગિરિ પોતે જ સર્વ તીર્થંકરોના દેવાલયરૂપ નથી શું? આ સિદ્ધાચલ પોતે જ યોગાસન વાળીને બેઠેલો મહાસિદ્ધ નથી શું? કેટલા માનવોને એની વનસ્પતિ, ઔષધિ, જંગલ ને ઝાડી, પથ્થરો ને માટી પોષણ આપે છે! એ સાક્ષાત્ દેવ નથી શું? હું તો એની પૂજા કર્યા વગર નહીં ઊતરું. લાવ બાઈ, ફૂલ."

એમ કહીને એણે માલણ પાસેથી પુષ્પો વેચાતાં લઈ નવી જ એક પૂજા ભણી શત્રુંજય પહાડની.

આખો સંઘ એને અનુસર્યો. માલણો રળીને પાછી વળી.

તળેટીમાં આવી પહોંચ્યા પછી પણ એને જોઈતું એકાંત જડવાને ઘણી વાર હતી. એનું સન્માન કરવા માટે સિંહપુરી(સિહોર)ના ગુહિલ ઠાકોર, તાલધ્વજ(તળાજા)ના વાળા ઠાકોર તેમ જ બીજા કંઈક હાજર હતા. તેમનો માનવિધિ પતાવતાં, તેમની ઘોડાંની ભેટો સ્વીકારતાં, તેમની સમક્ષ મોભો અને દરજ્જો સાચવી રાખવાની પોતાની કરડાઈ પર કંટાળો ખાતે ખાતે પણ મંત્રીને રાત પડી. રાતે સંઘજનોના પ્રત્યેક પડાવ પર જઈ જઈ એણે સર્વની સુખસગવડો તપાસી. તે પછી પોતે વિજયસેનસૂરિજી સાથે, કોઈને ગુપ્ત ન લાગે તેવા વાર્તાલાપમાં રોકાયા. એકાદ પ્રહર રાત્રિ વીત્યે એ ઉતાવળે પગલે ઉતારે આવ્યા.

રાત્રિએ સંઘપતિના પડાવમાં એક માણસ પેસતો હતો. ચોકી પછી ચોકી વટાવવામાં એને નડતર થતી નહોતી. મંત્રીની સહીવાળી અમુક મુદ્રા બતાવતો કે તરત એક પહેરેગીર એને અંદરની બીજી ચોકી સુધી પહોંચાડવા આવતો.

એને દિવસે જોનારો કોઈપણ આદમી ઓળખી શકે તેવું નહોતું. વેશપલટાની અને મોંની મુદ્રા બદલવાની એની આવડત આબાદ હતી.

ફક્ત આપણે જ કહી શકવાની સ્થિતિમાં છીએ, કે એ પેલો માલવી ભટરાજ હતો.

19

# 'ધીર બનો!'

પડાવમાં વસ્તુપાલ અને એ, બે એકલા જ હતા. રાત્રિવેળાએ રાસોત્સવો ને નાટકો થતાં ત્યાં મંત્રીપરિવાર પણ મોડી રાત સુધી હાજર રહેતો. મંત્રી પોતે જ થોડી હાજરી આપીને પાછા વળ્યા હતા.

"કાં સુવેગ!" મંત્રીએ માલવી ભટરાજનો પાઠ ભજવતા ગુપ્તચરને કહ્યું, "પેલી ડાકણ પછી ઓળખાઈ કે નહીં?"

"હા જી, દેવગિરિની નામાંકિત ગણિકા ચંદ્રપ્રભા છે."

"કંઈ માછલાં પકડી શકી છે?"

"જી હા, આપણી સેનામાંથી પણ કેટલાક ઊંચા અધિકારીઓ એના પડાવમાં જતા-આવતા થયા છે."

"તને લાગે છે કે તેમાંથી કોઈ આપણાં યુદ્ધ-રહસ્યો કહી દેતા હોય?"

"ચંદ્રપ્રભા ગણિકાના હાથની એક પાનપટી જ બસ થાય તેવી છે, પ્રભુ! એની સુરાની કટોરી અને એનો એક કટાક્ષ જ માણસના મનમાંથી બધું રહસ્ય ઓકાવી નાખવા માટે બસ થાય છે."

"ત્યારે તો આપણા ઘરમાં પણ દ્રોહીઓ છે."

"દ્રોહીઓ નહીં પ્રભુ, દુર્બલો."

"લાવ, નામ દે, એમને જલદી પકડાવી લઉં છું. વારુ, ચંદ્રપ્રભા તરફથી કોઈ દૂત હજુ જઈ શક્યો નથીને?"

"ના જી."

"તો હવે એ દૂત તારે જ બનવું પડશે. જો, પાકે પાયે સમાચાર છે કે દિલ્લીપતિ મોજુદ્દીનનાં ધાડાં સિંધુતટ તરફ કૂચ કરી ગયાં છે."

"આપને કોણે કહ્યું?"

"તું કેટલાં વર્ષોથી મારી પાસે છે?"

"સાત."

"તોપણ આવું પૂછવાની મૂર્ખાઈ કરી શકે છે? ગાંડો નહીં તો! તેં અત્યાર

સુધી ન જાણ્યું હોય એવું માનનારો હું થોડો નાદાન છું!"

મંત્રીના આ હળવા ઠપકાથી અને ગર્ભિત પ્રશંસાથી આ માણસ છોભીલો પડ્યો ને એણે ક્ષમા માગી. મંત્રીએ કહ્યું: "સાંભળી લે. મોજુદ્દીનનાં સૈન્ય ચડ્યાં છે તે સત્ય છે. ગુજરાત પર આવે છે કે બીજે જાય છે તે તો કેવળી જાણે. પણ બે શત્રુઓની ભીંસ નહીં પોસાય. પેલા ઢોંગી શ્રેષ્ઠી પાસેનાં આપણે હાથ કરેલાં ગુપ્ત પત્રો બતાવે છે કે સિંઘણદેવ તાપીના કાંઠાથી પચાસ કોસ કરતાં વધુ દૂર નહીં હોય. તેને રોકી રાખવો છે. પણ સૈન્યથી નહીં, આવડતથી. ચંદ્રપ્રભા પાસેથી એક પત્ર મેળવ, ને એ લઈને તું સિંઘણદેવ પાસે પહોંચ. વધુ નહીં. ફક્ત પંદર જ દિવસ એને તાપીને આ પાર આવતો અટકાવવો છે. દરમ્યાન તો આપણે પહોંચીએ છીએ."

"જી, આપ નચિંત રહો. હું યત્ન કરું છું."

"રેવતાચલ પહોંચીએ તે પહેલાં, તાલધ્વજગિરિ (તળાજા) સુધીમાં તૈયાર થા તો જ તને દરિયા-મારગ સુગમ પડે. હું મધુમતીના બારામાં એક હળવું વહાણ તૈયાર રખાવું છું. જા તું."

"આજ્ઞા." કહીને એ માણસ બહાર નીકળી ગયો અને વસ્તુપાલે આંગળીના વેઢા પર ગણતરીઓ ગણી. એને દિલ્લીના યવન-સૈન્યની હિલચાલના પાકા સમાચાર આપનાર ગુરુદેવ વિજયસેનસૂરિ હતા. દિલ્લી નજીકનું ચાતુર્માસ પૂરું કરીને એ સૂરિએ આ ખબર દેવાને ખાતર જ પવનવેગી પ્રવાસ કર્યો હતો.

વસ્તુપાલના મોં પર ઘડીવાર પ્રસન્નતા રમી રહી. વીતરાગના ત્યાગી બાળને હૃદયે પણ ગુર્જરભૂમિ પ્રત્યેનું મમત્વ વસ્યું હતું એ એના આનંદની વસ્તુ હતી. પચાસ વર્ષના પાકટ તપસ્વીએ આટલા ટૂંકા સમયમાં આખો ખંડ વીંધીને આંહીં સુધી આવવા માટે જાંઘો તોડી નાખી હતી. ઉઘાડા પગે એને ચીરા પડ્યા હતા. આમ હતું ત્યાંસુધી તો ગુર્જર દેશના અભ્યુદયની આશા હતી.

એણે એનો સ્વધર્મ બજાવ્યો તો મારે પણ મારો અદા કરવો રહ્યો. મારે જલદી પહોંચવું જોઈએ અને સૈન્યનું સંચાલન કરવું જોઈએ. તેજપાલને વારંવાર શું મોં લઈને મોતના મોંમાં ઓરું? એ માંડ માંડ આજે યાત્રાએ નીકળ્યો છે. એને પાછો ધકેલીશ તો અનુપમા શું ધારશે?

વિચારના મણકા ફરતા હતા ત્યાં બીજો યુવાન મળવા આવ્યો. મંત્રીએ પૂછ્યું: "કાં, ક્યાં છે? શું કરે છે?"

"એ રંગશાલામાં છે. નાટક જુએ છે."

"વારુ, ચાલ."

પોતે સામાન્ય માણસનાં વસ્ત્રો પહેરી અને મોંએ મોટી મૂછો લગાવી સાથે ચાલ્યા. નાટક ચાલતું હતું તેને ગોળ કૂંડાળે જામેલી લોકગિરદીને એક ખૂણે એક માણસના ખભા પર હાથ ટેકવીને ઊભેલા પુરુષ પ્રત્યે યુવાન ગુપ્તચરે આંગળી ચીંધી.

મંત્રીએ એ માણસને ખંભે હાથ મૂક્યો. નાટક જોતો પુરુષ ચમક્યો. એણે પાછળ જોયું. મંત્રીએ કહ્યું: "ચાલો, થોડી વાત કરીએ."

અવાજ પરખાયો કે તરત એ પુરુષ મંત્રીની સાથે ચાલ્યો. અંધારામાં એને દૂર લઈ જઈને મંત્રીએ કહ્યું: "રંગ છે આપને! મને એકને તો કહેવું હતું કે સંઘ જોવા આવવું છે! તો રાજધાનીને તો રેઢી ન રહેવા આપત!"

પેલો પુરુષ શરમાઈ ગયો. મંત્રીએ પૂછ્યું: "જેતલબાને જણાવ્યું હતું?"

"હા – ના – હા – આ – પણ –" પેલા પુરુષનો જવાબ ભોંઠામણથી ભરેલો હતો.

"સ્પષ્ટ કહોને, હું નહીં ઠપકો દઉં."

"કહ્યું હતું કે ગામડાં જોવા જાઉં છું, બેત્રણ રાત માટે."

"તો તો બાને બરાબર ફાળ પડાવી હશે! રાણીઓને તો તત્કાળ એક જ વહેમ આવેને, કે જતા હશો નવાં ઠકરાણાંની વેતરણ માટે! ઠીક, હવે! રક્ષકો ક્યાં છે?"

"ધંધુકે."

"ક્યારે ઊપડવું છે? ત્યાં બધું રેઢું છે. આ કાંઈ સેલગાહોનો સમય છે! આપને હું ખાતરી કરાવીશ કે હું કે તેજપાલ સેલગાહ માણવા નથી નીકળ્યા. પણ અત્યારે તો આપ જલદી નીકળો ને ત્યાં પહોંચી સૈન્ય તૈયાર કરો. વાહન શું છે?"

"સાંઢ્ય."

"તો હવે વેળા ન ગુમાવો. હોશિયાર રહેજો. આપને માટે મોટું ટાણું આવતું લાગે છે. વિજય વરજો!"

"ભારે થઈ!" પેલા પુરુષ, જે રાણા વીરધવલ હતા, તેમણે એટલું બોલીને ભોંઠામણમાંથી છુટકારો શોધ્યો.

"કંઈ નહીં. હું જેતલબાને નહીં કહું. ઊપડો ક્ષેમકુશળ."

"પણ અનુપમાદેવીએ મને ઓળખ્યો છે, હો કે!"

"મને ખબર છે. આપ માગણોની પંગતમાં ઘી-કંસાર લેવા બેઠા હતા તે તો સરસ થયું. પ્રભુને દ્વારે તો સૌ દરિદ્રો જ છીએ. આપે પુણ્ય બાંધ્યું. લહેર કરો; અનુપમા રાજગઢમાં જઈને કશું પણ બકે તેવી ગાંડી નથી."

નાટ્યમંદિર વીખરાયા પછી વસ્તુપાલ પોતાના નાના ભાઈને ઉતારે ગયો અને નવા સમાચાર વિશે ચર્ચા કરીને પોતે પોતાનો વિચાર જણાવ્યો: "તું અને અનુપમા, લલિતા અને સોખુ, સંઘનું સંચાલન કરો. હું એકલો પાછો ફરી જાઉં."

તેજપાલ ચૂપ રહ્યો.

"ચૂપ કેમ બેઠો છે?" મોટાભાઈએ પૂછ્યું.

"તમે કહો તેમ કરું. બીજું તો શું બોલું?" તેજપાલે એક આજ્ઞાંકિત નાનેરા તરીકે જ નહીં પણ જીવનભરના સૈનિકની અદાથી ટૂંકોટચ જવાબ વાળ્યો.

"તારા જવાબમાં ઉત્સાહ નથી, તેજલ!" વસ્તુપાલે ટકોર કરી.

"સંઘનું સંચાલન તો હું શું કરી શકું? હું તો સૈન્યના સંચાલનમાં જ સમજું." તેજપાલે બગાસું ખાધું.

"જે કાળે જે માથે આવે તે કરતાં આવડવું જોઈએ ને?"

પતિને ચૂપ રહેલો જોઈ અનુપમાએ કહ્યું: "સંઘપતિથી સંઘ છોડાય?"

"પણ ગુર્જર રાજ્યને ઉપરથી ને નીચેથી બેય બાજુથી આપત્તિ આવી રહી છે. છૂપી ચડાઈઓ ગોઠવાય છે. હું આંહીં કેમ રહું?"

એમ કહેતાં કહેતાં વસ્તુપાલ તંબુમાં આંટા મારવા લાગ્યો. પોતાને સંઘ ન છોડવાનું કહેનાર અનુપમા પ્રત્યે એને કંઈક ચીડ આવી.

અનુપમાએ પોતાનો પાલવ વધુ અદબરૂપે સંકોર્યો અને નીચે જોઈને ફરીથી કહ્યું: "તોય આપનાથી સંઘને અંતરિયાળ ન છોડાય."

વસ્તુપાલે ઊંચે જોયું. આ સ્ત્રી, પોતાના નાનેરા ભાઈની વહુ, ધનદોલતના વપરાશમાં ને દાનપુણ્યાદિની વ્યવસ્થામાં સલાહ દેતી હતી ત્યાં સુધી તો વાત હદમાં હતી, પણ આજે એ એક ભયાનક જીવનક્ષેત્રમાં માથું મારી રહી છે! એણે ભ્રૂકુટિ ખેંચીને કહ્યું: "પણ તમે કાંઈ સમજો છો કે સમજ્યા વગર બોલો છો? સૂરિજીને પણ મેં કબૂલ કરાવ્યું છે કે મારે પાટણ પહોંચી જવું જ જોઈએ. કહું છું કે ગુર્જર દેશને બે તરફથી ભીંસ થવાની છે."

"તો જેઠજીએ ત્રીજી દિશાએથી પણ શત્રુ જાગવાનું નક્કી સમજી લેવું." અનુપમા હજુ પણ જેઠનાં નયનોનાં અગ્ન્યાસ્ત્રોને અવગણતી જવાબ દેતી ઊભી.

"ત્રીજી દિશા?"

"હા, આ સૌરાષ્ટ્ર દેશના ઠાકોરોને ખબર પડે એટલી જ વાર લાગશે."

"કઈ રીતે પડશે?"

"મંત્રીજી પાછા જશે એટલે સંઘમાં ચણભણ થયા વગર રહેશે? કોના મોં આડા હાથ દેવાશે? ને બીને બધા ભાગશે તો?"

સાંભળીને વસ્તુપાલ સહેજ ગમ ખાઈ ગયો. અનુપમાએ પોતાનું જોર વધાર્યું: "આ મેળામાં આપ પડાવે પડાવે ફરો છો, સૌનાં મોઢાં તપાસતા હશો. આપ બીજાને ઘેર ગુપ્તચરો ફેરવો છો તેમ આપણા શત્રુઓને પણ શું નહીં આવડતું હોય? આંહીં કોણ હેતુ છે ને કોણ શત્રુ એ કોને ખબર? એ બધા કાંઈ સંઘમાં ભંગાણ પાડવાનો ને સૌરાષ્ટ્રી ઠાકોરોને ઉશ્કેરવાનો લાગ જતો કરશે?"

વસ્તુપાલ ટહેલતો બંધ થઈને ઊભો ઊભો પગના અંગૂઠા વડે ધરતી ખોતરવા લાગ્યો એટલે અનુપમાએ ઉમેર્યું: "સંઘને પગલે પગલે સૌરાષ્ટ્રવાળાઓ આપની શક્તિના અંબાડમાં અંજાતા આવે છે. એ અંબાડ આપની પીઠ ફર્યા ભેળો જ ઊડી જશે."

"તો શું ધોળકા ને પાટણનો નાશ થવા દઉં?" મંત્રી ટહેલતા ટહેલતા અનુપમાની દલીલે અકળામણ પામી બોલતા હતા.

"પણ આપ પાછા જશો તોયે શો બચાવ કરી શકશો? આપે કહ્યુંને, કે ઉપરથી ને તળેથી બેઉ તરફથી ચંપાવાનું છે!"

"હા, પણ એ સૈન્યની ને સંગ્રામની વાત –" મંત્રી બડબડતા હતા: "– હું તમને શી રીતે સમજ પાડું? તમારી અક્કલ કેટલે સુધી –"

એવી ત્રૂટક વાક્યમાળા બોલતાં ધગેલો વસ્તુપાલ એકાએક શરમાયો. એણે અનુપમાનું એક હળવું હાસ્ય સાંભળીને ઊંચે જોયું. અનુપમાની મુખમુદ્રા જાણે એની મૂંગી મશ્કરી કરતી હતી. જે અનુપમાએ સૌરાષ્ટ્રમાં જો સંઘ રેઢો મુકાય તો તેનાં ભયસ્થાનો બતાવી દીધાં હતાં, જે અનુપમાની બુદ્ધિનો આશરો પોતાની માતાએ ને પોતે વારંવાર વ્યવહારનાં સમસ્યા-ઉકેલ માટે લીધેલો, તે જ અનુપમાની અક્કલ પ્રત્યે તોછડાઈ દાખવવાનો આ પહેલો જ પ્રસંગ હતો.

"કેમ હસો છો? તમારે કંઈ કહેવું હોય તો હું સાંભળું." વસ્તુપાલે સ્વરમાં સહેજ કૂણાશ મૂકી.

"આપ એક વાર જેવા છો તેવા ધીર તો બનો! તો કાંઈક સૂઝ પડશે."

એ ધીરત્વને ફરી ધારણ કરવા વસ્તુપાલ શરમાઈને મથવા લાગ્યો. એણે ધરતી ખોતરવાનું પણ છોડી દઈ મોં પરની તંગ રેખાઓને ઢીલી કરી.

અનુપમાએ કહ્યું: "આપની ધીરતાને અત્યારે ન ડગવા દેતા."

વસ્તુપાલને એ વાક્યે બળવાન બનાવ્યો. એણે પૂરી શાંતિ પ્રાપ્ત કરી.

"આપે નહીં, એમણે જ જવું જોઈશે." એમ કહેતાં અનુપમાએ પોતાના, ઊંધું માથું રાખીને ઊભેલા સ્વામી તરફ દૃષ્ટિ ચીંધાડી. પત્નીના એ બોલે તેજપાલના નિસ્તેજ ચહેરામાં નવું તેલ પૂર્યું, એણે માથું ઊંચું કર્યું. અનુપમાએ ફરી કહ્યું:

"સૌરાષ્ટ્રનો કાંઠો તો જોખમને ન હોય ત્યાંથી તેડાવે તેવો છે. એ રેઢો ન મુકાય. તાપીનો કાંઠો સાચવવામાં તો એકલા લડાયક બળની જરૂર છે. આટલો એક પ્રહર જવા દીધો શા માટે? અત્યારે તો એ ધોળકે પહોંચી ગયા હોત."

"મને જવા દો, મોટાભાઈ! મોડું થાય છે." તેજપાલ હિંમત કરીને બોલ્યો.

"સારું," શરમિંદા વસ્તુપાલે ટૂંકું પતાવ્યું, "વધુ ચર્ચાથી લાભ શો! વહુ સાચું કહેતી હશે! તું ઊપડ; ગોધ્રા ઉપર થઈને તાપીને તીરે સૈન્ય ગોઠવ અને પચીસ હજારને આબુ તરફ રવાના કર. હું મહામંડલેશ્વર ધાર પરમારને ખબર આપું છું, તારે ઉતાવળ કરવાની નથી. આ લે." એમ કહીને એણે તેજપાલને એક મુદ્રા આપી, "તને આવી મુદ્રા સાથે કોઈનો સંદેશો મળે ત્યારે જ હુમલો કરજે, તે પૂર્વે નહીં."

એમ કહીને એ ગયો, અને તેજપાલને શરીરે પત્નીએ તે રાત્રિએ અર્કો અને ફૂલહારો સજાવવા સાચવ્યાં હતાં તેને છુપાવી દઈ વિદાયનાં વસ્ત્રો-શસ્ત્રો સજવામાં સહાય કરી; થોડું કંકુ એને કપાળે ચોપડ્યું.

"ઠીક થયું, અનુ!" તેજપાલે હસીને કહ્યું, "મને તો આ દેરાં ને દેવલાં વચ્ચે, આ મેળા અને નાટકો વચ્ચે કીડીઓ ચટકા ભરતી'તી. આ તે કંઈ મારું કામ છે!" કહેતો એ સાંઢ્ય પલાણી ગયો.

## 20

# યવનો કેવા હશે!

છૂપા વેશે સંઘની ચેષ્ટા જોવા ગયેલા રાણા વીરધવલને લઈને સાંઢણી પાછી વળતી હતી. પાછલા પલાણમાં બેઠેલ રાણાનું મન સ્વસ્થ નહોતું. સૈન્યને તૈયાર કરીને ક્યાંક ચડવાનું ગર્ભિત સૂચન વસ્તુપાલે કર્યું હતું. ક્યાં ચડવાનું હશે? યવનો તો નહીં આવતા હોય?

પોતાના જુવાન સાંઢણી-સવારને એણે પૂછ્યું: "હેં રાયકા, તેં યવનો જોયા છે?" એના પૂછવામાં પણ ફફડાટ હતો.

"અહરાણને?" રાયકાએ બિલકુલ સાદો જવાબ વાળ્યો, "ના બાપુ, અહરાણને તો મોટા બાપુએ આંઈ રે'વા જ ક્યાં દીધા છે? તગડી મૂક્યાને ભૂંડે હવાલે!"

"તું પાટણમાં હતો ને નથી જોયા?" સાંઢ્ય પર વીરધવલ જાણે ચમકતો હતો.

"ના જી, અમે આઠ વર્ષના હતા ને અહરાણે એ પાટણ તોડ્યું તે વેળા મારા બાપે અમને ગામડે મોકલી દીધેલા. પછી તો અમે પાટણ પાછા ચાર વર્ષે આવ્યા ત્યારે તો એને મારીમારી ખાલ પાડીને બાપુએ તગડી મૂકેલા દલ્લી ભણી."

"બાપુએ! મારા બાપુએ!" વીરધવલના અવાજમાં રણકાર બદલાતો હતો.

"હા, રાણા! બાપુએ કુતબુદ્દીન ઘોરીના સૂબેદારોને કેવા બરડાફાડ ઝાટકા લગાવ્યા હતા. ને બાપુએ પોતાના ઘોડાને બાદશાહી હાથીઓનાં દંતૂશળો માથે પગ ટેકવાવી અંબાડીએથી મ્લેચ્છોને કેવા ભાલાની અણીએ ઉપાડી લીધા હતા તેના તો અમારે રબારીની છોકરીઓ ગરબા ગાય છે."

એ કહેતાં કહેતાં રાયકો પણ સાંઢ્ય પર ટટ્ટાર થઈ જવા લાગ્યો ને સાંઢણી પણ એના શબ્દો પકડતી હોય તેમ વેગ વધારતી ગઈ. વીરધવલ બીતો હોય તેમ વધુ બોલવા લાગ્યો: "પણ બાપુ યવનોને પહોંચ્યા હશે કેમ કરીને? જેણે મોટા ભીમદેવ મહારાજને તગડ્યા, જેણે આ ભીમદેવમહારાજનું બાણાવળીપણું નષ્ટ કર્યું, જેણે ચૌહાણ પિથલદેવનું રાજપાટ લોટપોટ કર્યું, જેણે સૂર્યના વરદાનધારી

શિલાદિત્યને સંહાર્યો, જેણે કાશીના જયચંદ્રનો બૂકડો કર્યો, તે બધા ગજનીઓ ને ઘોરીઓ, કાબુલીઓ ને ખુરસાણો, મુલતાણો ને મુંગલાણો કેવા હશે?"

સાંઢણીસવાર વીરધવલનું આ બીકણપણું દેખી મૂંગો બન્યો.

તે દિવસ જે ગામડામાં તેણે સાદા મુસાફર તરીકે રાતવાસો કર્યો તેના શિવાલયમાં એક બીજો પડાવ હતો. એક સાંઢણી ને બે જ અસવારો હતા. બેમાંથી જે વીસેક વર્ષનો જુવાન હતો તેના મોં પર ક્ષત્રીવટનાં ચિહ્નો હતાં. એ શિવમૂર્તિ સામે એક પગે ઊભો રહીને હાથમાં પાઘ રાખી પ્રાર્થના કરવામાં મશગૂલ હતો. એના ચહેરા ઉપર અસાધારણ પહોળાઈ ને ચપટાઈ હતી. એનાં જડબાં મોંનો કાન સુધીનો ગોળાકાર રચી દેતાં હતાં. વીરાસન વાળીને એ બેઠો. સામે સમશેર ને ઢાલ ધરી દીધી, હાથમાં માળા લીધી ને પછી એના મોંમાંથી જે સ્વરધારા છૂટી તેના સંગીતમય ઘોષે નાનકડા શિવાલયને છલકાવી દીધું.

અભણ વીરધવલ શિવાલયના ઓટાની કિનાર પર બેઠો બેઠો આ માણસની સ્તવનધારા વગર સમજ્યે સાંભળી રહ્યો. એણે રાયકાને પૂછ્યું: "આ શું ગાય છે?"

"બાપુ, અમારી સરજુ જેવું કાંક લાગે છે."

"લાગે છે તો લડવૈયો."

"હા, રાણા! લાગે છે કોઈક રાજસ્થાની."

"લહેકા તો અનુપમાદેવીને મળતા જ લાગે છે, નહીં?"

"ચંદ્રાવતી-આબુ પંથકની જ બોલી લાગે છે."

"આબુવાળાઓએ તો યવનોને જોયા હોય છે, ખરું?"

"હા બાપુ! આબુવાળાને તો ઈ વાતના હિલોળા."

"ત્યારે તો આ જુવાને નક્કી યવનો જોયા હશે."

થોડી વારે એ પરદેશી પરોણાની પાસે લોકમંડળ એકઠું થયું. સૌના હાથમાં માળા હતી. વીરધવલે એકાએક પ્રશ્ન મૂક્યો: "હેં ભાઈ, આ યવનો કહેવાય છે યવનો, એ તે કેવડાક હશે?"

યવનોનું નામ પડ્યું ને શિવાલયના દીવાની જ્યોત જાણે કે થરથરી ઊઠી. કોઈકે કહ્યું કે, "ભાઈ, એ વાત પડતી મૂકો ને બીજી કાંઈક જ્ઞાનની – ભક્તિની વાત કરો."

"શંકર ભીલડીના નાચે કેમ રીઝ્યા તેની જ વાત સમજાવોને કોઈક?" બીજાએ કહ્યું.

"પણ યવનો –" વીરધવલના આટલા જ બોલાયેલા બોલે ત્યાં બેઠેલાઓમાં એક છૂપી કંપારી પ્રસરાવી. થોડી વારે એક માણસ ઊઠીને, "લ્યો, જય ભીમનાથ!

આજે તો ઊંઘ આવે છે!" કહી ચાલતો થયો.

ડાયરાનું કૂંડાળું ખાલી થવા લાગ્યું. એક પછી એક ગ્રામવાસી આ છૂપા વેશમાં વાતો કરતા વીરધવલની સામે ભયની દૃષ્ટિ ફેંકતો ફેંકતો ઊઠી નીકળ્યો. ગામમાં કોઈ ડાકુ, ગળાકાપુ કે યવનોનો જાસૂસ આવ્યો હોય તેવું છૂપી ઊંડી ધાકનું વાતાવરણ પ્રસર્યું. યવન એવું જેનું નામમાત્ર પણ ગુર્જરોને આટલા ફફડાવી મૂકે છે તે યવનો કેવા હશે? પોતે વામનસ્થલીના સંગ્રામમાં શોભેલો તે તો સોરઠિયાઓની સામે. સોરઠિયા પરાક્રમી હતા પણ ભયંકર નહોતા. તેમની સાથે લડવું ગમતું હતું. પણ યવનો!... ઓહ! યવનોનાં કદમો પડે ત્યાં મંદિરોના ઘૂમટો તૂટે, પ્રતિમાઓના ટુકડા થાય, ગાયોનાં શોણિતે ગૌમુખીઓ વહે અને નારીઓનાં શિયળ... ઓહ! ઓહ! ઓહ! કેવા કારમા એ યવનો! મારી જેતલદેવી કદીક એને હાથ પડે તો? એ વિચારે વીરધવલ કમકમ્યો.

ડાયરામાં બેઠેલો એ રાજસ્થાની જણાતો વિભૂતિમાન પુરુષ એકપણ શબ્દ ઉચ્ચાર્યા વગર બેસી રહ્યો હતો. તેણે આ અણઓળખ્યા રાણાની ચકળવકળ આંખો તપાસી. 'યવન'ની વાત કાઢીને રાણાએ ગ્રામલોકોને થથરાવ્યા તે એને ગમ્યું નહોતું. આ ભીરુ માણસ પર એને ઘડીક દયા આવી, ઘડીક શંકા આવી. એ પણ ઊઠીને ચાલતો થાય એમ રાજસ્થાની પરોણાએ ઇચ્છ્યું. તેને બદલે વેશધારી વીરધવલે એને પણ એ જ પ્રશ્ન કર્યો: "કેમ જુવાન! તમે તો યવનો ક્યાંથી જોયા હોય?"

"ગુર્જરધરાના બચ્ચા નથી લાગતા તમે." પેલો રાજસ્થાની, કે જેણે કંઠમાં માળા ને કાંડે કડાં વગેરે ધારણ કરેલ હતાં તેમ જ જેની મુખમુદ્રા ભક્તિભાવ દાખવતી હતી, તેણે જરા મોં મલકાવીને સામે જવાબ વાળ્યો.

"કેમ?" વીરધવલને કલેજે ચૂંટી ખણાઈ.

"મંડલેશ્વર લવણપ્રસાદના શાસનને લજવતા હો એવું લાગે છે મને." પરદેશીએ વધુ ડામ ચોડ્યો.

પિતાનું નામ પડતાં વીરધવલની આંખો ઠરડાઈ. બેઉના નેત્રપાતમાંથી સામસામાં ભાલાં અફળાયાં. પોતે માનેલો આ મુસાફર તો માથાનો ફાટેલ નીકળ્યો. જુવાન હસીને ફરી બોલ્યો: "શ્રાવકભાઈઓનું મંત્રીપણું ઊંધું મારતું લાગે છે!"

"સંભાળીને બોલો, ભગત!" વીરધવલની છાતી પહોળી થઈ ને તેની કમ્મરમાંની કટાર ડોકાવા લાગી.

"એ કટાર તો યવનોને પાસે આવતા દેખીને પેટ નાખવા ભેગી ફેરવતા લાગો છો!"

"ચૂપ કરો, કહું છું." વીરધવલ વધુ ચિડાયો. એને હજુ વધુ ચીડવવા માટે

પરદેશીએ કહ્યું: "મને તો ભય છે કે તમે યવનોને દેખી કટાર પેટ નાખવાની હિંમત નહીં કરી શકો, ને કદાચ રજપૂતાણીને પોતાનું શિયળ બચાવવા એ કટાર ઝૂંટવી લઈ પેટ નાખવી વધુ ફાવશે."

"રાક્ષસ!" કહેતો વીરધવલ ખડો થઈ સમશેર ખેંચવા લાગ્યો.

"આંહીં નહીં, આંહી શિવાલય છે; ચાલો ખડકી બહાર, તમને જરા મહાવરો પડાવું."

એમ કહીને આ પરદેશી ઊઠ્યો, પણ એનું મસ્તક જાણે ગગનમંડળમાં પહોંચતું લાગ્યું. એણે પૂર્ણ સ્વસ્થતાથી વીરધવલનો હાથ ઝાલ્યો ને કહ્યું: "ચાલો બહાર."

"નથી આવવું, તું કોણ લઈ જનાર?"

"હવે ના પાડો તે કંઈ ચાલે? ચાલો, ત્યાં અંધારું છે પણ યવન નથી. ચાલો."

વીરધવલને આ પુરુષના પંજાનો સ્પર્શ પણ કોઈ અજબ રીતે શાતાકારી લાગ્યો એટલે એ અંધકારમાં પણ બહાર ખેંચાતો ચાલ્યો. પરદેશીના પંજાના સ્પર્શમાં શીતળતા આપે તેવી કોઈક વિચિત્ર ઉષ્મા હતી. ખરેખર, જાણે કોઈક ઉસ્તાદ, કોઈક શસ્ત્રગુરુ એને કંઈક તાલીમ આપવા લઈ જતો હતો!

મંદિરની પાછળ ચંદ્ર ઊગતો આવતો હતો. તેની વચ્ચે ઊંચાં ને જાડાં, વાંકા ને ટેડાં, હલતાંચલતાં ને વાતો કરતાં હોય તેવાં જમાનાજૂનાં ખોખડધજ વૃક્ષો ઊભાં હતાં.

"લો, ક્ષત્રિય!" પરદેશીએ કહ્યું, "ચલાવો તલવાર; પણ હંમેશાં શત્રુ લગોલગ હોય ત્યારે તો નાનકડી કટારી જ વધુ ફાવે, જુઓ, કટારી આમ નાખીએ."

એમ બોલતાં જ એણે પોતાની કમ્મરમાંથી ખેંચેલી એક ગરેડીવાળી કટારીને સામે ઊભેલા ખીજડાના થડ ઉપર વહેતી કરી. ઘા એક તોતિંગ ખીજડાના થડ પર ભચ દઈને બેઠો. દોરીવાળી ગરેડી ખીજડાના થડમાં ખૂંતીને પાછી નીકળી એના હાથમાં આવી ગઈ, ફરી પાછી એણે નાખી, ફરી કટાર ખીજડાના થડમાં ખાડો પાડી પાછી પંજામાં આવી. એમ ઝબ ઝબ ઝબ આવી ને ગઈ, ગઈ ને આવી; પલકમાં એણે પંદરેક ઘા કરી લીધા.

ચંદ્રને અજવાળે વીરધવલ સ્તબ્ધ બની આ કટારી-ખેલ જોઈ રહ્યો. ખરેખર, જાણે એ કટારી વાપરનારો રમત જ કરતો હતો. એની કાયામાં કે એના કલેજામાં કશો ધગધગાટ નહોતો. એણે કટારીને દોરી વીંટાળીને પાછી કમ્મરમાં મૂકતાં મૂકતાં કહ્યું કે, "યવન યવન શું કરો છો? યવનનેય બે હાથ ને બે પગ હોય છે. ફેર માત્ર એટલો જ છે, ઠાકોર! કે યવન આળોટેલ છે ધગધગતી રેતીનાં રણોમાં અને

એણે કર્યાં છે કાબુલ-અફઘાનિસ્તાનના વંકા પહાડોનાં પાષાણ-ઓશીકાં, ને તમે?... તમે ક્યાંના છો?"

"ધોળકાનો."

"હં-હં- રાણક વીરધવલના લડવૈયા! અવતાર ધરીને પહાડ દીઠો છે કદી? ત્રાડો સાંભળી છે કદી? મારો ઊંટ ગુર્જર દેશ ખૂંદતો આવ્યો છે, ને મેં જોયું છે કે પાટણ અને ધોળકા વીરોને પેદા કરનારી ભૂમિ કદી નહીં બને. બહુ વધુ પડતી ફળદ્રૂપ, બહુ પોચી! ને પોચી પોચી ધરતી ખેડનારો તમારો રાણક પાછો નિરક્ષર!"

"તમે ક્યાંના છો?"

"આબુ પહાડનો."

"આમ શીદ ભણી?"

"યાત્રીઓને મળવા."

"કોને, મંત્રીને?"

"નહીં, મંત્રી તેજપાલનાં પત્નીને."

"કોને, અનુપમા શેઠાણીને?"

"હા, એ મારા શહેર ચંદ્રાવતીનાં છે. એ મારી બહેન કહેવાય."

"તમને શ્રાવકોની આ સંઘયાત્રા ગમે છે?"

"ઠાકોર, તમારા મંત્રી તમારા કરતાં કાંઈક વધુ ડાહ્યા છે. એણે ફોસી ગુર્જરોને સૌરાષ્ટ્રના ગિરિરાજોની ગોદ બતાવવા માંડી છે. કારણ કે..."

"શું કારણ કે? કેમ રહી ગયા?"

"કારણ કે –" એમ કહી એણે પેલાના કાન સુધી મોં લઈ જઈ કહ્યું: "આવે છે."

"કોણ?"

"યવનોનાં ધાડાં. ભીરુ! ભાગીને ક્યાં તારા ખંભાતના દરિયામાં પડીશ? નાસીને ક્યાં સંતાઈશ? તારા સરીખાની ઠાકુરણોનાં કલેવરો રોળાશે ને તું સંતાઈ જઈશ? તારો સ્વામી આટલો બધો નપાવટ! સોરઠને ગામેગામ હું જોઉં છું કે યવન શબ્દ સાંભળી સૌ પૂંછડી સંકોડે છે, ત્યારે પેલો બુઢ્ઢો લવણપ્રસાદ પાટણમાં ઊભો ઊભો સિંહગર્જના સુણાવે છે દિલ્લીશ્વરને, અમારા મરુરાજોને, માળવાને, ને દખણા યાદવોને. એ ગર્જનાની પાછળ બળ કેટલું છે તે તો હું જોતો આવું છું ગુજરાતને ગામડે ગામડે! રંગ છે એ બુઢ્ઢા બહાદરને; રંગ છે એની આશાને ને આસ્થાને, કે એ આ ફોસી ભોમના નામમાં કલ્પિત પ્રતાપ મૂકી રહ્યો છે!"

સંધ્યાએ શાસ્ત્રસ્તવનો ગુંજતો એનો એ જ કંઠ આ રાત્રિએ બદલી ગયો

હતો. પોતાનાથી પંદર વર્ષ નાનો છતાં દેહે ને વાણીએ વડીલભાવ આપોઆપ સ્થાપિત કરે તેવા આ પરદેશી રાજપૂતનું ગુર્જરધરા પર ઊભે ઊભે આવું બટકબોલું આચરણ રાણા વીરધવલને વિસ્મય પમાડતું હતું. સાથોસાથ વૃદ્ધ પિતાની છાતીફાટ પ્રશંસા એને પોરસ દેતી હતી.

"ચાલો ચાલો, ઠાકોર!" પરદેશીએ કહ્યું, "આપણા જેવા બેને દ્વંદ્વ કરવું હોય ત્યારે વચ્ચે કોઈક જોઈએ."

"કોઈક કોણ?"

"કાં કોઈક ધર્મભગિની, ને કાં કોઈક પ્રેયસી પદમણી. તે વગર દ્વંદ્વની શોભા શી?"

બોલતાં બોલતાં એના ચહેરા પર બેઉ ગાલે ગલ પડ્યા. પાછા વળતા વીરધવલે પૂછ્યું, "તમે આબુમાં શું કરો છો?"

"પરમાર ધારાવર્ષદેવનો સૈનિક છું. તેમના તરફથી દેવપૂજાનું ઘી લઈને બહેન અનુપમા પાસે જાઉં છું."

"બાપુ! રાણાજી!" એમ બૂમો પાડતા વીરધવલના રાયકાએ મશાલ લઈને દોડતાં આવીને કહ્યું, "બા પધાર્યાં છે!"

'રાણા' 'બાપુ' 'બા' વગેરે શબ્દોએ આબુવાસીને ચમકાવ્યો. આબુવાસી કળી ગયો. એ બીજે રસ્તે ચાલ્યો ગયો.

જેતલદેવી મંદિરની ખડકી પર જ ઊભાં હતાં.

"ક્યાં ભાટકો છો?" રાણીએ હસતાં હસતાં પૂછ્યું.

"જરાક – જરાક આઘો નીકળી ગયો." રાણા વીરધવલ પણ હસ્યા, "તમારે પોતાને જ આવવું પડ્યું!"

"એવી ઉતાવળ હશે એટલે જ તો! ચાલો, રાત છે, મને સાંઢ્ય પર જ લઈ લો; ને તમે જ હાંકો જોઉં, કેવીક આવડે છે!"

પતિ-પત્ની સાંઢણી પલાણીને ચાલ્યાં; ને રાણા બોલ્યા: "ભારી મોજ આ તો! જાણે તમને હરણ કરી લઈ જતો હોઉં!"

21

# ભદ્રેશ્વરનું નોતરું

**વી**રધવલની અને મંત્રીઓની ગેરહાજરીમાં ધોળકે એક પત્ર આવ્યું હતું. એ કાગળ વાંચીને કોઈને પણ જાણ કર્યા વગર જેતલદેવીએ એક ખેપિયો પાટણ લવણપ્રસાદ પર રવાના કર્યો હતો અને વીરધવલને ગોતવા પોતે નીકળી પડ્યાં હતાં. લવણપ્રસાદ આવી પહોંચ્યા, વીરધવલને મળ્યા, પણ રાણાએ કે રાણીએ વીરમદેવના તો ખબર જ પૂછ્યા નહીં, ડોસાએ પણ આપ્યા નહીં.

પિતાને મળી કરીને વીરધવલ તેજપાલ સાથે વાતો કરવા રોકાયો. તેજપાલ તાપી-કાંઠાની કૂચ માટે તૈયાર થતો હતો. વીરધવલને સિંઘણદેવનાં પગરણથી વાકેફ કરીને તેજપાલ કૂચ કરી ગયો.

દરમ્યાન જેતલદેવીએ લવણપ્રસાદને પગે લાગવા આવીને એ કાગળ આપ્યો. કાગળ કચ્છની રાજધાની ભદ્રેશ્વરથી હતો, નીચે ત્રણ ચૌહાણ ભાઈઓની સહીઓ હતી. ત્રણેએ વીરધવલને લખ્યું હતું –

'રાણાજી, ભરૂચનો શંખ ખંભાત ભાંગવા આવેલો ત્યારે અમે તમારા પરોણા હતા. પરોણાનો ધર્મ બજાવવા અમે ખંભાતને બચાવવા દોડ્યા ગયા હતા. પછી અમે આપની ચાકરી માગી અને અક્કેક લાખનું વર્ષાસન માગ્યું ત્યારે આપે જવાબ વાળેલો કે એવા અક્કેક લાખમાં તો અક્કેક હજાર ભટો (સૈન્યનાયકો) રાખી શકાય. તો હવે એ ત્રણ હજાર ભટોને લઈને વહેલા ભદ્રેશ્વર પધારો, ને અમારી કિંમત કરો. ન આવો તો દેવોની દુહાઈ છે. ને તમને જો અગવડ હશે તો અમને આવી પહોંચ્યા સમજજો.'

"વીરધવલને વંચાવ્યો છે?" લવણપ્રસાદે પૂછ્યું. જેતલદેવીએ ના કહી.

લવણપ્રસાદ વિચારે ચડ્યા. ભદ્રેશ્વરનો મંડલેશ્વર ભીમસિંહ પઢિયાર પણ પાટણથી સ્વતંત્ર બની આખો કચ્છ દબાવીને ડણક દેતો હતો. પુનરુત્થાન પામતા ગુર્જર દેશના છત્ર તળે આવવાની એ સાફ ના સુણાવતો હતો. લવણપ્રસાદે મોકલેલી ધમકીઓને એણે ગણકારી નહોતી. ઓછામાં પૂરું, ત્રણેય ચૌહાણ જોદ્ધાઓ ધોળકાની ચાકરી માગવા આવેલા ત્યારે તેનું જે અપમાન થયું હતું તેનો તાકડો સાંધીને

ભદ્રેશ્વરના ભીમસિંહે એ ત્રણેયને પોતાની ચાકરીમાં અક્કેક લાખ દ્રમ્મનાં વર્ષાસને રાખી લીધા હતા. એ ત્રણેયની મદદથી મજબૂત બનેલું ભદ્રેશ્વર પાટણને અને ધોળકાને પગલે પગલે ભયરૂપ હતું.

વિચારના તાંતણા આગળ વણાતા ચાલ્યા. સોમ પરમાર ધારાવર્ષદેવનો સંદેશો લઈને પાટણ આવ્યો હતો અને ત્યાંથી જ લવણપ્રસાદે એને સૌરાષ્ટ્રમાં વસ્તુપાલને ખબર દેવા મોકલ્યો હતો. સોમ પણ એ જ કહેવા આવ્યો હતો કે દિલ્લીનું સૈન્ય સિંધ તરફ ગયું છે. સિંધ ભદ્રેશ્વરથી દૂર નથી, અને ભદ્રેશ્વર ગુજરાતનો દ્વારપાળ મટીને છીંડાચોર બને તેવો પલેપલ સંભવ કહેવાય.

"જેતલ!" રાણાએ દુભાઈને કહ્યું, "આ કાગળ તેજપાલને પણ વંચાવ્યો નહોતો?"

"ના જી."

"કેમ?" રાણા વધુ રોષે ભરાયા, "આવી મૂર્ખાઈ! હવે હું પૂછું કોને? વાત કોની સાથે કરું?"

"આપના દીકરા સાથે; મારી સાથે."

"એટલે?"

"હેં બાપુજી! બધી જ ગૂંચો મંત્રીઓ ઉકેલી આપે તો તો અમારી અક્કલને તાળાં જ લાગેલાં રહેને?"

"ત્યારે તો એમ કહેને કે તેં જાણીબૂજીને જ તેજપાલને કાગળ નથી બતાવ્યો!"

"હા બાપુજી! માનો કે મંત્રીઓ છે જ નહીં, ને આપ જ તોડ કાઢી આપો."

"મારો તોડ! મને બીજા દાવપેચ આવડતા નથી. હું તો ભદ્રેશ્વર પર ત્રાટકીને મરી જાણું."

"આપ એકલા નહીં, આપના દીકરાને પણ ભેળા લઈને."

"પણ ઘેલી! આપણી પાસે સૈન્ય ક્યાં છે? એક સૈન્ય સંઘની સાથે સૌરાષ્ટ્રમાં ગયું છે, બીજું તેજપાલ લઈ ગયો, ત્રીજું આબુ મોકલીએ છીએ, હવે બાકીનું ખસેડીને ધોળકાનો બરડો ફડાવવો છે?"

"હું ક્યાં સૈન્ય લઈ જવાની વાત કરું છું?"

"ત્યારે?"

"આપ અને આપના દીકરા બે જ જાવ."

"મોંમાં તરણું લઈને?"

"ના, રાતુંચોળ મોં લઈને. આપનો બેટો એ ત્રણેય સાથે દ્વંદ્વે રમે અને આપ

ઊભા ઊભા જુઓ. ત્રણેય ચૌહાણો વીર છે. એને બીજી કોઈ નીતિ નહીં જીતે, વીરની નીતિથી જ એ વશ થશે. મારું મન સાક્ષી પૂરે છે."

"પણ દ્વંદ્વની સલાહ દેતાં તારું હૈયું ધડકતું નથી, દીકરી?" લવણપ્રસાદ ફૂણો પડ્યો.

"ધડકે તો ઘણુંય, પણ શું કરીએ? ભદ્રેશ્વર સાથેનું સમાધાન તો આપણી છાતી માથે અને કટારની અણીએ જ લખી શકાશે. મને બીજું કાંઈ સૂઝતું નથી." એમ કહેતી કહેતી એ આંસુનો ઘૂંટડો ગળી ગઈ.

સસરા સ્તબ્ધ બન્યા. જેતલની સ્વાર્પણશક્તિ એની નજરે તરવરી. ગુજરાતને માટે એણે પિયરનો નાશ કરાવ્યો હતો, પુત્રને છાતીએથી ઉતરડી ફેંકી દીધો હતો, હવે એ કંથને અગ્નિમાં ઓરવા તૈયાર થઈ હતી.

"વધુ વિચારની વેળા નથી, બાપુજી! જે કરો તે તત્કાળ કરો. મંત્રીઓની ગેરહાજરી છે, આપણને શંભુ સુવાંગ જશ અપાવવાના હશે."

"વીરધવલને શું લાગશે?"

"એ તો આપના પુત્ર છે, એ તો રાતદિવસ તકને જ માટે તલસે છે. મંત્રીઓ જ બધું કરે અને પોતે બેઠા બેઠા જોતા રહે એ એને કડવું ઝેર લાગે છે."

પછી લવણપ્રસાદ વીરધવલને મળ્યો, ચૌહાણ ભાઈઓનો કાગળ સંભળાવ્યો. એના જવાબમાં વીરધવલે સહેજ મોં મલકાવ્યું.

"લે, થઈ જા તૈયાર." એમ કહીને પોતાની યોજના સમજાવી.

"એ તો મારું એકલાનું કામ છે." વીરધવલે પોતાને માંડ લાગ મળ્યો હોય તેવા તોરથી કહ્યું, "આપની શી જરૂર છે?"

"જરૂર છે. તું ડરીને દ્વંદ્વમાં પાછો હટે તો ઉપાડીને ઝીંકવા."

"હા, તો તો જરૂર પધારો."

બાપદીકરો માત્ર પાટણ જ જવું છે એવું જણાવી પ્રયાણ કરી ગયા. ઝીંઝુવાડે થઈને રણને રસ્તે ભદ્રેશ્વર તરફ ઊતર્યા.

## 22

# સિંઘણદેવ

સેંકડો તરાપાની કતાર તાપી નદીના નીરમાં એ સંધ્યાકાળે ઝૂલતી હતી. હાથીઓને વહેનારાં મોટાં વહાણો, અશ્વોને ને ઊંટોને નદી-પાર કરાવનારી નૌકાઓ, સૈનિકો સુભટોને ઊતરવાની નાવડીઓ – એ બધાંનો તાપીના સામા કાંઠા પર ઠાઠ મચ્યો હતો. કેટલીક જળવાહિનીઓ તો છેક દૂર કોંકણપટ્ટી ને રત્નાગિરિના સાગરમાંથી આવી હતી, બાકીની ઘણી બધી નૌકાઓ ઉપર ભૃગુકચ્છના બંડખોર મંડલેશ્વર સંગ્રામસિંહના વાવટા ફરકતા હતા.

માતેલા ગજરાજોને અને ઊંચી ડોકવાળા નામી લડાયક અશ્વોને આ જહાજોમાં ચડાવવાની ઝાઝી વાર નહોતી. તે જ ટાણે દરિયાબારા તરફથી એક દીવાવાળું નાનું નાવ દેખાયું, ને તેના ઉપર ઊભેલો એક આદમી 'થોભો થોભો' એવો કોઈક દક્ષિણી વાણીના પ્રયોગો કરતો, એક દીવો ફરકાવતો લાગ્યો.

એ સ્વરોનો અર્થ સમજીને કિનારે ઊભેલા હાથીઘોડાના રખેવાળો થંભી ગયા.

નાવડી નજીક આવી, ને 'થંભો થંભો' બોલતા માનવીની આકૃતિ સ્પષ્ટ બની. કોઈ થોડાબોલો ને પ્રતાપી રાજપુરુષ લાગ્યો.

નાવડીને કિનારે ભિડાવીને એણે ભૂમિ પર પગ મૂકતાં જ સામે ઊભેલા લોકોને, પોતે જાણે પરિચિત હોય એવે સાદે દક્ષિણી ભાષામાં જ સહેજ સ્મિતભેર કહ્યું: "શંભુની કૃપા કે અણીને ટાણે જ પહોંચાયું છે. નહીંતર સત્યાનાશ વળી જાત. ક્યાં છે મહારાજ?"

પૂછવાની કોઈએ હિંમત ન કરી કે તું કોણ છે ને ક્યાંથી આવે છે. એને સૈન્યના સ્વામી પાસે લઈ જવા માટે એક માણસ આગળ ચાલ્યો. એની પાછળ જતા આ નવીન આદમીએ ગૌરવભર્યા થોડાક જ બોલ કહ્યા: "મહારાજની ફરી આજ્ઞા મળ્યા વગર કોઈએ નદી-પાર ઊતરવાનું નથી."

સેનાનો ભટ એને પોતાના ભટરાજ પાસે લઈ જતો હતો. એટલે એણે તરત જ કહ્યું: "મારે એ બારી-બારણાં ને ગલી-કૂંચીઓ વાટે જવાની ફુરસદ નથી. મને સીધો સાંધિવિગ્રહિક પાસે લઈ જા."

સાંધિવિગ્રહિક એટલે આજે જેને એલચી કહેવામાં આવે છે તેનું સ્થાન તે કાળે મહત્ત્વભર્યું હતું. રાજાની પાસે જવાનું એ એક અનિવાર્ય મધ્યદ્વાર હતું. નવા આવનારે એના હાથમાં એક સાંકેતિક ચિહ્ન કાઢીને ધરી દીધું. સાંધિવિગ્રહિક એ ચિહ્નને નિહાળ્યા પછી આ નવા માણસ સામે શંકિત નજરે નિહાળી રહ્યો. એના દેહ પર, કપડાં પર, મોં પર, આખા દેખાવ પર દિવસોના દિવસો સુધીના વિકટ પ્રવાસની એંધાણીઓ હતી.

સાંધિવિગ્રહિકે કહ્યું: "મહારાજ તો પ્રયાણ કરતા હશે."

"હા, એ તો મેં શંખ સાંભળ્યો." નવા આવનારે બેપરવાઈથી કહ્યું, "ને એ પ્રયાણ રોકવા જ મને ગણપતિદેવે અણીને ટાંકણે અહીં પહોંચાડ્યો છે."

"પણ સામે પાર જઈને પછી જ મળો તો શું ખાટું-મોળું થઈ જાય છે?"

"તે તો તમે જો મહારાજ હોત તો હું તમને જ કહેત! પણ મને તો મહારાજને જ કહેવાનો આદેશ છે, એટલે તમે જો મને ન લઈ જતા હો તો તાપી-પાર કરાવવાનું સઘળું જોખમ તમારે શિરે છે."

એમ કહેતો એ નવીન માણસ મોં બગાડીને પાછો વળતો હતો, એટલામાં તો ફરી વાર અંદરના રાજ-પડાવ પરથી શંખધ્વનિ ઊઠ્યો. વળી ગયેલા નવીને પાછું મોં ફેરવીને સાંધિવિગ્રહિક તરફ જોયું, જોઈને પાછો એ ચાલતો થયો. ચાલતો ચાલતો બોલતો હતો કે "તાપીને સામે પાર મહારાજ પહોંચી રહ્યા! કેવા બુદ્ધિજડ સાંધિવિગ્રહિકો રાખ્યા છે! મહારાજને હું કહી કહીને થાક્યો છું, ગુજરાતમાંથી એ જ કહાવ્યા કરતો..."

સાથેના ભટે એ સાંભળ્યું ને એણે વિમાસણ અનુભવી. એને લાગ્યું કે આ માણસ પાસે મહારાજ સિંઘણદેવને કશુંક જીવનમૃત્યુની કટોકટી બાબત કહેવાનું છે. એને લાગ્યું કે આ માણસ મહારાજનો સુપરિચિત હોવો જોઈએ, મહારાજ સાથે હું જ મેળવી આપું તો મારો બેડો પાર થઈ જાય. એણે નવીનને કહ્યું: "હું તમને બીજી ચોકી પરથી મહારાજ પાસે લઈ જાઉં?"

"તારી ખુશી, ભાઈ! તું જોખમ ખેડ એમ હું શીદ કહું? પડેને બધું ચૂલામાં! એ તો હું મહારાજને તટ પર જ મળીશ ને રોકીશ, પણ આ હજારોનો ઘાણ નીકળી જશે તેનું શું?"

એમ બોલતો બોલતો એ તો ચાલતો જ થયો હતો. એણે પગલાં ધીમાં પણ ન પાડ્યાં, એટલે ભટનો ઉત્સાહ વધ્યો: "ચાલો ચાલો, હું તમને લઈ જાઉં."

"તો ચાલને ઝટ, ભાઈ! મોત કાં કરાવ છ સૌનું?" એમ એ જાણે, ભટ પર ઉપકાર કરતો ને હાથ રાખતો હોય તેવી અદાથી કચવાટ બતાવી પાછો વળ્યો

ને અંધકારમાં ભટ એને જુદે રસ્તે લઈ વળ્યો.

એ છાવણી ગુજરાત પર ચડાઈ લઈ આવતા દેવગિરિરાજ સિંઘણદેવની હતી. તાપી નદીને પાર કરવાને મુકરર થયેલી આ રાત્રિ હતી, ને સામા તીર પરથી શરૂ થતા લાટ નામના પ્રદેશમાં આ દેવગિરિરાજની ફોજને ગુપચુપ આગળ લઈ જવા માટે, ગુર્જર દેશમાં પેસાડી દેવા માટે, ભૃગુકચ્છના સંગ્રામસિંહે સર્વ તૈયારી કરી રાખી હતી. તાપી ઊતર્યા પછી એના આક્રમણને ખાળનાર કોઈ શક્તિ બાકી રહેતી નહોતી. તાપીનાં નીર પર રાત્રિએ તરનાર તરાપા ગુર્જર દેશનું પ્રારબ્ધ આંકી નાખવાના હતા.

સિંઘણદેવ પોતાના પડાવને દ્વારે ધૂંવાપૂવાં થતાં ઊભા થઈ રહ્યા હતા. આખરી ઘડીએ આવીને કોઈકે પ્રયાણ થંભાવ્યું છે એવા સમાચાર એના સુધી પહોંચી ગયા હતા. એ બેમાથાળો કોણ હતો? એને કેમ કોઈએ ન પકડ્યો? એને જવા ન દેતા! એવી આજ્ઞા છૂટતી હતી ત્યાં જ એ નવીન માનવીએ તંબૂને દ્વારે આવીને સવિનય સંભળાવ્યું: "આ રહ્યો એ હું, મહારાજ! વખતસર આવ્યો છું. એકાંતે પધારો."

"કોણ છે તું?" મહારાજ સિંઘણદેવ આ અણદીઠા આદમીની હિંમત પર મનમાં હરખાતા હરખાતા કરડે ચહેરે પૂછી રહ્યા.

"હું કોણ છું તે પછી કહું. પહેલાં તો કૃપાનાથ મારી સાથે એક ઠેકાણેથી મોકલાયેલો સંદેશો સાંભળી લ્યે ને પ્રયાણનો નિર્ણય બદલી નાખે."

"પ્રયાણનો નિર્ણય બદલવાનું કહે છે!" દેવગિરિના રાજવી સહેજ મરક્યા અને એના મોંની અંદર ગલોફાને એક ખૂણે રસઓગળતા તાંબૂલની લાલાશ મશાલોને અજવાળે દેખાઈ, મીઠી સુગંધ બહાર નીકળી: "છોકરા! કોનો સંદેશો તું લઈ આવ્યો છે? કયા ચમરબંધીનો? પેલા ધવલક્કના રાણાનો?"

"નહીં અન્નદાતા! આ માણસનો."

એમ કહીને એ યુવાને સિંઘણદેવની પાસે એક મુદ્રા ધરી દીધી.

"સેનાપતિને કહો કે પ્રયાણ ફરી આજ્ઞા થતાં સુધી રોકી રાખે." એ મુદ્રાને બરાબર તપાસીને પછી તાકીદથી સિંઘણદેવે આવો આદેશ બહાર મોકલ્યો. આ નવા આવનારને પોતાના રહસ્ય-મંદિરમાં લીધો અને પૂછ્યું: "ક્યાં છે સુચરિત?"

"ગુર્જર દેશમાં જ છે. વસ્તુપાલ મંત્રીના યાત્રાસંઘમાં ભમતા હતા; પણ ચંદ્રપ્રભા દગલબાજ નીવડી છે, સુચરિતજીને સંતાઈ જવું પડ્યું છે. આ સંદેશો આપને પહોંચાડવા હું માંડ બહાર નીકળી શક્યો છું."

"શું કહેવરાવ્યું છે?"

"કે ગુર્જર સૈન્યની તૈયારીઓ ગજબ મોટી છે. આપણી ચટણી થઈ જશે.

પણ ટાઢે પાણીએ ખસ નીકળવાનો લાગ છે. ગુર્જર સૈન્યનું કાસળ નીકળે તેવો તાકડો છે."

"શો તાકડો?"

"એકાદ-બે મહિનામાં જ યુદ્ધ ફાટી નીકળશે."

"કોની કોની વચ્ચે?"

"દિલ્લીશ્વર મોજુદ્દીનના મોકલ્યા મીરશિકાર અને ગુર્જરેશ્વર વચ્ચે."

"ગુર્જરેશ્વર ક્યાં છે?"

"એનું લશ્કર લઈને ભદ્રેશ્વર તરફ ધસ્યો જાય છે. તેજપાલ બીજું સૈન્ય ઉપાડીને આબુ તરફ ચાલી નીકળ્યો છે. ધીરે ધીરે ગુજરાત સૈન્યવિહોણી બનતી જાય છે."

"તો તેં અમને શા માટે થંભાવ્યા છે? આગળ વધીને ત્રાટકવાનું તો આ ટાણું છે."

"કૃપાનાથની દીર્ઘદષ્ટિ તો અમાપ છે, પણ સુચરિતજીનું ધ્યાન એમ નથી પહોંચતું, એટલે જ તો મને દોડાવ્યો છેને! હું દરિયામાં ગળકાં ખાતો ખાતો ને ખારાં પાણી પીતો પીતો આંહીં વખતસર પહોંચ્યો છું."

"સુચરિત શું ધારે છે?"

"એણે કહાવ્યું છે, અન્નદાતા! કે આજ ગુર્જર દેશનો કબજો લઈને કાલ પાછા ખાલી કરવું પડે તો દેવગિરિ બહુ દૂર રહી જાય."

"શી રીતે?"

"મીરશિકાર અને ગુર્જરેશ્વર વચ્ચેનો વિગ્રહ એ તો ઘોર મહાવિગ્રહ બનવાનો. એમાં ગુર્જરપતિ કાં હારે છે ને કાં જીતે છે. હારશે તો તત્કાળ યવનોનાં ધાડાં ઊતરી પડશે, કે જેની છેડતી કરીને આપણે દેવગિરિનાં નોતરાં નથી દેવાં, ને જીતીને પાછો વળશે તો તો એ એટલો ખોખરો થઈ ગયો હશે કે એને ઉથલાવી નાખવામાં ઝાઝી વાર નહીં લાગે. માટે એને ખોખરો થવાનો સમય આપવો એ જ સુચરિતજીનો સંદેશો છે."

"તો પછી લાટપતિ સંગ્રામસિંહનું આપણને તેડું છે તેનું શું ધારવું?"

એનો જવાબ આપ્યા વગર જ એ યુવક બેસી રહ્યો, પણ એણે સૂચક રીતે પોતાનું મોં બીજી દિશામાં વાળી દઈ મોં પર એક કુટિલ સ્મિત રમાડ્યું.

"કેમ જવાબ વાળતો નથી?" સિંઘણદેવે પ્રશ્ન કર્યો. પૂછવાનું મન થાય તેવો એ દૂતના મોં પરનો મરોડ હતો.

"કાંઈ નહીં, પ્રભુ! ફક્ત એકાદ મહિનો આપ આ તાપીને તીરે બરાબર આ

ગુર્જર દેશ અને માલવ દેશના ત્રિભેટા પર વિતાવી નાખો. તે દરમ્યાન કોણ કોનું છે તે બધું પરખાઈ આવશે.''

''સંગ્રામસિંહ તો અધીરા થઈ રહ્યા છેને?''

''થાય તો ખરા જ ને, અન્નદાતા!''

''કેમ?''

''આપે એના સગા બાપને ઠાર માર્યો છે એટલે! ને મહારાજ, આ લાટ તો નથી ગુર્જર દેશમાં કે નથી દક્ષિણ ભૂખંડમાં. એનો કાંઈ મેળ જ નથી. એને એનું પોતાપણું નથી. જૂનું વૈર એ વીસરી જાય એટલું બધું ધારી બેસવાનું ભોળપણ દક્ષિણના વિચક્ષણ મહીપાલને માટે હવે શું ઉચિત છે?''

દેવગિરિરાજના પગ હીંડોળાને ધીમે ધીમે ઠેલા દેતા હતા. હીંડોળો તો એના પડાવની સાથે જ હાલતો હતો. દક્ષિણના ભૂપાલોના ભોળપણનો ઉલ્લેખ એના હૈયામાં સુંવાળો ખૂણો પામી ગયો અને એના કાને હીંડળતી બે મોતીજડિત સુવર્ણકડીઓ જાણે એ દક્ષિણવાસી ભોળા વીરત્વનાં વારણાં લઈ રહી.

સંગ્રામસિંહ વિશેના આટલા વહેમબિંદુએ સિંઘણદેવના હૃદયમાં થોડોક ભય મૂક્યો. રેવાની તીરભૂમિ લાટ ઉપર એણે ચાર ચાર વાર ચડાઈઓ કરી હતી ને એમાંની એક ચડાઈમાં એણે સંગ્રામસિંહના બાપ સિંધુરાજનો શિરચ્છેદ કર્યો હતો. એનો જ પુત્ર પોતાને ગુર્જર દેશ પર નોતરીને કાંઈ દગલબાજી ખેલવાનો હોય તો નવાઈ ન કહેવાય. યાદવરાજના કાનની કનક-કડીઓ વિચાર-લહેરોમાં ઝૂલતી હતી. કેટલી વાર પોતે ગુજરાત પર મીટ માંડી! દરેક વાર પડોશી લાટ જ વચ્ચે ઊભીને ઘા ઝીલતું હતું. લાટનો મંડલેશ્વર માંડ માંડ આટલાં વર્ષે પાટણના દંડનાયકનું આધિપત્ય ફગાવી દઈ સ્વાધીન બન્યો હતો, ને એ પોતાની સ્વતંત્રતાના રક્ષણની શરતે યાદવશત્રુને ગુજરાતના ઘરનું દ્વાર ઉઘાડી દેતો હતો.. એનામાં કપટ હશે તો?

વધુ વિલંબ કર્યા વગર એણે સૈન્યનો પડાવ પંદર દિવસ માટે માંડી વાળવાની આજ્ઞા છોડી. અને એણે પોતાના અંતરંગ ગુપ્તચરનો સંદેશો લાવનાર આ યુવાનનું ડહાપણ વધુ તાવવા માટે વાર્તાલાપ ચાલુ રાખ્યો. મહારાજ ભીમદેવના ઉત્તરકાળમાં પ્રવર્તેલી અરાજકતા અને અંધાધૂંધીમાંથી પુનરુત્થાનનાં પગલાં માંડી રહેલા ગુર્જર દેશની નવી પિછાન મેળવતા પ્રશ્નો એણે પૂછવા માંડ્યા.

એણે વણિકભાઈઓ વસ્તુપાલ-તેજપાલની માહિતી મેળવી, અને એ બન્નેની પાછળ સુબુદ્ધિમાન શક્તિ બનીને ઊભેલી ચંદ્રાવતીની વાણિયણ અનુપમાનાં રૂપગુણ પૂછ પૂછ કર્યાં. વામનસ્થલીના યુદ્ધમાં અણમૂલ આત્મસમર્પણ કરનારી રાજરાણી જેતલદેવીનો એણે ઇતિહાસ જાણ્યો અને દેવગિરિના યાદવ-કુળમાં એવી કોઈ નારીનો

અભાવ એ રાત્રિએ એને ભારી ખટક્યો.

છેલ્લા સમાચાર વસ્તુપાલના સંઘ વિશે પૂછતાં યાદવપતિએ મોં બગાડ્યું. એના સંસ્કારી વદન પર કરડાકી પથરાઈ ગઈ. મોંની પ્રત્યેક રેખાએ કંટાળો ખાઈ આળસ મરોડ્યું. એના લલાટ પરનું ત્રિપુંડ ટુકડેટુકડા થઈ જતું દેખાયું. એ બોલી ઊઠ્યા: "આ શ્રાવકડાઓ જ હરહંમેશ ગુર્જર દેશને ક્ષીણ, હતવીર્ય કરી કરીને યવનોનાં આક્રમણ-દ્વાર આપણા દક્ષિણ ભૂમંડલ માટે ઉઘાડાં કરી આપતા જાય છે."

"સાચું કહો છો, કૃપાનાથ!"

યુવકે સંઘનું ભળતું જ વર્ણન કરી બતાવ્યું. એ આખા વર્ણનમાં વણિકોની ઠેકડી અને શ્રાવકોના દોરવ્યા ક્ષત્રિય રાજાના ઉપહાસ જ ઊભરાતા હતા. એનું શ્રવણ કરતો કરતો યાદવપતિ ગુર્જરભૂમિને હતવીર્ય બનેલી, તુરકોનો માર ખાઈ ખોખરી બનેલી, પાકા ટબા બોરની જેમ પોતાના મોંમાં આવી પડેલી કલ્પતો હતો. એની એવી કલ્પનાને નવો આવનાર યુવાન શબ્દે શબ્દે લાલન કરાવી રહ્યો હતો. એણે યાદ કરાવ્યું:

"મંત્રી વસ્તુપાલની કરામતોના બધા જ મકોડા ઢીલા કરતા કરતા આપણા સુચરિતજી છૂપા ઘૂમી રહેલ છે, અન્નદાતા! આપ નચિંત રહો; ગુર્જરભૂમિ પાંચે-પંદરે જ આપની વલ્લભા બનશે... ને એમ બનવું જો કોઈ વચેટિયાની જરૂર વગર શક્ય હોય તો..."

"હાં, હાં," યાદવરાજ સિંઘણદેવે શયન સમયનું છેલ્લું તાંબૂલબીડું ચાવીને કસ્તૂરીની માદક સુગંધ ભભકાવતે કહ્યું, "તો પછી આપણે સંગ્રામસિંહનો ઉપકાર શા માટે લેવો?"

એટલા વાર્તાલાપને અંતે એ નવો આગંતુક જ્યારે સૂવા ગયો ત્યારે એણે નીચો શ્વાસ મૂક્યો.

સૂવાટાણે એ યુવાનને બે ચિંતાઓ સતાવતી હતી: એક તો ક્યારે ક્ષેમકુશળ સવાર પડે અને પોતે તાપી-તટનાં બધાં ભાંગેલાં શિવાલયો જોઈ નાખે, અને બીજું, ક્યારે મંત્રીના સમાચાર આવે ને ચંદ્રપ્રભા વારાંગનાનું શું બન્યું તે પોતે જાણવા પામે.

## 23

# ચંદ્રપ્રભા

**ચં**દ્રપ્રભાનું શું બન્યું હતું તે જાણવા જરા પાછળ જઈએ.

આબુવાળો જુવાન સાંઢણી-સવાર પેલા ગામડાના શિવાલયમાં રાણા વીરધવલની સાથે ટપાટપી કરીને પછી પોતાની પાસેનો પત્ર લઈને તાલધ્વજને ડુંગરે પહોંચ્યો ત્યારે સંઘનો પડાવ શત્રુંજયથી આવીને ત્યાં પડી રહ્યો હતો. પોતે સાંઢણીને પડાવ બહાર રાખીને સંઘના નગરમાં પહોંચ્યો. પહેલું જ એણે મંત્રીને મળી લેવાનું ઠીક માન્યું.

વસ્તુપાલે એની પાસેનું પત્ર લીધું અને પરમાર ધારાવર્ષદેવના કુશલ-સમાચાર પૂછ્યા. પત્ર ઉખેળતાં ઉખેળતાં પોતે આ યુવાનની સામે બહુ જોયા વગર જ પૂછ્યું: "કુંવર સોમ પરમારનો અભ્યાસ તો ઠીક ચાલે છેને?"

"હા, પ્રભુ!" યુવાને નીચે મોંએ રહીને જવાબ વાળ્યો, "અચળેશ્વરની કૃપાથી ઠીક ઠીક ચાલે છે."

"એમને કેમ મંડલેશ્વરે યાત્રામાં ન મોકલ્યા?"

"હજુ બાળક જેવા છે, એથી પરમારદેવની હિંમત ચાલતી નથી."

"બહાર નીકળવા માંડે તો બાળક મટેને!" એમ બોલતા બોલતા વસ્તુપાલે સહેજ ઊંચે જોઈ, યુવાનના મોં પર મીઠાશભરી આંખો ચોડી કહ્યું, "બહાર નીકળશે નહીં, પછી નહીં ઓળખે કે કોણ રાણા વીરધવલ કે કોણ રાણી જેતલબા! ઓચિંતા ક્યાંક ભટકાઈ જાય તે વખતે પછી કોને ખબર શું બન્યું ને શું નહીં."

આબુનો યુવાન આ સાંભળી કાંઈક ઝંખવાઈ ગયો. એને પેલા ગામડાના શિવાલયવાળો પોતાનો જ જાતઅનુભવનો પ્રસંગ યાદ આવ્યો. પોતે કોણ છે તે શું વસ્તુપાલ જાણી ચૂક્યા હશે?

"અરે, આ આબુના મહેમાનનો ઉતારાપાણીનો બંદોબસ્ત કરો, જેહુલ ડોડિયા." એમ કહીને વસ્તુપાલ ઊઠ્યા અને સુવેગને શોધી કાઢી સંદેશો કહ્યો: "તું તાકીદ કર. માલવરાજનો ઘોડો નીકળી ચૂક્યો છે ને ભૃગુકચ્છની ઘોડહારમાં બંધાવાને વાર નથી. ગુજરાત-માલવાને ત્રિભેટે તાપી-તીરના ભાંગેલા શિવાલયમાં

તપાસતો રહેજે. અવધૂત મહાત્મા માલવા બાજુથી આવનારા છે.'' આવા મોઘમ શબ્દો સુવેગને માટે બસ થઈ પડ્યા.

''તો, પ્રભુ!'' સુવેગે કહ્યું, ''આનું શું કરવું છે?''

''કોનું, ચંદ્રપ્રભાનું ને? એને હમણાં કશું કરવું નથી. છોને બાપડી છેક પ્રભાસ સુધીની જાત્રા પૂરી કરે. વેશ્યાનો પણ ઈશ્વર તો છેના!''

''પણ હવે પકડાવી લઈએ તો? મારું મન વિલંબ કબૂલતું નથી.''

''એનો પૂરો ભેદ હજુ આપણે પામ્યા નથી.''

''આપને કાંઈ શંકા રહી જાય છે?''

''એનું સમાધાન સહેલું છે. તું આજે એને એટલું કહી જોજે કે સંઘના પડાવમાં સંખ્યાબંધ ગુપ્તચરો પકડાયા છે, અને હજુ એક દિલ્લીના બાતમીદાર બાઈની શોધાશોધ ચાલી રહી છે. બસ, તે પછી તું અદશ્ય થશે એટલે એને તારા પકડાઈ ગયાનું માનવામાં વાર નહીં લાગે.''

''એમ જ કરીશ. પણ આપને એ દિલ્લી તરફની લાગે છે?''

''હા, સુલતાન મોજદ્દીનની જ મોકલેલી. પણ વધુ અત્યારે પૂછીશ ના. તું તારે જા.''

ગુપ્તચરોની પકડાપકડી વિશે જોશભેર અફવા આખા પડાવમાં ઊડી. રાત પડતાં સુધી માલવી ભટરાજ ન આવ્યો એટલે શેઠાણીને પૂરી ફાળ પડી, પોતે પણ ભય અનુભવ્યો. પ્રભાત પડતાં એણે રુદન આદર્યું. પોતાને ગામથી પોતાના શ્રેષ્ઠી સ્વામી ગુજરી ગયાના ખબર આવ્યા છે અને હવે પોતે સંઘને છોડી પાછી જવા માગે છે, માટે સંઘપતિ રજા આપે વગેરે વગેરે.

અનુપમા, લલિતા અને સોખુ ત્રણેયને લઈને મંત્રી એ શેઠાણીના પડાવમાં ગયા. એને ઝીણવટથી નીરખી અને દિલાસો દીધો કે, ''તમારે જ્યાં જવું હોય ત્યાં તમને ચોકિયાતો દઈએ.''

''મારે કોઈની જરૂર નથી.''

''અરે, બહેન!'' મંત્રીએ જરા જેટલી પણ શંકા પોતાને ગઈ છે એવું ન બતાવતાં કહ્યું, ''સૌરાષ્ટ્રની બહાર તો તમને રખેવાળો મોકલી પહોંચાડવાં જ જોઈએ. પછી ધોળકાથી તમે ઠીક પડે તેમ તમારે વતન પહોંચજો.''

પડાવમાં આવીને મંત્રીએ લલિતાને પૂછ્યું: ''લલિતા, એ જ કે નહીં?''

''આબેહૂબ એ લાગે છે – આપણે ખંભાત રહેવા ગયાં ત્યારની જ વાત.''

''હા, બરાબર બાર વર્ષ થયાં. એનું નામ તને યાદ આવે છે?''

''હા, હરિપ્રિયા. રાંડી ત્યારે કેવું ભરપૂર જોબન હતું!''

"પણ, બ્રાહ્મણો એને જીવતી સતી કરવા માગતા'તા."

"ને તમેય એને છોડાવીને શું વધુ સારું કરેલું?" લલિતા બોલી, "તમે વળી જીવતી બાળવા માટે એને જૈન સાધ્વીઓને સોંપી હતી. તેમણે એને દીક્ષા દઈ દેવા દબાવી, પછી એ પરણી ગઈ'તી આરબને."

"આરબ એને અરબસ્તાન લઈ ગયો હતો એ વાત ખોટી લાગે છે, લલિતા! એ લોકો દિલ્લી ગયેલાં, ત્યાં આરબ મરી ગયો ને આ છોકરી વારાંગના થઈ ગઈ એટલી વાત મને મળેલી."

"પણ આજ શેઠાણી ક્યાંથી બની?"

"હશે બાપડી! પરણી હશે વળી કોઈ શ્રાવકને."

એટલું કહીને એણે વાત પાકે પાયે કરી લીધી. પછી એણે વિચારી લીધું. દિલ્લીની બેસતી બાદશાહતે ઠીક કરામત માંડી હતી! એણે પોતાની ગુપ્તચર બાઈઓને બારોબાર નહીં પણ ગુર્જર દેશના શત્રુઓનાં ઘરોમાં થઈને પેસાડી હતી. કેટલાં વર્ષોથી આ સ્ત્રી ચંદ્રપ્રભા બનીને છેક સિંઘણદેવના દિલમાં સ્થાન મેળવી ચૂકી હશે! દેવગિરિની બોલચાલ, પહેરવેશ, ઢબછબ, રીતભાત ને સંસ્કાર કેળવવા પાછળ કેટલાં વર્ષો ગાળ્યાં હશે, ને હવે આંહીંનાં ભેદ જાણી લઈ ગુર્જર દેશ તેમ જ દેવગિરિ બન્નેને રોળવાની તૈયારી કરાવવા દિલ્લી ચાલી ગઈ હોત તો! વખતસર હાથ પડી ગઈ.

સ્વામીમરણના શોકનો પાઠ કરતી શેઠાણીને માટે એક સિગરામ જોડાવી દઈને વસ્તુપાલે એને પોતાના ચોકીપહેરા નીચે ધોળકા તરફ રવાના કરી. સંઘના પડાવમાં કંઈ પણ ખળભળાટ ન થાય તેની તેણે કાળજી લીધી. ધોળકામાં એ બાઈને પૂર્ણ જાપ્તામાં પણ સાથોસાથ પૂર્ણ માનસન્માનથી રાખવાની એણે પોતાના અધિકારીને સૂચના લખી.

એમના રવાના થયા પછી આબુવાસી સાંઢણી-સવાર રજા લેવા આવ્યો. એને ધારાવર્ષદેવ પરનો પત્ર ભળાવીને પીઠ થાબડી મંત્રીએ કહ્યું: "જા ભાઈ, સૌને જય અચલેશ્વર કહેજે અને કુંવર સોમ પરમારને કહેજે કે માણસોને ઓળખતા થાય, નહીંતર કટારીના ખેલમાં ને ખેલમાં ક્યાંઈક કોઈક દિવસ ઊંધુંચતું કરી મૂકશે! સુખેથી પધારો."

એવો મીઠાશે ભરેલો મર્મ આબુનો યુવાન પામી ગયો, અને પોતાને ગર્ભિત મળેલી શાબાશીથી બમણો પ્રોત્સાહિત બની પાછો સાંઢણી પલાણ્યો.

તે દિવસ રાત્રિના મુકામમાં અકસ્માત્ આ શેઠાણીવાળો ધોળકાનો રસાલો અને આ આબુવાસીની સાંઢણી એક જ ગામડે ઊતરી પડ્યાં. એ પણ ભાલના

જ ખારાપાટનું એક ગામ હતું. ત્યાં રાજ્યનો ઉતારો હોવાથી શેઠાણીવાળો પડાવ ઉતારામાં ગયો અને આબુવાળાએ પાદરમાં પીપળો અને પાણીનો કૂવો જોઈને સાંઢ ઝોકારી.

શેઠાણીએ આ સાંઢણીને નજરમાં રાખી હતી, પણ અસવાર ક્યાં ગયો હતો ને કોની પાસેથી આવતો હતો તેની એને ખબર નહોતી. ફક્ત એ મારવાડનો હશે તેટલી સરત એને રહી ગઈ હતી ને બીજી એની આંખોમાં સાંઢણીની પવનવેગી ચાલ રહી ગઈ હતી. એનું દિલ તો કૂદી કૂદીને સાંઢણી પર પલાણવા દોડવા લાગ્યું. પણ એને બહાર નીકળવાની હિકમત સૂઝવી હજુ બાકી હતી.

એને લઈ જનાર સૈનિક-ટુકડીનો ભટ દૂર બેઠો હતો. એને આજ્ઞા હતી કે આ બાઈને માનપાન સહિત ધોળકે લઈ જઈ રાણાજીને પત્ર દેવો, અને બાઈને માથે અચાનક દુઃખ પડ્યું છે એટલે એને માર્ગે સાચવવાં, રેઢાં મૂકવાં નહીં, રખે કદાચ મૂંઝાઈને ન કરવાનું કરી નાખે.

પ્રૌઢ વયનો સૈન્ય-નાયક પોતાની પુત્રીના તાજા વૈધવ્યનો ઘા યાદ કરીને બેઠો હતો તેમાં એને ઉતારામાંથી બાઈનું તેડું આવ્યું. પોતે પૂર્ણ અદબથી બાઈ પાસે ગયો.

વૈધવ્યનું કોઈ નામનિશાન પણ ન હોય તેવું એને એક જ પલમાં લાગ્યું. પોતાના સૌંદર્યની જાળ ફેંકીને બાઈએ પૂછ્યું: "હેં ભટજી! મંત્રીજીના ઘરમાં કાંઈ કંકાસ બંકાસ થયો હતો?"

"ના બા, અમને ખબર નથી."

"ત્યારે મને શીદને કાઢી હશે? મારો શો વાંક હતો? મને તો તેડાવી એટલે આવેલી."

ચમકેલા સૈન્ય-નાયકથી પુછાઈ ગયું: "તમને કાઢ્યાં? કોણે કાઢ્યાં? તેડાવેલાં વળી કોણે?"

"અરે બાપુ! તેડાવે તો બીજો કોણ? જેને વા'લાં લાગતાં હોઈએ તે જ તેડાવે ના! ને કાઢે પણ એ જ ના! કહે કે જાઓ ઝટ, નીકર આ ઘરની બૈરીઓ મારો ભવાડો કરશે!"

સૈન્ય-નાયક તો ઘા ખાઈ ગયો; મંત્રીની રખાત હશે!

ત્યાં તો આ સ્ત્રીએ પોતાના મન સાથે વાતો કરતી હોય તેમ કહ્યું: "હવે વળી પેલી પાટણવાળી, પેલી કાશીવાળી, ને પેલી ખંભાતવાળીને કાઢવા કંકાસો મંડાશે. મને જેમ રાંડ્યાનો ઢોંગ કરાવી રવાના કરવી પડી તેમ એ ત્રણ જણીઓની વિદાયનાં પણ કોઈ ને કોઈ બહાનાં શોધવાં પડશેનાં! ઠીક! મારે શું? હું તો મારે

ધોળકામાં રહીશ, પોતે ખંભાત ન આવે ત્યાંસુધી મને પણ શાની રેઢી મૂકે? ખરા જાપતાદાર છે હાં કે? પણ સ્ત્રીઓ તે કદી કેદ કર્યે રહેતી હશે? રહે તો આપથી ને જાય તો સગા..."

સૈન્યના નાયકનો તાજી વિધવા બનેલી પુત્રીનો શોક તો આ વાતો સાંભળી ક્યારનો અદશ્ય બન્યો હતો. તેને બદલે હવે તો આ બાઈના શબ્દોએ, મુખના તાંબૂલની મીઠી સુગંધે અને ખાસ કરીને તો પોતાના આદર્શમૂર્તિ મંત્રી વસ્તુપાલના માયલા રંગોની મળેલી ઓળખાણે આ સેના-નાયકના માનવીપણાની કાચી માટીને પલાળી નાખી. બાઈ સાથેની એક બીજી સ્ત્રી હતી તેણે અન્ય સૈનિકોને કેફ કરાવી લોટપોટ કર્યા. પછી બધા પ્રહરીઓને સુરાનું ઘારણ વળતાં શેઠાણીએ પોતાના સ્ત્રીસ્વાંગ સંતાડી સાથે બાંધ્યા, સૈન્ય-નાયકનાં હથિયાર અને વસ્ત્રો ધારણ કરી લીધાં. ગઈ આબુવાળા સાંઢણી-સવાર પાસે, એને જગાડ્યો અને પૂછ્યું: "ક્ષત્રિય છો ને?"

"હા." યુવાને અર્ધઊંઘમાં હા પાડી.

"તમારી સાંઢ્ય માથે ઝટ જગ્યા આપવી પડશે, ને હંકારવી પડશે."

"કેમ?"

"અમારી સાથેનાં શેઠાણીને લઈને એક ટોળી નાસી છૂટી છે."

"કોની ટોળી?"

"અમને લાગે છે કે કુંવર વીરમદેવની પટણી ટોળી. પણ વધુ વાતો કરવાની વેળા નથી. અમારા જણ બધા ધિંગાણામાં કાંમ આવી ગયા છે."

"ક્યાં ધિંગાણું થયું?"

"પાછલે ગામડે."

"બાઈ કોણ હતાં?"

"મંત્રીજીનાં કુટુંબી હતાં. વિધવા થયાં એટલે ઘેર જતાં'તાં."

"શી ખાતરી કે વીરમદેવની ટોળી આવેલી?"

"અરે ભાઈ, એ ખાતરી હું સવારે જ કરી બતાવીશ. અટાણે વાતોની વેળા છે? ઊઠો, ઊંટ પર સામાન માંડો, ક્ષત્રિય છોને? અબળાની વહાર બીજું કોણ કરશે? મને ધોળકે પહોંચતો કરો."

આબુનો યુવાન તારાને અજવાળે આ સુંદર ને બોલકણું મોં દેખી અર્ધસ્વપ્ન અને અર્ધજાગૃતિના સીમાડા ઉપર ઝૂલી રહ્યો. અંતરમાં આસમાની પ્રગટી, પોતાની સાહસશૂરતાને અને પોતાના હૈયામાં સુપ્ત પડેલા અદ્‌ભુતને કોઈક જગાડતું લાગ્યું, કૌતુકપ્રેમ એના મનને રંગી રહ્યો.

થોડી જ વારે એ સાંઢણી ત્રણ અસવારોને ઉપાડીને ધોળકા તરફ ભાગી. પાછલા કાઠામાં આ નવી વ્યક્તિ હતી. ને આગલા કાઠામાં બેઉ આબુવાળા બેઠા હતા. આગળ હાંકતા બેઠેલા સાથીને આબુવાસી જુવાને કહી આપ્યું: "ધોળકાને પાદર સવાર નથી પડવા દેવું, હો કે?" એને ડર હતો રાણા વીરધવલનો ભેટો થઈ જવાનો ને પેલા શિવાલયની વાતનો ફણગો ફૂટવાનો.

"તો તો પાડ તમારો." પાછલા અસવારે પોતાના લાભની વાત જાણીને કહ્યું, "હું ચાહે ત્યારે પણ ધોળકાની દેવડી ઉઘડાવી શકીશ."

પણ એ બન્નેની ધારણા ભાલની ધરતીએ ધૂળ મેળવી. સાંઢણીને મારગ સૂઝ્યા નહીં. કેડાના કોઈ પાર નહોતા. ભળકડિયો ઊગી ગયો અને પાછલો અસવાર આકળો થવા લાગ્યો. એણે પોતાનો અવાજ બદલી નાખ્યો હતો. પણ જેમ જેમ સૂર્યોદયની આફત નજીક આવતી ગઈ તેમ તેમ એ કલાવંતીની કલાઓ પણ સંકેલાતી ગઈ. એના સ્વરમાં સ્ત્રીનો કંઠ વધુ વાર સંતાઈ ન શક્યો.

આબુવાસી યુવાન બેઉની વચ્ચે બેઠો હતો. તેનું શરીર આ પાછળ બેઠેલા સ્ત્રી-શરીરથી અતિ નજીક હતું. યુવાનને કોઈ ભયકારક ગંધ તો આવી જ રહી હતી, એમાં કંઠના ઝંકાર પકડાયા. એને એક તરફ મારગ અકળાવી રહ્યો હતો, સાંઢણી અણસરખા પગ માંડતી હતી, માર્ગ સૂઝતો નહોતો, એમાં બાઈએ કહ્યું: "તો પછી જુવાન, મને સીધો પાટણ જ લ્યોને!"

આબુવાસી યુવાને પાછળ મોં ફેરવીને એક જ નજરે પાછલા મોંને પરખી લીધું, કંઈક રહસ્ય લાગ્યું અને કોઈક નવી જ જીવનલીલાને નિહાળવા એ જુવાન તત્પર થઈ ગયો. એણે તરત પોતાના આગલા સાથીને કહ્યું: "લાવ દોરી મારા હાથમાં."

પોતે દોરી હાથમાં લઈ સાંઢણીને એક માર્ગ પર વાળી અને થોડીવારે કહ્યું: "લ્યો આ પાટણનો કેડો."

ખરી વાતે એણે ઝાલી હતી છેક જ જુદી દિશા. એ પરભારો આબુ તરફ જઈ રહ્યો હતો.

## 24

# મહાત્મા

**તા**પી-તીરની છાવણીમાં પુરાયેલો નવો ગુપ્તચર વહેલી પરોડે ઊઠી ગયો. શૌચસ્નાન નિમિત્તે એ દૂર અરણ્યમાં ચાલ્યો. ત્યાં એણે એક પુરાતન શિવાલય દીઠું. અંદર કોઈ નહોતું. ત્યાં ઊભીને એણે પહો ફાટતાં માળવાના માર્ગ પર દૃષ્ટિ લંબાવી. એ માર્ગેથી કોઈના આવવાની એને રાહ હતી. પણ દિવસ પછી દિવસ કોઈના આવ્યા વગર વીતવા લાગ્યા. એ સુવેગ હતો.

ગુજરાત ઉપર આવતું યવન-સૈન્ય ગુજરાતના સીમાડાથી હવે કેટલે દૂર રહ્યું છે, તે પ્રશ્ન સુવેગને સિંઘણદેવ રોજ રોજ પૂછતા હતા અને સુવેગ એ સૈન્ય રોજ રોજ નજીક આવી રહ્યું હોવાની વધામણી આપતો હતો.

લાટનો સંગ્રામસિંહ પણ સુવેગની ચાતુરીનો સહજ શિકાર બની ગયો હતો. શરૂઆતમાં જ્યારે સંગ્રામસિંહે સિંઘણદેવ પાસે આવીને ચડાઈની ઉતાવળ કરવા માંડી ત્યારે જ એને પાછા જવું પડ્યું હતું. સુવેગે જોઈ લીધું હતું કે દેવગિરિનો સિંઘણદેવ મોં પરથી જેટલો દેખાતો હતો તેટલો બુદ્ધિથી સંસ્કારી નહોતો. વારંવાર એના હાથ એની મૂછના આંકડા પર જતા હતા, અને વારંવાર એ પોતાની ભુજા પર પંજા પછાડતો હતો. એટલે સુવેગને સહેલાઈથી ખાતરી થઈ ગઈ હતી કે દેવગિરિના આ યાદવરાજો પોતાને ઘરઆંગણે ભલે પંડિતોને અને કવિતાકારોને, શાસ્ત્રજ્ઞોને અને સાહિત્યકારોને પોષતા, પોતાના રાજ્યની બહાર તો તેઓ પર-પ્રાંતની પ્રજાની લક્ષ્મીના અને સંપત્તિના લૂંટારાઓ તરીકે જ લશ્કરો ચલાવતા હતા.

એટલે સિંઘણદેવના ફૂલણજીપણાને પંપાળવાની અને સંગ્રામસિંહ ઉપર સિંઘણદેવનો અસંસ્કારી કોપ ઉશ્કેરવાની જુક્તિ સુવેગ તત્કાળ રમાડવા લાગ્યો. સંગ્રામસિંહની બુદ્ધિહીનતા સાબિત કરવામાં સુવેગને સિંઘણદેવ પાસે ઝાઝી વાર લાગી નહીં. અને મૂર્ખ સિંઘણદેવ પોતાના કરતાં બીજો રાજા વધુ મૂર્ખ સાબિત થયો જોઈને સુવેગ ઉપર વધુ તુષ્ટમાન થયો.

આઠેક દિવસે સુવેગે જોયું કે ઝાડીની અંદરનું પેલું ભાંગેલું નિર્જન મંદિર વસ્તીવાળું બન્યું હતું. એક અવધૂત અને ખોખરધજ યોગી એ દેવળમાં દિવસરાત

સમાધિઅવસ્થામાં રહેવા લાગ્યા હતા અને આઠેય પ્રહર જલતી ધૂણીનો ધૂંવા એ ઝાડીના લશ્કરી પડાવ તરફ લહેરાતો હતો. યોગીના શિર ઉપર ભૂખરું જટાજૂટ હતું ને એની દાઢી કમ્મર સુધીનું કલેવર ઢાંકતા શ્વેત રૂપેરી વાળે ઝૂલતી હતી.

સુવેગે ફક્ત એ ધૂણીના ધુમાડાની શેડ અને એમાંથી ચાલી આવતી મુકરર પ્રકારની સુગંધ પારખી લીધી અને એણે તે શિવાલય તરફ જવાનું સદંતર બંધ કરી દીધું; પરંતુ છાવણીના દખણી સૈનિકો રોજ રોજ આ કોઈક નવા આવેલા અવધૂતની અલગારી વાતો લાવતા થયા અને ઉત્તરોત્તર એ યોગીની પ્રસિદ્ધિ સિંઘણદેવના તંબુમાં પણ બોલાતી થઈ.

જોગીજોગટાઓ ઉપરની આસ્થા એ સિંઘણદેવની એક સૌથી મોટી નબળાઈ હતી. અને ચમત્કારી પુરુષોને શોધવાની એને તાપીના તીર પર નવરાશ હતી.

દિનપ્રતિદિન મજબૂત બનતી જતી આ યોગી વિશેની અફવાઓએ સિંઘણદેવને એક દિવસ ઉત્સુક કર્યા અને તેણે સુવેગને સાથે લઈ એ જીર્ણ શિવાલય તરફ અશ્વો હાંક્યા.

આંખો મીંચીને પાવડી પર દેહ ટેકવી બેઠેલા યોગીને કાને, પાસે બેઠેલા સેવકોએ શબ્દો સંભળાવ્યા: "મહારાજ આવે છે." એ શબ્દોએ યોગીને ચમકાવ્યા અને એણે આંખો ઉઘાડી. એ આંખોમાં ભયભીતતા ભરી હતી. મહારાજા સિંઘણદેવ અને સુવેગ આવીને નમસ્કાર કરવા લાગ્યા ત્યાં તો એ સાધુનું શરીર વધુ સંકોડાયું.

મહારાજે યોગીને પગે હાથ દીધો તો યોગીનું આખું કલેવર ચમકી ઊઠ્યું. સુવેગે પ્રશ્ન પૂછ્યો: "ક્યાંથી પધારો છો, મહારાજ?"

યોગીએ કશો જવાબ ન વાળ્યો. એણે ઊલટા વધુ ચોંકીને પોતાનું જટાજૂટ બે હાથે દબાવી રાખ્યું.

સુવેગે સિંઘણદેવ તરફ ફરીને દક્ષિણી ભાષામાં કહ્યું કે, "મહારાજ, આપ શ્રદ્ધાળુ છો અને પોતે પવિત્ર છો એટલે બીજાને સૌને પવિત્ર માની લો છો; મને આમાં કાંઈક પાખંડ લાગે છે."

એ શબ્દ બોલતાંની વાર જ ચોપાસ ઊભેલા, યોગીના સેવક બની ગયેલા સૈનિકોએ એકસામટી અરેરાટી કરી અને સિંઘણદેવે પણ મહાત્મા પ્રત્યેના આવા ખુલ્લા અપમાનકારી શબ્દો સાંભળી મોં બગાડ્યું.

"મહારાજ મારું નહીં માને!" એમ કહીને સુવેગે ફરી કહ્યું, "મહારાજ, મારા ભોળિયા શંભુ, એટલું તો સમજો કે હું દેવગિરિના ગુપ્તચર સુચરિતજીનો ચેલો છું, હું સંસ્કારવંતા યાદવપતિનો સેવક છું. મારી આંખ કદી ખોટું વાંચતી નથી. હું આ મહાત્માની પ્રત્યેક ચેષ્ટામાં કંઈક ભેદ ભાળું છું."

"શો ભેદ?"

"જુઓ આ," એમ કહીને સુવેગે એ મહાત્માની જટા પર પંજો નાખ્યો. નાખતાં જ જટાધારી ઊઠીને નાઠો. એ નાસવાની છટામાં મહાત્માપણું નહોતું પણ તસ્કરપણું હતું એ સૌ કોઈ જોઈ શક્યા.

"સૈનિકો, પકડો એ જોગટાને –" એવી બૂમ મારતો પણ કોઈને દોડતા ન જોતો સુવેગ પોતે જ એ સાધુની પાછળ ગડગડતી દોટ કાઢીને પહોંચી ગયો અને એની જટા ખેંચી કાઢી.

"હં... હં... હં..." એમ બોલતા સૈનિકો અને સિંઘણદેવ દોડીને જ્યાં પાસે જાય ત્યાં તો એ જટા નામનો બનાવટી કેશનો જથ્થો સુવેગના હાથમાં આવી પડ્યો હતો અને એની અંદર એક નાનકડી બરુની નળી ભરાવેલી હતી.

સિંઘણદેવનું વિસ્મય શમે તે પહેલાં સુવેગે એ જોગટાની દાઢી પર હાથ નાખ્યો. દાઢી પણ સરળતાથી આખી ને આખી ખેંચાઈ આવી.

"હવે કહું છું કે પકડો આને –" એવી સુવેગની ત્રાડ સાંભળીને સૈનિકોએ એ ઉઘાડા પડી ગયેલા ચહેરામોરાવાળા બુઢ્ઢાને બદલે જુવાન વેશધારીને ઝાલી લીધો. સુવેગે જટા ઉખેળી, ખંખેરી તો તેમાંથી એક મુદ્રા અને બીજી ચીજો નીકળી પડી અને તે સર્વ ઉપર જે નિશાનીઓ હતી તે સુવેગે સિંઘણદેવને સ્મિતભેર પોતાના ખોબામાં ધરીને બતાવી કહ્યું: "લો, જોઈ લો, મહારાજ! આ યોગી મહાત્માની ત્રિકાળ સિદ્ધિઓ!"

સિંઘણદેવ ચીજો જોવા લાગ્યા અને પૂછ્યું: "આ કોની મુદ્રાઓ છે?"

"માલવરાજ દેવપાલની." સુવેગે પોતાનો વિજય પરખીને સિંઘણદેવને અપમાન ન લાગે તેવી અદબથી કાનમાં કહ્યું.

આટલી વાત કરે છે ત્યાં તો એ ખુલ્લા પડી ગયેલા વેશધારીએ એકદમ સુવેગના હાથમાં પકડાયેલી પેલી બરુની નળી પર ધસારો કર્યો એટલે તો વહેમ વધુ મજબૂત બન્યો. અને ભ્રાંતિમુક્ત બનેલા સૈનિકોએ પણ આ થોડી વખત પહેલાના બુઢ્ઢા મહાત્માનું યૌવનબળ પારખી લઈ તેને બરાબર ભીંસમાં લીધો.

"સબૂરી રાખો મહાત્માજી, સબૂરી રાખો." એમ કહેતો સુવેગ જેમ જેમ એ બરુની નળી ખોલવા લાગ્યો તેમ તેમ તો પેલા વેશધારીની આંખો, અવાજ અને હાથપગની ચેષ્ટા ભય અને અધીરાઈની અવધિ દેખાડવા લાગ્યાં; સિંઘણદેવનું અને સૈનિકોનું કૌતુક પણ તેટલા જ ઉછાળા મારવા લાગ્યું. આ બેઉની વચ્ચે ઊભેલો સુવેગ એ સર્વની અધીરાઈની જાણે હાંસી કરતો હોય અને પોતે આવડત, સામર્થ્ય તેમ જ સબૂરી ઉપરાંત દેવગિરિના રાજવી પ્રત્યેની નિમકહલાલીનો અખૂટ ભંડાર

હોય તેવો દેખાવ કરતો બરુની નળી ખોલવા લાગ્યો. એ ખોલવામાં એણે બીજાઓને ચીડ ચડે તેટલી બધી મંદતા ધારણ કરી હતી.

ખોલતો ખોલતો એ સિંઘણદેવને કહેતો હતો: "આપ જરા આઘા ઊભા રહો, મહારાજ! કોને ખબર છે આમાં જીવલેણ ઝેરી સાપ હોય કે શું હોય? માલવરાજનું તો ભલું પૂછવું. આપ આઘા રહો, આપ કૃપા કરીને દૂર રહો, મારી ચિંતા કરો મા. આપ લાખોના પાલણહાર છો. મારા જેવા તો આપને ઘણા મળશે."

સુવેગનો એ દરેક શબ્દ તેમ જ એની બરુ ઉઘાડવાની આ ક્રિયા ભોળા સિંઘણદેવ ઉપર ધારેલી અસર પાડી રહી હતી.

આખરે બરુની નળીમાંથી એક નાનો પત્ર નીકળ્યો અને તેને દેખી પેલા જોગીવેશધારીએ એ પત્રનો નાશ કરવા માટે છેલ્લું જોર ખલાસ કરી નાખ્યું.

"સબૂરી રાખો મહાત્મા, સબૂરી રાખો!" એમ કહીને સુવેગે એની સામે ફરી મોં મલકાવ્યું અને સૈનિકો તરફ ફરીને એ બોલ્યો: "તમે સૌ મહારાજને સાચું કહેતા હતા, કે આ મહાત્માને શંભુએ પોતે જ મોકલ્યા હોય તેવી તેની વિભૂતિ છે. આ પત્ર વાંચીને મને ખાતરી થાય છે કે, શંભુ વિના આ મહાત્માનો આપણી સાથે કોઈ ભેટો ન કરાવત. હવે આ શંભુના દૂતને છાવણીમાં લઈ જાઓ અને પૂરી સંભાળથી એને સાચવી રાખો. જાઓ, મહારાજ સાથે મારે થોડુંક કામ છે."

ટાઢાબોળ પડી ગયેલા એ વેશધારીને બંદીવાન કરીને છાવણીમાં મોકલ્યા પછી સુવેગે સિંઘણદેવને કાગળ વંચાવ્યો. કાગળમાં લખ્યું હતું:

> લાટપતિ સંગ્રામસિંહજી,
>
> અવન્તીથી લિ. માલવરાજ મહારાજ દેવપાલદેવના ઝાઝા જુવાર વાંચશો અને સાચા મિત્ર તરીકે આપને ભેટ મોકલેલ અમારો આ પ્રિયમાં પ્રિય ધોળો ઘોડો સ્વીકારી લેશો. સિંઘણદેવની હિલચાલની શતરંજ કેવી રીતે ગોઠવવી તે તમને આ અશ્વ લાવનાર અમારો ગુપ્તચર બરાબર કહેશે. બની શકે તેટલી ત્વરાથી સિંઘણદેવના સૈન્યનો લાટમાં પ્રવેશ કરાવી લેશો અને પછીની કશી ચિંતા ન કરશો. પછીની બધી સંભાળ લેવા માલવ-સૈન્ય તમારી પાડોશમાં જ તૈયાર ઊભું છે. ચોસઠ જોગણીઓ તમને આ કાર્યમાં વહેલો યશ અપાવે અને ગુર્જર દેશનો સમગ્ર સાગર તીર તમને પોતાના સ્વતંત્ર રાજવી તરીકે સ્વીકારે એવો અમારો સંકલ્પ છે. અને એ સંકલ્પની સિદ્ધિને ઝાઝી વાર નથી.

કાગળનું વાચન સાંભળી સિંઘણદેવના મોં પર મોતિયાં વળી ગયાં.

એણે કહ્યું: "પકડો એ દગલબાજ સંગ્રામને."

"ના, મહારાજ." સુવેગે ઠંડીગાર વાણીમાં વિના ઉશ્કેરાટે કહ્યું, "હજુ હમણાં આપણે સાપ બાંડો નથી કરવો. હજુ એનો દોષ પૂરેપૂરો પુરવાર પણ નથી થયો.

હજુ આપણે આ કાગળમાં બતાવેલા ધોળા ઘોડાનો પત્તો મેળવવો છે. દરમ્યાન બે કામ કરવાનાં છેઃ એક તો સંગ્રામસિંહને વધારે ને વધારે વિશ્વાસમાં લેવાનું અને બીજું આ હાથ આવેલા મહાત્માને અભયદાન આપીને વધુ બાતમીઓ મેળવવાનું."

"પણ આટલી બાતમી શું બસ નથી? દેવગિરિના યાદવોની સબૂરીને આથી વધુ હદ હોતી નથી, દૂત!"

"એટલે જ મહારાજ, આપણું દેવગિરિ ઘરઆંગણે ચાહે તેટલું વિદ્યાને માન દેતું છતાં બહારનાં રાજ્યોમાં ફક્ત લૂંટારાનું જ પદ પામ્યું છે. શસ્ત્રમાં જે સર્વોપરિતા આપણે ભોગવીએ છીએ તે સંસ્કારની સર્વોપરિતા વિના નિંદાય છે. ગુર્જર દેશ અને માલવ દેશ સંસ્કારે ઊંચા ગણાય છે, કેમ કે તેની સબૂરીને સીમા નથી."

સાંભળીને સિંઘણદેવની મુખરેખાઓ સુકુમાર બની. સંસ્કારિતા શબ્દ એ લૂંટારાને માટે પણ લોભામણો બન્યો.

"હવે તો મહારાજ –" સુવેગે વખતસર જડ મજબૂત કરી, "આપણા સુચરિતજીની અક્કલ ઉપર આપને વિશ્વાસ બેઠોને! એમણે મને વખતસર આપણા સૈન્યનું પ્રયાણ અટકાવવા ન મોકલ્યો હોત તો આજે માળવા અને લાટ આપણી સેનાના બૂકડા ભરી ગયા હોત. હું તો રોજેરોજ એમના સૌરાષ્ટ્રથી મળતા સંદેશા ઉપર જ મારી બુદ્ધિની દોરવણી કરું છું. આપ જ કહો કે એ સંદેશાઓ કેટલા ગુપ્ત રહેવા જોઈએ. આપણો સાંધિવિગ્રહિક મારા સંદેશવહેવારની વચ્ચે પડવાની જે હઠ કરે છે તેનો હું આટલા માટે જ વિરોધ કરતો આવ્યો છું."

"હવે તું અને તારા સંદેશાઓની વચ્ચે એ તો શું પણ હુંયે ન આવું, પછી છે કાંઈ?"

સિંઘણદેવે સુવેગનો ખભો થાબડતે થાબડતે આટલો નિઃસીમ અધિકાર આપી દીધો.

છાવણીમાં બેઉ જણા પાછા વળ્યા અને સુવેગ પેલા કેદી મહાત્માની મુલાકાતે બંદીશાળામાં ચાલ્યો.

બંદીગૃહમાં પ્રવેશીને એણે એકલાએ જ બંદીવાનની મુલાકાત કરી.

"આપને ક્યાંક મારી પાડશે, બહુ ઉશ્કેરાયેલો છે." એવી કાળજી કરનારા સૈન્ય-નાયકોને એણે હળવા એક સ્મિતથી જ ચૂપ કરી દીધા.

એ કેદી તેમ જ આ જાસૂસ બેઉની મુલાકાતનું મંગલાચરણ કોઈ ન કલ્પી શકે તેવું થયું.

પહેલાં તો બેઉ સામસામા પેટ ભરીને હસ્યા.

## 25
# નિપુણક

"**કાં**, મહાત્મા!" સુવેગે કેદીને કહ્યું, "કાંઈ વિચાર થયો, કે એક દિવસ મોડું થાત તો અહીં શી સ્થિતિ બની જાત? અહીં તો મારા ઉપરનો વિશ્વાસ ઊઠી જવાની અને સૈન્યનું પ્રયાણ થવાની લગભગ તૈયારી જ હતી."

"હું નિરુપાય હતો, ભાઈ!" કેદીએ કહ્યું. "માલવરાજને ત્યાંથી ધોળા ઘોડાની ચોરી કરી ક્ષેમકુશળ લાટ આવવું સહેલ નહોતું. એ ઘોડાને સંગ્રામસિંહની ઘોડહારમાં પેસાડતાં હું માંડ બચ્યો છું. ઉપરાંત અવન્તીનાથ દેવપાલના હસ્તાક્ષરોનો મરોડ શીખતાં પણ મારો તો દમ નીકળી ગયો."

"મને એમ થાય છે, નિપુણક, કે તારો થોડો વધારે દમ હું હવે અહીંયાં કઢાવું!"

"તોપણ કાંઈ વાંધો નથી." નિપુણક નામના એ ગુર્જર ગુપ્તચરે માલવ દેશમાંથી પોતાને મળેલી બાતમીઓ કહી, "પરંતુ હવે અકેક દિવસ જાય છે, ને ગુર્જર દેશ આફતે ઘેરાય છે. હવે એક પણ દાવ ભૂલભર્યો ચાલવા જેવું નથી. મીરશિકાર સિંધદેશમાંથી નીકળ્યો કે નીકળશે એવી સ્થિતિ છે."

"તને શું સૂઝે છે? આ સંગ્રામસિંહ અને સિંઘણદેવનો સામસામો ઘડોલાડવો કરાવી નાખશું?"

"ના, તો તો આપણી ગુપ્તચરતા ગુજરાતને ફરી પાછી સંસ્કારહીનતામાં ધકેલી દેશે. મંત્રીની એ સદાની તાલીમ છે કે પ્રપંચો ભલે નછૂટકે કરવા પડે, છતાં આખરે એનું પરિણામ તો એ પ્રપંચોના પ્રાયશ્ચિત્તમાં જ આવવું જોઈએ."

"તારી વાત સાચી છે. મંત્રીના રોજના પત્રો અને સંદેશાઓ એ એક જ વાત બોલે છે કે, કોઈ રીતે લાટ અને દેવગિરિને ગુજરાતના મિત્રો જ બનાવી લેવા."

"યવનોના આક્રમણનો સંયુક્ત સામનો કરવાનો અવસર શું એ ત્રણેયને એકત્ર નહીં બનાવે?"

"તું તો કવિરાજા છે!" સુવેગે કહ્યું, "આ દખણા યાદવ સાથે મેં દિવસો વિતાવ્યા છે. એને ગુર્જરદેશ લૂંટીને પોતાના સીમાડા વધારવા સિવાય કોઈ આકાંક્ષા

નથી. એના ભેજામાં નવા સંસ્કારી વિચારો પેસાડવા સહેલ નથી.''

"તો શું કરવું છે હવે?''

"એ જ કરવું છે – યવનોની ચડાઈનો જ ડર બતાવી કામ લેવું છે. પણ તે તો ગુર્જર સમશેરોને એના માથા પર તોળીને જ કરી શકાય. હું એટલા માટે જ દિવસો વિતાવું છું.''

"શાની વાટ છે?''

"તેજપાલ મંત્રી ખંભાતના નૌકાસૈન્યને આખી સાગરપાળ પર જમા કરે છે, ને લાટ ફરતી પાળા સૈન્યની રાંગ ઊભી કરે છે. વૈશાખ સુદ બીજ સુધીમાં જ એક રાતે આ યાદવ ફોજને દબાવી દેવી જોઈએ. દરમ્યાન તારી જટામાંથી નીકળેલ ચિટ્ઠીને જોરે હું માલવ-ગુર્જરસીમાડે યાદવી સેનાના એક મોટા ભાગને તગડવાનો પેચ રચું છું. ને તારે આંહીંથી સુદ એકમની રાતે નાસી છૂટવાનું છે. તારી હિલચાલ પર બહુ કાબૂ રહેશે નહીં. નાસજે માળવાને માર્ગે, પણ તાપીનાં પાણીમાં જ ગાયબ બની પાર થજે. કોઈપણ જુદો વેશ ધરી લેજે.''

તે પછી પાંચેક દિવસે જ્યારે ખબર પડી કે માળવાનો જાસૂસ નાસી ગયો છે ત્યારે સુવેગે યાદવ સૈન્યને વહેંચી નાખવાની તક મેળવી.

એ જાસૂસ લાટની સરહદ પર છુપાયેલા માલવસૈન્ય પાસે પહોંચી આંહીં આક્રમણ લઈ આવે તે પહેલાં જ એનો માર્ગ રૂંધી નાખવો જોઈએ, એવું સિંઘણદેવને સમજાવીને સુવેગે સૈન્યનો મોટો ભાગ માલવાને રસ્તે રવાના કરી દીધો.

ગુર્જર સૈન્યનો તો કશો ડર જ સુવેગે સિંઘણદેવના દિલમાં રહેવા દીધો ન હતો, કારણ કે ગુર્જર મંત્રી જાત્રાસંઘ પાછળ ઘેલો બની પોતાની મૂર્તિઓ બેસડાવે છે અને સૈનિકોને તો યવનસેનાની સામે જ જમા કરવા મોકલ્યે જાય છે. એ જ વિચાર-ભૂત એણે સિંઘણદેવના મગજમાં બરાબર ભરાવ્યું હતું.

26

# બાપુ જીત્યા!

**યા**દવ સૈન્ય જ્યારે આ માયાવી માલવ સૈન્યનો પીછો પૂર્ણ કટ્ટરપણે લઈ રહ્યું હતું ત્યારે તાપીના પાણીમાં સેંકડો નૌકાઓ કિનારે કિનારે ગોઠવાતી હતી. પ્રભાસપાટણથી માંડી ગોપનાથ સુધીની સાગરપટ્ટીનાં એ મછવાઓ અને વહાણોમાં, ઉપર અનાજની થપ્પીઓ ખડકાઈ હતી અને નીચેના પોલાણમાં શસ્ત્રધારી ગુર્જર સૈનિકો હતા. સૌરાષ્ટ્ર-ગુજરાતના બીધેલા લોકો તરફથી પોતાને વેઠે મળ્યા કરતી આ ખોરાકીથી યાદવનાથ બડો ખુશ હતો. ઉપરાંત સુવેગે એને ગળે ઘૂંટડો જ એવો ઉતરાવી નાખેલો કે ગુર્જર મંત્રીઓના વિદ્રોહી ઠાકોરો જ આ માલ આપણને મોકલી રહ્યા છે!

યાદવ સૈન્યને માટે અનાજના કોથળાઓ લાવનાર ખારવાઓને વેશે જમા થયેલ ગુર્જર સૈન્યે સુદ એકમની અંધારી રાત્રિએ સિંઘણદેવના બાકી રહેલા લશ્કર ઉપર છાપો લગાવ્યો. યાદવ સેનામાં ભંગાણ પડ્યું. સિંઘણદેવ બાવરો બન્યો, સૈન્યની સાથે જ નાઠો. સુવેગનો પત્તો લગાડવાનો એને સમય નહોતો; સુવેગ અદશ્ય થઈ ગયો હતો. પોતાની સેનાની કતલ થતી જોઈને સિંઘણદેવની છાતી બેસી ગઈ. આગલી બે ચડાઈઓમાં એનું અવિજેય કાળરૂપ જોનારા અને એના નામમાત્રથી ઘરબાર ઉઘાડાં ફટાક મેલી ભાગી જનારા તાપી-તીરના ગુર્જરોએ સિંઘણને નાસતો જોયો, ત્યારે તેમનાં હૈયાંમાં નવી હામ આવી.

"યાદવોની પાછળ આ કોનો દાવાનળ દોડ્યો જાય છે?"

ગામડે ગામડે જવાબ ફરી વળ્યો: "એ છે મંત્રી વસ્તુપાલ અને તેજપાલનાં દળકટકનો દાવાનળ."

"એ શ્રાવકડો તો જાત્રાએ ઘૂમતો હતો ને?"

"નહીં, નહીં, હું નહોતો કહેતો કે, એની જાત્રા એ તો લશ્કરની તૈયારીનો વેશ માત્ર હતો!"

એ રીતે હું શું કહેતો હતો ને તું શું નહોતી કહેતી એવાં સામસામાં ઉત્સાહવચનો કાઢતી પ્રજા ઉત્તરોત્તર હિંમતમાં આવતી ગઈ, અને નાસેડું લેતી

યાદવસેનાને સંઘરનાર એક ગામડું પણ રહ્યું નહીં. યાદવસેના ઘેરાઈ ગઈ. એણે શ્વેત ધજા ઊંચી કરી. એના સાંધિવિગ્રહિકો ગુર્જર સૈન્યના સેનાપતિ પાસે વિષ્ટિ લઈ ગયા.

સેનાપતિ તેજપાલે જવાબ દીધો: "મહામંડલેશ્વર રાણા લવણપ્રસાદ પધાર્યા વગર અમારાથી કોઈ સંધિ કરી શકાય નહીં. આપે શ્વેત ઝંડી દેખાડી એટલે તે ઘડીથી જ આપ અમારા શત્રુ મટીને પરોણા ઠરો છો. ઉપરાંત આપ પૂર્વે બે વાર ગુર્જર દેશના વિજેતા બની ચૂક્યા છો એટલે આજ તો હજુ આપનું સન્માન ગુર્જરીને ચોપડે જમા છે. આપ જ્યાં છો ત્યાં જ માનભેર અમારા મહેમાન બનીને થોભો. મંડલેશ્વર જ અહીં આપના મિલાપ માટે આવી રહ્યા છે."

સેનાપતિ તેજપાલના આ સંદેશાએ ધાડપાડુ ઘાતકી સિંઘણદેવના અંતરમાં ઉમદા શૌર્ય-સંસ્કાર પાડ્યો. બે જ દિવસ પૂર્વે તો એને આવી ગુર્જર ખાનદાની સ્વપ્નવત્ અને તરકટભરી લાગેલી. પોતાને બેવકૂફ બનાવી ગયેલો ગુર્જર ગુપ્તચર હાથ આવત તો એને કાચો જ ખાઈ જાત! એણે પાટણના સર્વાધિકારી લવણપ્રસાદ વાઘેલાના આગમનની વાતમાં ભયના ઓળા નિહાળ્યા હતા. એણે માલવ દેશને માર્ગે ગયેલા પોતાના સૈન્યના પાછા વળવાની વ્યર્થ આશા સેવ્યા કરી હતી. સૈન્યને તો સુવેગ તાપી-નર્મદાનાં કંઈક કોતરોમાં પેલી કલ્પિત માલવ સેનાની પાછળ પદોડી રહ્યો હતો.

અહીં તાપીના તીરપ્રદેશમાં તેજપાલ સિંઘણદેવને ઘેરી વળીને પૂર્ણ મહેમાની અદા કરતો હતો. પણ સિંઘણદેવનું દિલ સ્થિરતા મેળવતું નહોતું. એ પુછાવતા હતા કે, "મારી જિંદગીનો હામી કોણ?"

"આપના જીવના હામી તરીકે હું જ નામ દઉં છું: હામી અમારા ધર્મગુરુ વિજયસેનસૂરિ." એવો જવાબ દઈને તેજપાલે ધોળકા-ખંભાત મુનિજીને ખબર મોકલ્યા.

વૈશાખ સુદ પાંચમ-છઠના પ્રભાતમાં ખંભાતનો અખાત બાળરવિનાં કિરણો નીચે ગુલાબના થાળ જેવો બની ગયો હતો. અને એના ઉપર કાઠિયાણીને શિરે પાતળો સેંથો પડતો હોય એવો લિસોટો પાડતી એક મોટી નૌકા આવતી હતી. એ નૌકા પર પાટણનું રાજચિહ્ન હતું; તે સિવાય કોઈ શણગાર નહોતો, કારણ કે તેની અંદર પ્રવાસ કરનાર પુરુષ પોતે જ રાજા છતાં રાજચિહ્નવિહોણો હતો. ખંભાતથી ઊપડેલી નૌકાના એ બે મુસાફરો કિનારે ઊભેલા એક જૈન સાધુના ઊંચા થયેલા હાથ સામે નમન કરી રહ્યા હતા; અને એ સાધુ-શરીર દેખાતું બંધ થયું ત્યાંસુધી તેના ઉપર તાકી રહ્યા હતા. એ વિજયસેનસૂરિ હતા. એમણે છેલ્લા શબ્દો

આ કહ્યા: "સાધુનું હામીપણું વસમું છે, હો વત્સ!"

એ બે મુસાફરોમાં બુઢ્ઢા હતા લવણપ્રસાદ અને પ્રૌઢ હતા મંત્રી વસ્તુપાલ.

માતાની પ્રભાત-પ્રફુલ્લિત છાતી ઉપર રમતી દીકરી જેવી નૌકા ડોલતી હતી અને બંને મુસાફરોના પ્રાણને ડોલાવી રહી હતી.

"હં, પછી ભદ્રેશ્વરમાં શું બન્યું, બાપુ?" વસ્તુપાલ રાણા લવણપ્રસાદ પાસેથી એ વાર્તા સાંભળતો હતો.

"તને ખરું કહું?" બુઢ્ઢા લવણપ્રસાદ હસતા હસતા કહેતા હતા, "વીરધવલને લઈને હું એકલો જ્યારે ભદ્રેશ્વર જવા નીકળ્યો ત્યારે છાતી થડક થડક થતી હતી. સૈન્ય ક્યાં હતું તે સાથે લઉં! મને શી ખબર કે તારો ભાઈ બધી સેના સિંઘણદેવ સામે ગોઠવી રહ્યો હશે! મને એવી શી ગમ કે તુંય ગિરનાર-શેત્રુંજાના ને પ્રભાસના તારા ભગવાનને આખી જાત્રામાં ઊંઠાં ભણાવતો હઈશ? મેં તો એકલા વીરધવલને ભદ્રેશ્વરને પાદર ઊભો રાખ્યો અને તારી પાસેથી થોડી શીખેલો તે વાણિયાગત અજમાવી." એમ કહેતાં કહેતાં લવણપ્રસાદનો કંઠ રડવું ખાળવાને માટે હસતો હોય તેવો ઘોઘરો બન્યો.

"એ વાણિયાગત નહોતી, બાપુ, એ તો અરણોરાજ વાઘેલાના પુત્રને અને પાટણના ભરતને શોભે તેવી સુજાણ રાજનીતિ હતી. એ રાજનીતિએ જ ત્રણેય ઝાલોદવાળા ચૌહાણોને ને ભીમસિંહને પાણી પાણી કર્યા."

બુઢ્ઢો ગળાને સમારીને પાછો ગર્જવા માંડ્યો: "નહીં ત્યારે? મેં તો એ ત્રણેયને કહાવી દીધું, કે નથી કચ્છીઓને કપાવવા, કે નથી ગુર્જરોને વઢાવવા. આ રહ્યો મારો દીકરો! કૃપણતા કરી હતી તો એણે કરી હતી; અને પાટણનું રાજતિલક કરવાનો પાપી ઇરાદો હોય તો તે અમારો બાપદીકરાનો હશે, ત્રીજાનો શો વાંક? ખેલી લો એની એકલાની સાથે દ્વંદ્વ."

વસ્તુપાલને ધોળકે પડેલું વીરધવલનું જખમી શરીર યાદ આવ્યું. ભદ્રેશ્વરમાં એ શરીર ઉપર તલવારના ઘાની ઝડીઓ વરસી હતી! એણે પૂછ્યું: "બાપુ, આપને દીકરાનીય દયા ન આવી? આટલા જખમો થયા ત્યાંસુધી આપ અટક્યા નહીં?"

"અટકું શેનો?" લવણપ્રસાદની આંખમાં આંસુ લટકી રહ્યું. ને એણે જાણે પંજામાં કાંઈ પકડતો હોય તેવી હાથની ચેષ્ટા કરતે કરતે કહ્યું, "સામટા ત્રણ ઝારોળાઓના ઘા પડે, ને વીરધવલ ઘોડેથી નીચે પડે એટલે હું દોડીને વળી પાછો એને પડકારી ઊભો કરું. અને કોણ જાણે કેવાયે રામ એની ભુજાએ બેસી ગયા કે મારે પડકારે પડકારે એ ધૂળ ખંખેરીને જાણે રમતમાંથી ઊભો થતો હતો! અને ખોટું નહીં કહું હો! વીરધવલનું શોણિતસ્નાન મારાથી જોવાયું નહીં ત્યારે મેંય થોડી

વાણિયાગત કરી. વીરધવલને પાવા પાણી લાવ્યા એટલે મેં તો ઝારોળા ચૌહાણોને યાદ દેવરાવ્યું કે, "નહીં, બાપ! ગુજરાતનાં પાનબીડાં ચાવીને તમે રાતાં મોઢાં કરી ગયા છો, ગુજરાતે કરાવેલું શુકન તમને ભદ્રેશ્વરમાં ફળ્યું છે. તમારાં મોં એ પાનબીડે આજે જેવાં શોભે છે તેવું જ શોભવા દો મારા ધવલનું રુધિરાળ મોં. મારો ધવલ ખાશે તો તમારા હાથનું બીડું જ ખાશે; પણ લાલ બનેલું મોં તમારે પાણીએ ધોશે તો નહીં જ!' આમ સંભળાવ્યું ત્યારે ત્રણેય વિમાસી રહ્યા, ધોળકે બીડાં ખાધાનું સાંભરી આવ્યું, પઢિયારને અને ચૌહાણોને જ શરમનો પાર ન રહ્યો. ચૌહાણોએ કહી દીધું ભીમસિંહને કે આ કસાઈવાડો હવે નથી જોવાતો. પતાવો આ કજિયો."

"પછી આપે કજિયો પતાવ્યો કઈ રીતે એ તો કહો?"

"કહું? ખિજાઈશ નહીંને?"

"નહીં ખિજાઉં."

"કચ્છી માડુને લોભ એક જ હતો કે એને એનાં ડંકાનિશાન અને છત્રચામર આબાદ રહે. મેં કહ્યું કે, રાખને બચ્ચા જોટે! પછી તો ગુજરાતનું સામંતપદ કબૂલ છેને? જોને, હું એકેય છત્રચામર નથી રાખતો, તું મારાથી મોટો! પાટણમાં આવ ત્યારેય તારાં છત્રચામર ઓઢીને આવજે. માંત્ર ખંડણી ભરજે."

"અને એ કબૂલ થયો?"

"અરે, રાજી રાજી થઈ ગયો. અને તુરક સેના કચ્છને સીમાડેથી તો એક ઊંટ પણ ન કાઢી શકે એવો જાપ્તો રાખવાના એણે કસુંબાની અંજલિ માથે સોગંદ લીધા."

વસ્તુપાલ એની ઝીણી મૂછો નીચે એક હાસ્ય રમાડતો હતો. એણે પૂછ્યું: "છત્રચામર કેમ રાખવા દીધાં, બાપુ?"

"તું જ કહેને? એ ચીંથરાં કેટલાંક ચોમાસાં ટકશે? આપણે તો ચોમાસું આવે એટલો જ વખત વેઠવાનો છેને? ભલેને દીકરો થોડા દી ઠઠારો માણે! આપણેય માનશું કે નાટક જોઈએ છીએ."

"હવે આપ ખરા જીત્યા, બાપુ!" એમ કહીને વસ્તુપાલે લવણપ્રસાદના પગમાં માથું ઢાળ્યું, "આપે રાજપૂતોનાં લીલાંકાંચ નેત્રોમાંથી ઝેરને ચૂસીને પી લીધું."

"તને એમ લાગે છે કે આજે જ પીધું?" એમ બોલતા લવણપ્રસાદની આંખોમાં અને ચહેરા ઉપર કાળી વાદળીઓ ચાલી ગઈ.

## 27

# પરાજિતનું માન

**વ**સ્તુપાલને લવણપ્રસાદના સંસારી જીવનના વિષપાનના પાછલા દિવસો યાદ આવ્યા અને એણે સામે પડેલા સાગરનાં અગાધ ઊંડાણોમાં ભરેલી મૌનદશાનો વિચાર કર્યો.

નૌકા તે વખતે તાપીના મુખમાં માર્ગ મેળવવા મથતી હતી. તાપીને સામે કિનારે ગુર્જર યોદ્ધાઓનાં ડંકાનિશાન દેખાતાં હતાં.

મહામંડલેશ્વર અને મંત્રી વસ્તુપાલ જ્યારે ગુર્જર સૈન્યની છાવણીમાં પહોંચ્યા ત્યારે લવણપ્રસાદે જે આશા રાખી હતી તેથી ઊલટી જ પરિસ્થિતિ જોઈ. એમના આગમનના માનમાં વિજયનાં દુંદુભિઓ વાગ્યાં નહીં, ડંકાનિશાન પર ડાંડી પડી નહીં, સ્વાગત પણ સેનાપતિ તેજપાલે સાવ સાદી રીતે કર્યું.

લવણપ્રસાદ પોતાને દીઠા ભેળો જ ભેટી પડશે એવી આશા તેજપાલે રાખી હતી તેને બદલે લવણપ્રસાદના મોંમાંથી સાવ સામાન્ય શબ્દો નીકળ્યા. ત્રણેય જણા થોડી વાર ઊભા રહ્યા અને તેજપાલે હાથની આંગળી ચીંધીને દૂર પડેલી સિંઘણદેવની યાદવછાવણી દેખાડી. લવણપ્રસાદે એ છાવણી પર યાદવી ધ્વજ ઊડતો જોયો અને એણે બીજી વાર મોં બગાડ્યું, કેમ કે એણે શત્રુના પરાજયનું એકેય ચિહ્ન દીઠું નહીં. એણે કલ્પ્યું હતું કે સિંઘણદેવને તો તેજપાલે પાંજરામાં પૂરી રાખીને વિજયનું પ્રદર્શન તૈયાર રાખ્યું હશે.

વસ્તુપાલે તેજપાલને પૂછ્યું: "કહો હવે, કેવી રીતે મુલાકાત કરવાની છે?"

"આપણે બાપુને લઈને ત્યાં જ જવાનું છે." એમ કહીને તેજપાલે સામી છાવણી દેખાડી, "અને આપણે ત્રણે જ જવાનું છે." એટલું કહીને ફરી એણે લવણપ્રસાદ સામે નજર કરી. બન્નેની દૃષ્ટિઓ યોદ્ધાઓની સમશેરો સમી સામસામી અફળાઈ અને ફરી પાછું તેજપાલે બળતામાં ઘી હોમતું વાક્ય કહ્યું: "આપણે હથિયાર પણ શા માટે લઈ જવાં જોઈએ? સીધાસાદા જઈએ તો વધુ સારું."

લવણપ્રસાદ બોલ્યા વિના ન રહી શક્યા: "તેં તો કહેવરાવ્યું હતું ને કે આપણી જીત થઈ છે?"

"જીત થઈ છે અને તેટલા માટે જ આપણે સાદાઈ રાખવાની છે." તેજપાલે ટાઢીબોળ વાણીમાં જ કહ્યું.

"તો પછી તમે બે જણા જઈ આવો."

"એમ કાંઈ ચાલશે, બાપુ?" વસ્તુપાલે સ્મિત કરીને કહ્યું, "નહીં આવો તો ઉપાડીને લઈ જશું."

"ત્યારે આપણે જીત્યા શું?" કહીને લવણપ્રસાદે ફરી મોં વીલું કર્યું, "તમારી વાણિયાગત..."

વાણિયાગત શબ્દ સાંભળી તેજપાલે અવાજ જરાક કરડો કર્યો: "જુઓ બાપુ, વાણિયાગતની વાત ખરી છે. દસ-બાર વરસમાં ગુજરાતનું શૂરાતન ઊભરાઈ નથી ગયું. વાણિયાગતે જ આટલા વિજયો અપાવ્યા છે અને એ વાણિયાગતને નહીં માનો તો આંહીંનું આ વિજયનાટક પણ ઘડી-બે ઘડીમાં ખલાસ થશે. યાદવ સૈન્યનો માળવા તરફ તગડેલો એક ભાગ પાછો આવે અથવા તો દેવગિરિથી નવી દક્ષિણી ફોજ આંહીં દેખાય પછી આ ગુર્જરો અને સોરઠિયાઓ આંહીં પોતાની ખાંભીઓ ખોડાવવા એક ઘડી પણ ઊભા નહીં રહે. સામો માણસ અસંસ્કારી લૂંટારો છે. એને થોડી વાર મોટાઈ આપવી છે. આપણો હાથ સદાને માટે ઉપર રાખવો છે. એને આપણે કાંઈ દંડવો કરવો નથી. ફરી વાર ગુજરાતને સીમાડે છબે નહીં એટલું જ પાકું કરાવી લેવું છે, અને એ કરાવવામાં ક્ષત્રિયવટની નહીં પણ વાણિયાગતની જરૂર છે."

લવણપ્રસાદ થોડી વાર વિમાસણમાં પડ્યા એટલે વસ્તુપાલે પોતાના ભાઈનો વિચાર-તાંતણો આગળ ચલાવ્યો: "હજુ તો બાપુ, આપણે મલોખાંની ગુજરાત ઊભી કરી છે. હજુ તો કારમો યવન-કાળ ગુજરાતનાં બારણાં ઠોકે છે. અમારી વાણિયાગત પાંચ-પચાસ વરસ આઘેરી નજર નાખે છે ખરીને, એટલે જ અમને એમ થાય છે કે આપના જ કોઈક ફરજંદને કદીક આબરૂ અને નેકટેક માટે, બેટી ને રાણીનાં શિયળ માટે, કદીક ક્યાંક શરણસ્થાનની જરૂર પડશે તે દિવસ માલવા કે મેવાડ કોઈ નહીં આશરો આપે. સોલંકીઓના આખા સમય પર આંખ ફેરવો, રાણા, ઉત્તરાપથમાં ગુર્જરોને ઊભવા આપે એવો છે કોઈ? ભોળોભટ થઈને આશરો આપશે આ દક્ષિણનો યાદવ. માટે એને મોટપ દેવી છે, રાણાજી! એને ઘેર કોઈક દિવસ પગ મૂકવાનો હક મેળવવો છે."

"છેક એને ઘેર...!" લવણપ્રસાદે ટીખળ કર્યું.

"હા બાપ, હા કહું છું." વસ્તુપાલે એમ કહેતે કહેતે દક્ષિણ દિશાની ક્ષિતિજ પર એક તીરછી નજર નાખી અને પછી ઉત્તરની ગિરિમાળ પર રેલાતા લાલ ધગધગતા અગ્નિ સરખા રવિપ્રકાશને ન્યાળી એનું કલેજું છૂપું કંપાયમાન બની

ઊઠ્યું. એણે લવણપ્રસાદનો વૃદ્ધ હાથ પોતાના પંજામાં લઈને કહ્યું, "ચાલો બાપુ, ઊઠો. વાઘેલાના કોઈક નબળા ઘેલા સંતાનને સારુ, ને આ દગલબાજોના કૂંડાળા વચ્ચે પડેલી ગુર્જરીને કોઈક દહાડો આબરૂ સાથે ક્યાંક જઈ ઊભવા સારુ, એક છેલ્લું પહેલું સ્થાન નક્કી કરી લેવા માટે ચાલો. ઉત્તરાદી ક્ષિતિજનો ભરોસો કર્યા વગર જલદી ઊઠો, બાપુ."

ફરીવાર એણે ઉત્તર તરફ મીટ માંડી. ફરી એની આંખે તમ્મર અનુભવ્યાં. ક્ષિતિજ જાણે કોઈ વિરાટની નાગણી જેવી લપાઈને રાફડા ઉપર બેઠી હતી ને વસ્તુપાલની કલ્પના નિહાળતી હતી... કોઈક વાઘેલાનો ગંડુ બાળ... કોઈક હૈયાફૂટો પાટણપતિ... ગુજરાતના મુત્સદ્દીપણાનો ભયાનક કોઈ ભાવિ આપઘાત, પરચક્રનાં ધસ્યાં આવતાં અગ્નિરસનાં પૂર, નાસતી ગુર્જરી, એને સંઘરવાની ના કહેતી રાજસ્થાનની ધરતી... ને એની આબરૂના બચાવનો એકમાત્ર માર્ગ આ દક્ષિણાપથ.

"ગરવા રહેજો." એણે લવણપ્રસાદને શિખામણ દીધી, "ને ચારેય હાથે એના માથે પુષ્પો ચડાવજો, સમજ્યાને, બાપુ?"

વિંધ્યાચળના ગજરાજ-શો જાતિવંત લવણપ્રસાદ પોતાના નાનકડા બે મહાવતોને આટલે જ અંકુશ-પ્રહારે મૂંગે મોઢે તેઓની સાથે ચાલી નીકળ્યો.

સિંઘણદેવને જ્યારે સમાચાર પહોંચ્યા કે ત્રણેય જણા સામે ચાલીને અને વિના શસ્ત્રે ચાલ્યા આવે છે ત્યારે તે વિસ્મય પામીને પોતાના તંબૂ બહાર નીકળ્યો. ચાલી આવતી ત્રિપુટીના માથા ઉપર ફક્ત ગુજરાતનો કુક્કુટધ્વજ ભાલાની અણી સાથે ખેલતો આવતો હતો. ત્રણેયનાં પગલાંમાં ઉતાવળ નહોતી, અધીરાઈ નહોતી, તેમ શેખી નહોતી. તેઓ જાણે મહેમાનને જ મળવા આવતા હતા. પોતાની આંખો ભૂલ તો નથી કરતીને, એમ વિચારી યાદવરાજે ચોફેર નજર કરી તો પોતાને ખાતરી થઈ કે ત્રણ દિવસથી પોતાની છાવણીને ઘેરી રહેલું ગુર્જર સૈન્ય એ સ્વપ્ન નહીં પણ સત્ય હતું. ચોફેર પા પા ગાઉને કૂંડાળે ગુર્જરોના અશ્વો હણહણતા હતા અને કોઈ કોઈ ગજરાજો સૂંઢો ઊંચી કરી કેમ જાણે લવણપ્રસાદને અર્ઘ્ય આપી રહ્યા હોય, તેમ દર્ભના પૂળા આકાશે ઉછાળી રહ્યા હતા. ચોફરતી સેના ઘેરો ટકાવવા માટે સજ્જ ઊભી છે એવી ખાતરી સૂર્યના તાપમાં ચકચકતાં બખતરો, ટોપો અને આયુધો સિંઘણદેવને આપી રહ્યાં હતાં. પોતે પરાજિત છે અને પોતાના પ્રાણ તેમ જ ઇજ્જત ગુર્જરોને જ આધીન છે એવું એને ફરી વાર ચોક્કસ ભાન થયું.

પોતાના કેદીઓ કે દુશ્મનો પ્રત્યે જેણે કદી આવી રાજરીત બતાવી નહોતી તે યાદવપતિ આ ત્રણેનું સહેજ હાસ્યભર્યું હસ્તવંદન જોઈને લજવાયો. તેણે ગુર્જર રાજપુરુષોના અને સેનાપતિના ચહેરામાં ડાંખરાઈ, મૂછોના મરડ ને આંખોની

લાલાશ, હોઠની કરડાઈ ને જીભની તુમાખી જોવાની ધારણા રાખેલી; તેને સ્થાને અહીં તો તેણે ત્રણ એવા પુરુષોને નિહાળ્યા, કે જેમાંના બેની મુખકાંતિમાં કોઈ ગરવા શ્રેષ્ઠીની ભદ્રતા તરવરતી હતી અને ત્રીજાનું વૃદ્ધત્વ વડલા જેવી શીતળ પ્રતિભા પાથરતું હતું. સિંઘણદેવના સ્વભાવમાં બેઠેલું હિંસ્ર પશુત્વ આ દુશ્મનોના વધુ વ્યવહારે સાવ કૂણું પડી ગયું. વિજેતાઓનો પહેલો જ પ્રશ્ન એ હતો કે 'હવે આપને કઈ બાજુ સિધાવવું છે?'

તેણે પૂછ્યું: "કેમ?"

વસ્તુપાલે કહ્યું: "ધોળકે પધારો તો બહુમાન કરીએ. દેવગિરિ સિધાવવાના હો તો સાથે ગુજરાતના શિલ્પનું થોડું ભાતું બંધાવીએ. નહીં જવા દઈએ માત્ર એક જ જગાએ."

સિંઘણદેવ અજાયબ થયો: "ક્યાં?"

"ભૃગુકચ્છમાં." વસ્તુપાલે હાસ્ય કર્યું, "આપના અંતરમાં જે માણસને આપની સાથે દગલબાજી રમ્યા બાબતનો રોષ છે તે જ માણસ માટેનું અભયદાન અમે આપની પાસેથી માગી લઈએ છીએ."

એવી સિફતથી વસ્તુપાલે લાટના સંગ્રામસિંહને અને સિંઘણદેવને ભેગા થતા અટકાવ્યા. અને સિંઘણદેવ સાથે ત્યાં ને ત્યાં સંધિપત્ર પર મુદ્રાઓ મુકાઈ કે, ગુર્જર દેશ ને દેવગિરિ બંનેએ પરસ્પર કદી ચડાઈ કરવાની નથી. એ સંધિપત્ર આપીને વિદાય લેતા સિંઘણદેવને મંત્રી વસ્તુપાલે શિલ્પી શોભનદેવનું રચેલું આરસનું તોરણ ભેટ કર્યું, તેમાં આ બે રાજ્યોની સંધિનાં સાંકેતિક સ્મારકો કોતરાયાં હતાં. સિંઘણ વિસ્મય પામ્યો. આ બધું ક્યારે કરવાની નવરાશ મળી?

વસ્તુપાલે નમ્ર પ્રત્યુત્તરમાં સમજ પાડી: "અમારે ઘેર તો ગરજનના મહમૂદની તલવાર ફરી ગઈ ત્યારેય અમારાં ટાંકણાં નહોતાં અટક્યાં, મહારાજ!"

"અને હવે અમારે આપને આપની જ એક થાપણ સોંપવાનું બાકી રહે છે." એમ કહીને વસ્તુપાલે બીજી એક નૌકામાંથી એક માણસને તેડાવ્યો અને તેને સિંઘણદેવ સામે રજૂ કર્યો.

સિંઘણદેવ ડઘાઈ ગયો. એ સુચરિત હતો. એનું મોં ભોંઠામણથી નીચે નમેલું હતું, પરંતુ તેના શરીરની સ્થિતિ બતાવી આપતી હતી કે ગુર્જરપતિની અટકાયત નીચે તેના પ્રત્યેનો વર્તાવ સલૂણો ને સન્માનભર્યો રહ્યો હોવો જોઈએ.

એને જોઈને સિંઘણદેવની આંખો એક બીજા ચહેરાને શોધવા લાગી. એ પૂછે તે પૂર્વે જ વસ્તુપાલે કહી નાખ્યું: "આપે જેને આપની પોતાની માનેલ તે અમારી તપાસમાં આપની સ્વજન નહીં પણ દારુણ દુશ્મન નીકળવાથી જ અમે પાછી સોંપતા

નથી. એનું સ્થાન હજુ અમે નક્કી કર્યું નથી, પણ ખાતરી રાખજો મહારાજ, કે એ નારી નથી, નાગણી છે.'' એમ કહી ચંદ્રપ્રભા વિશે ફોડ પાડ્યો.

''પણ પેલો ક્યાં?'' એમ પૂછતાં યાદવનાથ સચિંત દૃષ્ટિએ ચારેકોર કોઈકને શોધી રહ્યા હતા.

''કોનું પૂછો છો, પ્રભુ?'' સમજી ન શકેલા અનુચરો પૂછવા લાગ્યા.

''તેં મોકલ્યો હતો તે.'' સિંઘણદેવે સુચરિતને પૂછ્યું.

''મેં! ના મહારાજ, મેં કોઈને...!'' એને કંઈક ગોટાળો થયો હોવાની ગંધ આવી.

''મહારાજ પોતાના નહીં પણ અમારા માણસને યાદ કરતા લાગે છે.'' એમ કહીને વસ્તુપાલે વિનય કર્યો: ''મહારાજ હવે એ બધી ગઈ ગુજરી કરે, શું બન્યું તે કોઈને ન પૂછે, અને આ એક બુદ્ધિવંતને સાચવી લે. હું તો એવા દિવસને ઝંખું છું કે જ્યારે ફરી વાર શસ્ત્રો અને સૈન્યોને બદલે, હિંસા અને હત્યાકાંડને બદલે માત્ર સામસામા મોકલેલા નિપુણોની ચાતુરીના જ દાવ પર હારજીતનો નિર્ણય લેવાય, સામ્રાજ્યો જિતાય અને ગુમાવાય.''

લૂંટારો સિંઘણ ખૂબ ખૂબ પ્રસન્ન બનીને આ રીતે પાછો વળ્યો.

*

સિંઘણદેવને વળાવીને તેજપાલ સૈન્ય લઈ ભૃગુકચ્છને કબજે કરવા ગયો. બીજી બાજુ ખંભાત પાછા વળતા લવણપ્રસાદ અને વસ્તુપાલ વચ્ચે સમુદ્રમાં ઝઘડો જામી પડ્યો હતો. રાણા વીનવતા હતા: ''ભલો થઈને તું પાટણનું મહામંત્રીપદ સ્વીકાર.''

વસ્તુપાલનો જવાબ નકારમાં હતો: ''ના બાપુ, મારે ખંભાત ઘણુંબધું છે, મારા સાધુઓ, મારી સરસ્વતી અને મારો સાગર છોડું એવો કોઈ સ્વાદ મને પાટણમાં નથી.''

''કડવું કરીનેય ચાલ.''

''શીદને આગ્રહ કરો છો?''

''પાટણને પાદર કરીને આપણે ધોળકા-ખંભાતને જમાવ્યાં છે એ મે'ણું મારે માથેથી ઉતાર. તારા સાધુઓને અને તારી સરસ્વતીને ત્યાં લઈ આવ.''

''મારો રત્નાકર ત્યાં નહીં આવેને?''

''તો તું રત્નાકરને મળવા ખંભાત જતો આવતો રહેજે.''

''રહેવા દો, બાપુ!'' વસ્તુપાલ કૂણો પડતો પડતો પણ પોતાની સ્થિતિને તપાસતો હોય તેમ બોલતો હતો: ''ઝાડવાને જે ધરતી ભાવી ત્યાંથી એને ઉખેડો

નહીં.''

''ભાવી! તારી ઝીણી ઝીણી વાતો તો મારી ખોપરીમાં ઊતરતી નથી. ટૂંકમાં કહું છું કે મારા જેવો આપનારો નહીં મળે.''

''ના પાડનારાય ક્યાં મળે છે, બાપુ!'' વસ્તુપાલે વ્યંગ કર્યો, ''તમારે મને ખરેખર તેડાવવો હશે ત્યારે આવીશ.''

''ખરો શું ને ખોટો શું?''

''એક મ્યાનમાં બે તલવાર હોય ત્યાં સુધી ખોટો.''

''મ્યાન કોણ ને બે તલવાર કોણ?''

''મ્યાન આપ, ને બે તલવાર એટલે એક હું ને બીજા કુંવર વીરમદેવ.''

સાંભળીને લવણપ્રસાદ ખસિયાણા પડ્યા. કેટલોય પંથ કંઈ બોલ્યા વગર કાપી નાખ્યો. વસ્તુપાલે લાગ જોઈ ઘા કર્યો: ''બાપુ, આપને લાગે છે કે હું કઠોર છું?''

''ના, મને લાગે છે કે તું કૃપણ છે. વીરમદેવ તારો વડિયો નથી. વીરમ તો તારી પાસે સંઘમાં આવવાનું મન કરતો'તો.''

''એ તો આવીયે ગયા, પોતાનો પરચો બતાવી પણ ગયા.''

''શું, કંઈ થયું છે?''

''હા બાપુ, સંઘમાંથી પાછી વળતી એક સ્ત્રીને પોતે અધવચ્ચેથી ઉપાડી ગયા છે.''

''ક્યાંથી?''

''ભાલને એક ગામડેથી.''

''કોણ હતી?''

''એ અત્યારે કહેવા જેવું નથી.. વખત આવ્યે કહીશ.''

''વીરમ ઉપાડી ગયો? તને પાકી ખાતરી છે?''

''આપણા રખેવાળોને કેફ કરાવી, બાંધી, મોંમાં ધૂળ નાખીને લઈ ગયા. સૈન્યનાયકની છાતી પર અક્ષરો પણ લખેલા મળ્યા કે ''હું વીરમદેવ. કહેજો વસ્તુપાલને.''

ડાહ્યો વસ્તુપાલ પેલા નાલાયક સૈન્યનાયકે પોતાના બચાવ અર્થે કરેલી કૂડી કરામતથી છેતરાયો હતો. વીરમદેવનું નામ જ મંત્રીના મનમાં શંકાનું ઝેર ભરવા માટે બસ બન્યું હતું.

''કહો, બાપુ!'' લવણપ્રસાદની કોમળ લાગણીઓ પર મંત્રી અણછાજતી ઈમારત ચણવા લાગ્યા: ''આપને પાટણ માટે મંત્રી જોઈએ છે, કે ગાદીના વારસા

સારુ ગમે તેવાં કામાં કરનાર પૌત્ર જોઈએ છે? ગુજરાત વહાલી છે તે કરતાંય શું નાલાયક વંશજ વધુ વહાલો છે?''

લવણપ્રસાદ પૂરી સાંપટમાં આવી ચૂક્યા. પોતાના માથા પર આ સંદેહ ઉપરાઉપરી સમશેરના ઝાટકા વરસાવી રહ્યો. જેને ખાતર પોતે જીવતો હતો તે એકની એક ભાવનાને, તે ગુર્જરીની શ્રદ્ધાંધ સેવાને તેણે આખરે ધૂળ મળતી જોઈ. ઉપરાઉપરી વિજયો અપાવી દેનાર વણિકમાં આ એક નબળાઈ બીજા હજાર ગુણોની વચ્ચે પડી હતી તેનો વિચાર એને ન આવ્યો. પૂરઝડપે સરી રહેલી નૌકા પણ એને સમુદ્રમાં ખૂંતી ગયેલી લાગી. વસ્તુપાલ રાણાના ઢીલા પડેલા મન પર વધુ પ્રાછટો બોલાવી રહ્યો –

''મારે આજે શી ન્યૂનતા છે તે હું પાટણની કાજળ-કોટડીમાં પ્રવેશ કરું? મારા પર આપે અને રાણા વીરધવલે મારી પાત્રતા છે તે કરતાંય વધુ કૃપા વરસાવી છે. મને તો મારા ગજા કરતાં વિશેષ મોટાઈ મળી છે. મારું દિલ કોળતું નથી. છતાં આપ કોચવાતા હો તો કહો તેમ કરું.''

''પણ આ આદર્યાં અધૂરાં રાખવાં છે? રાંધ્યાં ધાન રઝળાવવાં છે? આટલો ઘમંડી કે' દા'ડાનો થયો છે તું?'' મોટા રાણા વેદનાની સાક્ષાત્ મૂર્તિ બન્યા: ''મારો જીવ કોઈમાં ન ગયો ને વીરમમાં ગરી રહેશે શું?''

''બાપુ!'' વસ્તુપાલે લવણપ્રસાદના કોમળ હૃદય-ખૂણામાં હાથ ફેરવ્યો, ''હું પણ એ જ વિચારે કંપું છું, કે આપના વિષપાનનો હજુયે અંત ન આવ્યો! અમે કોઈ આપને સુખી ન કરી શક્યા. સંચિતમાં હજુ શી શી માંડી હશે?''

''હવે સંચિત ભલેને મને કરવું હોય તે કરી લ્યે. મારે નથી જોઈતી તારી દયા. બોલ, વીરમને કેદમાં પૂરું?''

''ના બાપુ, પણ હું એક વિચાર સૂચવું. એમને એમના સાસરામાં ઝાલોર રાખો. ને મારો બોલ છે કે પાટણમાંથી ઉકરડો સાફ કરીએ કે તરત એમને પાછા બોલાવી લેશું. વાંક કુંવરનો નથી, પાટણની સોનેરી ટોળીઓનો છે. પહેલાં એને ખતમ કરીએ.''

''તું કહે તેમ, પણ હવે મારું ટટ્ટુ હાલે એમ નથી, હો કે! પાટણમાં ખટપટનાં જાળાં વગરની કોઈ જ્ગ્યા ખાલી નથી. તું ના પાડતો હોય તો થયું, મારે પણ હવે સંન્યાસ લેવો છે. મારી કાંઈ ગુનેગારી! ગુજરાતનો વળગાડ હું ક્યાં સુધી એકલો વેઠું! તારે દરિયો જોઈએ, કવિઓ જોઈએ, સાધુઓ જોઈએ; ન જોઈએ એક મારે જ કંઈ.''

''કાં, બાપુ! વિચાર થાય છે?'' વસ્તુપાલનું મોં દૂત્તું બન્યું.

"શાનો?"

"પરણવાનો."

"છાનો મર છાનો, મોટા વિદ્વાન!"

એ હાંસીમાં લવણપ્રસાદની મનોવ્યથા વિરામ પામી અને વસ્તુપાલે વૃદ્ધ ક્ષત્રિયના ખાનદાન હૃદય પર મેલો વિજય મેળવ્યો.

28

# હરિહર પંડિત

સરસ્વતી-મંદિરમાં બેઠેલા સોમેશ્વરદેવ બહાર જે જે બની રહ્યું હતું તેનાથી અલિપ્ત રહ્યા તાડપત્ર પર કાવ્યો ટપકાવ્યે જતા હતા. પાસે પુત્રી રેવતીને બેસાડી પ્રત્યેક કાવ્ય કેવું છે તે પૂછતા હતા ને ચર્ચા કરતા હતા. એ કાવ્યોમાં નવાં દેવાલયોમાં ચોડવાની તકતીઓને શણગારવાનાં પ્રભુ-સ્તોત્રો હતાં, પોતાના રાણા અને મંત્રીઓની વીરતાના પ્રશસ્તિ-શ્લોકો હતા, સૈકા સુધી રણકી રહે તેવી સૂક્તિઓ હતી.

બહારથી રેવતીની બા આવીને ઉતાવળ કરતાં હતાં: "હવે મૂકોને એ પીંજણ! પેલા પંડિતજીનો બટુ ક્યારનો વાટ જુએ છે. રાણાજીના દૂત ઉતાવળ કરે છે."

"જાઉં છું, દેવી! જાઉં છું. રેવતી, એક – હવે બસ એક જ – વધુ શ્લોક લખ. આમ તો જો! આ અલંકાર તો જો – લખ, ઝટ લખ, નહીં તો શારદા પછી રિસાઈ જશે."

"પણ રાજાજી રિસાઈ જશે, પેલા પરદેશી પંડિત કોપાશે, ઉજ્જૈન જઈને અપકીર્તિ કરશે આપણી." ગોરાણી તાકીદ કરી રહ્યાં.

"અપકીર્તિ?" સોમેશ્વરદેવ હસીને બોલ્યા, "આપણે ક્યાં ઉજેણીમાં વિજય વર્તાવવા જવું છે? પરને રીઝવીને શું કરવું છે? એથી તો ભલેરી મારા ગુર્જરોની કીર્તિકૌમુદી."

"હેં, બાપુજી!" રેવતીએ સૂચવ્યું: "આ મહાકાવ્યનું નામ જ કીર્તિકૌમુદી રાખીએ તો?"

"સુંદર! સુંદર! ડાહી દીકરી. પણ ત્યાં બહાર કોણ બોલે છે?"

"પેલો હરિહર પંડિતનો બટુ બબડે છે." ગોરાણી બોલ્યાં.

"નહીં, નહીં, એ નહીં. કાન તો માંડ રેવતી, તારાં સોખુકાકી કંઈક ગાતાં ગાતાં આવતાં લાગે છે."

સરસ્વતી-મંદિરની નજીક ને નજીક મંજુલ સ્વરો આવતા હતા: काकः किं वा क्रमेलकः? काकः किं वा क्रमेलकः? काकः किंवा क्रमेलकः ।

અનુષ્ટુપ છંદના એ ઉત્તરાર્ધ ચરણને લલકારવામાં તલ્લીન બનેલી વસ્તુપાલની નવી પત્ની સોખુ હાથમાં એક પત્ર લઈને દાખલ થઈ. એનું મોં ભર્યું ભર્યું હતું. વર્ષમાં એકાદ વાર વનને શણગારતાં કેસૂડાં જાણે એ વદન પર વિસ્તરતાં હતાં.

"શું છે આજે? આવડી બધી ઘેલછા શાની છે, હેં નવાં દેવી?" સોમેશ્વરદેવના હાથમાં લેખણ થંભી રહી.

"આ લો, આ ગાથા પૂરો." સોખુએ શરમાતાં સંકોડાતાં પત્ર આપ્યું.

"કોણે મોકલી છે?"

"મારી મારફત તો બીજું કોણ મોકલે? સ્તંભતીર્થ ઊતરીને તરત દૂત રવાના કર્યો છે ને મને કહાવ્યું છે કે તરતોતરત આપને ગાથા પૂરી કરીને તૈયાર રાખવા વીનવવું."

"ઓહો! તમારી મારફત! ત્યારે તો જુઓને, તમે જ મારાં પ્રેરણાદાત્રી બની ગયાં. ઓહો! મને સૂઝી પણ આવ્યું, જરીક જ ઊભાં રહેજો હો!" એમ કહી લેખણ કાન પરથી ઉપાડી તાલપત્ર પર સુંદર અક્ષરે, જરા પણ છેકભૂંસ વગર શબ્દો લખ્યા ને પછી વાંચ્યા –

*येनागच्छन्ममाख्यातो येनानीतश्च मत्पतिः ।*
*प्रथमं सखि! क पूज्यः काकः किंवा क्रमेलकः ॥*

['સ્વામી આવે' કહ્યું જેણે, સ્વામીને લાવેલ જે; બેમાં પૂજું કિયો, બે'ની! કાગડો કે ક્રહેલિયો?] (ક્રેહેલિયો=ઊંટ)

એમ ગાતા ગાતા સોમેશ્વરદેવ સોખુના વદન પર કેસૂડાંની કળીઓ પાથરી રહ્યા. રેવતીનો ચહેરો પણ રાતોચોળ રંગાઈ ગયો. ગાથાને ગાતા સોમેશ્વરદેવના દેહ પરથી ઉત્તરીય સરી ગયું. એને રોમાંચ થયો.

"બધા સરખા જ મળ્યા છે!" કહેતી સ્મિતભરી સોખુ ચાલી ગઈ; અને આંહીં રેવતીના લજ્જાભારે નમેલા મોં ઉપર, લમણા પરથી ખસેલી એક બંકી કેશ-લટ ઝૂલવા લાગી.

"હવે ઊઠો ઊઠો, ગાંડાં કાઢતા!" રેવતીની બા હાથ લાંબો કરીને બોલ્યાં: "પેલો બહાર બેઠો બેઠો બબડે છે કે ગુજરાતનો પંડિત બૈરીઓને રિઝાવે છે!"

તેટલામાં તો રાણાનું ફરી તેડું આવ્યું: "ઉતાવળે આવો, અને સાથે વીરનારાયણ મંદિરમાં આપણે પ્રતિષ્ઠા કરવાના પ્રશસ્તિ-શ્લોકો લેતા આવો."

રેવતીએ પિતાને એક હસ્તપ્રતની પોથી આપી, તે લઈને સોમેશ્વરદેવ, સિંઘણને જીતી આવતા મંત્રીની મોકલેલ ગાથા પર મુગ્ધ બનતા બનતા, મનમાં 'काकः

किंवा क्रमेलक:'નું ગુંજન કરતા કશી જ અધીરાઈ વગર રાજસભામાં ચાલ્યા.

એ દિવસની સભામાં ઠઠ મળી હતી. ભદ્રેશ્વરના દ્વંદ્વ-સંગ્રામના જખમોની એંધાણીએ શોભતા રાણા વીરધવલ સિંહાસને બેઠા હતા. એમની જમણી બાજુએ એક જાજરમાન અતિથિ કિનખાબની ગાદી પર આખી સભાને ડારતા બેઠા હતા. એમના મોં પર ધોળકાની આ સભા પ્રત્યે ઉઘાડો તુચ્છકાર હતો. એમના દેહ ઉપર ભારતભૂમિની સંખ્યાબંધ પંડિત-સભાઓને જીત્યાનાં વિજયચિહ્નો હતાં. એમની પછવાડે પાંચસોએક નવા ચહેરા હતા. વિજેતા પંડિતનું એ ભારતવર્ષમાં ઠેર ઠેર હાક બોલાવતું દળકટક હતું.

એ ગૌડ દેશના હર્ષવંશી હરિહર પંડિત હતા. ઊંટો, અશ્વો અને હાથીઓ લઈને એ ફરતા ફરતા ધોળકે આવ્યા હતા. એમનો દેખાવ કોઈ ખંડણી ઉઘરાવવા આવેલ રાજરાજેશ્વર જેવો હતો.

''તો પછી અમે જઈએ.'' એ શબ્દો રાણા પ્રત્યે પંડિતજીએ કહ્યા તે જ વખતે સોમેશ્વરદેવે કિનખાબમાં લપેટેલી એ કાવ્યપોથી સહિત પ્રવેશ કર્યો. એમના હંમેશના સાદા સામાન્ય નમનને મગરૂબ અતિથિએ કેવળ સહેજ હાથ ઊંચો કરીને જ સ્વીકાર્યું.

હરિહર પંડિતના પાંચસો જેટલા સાથીઓની વચ્ચે જઈ પહોંચેલો પેલો એનો બટુ કંઈક કહેતો હતો, જે સાંભળીને આ મંડળમાં તોછડો ગણગણાટ ઊઠ્યો હતો: ''ઘેર બૈરીઓને રીઝવતા હતા!''

રાણા વીરધવલ રણશૂર હતા, સંગ્રામમાં કદી સંકોડાયા નહોતા, પણ વિદ્વાનોની સભામાં તેમનું ચિત્ત વિકલ બનતું. ઉજ્જૈન, અવન્તી કે વારાણસીના વિદ્વાનો ધોળકે ઊતરતા ત્યારે પોતે અંદરથી ધ્રૂજતા. રણધીર તરીકે તો તેની અપકીર્તિ કરી શકે તેવો કોઈ માઈનો પૂત રહ્યો નહોતો, પણ ધોળકાના નામ પર વિદ્વત્તાનું મીંડું મુકાય તે એને છાતી પરના જખમ જેવું લાગતું.

''સોમેશ્વરદેવ!'' રાણાએ કહ્યું, ''પંડિતજીને તો આંહીં સૂનું સૂનું લાગે છે.''

''સ્વાભાવિક છે, પ્રભુ!'' સોમેશ્વરે ભોળા ભાવે જવાબ વાળ્યો, ''મંત્રીજીની હાજરી હોત તો તો રંગ જામી જાત.''

''હે-હે-'' હરિહર પંડિત હસ્યા, ''સાંભળ્યું છે કે બડા વિદ્વાન છે. રસિક છે ને કવિ છે. પણ નવાઈ છે કે હજુ પોતે ઉજ્જૈનમાં કે અમારા ગૌડ તરફ આવ્યા જ નથી. ગાથાયે મોકલી નથી.''

''એમને સ્પર્ધા પસંદ નથી.'' સોમેશ્વરે કહ્યું.

''સ્પર્ધા તો પછી, પ્રથમ તો પરીક્ષા.'' હરિહર પંડિતના મોં પર તુચ્છકાર દાબ્યો દબાતો નહોતો. તેનો પ્રત્યુત્તર આપ્યા વગર સોમેશ્વર ન રહી શક્યા:

"મંત્રીજીનો તો આપણી માફક આ વ્યવસાય નહીં ખરોને, પંડિતજી, એટલે પોતે કેવળ નિજાનંદ ખાતર જ સરસ્વતીને સેવે છે."

"ખરું છે, વાગ્દેવીની એ રીતની ક્રીડા વડે નિજાનંદ, મિત્રાનંદ, નારીરંજન વગેરે અનેક અર્થો સરે છે. સ્પર્ધા અને પરીક્ષામાં તો માથાકૂટનો પાર નથી, પંડિતજી!" હરિહર પંડિતનો પિત્તો ફાટતો હતો.

એ દેખી રાણાજીએ વાતને વધુ આગળ જતી અટકાવીને કહ્યું: "પંડિતવર્ય! આપને એક પરિશ્રમ આપવા જેવું છે. આંહીં અમે વીરનારાયણ મંદિર કરાવ્યું છે. તેમાં કોતરાવવાના એકસો ને આઠ શ્લોકો અમારા સોમેશ્વરદેવે રચેલ છે. આપ સાંભળો ને કહો કે એ કેવાક છે."

"સુખેથી."

સોમેશ્વરદેવે શ્લોક-પાઠ શરૂ કર્યા ત્યારે આખી રાજસભાની સામટી આંખો હરિહર પંડિતના ચહેરા પર ચોંટી. એ ચહેરો જાણે કે ધોળકાની કીર્તિ-અપકીર્તિનું ત્રાજવું બની રહ્યો. શરૂમાં તો સોમેશ્વરદેવના પગ ધ્રૂજતા હતા.

જેમ જેમ શ્લોકો ગવાતા ગયા તેમ તેમ હરિહર પંડિતનું ધ્યાન પ્રત્યેક શબ્દ પર એકાગ્ર બન્યું. એના ચહેરા પર પ્રફુલ્લિતતા પ્રસરી. એનું શિર ડોલવા લાગ્યું. એની આંગળીઓ તાલ દેતી થઈ. આખી રાજસભાના નિષ્પ્રાણ ખોળિયામાં નવો જીવ આવ્યો. સોમેશ્વરદેવ પણ ચગી ગયા. રાણા વીરધવલને પોતાની જતી પ્રતિષ્ઠા પાછી વળી લાગી.

શ્લોક-પાઠ પૂરો થયો, સભા એકશ્વાસ બની, વીરધવલનું મોં મહાન પરોણાની પરીક્ષાનું પરિણામ સાંભળવા તલપાપડ થયું, કરગરી રહ્યું. અને પછી હરિહર પંડિતે ચોમેર નજર કરીને રાણાને કહ્યું: "વાહ! શ્લોકો તો અતિ સુંદર છે."

"કાંઈ ક્ષતિ? કાંઈ દોષ?" રાણાએ મહેમાનને વધુ ચકાસ્યા.

"એકપણ નહીં, લેશમાત્ર નહીં. પરંતુ –" એટલો બોલ પડતો મૂકીને હરિહર પંડિતે હોઠને ખૂણે કુટિલ હાસ્ય ફરકાવ્યું.

"કેમ અટક્યા?" સોમેશ્વરદેવે હિંમતમાં આવીને પૂછ્યું, "જે કહેવા જેવું હોય તે સુખેથી કહો, હું તો વિદ્વાનોની ચરણરજ છું, હજુ તો શિષ્ય થવા લાયક છું, કહેશો તે શિર પર ચડાવીશ."

"ના, કંઈ નહીં. જવા દો; કાવ્ય અદ્દ્ભુત છે, પણ – કંઈ નહીં હવે." હરિહર પંડિત જે કહેવું હતું તે જાણે કે ગળી જતા હતા.

"કહોને, પંડિતજી!" રાણાએ આગ્રહ રાખ્યો.

"કહીશ તો એ હતોત્સાહ થશે." પંડિતે વીરધવલને કહ્યું: "પડતી જ મૂકીએ

વાતને."

એના પ્રત્યેક શબ્દે રાજસભા વધુ શંકિત અને તલપાપડ બનતી ગઈ.

"નહીં, પંડિતજી!" સોમેશ્વરદેવે હરિહરને ચીંથરાં ફાડતો સમજી લઈ, આગ્રહપૂર્વક માગણી કરી, "આપ મારી દયા ખાધા વગર કહી નાખો, મનની મનમાં ન રાખો."

"જો એમ જ આગ્રહ હોય તો કહું, રાણાજી! આ શ્લોકો નવા રચેલા નથી."

"અરે વાત છે કંઈ?" સોમેશ્વર લડાઈના રંગમાં આવી ગયા, "નવા; તદ્દન નવા છે. અનુકરણ માત્ર પણ નથી, કૃપાળુ!"

"ના, અનુકરણ નથી, પણ અપહરણ છે. શબ્દેશબ્દ પારકો ઉઠાવેલો છે." હરિહર પંડિત બિલકુલ ઠંડે કલેજે, સોમેશ્વરની સામું જોયા પણ વગર, કેવળ રાણા પ્રત્યે જ નજર રાખીને લહેરથી બોલ્યા.

"અપહરણ! ઉઠાવેલા!" સોમેશ્વરદેવનું રોમ રોમ આક્રમણ કરી ઊઠ્યું. "શામાંથી – ક્યાંથી ઉઠાવેલ? – ઉઠાવેલ કહો છો? આ શું કહો છો, મહારાજ? ઉઠાવેલા!"

"ઉઠાવેલા ને ચોરેલા."

"ક્યાંથી? શામાંથી?"

"ઉજ્જૈનમાંથી, સરસ્વતી-કંઠાભરણના મંદિરની અંદર કોતરેલી પ્રશસ્તિમાંથી. એ રહ્યા ત્યાં આ બધા જ શ્લોકો. એ તો છે ભોજ મહારાજના વર્ણનના."

હરિહરના પેટનું પાણી, આ બોલતે બોલતે જરાકે હલતું નહોતું. જેમ જેમ સોમેશ્વરદેવ ઉત્તેજિત થતા હતા તેમ તેમ પરોણો ટાઢોબોળ બનતો હતો.

"શી સાબિતી?" સોમેશ્વરની સહનશક્તિ તૂટવા લાગી.

"સાબિતી તો બીજી શી? હું ત્યાં ગયેલો છું. મેં એ શ્લોક ત્યાં વાંચ્યા છે. એટલું જ નહીં પણ મને સુંદર લાગવાથી મેં એ કંઠસ્થ પણ કરેલા છે. જુઓને હું બોલી બતાવું."

એમ કહીને હરિહર પંડિતે એ એકસો ને આઠ પૂરા શ્લોક ધોળકાની રાજસભાને કડકડાટ સંભળાવી આપ્યા, જેને અંતે ગૌડના પાંચસો શિષ્યોના વૃંદે વિજયની ઘોષણા કરી. રાજસભાના ઘુમ્મટને તેમ જ શ્રોતાઓનાં હૃદયોને વિદારતી એ ઘોષણા રાણા વીરધવલને ઝાંખાઝપટ કરી રહી. સોમેશ્વરદેવની સ્થિતિ તો વર્ણવી ન જાય તેવી થઈ.

પોતાનું મોં લૂછીને હરિહર પંડિતે છેલ્લો પ્રહાર કર્યો: "આથી કંઈ કોઈએ હતાશ થવાનું ન હોય, હો પ્રભુ! અમે સૌ સમજીએ છીએ કે ધોળકા તો હજુ બાર-

તેર વર્ષનું બચ્ચું છે. અમે કંઈ ઉજ્જૈન-ધોળકાની સરખામણી કરીને ધોળકાને ઉતારી પાડીએ તેવા મૂર્ખ નથી. ઉજ્જેણીને તો તેર સૈકાનો ઇતિહાસ અને સંસ્કાર છે. અમારી તો એક જ ભાવના છે કે બાળક ધોળકા કેમ વૃદ્ધિને અને ખ્યાતિને પામે; પણ અપહરણ એ તો એક મહારોગ છે. સરસ્વતીની ચોરીનો રોગ આ તેર વર્ષના શિશુને ઉજરવા નહીં આપે. ચોરેલી વિદ્યાના કરતાં વિદ્યાનો અભાવ જ વધુ ઠીક છે."

તે પછી સભાના કાર્યક્રમનો બધો જ કબજો હરિહર પંડિતે લઈ લીધો. સોમેશ્વરદેવ નિર્જીવ પાષાણ જેવા બેસી રહ્યા.

## 29
## જૈસે કો તૈસા!

**સાં**જ પડી ગઈ હતી. ઘરમાં બેઠેલા સોમેશ્વરદેવના હાથમાં લેખણ અને પાનાં થંભ્યાં હતાં. બાજઠ પરના બળતા દીવા સામે એની આંખો ફાટી રહી હતી. લખેલાં સાહિત્ય-પાનાંને ચાટી જવા પોતાની શિખા-જીભ લાંબી કરતો દીવો પવનમાં માથું ઘુમાવતો હતો.

પાઠશાળામાં શિષ્યોનું વૃંદ ચૂપ બેઠું હતું. કોઈ કોઈને કશું પૂછી પણ શકતા નહોતા. બહારના લોકો આવતા હતા અને શું થયું, શી વાત હતી, સાચી બાબત શી છે, એવું એવું પૂછીને સોમેશ્વરના અંતરની આગમાં આશ્વાસનનું ઘી હોમતા હતા. દિગ્મૂઢ ગુરુદેવ કોઈને કશો જવાબ દેતા ન હતા.

આશ્વાસકો વધી પડ્યા. રેવતી બહાર આવી. દ્વાર પર ઊભી રહીને એણે હિંમત રાખીને સૌને પાછા વાળ્યા. પાછી ન વાળી શકી એક પોતાની બાને.

''આ તે શું થવા બેઠું છે?'' બોલતાં બોલતાં રેવતીની બા સોમેશ્વરદેવના સૂનમૂન દેહ પાસે આવી બેઠાં અને પતિના શરીર પર હાથ ફેરવતાં બોલ્યાં: ''અરે રે! કાયા તો જો કાયા, પડછંદી જેવી કાયા એક દા'ડામાં તો કેવી સુકાઈને ચામડું થઈ ગઈ!''

સોમેશ્વરદેવની જીભ ચૂપ હતી. એનું મન જાણે મૂર્છામાં પડી ગયું હતું.

''હેં – પણ તમે મને કહો તો ખરા, કોઈને નહીં કહું – હું મરું, મને એકલીને તો કહો સાચી વાત, ઈવડા ઈ શ્લોકો તમારા નથી?''

સ્વામી એવો પ્રશ્ન સાંભળીને સળગતો હતો. એની જીભ પર જવાબ ન હતો.

''ના, ના, પણ હેં – સાચું જે હોય તે કહી દેવામાં આપણું શું જાય છે? સાચું નહીં કહો તો રાજની ચાકરી જશે, રાજનો આશરો જશે. એમ થશે તો આપણે કરશું શું? તમે તે ઉડાઉ ઓછા હતા! અક્કેક શ્લોકના લાખ લાખ દ્રમ્મની બક્ષિસો મળી તેય વગરવિચારી બસ લૂંટાવી દીધી, જે આવ્યો તેને દઈ જ દીધી, પણ હવે આ રેવતી મોટી થઈ તેના વીવાનું શું કરશું? આપણે બે જણ નભશું શી રીતે? રેવતીનો વીવા...''

પત્નીના બોલ સોમેશ્વરને દઝાડતા હતા. પોતાના વિદ્યાજીવનનો એકનો એક ગર્વ – પોતાને મળેલાં પારિતોષિકોની શિષ્યોમાં મોકળે હાથે વહેંચણી – એને પણ નાદાન પત્ની અપમાનિત કરી રહી હતી. પોતાની દરિદ્રતાનું ગૌરવ ટુકડા થતું હતું.

પણ એથી વધુ અપમાન તો પુત્રીનું થતું હતું. સરસ્વતીમંદિરના બાજુના જ ખંડમાં રેવતી હતી. એ પિતાના આ એકસો આઠ શ્લોકોની રચનાની મૂળ કાચી પ્રતનાં વેરણછેરણ પાનાં ગોતી એકઠાં કરી રહી હતી. એને કાને બાના નાદાન બોલ અથડાયા. પિતાના શરીર પર ઊતરેલી કન્યા ઊંચી, પાતળી અને ગૌર ગૌર શરીરવાળી હતી. એનું મોં તપી ગયું. એ કોને કહે કે મારા વિવાહની વાત બંધ કરો! બા તો લપ્પી હતાં. દર્પભરી રેવતી હોઠ કરડી રહી.

કોઈકની છાયા પડી, કોઈકે એ ખંડમાં હળવે પગલે પ્રવેશ કર્યો અને રેવતીના કામમાં વિક્ષેપ નાખ્યા વગર એ ઊભો ઊભો રેવતીનાં બંને પડખાંના મરોડને, પાલવના ઢળાવને, કાન પર ઝૂલતી લટોને, સ્વપ્નભરી આંખે જોતો હતો.

એ શિલ્પી શોભનદેવ હતો. સંઘની સાથે પોતે ધોળકા પાછો વળ્યો હતો. અનુપમાદેવીની સાથે એને ચંદ્રાવતી જવાનું હતું. સંઘમાં માશી સાથે ગયેલી રેવતી શોભનદેવની શિલ્પકલાના ચાળા પાડતી અને ચીડવતી. શોભનદેવને એમાં સુખ મળતું. કારણ કે વખાણનારા સૌ મળતા, બેકદર બેવકૂફો પણ ઘણા હતા, વણસમજ્યે માત્ર 'સુંદર છે' કહીને પોતાની સૌંદર્યપારખુ શક્તિનું પ્રદર્શન કરનારા પણ કંઈક વેપારીઓનો શોભનદેવને સંઘમાં ભેટો થયો હતો; પણ પોતાની પ્રતિમાઓના દેહમરોડોના ચાંદૂડિયા પાડી નારી-દેહનું વિરલ દાક્ષિણ્ય દાખવનારી રેવતીની વિનોદભરી કળાસમજ પર શોભનદેવ મુગ્ધ હતો. કેટલીય સંધ્યાએ એણે રેવતીને શત્રુંજય–ગિરનારનાં શિખરો પર અને પ્રભાસને સિંધુતીરે બંકી છટા સાથે ઊભેલી જોઈ જોઈ, આબુ પર નવા બાંધવાના મંદિરની માનવપૂતળીઓની કલ્પના તૈયાર કરી હતી.

"પિતાજી પાસે જઈ બેસશો?" રેવતીએ પહેલી જ વાર શોભનદેવને કરગરતે સ્વરે કહ્યું. અપમાનિત ભવ્યતાની હૃદય-જ્યોત જેવી રેવતી શોભનદેવને અપૂર્વ લાગી.

એ જઈને સોમેશ્વરદેવના ખંડની બહાર ઉંબર પાસે અબોલ બેઠો. એ એક જ આશ્વાસક શબ્દહીન હતો. સોમેશ્વરદેવે પત્નીના ચાલ્યા ગયા પછી એને પાસે બોલાવ્યો: "શિલ્પી! આવો અંદર."

શોભનદેવ અંદર જઈને ઊભો રહ્યો.

"રેવતી, બેટા," સોમેશ્વરદેવે સાદ પાડ્યો: "આબુના ચૈત્યમાં કોતરવાની, ડભોઈના દુર્ગ-દ્વાર પર મૂકવાની, મેં રચેલી જે કોઈ પ્રશસ્તિઓ હોય તે બધી જ

આંહીં લાવ.''

''એ જ શોધું છું, બાપુજી!'' રેવતીએ કહ્યું. પણ પોતે જાણતી હતી. પિતા એ બધી રચનાઓને ભસ્મ કરવા મગાવે છે! એણે શોધ લંબાવ્યે જ રાખી.

''શોભનદેવ,'' સોમેશ્વરદેવે કહ્યું, ''તમે કેમ મને આશ્વાસન આપતા નથી?''

મૂંગો ને મધુરો શિલ્પી સહજ જે હસ્યો તેનો જાણે કે ઓરડામાં ઉજાસ પડ્યો.

''હું બીજું તો બધું જ બાળી દઈશ, શોભનદેવ,'' સોમેશ્વરદેવે ગદ્ગદ સ્વરે કહ્યું, ''પણ મારી એક કૃતિને – મારી રેવતીને શી રીતે નષ્ટ કરી શકીશ?''

શોભનદેવના હોઠ પર 'હું સાચવીશ' એ શબ્દો આવીને પાછા વળી ગયા. એણે ફક્ત એટલું જ કહ્યું: ''હું પાષાણનો શિલ્પી છું, તેમ આપ શબ્દના શિલ્પી છો. વેદના તો આપણી શિલ્પીની જનની છે, દેવ! આપને આ ઉકળાટ શોભે?''

''રેવતી!'' સોમેશ્વરદેવ ઘડીએ ઘડીએ પૂછતા હતા, ''જો તો ખરી બેટા, મંત્રીકાકા ક્યાંય આવે છે? જોને સિદ્ધેશ્વરને શિખરે ચડીને!''

''આવે છે, બાપુજી!'' રેવતી દિલાસો દેતી હતી.

રાત પડી. વસ્તુપાલ ખંભાતથી આવી પહોંચ્યા. સભામાં બનેલી વાત અને સોમેશ્વરદેવની આત્મહત્યાની તૈયારી જાણી. છાનામાના મિત્રને ઘેર ગયા, અને જઈને પહેલું પ્રથમ તો ખડખડાટ એક મોટું હાસ્ય કર્યું; ને પછી કહ્યું, ''અલ્યા બામણા! કાંઈક શરમા હવે, શરમા  શીદ બાયડીના ને છોકરીના શ્વાસ ઊંચા કરતો બેઠો છે! મરી જવું છે, એમ ને! લે, મરી જા. એટલે વગર ચોરીએ સદાકાળનો ચોર ઠરીને સેંકડો વર્ષો સુધી ઇતિહાસનો ફિટકાર પામતો રહેજે!''

''જીવીને શું કરું?'' સોમેશ્વરને સાચું પૂછવા ઠેકાણું જડ્યું.

''સંગ્રામ કર અમારી જેમ, શું કરું શું બીજું? સાહિત્યને શું ઊનો, ફળફળતો, ઝટ ગળે ઊતરી જનારો શીરો જ સમજી બેઠો છે! હાથે કરીને શાહુકાર મટી ચોર ઠરવા બેઠો છે?''

''ભાઈ, મારી શાહુકારી હું શી રીતે સાબિત કરું? હું કોને, રાણાજીને ઉજ્જૈન ખાતરી કરવા મોકલું?''

''ઉજ્જૈન ઉજ્જૈન કરો મા, મહારાજ! આવશે ઉજેણીવાળા આંહીં જો ગરજ હશે તો! ઊઠો, કંઈક શરમાઓ. આઠ દા'ડાની મહેતલ માગું છું. પછી જોઈએ તો બળી મરજો, હું જ ચિતા ખડકી આપીશ.''

''આપ શું કરશો?''

''એણે – એ હરિહરે શું કર્યું છે?''

''મારો દ્વેષ કર્યો છે, મારા શ્લોકોનું ગમે તે રસ્તે અપહરણ કર્યું છે.''

"છે તો શબ્દેશબ્દ તારી જ કૃતિને? ચોરી હોય તો કહી દેજે, તો એનોય રસ્તો કાઢતાં મને આવડે છે."

"સિદ્ધેશ્વરની આણ, મેં ઉજ્જૈન જોયું પણ નથી."

"ત્યારે તો એણે ટોડો જ ફેંક્યો છે એ નક્કી કે?"

"સંપૂર્ણ સત્ય."

"ઊઠ ત્યારે, જઈને ઊંઘી જા નિરાંતે. જો પેલી ગોરાણી પડી પડી લોચતી હશે. ક્યાં ગયાં ભાભી? પડ્યાં છો શું? આ રઢિયાળાને લલાટે ચંદન પૂરો, પગે ઘી ઘસો, માથે તેલનું મર્દન કરો, એ રોતલની ભેગાં રોવા શું બેઠાં છો? પ્રભાત તો પડવા દો."

પ્રભાત પડ્યું ત્યારથી સાંજ સુધીમાં મંત્રીએ હરિહર પંડિતની સામે સરભરાનાં પુષ્પો પાથરી દીધાં. પારિતોષિકોના ઢગેઢગ હરિહર પંડિતના ખોળામાં ખડક્યા, અને એકાંતે જઈ વાત કરીઃ "આપ ખરું કહો છો, ધોળકા તેર વર્ષનું ટીપુડું છે, અને તેમાં પાછા અમને સોમેશ્વર જેવા જરા બોદા માણસ મળી ગયા છે."

"માણસોનો ક્યાં તોટો છે, મંત્રીજી!" હરિહર પંડિતે સોમેશ્વરદેવની તોછડાઈ પર પૂરી દાઝ ઉતારી.

"હું તો આપના કોઈ પ્રતિનિધિને આંહીં ખાતે મેળવવાની કૃપા યાચું છું."

"એ પણ થઈ રહેશે."

"હાલ તો તુરત આપ આંહીં ઠેરો."

"મારે સોમનાથ સુધી જઈ આવવું છે."

"શંભુની કૃપાથી આપની એ યાત્રાનો ભાર રાજ્ય જ ઉપાડશે. પણ કોઈરીતે પાછા પધારીને આંહીંના સંસ્કાર સુધારી આપો. અમે તો ઠગાઈ રહ્યા છીએ. હમણાં કોઈ નવી રચના કરી છે આપે?"

"હા, નૈષધકાવ્ય કર્યું છે."

"તે તો શ્રીહર્ષનું છે ને?"

"તે તો છે, પણ આ તો મારું નવું સ્વતંત્ર છે."

"ત્યારે તો શ્રીહર્ષનાને ટક્કર મારે તેવું હશે. કંઈક સંભળાવવા કૃપા કરશો?"

હરિહર પંડિતે થોડા શ્લોકો સંભળાવ્યા. ઊઠતાં ઊઠતાં મંત્રીએ કહ્યું: "આજે તો ઊંઘ નહીં આવે."

"કેમ?".

"આ કાવ્ય પૂરું જોઈ ગયા વગર."

"તો સાથે લઈ જાઓ."

"તો કૃપા! સવારે પાછું કરીશ."

"કાંઈ હરકત નહીં."

એ આખી રાત પાંચેક લહિયાઓ અને મંત્રી પોતે ઊંઘ્યા નહોતા. દીવીઓ ઓલવાઈ નહોતી. પ્રભાત થયું ત્યાં તો એ કાવ્યની નવી એક નકલ તૈયાર થઈ ગઈ. મંત્રીએ સૂચના આપી: "દો હવે એ પત્તાંને ધુમાડો. પછી રગદોળો ધૂળમાં, ને પછી બાંધી વાળો મેલા કોઈક કિનખાબમાં."

એવી રીતે તૈયાર થયેલી એ નૈષધકાવ્યની નકલ તુરત મંત્રીના ખંભાતના ગ્રંથભંડારમાં મુકાવાને માટે ચાલી ગઈ.

પ્રભાતે મૂળ નૈષધકાવ્ય પાછું હરિહર પંડિતને સોંપતાં વસ્તુપાલે કહ્યું: "આ કાવ્ય આપે કોઈ સભામાં સંભળાવ્યું છે?"

"ક્યાંય નહીં."

"તો ધોળકાને જ એ ગૌરવ લેવા દેશો?"

"જેવી ધોળકાની શક્તિ!" પંડિતનું લાલચુ મન ડોકિયાં કરી રહ્યું.

"આપને અસંતોષ નહીં રહેવા દઉં."

પ્રભાતની રાજસભામાં એ કાવ્ય વંચાયું. અને પછી મંત્રીએ સભાજનોને સંભળાવ્યું: "આવી કૃતિઓ જ પ્રજાના સંસ્કારને ઘડે છે. આપણે કૂવાના દેડકાં જેવા છીએ. શક્તિ નહીં એટલે ચોરીઓ કરી કરી શોભીએ છીએ."

હરિહરના પાંચસો ચેલાઓએ ગર્વની ઘોષણા કરી અને રાણા પાસેથી વસ્તુપાલે પંડિતને મોટું પારિતોષિક અપાવ્યું.

બે દિવસ જવા દઈને મંત્રી હરિહર પંડિતને ખંભાત લઈ ગયા. આંખોને આંજી નાખે તેવા સત્કારનો સમારંભ કરાવ્યો. પોતાના પુસ્તકભંડારમાં લીધા ને પછી કહ્યું: "આપના નૈષધકાવ્યના શ્લોકો કેમ જાણે મેં પૂર્વે ક્યાંઈક વાંચ્યા હોય તેવા કંઈક ભણકારા વાગ્યા કરે છે."

"સારું જોઈને તો એવા ભણકારા વાગે જ ને, મહારાજ! એ તો આપણી પ્રગતિ કરવાની નિશાની છે."

"હા, એ ખરું. જુઓને, અમારો સોમેશ્વર આમ તો બાપડો ચોખ્ખો છે, પણ હવે પેલા શ્લોકો ક્યાંક વાંચેલા તે પોતાના જ છે એવી ભ્રમણા એને રહી ગઈ છે."

"એક રીતે તો એ ભ્રમણા પણ પ્રગતિશીલતા જ છેના!"

પુસ્તકભંડારમાં ફરતાંફરતાં બન્ને બરાબર એ જ ઠેકાણે આવ્યા કે જ્યાં નૈષધકાવ્યની નવી પ્રત પરમ પ્રાચીન બનીને મુકાઈ હતી.

"ઓહો! આ રહ્યું નૈષધકાવ્ય. આ કોનું?" મોટું નામ વાંચી, દોરી ઉખેળી મંત્રીએ પુસ્તક વાંચવા માંડ્યું. સાંભળતાં જ હરિહર પંડિત ચોંક્યા. વાઢો તોય લોહી ન નીકળે!

"મને થતું જ હતું કે મારા વાંચવામાં ક્યાંઈક આવેલ છે." મંત્રીએ ડામ પર ડામ દેવા માંડ્યા, "પણ આપ જેવા સજ્જનને કંઈ કહેવાય? આ તો વળી અચાનક નીકળી પડ્યું. આ તો સારું થયું કે આપણને આંહીં જડ્યું. આપણા બે સિવાય કોઈને ખબર નથી એ સદ્ભાગ્ય છે, પણ સોમેશ્વર જાણે તો વૈર જ વાળેને!"

"આપે – આપે – આપે ઊઠીને મારી કૃતિ –"

હરિહર કાંઈ વધુ બોલે તે પૂર્વે તો મંત્રીએ હસીને કહ્યું: "ચોરી! ધરાર ચોરી."

"આપ જેવા –"

"મારા જેવો તો આ ગુજરાતમાં બીજો કોઈ શઠ નથી, એ હું કબૂલ કરું છું, મહારાજ!"

"આપ તો વિદ્યાના આશ્રયદાતા છો."

"હા, અને કુવિદ્યાનો પણ."

"મારી કુવિદ્યા?"

"ન હોય તો કહો કે સોમેશ્વરના શ્લોકો એ કોની ચોરી છે? આપની કે એની?"

"મારી નહીં, સરસ્વતીદેવીની."

"એ બાપડીને કાં વગોવો?"

"એણે મને શીઘ્ર સ્મરણશક્તિનું વરદાન દીધું છે. એક વાર જે સાંભળું છું તે સ્મરણમાં રહી જાય છે."

"એવી સરસ્વતી-કૃપા આવાં તરકટો કરી વૈર વાળવા માટે મળી છે?"

"હવે ક્ષમા કરો. મને છોડો."

"પણ સોમેશ્વરદેવને કોણ છોડાવશે? પધારો પાછા ધોળકે, ને એ જ ભરસભામાં મારા ભોળિયા રાણાને, પ્રજાને, પંડિતોને, સર્વને ખાતરી કરાવો, નહીંતર ભારતવર્ષની એકેય રાજસભામાં ઊભવાનું સ્થાન નહીં રહે તેવું કરી બતાવીશ."

વળતે દિવસે ધોળકાની રાજસભામાં અગાઉ નહોતી તેટલી મોટી મેદનીએ હાજરી આપી. હરિહર પંડિતે રાણા વીરધવલ આગળ પોતાની અદ્ભુત યાદશક્તિના જોરથી ઊભા કરેલા આળનો આ પ્રમાણે એકરાર કર્યો:

"નદીકાંઠે મેં સરસ્વતીનો મંત્ર સાધેલો હતો. એના હોમકાળે સરસ્વતી પ્રત્યક્ષ થયાં, 'માગ માગ' કહ્યું. મેં માગ્યું કે, એકસામટાં એકસો ને આઠ ઋચા, શ્લોક,

કાવ્ય કે વસ્તુ બીજો કોઈ બોલી જાય તે હું ધારી શકું. મા સરસ્વતીએ તથાસ્તુ કીધું. તેના સામર્થ્યથી જ મેં સોમેશ્વરદેવના શ્લોકો યાદ રાખી લઈને તેમને ચોર ઠરાવ્યા હતા. એ શ્લોકો તદ્દન સ્વતંત્ર છે.''

''ઘણું સારું! ઘણો આનંદ થયો!'' રાણા વીરધવલને હર્ષાવેશ આવી ગયો.

''એમ તે કંઈ હોય, બાપુ!'' કહેતા વસ્તુપાલ ઊભા થયા. ''હવે તો એ વાતની પૂરી પરીક્ષા થવી જોઈએ. હરિહર પંડિતના સરસ્વતી-વરદાનનું સાચજૂઠ સાબિત કરવું પડશે. તે પૂર્વે આપણા રાજગુરુ સોમેશ્વર નિર્દોષ નહીં ઠરી શકે.''

''તો આપ કોઈપણ એકસો આઠ શ્લોકો સંભળાવો.'' હરિહર પંડિતે આહ્વાન આપ્યું.

સત્ય સિદ્ધ થયું, સોમેશ્વરદેવને માનપાનથી તેડાવવામાં આવ્યા, હરિહર પંડિત એને પગે પડ્યા, સોમેશ્વરદેવ હરિહરને ભેટી પડ્યા.

''લો આ, ને મનેય ક્ષમા કરજો.'' એમ કહેતા વસ્તુપાલે હરિહર પંડિતને ઉતારે જઈ પોતે કરેલી તે નૈષધચરિતની નકલ ભળાવી અને સંપૂર્ણ માનદક્ષિણા સહિત સોમનાથ તરફ વળાવ્યા.

પણ હરિહરના પરાજયથી વસ્તુપાલને મન વાત પતી નહોતી ગઈ. ''આટલી મોટી ધાપ મારી શકાય છે! સાહિત્યકારો શું આટલી સહેલાઈથી લોકોની આંખોમાં ધૂળ નાખી શકે?'' વિચારતા વિચારતા એ સોમેશ્વરદેવને મળ્યા. પૂછ્યું, ''આનું કારણ શું છે?''

''એનું કારણ પારકી વિદ્યા પ્રત્યે વધુ પડતો મોહ! આંહીંનો પ્રત્યેક વિદ્યાપ્રેમી ઉજ્જૈન અને અવન્તી, વારાણસી અને ગૌડદેશ તરફ જ ડોકી ઊંચી કરે છે. અને ત્યાંથી આવતી ગાથાઓની પૂર્તિ કરવા આપણે ખોપરીઓની કચુંબર કરીએ છીએ.''

''દોષ કોનો?''

''પોતાને જે 'લઘુભોજરાજ' કહેવરાવવામાં રાચતો હોય તેનો.'' સોમેશ્વરદેવે વસ્તુપાલને વિદેશી પંડિતોએ મોટાં ઇનામોની લાલચે આરોપેલા આ બિરદ પર ટોણો લગાવ્યો. વસ્તુપાલને આ ઘા વાગ્યો પણ ખરો.

''પારકાઓ પર કેટલી બધી મુગ્ધતા!'' સોમેશ્વર દુઃખ પ્રકટ કરતા હતા: ''મારા શ્લોકોને સદંતર અપહરણ કહેનાર એક અજાણ્યો માણસ ફાવી જાય છે, હું ચોર નથી એમ કહેનારો હું ઘરનો માણસ સંદેહને પાત્ર બની જાઉં છું! કોઈ ચૂં કે ચાં કરતું નથી. કોઈ વધુ ખાતરી માગતું નથી.''

''સોમેશ્વર! ભાઈ!'' વસ્તુપાલે હસીને સાંત્વન આપ્યું, ''એનું નામ જ જગત! તું કે હું એ જગતને આપણા પ્રભાવમાં આંજી શકશું, પણ એને એ છે તે કરતાં

વધુ ડાહ્યું કે વધુ વિચારશીલ નહીં કરી શકીએ.''

તે વખતે ઘરને પાછલે દરવાજેથી સિદ્ધેશ્વરમાં અનુપમા આવી અને સાથે એક દરિદ્ર બ્રાહ્મણને લાવી, કહ્યું: ''આ મહારાજ એક પ્રશસ્તિ રચીને લાવ્યા છે.''

''આપણી વિદ્યાસભામાં જ આવજોને, મહારાજ!'' વસ્તુપાલે કહ્યું.

''ત્યાં તો આવ્યો હતો, અને આપના માણસોએ મને આ ઇનામ આપીને બહારથી જ પાછો વળાવ્યો.'' એમ બોલી એણે પોતાના શરીર પરની ફાટેલી પિછોડી બતાવી, ''હું આપને એ દાન બદલનું જ આશીર્વચન કહેવા આવ્યો છું.'' એમ કહીને બ્રાહ્મણે શ્લોક લલકાર્યો:

*क्वचित्तूलं क्वचित्सूत्रं कार्पासास्थि क्वचित्क्वचित् ।*
*देव त्वदरिनारीणां कूटीतुल्या पटी मम ॥*

[ક્યાંક રૂ, ક્યાંક સૂતર અને ક્યાંક ક્યાંક કપાસિયા લાગેલી આ પટી – આ પિછોડી, જે મને તારા માણસે દાનમાં દીધેલ છે, તે મને તો તારા શત્રુઓની સ્ત્રીઓની છિન્નભિન્ન બનેલી રાવટી સમી લાગે છે.]

''વાહ રે વિપ્રદેવ, વાહ! કેટલી ચમત્કૃતિ મૂકી છે એક જ કલ્પનામાં!'' સોમેશ્વરદેવે વખાણ કર્યાં.

''અનુપમા!'' વસ્તુપાલે હર્ષ અનુભવીને કહ્યું, ''એને દોઢ હજાર દ્રમ્મ દેવાનું કહો લૂણસીને!''

''જેવી આજ્ઞા.'' કહીને અનુપમા કંઈક વ્યગ્ર ચહેરે ઊભાં.

''તમને આ કાવ્યનો મર્મ તો સમજાયોને, અનુપમા!'' મંત્રીએ પૂછ્યું.

''જી હા! આપે આપેલી ખરાબ પટી(પિછોડી)ને નિંદવામાં જ એ આપનું ગૌરવ આલેખે છે. આપના શત્રુની સ્ત્રીઓની દુર્દશાનો એમાં ચિતાર છે.''

''આની પાસે ઉજ્જૈન અવન્તી તે પાણી જ ભરે ના!'' સોમેશ્વરદેવ વધુ વધુ પ્રસન્ન થતા હતા.

''રહો, દેવ! અનુપમા કંઈક બીજું જ કહેવા ઇચ્છતી હોય તેવું મને લાગે છે. કહો અનુપમા, શું લાગે છે?''

''લાગે છે – વિદ્યાનું દુષ્ટ વિનોદમાં પતન!''

એમ કહીને એ પોતાની પાછળ બેઉ કવિ-પંડિતોને વિમાસતા છોડી ઝડપથી વહી ગઈ.

''એને કેમ ન ગમ્યું?'' સોમેશ્વરને નવાઈ લાગી.

''શત્રુની સ્ત્રીની અવદશાનો ચિતાર એને જંગલી લાગ્યો. કાવ્યવિનોદની આવી કરામતો એને ફાવતી નથી. એનું દિલ ધસી રહ્યું છે ચંદ્રાવતી તરફ. લાંબી

મુદતને માટે એ જાય છે. પાછી એ આંહીં કોણ જાણે ક્યારે વળશે. પછી મને તો કોઈ ઠપકો દેનારુંય નહીં રહે! એ હતી – એની બીક લાગતી – તો ઠીક હતું. એના જવાથી હું ઉઘાડો પડી જઈશ!"

એ વિષાદની લાગણીમાં ડૂબતા બચવા માટે વસ્તુપાલ જલદી ઊઠી ગયા અને અનુપમાની હાજરી વગરના ધોળકાની ભાવી શૂન્યતાને કલ્પી અંદરથી અકળાતા એ રાત્રિએ, અપાસરે પોતાના મુનિમહારાજના દર્શને ગયા. અંદર એકલા વૃદ્ધ ગુરુ બેઠા હતા. શિષ્યો પૈકીનો એકેય ત્યાં હાજર નહોતો.

'રાતને વખતે અપાસરો છોડીને આ બધા ક્યાં સટકાવી જતા હશે!' ઉપરાઉપરી ત્રણ રાત્રિઓથી પોતે આ કૌતુક આંહીં દેખતા હતા તેનો તેને વિચાર થઈ આવ્યો.

દીક્ષાધારીઓની ચિંતા મંત્રીને સતત મૂંઝવતી. એક તરફ એને સર્વ પંથો પ્રત્યે સમદષ્ટિ સાચવવી હતી ને બીજી તરફ આ જૈન સાધુઓનું જીવન-કોકડું ભારી જટિલ હતું. તેમની ત્યાગી દશામાં જ તેમને હડસેલી દેતાં આખા પંથમાં વૈરાગ્યની નીરસતા વ્યાપતી હતી, અને એ નીરસતામાં રસિકતાને મૂકવા જતાં આચારમાં શિથિલતા આવી જતી હતી. બન્નેમાંથી કઈ રીતે બચાવી લેવાય? આ વિષમ વૈરાગ્યબંધને જકડાઈને પૌષધશાળાઓમાં જ પડી રહેતા સાધુઓમાં સાર્વજનિક જીવન-રસ શી રીતે પેદા કરી શકાય?

એ કરવાને માટે પોતે પોતાની વિદ્યાસભાને બ્રાહ્મણ અને શ્રાવક સર્વનું મિલનસ્થાન બનાવી હતી. એ સભામાં સંસારીઓ તેમ જ ત્યાગીઓ સાથે મળી પ્રશસ્તિઓ રચતા, ગાથાઓની હરીફાઈ માંડતા, રસિકતાને મોકળી મૂકતા, મહત્ત્વાકાંક્ષાઓને પણ સંતોષવાની સીડી મેળવતા.

આમ છતાં આ યુવાન સાધુઓ ત્રણ-ત્રણ રાતથી ક્યાં જઈ છુપાય છે? ને શું કરે છે?

રાજ્યના શાસનપતિ તરીકે એ પોતાને ધર્માચારનો પણ ચોકીદાર સમજતા હતા. એણે આવી શિથિલતા સહી ન લીધી.

વૃદ્ધ ગુરુની પાસેથી એણે વિનયપૂર્વક સત્ય જાણવા માંગ્યું.

તેમણે શરમાઈ જઈને કહ્યું: "આજકાલ નગરમાં એક વિદ્વાન ચાચરિયાક (ભાણભટ્ટ) આવ્યા છે. એની વાણી સાંભળવાને માટે રોજ સૂરિઓ વેશપલટો કરીને જાય છે."

સાંભળીને પહેલાં તો એને ગુસ્સો આવ્યો, પછી અનુકંપા આવી. નગરના ચોકમાં કથા માંડી બેઠેલા ચાચરિયાકની શ્રોતામંડળીમાં જઈને સાધુઓને ગુપ્તવેશે

વિદ્યારસ લૂંટતા દીઠા, તે વખતે કંઈ ન કહ્યું. ચાલ્યા ગયા. જઈને એકાંતે એ સાધુઓના ચહેરા યાદ કરી જોયા. કેવી કેવી કથનીઓ એ ચહેરાઓ પર લખાઈ હતી! કોઈ ચહેરો આચાર્યપદની મહત્ત્વાકાંક્ષાએ તલસતો હતો, કોઈ મોં પર પ્રેમભગ્નતાની હતાશા હતી, કોઈક ભોળવાઈ ગયેલા શિશુઓ હતા જેમના મોં પર જનેતાનું ધાવણ મહેકતું હતું, કોઈકને કર્કશા સ્ત્રીએ દીક્ષા તરફ ધકેલ્યો હતો તો કોઈકને ગરીબીએ.

આમ એ પ્રત્યેક મોં એક પ્રશ્ન જેવું હતું. તે સર્વનું શરણું શારદાનો ખોળો હતું. ચાચરિયાકની વિદ્વત્તાભરી વાતોમાં રસ લેવો એ મિથ્યાત્વ હો તો ભલે હો, આ સાધુઓની માનવસુલભ લાગણીઓને સંસ્કારી પોષણ આપવા વગર છૂટકો નથી એવું ભાવતા મંત્રી સૂતા.

અપાસરે પાછા ફરતા સૂરિઓને મંત્રી-તપાસની જાણ થતાં તેમણે ભોંઠામણ અને ઠપકાનો ભય અનુભવ્યાં. પ્રભાતે શું થશે તેની ફાળ લાગી. પ્રભાતે મંત્રી તો અપાસરે ન ડોકાયા, પણ રાત પડી ત્યાં સૂરિઓએ જોયું કે પેલા આગલી રાતના ચાચરિયાકે તો અપાસરાને દરવાજે આવીને ચાચર રોપી દીધેલ છે ને એનાં કથાગાનની જમાવટ ત્યાં જ થઈ રહી છે!

"આંહીં કેમ?" ચાચરિયાકને પૂછતાં તેણે જવાબ વાળ્યો:

"મંત્રીએ આજ્ઞા કરી છે, કે જૈન સાધુઓ ધરાઈને સાંભળે તેટલા દિવસ સુધી આંહીં જ કથાવાર્તા માંડવી."

30

# નવી ખુમારી

અનુપમાએ ધોળકામાંથી વિદાય લેતા પહેલાં જેતલબાને મળી લીધું.

"કેવી સુખી છે તું!" જેતલબાએ આ વિદાયની વેદનાને દબાવતાં દબાવતાં કહ્યું: "દીકરો જુવાન, પોતે સાધુડી; ધણીને નવી એક ઢીંગલી ભળાવીને મોકળી થઈ ગઈ."

"આપ પણ થાવને મોકળાં!"

"પૂછવા તો જા તારા રાણાને! એને તો નીવડેલ ઠામ છોડવું જ નથી. ફરી પરણવાનો વિનોદ પણ ખમી શકતા નથીને!"

"તમે પણ ઠીક રાણાજીને વાતોનાં વાળુ કરાવીને કબજે રાખો છો, બા! કહોને કે, પોતાને જ છૂટવાનું મન નથી."

"ના રે, બાઈ! મારે તો આ હજી નાનો છે," એમ કહીને પાસે બેઠેલા નાના કુમાર વીસળદેવને માથે હાથ મૂક્યો.

એ વખતે જ અનુપમાને વીરમદેવ યાદ આવ્યા. આ વખતે તો પોતે પાટણ જઈને એને મળવાની જ હતી; મનાવી, ઠેકાણે લાવી પાછા ધોળકા ભેગા કરવાની જ હતી.

પણ એનું નામ લેતા પહેલાં અનુપમાએ જેતલબાનું મોં જોયું. એ મોં પર 'આ મારે નાનો છે' એમ બોલતી વખતે જ ઝાંખપ આવી ગઈ હતી. અનુપમા જનની હોવાથી જનેતાનું હૃદય જોઈ શકી. એણે કહ્યું: "બા, પાટણમાં વીરમદેવજીને કંઈ કહેવરાવો તો ખરાં?"

"હા, કહેજે કે માને પેટ પા'ણો કાં ન પડ્યો!"

"રહો રહો હવે, બા!" અનુપમાએ જેતલદેવીનાં નેત્રો પ્રથમ લાલઘૂમ અને પછી અશ્રુભીનાં બનેલાં જોઈને કહ્યું.

"રહે તે કયા સુખે! કઈ ઠારકે! તારા વરને અને જેઠને કારભારું ભળાવ્યું – ભળાવ્યું શું, ગળામાં પરાણે પહેરાવ્યું – તે દિવસને હું ભૂલી નથી ગઈ. આ જ અમારા પેટનું પાપ પાક્યું. તેણે જ એ બેય ભાઈઓનાં ભાણામાં ઝેર ભભરાવ્યું

છે ના!"

"એવું કંઈ નથી, બા!"

"ન શું હોય?" ભોળી જેતલરાણી પોતાને ને રાણાને મંત્રીઓનાં જ સદાનાં ઓશિંગણ માનતી હતી તેથી આ ઉત્પાત એને છોડતો જ નહોતો; "કોળિયામાં તો કાંકરો જેને આવતો હોય તેને જ ખબર પડે કે કચરડાટી કેવીક બોલે છે. એ નપાવટને પાટણ મોકલ્યો તો પાટણમાં કારસ્તાન માંડ્યાં. મુલક બધો તમારા સંઘની ચરણરજ લેવામાં પુણ્ય માનતો'તો ત્યારે એ કાળમુખાએ એક જાત્રાળુ બાઈને ઉઠાવી ગેબ કરી!"

અનુપમાએ પણ આ વાત સાંભળી હતી. ચોમેર બસ એ જ વાત પ્રસરી ગઈ હતી.

"અમે બેઉએ તો એનું સ્નાન પણ કરી નાખ્યું છે એમ કહેજે, જો મળે તો." રજપૂતાણીનો એ પુણ્યપ્રકોપ બોલતો હતો તેની પાછળ માતૃહૃદયના છૂપા તાર ઝણઝણતા હતા, 'હા હા, મળજે ને સાફ કહેજે!' એ શબ્દો વારંવાર બોલાતા હતા, કેમ કે, જનેતા એટલું તો ઇચ્છતી હતી કે અનુપમા જો દીકરાને નજરે નિહાળે તો પત્રમાં કાંઈક ખરખબર તો લખી જણાવશે.

"મારા બાપુને મળી લઉં?"

"હા, ચાલો. પણ ખબરદાર હો, એ કાળમુખાનું નામેય ત્યાં ઉચ્ચારશો નહીં. એ નહીં સહી શકે. અને વહેમાશે કે મેં જ તને ઇશારો કર્યો હશે!"

પાલવ પાથરી પ્રણામ કરતી અનુપમાને રાણા વીરધવલે આશિષો આપીને કહ્યું: "હવે તો અમે પણ ચંદ્રાવતી આવી પહોંચવાનાં."

"ભલે, બાપુ! ને ચંદ્રાવતી આપને માટે વિજયમાળા ગૂંથી જ રાખશે."

"એ તો માતાજીની મરજી."

"અંબામાની મરજી મોળી નથી, બાપુ! આપ ચિંતા કરશો નહીં."

"ચિંતા તો મને કોણ કરવા જ આપે છે! હું તો નવરાશથી જ થાકી જાઉં છું. એક કોર બાપુ ને બીજી કોર આ બે તમારા, ત્રણેએ મળીને મને તો બગાડી જ મૂક્યો છે. આમ જો ચાલશે તો તો આયુષ્ય પૂરું થતાં વાર શી લાગશે?"

રાણા વીરધવલ આ રીતે પોતાના જીવનમાં જહેમતોને અને સંકટોને પૂરું સ્થાન ન મળતું હોવાનો સંતાપ પામી રહ્યા હતા.

"પવન છે તો પાંદડાં હલે છે, બાપુ!" અનુપમાએ કહ્યું, "કરવૈયા થવા કરતાં પ્રેરક થવાની જ બલિહારી છે."

"પ્રેરક એક વિશ્વંભર અને બીજી આ ધરણી." એમ બોલીને રાણા ચૂપ બન્યા.

અનુપમા વિદાય લેતી હતી ત્યારે લૂણસીએ આવીને માને એક છાનો કાગળ આપ્યો. એ કાગળ કુંવર વીરમદેવ પર લખેલો હતો. અંદર લખ્યું હતું કે –

> નાનપણની અણસમજણમાં આપણે એકબીજાને સંતાપ્યા છે. પણ તમે જતા રહ્યા છો તે દિવસથી પૂરું ગમતું નથી. ભલા થઈને પાછા પધારો. રેવતી તમને નહીં ચીડવે. એ તો મોટી ને ડાહી થઈ ગઈ છે. લૂણસી તમારી લાતો પણ ખમી લેશે. પાછા આવો, જેતલબાને કેવું થતું હશે તે આજે મારી બાની વિદાય વખતે મને સમજાય છે.

આ કાગળ તો વીરમદેવને જરૂર કૂણા પાડશે એવી આશા રાખીને અનુપમા પાટણ આવી ને આઘાત પામી. કુંવર વીરમદેવ આગલે દિવસે જ પાટણ છોડીને પોતાને સાસરે ચાલી નીકળ્યા હતા. રાણા લવણપ્રસાદે જ એને કહી દીધું હતું કે 'આંહીં વસ્તુપાલ-તેજપાલનું કારભારું સ્થપાય છે માટે તમે જાવ, ઝાલોર તમારે સાસરે જઈ રહો. આંહીં તમારા જીવની સલામતી નહીં રહે. ટાણું આવ્યે પાછા તેડાવી લેશું.'

મંત્રી બાંધવો આમ ઇચ્છે છે એવું કહેવાને બદલે રાણા લવણપ્રસાદે જે કહ્યું તે ભયાનક હતું. વીરમદેવને મંત્રીઓ પર વધુ ને વધુ ખુન્નસ વ્યાપ્યું. વાણિયાઓ શું મને મરાવી નાખવા માગે છે! એમ! ત્યારે તો હવે હું જોઈ લઈશ.

રોષ અને વેદનાનાં કેવાં આંસુઓ ખેરતો ખેરતો વીરમદેવ પોતાના પિતાની પૃથ્વીને છોડી ગયો હતો તેનું વૃત્તાંત અનુપમાએ જાણ્યું ત્યારે એ પણ પારાવાર દુભાણી.

એ પાટણ હતી ત્યાં જ તેજપાલ ભૃગુકચ્છમાં સંગ્રામસિંહ પર દંડનાયક સ્થાપીને સૈન્ય સહિત પાટણ આવી પહોંચ્યો, અને કશા ભભકા વગર એણે પત્નીની ઇચ્છાથી બીજી વાર પરણી લીધું.

નવાં દંપતીને ધોળકા તરફ વળાવીને અનુપમા ચંદ્રાવતી પહોંચી ત્યારે નગરીનો રંગ ગયા વખતના કરતાં ઊલટેરો જ દીપી નીકળ્યો હતો. વણિકોના છોકરાઓએ ભદ્રેશ્વર અને દેવગિરિના રાજાઓ પરના ગુર્જરવિજયનો નવો કેફ ચાખ્યો હતો. એકચક્રી શાસનની આણ નીચે તેમનાં દિલોમાં આપોઆપ ખુમારી આવી હતી. તેઓના વિચારનું મધ્યબિંદુ ચંદ્રાવતી મટી જઈને સમગ્ર ગુજરાત બન્યું હતું. નારાયણસરોવરથી નર્મદાતીર સુધી અને પ્રભાસપાટણથી ચંદ્રાવતી સુધી કોઈપણ સ્થાને 'જય ગુજરાત' કહી ઊભા રહી શકાય છે, એક જ ધારાધોરણોની આણ પાળવાની અનુકૂળતા છે, એક જ તોલમાપ, એક જ વિદ્યાભ્યાસ, એક જ ન્યાયતંત્ર, એક જ રક્ષપાલ અને એક જ નૃપતિનું નામ, એ તો કોઈક ન સાંભળી

હોય તેવી અદ્દભુત વસ્તુ બની હતી. બે બે કોસને અંતરે કોઈ નવા સીમાડા કે નવી શાસનવ્યવસ્થા આવતી બંધ પડી હતી એ કંઈ જેવાતેવા આશ્ચર્યની વાત હતી! સેંકડો યોજન જઈએ ને ન કોઈ રોકેટોકે, કોઈ ફરી ફરી દાણ કે જકાત ન લે, કોઈ પોટલાં ન વીંખાવે કે કોઈ હૂડે હૂડે ન કરે, એ અનુભવ નવી પેઢીને અદ્દભુત ચેતનકારી લાગ્યો. ઠેર ઠેર ગુર્જર અશ્વારોહીઓ ને પદાતિઓ એક જ ગણવેશમાં મળતા હોય, પાંચસો ગાઉને અંતરે પણ એક જ પ્રકારની નોબતો ગુંજતી હોય ને નેકી પોકારાતી હોય, ઘોડા ખેલતા હોય ને ગજરાજો ડોલતા હોય, શંખો ફુંકાતા હોય ને નિશાનો ઘોરતાં હોય, તેનું નામ એકચક્રી શાસનઃ તે શાસનની ગુજરાતમાં કેટલે વર્ષે પુનઃપ્રતિષ્ઠા! ચંદ્રાવતીથી પાટણ આવતાં જેમણે જુદાપણાનાં જ પ્રત્યેક ચિહ્ન જોયાં હતાં અને મહીતટે ગોધ્રકમાં કે લાટમાં તો જવાનું જેમણે સ્વપ્ન પણ સેવ્યું નહોતું તેવા ચંદ્રાવતીનાં બાળકોએ આજે યૌવનમાં પ્રવેશ કરતાં તો નવું નવું – ચોમેર નવું નવું ને નેત્રો ઠારતું એકરાષ્ટ્રત્વ નિહાળ્યું. ચંદ્રાવતીના તરુણો છેક ભદ્રેશ્વર ગોધ્રકમાં નોકરીની નિમણૂકો પામવા લાગ્યા. ચંદ્રાવતીના નવયુવકોએ ખંભાતને બારે જઈ પેઢીઓ ખોલી અને વામનસ્થલી સુધી વણરૂંધી વણજારો ચલાવી.

ચંદ્રાવતીને ઘેર ઘેર જેમ આરસ હતો, તેમ ઘેર ઘેર હણહણતા ઘોડલા બંધાયા હતા. ફુમકિયાળા સાજે સજાતા એ અશ્વો પર રાંગ વાળતા ચંદ્રાવતીના યુવકોને ઘોડે ચડવા માટે ચોતરા કે ટેકાની જરૂર રહી નહોતી. કેશવાળી ઝાલીને કાયાને ઉછાળો લેવરાવતા ઝબ દેતા ઘોડીલાંની પીઠ પર પલાણી બેસતા. ચંદ્રાવતીની પનિહારીઓ પોતપોતાના મનગમતા વરને કે પરણેલા કંથને અશ્વ પર ચડી ધનુર્વિદ્યા સાધતો નિહાળવાનું મળે તો સવારથી સાંજ સુધી બેડાં ખેંચવાનું પસંદ કરતી. ચંદ્રાવતીનો શરાફ પાલિતાણે હૂંડી લખતો તેમાં 'જય ગુજરાત' લખી સહી કરતો. એકચક્રી શાસનથી સાંપડેલી આ એકતા કોઈએ પ્રબોધી કે પડો વજડાવી સંભળાવી નહોતી, ભિન્નતા સાથે સરખાવી દેખાડી નહોતી, કોઈએ ક્યાંય લખી કે વાંચી નહોતી. એ તો સર્વેએ વાયુમંડલમાંથી પીધી હતી, મૌનને મનોમંદિરે આરાધી હતી, નયનોની ચકચૂર ખુમારીથી વ્યક્ત કરી હતી.

આવી ચંદ્રાવતીમાં પ્રવેશતાં જ અનુપમાને હવા બદલી ગઈ લાગી.

એવી નગરીમાં અનુપમાનો વસવાટ નાનામોટા સર્વના માનવમધપૂડા સરીખો બની ગયો.

અનુપમા આબુ પર ગઈ, ધારાવર્ષદેવને પ્રણમી. ચંદ્રાવતીની મૂંગી પ્રેરણામૂર્તિને પાછી આવેલી નિહાળી બુઢ્ઢા ક્ષત્રિયની દાઢીના રૂપેરી કાતરા ગર્વે ને ગૌરવે ફરફરી ઊઠ્યા.

"જય ગુજરાત, બાપુ!" અનુપમાએ નવો નમસ્કાર વાપર્યો.

"જય ગુજરાત, બેટા! જય શંભુ! જય અંબા! ભલે આવી, મારે તારી જરૂર હતી." પરમારદેવે આદર આપ્યો.

અનુપમાની આંખો સોમ પરમારને શોધતી હતી. સોમ ક્યાંય દેખાતો નહોતો. અનુપમા આવે ને સોમ સામો ન દોડ્યો જાય એ વાત વિસ્મયકારી હતી. એણે ધારાવર્ષદેવને પૂછ્યું. વૃદ્ધે ઘડીક ખચકાઈને પછી નેત્રો નીચે ઢાળીને કહ્યું: "સોમ તો મોં સંતાડવા જેવું કરી બેઠો છે, બેટા! અને અમારી તો સર્વની સ્થિતિને એણે સાંપટમાં મૂકી છે. અમે મહિનાઓથી વિમાસીને બેઠા છીએ."

"એવું શું છે?" અનુપમા કશી જ કલ્પના ચલાવી ન શકી.

"તારા સંઘમાંથી વળતાં સોમ એક પરાક્રમ કરી આવ્યો હતો. એક સ્ત્રીને સાંઢણી પર લાવ્યો હતો. એટલું જ હોત તો તો ઠીક હતું, પણ બડો નાદાન બની ગયો હતો."

"સ્ત્રીને! અમારા સંઘમાંથી!" અનુપમાના કાન ચમક્યા.

"હા, અને એ પણ પુરુષવેશે! સોમની યુવાન આંખોમાં એણે અદ્‌ભુતતાનું અંજન આંજ્યું હતું, અને પોતે તારા જેઠે અપહરેલી દુખિયારી ક્ષત્રિય કન્યા છે એવું ભંભેરીને એ સ્ત્રીએ સોમને પોતાના પર જીવન ન્યોછાવર થવા ભોળવ્યો હતો. છોકરો બાપડો જૂના જુગની વીરકથાઓની દુનિયાને સાચી માની લઈ પોતે પણ કોઈ સંતાપિત સુંદરીનો તારણહાર બની ગયો હોય એવા તોરમાં ચડી ગયો."

"પછી?" અનુપમા હેબત પામતી પામતી કથાના અંત પર આવવા ઉત્સુક હતી. એના મનમાં સોમનો પ્રશ્ન નહોતો, વીરમદેવનો પ્રશ્ન હતો.

"પછી તો –" પરમારદેવ યૌવનની ઘેલછા પર દયામિશ્રિત સ્મિત વેરતા આગળ વધ્યા: "સોમે આ નિરાધાર માનેલી સ્વપ્નસુંદરીને અમારાથી સૌથી છૂપો ગઢમાં પ્રવેશ કરાવ્યો, મલાજામાં ગુપ્તપણે રાખી, એની માને જઈ એની ઘેલી વાતો કરી, અને મારા સુધી સમાચાર પહોંચાડ્યા. મેં સોમનું સ્વપ્ન ભાંગી નાખવાની ઉતાવળ ન કરી છતાં હું સમજતો હતો કે આ જિંદગી અને પેલી અલૌકિક રૂપકથાઓની સૃષ્ટિ, એ બેઉ વચ્ચે કશો જ મેળ કે સંબંધ નથી હોતો. મેં કહાવ્યું કે સુખેથી સોમ લગ્ન કરે, પણ છ મહિના એ કન્યાને આંહીં રાખીને જોઈ લ્યે કે એનું અંતર આંહીં પહાડોમાં આપણાં કઠોર લૂખા ક્ષત્રીજીવનમાં ઠરે છે ખરું?

"પછી એક દિવસ સોમનો પિત્તો બદલી ગયો. આખા દુર્ગ પર સોમે દોટાદોટ કરીને ચોકીઓ ગોઠવી. અને મારી પાસે આવી ધ્રુસકે રોતો પોકારી ઊઠ્યો કે 'કાવતરું છે, કાવતરું છે, સાવધાન થજો, બાપુ!' શું હતું તેની ખબર મને તો પછી

પડી, કે એ નિરાધાર કન્યા નિરાધાર પણ નહોતી ને કન્યા પણ નહોતી. એને તો દિલ્હીપતિ મોજુદ્દીન જેવો મોટો આધાર હતો અને એ તો ગુણિકા હતી. એણે સોમ પાસેથી આબુગઢના શસ્ત્રભંડારો અને ચોકીઓ થાણાંઓ જાણી લીધાં હતાં. કેમ કે અસૂરે ટાણે સોમ એને ઘોડે ચડાવી પહાડો પર ફરવા લઈ જતો હતો. એક દિવસ એ ભાગવાની તૈયારી કરતી પકડાઈ, એની પાસેથી આપણા નકશા પકડાયા. સોમની આંખો ફાટી ગઈ. એને સોમે ચોટલે ઝાલી ત્યારે એણે સોમનું બીજું અપમાન કર્યું: ગુજરાતને દગો દઈને પરમારો જો તુરક-ફોજને આંહીં પ્રવેશવા આપે તો પોતે પરમારોને ગુર્જરપતિ બનાવી શકે તેવી સ્થિતિની ખાતરી કરાવી. એ બાબતે સોમના મોતિયા સાવ મારી નાખ્યા. આખા આબુને ફૂંકી દઈ ઉરાડી મૂકે તેવી જાણે કે ભયંકર સુરંગની આ સળગતી જામગરીની અમને છેલ્લી ઘડીએ ભાળ મળી. આ તે દિવસથી સોમનું રુદન સુકાતું નથી. એ પોતાને કલંકિત, જીવનભ્રષ્ટ ગણી પ્રાણત્યાગ કરવા તલસે છે. અમે એક તરફથી એના ઉપર અને બીજી બાજુ પેલી વિષધરી નાગણ ઉપર દિવસરાત ચોકી ભરીએ છીએ. નીંદર જેવું કાંઈ રહ્યું નથી.''

``મને એ બાઈ પાસે લઈ જશો?'' અનુપમા હજી પણ સોમને બદલે વીરમદેવના જ વિચારોમાં ઘૂમતી હતી.

અંધારિયા અને છૂપા એક ભોંયરામાં સગવડોવાળું, રૂપાળું ચોખુંફૂલ ઘર હતું. દ્વાર પર જેમની ચોકી હતી તે ક્ષત્રિયો પણ હજારોમાં એકાદ જેવા જડે તેવા ખાનદાન અને વિભૂતિમાન હતા. આખા આબુરાજની પવિત્રતા તેમના ચહેરા પર આવીને બેઠી હતી. એ બહારની ચોકીની અંદર સ્ત્રીઓની ચોકી હતી. ચોકીના જાપ્તા વચ્ચે એક યુવાન સ્ત્રી બેઠી હતી.

``આ જ એ.'' પરમારદેવે કહ્યું. પછી બેઉ બહાર આવ્યાં.

``આને તો મેં જોઈ છે.'' ચકિત બનેલી અને ફાળ ખાધેલી અનુપમાએ એ યુવતીને ધારીને નિહાળી. એની પાસે પરમારદેવે મેના-પોપટનાં પીંજરાં મુકાવ્યાં હતાં. પક્ષીઓને એ સ્ત્રી રમાડતી હતી.

``આ તો સંઘમાં હતાં.'' અનુપમાને યાદ આવ્યું. ``પતિનું મરણ સાંભળી ઘેર જવા સંઘથી જુદાં પડેલાં તે તો નહીં? આ તો કુમાર વીરમદેવે અપહરેલાં તે નહીં?''

ધારાવર્ષદેવે ચિંતાભેર કહ્યું: ``વીરમદેવે કોઈક સ્ત્રીને સતાવી છે એમ તો આ બાઈના કહેવાથી જ સોમ ભોળવાયો હતો, પણ પછી તો એ સ્ત્રીએ તારા જેઠનું નામ પણ ભેળવ્યું, અને સોમના બધા સંસ્કાર પર દુષ્ટ સંદેહનું ઢાંકણ ઢાંકી દીધું.''

"આપે મંત્રીજીને ખબર નથી કર્યા?"

"ના."

"બહુ બૂરી થઈ." અનુપમાએ ભય અનુભવ્યો: "આ બાઈને પ્રતાપે તો કુંવર વીરમદેવે પાટણ છોડ્યું છે અને ગુજરાતને રોળી નાખવાનો નિશ્ચય કર્યો છે!"

અનુપમાનું મન વીરમદેવની પાછળ દોડી રહ્યું હતું. એ અનાડી અનાચારી કુંવરના પુનરુદ્ધારની સર્વ આશાઓ ધૂળ મળી હતી. આ સ્ત્રીએ ફેલાવેલી ગેરસમજણ ભાવિ ગુજરાતની વિષવેલડી બની ગઈ હતી. એક માણસની માણસાઈ છેલ્લે પાટલે બેઠી હતી. પાટણ-ધોળકાના દૂરના ભવિષ્ય ઉપર અનુપમાએ વીરમદેવના વૈરની છાયા ઢળતી દીઠી. શરમાતા ધારાવર્ષદેવે પૂછ્યું: "હવે શું કરીશું?"

"તાકીદે મંત્રીજીને ખબર મોકલી દઈએ, બાપુ, અને આને આપે સાચવી છે તેવી જ માનભરી રીતે સાચવીએ. પણ આ તો તંબોળી નાગણ છે, બાપુ!"

"પરમારોને તો બેટા, નાગના કરંડિયા જ સાચવવાના છેના!"

વસ્તુપાલને અનુપમાએ પત્ર મોકલી વિગતે વાકેફ કર્યા, અને તેના જવાબમાં મંત્રીએ ટૂંકી સૂચના લખી કે 'એને બને તેટલી કોમળતાથી જાળવી રાખજો. અનુપમાએ એને મળતાહળતા રહી એનું મન હુલાવ્યે-ફુલાવ્યે રાખવાનું છે.'

31

# હમ્મીરમદમર્દન

**આ**બુ પર બે જણાં ચડતાં હતાં: તેજપાલ અને અનુપમા. અનુપમા સ્વામીની નવલી રાત્રિઓની ઝીણી ઝીણી હાંસી કરતી હતી. આગલી ગંભીરતા એણે તોડી હતી – તેજપાલને પણ અનુપમાના ગાંભીર્યમાં આ નવો આવેલો હાંસીનો ચમકારો વિચિત્ર લાગ્યો. શોક્ય લાવીને લહેરી બનનારી નારી નવાઈભરી હતી. નવી સ્ત્રી સુહડાની સાથે જ અનુપમાએ તેજપાલને ચંદ્રાવતી તેડાવ્યો હતો, બેઉનું શયનગૃહ પોતે જ રોજ રાત્રિએ પુષ્પે, અર્કે ને પ્રદીપે સજી આપતી હતી. સુહડાને પોતે જ સ્વાદુ પકવાનો જમાડતી ને શણગારતી હતી. થોડા દિવસોમાં પતિનું પુરુષાતન પ્રફુલ્લિત બન્યું હતું. સ્વામી અનુપમાને ભર્યો ભર્યો અને પોતાના પ્રતિ વધુ ભક્તિભાવે ઢળતો, આંબા સમો લાગ્યો.

તેજપાલનું આબુ આવવાનું પ્રયોજન બેવડું હતું – જાહેર અને ખાનગી. પાટણ, મેવાડ, નડૂલ વગેરે પાડોશી પ્રદેશોમાં ખબર થઈ હતી કે તેજપાલ નવી બૈરીને શણગારો સજાવવામાં અને જૂનીને દેલવાડે નવું મંદિર બંધાવીને પટાવી લેવામાં, ગૃહકંકાસ ઓલવવામાં પડી ગયો છે. બેઉ ભાઈઓની મશ્કરીનો આ બોલ તો ગુર્જર દેશનાં પાડોશીઓમાં ચલણી થઈ પડ્યો હતો કે 'બેઉનું જોટે જ કામ છે, ભાઈ!'

મંદિરનું ચણતર તપાસતાં વરવહુ ચંદ્રાવતીના ખમીરનું ચણતર કરતાં હતાં. તેજપાલ ધારાવર્ષદેવની સાથે રહી આબુની ઘાંટીઓ તપાસતો હતો. અને પરમારની આજ્ઞા પ્રમાણે ચંદ્રાવતી-મંડલના સિંધ બાજુના સીમાડા ખાલી થઈ રહ્યા હતા, ગામેગામ ઉજ્જડ બનતું હતું. વસ્તી દૂર દૂર ખસતી જતી હતી.

આબુ પર આરસનો પ્રભુપ્રાસાદ ઊભો થતો હતો. અને આબુની પેલી બાજુ ઘોર સંગ્રામનો વ્યૂહ વિસ્તરતો હતો. બન્ને પ્રવૃત્તિઓ એકબીજીને તાલ દેતી ચાલતી હતી. વિનાશ અને સર્જન, બેઉ એક જ પુનરુત્થાનનાં બે પાસાં અથવા એક જ રથનાં બે ચક્રો હતાં.

સિંધમાં લપાયેલા કાળયવન મીરશિકારના કાન સુધી વાતો પહોંચતી હતી કે ગુર્જર રાણાએ ભદ્રેશ્વરમાં ખડ ખાધું છે, દખણી સિંઘણદેવની તાબેદારી સ્વીકારી

છે, અને એ જાદવને તો એક રૂપાળી ગુજરાતણની પણ ભેટ કરી છે; ઉપરાંત રાણાનો ટિલાત બેટો વીરમદેવ વિગ્રહખોર મનસૂબા ઘડતો ઘડતો એને સાસરે જાબાલિપુર જઈ બેઠો છે.

સિંઘણદેવને સુંદર ગુજરાતણ સાંપડી એ સમાચારે વિશેષ કરીને મીરશિકારની દાઢ સળકાવી મૂકી હતી. વાણિયા મંત્રીઓ જોટે પરણ્યા! ગુજરાત તો ગોરી હિંદુ સુંદરીઓનો શાદીનો બગીચો લાગે છે! મીરશિકાર તલપાપડ બન્યો. પહોંચીને પુષ્પો ચૂંટવાની જ વાર હતી. મ્લેચ્છ સૈનિકો ગુર્જરી હૂરીઓના બાહુપાશમાં લપેટાવા માટે મરણને પણ પ્યારું કરી સજ્જ થઈ ગયા.

અનર્ગળ યવનસેના આવી રહી હતી, નજીક ને નજીક – વધું વધુ નજીક: એક રાજ્યને પાર કર્યું, બીજા રાજ્યે રસ્તો દઈ દીધો, ત્રીજાએ યવન ફોજને સરભરા પૂરી. કોઈ કરતાં કોઈએ એને પોતાની ભૂમિ પર પગ મૂકવાની ના ન કહી, સૌએ પોતાને શિરેથી ઊતરતી બલાને ગુર્જરરાષ્ટ્ર પર ઓળઘોળ કરી. ભલે ત્રાટકે પાટણ પર, ભલે ભાંગે ધોળકું. જૂનાં વેર વીસરી શક્યા નહીં.

આવે છે, યવનો આવે છે...

પાટણમાં ખેપિયા પર ખેપિયા ચાલ્યા આવતા હતા.

"કચ્છ-ભદ્રેસરના મંડળેશ્વર ભીમસિંહ ચાલ્યા આવે છે."

"માથે છત્ર ને ચામર ધારણ કર્યાં છે ને મારા દીકરાએ?" લવણપ્રસાદે મોં મલકાવીને ખેપિયાને પૂછ્યું.

"ના, બાપુ. પોતાના મંડળનાં રાજચિહ્નો ઉપરાંત કશું નથી."

"એ પણ નવી નવાઈ. જંગલ-પાણી પણ વિના છત્રચામરે નહોતો જતો!"

"આત્મસમર્પણનો પણ ચેપ લાગે છે, બાપુ!" વસ્તુપાલે એમ કહીને મોટા રાણાની નિછાવરીને વખાણી.

ભીમસિંહ મંડલેશ્વર આવી પહોંચ્યા અને છત્રચામર એણે ગુર્જર સિંહાસનને પગથિયે મૂકી દીધાં.

"ધન્ય છે, દીકરા!" લવણપ્રસાદે એને બાથમાં લીધો, "પણ તારે તો ઝટ પાછા પહોંચવાનું છે. કચ્છની ઉગમણી દિશાએ જ ઊભવાનું છે."

"હું તો પાછો જવા માટે જ આવ્યો છું. પણ આવવાનું કારણ અગત્યનું છે."

"કહો."

"પેલા ત્રણ ચૌહાણ ભાઈઓની માગણી છે કે એમને રાણાની રક્ષા માટે અહીં આવવા દેવા."

એ ત્રણેયને યાદ કરતાં તો રાણા વીરધવલનાં રૂંવાડાં ચિત્કારી ઊઠ્યાં.

ભદ્રેસરના દ્વંદ્વમાં એણે રાણાની છાલ કંઈ ઓછી ફાડી હતી! કેટલા અભિમાની ને ઘમંડી! રાણાએ પિતાને કહ્યું: "આપણે અહીં શું કામ છે, બાપુ?"

ભીમસિંહે બીજા સમાચાર સુણાવ્યા: "એ ત્રણેએ તો નડૂલના આખા ચૌહાણ કુલને કહેવરાવી દીધું છે. ચૌહાણો ચાલ્યા જ આવતા હશે."

"દીકરા," મોટા રાણાએ વીરધવલને કહ્યું, "આ ટાણે કોઈ કરતાં કોઈને ના કહીશ નહીં, જાકારો દઈશ નહીં."

"પણ કાલે પાછાં આપણે નડૂલને, મારવાડને ને મેવાડને કાન ઝાલી મંડલેશ્વરો કરવા પડશે ત્યારે આ ઉપકાર આડો આવશે."

"નહીં ભાઈ, નહીં. હવે ઝાઝા મંડલેશ્વરોને ભેગા કરવા નથી. ગુજરાતને આપણી બથમાં આવે તેટલી જ રાખવી છે. બાકીના તમામ સમોવડ મિત્રો જ રહેશે એવી ઘોષણા કરી દે, મારા બાપ! ગુજરાતને તોતિંગ અજગર કરી રાખ્યે શી સારાવાટ છે? પૂરું પોતાનું જ શરીર ઊંચકીને ચાલી ન શકતી ગુજરાતને તો પાછળથી કૂતરાં કરડી ખાશે. માટે હું તો કહું છું કે તમામ પાડોશીઓને વધામણી પહોંચાડી દો કે આ યવનોને પાછા કાઢવામાં મદદ કરો ને સદાને માટે સ્વાધીનતા ભોગવો. ગુજરાતને આપણે એને પોતાને જ વિસ્તારભારે ચગદાઈ જવા નથી દેવી. કેમ બોલતો નથી તું?" મોટા રાણા વસ્તુપાલ તરફ વળ્યા.

"બાપુ, તમે તો ભરાડી ચોર નીકળ્યા!"

"કાં?"

"હું ઘેરથી જે કહેવાનું ગોઠવીને લાવ્યો હતો તે જ આપ શબ્દશ: કહી રહ્યા છો."

"કુસંગતનાં ફળ બધાં, બેટા! પણ હું તો તમને સૌને કહું છું, કે બથમાં આવે એવડી જ – બસ એવડી જ – ગુજરાતનો મોહ રાખજો."

"તો પધારો, મંડલેશ્વર!" રાણા વીરધવલે ભીમસિંહને રજા આપી, "ને ચૌહાણ- ભાઈઓને 'જય સોમનાથ' કહી અમારું નિમંત્રણ દેજો, ને બાપુની સૂચના મુજબ પાડોશીઓને પત્રો લખી મોકલો, મંત્રીજી."

પ્રભાત પડે છે ને વધાઈ મળે છે.

રેવાકાંઠો આવી ગયો: પચીસ હજાર. મહીકાંઠાના મેવાસીઓ ચાળીસ હજાર તીરકામઠે હાજર છે.

પખવાડિયું થયું ત્યાં તો એક પણ એવો પ્રદેશ નહોતો રહ્યો જેના પ્રતિનિધિઓ યવનો સામે લડવાને હાજર ન થયા હોય. દરિયાની મહારેલ સમી માનવભરતી આબુ-ચંદ્રાવતી તરફ રેલાવા લાગી.

તેમ છતાં એક માણસના હૈયામાંનો જૂનો ફફડાટ હજુ વિરમ્યો નહોતો. એ કાળજું હજુ પણ પ્રશ્નાર્થચિહ્નનો આકાર ધરી રહ્યું હતું. 'યવનો! યવનો કેવા હશે! આ મારા પાતળિયા રૂપકડા ગુર્જરો જો ભાગશે તો હું શું કરીશ? અરે, હું પોતે તો નહીં ધ્રૂજી જાઉંને? કેવડા મહાકાય યવનો! કેવા વિકરાળ, કેવા પલીત અને નિર્મમ!'

જેતલદેવીની પોતે પ્રભાતે વિદાય લીધી તેને રાણાએ છેલ્લીપહેલી જ માની હતી. અને રાણાને છેલ્લા જે વિદાય-બોલ રાણકી કહી રહી હતી તે આ હતા: "હું સોરઠની દીકરી – જૌહર કેમ થાય તેની જાણ નથી, માટે જાણકાર રાજપૂતાણીઓને મેવાડથી તેડાવી રાખી છે. આપ નચિંત રહેજો."

"શું? એ શું કહી રહ્યાં છો, હેં બા!" એકાએક બહારના ખંડમાંથી મંત્રીનો બોલ સંભળાયો, "બળી મરવાનું ટાણું કલ્પો છો શું? અરે, સોમનાથ સોમનાથ કરો, બા! એ જમાનો તો ગયો ગુજરાતને માથેથી. અને રાણાજીને જો પાછા ન લાવુંને, તો તમે તમારા મહેલને નહીં પણ આખા પાટણને ને ગુજરાતને આગ ચાંપી દેજો. પછી કોઈને ગુજરાતમાં જીવતા રહેવાની જરૂર જ નહીં રહે. તમે તો બા, યવનોનાં માથાનાં શકટોનું સ્વાગત કરવાની જ સામગ્રી તૈયાર રાખજો."

"પણ, ભાઈ!" રાણી જેતલની આંખોમાં ઝળઝળિયાં ડોકાતાં હતાં, "અગાઉ કેટલી વાર બન્યું છે?"

"અગાઉ બન્યું તેની ભ્રમણામાં છે એટલે જ યવન આવી રહ્યો છે ના! જાણતો હશે દીકરો, કે આંહીં ગુજરાતમાં હજીય કીડિયારે લોટ વેરનારા અને પરબડી પર પારેવાંને જુવાર નાખનારા જંતુઓ જ ખદબદે છે. માનતો હશે કે આંહીં તો બામણા ને શ્રાવકડા વચ્ચે સત્તાદોર હાથ કરવાની હરીફાઈ જ ચાલી રહી છે! એના મનમાં મોજ હશે કે ગુર્જરો પોતાના શત્રુનો વિનાશ મંદિર માયલા પથરાના સતને સોંપી દઈ પોતે તો જપ, તપ અને ગુણિકાના નાચમાં જ ગરકાવ હશે. એથી તો એ આવી રહ્યો છે, બા! એને ગુજરાતની કાયાપલટના ખબર કોઈએ પહોંચાડ્યા નથી – ને એ તો ઠીક જ થયું છે. તમે જરા ચંદ્રશાલા પર ચડો ને જુઓ તો ખરાં કે વામનસ્થલીના સંગ્રામ પછી આજ ગુજરાતનાં પૌરુષ-નીર ક્યાં જતાં છોળો મારી રહ્યાં છે. અમે સંઘ અમસ્તો નહોતો કાઢ્યો, બા! માટે બળી મરવા નહીં પણ કૃપાણો ખેંચી કૂદી પડવા તૈયાર કરજો ગુજરાતણોને."

બહારથી ખબર આવ્યા: દેવગિરિથી દૂત આવી ઊભો છે.

યાદવપતિ સિંઘણદેવનું પત્ર વંચાયું. તેમાં પુછાણ હતું: 'કેટલું સૈન્ય મોકલું?'

જવાબ વાળ્યો: 'આપનું પત્ર એક અક્ષૌહિણી જેટલી સહાય પૂરી પાડ્યા

બરોબર છે. હવે તો ગુજરાતના ધ્વંસ પછી જ આપનો વારો આવશે.'

અને છેલ્લે – રાજબંદીવાનોના નિવાસસ્થાનેથી એક વિનતિ રાણા પાસે આવી: 'મને આ મહાસંગ્રામમાં અદના સૈનિક લેખે પણ યુદ્ધ ખેલવાનો અધિકાર નહીં આપો એ હું જાણું છું. મારા પર વિશ્વાસ નહીં જ મૂકો – ન મૂકો એમ હું જ સામેથી કહું છું, કારણ કે માણસના મનનું ઠેકાણું નથી. મને જ મારા પર વિશ્વાસ નથી. પણ મને સૈન્યપ્રસ્થાનનાં દર્શન કરવા માટે ભવાનીને મંદિરે ચોકીપહેરા નીચે ઊભો તો રહેવા દો, હું સદ્ગતિ પામીશ.'

એ સંદેશો આગલા લાટપતિ સંગ્રામસિંહનો હતો. સિંઘણદેવ અને માલવપતિ સાથેના એના ષડ્યંત્રની સજામાં એ પાટણનો રાજકેદી બન્યો હતો. ભયંકર અને દારુણ યવનધાડાં ફરી પાછાં એક વાર ગુજરાતની નવરચનાને રક્તસ્નાન કરાવવા ધસ્યાં આવે છે એવા સમાચારે તો સંગ્રામ સમા તરકટી ગુર્જરનું પણ હૈયું હલાવી મેલ્યું હતું.

ભવાનીમંદિરે બલિ ધર્યા પછી જ સૈન્યનું સંચાલન થનાર હતું. અન્ય પશુબલિની, નૈવેદ્યની વગેરે તો તૈયારી રખાઈ હતી. સંગ્રામસિંહે માતાને મઢે ચડીને સૈન્ય નિહાળ્યું ને એણે ઉદ્ગાર કાઢ્યો: "ઓહો! આવા મહાપ્રસ્થાન માટે તો મોંઘા નરબલિ જ મા ભવાનીને ચડવા ઘટે."

થોડીવાર પછી રાણાજી પાસે ખબર પહોંચાડવામાં આવ્યા કે સંગ્રામસિંહે મા ભવાનીની સમક્ષ એકાએક પોતાની સમશેર વડે પોતાનું શિર ઉતારી બલિ ધર્યો છે. અમને કોઈને જાણ નહોતી ને આ બન્યું છે. મસ્તક ઉતારતાં પહેલાં એણે 'જય ગુર્જરીનો' એવો એક ઉદ્ગાર કાઢ્યો હતો.

મહાશકુન મળ્યાં સમજી પ્રયાણનો પ્રારંભ થયો. સ્તંભતીર્થથી પારસિકો અને પેઢાનપેઢીથી વસી રહેલા અરબો પણ અબીલ-ગુલાલ અને પુષ્પો લઈ વિદાય દેવા ઊભા હતા. નગરશ્રેષ્ઠીની કુમારિકા પુત્રી કુંભ લઈને આવી. રાણાનો અભિષેક કરી એના કરમાં શ્રીફળ મૂક્યું. ધીરે ધીરે ધ્વજ ક્ષિતિજમાં સમાયો ત્યાંસુધી સૌ ઊભા રહ્યા. ગુજરાતનું ઘરેઘર સીમાડે ઊભું ઊભું નયનાશ્રુ લૂછી રહ્યું હતું; કારણ કે એવો એકપણ ઉંબર નહોતો – સિવાય વાંઝિયાનો – કે જ્યાંથી અકેક જોધાર આબુ તરફ ન સિધાવી ગયો હોય.

પેલી તરફ સિંધમાંથી સવારી લઈને ચડેલા મીરશિકારે લૂણી નદીને કાંઠે તંબુ તાણ્યા હતા અને પોતાના નેકપાક ગુરુ સાંઈમૌલાના આવવાની પોતે રાહ જોતો હતો. સામાન્ય રીતે દરવેશો બુજરગ હોય છે તો જ સમર્થ રાજાબાદશાહોના મુર્શદ બની શકે છે. પણ મીરશિકારના સાંઈમૌલા છેલ્લા એક દાયકાથી જેવા ને તેવા

યુવાન હતા. પંદર સાલથી એનો સિંધમાં નિવાસ હતો અને મીરશિકારને ખાતરી થઈ ચૂકી હતી કે આ દરવેશ એક મગરમચ્છને માથે સવારી કરીને છેક બગદાદથી નગરઠઠ્ઠા આવ્યા છે. ઇસ્લામની ચાદર આખા ગુજરાત પર પાથરી દેવી એવું એ દરવેશનું બિરદ હતું. એ માટે પોતે ગુજરાતમાં વારંવાર જતા અને પાછા સિંધ આવીને મીરને ખુશખબર દેતા કે કેટલા સેંકડો હજારોને પોતે શિષ્યો બનાવ્યા છે. મીરશિકારની આ વખતની ચડાઈને પણ એ યુવાન દરવેશે જ 'મંજૂરી' સંભળાવી હતી. પોતે આગળ જઈને તમામ નિરીક્ષણનો સાર આપવા લૂણીને કાંઠે હાજર થયા ને જણાવ્યું કે ચંદ્રાવતી ઉજ્જડ છે, આબુનાં ગામડાં વેરાન પડ્યાં છે, જે કાંઈ વસ્તી રહી છે તે માત્ર ઇસ્લામીઓની જ છે.

''ત્યારે શત્રુ ક્યાં છે?''

''એની જમાવટ તો છેક પાલનપુર પાસે જ છે. થરથરી ઊઠેલ છે, ફોજનું કાંઈ ઠેકાણું નથી. પહેલું કામ અલ્લાહના શુકર ગુજારવાનું એટલે કે આબુનાં દેરાં જમીનદોસ્ત કરવાનું છે. ઊપડો જલદી. ફતેહ તો ગુલબદનની માફક રાહ જુએ છે, મીરશિકાર!'' એમ કહીને ઓલિયાએ રજા લીધી.

''કાં, બાપુ?''

''મારે તો બેસવું પડશે તારી ફતેહ માટે બંદગીમાં.''

''ક્યાં?''

''પંજા પીરની ગુફાને તળિયે. આહાર ને પાણી બધું છોડીને ત્યાં બેઠો બેઠો તારી ફતેહની રટણા કરીશ.''

'બાપુ'ના કદમોને બોસા કરીને મીરશિકાર ચડ્યો અને આંહીં પાછળ ગુફા પાસે ઓલિયાએ પોતાની જમાત સાથે પંદર વર્ષના વેશપરિધાન ઉતાર્યાં; ને પવનવેગી સાંઢ્યો સજ્જ રાખી હતી તેને પલાણી આડકેડે થઈ ગુર્જર સૈન્યને આંબી લીધું. મુદ્રા તો તૈયાર જ હતી, એટલે સૈન્યની ચોકીઓમાં પ્રવેશ પણ સરલ હતો. મંત્રી વસ્તુપાલની પાસે જઈને એકાંતે એણે કહ્યું: ''આબુ-અરવલ્લીની ઘાંટીમાં.''

''શાબાશ, કમલક!'' મંત્રીએ પાસે લઈને એ 'દરવેશ બાપુ' મટીને પાછો કમલક નામે ચર બની જનારને પ્રોત્સાહિત કર્યો.

''બોલ જલદી.''

''બીજું કશું નહીં. આબુ-અરવલ્લીની ઊંડી ઘાંટીમાં.''

''મેદાનમાં નહીં?''

''ના, નહીં પહોંચો. અનવધિ સૈન્ય છે યવનોનું.''

''તો શું ઘાંટીમાં આપણે પ્રવેશી જઈએ?''

"નહીં. એમને ઠાંસી દેવાના. આપણે બેઉ છેડેથી ડાટો દેવાનો છે."

"ઘાંટીમાં ઊતરશે ખરા કે?"

"બરાબર ઊતરશે. બીજો કોઈ માર્ગ નથી, અને એને તો પહોંચવું છે આબુનાં દેરાં ભાંગવા."

"માર્ગે બધો બંદોબસ્ત છે ના?"

"માર્ગે તો માનવીઓ જ ક્યાં રહેવા દીધા છે! શૂન્ય ગામડામાં ફક્ત વટલેલ તરકડાઓને જ રહેવા દીધા છે. એ લોકો કરશે મહેમાની. પ્રહ્‌લાદનપુર સુધીના પટને નધણિયાતો બનાવ્યો છે."

"ઠીક ત્યારે, એ મુજબ વ્યૂહ ગોઠવું છું. તું તો પંદર વર્ષમાં મોટો ઓલિયો બની ગયો."

"જી હા, ને હવે મને એ લોકો પીર બનાવશે."

"ભાષાજ્ઞાન બરાબર મેળવી લીધું હશે."

"જી, અરબી ને ફારસી તો જિહ્‌વાગ્રે છે. ખૂબ વાંચ્યું છે – કુરાન, કવિતા, સાહિત્ય, જ્યોતિષ, ઇતિહાસ વગેરે."

"વારુ, પછી નિરાંતે બેઠાં બેઠાં તારી પાસેથી આ બધી વિદ્યા ભણી શકાશે. એ પણ કેવો લહાવો! અલ્યા ગાંજોબાંજો પીતો કે નહીં?"

"હા, જી, ખોટેખોટી સટ મારતો ચલમોને."

"ઠીક, હવે તું ક્યાં જશે?"

"બીજે ક્યાં વળી? ઘાંટીમાં."

"વારુ."

રાજ્ય પછી રાજ્યને પાર કરી ગયેલો મીરશિકાર આબુને સીમાડે સામનાની ધારણા સેવતો હતો. પણ એ સીમાડા તો એણે ઉજ્જડ જોયા. ત્યાં ફોજ તો નહોતી. ગામડાં કે શહેરોમાં માણસો પણ નહોતા. મલકાતો મલકાતો મીરશિકાર આકડાની ડાળે માખીઓ વગરનું મધ ભાળી આગળ વધ્યો આવતો હતો. ગામડે ગામડે અને નાના નેસોમાં રડ્યાખડ્યા માણસો હતા. તેઓના વેશપોશાક અને રહેણીકરણી યવનનાં હતાં. તે આ સૈન્યનો સત્કાર કરતા હતા, ફોજને દૂધ-ઘીથી ધરવતા હતા. અનાજની પણ સગવડ કરી દેતા હતા.

મીરશિકારે પૂછ્યું કે, "તમારો ધારાવર્ષ કેમ ફરકતો નથી? એની ફોજ ક્યાં ગાયેબ થઈ ગઈ?"

ગામડિયા યવનવેશીઓએ જવાબ વાળ્યો કે કાલે જ ધાર પરમાર પાટણ ભાગી ગયા, ને ફોજ તો પ્રહ્‌લાદનપુરના ઓડા બાંધવા દોડી રહી છે. ચંદ્રાવતીમાં

કે ડુંગરામાં કોઈ ધણીધોરી નથી. જે છે તે બધું પ્રહ્લાદનપુર છે.

સાંભળી સાંભળીને મીરશિકાર વખત ગુમાવ્યા વગર વેગ કરતો આગળ વધ્યો. ગામડે ગામડે એણે ફક્ત એકબે માણસો જોયા. તેઓ બધા તુરકવેશી હતા. તેમણે પણ એ-ની એ જ બાતમી આપી: બધી જમાવટ પ્રહ્લાદનપુરમાં થાય છે, આંહીં તો આખો પ્રદેશ અણરક્ષ્યો છે.

આબુ-ચંદ્રાવતીનાં દેરાં તોડવાની તાતી મુરાદે યવન ફોજ ઊંધું ઘાલીને આગળ વધી; અને કશા જ ડર સંકોચ વગર આબુની ઘાંટીમાં પેઠી.

ઘાંટીમાં આખી ફોજ ઓરાઈ ગઈ, વચ્ચોવચ્ચ આવી, ઠાંસોઠાંસ ભરાઈ ગઈ, તે વખતે પછી પાછળથી એક બીજું સૈન્ય ઘાંટીમાં દાખલ થયું. એને મોખરે હતા ધારાવર્ષદેવ. એ સૈન્યે પાછળનો માર્ગ બંધ કર્યો, યવન સેનાએ પછવાડે કંઈક ભીંસ ભાળી, ઘાંટીને પાર કરવા એણે કદમ ઉપાડ્યા. ત્યાં તો ઘાંટી નિર્જન મટીને માનવ-સિંધુએ ઊભરાઈ ઊઠી. ઘાંટીના આગલા પ્રવેશસ્થાનને ઠાંસીને બીજું એક સૈન્ય ઊભું હતું. એના આગેવાન હતા વીરધવલ અને તેજપાલ.

બન્નેની વચ્ચે પ્રચંડ યવન ફોજ ભચરડાઈ ગઈ. આગળ કે પાછળ નીકળાયું નહીં. બેઉ પડખે ઊંચા પહાડોની દીવાલો હતી. પહાડો પરથી પણ છૂપા સૈન્યે મૃત્યુ વરસાવ્યું. મીરશિકારનાં માણસો અને સાધનો ચુપચાપ ત્યાં રોળાઈ ગયાં.

યુદ્ધ પત્યા પછી રાણા વીરધવલે ધારાવર્ષદેવને કહ્યું: ''મારે તમારું સૈન્ય જોવું છે.''

પ્રત્યેક સૈનિકને જોતા જોતા, કોઈકને જાણે એ શોધતા હતા. આખરે એક સામાન્ય યોદ્ધાની પાસે આવતાં એ થંભ્યા, એણે અણસાર પારખી પૂછ્યું: ''આપણે સૌરાષ્ટ્રના ગામડાના શિવાલયમાં મળેલા?''

યોદ્ધો નમન કરીને નીચે જોઈ ગયો. એનો મદ એક સ્ત્રીએ ગાળી નાખ્યો હતો.

''કટારીનો દાવ તમે જ બતાવેલો, ખરું?''

યોદ્ધાએ લજ્જા રાખીને હા કહી.

''એ કરતાંય વધુ કારમા તો તમે તમારી જીભના કટાર-ઘા ચોડેલા, નહીં?''

''હું ક્ષમા પ્રાર્થું છું.'' યોદ્ધાએ જવાબ વાળ્યો.

''તમને ધારાવર્ષદેવે કંઈક શિક્ષા કરવી જોઈએ.''

ધારાવર્ષદેવ કંઈ બોલ્યા વગર ઊભા રહ્યા.

''પણ એ શિક્ષા કરે તે પૂર્વે મારે તમને બદલો દેવો રહે છે.'' એમ કહીને વીરધવલે પોતાની કૃપાણ લઈને એ વીરને ખંભે આરોપી અને ધારાવર્ષને કહ્યું:

"પરમારદેવ! આ જુવાને મને યવનોથી ડરતો દેખી ફિટકાર દીધેલો. હું માણસાઈ ચૂકતો હતો તેમાંથી એણે બચાવેલો. તારું નામ શું, સૈનિક?"

"સોમ." યોદ્ધાએ ટૂંકું નામ આપ્યું. સાંભળનારા સૌ રમૂજ પામ્યા. સોમને તો જીવન ગંભીર બન્યું હતું.

"તારા પિતાનું નામ?"

"ધારાવર્ષદેવ."

વીરધવલ વધુ ચકિત બન્યા. આ પોતે જ ધાર પરમારનો પુત્ર હતો! અને આબુની ગાદીનો વારસદાર એક સામાન્ય યોદ્ધાની પંગતમાં! એને સોમ-ચંદ્રપ્રભાવાળી ઘટના માલૂમ નહોતી.

ધારાવર્ષદેવે કહ્યું: "રાણાજી! સોમ તો હજુ બચ્ચું છે. એનો અપરાધ થયો લાગે છે."

"પણ આમ કેમ?" વીરધવલે સોમનું નીચલું પદ દેખીને પૂછ્યું.

"એ તો એને સ્થાને જ શોભે ને, રાણા! ગાદી પર બેસે ત્યારે જુદી વાત, તે પહેલાં તો એ અદના સૈનિક જ છે અને રહેશે."

"એટલે જ કદાચ આબુનો વિજય થયો છે. પણ હવે તો મારે મારા ધોળકાવાસીઓનોયે ડર મટાડવો છે, યવનોને તો માંરા પ્રજાજનોએ કદી ભાળ્યા નથી."

"જીવતા તો લઈ જવા માટે રહ્યા નથી."

"તો હું મૂએલાને લઈ જઈ બતાવીશ."

આબુની એ ઘાંટીમાં રડવડતાં યવનોનાં વિકરાળ છેદાયેલાં મસ્તકોનાં ગાડાં ને ગાડાં ભરીને વીરધવલ અને તેજપાલ ધોળકે લઈ ગયા અને ધોળકાની પ્રજાને ખાતરી થઈ કે યવનો પણ ઘુઘૂલની માફક બેપગા ને બેહાથાળા સામાન્ય મનુષ્યો છે અને એને પણ ગુર્જરો પરાજય આપી શકે છે.

એ માથાના ઢગલા દેખીને સૌથી વધુ ઠરેલી આંખો સિદ્ધેશ્વરના બુઢ્ઢા રખેવાળ દેવરાજ પટ્ટકિલની હતી. હવે આ જીવનમાં પોતાને જોવા જેવું કશું રહ્યું નહીં. દેવરાજે તે જ રાત્રિએ ખાટલો ઢાળ્યો. ધીરે ધીરે એના પ્રાણ છૂટી ગયા. એ ખબર રાણા લવણપ્રસાદને પાટણ પહોંચતાં તેમણે જીવનમાં ફરી એકવાર જગતથી છૂપું સ્નાન કર્યું. ધોળકામાં વીરધવલે સ્નાન કર્યું. વીરધવલ ખૂબ ખૂબ રડ્યા. એણે પિતાના મૃત્યુનું દુ:ખ અનુભવ્યું.

આબુના વિજય પછી વસ્તુપાલ અને તેજપાલ પાટણના મહામંત્રીપદે સ્થપાયા.

લવણપ્રસાદ સાથે મહામંત્રી મંત્રણામાં બેઠા. વામનસ્થલી પત્યું, ગોધરા પત્યું,

દેવગિરિ, ભદ્રેશ્વર અને લાટનો પ્રશ્ન ઊકલ્યો. હવે બાકી રહ્યાં અવન્તી, મેવાડ અને નડૂલ. વસ્તુપાલે નિઃશ્વાસ નાખ્યોઃ "બધેથી સાંધિવિગ્રહિકો નિરાશ થઈ પાછા ફર્યા છે, બાપુ! એ તો બધા ગુજરાતની મૈત્રીની ઘસીને ના પાડે છે."

"ત્યારે તો દિલ્લીના સુરત્રાણનો ભો ઊભો ને ઊભો!"

"પણ મારે હવે એ ઊભો નથી રહેવા દેવો, બાપુ."

"શું કરીએ? એને શરણે તો ઓછા જ જવાય છે?"

"ના, પણ હવે તો સુરત્રાણની સીધી મૈત્રી શોધવી જ રહે છે. આ હિંદુ રાજ્યોથી તો હવે હાથ ધોઈ નાખ્યા. સંગઠન અશક્ય છે."

"કેમ કરશું?"

"ઉતાવળ નથી. કોઈક માનભરી તક મળે ત્યારે જ વાત છે."

રાત્રિએ ચંદ્રશાલા (અગાસી)માં ચંદ્ર-કિરણોનો સ્વાગત-થાળ છલકાતો હતો. રાણકી જેતલદે પતિનું શિર ખોળામાં લઈ એના કપાળ પરથી કેશ ખેસવીને ચંદ્રનાં પ્રતિબિમ્બ નીરખી રહી. ટપ ટપ ટપ એની આંખોનાં નેવલાં ટપકવા લાગ્યાં. લાંબી વારનું મૌન તોડીને રાણકીએ પૂછ્યુંઃ "યવનો કેવા લાગ્યા, કહો તો ખરા?"

"કહેતાં લાજી મરું છું." વીરધવલ હસ્યા.

"કાં?"

"અરે રામ! હું નાહકનો બીકે મરતો હતો. દેખાવે ભયંકર પણ સાચેસાચ ચીંથરાં સરીખા. જે ડરે તેની તો દર્શનમાત્રથી છાતી બેસાડી દે; પણ આપણી રણહાકે શું નાઠા છે! ગભરાઈને, ભાન ભૂલીને અંદરોઅંદર કાપાકાપી કરી બેઠા."

"તમે ક્યાં રહી લડ્યા?"

"સૌની મોખરે. મારે બેઉ પડખે હતા મંત્રી ભાઈઓ. પણ રંગ તો રાખ્યો એક દાઢીવાળા દરવેશે. એ તો ઘાંટીમાં દોડતો ગયો ને યવનોને એમ કહી ભડકાવ્યા કે 'ભાગો, ભાગો, વીરધવલ પોતે જ આવે છે. ભાગો, ભાગો, ભાગો, વીરધવલ આવે છે'. એને જોતાં જ યવન-ફોજ થડકી ગઈ. એના શબ્દોએ ચમત્કાર કર્યો. યવનો ગાભરા બની ગયા."

"એ દરવેશ કોણ?"

"આપણો એક ગુપ્તચર. એ યવનોનો ઓલિયો બનીને આ કામ કરી ગયો. જુક્તિ અને સમશેર, બેઉએ મળીને પડ ભેળી દીધું."

"હવે તો યવનોનો ડર નથીને?"

"સાક્ષાત્ કાળનો પણ નહીં."

"આવો ત્યારે." કહીને રાણીએ પતિને છાતીએ લીધો.

## 32

# બે જ માગણીઓ

વસ્તુપાલ ખંભાત પાછો ગયો ત્યારે હજની મોસમ ચાલતી હતી. મુસ્લિમ જાત્રાળુઓનાં ટોળેટોળાં ખંભાતમાં આવતાં હતાં ને તેમને લઈ દેશ-વિદેશનાં સંખ્યાબંધ વહાણો મક્કા-મદીનાની ખેપે જતાં હતાં. વિધર્મીઓ તરફની વસ્તુપાલની નીતિ મહારાજ જયસિંહદેવના જેટલી જ ઉદાર હતી, એટલે જ ખંભાત તુરકો આરબો વગેરે વિદેશીઓને માના પેટ જેવું સલામતીભર્યું લાગતું.

એક રાત્રિએ ગુપ્તચરે આવી સમાચાર દીધા કે દિલ્લીની એક બુઢ્ઢી ખંભાતમાં આવી છે અને હજ પઢવા જાય છે. એને લઈ જનાર વહાણનાં નામનિશાન પણ નક્કીપણે મળ્યાં છે.

"દિલ્લીની ડોશી! એ તરફનાં હાજીઓને તો સિંધનાં બારાં નજીક પડે." વસ્તુપાલે વહેમ બતાવ્યો; "એ કોણ છે? વધુ તપાસ કરો."

વધુ તપાસે ખાતરી થઈ કે એ બુઢ્ઢી તો ખુદ દિલ્લીપતિ મોજુદ્દીનની મા છે અને વહાણ અરબસ્તાનના એક આરબ સોદાગરનું છે. આંહીંથી એણે કીમતી માલ ભર્યો છે. ઠેઠ દિલ્લી જઈને એ મોજુદ્દીનની માને હજ પઢવા લઈ જવા તેડી આવ્યો છે.

"ક્યારે ઊપડે છે?"

"કાલ બપોરે."

"ઠીક."

ગુપ્તચર ગયા પછી મંત્રીએ લાંબા સમય સુધી મૌન ધારી વિચાર દોડાવ્યો. પોતાની માને આટલે દૂરને બંદરેથી હજ પર મોકલવામાં દિલ્લીપતિનું કોઈ કાવતરું હશે તો? એ પકડવું જ રહે છે, ને કાંઈ પાપ નહીં હોય તો આ નિમિત્તે દિલ્લીપતિ સાથે સીધી પિછાન સાધી શકાશે. વચ્ચે વચ્ચે એ મલકાતો હતો. ઉગ્ર પણ બનતો હતો ને કોઈકના ઠપકાથી ઝંખવાણો પડતો હોય તેવો પણ ચહેરો કરતો હતો. એના હોઠ બબડતા પણ હતા: "નીચતા!... કોણ કહેશે! અનુપમા તો નહીં જાણે... પ્રજા તો વખાણશે... પણ ભવિષ્યના ઇતિહાસમાં? ભલે જે કહેવાય તે. આજે તો

આ એક અણમોલી તક છે અને મારો ઇરાદો મેલો નથી…"

એણે પોતાના છૂપા વિશ્વાસુ ચાંચિયા સરદારને તેડાવ્યો. વહાણની એંધાણીઓ અને નામઠામ આપીને એને કેટલીક ભલામણો આપી.

બીજે દિવસે ઊપડેલું એ હજનું વહાણ ત્રીજે દિવસે પ્રભાતે ખંભાત પાછું આવ્યું. વહાણ ખંભાતનાં પાણી વટાવ્યા પહેલાં જ લુંટાયું હતું. આરબ સોદાગરે આવીને પોક મૂકી.

વસ્તુપાલે વિસ્મય બતાવ્યું. સોદાગર બાવરો બન્યો હતો. એને દિલે કોઈ ઊંડી ચિંતા હતી.

"કેમ, જનાબ?" વસ્તુપાલે કહ્યું, "તમે લક્ષાધિપતિ થઈને શું કાણ માંડી રહ્યા છો? તમારી નુકસાનીની કોડીયે કોડી ભરપાઈ કરી દેવા તો અમે બંધાયા છીએ."

"જનાબ!" સોદાગરે કહ્યું, "મને વહાણ લુંટાણું તેનો ડર નથી. પણ મારે દિલ્હીના ખુદ મોજુદ્દીનનો ખોફ વહોરવો પડશે."

"કાં, ભા? એવડું બધું શું છે?"

"મારા વહાણમાં નામવર મોજુદ્દીનનાં ખુદ અમ્મા છે!"

"મોજુદ્દીનનાં માતુશ્રી! આંહીં! શું બોલો છો, જનાબ?"

"જી હા, અમ્માને હું મક્કે હજ પઢવા તેડી જાઉં છું."

"અને આમ છૂપી રીતે? દિલ્લીના ધણીની જનેતા ખંભાત આવે તેની અમારી જવાબદારીનો તો વિચાર કરવો'તો! ચાલો ચાલો, ક્યાં છે અમ્મા?"

વસ્તુપાલે જઈને દિલ્લીપતિની વૃદ્ધ માતાના ચરણોમાં માથું ઝુકાવ્યું અને મીઠો ઠપકો સંભળાવ્યો: "અમ્મા, અમારું ગુજરાતનું નાક કપાયું છે. તમે જેમ સુરત્રાણની મા તેમ અમારી પણ મા છો. અમારે આંગણેથી તમે ચોરીછૂપીથી ચાલ્યાં જતાં'તાં! અમારી બેઇજ્જતી થઈ. તમારી મને ખબર હોત તો હું અમારું ખાસ વહાણ અને વોળાવું ન આપત?"

મંત્રી શું કહે છે તે સોદાગર ડોશીને સમજાવતો હતો. પણ ડોશી તો શબ્દોની પરવા કર્યા વગર મંત્રીના મીઠા હાવભાવ તરફ જ તાકી રહ્યાં હતાં. એણે જવાબ વાળ્યો: "અમને તો એમ હતું કે હું જો જાહેર થઈશ તો તમે મને પકડી લેશો."

"અમારું કમભાગ્ય છે કે સુરત્રાણ અમને એવા હલકા ગણે છે." બોલતાં બોલતાં મંત્રીનો અંતરજામી તો છૂપો છૂપો કહી જ રહ્યો હતો કે કેવાક ખાનદાન છો તે તો હું જાણું છું!

"મારે તો, અમ્મા!" મંત્રીએ કહ્યું, "તમારો રતી યે રતી અસબાબ પાછો

ન પકડાય ત્યાં સુધી અન્નપાણીની આખડી છે."

"અરે અરે, બેટા!" ડોશી દંગ થઈને બોલી, "એટલું બધું!"

"નહીં, અમ્મા! હું તમારો પુત્ર છું. તમે ગુજરાતનાં મહેમાન છો, મહેમાન અમારે મન પવિત્ર છે."

'અરે પવિત્રતાનું પૂંછડું!' મંત્રીનો અંતરાત્મા હસતો હતો.

એક પ્રહરમાં તો લૂંટનો રજેરજ માલ અકબંધ અમ્મા આગળ હાજર થયો. અમ્મા તો મંત્રીના બંદોબસ્ત પર આફરીન થઈને આનંદનાં આંસુ ટપકાવવા લાગી. કારણ કે લૂંટાયેલા અસબાબમાં હજ પઢવા માટેની પાક અને પુનિત વસ્તુઓ હતી.

"લૂંટારાઓને કારાવાસ આપો." મંત્રીએ આજ્ઞા કરી. ફરી ફરી એ અમ્માને ચરણે પડ્યો; વારંવાર આ બેઅદબીની ક્ષમા માગી. "અને હવે?" એણે અમ્માને કહ્યું, "અમારી બેઅદબીનું અમારે પ્રાયશ્ચિત્ત કરવું પડશે, ને તે ખાતર આપને પંદર દિવસ રોકવાં પડશે."

અમ્માને મંત્રી વાજતેગાજતે પોતાને ઘેર લઈ આવ્યા. મંત્રીકુટુંબે અમ્માની સેવા માંડી. ધોળકેથી પણ રાજકુટુંબ અને તેજપાલનો પરિવાર વંદને આવ્યો. સૌ કીમતી ભેટસોગાદ લાવ્યાં; અને સોખુને મંત્રીએ ફરમાવ્યું: "અમ્માની પગચંપી તારે કરવાની, સોખુ."

"કેવી, સદીકના જેવી ને!" દુષ્ટ આરબ સદીકને વસ્તુપાલે મલ્લો આગળ ચંપી કરાવી ભીંસી મરાવ્યો હતો તે વાતનો સોખુએ વિનોદ કર્યો.

"ચૂપ ચૂપ, મૂરખી!"

"ત્યારે? અમને શી ખબર પડે કે તમારે કોની ચંપી કેવી કરાવવાની હશે!"

એવા વિનોદ વચ્ચે સુરત્રાણની માતા હિંદુ કુટુંબની સેવાશુશ્રુષા પામવા લાગ્યાં. મંત્રીને બે બેગમો છે એવું જાણીને 'અમ્મા' અસંતોષ પામ્યાં. એમણે સલાહ આપી: "નહીં બેટા, બેથી તે તારો દરજ્જો સચવાય કંઈ? ચાર તો ઓછામાં ઓછી જોઈએ."

ભલી ભોળી બુઢ્ઢી બે-પાંચ દિવસમાં તો ઘરની વડીલ જેવી બની ગઈ. સોખુને કહે કે, "તારે એક ફરજંદ થાય તેની તો હું મક્કાથી દુવા માગતી આવીશ."

"ના રે, માજી!" સોખુએ કહ્યું, "હું પોતે જ હજી બચ્ચું મટી નથી ત્યાં ફરજંદ તે શી રીતે સાચવીશ?"

આઠમે દિવસે 'અમ્મા'ના જહાજને હજ પર ઊપડવા તૈયાર કરવાનો હુકમ મળ્યો. વસ્તુપાલ જેની તૈયારી માટે વિલંબ કરતો હતો તે ચીજ આવી પહોંચી.

"અમ્મા!" એણે યાચના કરી: "ગુર્જરદેશનો સ્વામી આપની સાથે પવિત્ર કાબાની હજૂરમાં આ ગરીબડી ભેટ મોકલે છે, તે સાથે લેતાં જશો?"

સુરત્રાણ-માતા તો ચકિત બનીને જોઈ રહી. એ હતું એક આરસનું તોરણ. એની કોતરણી અપૂર્વ હતી. હિંદુ શિલ્પનો એ ઊંચો નમૂનો હતો.

"ને એક કોલ આપો પછી જ જવા દઉં." એમ કહીને વસ્તુપાલે માગ્યું: "વળતાં પણ આંહીં થઈને જ દિલ્લી જવાનું."

મોજુદ્દીન-માતા કોલ દઈને હજે ચાલ્યાં. સારુંયે સ્તંભતીર્થ સાગરતીરે વળાવવા ચાલ્યું. તોરણને વાજતેગાજતે લઈ જઈ જહાજમાં પધરાવ્યું. એ તોરણ ચોડવામાં નિષ્ણાત એવા ગુર્જર શિલ્પીઓને પણ મંત્રીએ મક્કા સાથે મોકલ્યા.

*

હજ કરીને ખંભાત થઈ પાછાં પહોંચેલાં 'અમ્મા' દિલ્લીમાં બેટાને મળ્યાં ત્યારથી એણે મોજુદ્દીન આગળ ગુર્જરદેશના દીવાનનાં ગુણગાન આદર્યાં. 'તું ખુશી ખાતે પહોંચી'તીને, અમ્મા?' એમ પૂછે તો અમ્મા વસ્તુપાલે કરેલી સરભરાની જ વાત કરે. સુરત્રાણની બેગમોને જોઈ જોઈ અમ્મા સોખુ-લલિતાની વાત કાઢે. તોરણનું તો રટણ જ કરતાં અમ્મા થાકે નહીં. પેટીઓ ઉઘાડી ઉઘાડીને ખંભાતથી આપેલી સોગાદોનાં પ્રદર્શન પાથર્યાં અમ્માએ.

કંટાળેલા સુરત્રાણે પૂછ્યું: "અમ્મા! હું પૂછું છું તેનો જવાબ તું વાળતી નથી અને આ હિંદુ દીવાનના જાપ શા જપે છે?"

"અરે, બેટા! એક વાર તું મળે તો તું પણ આફરીન પુકારે."

"તો એને તેડી કેમ ન લાવી?"

"તો તું મળત ખરો?"

"બેશક. મારી જનેતાનું દિલ જેણે જીત્યું અને જેણે આપણા મજહબને માન દઈ છેક મક્કે તોરણ મોકલાવ્યું તેને શું હું ન મળત?"

"તો તો ખરું કહું? હું તેડી લાવી છું."

"ક્યાં છે?"

"કસમ ખા, કે એનો વાળ પણ તું વાંકો નહીં કરે."

દિલ્લીથી થોડે દૂર ઊતરેલા વસ્તુપાલને તેડવા મોજુદ્દીને અમીરો મોકલ્યા અને દરબારમાં સત્કારતાં એને નજરે દીઠો.

ચાંચિયાઓ પાસે હજે જતા જહાજની લૂંટ કરાવી જાણનાર વસ્તુપાલ જ્યારે સાંસ્કારિક મુલાકાતે જતો ત્યારે પુરબહારમાં ખીલતો. એના પ્રિયદર્શી દેહનો રૂપાળો બાંધો કોઈને પણ ગમે તેવો હતો. મોજુદ્દીનને એ વધુ ગમ્યો. એ તાકીને જોઈ રહ્યો. આબુની ઘાંટીમાંથી મ્લેચ્છોનાં માથાં વાઢી ગાડે ગાડાં ભરી જનાર વણિક ભાઈઓ વિશે, વસ્તુપાલને દેખ્યા પછી સુરત્રાણને વિસ્મય થયું. જેટલા દિવસ એ રહ્યો તેટલા

દિવસ આકર્ષણ વધતું રહ્યું. એ મોહે મૈત્રીનું સ્વરૂપ મેળવ્યું. મોજુદ્દીનના મન પર વસ્તુપાલે જે છાપ પાડી તે પોતાના વ્યક્તિત્વની નહીં પણ સમગ્ર ગુર્જર દેશના સંસ્કારની છાપ હતી.

"કંઈક માગો." મોજુદ્દીને મોજ દર્શાવી.

"માગું છું બે વાતો."

"માગો, ને જુઓ કે મુસ્લિમ રાજા દોસ્તીના દાવાને માન આપી જાણે છે."

"એક તો માગું છું ગુર્જર દેશ સાથેની કાયમી માનભરી મૈત્રી."

"મૈત્રી!" મોજુદ્દીનનું મોં મરકવા લાગ્યું, "ભલા આદમી! અમે તે શું આંહીં દોસ્તીઓ બાંધવા આવ્યા છીએ! ઇસ્લામની તલવાર ધરીને અમે જે પ્રયોજને દુનિયાભરમાં ઘૂમ્યા છીએ તે જ પ્રયોજન હિંદમાં ઊતરવાનું છે. તારી ગુજરાતની દોસ્તી મારો કયો વારસદાર પાળવાનો છે!"

"ભવિષ્યની વાત તો હું કરતો નથી, નામવર!" વસ્તુપાલે હસીને જવાબ વાળ્યો: "ભાવિ તો દિલ્લીના ને ગુજરાતના બેઉના વારસદારોની સુબુદ્ધિ-દુર્બુદ્ધિ પર છોડી દઈએ. અત્યારે તો મારી ને આપની જ નાનકડી જિંદગી પૂરતી વાત છે."

"બીજું કાંઈ માગવા જેવું ન લાગ્યું તને!" મોજુદ્દીનનું મોં હજુ પણ મરકતું રહ્યું, "તને ગુજરાતની શી પડી છે? તું તારું ને તારા કુટુંબનું કરને!"

એમ કહેતા આ પરદેશી રાજાનાં નેત્રોમાં અણમોલાં અને અસંખ્ય, ધીકતાં અને તરતાં દરિયાબારાંવાળી ગુજરાત રમતી હતી.

"મારું તો મેં ધરાઈને કરી લીધું છે. મારે ખાતર આંહીં સુધી આવવાની જરૂર ન પડત. એટલું જ બોલો નામવર, કે આપના જીવતા સુધીમાં ગુજરાત સાથે દોસ્તી નભાવશો."

"તું બડો પાજી છે, દીવાન!" મોજુદ્દીને વસ્તુપાલની પીઠ થાબડી, "હું ખુદાની રહમ માગું છું કે તારા જેવો કોઈ બીજો ગુજરાતી મને ફરીવાર ન ભેટે!"

વસ્તુપાલે આવા ઉદ્ગાર સામે મૌન સેવ્યું. એને ખબર હતી કે પોતાની પરંપરા સાચવે તેવા એક પણ પુરુષને પોતે હજુ ગુજરાતમાં ઘડી શક્યો નથી, પોતાની જ મહત્તાનું મહાલય રચવામાં જીવનનાં શ્રેષ્ઠ વર્ષો જતાં રહ્યાં છે.

મોજુદ્દીને કહ્યું: "ખેર, મારી જિંદગી પૂરતો મારો કોલ આપું છું. અલ્લાહ મોટો છે. એ મને કોલ પાળવાની બુદ્ધિશક્તિ આપો!"

"બસ, નામવર! મારી જિંદગીનું સાર્થક થયું."

"એ તો ઠીક, પણ હવે તમે પોતાને માટે કાંઈક માગો."

"એ પણ માગું છું – આપના તાબાની મમ્માણી ખાણમાંથી પાંચ આરસના

ટુકડા.''

''પાંચ ટુકડા!'' મોજુદ્દીન હસી પડ્યો; ''માગી માગીને પાંચ પથ્થર માગો છો?''

''આપ આપો છોને?''

''બેશક, પણ –''

''બસ બસ, નામવર, આપે આપ્યું તેટલું તો કદાચ ભવિષ્યમાં કોઈ નહીં આપે.'' મંત્રીની આંખમાં આગાહીઓ ભરી હતી.

''આવી માગણીનો શો ભેદ છે? સમજાવો તો ખરા!''

''દિલ્લીપતિ, આપ મુસ્લિમ છો. પાંચ આરસ આપીને અવધિ કરી છે. એ પાંચેય ટુકડા મેં અમારાં પાંચ મંદિરોમાં પધરાવવાની પાંચ પ્રભુપ્રતિમાઓ કોતરવા માટે માગેલ છે. એ પાંચ મૂર્તિઓના પથ્થરો બક્ષનાર સુરત્રાણ અમારી મૂર્તિઓને કેમ ભાંગશે!''

હુક્કાની નળી સુરત્રાણના હાથમાં રહી ગઈ. એણે આછું સ્મિત કર્યું ને કહ્યું: ''પાજી દીવાન, તને માગતાં આવડે છે.''

''ને આપને આપતાં આવડે છે, નામવર!''

''પણ હવે તો કાંઈક તમારા માટે માગો – તમારાં બેટા-બેટી માટે.''

''આ બે વાતોમાં એ તમામ આવી ગયું, નામવર! મારા ભાઈ, ભત્રીજા અને બેટા-બેટીઓને તો ગુર્જરધરા અને ગુર્જરોસાગર જે જોઈએ તે આપે છે. કોઈપણ કમીના નથી. આજે તો હું અને આપ બેઉ નિહાલ થયા. ભાવિમાં તો કોણ જાણે શું લખ્યું હશે! અને હવે તો મારે આપને આપની એક થાપણ પાછી સોંપવાની છે.''

''એ વળી શું છે?''

''એક જીવતું માનવી છે. આપે ગુજરાત પર જાસૂસી કરવા દેવગિરિ દ્વારા મોકલેલી એક ઓરત.'' મંત્રીએ ચંદ્રપ્રભાવાળી વાત કાઢી.

''એ હજુ જીવતી છે?''

''હા – અને અમારી જનેતા અને બહેન જેવી રખાવટ સાથે.''

''ક્યાં છે?''

''અમારા અગ્નિજાયા પરમારોની ખિદમત નીચે આબુ ઉપર.'

''એનું આંહીં શું કામ છે? અમારા પ્રત્યે બેવફા બનીને તમને ચેતવનાર એ જ હતીને?''

''નામવર મને ક્ષમા કરે, પણ એ આપને બિલકુલ બેઈમાન નથી બની.''

"તો તમે એને સાચવી શા માટે? એ તો તમારી શત્રુ છે."

"છતાં એ અમારી નજરે નારી છે, જનેતા છે, અબળા છે."

"એણે તો ગુજરાત પર કીનો લેવા અમારો રાહ અને અમારો મજહબ સ્વીકાર્યો હતો."

"એ તો હજુય એ કીનાની આગમાં સળગે છે." વસ્તુપાલે અનુપમા મારફત જાણી લીધું હતું કે ચંદ્રપ્રભાનો ગુજરાતને રોળી નાખવાનો નિશ્ચય અફર હતો.

"છતાં, તમે પાછી સોંપો છો?".

"કારણ કે એ ફરીવાર ગુજરાતણ બનવાની કટ્ટર ના કહે છે. પછી અમારે એનું શું પ્રયોજન છે? એ ભલે જ્યાં પોતાનું સ્થાન માને ત્યાં જતી."

"તમારી ગુર્જરોની પણ ગજબ દિલેરી છે, દીવાન! ઓરતો તરફના તમારા ખ્યાલો અમને ખૂબ વિચિત્ર લાગે છે. દેશદ્રોહીને અમે કુત્તાને મોતે મારીએ. પછી અમે એમની જાત-ભાત જોઈ શકતા નથી."

"અમારા સંસ્કારની એ વિચિત્રતા છે તે ખરું છે, નામવર! પણ એ તો અમને માના ધાવણ સાથે મળેલ છે. આપ ફરમાવો તે રીતે એને આંહીં પહોંચતી કરું."

"નહીં દીવાન, એ અમારે ન ખપે. એક નાચીજ ઓરતની એટલી ખેવના કરવા બેસીએ તો સલ્તનતો સ્થપાય નહીં. તમે અક્કેક ઓરત પર સલ્તનતો ડૂલ કરવા બેસો છો એ અમારા લાભની વાત છે." એમ કહીને મોજુદ્દીન હસ્યો; ને અણે લહેરથી હુક્કાના સુગંધી ધુમાડાને હવામાં ગૂંચળાં લેવરાવ્યાં, "જાઓ નિર્ભય રહો, એ ઓરતના જે કંઈ હાલહવાલ તમે કરો તેથી અમને કશી જ નિસબત નથી. પ્યારા દોસ્ત! તમારા રાણાને અને પાટણના જઈફ સર્વાધિકારીને દોસ્તના સલામ આલેકુમ દેજો."

મૈત્રીનો રુક્કો અને પ્રભુબિમ્બ માટે પાંચ આરસ-ટુકડાના દાનનો લેખ મેળવીને વસ્તુપાલ ચંદ્રાવતી આવ્યો.

33

## નેપથ્યમાં

નેમિનાથનું ચૈત્ય આબુ પર અધૂરા ચણતરે ઊભું હતું. અનુપમાના મોં પર ઉદ્વેગ હતો. શોભનદેવની સ્વપ્નભરી આંખો, પોતે જે પાષાણ ઘડી રહ્યો હતો તે પર ઢળેલી હતી. શિલ્પીઓનાં ટાંકણાં થાકેલાં હોય તેવાં ટચૂક ટચૂક બોલતાં હતાં. આરસના સ્તંભો ઉઠાવતા મજૂરો ઠંડીમાં થરથર ધ્રૂજતા હતા.

"ક્યારે ચૈત્ય પૂરું થશે? શું થશે, શોભનદેવ!" અનુપમા ઉચાટ કરતી હતી: "લક્ષ્મીનાં નીર વહી જાય છે. હથેળીમાંથી આયુષ્ય સરી રહ્યું છે. મંદિર ક્યારે પૂરું બંધાઈ રહેશે?"

"દેવી!" શોભનદેવ સહેજ હસીને જવાબ દેતો હતો, "દિવસ ને રાત કામ ખેંચાવું છું, પણ મજૂરોનાં આંગળાં ટાઢે થીજી ગયાં હોય છે, ખાવાનું પકવવામાં સમય જાય છે, રાતનું કામ પણ ચાલુ છે, રાતે તો અરધી ઊંઘમાં કારીગરો કામ ખેંચે છે."

"આયુષ્યના શ્વાસ ખૂટતા આવે છે, દેવ! ને લક્ષ્મી ચંચળ પગલે ચાલતી થશે ત્યારે શું થશે? મજૂરોની રાતપાળી દિવસપાળી જુદી બોલાવો, ટાઢમાં પ્રત્યેકની પાસે સગડીઓ મુકાવો, રસોઈ કરનારા જુદા રખાવો, બાળકોનાં પારણાં આંહીં બંધાવો, તેમનાં દૂધની તજવીજ કરો. આયુષ્ય જાય છે ને લક્ષ્મી સરે છે."

વળતા દિવસથી શોભનદેવે નવી વ્યવસ્થા કરી અને ચૈત્ય ભૂમિમાંથી આળસ મરડી ઊભું થતું ભાસ્યું. દિલ્લીથી આવેલા વસ્તુપાલને અનુપમા દેલવાડે લઈ આવી. અનુપમા અને વસ્તુપાલ વચ્ચે જાણે હોડ રમાવા લાગી હતી. એક પ્રભુમંદિર કરાવતી હતી ને બીજો પ્રજામંદિરનાં ચોસલાં ચડાવતો હતો. બેઉને જાણે કે સરખી જ ઉતાવળ હતી. આયુષ્યના ઓટ પાણીને વેગે પાછા વળી જતા હતા ને લક્ષ્મીની, સત્તાની સરિતાઓ આજે બે કાંઠે હોવા છતાં ક્યારે પૃથ્વીમાં અલોપ થાય તે કહેવાય તેમ નહોતું. ભાતું ખૂટતું હતું, યાત્રાનો લાંબો પંથ કાપવાનો હતો.

શ્રમજીવીઓ માટે નવી થયેલી વ્યવસ્થા નિહાળી વસ્તુપાલ રાજી થયા. પછી એણે શોભનદેવને કામ કરતો જોયો. પ્રાસાદની છતમાં ચોડવાનાં મોટાં કમળનાં

ડાલાંની પ્રથમ કલ્પનાની રેખાઓ એ ખેંચી રહ્યો હતો. વસ્તુપાલે અનુપમાને કહ્યું: "બીજાં બધાંની અગવડ-સગવડોનો વિચાર તો કર્યો છે તેં, ફક્ત એક આને જ ભૂલી ગઈ છે!"

અનુપમાને ગાલે ગલ પડ્યા. વસ્તુપાલે પૂછ્યું: "પેલી સોમેશ્વરદેવની રેવતીનું ને આનું કંઈક ચાલતું હતું ને?"

"હા, પણ શોભનદેવ માનતા નથી. એ કહે છે કે પરણું તો કોને સાચવું? કલાને કે પત્નીને? અને એ તો કહે છે કે આંહીં એનું મન ભર્યું ભર્યું છે, કશી જ ઝંખના કે એકલતા નથી."

વસ્તુપાલે વધુ વાત ન છેડી. એ સમજી શક્યો હતો કે અનુપમા પ્રત્યેના પૂર્વજન્મના કોઈ નિગૂઢ અનુરાગે રસાઈ ગયેલું આ શિલ્પીનું હૃદય આત્મતૃપ્ત હતું.

બેઉ જણાં શોભનદેવની આરસસૃષ્ટિ વચ્ચે ફરતાં હતાં તે વખતે બીજા બેત્રણ જાત્રાળુઓ પોતપોતાનાં, અક્કેક બૈરી અને બબ્બે છોકરાંનાં બનેલાં નાનકડાં કુટુંબોને સાથે લઈને દેલવાડામાં ફરતા હતા. બૈરીઓ તેમને પૂછતી હતી અને તેઓ બૈરીઓને સમજાવતા હતા. મંદિરોના પ્રતિહારો આ ત્રણ યાત્રી-કુટુંબોની નાનકડી નાદાનીઓ પ્રત્યે હસતા હતા.

એકનું છોકરું વિમલ-વસહીમાં હાથી-હાથણીઓની મોટી પ્રતિમાઓ દેખી કજિયો કરે છે: "ઓ બાપા, મને આ હાથી પર બેસારો."

"ન બેસાય. એ કરતાં તો આમ જો, બાપો જ હાથી બની જાય." એમ કરતો એનો જુવાન બાપ છોકરાને ખંધોલે લઈ લે છે.

"પણ હેં!" બીજાની સ્ત્રી વરને પૂછે છે, "આ હાથીમાંથી એક વેચાતો ન મળે?"

"મળે, પણ ખવરાવશું ક્યાંથી? તારાં ઘરેણાં વેચવાં પડશે."

"જાવ રે હવે! પથરાનો હાથી તે કંઈ ખાતો હશે!"

"ત્યારે તને ખબર નથી. જીવતો હાથી ઘાસ ખાય, પથરાનો હાથી તો સોનાંરૂપાં ખાય ને સોનાનો હાથી માણસને ખાય!"

ત્રણેય જણા છોકરાંનાં નાકે આવેલી લીંટો લૂછતા હતા, વસ્ત્રો બગડતાં હતાં તે જખ મારીને સહી લેતા હતા. એક બૈરી આરસના ટુકડા પર ફરસું ફરસું લાગે તેથી હાથ ફેરવતી હતી, અને બીજી બૈરી ધણીને પૂછતી હતી: "એકાદ કટકો ચટણી વાટવા લઈ જશું, હેં?" પુરુષ પૂછતો કે "કેમ કરીને?" તો આંખ ફાંગી કરીને સ્ત્રી જવાબ દેતી, "મારાં વસ્ત્રોમાં છુપાવીને!"

"હંબ! લઈ લેને એક!"

ચોરીને લીધેલો આરસ ચોકિયાતની નજરે ચડ્યો. ધમાચકડ જામી. ચોકિયાત જાત્રાળુ કુટુંબોને અનુપમા પાસે લઈ આવ્યો. અનુપમા ત્રણેય પુરુષોને ટીકી ટીકીને નિહાળી રહી.

''તમને મેં ક્યાંઈક દીઠા છે, ભાઈ!'' અનુપમાથી ન રહેવાયું.

''અમને નહીં હોય, બા!'' બેમાંથી એક બોલ્યો, ''અમે તો ... ગામનાં છીએ, કકડો જમીન ખેડી ખાઈએ છીએ.''

''ચટણી વાટવા ઓરસિયો લીધો તેમાં શું જીવ બગાડ છ, ભૂંડા!'' પેલી સ્ત્રી ચોકિયાતને ગળે પડતી હતી; ''આ લે તારો પાછો. આંહીં કોને જોઈએ છે! જોને મૂઈ! પથરાના કકડામાં જીવ પેઠો મૂવાનો!''

''અલી એઈ! આંહીં તો જો!'' બીજાની સ્ત્રીએ શોભનદેવ કંઈક ઘડી રહ્યો હતો ત્યાં ઊભીને સાદ પાડ્યો, ''જો તો ખરી, મોઈ! આ પથરાને તે શું જીવ આવ્યો છે! કે આ તે શું છૂમંતર કરે છે! આ તો ટાંકણું મારે છે કે તરત જાણે પા'ણામાંથી કૂદકા મારતું હરણિયું નીકળી પડે છે, પંખી નીકળી પડે છે, માણસ જેવું માણસ નીકળી પડે છે!''

શોભનદેવ તે વખતે પોતાનાં નાજુક શિલ્પ-ટાંકણાં ચલાવતો એક પાષાણમાં નેમિનાથ-રાજુલમતીની કરુણ કથા કંડારી રહ્યો હતો. નેમિનાથની જાન રાજુલના પિતાને ઘેરે આવી ત્યારે તેમના ભોજન માટે વધ કરવાનાં હતાં તે હજારો પશુઓ – હરણાં ને સસલાં, બકરાં ને ઘેટાં વિલાપ કરી રહ્યાં હતાં તેનાં દશ્ય પોતે ઉપસાવતો હતો.

''અલી, જો તો ખરી,'' પેલીમાંથી એકે કહ્યું, ''હમણાં જાણે આ મેંઢાના મોંમાંથી બેંકારા નીસરશે! રોયા કારીગરેય તે છેને કાંઈ! પીટ્યાને કોણ જાણે કેવીય વિદ્યા વરી છે!''

આ સ્ત્રીઓ સાથેના ત્રણેય પુરુષોના ચહેરા દેખીને કાંઈક વહેમાયેલી અનુપમાએ દૂર ઊભીને મંદિરની રચના નિહાળતા વસ્તુપાલને જઈ વાત કરી: ''લાગે છે કોઈ ગુપ્તચરો.''

વસ્તુપાલે તેમને પાસે આવવા દીધા, ઓળખ્યા. પેલા ત્રણેય જુવાનોએ હસતાં હસતાં મંત્રીને નમન કર્યું. વસ્તુપાલે હસીને પૂછ્યું: ''કાં, આંહીં વળી કયા શિકારની શોધમાં છો?''

''ના, મહારાજ! નિવૃત્તિ પર છીએ. નરદમ નકરી જાત્રાએ નીકળ્યા છીએ.''

''આખરે તો આમાંથી જ સુખ મેળવો છોના!'' વસ્તુપાલે એમનાં બૈરાંછોકરાં તરફ આંખ બતાવીને કહ્યું.

"જી હા! આખરે તો ત્યાંના ત્યાં જ." એકે જવાબ દીધો.

"આટલાં બધાં રોમાંચક સાહસોના ખેલ પછી પણ આ જ જીવનનું પૂર્ણવિરામ ને? આ ગોબરાં ઘેલાં છૈયાં અને આ ગાંડી વેવલી બૈરીઓ. ખરુંને?" વસ્તુપાલે વ્યંગ કર્યો.

ત્રણેય જણા નીચું મોં ઘાલી ગયા ને ચાલી નીકળ્યા. પાછળથી વસ્તુપાલે કહ્યું: "અલ્યા, તમને આટલી અદ્ભુત સૃષ્ટિમાં ઘૂમતાં ક્યાંય કોઈ સુંદરી ન સાંપડી! અલ્યા, પાટણ ઉત્સવમાં આવશો કે નહીં?"

"ના રે, પ્રભુ! એ તો વાર્તાઓમાં જ હોય છે." કહેતા ત્રણેય હસીને ચાલ્યા ગયા.

ગુજરાતના મહામંત્રી આ અજાણ્યાઓનું જે ટીખળ કરતા હતા તે દેખી અનુપમા આશ્ચર્યમાં પડી ગઈ. અનુપમાને વસ્તુપાલે પાસે આવીને કહ્યું: "દેવી! એ ત્રણેયનો ગુજરાત પર કેટલો ઉપકાર છે તે હું તને કહું તો નહીં માને. ગુજરાતના શત્રુઓને મોટી કોઈ કતલ વગર માત કરવાની એ ત્રણ મારી સમશેરો છે. સોનાનાં અને સુંદરીઓનાં લસલસતાં પ્રલોભનોની સામે તેમણે નજર પણ કરી નથી. તેઓએ ધાર્યું હોત તો પાટણને, ધોળકાને, સમસ્ત ગુજરાતને વેચી નાખી શકત."

"કોણ છે એ?"

"મારા ત્રણ ગુપ્તચર છે. તેમની ચાકરી પૂરી થઈ છે. તેઓ મૃત્યુના મોંમાં ઝંપાપાંત કરી કરી આપણને જિવાડી પાછા એમને ઘેર ચાલ્યા ગયા છે. જો, આ એમનું કુટુંબ-જીવન! તેમને પ્રકટ કોઈ માનપાન મળશે નહીં, તેમને ઝાઝા લોકો ઓળખે તે પણ પરવડશે નહીં, વિજયોત્સવોના મહાન સમારંભોમાં તેમનું આસન આપણા જૂતા પાસે પણ નખાશે નહીં. તેમનું સમરાંગણ અને તેમના વિજયોત્સવ આ બૈરીઓ અને આ છોકરાઓની બનેલી નેપથ્યભૂમિમાં જ સમાયેલું છે. જો રે જો, એ બોલે છે કે ચાલે છે તેમાં છે કોઈ નામનિશાન પણ તેમની બુદ્ધિચાતુરીની અદ્ભુતતાનું! છે કોઈ દર્પ તેમની જીવસટોસટની સેવાનો! આ નિપુણક ને આ સુવેગ જો એક જ ડગલું ચૂકત તો ગુજરાતના શત્રુઓના હાથમાં ચોળાઈ જાત, ગુજરાત પણ રોળાઈ જાત! નેપથ્યવિધાન કરનારાઓની જ સદા બલિહારી છે, દેવી! અમે તો પ્રકટ ગૌરવદાનના ભૂખ્યા જીવડા છીએ. એ જ રાષ્ટ્ર ઉપર આવશે, જેના નેપથ્યવિધાનમાં ઝાઝા માણસો કામ કરતા રહેશે."

કહેતો કહેતો અનુપમાની સાથે વસ્તુપાલ દેલવાડેથી અચલગઢ જતો હતો. સૂર્ય ઊંચે ઊંચે ચડી રહ્યો હતો. પાટણમાં મૌજુદ્દીન-મૈત્રીની પ્રાપ્તિનો મહાન ઉત્સવ રાહ જોઈ રહ્યો હતો. આખી ગુજરાતના સામંતો ને દંડનાયકો પાટણમાં ભેગા થયા

હતા.

ધારાવર્ષદેવને એણે બંદિની ચંદ્રપ્રભા વિશે મોજુદ્દીન સાથે થયેલી વાતથી વાકેફ કર્યા. ત્રણે જણાંએ સાથે બેસીને મંત્રણા કરી, ને પછી બંદીખાનાનાં દ્વાર ખોલી નાખી, બંદિનીને બહાર બોલાવી વસ્તુપાલે કહ્યું: "પુત્રી! તને જ્યાં જવું હોય ત્યાં જવા છૂટ છે. ફક્ત તને સલાહ છે કે દિલ્લીપતિના સીમાડામાં પગ દેતી નહીં."

"ડર લાગે છે ને?" ચંદ્રપ્રભા બોલ્યા વગર ન રહી શકી.

"નહીં, તું તારે પ્રલય લઈને આવજે; પણ દિલ્લી જવું હોય તો નરકની યાતનાઓ વેઠવાની તૈયારી રાખજે. ખુદ મોજુદ્દીને જ કહાવેલો સંદેશો તને દઉં છું. જા, બાઈ! પણ રહે, આને આબુ કોણ ઉતારી આવશે?"

ધારાવર્ષે કહ્યું: "સોમને બોલાવો."

"સોમને!" અનુપમા ચમક્યાં.

"હા, સોમ જ જાય." પરમારદેવે આગ્રહ દાખવ્યો.

"કારણ કે એ જ લાવેલા હતા, એમ જ ને!" મંત્રી હસ્યા.

"પણ –"

અનુપમાના એ ગભરાટનો જવાબ પરમારદેવે આટલો જ દીધો: "એટલું કરીને આવે તે પછી જ સોમ પુનઃ પરમાર બની શકશે. નહીં તો એને માટેય નવખંડ ધરતી પડી છે."

સોમ પરમાર આવ્યો. એણે શસ્ત્રો બાંધ્યાં હતાં.

સૌ ઊભાં ઊભાં જોઈ રહ્યાં.

સોમ આગળ ચાલતો હતો. ચંદ્રપ્રભા પાછળ પગલાં ભરતી હતી. અને ધારાવર્ષદેવને લઈ વસ્તુપાલ પાટણ જવા ઊપડ્યા. પ્રહ્લાદનપુરથી પ્રહ્લાદનદેવ જોડાયા.

માર્ગે ખબર મળતા ગયા કે દેવગિરિથી સિંઘણદેવે પ્રતિનિધિ મોકલ્યો છે, વિજયી ગુજરાત માટે ભેટ લઈને. મુનિજી વિજયસેનસૂરિ પણ લાંબો વિહાર કરીને પાટણ પહોંચ્યા છે; અને સોમેશ્વરદેવનો સંદેશો મળ્યો કે, 'મંત્રીજી, લોઢાનું કવચ અંદર પહેરીને જ આવજો! મોટા રાણા તમને બાથમાં ભીંસી નાખે તેટલા બધા હર્ષાવેશમાં રાહ જુએ છે.'

"એમની બાથમાં તો ભીંસાઈ ભુક્કા થવુંય ગમશે મને. ને હવે તો જીવવાની જરૂર પણ શી છે?" કહેતા કહેતા વસ્તુપાલ ઘોડાને રમાડતા આવતા હતા.

## પતનનાં પગરણ

[ઉપસંહાર]

**દ**સેક વર્ષો વીત્યાં હતાં –

વીસળદેવને યૌવનના મોર બેઠા તે ટાણે રાણા વીરધવલની કાયા ખખડી પડી. મરવા જેવડા નહોતા તોયે એને મૃત્યુનાં તેડાં આવતાં લાગ્યાં.

તેજપાલને સાથે લઈને, રોગઘેરાયા રાણાએ ધોળકાવાસીઓનાં ચોધાર રુદનને દિલાસો દેતે દેતે નગરમાંથી વિદાય લીધી. ગંગા-કાંઠે માગતોડા (ભતોડા) તીર્થક્ષેત્રે આવીને કૂંડીમાં પ્રવેશ કર્યો.

માટીની મોટી કૂંડીઓ ગંગાનાં નીરમાં તરતી મુકાતી હતી. પ્રત્યેક કૂંડીમાં શ્રદ્ધાળુ માનવીઓ મરણને ભેટવા માટે બેસતાં હતાં. કૂંડીઓમાં પાણી ભરાતાં હતાં, પૂરી ભરાઈ રહેતી કૂંડીમાં ગૂંગળાઈને રોગીનો પ્રાણ સ્વર્ગારોહણ કરતો. જેની કૂંડી વહેલી ભરાય તે ભાગ્યશાળી ગણાંતો. જળસમાધિનો એ ચાલુ ધર્માચાર હતો.

બીજાની કૂંડીઓ બૂડી રહી છે, નથી બૂડતી વીરધવલની.

"હૃદયમાં કોઈ આરત રહી જાય છે, દેવ?"

તેજપાલના એ પ્રશ્નનો જવાબ રાણાજીએ દીધો: "તેજલ! તું સાચું કહે છે. રહી જાય છે એક જ ચિંતા, કે ગાદી વીરમને સોંપાશે તો? તો વીસળનું શું થશે?"

"રાણાજી! જીવને ગતે કરો. વચન આપું છું, ગાદીએ તો વીસળને જ બેસારશું."

કૂંડી ડૂબી, રાણા ગયા. અનુચરો રોયા, તેજપાલ પાટણ આવ્યો. નગરી રુદન કરતી હતી. ધોળકાવાસીઓને ધૈર્ય નહોતું. પ્રજારુદનનો આવો અધિકારી અન્ય કોઈ રાજા ગુજરાતના ઇતિહાસે જાણ્યો નથી. એક પણ દૂષણ વગરનો એ પૂર્ણધવલ, પૂર્ણોજ્જ્વલ પ્રજા-ચંદ્ર અસ્ત પામ્યો. વસ્તુપાલે ગાયું –

*आयान्ति यान्ति च परे ऋतवः क्रमेण जातं तदतद्रुतुयुग्ममगत्वरं तु ।*
*वीरेण वीरधवलेन विना जनानां वर्षा विलोचनयुगे हृदये निदाघः ॥*

[એકેએક ઋતુ આવે છે અને ચાલી જાય છે. પરંતુ વીર વીરધવલનો વિદેહ થતાં જે બે ઋતુઓ

આવી તે તો સદાને માટે સ્થિર બનીને રહી ગઈ. પ્રજાની આંખોમાં વર્ષા, અને પ્રજાના હૃદયમાં ઉનાળો.]

રાણા લવણપ્રસાદે વીરમને તેડાવી રાખ્યો હતો. ઉઠમણાની વાટ જોવાતી હતી. પણ ઉઠમણાના દિવસને ઊગવાને હજુ વાર હતી. તે વખતે આ વાજિંત્રો કોને ઉતારે વાગી રહ્યાં હતાં! લવણપ્રસાદના કાન ચમક્યા. ઢોલનગારાં તો વીસળદેવને ઉતારે ગાજે છે! ને તેજપાલ ત્યાં ધોળકાવાસીઓને એકઠા કરી કશુંક ઊજવી રહ્યો છે. લવણપ્રસાદે તેજપાલને બોલાવી પૂછ્યું: "આ શી ધામધૂમ છે, તેજલ?"

તેજલે જવાબ દીધો: "વીસળદેવને રાણાપદનું તિલક કર્યું, બાપુ!"

"તું કોણ તિલક કરનાર?" પાટણના વીરમપક્ષી રાજપુરુષો ધમધમી ઊઠ્યા, "તારે કહ્યે શું નાનેરો કુંવર રાણો થશે?"

"હા, હા, મારે કહ્યે આજે તો પ્રજાને ગમ્યો તે કુંવર રાણો થયો છે, ને કાલે મારે કહ્યે મહારાજા પણ થશે." તેજપાલ ગરજ્યો.

સામસામા વાદ મંડાયા. હોકારા પડકારા થયા, હોંસાતોંસી લાગી પડી. તોફાન તોળાઈ રહ્યું. લવણપ્રસાદે ઇચ્છા રાખી હોત તો પાટણની બજારોમાં તે વખતે શોણિતની નદીઓ વહી હોત.

પણ ગુજરાતના જયની એની સર્વોપરી ભાવનાએ એની લાગણીઓ પર વિજય મેળવ્યો. પોતાના અપમાનને એણે શંભુ વિષ પચાવે તે રીતે પચાવી કાઢ્યું. એણે જે થયું તે માન્ય રાખીને પ્રજાને પુત્રના ઉઠમણામાં વાળી લીધી. અને મંત્રીઓના પક્ષકારોએ તેજપાલના નામ પર 'રાજસ્થાપનાચાર્ય' એવું બિરદ ચડાવ્યું.

વર્ષવળોટ વીત્યું. લવણપ્રસાદનું શરીર ખખડી ગયું. એણે ફરી વાર વીરમદેવને તેડાવી રાખ્યો અને પછી તેજપાલને બોલાવી કહ્યું: "ભાઈ! ધોળકા તો વીસળને આપ્યું. કહે, હવે પાટણનું તિલક કોને કરવું છે!"

"બાપુ! મેં તો મારા મરતા રાણાને મોંએ પાણી આપ્યું છે, કે વીસળદેવને જ ગુર્જરપતિ બનાવીશ."

"તોપણ, બેટા! આ વખતે મારી લાગણીને માન આપ. વીરમદેવ હવે ડાહ્યો થયો છે. હવે તો એને ગુજરાતનો હિતેચ્છુ બનાવી લે. અત્યારે એના પક્ષમાં સૈન્યનો પણ એક ભાગ ભળેલ છે."

"તો ભલે, બાપુ!"

પણ તે જ રાતે ખટપટનાં ચક્રો ચાલ્યાં. વીરમદેવને કોણ જાણે કોણે ભંભેર્યો કે મોટાબાપુના પેટમાં પાપ છે. કાળભર્યો વીરમ મોડી રાતે મોટાબાપુની પથારી પાસે આવ્યો. ઊંઘતા વૃદ્ધને એણે લાત લગાવી, જગાડ્યા ને કહ્યું: "ડોકરા! હજુ

રાજ કરવું ગળ્યું લાગે છે? હજુ છાતીએથી છૂટતું નથી! એકને તો ખલ્લાસ કર્યો, હવે શું તું મારાય મરણની વાટ જોઈ બેઠો છે?"

લવણપ્રસાદે મૂંગાં મૂંગાં સહી લીધું. વીરમદેવના ગયા પછી વિચાર કર્યો: 'આ રેઢિયાળ સવાર સુધી પણ ધીરજ ન ધરી શક્યો. આને હું મારી સ્નેહની લાગણીથી દોરવાઈ જઈ ગુજરાતની ગાદી સોંપીશ તો તો ગજબ જ થશે! અને તેજપાલને કહ્યે જ ગાદી મળી શકે છે એવું જો બનશે તો વીસળ પણ મંત્રીઓનું પૂતળું જ બની રહેશે. એ કરતાં વીસળને હું જ તેડાવીને સ્વહસ્તે કાં ન તિલક કરાવું! મંત્રીઓ રાજી થશે ને મારું મારાપણું રહેશે.'

તેજપાલ ન જાણે તેમ તેણે તે જ રાત-ટાણે પોતાના માનીતા મુસદ્દી નાગડભટને તેડાવ્યો, કહ્યું: "નાગડ! પ્રભાતના દોરા ફૂટે તે વખતે ધોળકેથી વીસળદેવને આંહીં હાજર કરી શકીશ?"

બીડું ઝડપીને નાગડે સાંઢણી હાંકી, સાથે રાણાએ આપેલ લેખ લીધો. રાતોરાત ધોળકે પહોંચીને નાગડે પોતાનો દાવ અજમાવ્યો: વીસળદેવને જગાડીને પગે લાગી કહ્યું: "બાપુ, કાલ પ્રભાતે તો તિલકનું મુરત છે. વીરમદેવજીને મહારાજ બનાવે છે."

"કોણ?"

"મંત્રીઓ."

"કેમ?"

"કેમ શું? બધું ચક્કર ફરી ગયું છે. પણ હું આપને રાજા બનાવું તો?"

"તો તું જ મારો પ્રધાન."

"આ લો ત્યારે." એમ કહીને રાણા લવણપ્રસાદે મોકલેલ લેખપત્ર આપ્યું ને કહ્યું, "મહામહેનતે મોટાબાપુને ગળે ઘૂંટડો ઉતરાવ્યો છે મેં. હાલો, ઝટ સાંઢણી પલાણો. મોટાબાપુ છે, હું છું, ને આપની તલવાર છે."

પ્રભાતે વીસળદેવ પાટણ પહોંચ્યો. સહસ્રલિંગને કાંઠે કોઈ ન જાણે તેમ ઉતારો કરાવ્યો. લવણપ્રસાદે તિલક કરીને એને ધવલગૃહ (રાજકચેરી)માં લીધો, સિંહાસને બેસાર્યો અને એની છડી પોકારાઈ. તેના સમાચાર સાંભળ્યા ત્યારે વીરમદેવ આભો બન્યો. બાર હજાર ઘોડેસવારોનું સૈન્ય પોતાને પક્ષે વાળી લઈને તોફાન મચાવવાની તૈયારી કરતો અળગો થઈને ઊભો.

તેજપાલ ઘા ખાઈ ગયો. એણે લવણપ્રસાદ અને નાગડની રમતના દાવ પોબાર પડતાં ભય અનુભવ્યો. લવણપ્રસાદની હયાતીને એણે અમંગળ માની. એણે વીસળદેવને મળી વાત ઠસાવી કે નાગડ જૂઠો છે, અમે જ મોટાબાપુને દબાવીને

કામ લીધું છે. પણ હજુય અમને વહેમ છે કે મોટાબાપુને વીરમદેવજી માથે મોહ છે. બાપુ જીવશે ત્યાંસુધી તમને શાંતિથી રાજ કરવા કોઈ દેશે નહીં.

વીસળદેવના દિલમાં 'બાપુ જીવશે ત્યાં સુધી' એ શબ્દો વસી ગયા. એણે વાટકામાં ઝેર ઘોળી તૈયાર કર્યું.

સંધ્યાનો સમય હતો. બુઢ્ઢા લવણપ્રસાદ એકલા બેઠા બેઠા વિચાર કરતા હતા: 'ખોટું થયું! ભૂલ કરી! વીરમ વીફરી જશે. ગુજરાતના ટુકડા થશે. પ્રભાતે ફરીવાર વીરમને જ તિલક કરું.'

ત્યાં તો વાટકો ભરીને વીસળદેવ દાખલ થયો, કહ્યું: "લો મોટાબાપુ. આ અમૃત લાવ્યો છું. ઝટ પી લો."

"ઓહો! બેટા!" લવણપ્રસાદ સમજી ગયો, "તારા મનમાં પણ ઊગી ગયુંને શું!"

"હા બાપુ, ઊગી ગયું એટલે તો લાવ્યો છુંના!"

"ઠીક, એ જ ઠીક છે, ભાઈ! તું સૌને પહોંચીશ એની મને ખાતરી થઈ ગઈ. તને કોઈ ઊંઠાં નહીં ભણાવી શકે એ નક્કી થયું. લાવ, બેટા!"

લઈને લવણપ્રસાદે ઝેર પોતાના પેટમાં રેડી લીધું. તત્કાલ એના પ્રાણ છૂટી ગયા.

વીસળદેવને હવે બીજી સોગઠી ઉડાવવી હતી. નાગડને કહી દીધું કે 'હમણાં તું ખસી જા. આ વાણિયાઓની જ અક્કલનો ઉપયોગ કરી લેવા દે.' એમ કહીને એણે તેજપાલ સાથે મંત્રણા કરી. અમારી જ દોરવણી મુજબ આ નવો રાજા ચાલી રહ્યો છે એવી ભ્રમણાને વશ બનેલ તેજપાલે વીસળદેવને પેંતરો બતાવ્યો. ત્રીજે દિવસે રાજસભામાં પોતે કહ્યું: "હું તો બાળક છું. મારે તો બાપ નથી, દાદા પણ ગયા. જે ગણું તે મારે તો મોટાભાઈ છે. એ કહે તો રાજત્યાગ કરું ને એમની સેવા કરું."

પક્ષકારોએ વીરમદેવને સમજાવ્યું: "ગમે તેમ તોય એ રાજા છે, એને પડખે મંત્રીઓ છે ને ધોળકાની પ્રજા છે. એને રીઝવી લ્યો. બાકી આ પ્રપંચમાં પડવા જેવું નથી. આગળ પછી જોયું જશે."

"તો મને પાંચ ગામ આપે." ભોળા વીરમે નામ ગણાવ્યાં: "પ્રહ્‌લાદનપુર, પેટલાદપુર, વિદ્યાપુર, વર્ધમાનપુર અને ધોળકા – એ પાંચ ગામ, ઉપરાંત વાર્ષિક ત્રણ લાખની જિવાઈ. એટલું કબૂલે તો હું રાજાને નમું."

"કબૂલી લો, મહારાજ!" વસ્તુપાલની સલાહ પડી.

"પણ –"

"પણ-ફણ કાંઈ નહીં. કબૂલી લો, પછી એનો મારગ નીકળશે."

વીરમદેવના ભયાનક વિદ્રોહને એ રીતે શાંત પાડીને મંત્રીઓએ થોડા દિવસો જવા દીધા. ઘીને ઘડે ઘી થઈ ગયું. વીરમદેવ આમોદપ્રમોદમાં પડી ગયો, વેરઝેર વીસરી ગયો. પ્રપંચોને પામી ન શક્યો. વીસળદેવે પણ મોટાભાઈને પૂછીને જ પાણી પીવા જેવો દેખાવ રાખ્યો.

દરમિયાન પાટણથી દૂર દૂર કોઈ પડતર જમીનમાં મંત્રીઓએ પાંચ નવાં ગામડાંનાં તોરણ બાંધી દીધાં હતાં. પાંચેનાં નામ પાડ્યાં હતાં: પેટલાદપુર, વિદ્યાપુર, પ્રહ્‌લાદનપુર, વર્ધમાનપુર અને ધોળકું.

મહિનાઓ પછી ભાનમાં આવેલા વીરમે પોતાના પ્રત્યેનો વર્તાવ બદલાયો દેખી કરાર પ્રમાણે પાંચ ગામ માગ્યાં.

વસ્તુપાલ કહે કે, "ચાલોને બાપ, તૈયાર જ છે. સંભાળી લો." લઈ જઈને પાંચ ગામડાં બતાવ્યાં.

"આ શું?" વીરમે પૂછ્યું, "આની વાત ક્યાં હતી?"

"પૂછોને લોકોને, આ એ જ નામનાં ગામ છે કે નહીં?"

"નહીં, નહીં, મેં તો નગરો માગેલાં."

"ઘેલા થયા કંઈ! પાંચ નગરો માગો છો એવું કોઈ જાણશે તો ઠેકડી કરશે – તમારી ને અમારી સૌની!"

"પણ –"

"પણ વળી શું? નાખી દેવા જેવી વાત શું કરો છો? એ પાંચ નગરો તમને સોંપીએ તો ગુજરાતમાં બાકી શું રહે છે, રાખ! તે કરતાં તો રાજ જ સંભાળી લેવું'તું ને! વીસળદેવજી તો બાપડા આપતા હતા, તમે જ ઉદાર બન્યા! ને હવે અત્યારે ગાંડાઈ કરો એ કેમ ચાલશે?"

વીરમદેવ મોં વકાસી રહ્યો. એની પાસે હવે કોઈ પક્ષ નહોતો રહ્યો, તોફાનનું ટાણું ચાલ્યું ગયું હતું.

"ઠીક, ત્યારે તો મારા સમજવામાં ફેર હતો." એટલું કહીને ગમ ખાઈ ગયેલ વીરમ પાટણથી પલાયન કરી ગયો. ઝાલોર પહોંચ્યો.

વીસળદેવે મંત્રીઓને કહ્યું: "મોટાભાઈ તો ફરી સૈન્ય એકઠું કરી વિદ્રોહ જગવશે. એ કરતાં તો એને પાછા બોલાવો, હું રાજપાટ છોડી દઉં!"

"અરે વાત છે કાંઈ!" મંત્રીઓ વીસળદેવનું પેટ સમજી શક્યા નહીં, એના પિતાને પાણી આપ્યું છે એ એક જ વાત યાદ રાખીને તેમણે વીસળદેવનું રાજ્ય નિષ્કંટક બનાવવાનો નિશ્ચય રાખ્યો. ઝાલોરના રાજા પર એનો સંદેશો ગયો, કે 'તારો

જમાઈ કાંઈપણ ઉફાંદ કરશે તો તારું રાજપાટ કે માથું એકેય રહેવાનું નથી!'

ઝાલોરના રાજાએ સગા જમાઈનો શિરચ્છેદ કરાવ્યો. વીરમદેવનું માથું મંત્રીઓને ખાતરી થવા મોકલ્યું. વસ્તુપાલ-તેજપાલની કારકિર્દીમાં એ કાળા કેરનો પ્રસંગ બન્યો.

એ બન્યા પછી બે'ક વર્ષો જવા દઈને પોતાના હસ્તક રાજ કડે થયું છે તેની ખાતરી પામતાં જ વીસળદેવે મંત્રીઓને કહ્યું: "હવે આપ બેઉ વૃદ્ધ થયા છો. હવે ગુજરાત પણ નિષ્કંટક બન્યું છે. આપ બન્ને હવે આરામ કરો."

"બરાબર છે, મહારાજ! અમારે પણ હવે શાંતિ જોઈએ છે."

પોતાનો પ્રભાવ પૂરો થયો માની બન્નેએ કારભારું છોડ્યું. નવા રાજા માથાના નીવડ્યા. 'વૃદ્ધ અમાત્યો' પ્રત્યે ઉપલક માન રાખતા રાખતા તેમણે પોતાનું વર્ચસ્વ જમાવી પાડ્યું. એની પાસે સમરાક નામે નીચ પ્રતિહાર હતો. એણે ધીરે ધીરે રાજાના કાન ફૂંક્યા: "આ વાણિયાઓની પાસે રાજનું અઢળક દ્રવ્ય છે." વીસળદેવે ખડ ખાધું. વૃદ્ધ અમાત્યોને તેડાવી કહ્યું: "લાવો દ્રવ્ય."

"લઈ લોને!" વસ્તુપાલે ટૂંકો જવાબ વાળ્યો.

"ક્યાં છે?"

"આબુ ઉપર, શેત્રુંજા ઉપર, ગિરનાર ઉપર, ઢગલા ને ઢગલા ખડક્યા છે."

"તો શિક્ષા સ્વીકારો."

"ફરમાવોને!"

"ફરમાવું છું; ઘટ-સર્પ."

"ખુશીથી."

કાળા ફણીધર નાગને ઘડામાં મૂકીને રાજાએ તૈયાર કરાવ્યો. કોઈના વાર્યા રાજા રહ્યા નહીં. બેમાંથી એક ભાઈએ ઘડામાંથી જીવતા સર્પને હાથે પકડી બહાર ખેંચી લેવાનો હતો. નગરમાં હાહાકાર વર્તી ગયો. પણ એક જ એવો માનવી હતો જેણે રાજાને ધવલગૃહની ભરસભા વચ્ચે ઠપકાનાં વેણ કહ્યાં. એ હતા સોમેશ્વરદેવ. ગુરુવચનથી શરમિંદા બનેલા વીસળદેવે સજા પાછી ખેંચી.

આખરે એક દિવસ વધુ કપરી કસોટી આવી પહોંચી. વૃદ્ધ વસ્તુપાલ જમવા બેઠા છે. હાથમાં હજુ તો પહેલો કોળિયો છે, ત્યાં એણે બહાર ધાપોકાર સાંભળ્યો. ઘડીકમાં તો ખબર આવ્યા કે અપાસરાના ક્ષુલ્લકને (ઝાડુ પોંજનાર સાધુને) માથે માર પડ્યો છે.

"કોણે માર્યા?"

"રાજાજીના મામા સિંહ જેઠવે."

"શા માટે?"

"અપાસરાની ઉપલી પૌષધશાળામાં ક્ષુલ્લક રજ પોંજતા હતા. રજ નીચે રસ્તા પર પડી. રસ્તા પર જેઠવામામાની ગાડી જતી હતી તેના પર રજ વેરાઈ. મામાએ ઉપર આવીને હાથ ચલાવ્યો."

"હં-હં," પહેલો જ કોળિયો હાથમાં થંભાવીને વૃદ્ધ થોડીવાર થીજી રહ્યા. પછી કોળિયો હેઠે મૂક્યો, હાથ ધોયો, ઊઠ્યા, પરસાળમાં આવ્યા. સામે પોતાના સો-બસો રક્ષપાલો ઊભા હતા તેમને સંબોધીને શાંત ગૌરવ સમેત સંભળાવ્યું: "છે કોઈ એવો કે જે હમણાં ને હમણાં જેઠવામામાનો હાથ કાપીને આંહીં લઈ આવે?"

"હું-હું-હું-હું," પ્રત્યેકે હાક મારી.

"તું જા," મંત્રીએ એમાંના એક માણસને કહ્યું, "ઊભો રહે! અલ્યા, કયા હાથે સિંહમામાએ ક્ષુલ્લકને માર્યા?"

"બાપુ, મામા તો ડાબેરી જ છે."

"ઠીક, તો અલ્યા ડાબો હાથ કાપી લાવવાનો છે."

પોતે વગરજમ્યા ત્યાં જ ઊભા રહ્યા. થાંભલીને ટેકવી કાયા હાથ રાખી. પ્રકંપને છુપાવી રાખ્યો. આંખો આકાશ તરફ માંડી.

છેદાયેલો હાથ લઈને ક્ષત્રિય આવી પહોંચ્યો.

"હવે જુઓ," મંત્રીએ શાંતિથી સૂચના આપી, "એ હાથને એક વાંસડા ઉપર બાંધી લો, ને વાંસડો આપણી ડેલીને માથે ઊભો કરો – ઊભે માર્ગે જતા-આવતા સૌ જુએ તે રીતે."

તે પછી પોતે પોતાના ઘરના ચોકીદાર સર્વ ક્ષત્રિયોને સંભળાવ્યું: "જેમને જીવ વહાલો હોય તે હવે અહીંથી વિદાય થજો."

કુટુંબીઓને કહ્યું: "તમે પણ આઘાપાછા થઈ જાઓ."

કોઈ કરતાં કોઈ ખસ્યું નહીં.

"બસ તો પછી, ગોપુરના દરવાજા ભીડી લો."

દરવાજા ભિડાયા. પોતે કવચ પહેરી લીધું, ધનુષ્ય ધારણ કર્યું, ખડગ કેડે બાંધ્યું, એકલા મેડી ઉપર જઈને ગોખમાં ઊભા રહ્યા.

દેકારો સંભળાતો હતો. જેઠવાના જણનું જાડું જૂથ નગરીને ધણેણાવતું ઘૂમતું હતું. કોલાહલ મચ્યો હતો. ટોળું રાજમંદિરના ચોકમાં પહોંચ્યું. એમાંથી મોટેરાએ કહ્યું: "એક વાર મહારાજને કહી જોઈએ."

વાત સાંભળીને મહારાજ વીસળદેવે જવાબ વાળ્યો: "મામે ભૂંડી કરી! અલ્યા કોઈ ન જડ્યો તે મંત્રીના ગુરુને – સાધુને માર્યા? હવે આંહીં જ થંભો. અરે કોઈ

દોડો, ગુરુદેવને તેડી લાવો.''

સોમેશ્વરદેવને ખબર પડી હતી. એ દોડતા આવ્યા. મહારાજે પૂછ્યું: ''હવે શું કરવું છે? આ જેઠવાઓ અને બીજાઓ હાથ રહેશે નહીં. મંત્રીને મારી પાડશે. એમને આ શું સૂઝ્યું? હવે હું એમને કેમ કરીને બચાવું! એ પણ કજિયો કરવા તૈયાર ઊભા છે. એને સમજાવો તો હું ન્યાય કરું.''

સોમેશ્વરદેવે વસ્તુપાલ પાસે જઈ કહ્યું: ''આવું તે હોય! ડાહ્યા થઈને નાનીશી વાતનું આવું વતેસર કરી બેઠા! ત્યાં જેઠવાઓએ નગરીને માથે લીધી છે. કાપાકાપીના પ્રારંભને વાર નથી. અને જાણો છોને, આખરે તો મહારાજ કોના પક્ષે ઢળશે! આપ શાંતિ ધારણ કરો તો હું સમાધાન કરાવું.''

વસ્તુપાલે ટાઢોબોળ જવાબ વાળ્યો: ''મરણનો હવે શો ભો છે? ઘણું રળ્યા, ઘણું માણ્યું, ખાધું ને પીધું. ખવરાવ્યું ને પિવરાવ્યું. તૃપ્ત છું. એકેય અબળખા (અભિલાષા) રહી નથી. એક વાર જો મરવું જ છે તો આવે ટાણે મરવું શું ખોટું છું?''

સોમેશ્વરદેવે પાછા જઈને મહારાજને વાકેફ કર્યા: ''પ્રભુ! એ તો મરણિયા બન્યા છે. પણ આવા યોદ્ધાને આમ સસ્તો વટાવી ખાવો છે? જીવતો હશે તો કોઈક દિવસ ગુજરાતના કારમા ઘા આડો ઊભીને ઝીલે તેવો છે.''

''સારું, તો એમને ધરપત આપીને અહીં લઈ આવો.''

આંહીં જેઠવાવંશી સર્વ મોસાળિયાઓને મહારાજે આજ્ઞા કરી: ''ચૂપ રહેજો, અને હું કહું તેમ કરજો, નહીં તો બાજી બગડી જાણજો. ગાદીને ઉથલાવી પાડશે એવા છે વણિકો.''

વસ્તુપાલ સોમેશ્વરદેવની સાથે નિર્ભય પગલાં માંડતા આવ્યા, ઊભા રહ્યા. એની રોષજ્વાલા અંદર હતી, એ બોલતા નહોતા.

મહારાજે મોસાળિયાને બોલાવી આજ્ઞા કરી: ''એને પગે પડો.''

જેઠવાઓએ મંત્રીની માફી માગી. વીસળદેવે મૃદુશબ્દે કહ્યું: ''આપે જ આ રાજ રળી દીધું છે. પહેલાં આપ મંત્રી હતા, તો આજે પણ મુખ્યાધિષ્ઠાતા જ છો એમ માનજો. નાગડ કામદારને પણ આપની નીચે જ ગણી લેજો. ને મને? મને મરતા બાપુ કોના હાથમાં સોંપી ગયા છે એ શું ભૂલી ગયા?''

ડળક ડળક ડળક... વસ્તુપાલની પાંપણો પાણી ટપકાવવા લાગી. એણે મહારાજને નમન કર્યું.

વિક્રમનું સંવત્સર 1298 બેઠું. વસ્તુપાલ મહારાજ વીસળદેવ પાસે ગયા અને હાથ જોડીને કહ્યું: ''રજા લેવા આવ્યો છું.''

"શાની રજા? ક્યાં જવું છે?"

"શત્રુંજય પર."

"કેમ?"

"હવે આ દેહનો ભરોસો નથી. પ્રભુના ચરણોમાં જ આવરદા પૂરી થાય એ ઇચ્છા છે..મનમાં એક વાત રહી ગઈ છે તે કહેવા માગું છું: "રાજના અમારી પાસે સત્તાવીસ લાખ દ્રમ્મ લેણા પડે છે."

"તે હું માગીશ એવી કોઈ શંકા રહી છે? કહો તો હું ખાતું ફાડી નાખવા તૈયાર છું."

"ના, પ્રભુ! દ્રમ્મનો તો શો પ્રશ્ન જ છે! દ્રમ્મ તો બાહ્ય વસ્તુ છે, પણ આ દેહ જ તમારે દાણે બંધાયો છે, તેનું ખાતું કોણ ફાડી દેશે! એ ચૂકવવા તો ફરી જન્મ લેવો જ રહ્યો છે. ને પ્રભુચરણે એ ભાવવા જ જાઉં છું કે નવો અવતાર આંહીં જ મળે. આપનો મને કશો ભય નથી, પણ મારો કાળ નજીક છે."

મહારાજનાં આંસુ ખાળ્યાં ન રહ્યાં. તેમણે મંત્રીને વિદાયનું બીડું આપ્યું.

સર્વને ખમાવી, સર્વનાં આંસુઓનું ભાતું બાંધી વસ્તુપાલે વિપુલ માનવસંગાથ સાથે વિદાય લીધી. મહારાજ પોતે અને નાગડ મંત્રી છેક મંડલિકપુર સુધી વળાવવા ગયા.

"બસ, પ્રભુ!" મંત્રીએ હાથ જોડ્યા, "રાજકાજ ખોટી થતાં હશે. પાછા વળો."

મહારાજ સામા હાથ જોડીને બોલ્યા: "હું તો તમારું બાળક છું. મને જે કંઈ છેલ્લી આજ્ઞા દેવી હોય તે દો."

"આજ્ઞા તો શું આપું? હું તો પ્રજાજન છું. પણ મને એક વસવસો રહી જાય છે – આ મારા અનાથ સાધુઓને વ્રતધારીઓને કોઈક સંતાપશે તો!"

"આપ ખાતરી રાખજો કે હું જીવતે કોઈ નહીં સતાવે."

"તો બસ, ઘણું ઘણું આપ્યું ગણીશ. હવે પાછા પધારો."

જુદા પડેલા વસ્તુપાલ આગળ વધ્યા, એક જ સૂક્તિ તેના કંઠમાં રમતી હતી:

*न कृतं सुकृतं किंचित् सतां संस्मरणोचितम् ।*
*मनोरथैकसाराणामेवमेव गतं वयः ॥*

[અહો! સત્પુરુષોનાં સ્મરણને લાયક એવું એક પણ સુકૃત્ય થઈ શક્યું નહીં. આયુષ્ય એમ ને એમ જ ચાલ્યું ગયું.]

અંકેવાલિયા ગામે પહોંચતાં જ એમણે પોતાની સાથે વિહાર કરતા સાધુને વિનંતી કરી: "ગુરુદેવ! હવે મને અનશનની અગડ આપો."

"કેમ વત્સ! આંહીં જ કાં?"

"નિર્માણ આંહીંનું જ માંડ્યું હશે! સાડા દસમે થરે બેસીને દુર્ગા તે દિવસ પહેલી સંઘ-યાત્રાને ટાણે બોલી હતીના! તો ભલે, તેમ જ થાઓ! દેહમાં વેદના બહુ ઊપડી છે. હવે દીવો ઓલવાતો દીસે છે."

અન્નપાણીનો આમરણાંત ત્યાગ કરીને પોતે ધૂન ઉપાડી:

"નમોऽર્હદ્ભ્યો નમોऽર્હદ્ભ્યો: અર્હંત ભગવાનને નમું છું."

અને પછી પોતે દેહ સૌરાષ્ટ્રભૂમિને ખોળે ધરી દીધો.

એના શબને ત્યાં જ અગ્નિદાહ દઈ એનાં ફૂલ તેજપાલે શત્રુંજય પર મોકલ્યાં. અંકેવાલિયામાં એની ભસ્માંકિત ભૂમિ પર એક મંદિર ચણાયું, જેનું નામ સ્વર્ગારોહણપ્રાસાદ હતું.

લલિતા અને સોખુ બેઉ સાથે જ હતાં. બન્નેએ અનશન વ્રત લઈ લીધું અને પતિ પાછળ દેહ વિસર્જ્યો.

ભાઈનાં ફૂલને શત્રુંજય પહોંચાડીને તેજપાલ પાછા ધોળકે આવ્યા. જોડી તૂટી ગઈ. હજુ એને તો આયુષ્યનાં દસ વર્ષ ખેંચવાનાં હતાં.

*

એક દિવસ તેજપાલના આક્રંદે ઘર ગજવી મૂક્યું. રડતોરડતો એ બેઠો હતો – અનુપમાના શબની આગળ. પત્ની, જનની, પ્રેરણામૂર્તિ અને અસંખ્ય ઠપકા-મે'ણાં ને ટોણા પી જનારી વસુંધરા-શી એ પણ તેજપાલની આગળ સિધાવી ગઈ.

રુદન થંભતું નથી એ જાણી મુનિશ્રી વિજયસેનસૂરિ પૌષધશાળાએથી આવી પહોંચ્યા; બે ઘડી ઊભા રહ્યા; પછી કહ્યું: "વત્સ, એક જ વાત કહેવી છે."

તેજપાલના ઊંચા થયેલા મોં સામે મુનિશ્રીએ પ્રશ્ન મૂક્યો: "બેમાંથી કયું સાચું?"

"બે – બે શું?" તેજપાલ ન સમજ્યો.

"અમે જે દિવસ ચંદ્રાવતીના ધરણિગ શ્રેષ્ઠીને ઘેર વાગ્દાન કરાવ્યું તે દિવસ અનુપમા તો કદરૂપી છે એવી કોઈક વાત સાંભળીને વાગ્દાન તોડવા જે ઊભો થયો હતો તે તેજપાલ સાચો, કે આજે જે પ્રાણ વગરના શબ ઉપર વિલાપ કરે છે તે ઘેલો તેજપાલ સાચો!"

તેજપાલ પણ વિ.સં. 1305માં ચાલ્યો ગયો. એના પુત્ર લૂણસી અને વસ્તુપાલપુત્ર જયંતસિંહ પછીનો વધુ ઇતિહાસ ઉપલબ્ધ નથી.

# પરિશિષ્ટ 1
# આધાર-ગ્રંથો

## મુનિશ્રી જિનવિજયજીના સંપાદિત

1. प्रबन्धकोश (રાજશેખરસૂરિ)
2. प्रबन्धचिंतामणि (મેરુતુંગાચાર્ય)
3. पुरातन प्रबन्धसंग्रह

## ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝ(વડોદરા)નાં પ્રકાશનો

4. શ્રી જયસિંહસૂરિરચિત हम्मीरमदमर्दन नाटक
5. શ્રી વસ્તુપાલનું રચેલું नरनारायणमहाकाव्य
6. શ્રી બાલચંદ્રસૂરિનું રચેલું वसंतविलास महाकाव्य

## ઇતર કૃતિઓ

7. શ્રી સોમેશ્વરદેવે રચેલ कीर्तिकौमुदी કાવ્યના ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ બહાર પાડેલ સમશ્લોકી ભાષાન્તરની આચાર્ય હરિદત્ત વલ્લભજીની વિદ્વત્તાભરી પ્રસ્તાવના.

8. શ્રી જિનહર્ષગણિકૃત વસ્તુપાલચરિત્રનું ભાષાન્તર.

9. રાસમાળા.

## પરિશિષ્ટ 2
## વસ્તુપાલ-તેજપાલના રાસમાંથી અવતરણો

'જૈન સાહિત્ય સંશોધક' ત્રૈમાસિકના સં. 1983ના અંક પહેલામાં આવેલ 'મહામાત્ય વસ્તુપાલ-તેજપાલના બે રાસ' નામે લેખમાંના સંપૂર્ણ રાસમાંથી પ્રસ્તુત અવતરણો:

તિહાં વસઈ ચંડ પ્રચંડ, પુત્ર સોમિગ આસરાજ;
પોરૂઆડ વંશ મૂલગઉ એ, પુણ નિર્દ્ધન આજ.
કર્મહ આગલિ કોઈ નવિ, છૂટઈ રંક ન રાણઉ;
તીણઈ કારણિ છાંડિયઉ એ, પાટણ સપરાણઉ. 1

માલાસુણિ પુરિ આવીઉ એ, તિંહા કીધઉં ઠામ;
તિણિ પુરિ નિવસઈ પોરૂઆડ, સાહ આભૂ નામ.
લાચ્છલદેવી તાસ ઘરણિઃ રૂપિઈં રંભાવરિ;
તાસ કુંઅરિ સુલલિત વાણી, અચ્છઈં નામિઈં કુંઅરિ. 2

રૂપવંત ગુણવંત નારિ, નાતિઈ પરણાવી;
પૂર્વકર્મહ તણઈ યોગિ, રંડાપણ પામી.
પીહરિ તેડી માય-બાપિ, તવ તીહા આવઈ;
ધર્મનીમ આહિનિસિ કરઈ એ, અનઈ ભાવના ભાવઈ.3

અન્ન દિવસ જિન પૂજ કરી, પોસાલઈ આવી;
ગુરુની દૃષ્ટિ જવ ચડી એ, તવ સીસ હલાવી.
તિહાં બઈઠઉ આસરાજ, ભવસાયર ભાગઉ;
સીસ હલાવ્યા તણીય વાત પૂચ્છેવા લાગુ. 4

તવ ગુરુ બોલાઈ વયણી ઈમ એ વાત ન કહેવાઈ;
અરથહ આણ્યા તણઈ કોડિ, હિયડઈ ન સમાઈ.
તવ પાય લાગી પૂછીઉં એ, ગાઢ મંત્રીસરિ;
આગ્રહ જાણી અતિ ઘણઉ એ, દીઠઉં લાભસૂરીસરિ. 5

હરિભદ્ર સૂરિંઈ ઈમ કહિઉં એ, એહ કૂંખઈ નીરયણ;
બેઅ પુત્ર અછઈ ભલા એ, સશિસૂર સમાણ.
કુંઅરિ લેવા કરઈ ઉપાય, મંત્રી ગુરનઈ વયણિ;
પઢમ જિણેસર આદિનાથિ, જે કીધઉ ઈણઈ. 6

પૂરવ રીતિ ન લોપીઈ એ, સંગ્રહણું કીજઈ;
પૂરવલા ભવતણઈ પુણ્યિ, એ વાત જ સૂજઈ. 7

*

આભૂ સાળ તણઈ ધરિ એક, રબ્બારી છઈ અતિ સવિવેક,
જાણઈ બલબુદ્ધિ સયલ સવે.
અવસરિ તેડી બાંધવ થાપિઉં, બહુ માન સિદ્ધિઈ આપિઉ,
કર્મ્મહ પાખઈ કોઉ મિત્ર નવિ.

એક વાર જઉ પ્રીતિ રહંતાં, નિરવંજણિ જુ વાત કહંતા,
મંત્રિસરિ કારણ કહિઉં એ.

કારણ જાણી સાંઢિ પલ્હાણી, જાણી રાતડી નિસિઝરિ આણી,
મંત્રિ મનિ આણંદ ભઉ એ.

કુંઅરિ પુઢી નીદઈ જામ, માહિ આવીઉ મંત્રીસર તામ,
સાંઢિઈ ઘાલી સંચરઇ એ.

તવ બોલઈ કુંઅરિ તીણિઇ ઠાહિં, એહ વાત રઝરઇ ન સહાઇ
અકારણ કિસિઉં આદિરિઉં એ.
ભણઈ બોલ હિવ તિહાં મંત્રિસ, ભદ્ર મ કરસિ તું મઝરીસ,
એહ વચન મમ ગુરુ કહિઉં એ.

## શબ્દાર્થ

ગરજન = ગિજની
ગોધ્રપુર = આજનું ગોધરા
દેવાણુંપ્પિય = દેવોને પ્રિય (માનવ)
દ્રમ્મ = 'દામ' નામે જાણીતા પ્રાચીન સોનાના સિક્કા
ધવલક્ક = ધોળકા
(સામાયિક) પારી = પૂરી કરી
પ્રભુ-બિમ્બ = પ્રભુની પ્રતિમા
ભૃગુકચ્છ = આજનું ભરૂચ
મંડલિકપુર = આજનું માંડલ ગામ
રજોહરણ = રજોણો: જૈન સાધુઓ જે વડે ભોંય પોંજીને બેસે છે તે ઊનની સાવરણી
વામનસ્થલી = આજનું વણથળી (વંથળી)
વંકઠ = ગોલો
શાસનદેવ = જૈનોના તીર્થંકર
સાંધિવિગ્રહિક = રાજ્યો વચ્ચે સંધિ અને યુદ્ધનાં કહેણ લઈ જનાર દૂત
સુરત્રાણ = સુલતાન
સ્તંભતીર્થઃ, સ્થંભનપુર = આજનું ખંભાત
હેરક = જાસૂસ



# ઝવેરચંદ મેઘાણી

## સાહિત્યજીવન

૧૮૯૬ જન્મ: ૨૮ ઑગસ્ટ, ચોટીલા (જિ. સુરેન્દ્રનગર).

૧૯૧૨ અમરેલીમાં શાળાશિક્ષણ પૂરું કર્યું. ત્યાં સુધીમાં સ્વદેશી ચળવળ, આર્યસમાજ અને થિયોસોફીનાં સંસ્કારબીજ વવાયાં.

૧૯૧૭ કૉલેજ-શિક્ષણ ૧૯૧૩માં આરંભી ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી બી.એ. થયા. ત્યાં સનાતન ધર્મ હાઇસ્કૂલમાં શિક્ષક થયા.

૧૯૧૮ કૌટુંબિક કારણે ઓચિંતા કલકત્તા જઈ ચડ્યા. શિક્ષકગીરી અને એમ.એ.નો અભ્યાસ રઝળ્યાં. ઍલ્યુમિનિયમના એક કારખાનામાં નોકરી સ્વીકારી. બંગાળી સાહિત્યનાં પરિચય-પરિશીલન આરંભાયાં. પહેલવહેલું ગીત 'દીવડો ઝાંખો બળે' રચાયું.

૧૯૨૧ વતનનો 'દુર્નિવાર સાદ' સાંભળીને કલકત્તા છોડીને કાઠિયાવાડ પાછા ફર્યા.

૧૯૨૨ રાણપુરથી પ્રગટ થતા શ્રી અમૃતલાલ શેઠના નવા અઠવાડિક 'સૌરાષ્ટ્ર'માં બે-ત્રણ લેખો મોકલ્યા કે તરત તંત્રી-મંડળમાં સ્થાન પામ્યા; પત્રકાર તરીકેની કામગીરીનો આરંભ. રવીન્દ્રનાથના 'કથા ઓ કાહિની'નાં બંગાળી કથાગીતો પરથી આલેખેલા સ્વાર્પણ અને ત્યાગના ભાવના-પ્રસંગોનો નાનો સંગ્રહ 'કુરબાનીની કથાઓ' આપીને લેખન-કારકિર્દીનું મંગલાચરણ કર્યું. લોકસાહિત્યની પ્રથમ પ્રસાદીરૂપે 'ડોશીમાની વાતો' પુસ્તક બહાર પડ્યું.

૧૯૨૩ 'સૌરાષ્ટ્રની રસધાર'નો પહેલો ભાગ બહાર પડ્યો ને લેખક તરીકે જાણીતા થયા. હવે પછી લોકસાહિત્યનું સંશોધન-સંપાદન જીવન-ઉપાસના બની. ૧૯૨૭ સુધીમાં 'રસધાર'ના પાંચ ભાગ પૂરા થયા.

૧૯૨૮-૨૯ બાલ-કિશોર ને નારી-ભાવને ઝીલતાં, પોતે 'પ્રિયતર' ગણેલાં ગીતોના સંગ્રહો 'વેણીનાં ફૂલ' અને 'કિલ્લોલ' આપ્યા.

૧૯૨૯ લોકસાહિત્યના સંશોધન બદલ પહેલો 'રણજિતરામ સુવર્ણચંદ્રક' (૧૯૨૮) અર્પણ થયો. જ્ઞાનપ્રસારક મંડળીના આશ્રયે મુંબઈમાં લોકસાહિત્ય વિશે ૭ વ્યાખ્યાન આપ્યાં.

૧૯૩૦ સત્યાગ્રહ-સંગ્રામ નિમિત્તે રચેલાં શૌર્યગીતોનો સંગ્રહ 'સિંધુડો' બહાર પડ્યો, તે સરકારે જપ્ત કર્યો. તેની હસ્તલિખિત કાનૂન-ભંગ આવૃત્તિની સેંકડો નકલો લોકોમાં પહોંચી વળી. રાજદ્રોહના આરોપસર બે વરસના કારાવાસની સજા થઈ. અદાલતમાં 'છેલ્લી પ્રાર્થના' ગીત ગાયું ત્યારે મૅજિસ્ટ્રેટ સહિત સેંકડોની મેદનીની આંખો ભીની થઈ. સાબરમતી જેલમાં પ્રસિદ્ધ ગીત 'કોઈનો લાડકવાયો' રચાયું. બદલી પામતા કેદીઓ મારફત બીજી જેલોમાં અને છૂટનારાઓ મારફત બહાર પ્રજામાં એ જોતજોતામાં પ્રસર્યું અને લોકજીભે વસી ગયું. ગાંધી–અરવીન કરારને પરિણામે માર્ચ ૧૯૩૧માં જેલમાંથી છૂટ્યા.

૧૯૩૧ ગોળમેજી પરિષદમાં લંડન જઈ રહેલા ગાંધીજીને સંબોધતું 'છેલ્લો કટોરો' કાવ્ય લખ્યું, એ જોઈને ગાંધીજીએ કહ્યું: ''મારી સ્થિતિનું આમાં જે વર્ણન થયું છે એ તદ્દન સાચું છે.'' હવે પછી 'રાષ્ટ્રીય શાયર' તરીકે ઓળખાયા.

૧૯૩૪ 'જન્મભૂમિ' દૈનિક મુંબઈથી શરૂ થયું તેના સંપાદક-મંડળમાં જોડાયા. રવીન્દ્રનાથ સાથે મુંબઈમાં મિલન; સૌરાષ્ટ્રના લોકસાહિત્યની પ્રસાદી એમને કંઠેથી કવિવરે સાંભળી; શાંતિનિકેતન આવવા આમંત્રણ આપ્યું.

૧૯૩૬ 'જન્મભૂમિ' છોડીને સૌરાષ્ટ્રમાં 'ફૂલછાબ' અઠવાડિકના તંત્રીપદે આવ્યા. પત્રકારત્વમાં નવી ભાત પાડી.

૧૯૪૧ શાંતિનિકેતનમાં લોકસાહિત્ય વિશેનાં એમનાં વ્યાખ્યાનોએ દેશ-વિદેશના વિદ્યાર્થીઓ–અધ્યાપકોને મુગ્ધ કર્યા.

૧૯૪૨ સૂરતમાં સ્વ૦ કમળાશંકર પ્રાણશંકર વ્યાખ્યાનમાળામાં 'લોકસાહિત્ય: પગદંડીનો પંથ' એ જાણીતું વ્યાખ્યાન આપ્યું. અમદાવાદમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં ચારણો અને ચારણી સાહિત્ય વિશે વ્યાખ્યાનો આપ્યાં.

૧૯૪૩ મુંબઈ યુનિવર્સિટીની ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં લોકસાહિત્ય વિશેનાં પ્રસિદ્ધ વ્યાખ્યાનો આપ્યાં. વ્યાખ્યાનખંડ નાનો પડ્યો, બહાર બગીચામાં શ્રોતાઓની ભીડ થઈ, બેકાબૂ બની.

૧૯૪૫ 'ફૂલછાબ'ના તંત્રીપદેથી મુક્ત થઈ ૨૩ વરસના પત્રકારજીવનમાંથી નિવૃત્તિ લીધી. રવીન્દ્રનાથનાં કાવ્યોની અનુકૃતિઓનો સંગ્રહ 'રવીન્દ્ર-વીણા' પ્રગટ થયો. ગુજરાતમાં પરિભ્રમણો આદર્યાં. રવિશંકર મહારાજના જીવન-અનુભવોનું પુસ્તક 'માણસાઈના દીવા' લખ્યું.

૧૯૪૬ ગુજરાતી સાહિત્ય પરિષદના સોળમા અધિવેશનમાં સાહિત્ય વિભાગના પ્રમુખ. 'માણસાઈના દીવા'ને વરસની ઉત્તમ કૃતિ તરીકે 'મહીડા પારિતોષિક'નું ગૌરવદાન મળ્યું.

૧૯૪૭ ભજન-સાહિત્યના સંશોધનનું પુસ્તક 'સોરઠી સંતવાણી' પૂરું કર્યું. 'કાળચક્ર' નવલકથા લખાતી હતી. માર્ચની ૯મીએ હૃદયરોગના હુમલાથી દેહ છોડ્યો.

*

# મેઘાણી-સાહિત્ય

[સમગ્ર મેઘાણી સાહિત્યના જે ગ્રંથમાં આમાંનાં જે પુસ્તકનો સમાવેશ છે તેની સાથે ક્રમાંક ① આવા અંકથી દર્શાવ્યો છે.]

## કવિતા ①

એકતારો
કિલ્લોલ
બાપુનાં પારણાં
યુગવંદના
રવીન્દ્ર-વીણા
વેણીનાં ફૂલ

## જીવનચરિત્ર

અકબરની યાદમાં
એની બેસન્ટ
ઠક્કરબાપા: આછો જીવનપરિચય
દયાનંદ સરસ્વતી
દરિયાપારના બહારવટિયા
નરવીર લાલાજી
પાંચ વરસનાં પંખીડાં
પુરાતન જ્યોત
બે દેશદીપક
માણસાઈના દીવા
વસંત-રજબ સ્મારક ગ્રંથ (સંપાદન)
સોરઠી સંતો
હંગેરીનો તારણહાર

## નવલકથા

અપરાધી
કાળચક્ર (અધૂરી)
ગુજરાતનો જય (૨ ભાગ)
તુલસી-ક્યારો
નિરંજન
પ્રભુ પધાર્યા
બીડેલાં દ્વાર
રા' ગંગાજળિયો
વસુંધરાનાં વહાલાં-દવલાં
વેવિશાળ
સત્યની શોધમાં
સમરાંગણ
સોરઠ, તારાં વહેતાં પાણી

## નવલિકા

કુરબાનીની કથાઓ ⑧
જેલ-ઑફિસની બારી ⑧
પ્રતિમાઓ, પલકારા ⑧
મેઘાણીની નવલિકાઓ (૨ ખંડ) ⑨
વિલોપન અને બીજી વાતો ⑨

## નાટક ②

રાજા-રાણી
રાણો પ્રતાપ
વંઠેલાં અને બીજી નાટિકાઓ
શાહજહાં

## લોકકથા

કંકાવટી (૨ મંડળ)
ડોશીમાની વાતો
દાદાજીની વાતો
રંગ છે, બારોટ!
સોરઠી બહારવટિયા (૩ ભાગ) ④
સૌરાષ્ટ્રની રસધાર (૫ ભાગ) ③

**લોકગીત**

ઋતુગીતો
ચૂંદડી: ગૂર્જર લગ્નગીતો (૨ ભાગ)
રઢિયાળી રાત (૪ ખંડ) ⑦
સોરઠિયા દુહા
સોરઠી ગીતકથાઓ
સોરઠી સંતવાણી
હાલરડાં

**લોકસાહિત્ય સંશોધન-વિવેચન**

ચારણો અને ચારણી સાહિત્ય ⑥
છેલ્લું પ્રયાણ
પરકમ્મા
લોકસાહિત્ય: ધરતીનું ધાવણ (૨ ભાગ) ⑤
લોકસાહિત્ય: પગદંડીનો પંથ ⑥
લોકસાહિત્યનું સમાલોચન ⑥
સોરઠને તીરે તીરે
સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં

**પ્રકીર્ણ**

અજબ દુનિયા
આપણા ઘરની વધુ વાતો
આપણું ઘર
એશિયાનું કલંક
ધ્વજમિલાપ
પરિભ્રમણ (૩ ભાગ)
ભારતનો મહાવીર પાડોશી
મરેલાંનાં રુધિર ને જીવતાનાં આંસુડાંઓ
મિસરનો મુક્તિસંગ્રામ
લોક-ગંગા
વેરાનમાં
સળગતું આયર્લેન્ડ
સાંબેલાં
સાંબેલાના સૂર

**મુખ્ય સંકલન-સંપાદન**

અંતર-છબિ: ઝવેરચંદ મેઘાણીનું સંકલિત આત્મવૃત્તાંત
સંપાદક: હિમાંશી શેલત, વિનોદ મેઘાણી
લિ૦ સ્નેહાધીન ઝવેરચંદ (મેઘાણીના પત્રો)
સંપાદક: મહેન્દ્ર મેઘાણી
લિ૦ હું આવું છું: ઝવેરચંદ મેઘાણીનું પત્રજીવન

મોહનલાલ મગનલાલ સાહિત્ય ગ્રંથાલય
65533
65533

**સમગ્ર મેઘાણી-સાહિત્ય**
[2002 સુધી બહાર પડેલા ગ્રંથો]

① સોના-નાવડી: સમગ્ર કવિતા
② મેઘાણીનાં નાટકો
③ સૌરાષ્ટ્રની રસધાર
④ સોરઠી બહારવટિયા
⑤ લોકસાહિત્ય: ધરતીનું ધાવણ
⑥ લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય
⑦ રઢિયાળી રાત
⑧ મેઘાણીની સમગ્ર નવલિકા (ભાગ ૧)
⑨ મેઘાણીની સમગ્ર નવલિકા (ભાગ ૨)

એક કલાસર્જક લેખે મેઘાણીની નવલકથાઓ પાછળ તેમની ચોક્કસ સમાજનિષ્ઠ અને ઊંડી નિસબત રહેલી છે. વ્યક્તિ અને સમાજજીવનના જે કોઈ પ્રશ્નો અને જે કોઈ પરિસ્થિતિઓ તેમણે આલેખ્યાં તેમાં તેમની અમુક સામાજિક, સાંસ્કૃતિક સંપ્રજ્ઞતા છતી થાય છે. જૂનીનવી પેઢીનાં માનવીઓના માનસભેદ અને તેમના મૂલ્યબોધનો સીધો વિનિયોગ તેમની પાત્રસૃષ્ટિમાં જોવા મળે છે. પરંપરાગત ગૃહજીવનની સંસ્કારિતાનું જે રીતે તેઓ મૂલ્ય સ્થાપવા ઝંખે છે તે ઘટનાનું આપણા સાહિત્યિક, સાંસ્કૃતિક જીવનમાં આગવું મહત્ત્વ છે. ગોવર્ધનરામની જેમ જ પણ સીમિત ફલક પર કુટુંબસંસ્થા અને તેનાં ધારકપોષક બળોની પ્રાણપ્રતિષ્ઠા કરવા તેઓ મથી રહ્યા છે અને સામાજિક, આર્થિક વિષમતાનો જ્યાં સુધી પ્રસ્ન છે, દલિત-પીડિતોનાં શોષણ, અન્યાય અને જુલ્મનો પ્રશ્ન છે, મેઘાણીની નવલકથાઓ આપણા સંસ્કારજીવનમાં નોંધપાત્ર દસ્તાવેજ સમી બની રહેશે. ગરીબો, દલિતો અને પીડિતો પ્રત્યેની ઊંડી અનુકંપા અને કરુણાદૃષ્ટિ જે રીતે તેમણે એ કથાઓમાં પ્રગટ કરી તેનુંય મોટું મૂલ્ય છે. તળ ધરતીનાં માનવીઓનાં આંતરવહેણો આલેખવામાં મેઘાણી અનન્ય કોઠાસૂઝ દાખવે છે. સોરઠની ધરતી અને સોરઠના લોકજીવનની ધબક ઝીલવામાં તેમની પ્રતિભાનો વિશેષ રહ્યો છે અને એમાં જ તેમની ચિરંતન પ્રભાવકતા રહી છે.

*પ્રમોદકુમાર પટેલ*

## માનવતાને શોધતી દૃષ્ટિ

**મે**ઘાણીની સર્જકપ્રતિભા માત્ર બનાવોમાં બંધાઈ જતી નથી, પણ એ બનાવોનાં ઘડવૈયા માનવીઓના જીવનને અને તેમનાં સિદ્ધ કે અસિદ્ધ રહેલાં સ્વપ્નોને ઉપસાવે છે. તેમની દૃષ્ટિ નથી કેવળ પ્રતાપને શોધતી કે નથી કેવળ શુભ કે નિ:શેષ અશુભ લક્ષણોને આલેખતી. એ દૃષ્ટિ શોધી લે છે માનવતાને અને માનવતત્ત્વને. અને તેથી જ અશુભ તત્ત્વોની પાછળ રહેલા મનોવ્યાપારો અને નિર્યુક્તિબલોને એ સમર્થ રીતે આલેખી શકે છે. મેઘાણીની નવલકથા, આમ, માત્ર તેજસ્વી પ્રસંગોની હારમાળા જ નથી બની જતી; પણ અમીર ને ખાનદાન, ભોળા કે વ્યવહારકુશળ, સંસ્કારી કે સંસ્કારહીન માનવીઓના હૃદયધબકારથી ધબકતી જીવનસૃષ્ટિ બની જાય છે.

**મનસુખલાલ ઝવેરી**

9788184614817
રૂ. 225

ઝવેરચંદ મેઘાણી

ગુજરાતનો જય

